Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# અમૃત પ્રવચન

## (અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રશમમૂર્તિ પૂજ્ય 'બહેનશ્રીના વચનામૃત' ઉપર પ્રવચન)

(ભાગ–૪)

ભાદરવા સુદ ૧૦, મંગળવાર તા.૧૨-૯-૧૯૭૮.
વચનામૃત–૨૩૬, ૨૩૭, પ્રવચન–૯૨

**મલિનતા ટકતી નથી અને મલિનતા ગમતી નથી, માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ. ૨૩૬.**

૨૩૬. છે ને ?

**'મલિનતા ટકતી નથી...'** ઘણી ઝીણી વાત છે, ભાઈ ! આત્મામાં જે વિકૃત પર્યાય, શુભાશુભભાવ થાય છે, તે મલિન છે, તે ટકતા નથી, હંમેશા નથી રહેતા. આહા..હા..! શરીર-વાણી-મનની તો શું વાત કરવી ? એ તો પરવસ્તુ છે, પણ અંદરમાં ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ! તેની વર્તમાન પર્યાય નામ અવસ્થામાં પરલક્ષી, વિકૃતભાવ, શુભ-અશુભભાવ થાય, તે મલિન છે. આહા..હા..! અને એ મલિનતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



હંમેશા ટકતી નથી. ?

**'મલિનતા ટકતી નથી...'** એક વાત. આહા..હા..! અંદર ભગવાન આત્મા તો નિત્ય નિર્મળાનંદ ધ્રુવ ટકી રહ્યો છે. અરે..રે..! આવી વાતું હવે. ધર્મને ક્યાં લોકોએ (માની લીધો છે). નિર્મળ, ચૈતન્ય દ્રવ્યસ્વરૂપ વસ્તુ જે છે, એ તો નિર્મળ અને હંમેશા–કાયમ ધ્રુવપણે ટકી રહી છે. આહા..હા..! અને મલિનતા જે છે એ ટકતી નથી, ક્ષણવાર રહીને નાશ થઈ જાય છે. આહા..હા..!

**'અને મલિનતા ગમતી નથી,...'** આ કોની વાત છે ? જેને અંદરમાં જ્ઞાનાનંદ સ્વભાવ તરફની ઝંખના થઈ છે. હું ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ, નિર્મળાનંદ (છું) એવી અવ્યક્તપણે પણ જેની જિજ્ઞાસા થઈ છે, તેને મલિનતા રુચતી નથી. આહા..હા..! આવી વાતું છે. પુસ્તકો વાંચી વાંચીને પુસ્તકના પત્રો તો ઘણા આવે છે. લોકો એવા રાજી થાય છે.. એવા રાજી થાય છે... આ પુસ્તક આવું !

મુમુક્ષુ :– બીજી આવૃત્તિમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજી આવૃત્તિ પણ ક્યાંથી બીજી આવૃત્તિ? આ વસ્તુ છે. હવે બીજી વાર કાંઈ... આની ને આની બીજી આવૃત્તિ થાય પણ કાંઈ... એ તો વચનો નીકળ્યા ઇ નીકળ્યા. આમાં બધું પૂરું આવી ગયું છે. આહા..હા..!

ત્રણ ચીજ (છે). એક પરદ્રવ્ય. શરીર, કર્મ, લક્ષ્મી આદિ પરદ્રવ્ય. એ તો પોતાની પર્યાયમાં પણ નથી. પર્યાય એટલે અવસ્થા–હાલત. અને હાલતમાં પુણ્ય અને પાપના મલિન ભાવ થાય, પણ ટકતા નથી. એક સમય રહે છે. અને જેને જ્ઞાનાનંદ સ્વભાવ તરફની જિજ્ઞાસા થઈ છે... આહા..હા..! તેને મલિનભાવ રુચતા નથી. આહા..હા..! આવી વાત બીજે ક્યાં છે ? કઠણ વાત છે.

મુમુક્ષુ :– પુણ્ય તો અધર્મી કરતાં ધર્મીને વધારે થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વૃત્તિનો પ્રશ્ન નથી. એની રુચિ નથી. સમજાણું કાંઈ ? શુદ્ધ ઉપયોગ થાય છે, તેમાં પુણ્યનો અનુભાગ વધે છે, પણ રુચિ નથી. આહા..હા..! આકરી વાતું, ભાઈ ! પરમસત્ય ચીજ કોઈ એવી છે. આહા..હા..! આજે એક ઠેકાણેથી પત્ર આવ્યો છે. અરે..! અમે આત્મધર્મ વાંચીને, ચૈતન્યના નૂરનું પૂર વાંચીને તો અમને અંદર કંઈક થઈ ગયું. અંદર ચૈતન્યના નૂરના તેજનું પૂર. પૂર સમજ્યા ? જેમ પાણીનો પ્રવાહ વહે છે તેમ આ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ચૈતન્યના તેજના નૂરનું પૂર...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! એ તો નિર્મળ અને ટકતી ચીજ છે. સમજાણું કાંઈ ? ભાઈ! માર્ગ બાપા ! ઝીણી વાત બહુ. અત્યારે તો બહારનું એવું થઈ ગયું છે. અરે...! ભાઈ !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા..! હવે લોકોને રુચે છે, ગોઠે છે. ભાઈ ! માર્ગ તો આ છે. ભલે મોંઘુ પડે, પણ બાપુ ! એને કર્યે જ છૂટકો જ ભાઈ તારે. આહા..હા..! અને એ ચીજ છે ને ? ધ્રુવ... ધ્રુવ ભગવાન, આ ટકતી ચીજ છે, નિર્મળ છે. પુણ્ય અને પાપના દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ ટકતા નથી અને રુચતા નથી. આહા..હા..! કોને ? જેને અંતરમાં જાવું છે એને. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું હવે.

મૂળ ચીજ જ આ છે. કેમ ? કે મોક્ષના પૂર્ણાનંદની પ્રાપ્તિનું કારણ ચારિત્ર, અને ચારિત્રનું પહેલું કારણ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન વગર ચારિત્ર હોતું નથી. અને સમ્યગ્દર્શનનું કારણ, એ ત્રિકાળી નિત્ય નિર્મળાનંદ, પ્રભુ ! એ સમ્યગ્દર્શનનું કારણ છે. આહા..હા..!

પર્યાયમાં મલિનતા છે પણ ટકતી ચીજ નથી, પ્રભુ ! આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા... 'યોગસાર'માં તો એમ લીધું છે, ભાઈ ! આત્માને ઉપયોગ લક્ષણવાળો કેમ કહ્યો ? આત્મા અનંતગુણવાળો છે, એમ કેમ ન કહ્યું ? જડ અનાત્મ ગુણવાળો છે એમ કેમ ન કહ્યું ? તો (સમયસાર ગાથા–૨૪ માં) એમ કહ્યું કે, **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं'** સર્વજ્ઞ ભગવાન, પરમેશ્વર, ત્રિલોકનાથે એમ કહ્યું, પ્રભુ ! **'उवओगलक्खणो'** ઉપયોગ જાણવું-દેખવું તે લક્ષણ છે. એ ગુણ તો અનંત છે, તો અનંત ગુણને એક એક ગુણથી પકડવામાં કાળ ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ ? ઉપયોગ જે છે, જાણન-દેખન વેપાર ઉપયોગ, એ ચૈતન્યનું લક્ષણ છે. આહા..હા..! **'उवओगलक्खणो णिच्चं'** એમ શબ્દ છે ને ? આહા..હા..!

જે જાણન-દેખન, ઉપયોગ સ્વભાવ સ્વરૂપ નિત્ય છે. પણ તેનો નિર્ણય કરનારી પર્યાય, તે અનિત્ય છે. આહા..હા..! ખરું લક્ષણ આ છે. જાણન-દેખન જે પર્યાયમાં દેખાય છે, તેનાથી આત્મા લક્ષ કરવાલાયક છે. આહા..હા..! જાણન-દેખન ઉપયોગ સ્વને જાણે છે, લક્ષ એટલે દ્રવ્યને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? તો એ લક્ષણ, જેનું લક્ષ્ય કરવું છે તે ચીજ નિત્ય છે. આહા..હા..! નિત્ય ઉપર દૃષ્ટિ કરતાં,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સત્યદર્શન, સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીડી ઉત્પન્ન થાય છે. આહા..હા..!

કહે છે, કે પર્યાયમાં જે મલિનતા દેખાય છે, જેને આત્માની શોધ કરતા કરતા... આહા..હા..! આ શું ચીજ છે ? તેવી શોધ કરનારને શુભ અને અશુભભાવ ટકતા નથી એમ દેખાય અને રુચતા નથી એમ દેખાય છે. સમજાણું કાંઈ ? પૈસા-બૈસાની વાત અહીં નથી. પૈસા તો ધૂળ ક્યાંય બહાર રહી ગયા.

મુમુક્ષુ :– મુનિરાજ કાંઈ પૈસાની વાત કરે ? એ તો વેપારી હોય એ કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા પણ હતા કે દિ'? પૈસાનો તો ચૈતન્યમાં અભાવ છે. અહીં તો ભાવ છે તેની વાત કરે છે. પૈસા, શરીર, કર્મ એ તો સ્વદ્રવ્યમાં, જેમ એક આંગળીમાં બીજી આંગળીનો અભાવ છે, એમ ભગવાન આત્મા પોતાપણે અસ્તિ છે, સ્વથી મોજૂદ છે અને પરપદાર્થથી અભાવસ્વરૂપ છે. આહા..હા..! એની વાત અહીંયા કરી જ નથી. ફક્ત એની પર્યાયમાં મલિનતાનું અસ્તિત્વ ઉત્પન્ન થાય છે... આહા..હા..! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, પણ ઘણી મુદ્દાની રકમ છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યના નૂરનું પૂર. ચૈતન્યના તેજનો ગાંઠડો, પ્રભુ! પૂર... આહા..હા..! એ તો નિર્મળ અને ટકતી ચીજ છે. પુણ્ય અને પાપની શુભ-અશુભની વૃત્તિઓ જે ઉઠે છે, એ તો મલિન છે, ટકતી નથી, રુચિકર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું. ચોરાશીના અવતાર કરીને, ભાઈ ! આહા..હા..! મોટા શેઠિયાઓ અબજોપતિ, એ મરીને ઢોર થાય, ભાઈ ! આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! કેમ કે માંસ આદિ ન હોય અને સમ્યગ્દર્શન–ધર્મ–એની તો ખબર પણ નથી. અરે..રે..! એમાં આત્માની વાત વીતરાગ કહે છે એ સાંભળવાનો ટાઈમ પણ ચોવીસ કલાકમાં ચાર કલાક, પાંચ કલાક લ્યે નહીં... આહા..હા..! એની ગતિ શું હોય? ભાઈ! બાવીસ કલાક, એકવીસ કલાક આ પાપ. આ રળ્યા ને આ કમાણા ને ફલાણું. આહા..હા..!

એ કહે છે, કે પ્રભુ! સાંભળને એકવાર. તારા અસ્તિત્વમાં ત્રિકાળી હોવાપણું એ ત્રિકાળી ચીજ છે અને તારી વર્તમાન દશામાં શુભ અને અશુભરાગ ઉત્પન્ન થાય છે એ મલિન છે, ટકતી ચીજ નથી. એક ક્ષણ રહીને બીજે ક્ષણે નાશ થઈ જાય છે. અને તેની રુચિ નથી. રુચતી નથી. દુઃખ-દુઃખ (લાગે છે). આ તો જેને અંતરમાં જાવું છે એની વાત છે. આહા..હા..!

એ **'મલિનતા ગમતી નથી, માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ.'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! ત્રણ ટૂકડામાં (વાત કરી છે). મલિનતા ટકતી નથી, મલિનતા રુચતી નથી, એ કારણે મલિનતા વસ્તુનો સ્વભાવ નથી. લોજિકથી, ન્યાયથી એને પકડે. આહા..હા..! વીતરાગમાર્ગ (આવો છે). **'વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ.'**

શુભ-અશુભભાવ, ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ હોય, કે ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય, એ ભાવ કાયમ રહેનારી ચીજ નથી. એક સમય ટકે છે. તો ટકનારી ચીજ એ નથી. આહા..હા..! અને એ રુચતી નથી. કેમ કે જેને અંદર જવું છે એને એ રુચતી નથી. આહા..હા..! અને તેથી એ પુણ્ય અને પાપના મલિન ભાવ વસ્તુનો સ્વભાવ નથી. ત્રણ સિદ્ધાંત થયા. આહા..હા..! સમજાણું કાંઈ?

લોકોને વાંચીને એટલો પ્રમોદ આવે છે. કેટલાકના એવા કાગળ આવે છે. બીજી આવૃત્તિ હવે બહેન બોલે તો છાપજો, એમ લખ્યું છે. આહા..હા..! લોકો તો બિચારા.. આ વસ્તુ એવી આવી ગઈ છે. આહા..હા..! બિચારાએ લખ્યું છે, સાદિ ભાષા, સરળ ભાષા અને એકદમ તત્ત્વ (આવી ગયું છે). સમજાણું કાંઈ ? શું કહ્યું ?

ભગવાન જ્ઞાયક ચૈતન્ય છે એ તો ત્રિકાળી ધ્રુવ છે. એ હવે કહેશે. અને પર્યાયમાં મલિનભાવ, શુભ-અશુભ લાગણી–વૃત્તિઓ–ઉઠે છે, એ ટકતી નથી, મલિન ચીજ છે. અને એમાં રહેવું ગમતું નથી. આહા..હા..! એ કારણે એ રુચતી નથી. એ કારણે એ પુણ્ય-પાપના મલિનભાવ વસ્તુનો સ્વભાવ હોઈ શકે નહિ. આહા..હા..! આકરું કામ. અંદર એને કંઈ પડી નથી કે અરે..! હું અહીંથી ક્યાં જઈશ ? ૨૩૬.

**હે આત્મા ! તારે જો વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. દ્રવ્યદષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દષ્ટિ પ્રગટ કર.**

**આવી દષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો તથા પર્યાયોને,**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**અભેદ તેમ જ ભેદને, વિવિધ પ્રકારે જાણે છે. લક્ષણ, પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે અને વસ્તુ-અપેક્ષાએ અભેદ છે એમ જ્ઞાન જાણે છે. 'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ. આ સમ્યગ્દર્શન થયું, આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું'—એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે. આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઈ પ્રકારમાં રોકાતી નથી.**

**સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના, શ્રુતચિંતવનના, અણુવ્રત-મહાવ્રતના ઇત્યાદિ વિકલ્પો હોય છે, પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે. અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે; સ્વરૂપમાં એકાગ્ર થતાં, નિર્વિકલ્પ સ્વરૂપમાં વાસ થતાં, તે બધા છૂટી જાય છે. પૂર્ણ વીતરાગ દશા થતાં સર્વ પ્રકારના રાગનો ક્ષય થાય છે.**

**—આવી સાધકદશા પ્રગટ કરવા યોગ્ય છે. ૨૩૭.**

૨૩૭ મો બોલ. મોટો છે.

**'હે આત્મા !'** સંબોધન કર્યું છે. **'હે આત્મા ! તારે જો વિભાવથી છૂટી...'** પહેલા મલિનતાની વાત કરી. એ મલિનતાના ભાવથી છુટી **'મુક્તદશા પ્રાપ્ત કરવી હોય...'** તારા આત્માની શાંતિ, આનંદ (પ્રાપ્ત કરવા હોય અને) દુઃખની પર્યાયથી મુક્ત થવું હોય તો... આહા..હા..! એ મલિનપર્યાય દુઃખરૂપ છે. એનાથી મુક્તિ ઇચ્છે છે, આહા..હા..! **'વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય...'** આહા..હા..! અહીં તો એ લીધું છે, કે **'વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત...'** એટલે વિભાવનો વ્યય અને પરમાનંદરૂપી મુક્તિનો ઉત્પાદ. આહા..હા..! આવો માર્ગ પ્રભુનો છે, ભાઈ!

**'તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર.'** આહા..હા..! વસ્તુ જે કાયમની ચીજ અંદર એકરૂપ પડી છે એમાં પર્યાય અને ગુણ-ગુણીનો ભેદ પણ નથી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આ શું (વસ્તુ છે) ? ધ્રુવ, અનંત ગુણનો એકરૂપ, પ્રભુ! એક સ્વરૂપ... આહા..હા..! એનું જે અભેદ સ્વરૂપ છે એને ગ્રહણ કર. એના ઉપર દૃષ્ટિ લગાવ. આહા..હા..! રાગને ગ્રહણ કર્યો છે, એ તો મલિન છે, નહિ ટકનારી ચીજ છે અને અરુચિકર છે. તો ભગવાન આત્મા ટકતી ચીજ નિત્ય ચૈતન્યપૂર નૂર અંદર છે. આહા..હા..! ચૈતન્યના તેજથી ભરેલું પૂર છે, તેને ગ્રહણ કર. આ વાત..! અર્થાત્ એ ચૈતન્ય જ્ઞાયક નિર્મળાનંદ, પ્રભુ! એની દૃષ્ટિ કર. આહા..હા..! એને ધ્યેય બનાવ. 'વિષયકુરુ' તારી વર્તમાન શ્રદ્ધાનો વિષય એને બનાવ. આહા..હા..! આવી વાતું હવે. સમજાણું કાંઈ ?

**'ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર.'** આદર કર. આહા..હા..! **'દ્રવ્યદૃષ્ટિ...'** એ દ્રવ્ય નામ વસ્તુ જે ત્રિકાળી ભગવાન છે, એની દૃષ્ટિ **'સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી...'** આહા..હા..! **'સર્વ પ્રકારની પર્યાયને...'** અવસ્થાને **'દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...'** દૃષ્ટિ, વર્તમાન પર્યાય. બીજી પર્યાયને દૂર કરીને. આહા..હા..! આ તો મંત્રો છે, પ્રભુ! આ કાંઈ કોઈ વાર્તા-કથા નથી. આહા..હા..! એ અનાદિકાળથી દુઃખી... દુઃખી... દુઃખી (છે). આહા..હા..!

ફાંસીએ ચઢાવે અને જીવ ન જાય ત્યાં સુધી ચાર-ચાર, છ-છ કલાક સુધી આમને આમ (લટકાવી રાખે). એ કેવી પીડા હશે, ભાઈ ! સમજાણું કાંઈ ? અમે 'રાજકોટ' હતા. કેદીઓએ નામ સાંભળ્યું. નામ તો બહુ બહાર આવ્યું છે એટલે કેદીઓએ પણ સાંભળ્યું કે મહારાજ અહીંયા છે, અમારે દર્શન કરવા છે. જેલ-જેલમાં. હવે એને દર્શન શી રીતે થાય ? ઉપરથી હુકમ ન આવે ત્યાં સુધી. 'અમદાવાદ'થી એના જેલના મોટા અગ્રેસરનો હુકમ આવ્યો કે મહારાજ છે, એના મારે દર્શન કરવા છે. એ જેલમાં આવે. અમને ભલે બહાર ન કાઢો. આહા..હા..! અમે ગયા. માણસો બહાર આવ્યા. જેલર લોકો દર્શનને ઇચ્છે છે. અમે ગયા. આહા..હા...! એ લોકોને એવો રિવાજ હોય છે. મોટી જેલ હોય એટલે મોટા બે દરવાજા હોય. વચ્ચે ત્રણ-ચાર હાથનું છેટું હોય. એક દરવાજો અહીં, એક દરવાજો અહીં. એટલે આ દરવાજો ખુલે ત્યારે આ દરવાજો બંધ રાખે. અને એ દરવાજો અંદર જવા માટે ખુલે ત્યારે આ દરવાજો બંધ કરી દે. નહિતર કોઈ (ભાગી જાય). એમ ઉઘાડીને ગયા. આહા..હા..! મોટો એનો જેલર હતો એ બિચારો બોલતો. અરે..! બિચારાએ આવેશમાં બધા પાપ કર્યા અને આ જેલ છે. એમ બિચારા કહેતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એને કહ્યું, ભાઈ! એમાં લખેલું, હોં ! અજ્ઞાનથી દુઃખ ઉત્પન્ન થાય છે. જેલમાં લખ્યું છે. મારે તો બીજું કહેવું છે. બહાર નીકળ્યા પછી એનો મોટો જેલર હતો, એણે એમ કહ્યું કે અમે અહીં ફાંસી દઈએ છીએ. એ બતાવ્યું. ઉપર ગયા. ખૂનીને અહીં લાવીએ અને પછી એને ટોપી પહેરાવીએ, અને પછી દોરડું બાંધીએ અને પગ બાંધીએ, પાછળ હાથ બાંધીએ. આમાં લઈ જઈએ. આ ઠેકાણે ઊભા રાખીએ. પછી દોરડું બાંધીને માથે લટકાવે. નીચેથી લાકડું લઈ લઈએ, ખેંચી લઈએ. પગ બાંધેલા, હાથ બાંધેલા તેથી આખો ધ્રૂજે. એ બે-ચાર કલાક ધ્રૂજે. આહા..હા..! પછી દેહ છૂટી જાય. આહા..હા..! એવું અનંતવાર થયું છે, હોં ! અરે..! પ્રભુ ! તું ભૂલી ગયો, પ્રભુ ! આહા..હા..! એ વખતે એને ચિતાર આપતો.

એક તો ખૂની કેદમાં હતો. એને ફાંસી દેવાની હતી. ૨૦-૨૫ વર્ષની ઉંમરનો હતો. એણે એક છોકરીને કાપી નાખી હતી, મારી નાખી હતી. અંદર પડ્યો હતો. હું ત્યાંથી નીકળ્યો, બિચારો મને પગે લાગ્યો. પણ ફાંસીનું નક્કી થઈ ગયેલું. જુવાન માણસ હતો. એણે પછી કહ્યું કે જુઓ આ પ્રમાણે આને ફાંસી દેવાની છે. આહા..હા..! ફાંસી સમજ્યા ? આહા..હા..! એક ખૂની માણસ તો એવો આવ્યો, કે રાત્રે ભજન કર્યું. આમ જાણે કે આ બધું.. બે-ત્રણ કલાક થોડીવાર સૂઈ ગયો. સવારે ફાંસી દેવાની છે. આહા..હા..! પણ પેલો હિંમત રાખતો હતો. પણ જ્યાં અંદર ગયા અને બાંધ્યો. ધ્રૂજે... ધ્રૂજે... ધ્રૂજે... ધ્રૂજે... ધ્રૂજે... આહા..હા..! પછી જે બારણામાંથી નાખ્યો હોય ત્યાં ન કાઢવો. અંદર બીજું બારણું હોય ત્યાંથી મડદાને કાઢે. આહા..હા..!

એમ અનાદિથી રાગની એક્તાની ફાંસી એને વળગી છે. એ દુઃખી થઈને જીવે છે, હોં ! આહા..હા..! એને ખબર નથી. એ દયા-દાનનો, રાગાદિ હોય, એ રાગ મારો સ્વભાવ છે (એમ માની લીધું છે). પહેલા તો એ કહ્યું કે મલિનતા છે એ ટકતી નથી, રુચતી નથી માટે વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..! એમાં જેને પ્રેમ છે... આહા..હા..! ભગવાન અખંડાનંદ પ્રભુને એણે ફાંસી આપી છે. આહા..હા..! એ ફાંસીથી છૂટવું હોય તો,

**'વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી...'** સર્વ પ્રકારની (એટલે) વર્તમાન પર્યાય તો (સ્વરૂપને) ગ્રહણ કરે છે, એ પર્યાયને દૂર રાખીને એમ નહિ. સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કાંઈ ? શું કીધું ? આ તમારા એ સ્ટીલના ચોપડા નથી. આ તો બીજી જાતનો ચોપડો છે. આહા..હા..!

ભગવાન અનંત આનંદની મૂર્તિ દ્રવ્ય વસ્તુ, એની દૃષ્ટિ કરવાથી **'સર્વ પ્રકારની પર્યાયને...'** વર્તમાન સિવાય (બધી પર્યાયોને) **'દૂર રાખી...'**. વર્તમાન પર્યાય તો ત્યાં એને ગ્રહણ કરે છે. આહા..હા..! આવી વાતું ક્યાં (સાંભળવા મળે) ? સમજાણું કાંઈ ? પહેલા તો દ્રવ્યદૃષ્ટિ કહ્યું ને ? તો દૃષ્ટિ એ પર્યાય છે. દ્રવ્યની દૃષ્ટિ એ પર્યાય છે. આહા..હા..! ભાઈ ! આ તો અધ્યાત્મની અનમોલ ચીજ છે. આહા..હા..! દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયક ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ, જે એકરૂપ અભેદ છે, જે પર્યાયમાં પણ ભેદરૂપ થઈ આવતો નથી... આહા..હા..! એ દૃષ્ટિ **'સર્વ પ્રકારની પર્યાયને...'** વ્યંજનપર્યાય કહો કે બીજા અનંતગુણની પર્યાય કહો, બધાને **'દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...'** એ દૃષ્ટિ. દૃષ્ટિ છે પર્યાય. આહા..હા..!

**'એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...'** એકરૂપ જ્ઞાતાદૃષ્ટા, સામાન્ય નામ સદૃશ્ય સ્વરૂપ, જેમાં ભેદ નથી, જેમાં પરિણમવું નથી, જેમાં કોઈ પર્યાય નથી. પર્યાય તેને ગ્રહણ કરે. દ્રવ્યદૃષ્ટિ એને ગ્રહણ કરે. દ્રવ્યદૃષ્ટિ છે તો પર્યાય. આહા..હા..! એ પર્યાય દ્રવ્યને ગ્રહણ કરે પણ બીજી બધી પર્યાયોને દૂર કરીને. આહા..હા..! આવી વાતું છે, હવે આમાં ક્યાં. આ દુનિયાની હોંશ અને હરખમાં એ મરી ગયો છે. આહા..હા..!

જેનું ચૈતન્યનું નૂર અને તેજનું પૂર, પ્રભુ ! એનો અનાદર કરીને પરમાં હોંશ અને હરખ કરે, એ તો જીવનો અનાદર કરે છે. આહા..હા..! એ જીવની, પોતાની હિંસા કરે છે. હું આવો જ્ઞાતા, અનંત ગુણનો પિંડ ધ્રુવ સામાન્ય, એ નહિ. ફક્ત પુણ્ય અને પાપના પ્રેમમાં આ હું, એ ચૈતન્યના સામાન્ય સ્વરૂપનો એણે અનાદર કર્યો. એણે સામાન્ય નથી એમ માન્યું. એ નથી માન્યું એ હિંસા છે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..!

(સંવત) ૧૯૮૪ની સાલમાં એકવાર અમે 'રાણપુર' હતા. પછી એક હરિજન-ઢેઢ ખાટલો ભરતો હતો. સાધારણ ગરીબ માણસ હતો. આમ અપાસરાની સામે વોરાની શેરી હતી. પછી એને ખાવાનું ટાણું આવ્યો તો બેઠો, ત્યાં કાળી કૂબડી એવી એની બાયડી આવી, અને એક છાશની એક દોણી લાવી અને બાજરાનો રોટલો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છોકરો, છોકરી અને બાયડીને બધા બેઠા. પણ જાણે ચક્રવર્તીનું રાજ હોય એમ જમવા બેઠા. આહા..હા..! બધા એમ કહે આપણો પરિવાર, આપણે આ. અરે..રે..! શું કરે છે ? કીધું આ. આ સંવત ૧૯૮૪ની સાલની વાત છે. અપાસરાની સામે. અરે..રે..! શું કરે છે આ ? એમ આ બાયડી, છોકરા, કુટુંબ ને એમાં નોકર, મુનિમ, પાંચ પચાસ લાખ પેદા કરાવતો હોય એને, એવા બધા ભેગા બેસે. અને દિવાળીના દિવસ હોય. ધડાક્યા અને ફડાક્યા. આહા..હા..! એ હરખના હડકે બેઠો, પ્રભુ ! તેં તારા ચૈતન્યનું ખૂન કરી નાખ્યું. નાથ! આહા..હા..! આનંદનો સાગર છે તેનો તેં નકાર કર્યો. અને આમાં મને સુખ છે એનો તેં હકાર કર્યો. આહા..હા..! ધર્મીની દૃષ્ટિ... આહા..હા..! પર્યાયનો નકાર કરી... આહા..હા..! એ તો બોલવાનું અપેક્ષાએ છે. અને ત્રિકાળી જ્ઞાયકનો હકાર કરે છે. એ જીવતા જીવને જીવતો રાખ્યો એણે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

**‘સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...’** દૃષ્ટિ, વર્તમાન પર્યાય. ભૂત, ભવિષ્યની પર્યાય અને બીજી પર્યાયને દૂર કરી, પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જે પ્રવાહ વસ્તુ પડી છે, એને જ ગ્રહણ કરે છે. **‘દ્રવ્યદૃષ્ટિના વિષયમાં...’** એ વસ્તુની દૃષ્ટિ જે છે એ દૃષ્ટિના વિષયમાં, એ દૃષ્ટિના ધ્યેયમાં **‘ગુણભેદ પણ હોતા નથી.’** પહેલા પર્યાયને દૂર કરી એમ કહ્યું. હવે એમાં ગુણભેદ પણ નથી (એમ કહે છે). આવી વાતું છે, ભાઈ ! અહો..! જગતના ભાગ્ય કે આવી ચીજ બહાર આવી ગઈ. આહા..હા..! થોડા શબ્દમાં... સમજાણું કાંઈ ?

**‘દ્રવ્યદૃષ્ટિના વિષયમાં...’** ત્રિકાળી જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિમાં ગુણભેદ પણ નથી કે આ આત્મા દ્રવ્ય છે અને એમાં અનંત ગુણ છે, એવો ભેદ પણ નથી. આહા..હા..! **‘આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.’** મુક્તિ મેળવવી હોય, સંસારના દુઃખની પીડાનો નાશ કરવો હોય તો આ કર, પ્રભુ! એ સિવાય કોઈ ઉપાય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? **‘આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.’** આહા..હા..! પહેલા કરવાલાયક હોય તો આ છે. બાકી બધી વાતું છે. આહા..હા..!

વસ્તુ છે ને ? તો કાયમ રહેનારી ચીજ છે કે નહિ ? અણઉત્પન્ન ઉત્પન્ન થઈ નથી, નાશ થઈ નથી એવી ચીજ છે એ તો. એની પર્યાય પલટે છે, એમાં અહીંયા જે રાગ-દ્વેષના ભાવ કહ્યા, એ તો નહિ ટકનારી ચીજ છે. હવે? જ્યારે ટકતી ચીજ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ઉપર તારી દૃષ્ટિ કરવી હોય, વિભાવથી મુક્ત થઈને પૂર્ણ આનંદ પ્રાપ્ત કરવો હોય તો પ્રથમ દૃષ્ટિ દ્રવ્ય ઉપર દે. જેમાં અનંત અનંત ગુણના રતનના ભંડાર ભર્યા છે. એવો ગુણભેદ પણ જેની દૃષ્ટિમાં નથી. આહા..હા..! આવું ક્યાં? સર્વજ્ઞ પરમાત્મા... આહા..હા..!

બારોટ હોય છે ને બારોટ ? બારોટ નથી બારોટ ? એના બાપની વાતું કરે. તારા બાપ આઠ પેઢીએ અહીં હતા, 'પાટણ'માં આમ હતા, વાવ કરાવી હતી, પચાસ હજાર ખર્ચ્યા હતા. ફલાણું-ઢીકણું એ સાંભળે ત્યાં. વયાવચા. આ બારોટ કહે ને શું કહે છે ? ભાઠ. મોટા ગૃહસ્થ હોય છે. લાખોપતિ મોટા ભાઠ હોય છે. 'રાણપુર' જોયા હતા ને. એક ભાવસારને ત્યાં આવતા. લાખોપતિ. જુઓ તો મોટા નાગર જેવા. એ ભાવસાર સાથે વાંચતા હતા. ખત્રી-ખત્રી. ઓલા ખત્રી નહિ ત્યાં? છે ને 'પોપટ ખત્રી' ? આપણે અહીં આવે છે, ત્યાં પણ આવે છે. એનું ઘર અપાસરાની આગળ છે ત્યાં એ એકવાર આવ્યા હતા. પણ ઓલા નાગર જેવા અને રૂપાળા અને શરીર મોટા. પણ બધા એના ઓલા બારોટ–ભાઠ ખરાને, સાંભળવા બેસે.

અહીં તારા સર્વજ્ઞ બારોટ છે, તારા ઇતિહાસની વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? તારો ઇતિહાસ તો એ છે કે મલિનતાના દુઃખમાં તેં અનંતકાળ ગાળ્યો, પ્રભુ ! આહા..હા..! હવે તો નિર્મળાનંદ પ્રભુ! આહા..હા..! જે વસ્તુનો સ્વભાવ છે. પુણ્ય-પાપના ભાવ તો વસ્તુનો સ્વભાવ નથી, કેમ કે મલિન, અરુચિકર અને નાશવાન છે. આહા..હા..! અવિનાશી ભગવાન અંદર એની દૃષ્ટિ કર. પર્યાય અને ગુણના ભેદની દૃષ્ટિ છોડી દે. આહા..હા..! વિભાવથી તો છોડી દે પણ પર્યાય અને ગુણભેદની દૃષ્ટિ છોડી દે. અરે..! આવી વાતું છે આ. આહા..હા..!

**'આવી દૃષ્ટિ સાથે...'** હવે જ્ઞાન લીધું. શું કીધું એ ? કે એવી દ્રવ્ય સ્વરૂપની દૃષ્ટિ થઈ, તેની સાથે **'વર્તતું જ્ઞાન...'** તેની **'સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા વિદ્યમાન ગુણો...'** એ વસ્તુમાં રહેલા વિદ્યમાન ગુણોને પણ જ્ઞાન જાણે છે. દૃષ્ટિના વિષયમાં ગુણભેદ નથી. સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ ! 'સમ્યગ્દર્શન' દૃષ્ટિ જે છે, એ તો ત્રિકાળ સામાન્યને જ સ્વીકારે છે. ત્યારે હવે અંદર ગુણભેદ છે, પર્યાય છે. તો કહે છે, એ દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું, એ જ્ઞાન.. આહા..હા..! વસ્તુમાં વિદ્યમાન ગુણો, અનંત અનંત ગુણો, પર્યાયો–એની અવસ્થાઓ, **'અભેદ તેમ જ ભેદને,...'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અભેદને પણ જ્ઞાન જાણે છે અને ગુણભેદ અને પર્યાયને પણ જ્ઞાન જાણે. સમજાણું કાંઈ ? આહા..હા..!

દૃષ્ટિ અભેદ દ્રવ્ય ઉપર છે. એમાં કોઈ ગુણભેદ પણ નથી અને પર્યાયભેદ પણ નથી. પણ એ દૃષ્ટિ સમ્યક્ થઈ, તેની સાથે સમ્યક્જ્ઞાનની દશા થઈ, એ ગુણભેદને પણ જાણે, પર્યાયને પણ જાણે... આહા..હા..! અભેદ અને ભેદ બન્નેને જાણે. **'વિવિધ પ્રકારે જાણે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું. હવે આમાં ક્યાં ક્યાંય... માર્ગ આ છે, ભાઈ!

વસ્તુ જે એકરૂપ સામાન્ય, અભેદ છે એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. પણ સમ્યગ્દર્શનનો વિષય તો એકલો અભેદ જ છે. બસ. પણ સમ્યગ્દર્શનની સાથે જે સમ્યક્જ્ઞાન ઉત્પન્ન થયું, એ જ્ઞાન તો આત્મામાં અનંત ગુણ છે એને પણ જાણે, પર્યાયને પણ જાણે, અભેદને પણ જાણે, ભેદને પણ જાણે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું હવે સાંભળવા મળે નહિ, બિચારા શું કરે ? આહા..!

**'લક્ષણ,...'** જાણે. આહા..હા..! ચૈતન્ય ઉપયોગ લક્ષણ છે, જડ અનુપયોગ લક્ષણ છે. આહા..હા..! એવું જ્ઞાન જાણે છે. જ્ઞાન લક્ષણને જાણે. દૃષ્ટિ લક્ષણને નથી દેખતી. દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. આહા..હા..! દૃષ્ટિ–શ્રદ્ધા–સમ્યગ્દર્શન–છે, એ તો અભેદ ધ્રુવ ઉપર અંદર પડી છે. ધ્રુવને ગ્રહણ કરીને ત્યાં એકાકાર છે. આહા..હા..! એની સાથે જ્ઞાન થયું, એ જ્ઞાન અનંત ગુણના ભેદને પણ જાણે, પર્યાયને જાણે, અભેદને જાણે, ભેદને પણ જાણે. આહા..હા..! **'વિવિધ પ્રકારે જાણે છે.'** એ તો જ્ઞાનનો સ્વભાવ છે. આવો ઉપદેશ હવે. આમાં ઘરેથી કોઈ સાંભળવા ન આવ્યું હોય અને પૂછે કે શું કીધું ? કોણ જાણે શું કહેતા હતા કાંઈક. આનું-તેનું. સામાન્ય ઉપર દૃષ્ટિ કરવી, પછી સામાન્ય સાથે જ્ઞાન થાય. ગુણભેદને દૃષ્ટિ દેખે નહિ, પણ જ્ઞાન બધાને જાણે. બૈરા-બૈરા કદાચ સાંભળવા ન આવ્યા હોય. શું સાંભળ્યું? કોણ જાણે કાંઈક કહેતા હતા. અંદર. આમ છે અને તેમ છે. અરે..! ભાઈ! સાંભળ, ભાઈ! આહા..હા..!

અરે..રે..! દુનિયાની હોંશમાં તારી જિંદગી પાપમાં ગઈ, નાથ ! અરે..! આહા..હા..! 'હોંશિડા મત હોંશ ન કીજીએ.' એક સજ્જાય આવે છે. અમે તે દિ' સજ્જાય વાંચેલી ને. (સંવત) ૧૯૬૬-૬૭ની સાલની વાત છે. તમારા જન્મ પહેલાની વાત છે. દુકાન ઉપર સ્વાધ્યાય (કરતા). ચાર સજ્જાયમાળા. શ્વેતાંબરની, હોં ! એક-એક સ્વાધ્યાયમાળામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



બસ્સો-અઢીસો સજ્જાય. એક-એક સજ્જાયમાં દસ પંદર શ્લોક. દુકાન ઉપર એવી ચાર મંગાવી હતી. વાંચતા હતા એમાં આ આવ્યું, 'હોંશિડા મત હોંશ ન કીજે.' એ હોંશિડા ! પરમા હોંશ ન કર, નાથ ! તારું ખૂન થઈ જાય છે. આહા..હા..! દીકરો જન્મ્યો અને મારો વારસો રહેશે. પૈસા મળ્યા અને હું આબરુદાર ગણાઈશ. અરે..! શેની હોંશ તને આવે છે ? પ્રભુ ! એય..! ભાઈ ! શું છે આ ? આ તો બધા તમારા મીંડા મૂકાય છે. આહા..હા..!

અહીં કહે છે, જ્ઞાન છે એ લક્ષણને પણ જાણે. દૃષ્ટિ તો લક્ષણને નથી દેખતી. દૃષ્ટિ તો અભેદ ઉપર છે. આહા..હા..! દૃષ્ટિની સાથે જે સમ્યગ્જ્ઞાન થયું, એ લક્ષણને જાણે. 'ઉપયોગ લક્ષણ જીવ.' અનંત ગુણથી જીવને ઓળખવો એ નહિ. કારણ કે અનંત-અનંત ગુણ છે, એમાં સામાન્ય અનંત ગુણ, વિશેષ અનંત ગુણ (છે). આહા..હા..! તો એની ઓળખાણ કરવામાં 'ઉપયોગ લક્ષણ જીવો' બસ. આહા..હા..! એ જાણન-દેખન જે ઉપયોગલક્ષણ છે, એ આત્મા. એવું સમ્યગ્જ્ઞાન લક્ષણને પણ જાણે. આહા..હા..! અભેદને પણ જાણે, લક્ષને પણ જાણે. અરે..અરે..! આવી વાતું છે.

**'પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે...'** લક્ષણ ને પ્રયોજન આદિથી ગુણમાં ભિન્નતા છે. જ્ઞાનનો લક્ષણ ઉપયોગ, શ્રદ્ધાની પ્રતીત વગેરે દરેક ગુણના લક્ષણ ભિન્ન છે. સમજાણું કાંઈ ? પ્રયોજન ભિન્ન છે. જ્ઞાનને જાણવું, શ્રદ્ધામાં પ્રતીત કરવી, સ્થિરતામાં રમણતા કરવી વેગેરે. **'ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે...'** ભગવાન આત્મા એકરૂપ દ્રવ્યદૃષ્ટિએ હોવા છતાં એમાં અનંત ગુણ છે. આહા..હા..! તો અનંત ગુણોમાં લક્ષણ અને પ્રયોજન આદિથી ભિન્નતા છે. દરેક ગુણના લક્ષણ અને પ્રયોજનની ભિન્નતા છે. આહા..હા..! આવી વાતું ક્યાં ? આમાં નવરા ક્યાં ?

અહીં તો તેથી કહ્યું ને? જેને વિભાવથી છૂટવું હોય અને પોતાની મુક્તિ–આનંદની પ્રાપ્તિ કરવી હોય, દુઃખથી છૂટવું હોય અને સુખની પ્રાપ્તિ કરવી હોય તો એણે પહેલા અભેદની દૃષ્ટિ કરવી. આહા..હા..! બધા ભેદને લક્ષમાંથી છોડીને. આહા..હા..! પણ સાથે જે જ્ઞાન થયું, એનું લક્ષણ જુદી ચીજ છે. જ્ઞાન તો સ્વ અભેદને પણ જાણે, ભેદને પણ જાણે, પ્રયોજન આદિ ગુણના ભેદ જાણે. વસ્તુ અપેક્ષાએ અભેદ છે. **'એમ જ્ઞાન જાણે છે.'** ગુણભેદની અપેક્ષાએ ગુણ ભિન્ન છે એમ જાણે. વસ્તુ અપેક્ષાએ અભેદ છે. આહા..હા..! આવી વાતું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



‘‘**આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ.’**...’ એ જ્ઞાન જાણે. સમ્યગ્દર્શનપર્યાય પ્રગટી એ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય તો દ્રવ્ય સામાન્ય અભેદ ધ્રુવ છે પણ સાથે જે જ્ઞાન થયું, એ જ્ઞાન જાણે છે કે ‘**આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ.**’ સમ્યગ્દર્શન પર્યાય થઈ એ જ્ઞાન જાણે. આહા..હા..! અરે..રે..! દુનિયાને ક્યાંથી હઠવું પડશે ? ભાઈ ! ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ છે ત્યાં જાવું પડશે, ભાઈ! અંતરમાં અંતરાત્મા, અંતરમાં અંતરાત્મા (બિરાજે છે). બાહ્યમાં રાગ અને પર્યાય, એને છોડી દઈને... આહા..હા..! અભેદ અંતરઆત્માને પકડવો... આહા..હા..! એ તો દૃષ્ટિનો વિષય એકલો અભેદ જ છે. છતાં દૃષ્ટિની સાથે જે જ્ઞાન સમ્યક્ થયું, એ જ્ઞાન આ પર્યાય પ્રગટ થઈ તેને પણ જાણે. સમ્યક્ પ્રગટ થયું, શાંતિ પ્રગટી એમ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ ? કેમ કે જ્ઞાનનો તો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. આહા..હા..! દૃષ્ટિનો એ સ્વભાવ નથી. આહા..હા..! દૃષ્ટિનો અભેદ સ્વભાવ અને જ્ઞાનના ભેદ-અભેદ સ્વભાવ બધાને જાણવું, આ તો એક ગુણની આ (પર્યાય) અને બીજા ગુણની પર્યાય આ. આહા..હા..!

પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે જે આ વસ્તુ જોઈ, એનું વર્ણન વાણી દ્વારા આવ્યું. જાણ્યું એથી તો અનંતમા ભાગે આવ્યું. આહા..હા..! વાણી દ્વારા કેટલું આવે ? અંદર અરૂપી ભગવાન (છે). એમાં એ આવ્યું. કે પ્રભુ ! દ્રવ્યદૃષ્ટિ કર તું. જો તારે મુક્તિ અને દુઃખથી છુટવું હોય તો. એ દૃષ્ટિના વિષયમાં તો એકલો અભેદ જ છે. પણ જે સમ્યગ્દર્શન થયું, પર્યાય ઉત્પન્ન થઈ, અનંત ગુણ છે, એમ સાથે જ્ઞાન જાણે છે. આહા..હા..! આવું કાંઈ ‘જયપુર’ ફયપુરમાં ક્યાંય સાંભળવા મળે એવું નથી. હેરાન-હેરાનના બધા રસ્તા છે. ઝવેરાતના, હીરાના, માણેક ને ઢીકણા. અરે..! પ્રભુ ! એ તારો હીરલો માણેક અંદર. ચૈતન્યરૂપી હીરલો, જેના અનંતા ગુણના પાસા પડ્યા, પ્રભુ ! એ દૃષ્ટિ તો અનંત ગુણના પાસાને પણ ન દેખે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ હીરો હોય છે ને હીરો ? એમાં પાસા હોય છે ને ? પહેલ-પહેલ.

એંશી હજારનો હીરો એકવાર જોયો હતો. ‘રાજકોટ’ લાવ્યા હતા. એંશી હજારનો હીરો. આટલી ડાબલી હતી. મખમલનું ઓલું. એંશી હજારનો હીરો. અંદર પહેલમાં જરી નિર્મળતા ઓછી હતી. નહિતર તો એની કીંમત મોટી. ભાઈ લાવ્યા હતા એક વાર બતાવવા લાવ્યા હતા. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આ હીરલો ભગવાન ! અનંત ગુણના પાસાથી, શરીરથી ભિન્ન બિરાજે છે. એની ડબ્બી હોય. મખમલની ડબ્બી હોય. ડાબલી કહે છે. એમાં ખાડો હોય, એમાં હીરો મૂક્યો હોય. માથે ડબ્બી સરખી દબાય. એમ આ ભગવાન આત્મા શરીર અને કર્મના રજકણ, એના ખાડામાં ભગવાન ભિન્ન બિરાજે છે. આહા..હા..! એની મોજૂદગી ત્રિકાળી એકરૂપ છે. પહેલા એની દૃષ્ટિ કર. એ વિના તારા જન્મ-મરણનો અંત નહિ આવે, ભાઈ ! વ્રત, તપ, કરોડો-અબજો રૂપિયાના દાનની લાખ ક્રિયા કરને તું. એનાથી કોઈ ભવનો અંત નથી. એ રાગ એ તો સંસાર છે. શુભરાગ એ સંસાર છે. આ..હા..હા..! ગજબ વાત છે !

જ્ઞાન **'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ. આ સમ્યગ્દર્શન થયું,...'** એમ જાણે. છે ? જ્ઞાન જાણે. સમ્યગ્દર્શન (ન જાણે). આ સમ્યગ્દર્શન થયું એમ જ્ઞાન જાણે. **'આ મુનિદશા થઈ,...'** અંતરમાં આનંદની ધારા વહી. આહા..હા..! જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતાનો અનુભવ કરતા કરતા... આ..હા..! ભગવાન થઈ ગયો. મુનિદશા થઈ ગઈ. આહા..હા..! અંતરમાં જ્ઞાતાદૃષ્ટાના ધ્રુવ પ્રવાહમાં રમતા રમતા... આ..હા..હા..! મુનિદશા થઈ એમ જ્ઞાન જાણે. સમ્યગ્દર્શનનો વિષય, મુનિદશા અને સમકિતની પર્યાય, સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય નથી. અરે..! આવી વાતું. સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય અભેદ ચિદાનંદ પ્રભુ ! આહા..હા..! જે શરીર, લક્ષ્મીથી તો ભિન્ન, રાગથી ભિન્ન, પર્યાયથી ભિન્ન, ગુણભેદથી ભિન્ન. આહા..હા..! અહીં સુધી જાવું એને. વસ્તુની સ્થિતિ જ એવી છે. આહા..હા..! આવી દૃષ્ટિ થતાં જે દૃષ્ટિ ઉત્પન્ન થઈ, એને સમ્યગ્દર્શન ન જાણે. પણ સાથે જ્ઞાન થયું એ જાણે. અરે..અરે..! આવી વાત છે. સમજાણું કાંઈ ?

**'આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું...'** એ જ્ઞાન જાણે. **'એમ બધી મહિમાવંત...'** એમ બધી મહિમાવંત પર્યાયો. સમ્યગ્દર્શન, મુનિદશા, કેવળજ્ઞાન **'એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે.'** આહા..હા..! અનંત ગુણની અનંતી પર્યાય એક સમયે (છે) એ બધાને જ્ઞાન જાણે છે. આવી વાત છે. **'આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઇ પ્રકારમાં રોકાતી નથી.'** આવી પર્યાયમાં દૃષ્ટિ નથી રોકાતી. આહા..હા..! જ્ઞાનમાં બધું જણાય છે છતાં દૃષ્ટિ તો સામાન્ય ઉપર જ પડી છે. બસ. આહા..હા..! આ સામાન્ય શું ને વિશેષ શું ? ક્યાંય એના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ચોપડામાં આવ્યું ન હોય. વાડામાં ક્યાંય ન મળે. સામાન્ય નામ એકરૂપ રહેનારી ચીજ અંદર ત્રિકાળ, તેને અહીં સામાન્ય અને દૃષ્ટિનો વિષય કહે છે. ભાષા તો સાદી છે. આહા..હા..! અરે..રે..! એણે કદી દરકાર કરી નહિ. એની પોતાની દયા ન આવી. આ માણસ નથી કહેતા? છ'કાયની દયા પાળો. પણ છ'કાયમાં તું એક છો કે નહિ ? આહા..હા..! તારી દયા તું પાળ તો ખરો પહેલા.

મુમુક્ષુ :– બીજાની તો પળાય જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજાની તો ક્યાં વાત. રાગ ન હોય એટલે પછી પરની સહેજે દયા પળાય જાય. આ 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં આવી ગયું ને? સવારમાં આપણે આવ્યું હતું. 'જીવ રખમ' જીવ રક્ષા કરી શકતો નથી. પણ સહેજે રાગનો અભાવ અને સ્વભાવ સન્મુખની દશા (થાય), ત્યાં પરની દયા સહેજે પળી(પળાય) જાય છે. એને પાળવી પડતી નથી. આહા..હા..! આવી વાતું. શું કરે ?

**'આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઈ પ્રકારમાં રોકાતી નથી.'** આહા..હા..! દૃષ્ટિમાં તો ત્રિકાળી જ્ઞાયકભાવ જે પડ્યો છે એ કાયમ રહે છે. પછી સાથે જ્ઞાન થયું એ બધાને જાણે. સમજાણું કાંઈ ? **'સાધક આત્માને ભૂમિકા પ્રમાણે...'** ચોથી, પાંચમી, છઠ્ઠી ભૂમિકા અનુસાર **'દેવ-ગુરુના મહિમાના...'** વિકલ્પ આવે છે. દેવ-ગુરુની મહિમાનો વિકલ્પ આવે છે. ઓલા ભાઈ ગયા લાગે છે ? તારણપંથી હતા એ. નથી. એણે જરી પ્રશ્ન કર્યો હતો. ઓલું આવ્યું હતું ને ? ભાઈ ! સમ્યગ્દૃષ્ટિને જ વિકલ્પનો વ્યવહાર પૂજા, પ્રતિમાની ભક્તિનો હોય છે.

સમ્યગ્દર્શન થયું. અમારે સંપ્રદાયમાં એક પ્રશ્ન થયો હતો. એક સ્થાનકવાસીના શેઠ હતા. એ કહે કે, ભાઈ ! મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી પ્રતિમાની પૂજા છે. પણ સમ્યગ્દર્શન થયું પછી ભગવાનની પ્રતિમાની પૂજા નથી. તો મેં એને કહ્યું, એને નહિ પણ બીજાને કહ્યું. એ તો અભિમાની હતા. જુઓ ભાઈ ! સમ્યગ્દર્શન થયું, ત્રિકાળી જ્ઞાયકના ભાન સાથે જ્ઞાન થયું. આ આવ્યું ને જ્ઞાન, ભાવશ્રુત. ભાવશ્રુતજ્ઞાન થયું, એના બે ભેદ. એક નિશ્ચય અને વ્યવહાર. શ્રુતજ્ઞાનના બે નય : નિશ્ચય અને વ્યવહાર. તો જેને વ્યવહારનય છે... સમ્યગ્દર્શન પ્રગટ્યું એને નિશ્ચય અને વ્યવહારનય છે અને એ વ્યવહારનયવાળાને પ્રતિમાજી સામે જ્ઞેયનું નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, ભેદ એ નિક્ષેપ છે એ જ્ઞાનનો વિષય છે. એ વ્યવહારનયનો વિષય છે. તો એને જ પ્રતિમા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



યથાર્થ છે. છે વ્યવહાર પણ એને રાગ આવે છે તો આવો જ આવે છે.

એકદમ આત્માનું ધ્યાન કરીને નિર્વિકલ્પ થઈને અંતર્મૂહુર્તમાં કેવળજ્ઞાન પામે. એને તો કોઈ વ્યવહાર નથી. એ વ્યવહાર છે. પણ અંદર આત્માનું ધ્યાન અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. હજી કેવળજ્ઞાન થયું નથી. લાખો વર્ષ રહેવાના છે. તો એને ત્રણ લોકના નાથની પ્રતિમા 'જિન પ્રતિમા જિન સારખી'નો શુભભાવ આવ્યા વગર રહેશે નહિ. વ્યવહાર છે અને વ્યવહારનો વિષય એ છે. વિશેષ કહેશે....

⌘ ⌘ ⌘

**અહો ! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણનો અંત નથી - એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપ જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીર સ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાં સુધી ખરો મહિમા આવે નહિ, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય ને અતીન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય.**

**'પરમાગમસાર' બોલ નં. ૩૯૦.**

❀

**જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. રાગથી ભિન્ન પડેલા જ્ઞાનથી ને રાગની વિરક્તિરૂપ વૈરાગ્યથી ધારાવાહી પુરુષાર્થ કર. યથાર્થ દૃષ્ટિ કરી ઉપર આવી જા એટલે કે રાગથી ભિન્ન પડી જા. પ્રભુ તારી ભૂમિકામાં તો અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પાકે એવો તું છો. પુણ્ય-પાપનો કૂવો એ તો ઝેરી ગેસવાળો છે. તેને જોવા જતાં આત્મા મરી જાય છે ને બાજુમાં ચૈતન્ય કૂવો છે તેને જોવા જાય છે ત્યાં ક્રમે ક્રમે કર્મો નાશ પામે છે. સંસાર મરી જાય છે, ને જીવ જીવતો થાય છે.**

**'પરમાગમસાર' બોલ નં.૩૯૧.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



## ભાદરવા સુદ ૧૨, બુધવાર તા.૧૩-૦૯-૧૯૭૮. વચનામૃત–૨૩૭ થી ૨૪૧, પ્રવચન–૯૩

૨૩૭ મો બોલ છે.

**'સાધક આત્માને...'** શું કહે છે ? પોતાનું શુદ્ધ સ્વરૂપ, પવિત્રની દૃષ્ટિ અને સાધકપણું પ્રગટ થયું. આહા..હા..! રાગથી ભિન્ન સ્વભાવભાવ વસ્તુની દ્રવ્યદૃષ્ટિ થઈ. દ્રવ્યદૃષ્ટિના બે અર્થ છે. એક દ્રવ્ય જેને નિશ્ચયનયના વિષયને દ્રવ્ય કહે છે, અને એક દ્રવ્ય ધ્રુવ અને પર્યાય બેને દ્રવ્ય કહે છે. શું કીધું સમજાણું ? દ્રવ્યના બે અર્થ છે. એક દ્રવ્ય, જે આ દ્રવ્યદૃષ્ટિ છે એ દ્રવ્ય તો ધ્રુવ એક અંશ છે. આહા..હા..! અને જે ત્રિકાળી દ્રવ્ય અને વર્તમાન પર્યાય બેને દ્રવ્ય કહે છે એ પ્રમાણનું દ્રવ્ય છે. આહા..હા..! આવી વાત છે. 'તત્ત્વાર્થસાર'માં ઘણા વર્ષ પહેલા વિસ્તારથી વ્યાખ્યાન થઈ ગયું છે. (સંવત) ૧૯૯૮ પહેલા.

દ્રવ્યદૃષ્ટિ અર્થાત્ વર્તમાન પર્યાય છે એ દૃષ્ટિ, પણ એનો વિષય જે ત્રિકાળી જ્ઞાયક દ્રવ્ય છે એ દ્રવ્ય. એ નિશ્ચયનયનો એક અંશ તે દ્રવ્ય છે. પર્યાય અંશ રહી ગયો. પર્યાય અંશ અને દ્રવ્ય અંશ બે મળીને જ્ઞાન કરે તો એને પ્રમાણજ્ઞાન કહે છે. એ કારણે પ્રમાણજ્ઞાન છે એ વંદનીક, પૂજ્ય નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! કેમ કે એમાં પર્યાયનો નિષેધ નથી આવતો. અને એક સમયમાં ભગવાન અતીન્દ્રિય અનંત ગુણના પિંડરૂપ એક દ્રવ્ય ધ્રુવ, એ નિશ્ચયનયનો વિષય છે. એની દૃષ્ટિ (થાય) એનું નામ સમ્યગ્દર્શન છે. આવી વાત છે. સમજાણું કાંઈ ? અને એ નિશ્ચયદૃષ્ટિ પૂજ્ય છે. આહા..હા...! સાથે પર્યાયનું જ્ઞાન કરવું એ પ્રમાણ થયું. એક દ્રવ્ય અને એક પર્યાય બે થયા. બે થયા તો એ પ્રમાણજ્ઞાન ખરેખર તો એ વ્યવહારનયનો વિષય થયો. અરે..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ... આહા..હા..! આવા ટાણા મળ્યા. આને દેખીને તો એટલું અંદર થાય કે આહા..હા..! વાણિયાના ઘરે આવ્યા, જુવાન છોકરાઓ, નાનો તો રૂપાળો છે. મુંગા અને બહેરા. છતાં હોશિયાર છે, હોં ! કહે છે. અરે..રે..! આ સ્થિતિ ! આ વસ્તુ પામવી.. આહા..હા..! બહુ દુર્લભ, ભાઈ!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દુનિયામાં ક્યાંય સુખબુદ્ધિ નથી, ભાઈ ! એ પર્યાયમાં લક્ષ કરતાં રાગ થાય એ દુઃખ છે અને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં.. વિષયનું કહેતા તમે યાદ આવી ગયા. આ પૈસા-બૈસાના બધા ઢગલા. બે-અઢી કરોડ રૂપિયા, પોટલાના પોટલા માથે ભર્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :– કોઈને પૈસા હોઈ શકે જ નહિ, એમ આપ કહો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા એના હતા જ કે દિ' ? માને. આહા..હા..! આવી ચીજ પ્રભુ અંદર (છે). જેમાં દયા, દાન, વ્રતાદિ રાગનો ભાવ આવે, એ પણ પોતાની ચીજ નથી. આ..હા..! પોતાની હોય તો નાશ થાય નહિ અને નાશ થાય છે તો પોતાની નથી. આહા..હા..! આ શરીર, વાણી, લક્ષ્મીનું શું કરવું ? આ તો બધા નાશવાન પરપદાર્થ છે. આહા..હા..!

અહીં તો કહે છે, કે 'વીજળીને ઝબકારે મોતી પરોવી લો' ભાઈ ! વીજળીનો ઝબકારો આવ્યો હોય ને મોતી પરોવી લે. નહિતર ચાલ્યો જશે. આ ટાણા... આહા..હા..! અંતર ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ જે રાગથી ભિન્ન છે, એની દૃષ્ટિ કરતા જે આનંદ આવે... આહા..હા..! એ આનંદ ક્યાંય ઇન્દ્રના ઇન્દ્રાસનમાં નથી, એ રાજા અને શેઠિયાના મહેલના મકાનમાં માને છે કે અમે સુખી. એ સુખી નથી દુઃખી છે. આહા..હા..!

એ સાધકજીવ... આહા..હા..! આ સાધકજીવ. પોતાના ચિદાનંદ સ્વરૂપની પ્રતીતિ (થઈ છે). જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને જે પ્રતીતિ અંદર થઈ એ સમ્યગ્દર્શન છે, એને સાધકજીવ કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'સાધક આત્માને ભૂમિકા પ્રમાણે...'** ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને, છટ્ઠે ગુણસ્થાને **'દેવ-ગુરુના મહિમાના,...'** વિકલ્પ આવે છે. આહા..હા..! **'દેવ-ગુરુના મહિમાના, શ્રુતચિંતવનના,...'** આહા..હા..! શ્રુતને ચિંતવે એ પણ એક રાગ-વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'અણુવ્રત-મહાવ્રતના ઇત્યાદિ વિકલ્પો હોય છે,...'** સાધકજીવને. **'પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે...'** આહા..હા..! જાણક સ્વભાવની ભાનદશા થઈ, તો એ જાણક સ્વભાવમાં દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાના વિકલ્પ આવે છે, પણ જ્ઞાયકપરિણતિમાં એ બોજારૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ ભાર છે અંદર. પૈસા-બૈસાના બોજાના, દુકાનના, ધંધાના ઠેકાણા ન હોય એના બોજાનો પાર ન હોય. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! અતીન્દ્રિય જ્ઞાનના નૂરના તેજના પૂર... આહા..હા..! એની સન્મુખ થઈને અને નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈને.. અસ્તિ-નાસ્તિ (લીધી). આહા..હા..! જે અંદર સમ્યગ્દર્શન અને જ્ઞાન થયુ, તે સાધકજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એને આ વિકલ્પ આવે છે. પરંતુ એ જ્ઞાયકપરિણતિને... આહા..હા..! જાણન શક્તિની જે વ્યક્તતા સાધકને થઈ... આહા..હા..! શુદ્ધ પરિણતિ (થઈ), એમાં એ વિકલ્પ બોજો લાગે. આહા..હા..! આ તો કહે છે કે એવા ભાવ આવે એ સાધક છે. એનાથી આત્માની નિશ્ચયદશા પ્રગટે છે. પ્રભુ ! ઘણો ફેર છે, ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા..!

આ આત્મા ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ પવિત્ર, પ્રભુ ! રાગથી ભિન્ન થઈને ભેદજ્ઞાનમાં સ્વભાવનું અભેદનું જ્ઞાન થયું. આહા..હા..! ત્યારથી એ સાધકજીવ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ ? **'સાધક આત્માને...'** આહા..હા..! **'ભૂમિકા પ્રમાણે...'** દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની મહિમા અને શ્રુતચિંતવન એમ નાખ્યું એમાં. શ્રુતની મહિમા ન કરતા શ્રુતચિંતવન એમાં નાખ્યું (છે). આહા..હા..! દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ સંત મુનિ મહા અને ભગવાનના કહેલા સિદ્ધાંત-શાસ્ત્ર, એ તરફનો વિકલ્પ, ચિંતવન આવે છે એ જ્ઞાયકપરિણતિમાં બોજો છે. આહા..હા..! ભાર છે. પવિત્ર પરિણતિમાં અપવિત્રતાનો વિકલ્પ બોજારૂપ છે. આહા..હા..!

નિર્જરા અધિકારમાં તો કહે છે, કે આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન વગર વિકલ્પ આદિ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા આદિ વ્રત કરો તો કરો. ક્લેશ કરો. એ ક્લેશ છે. આહા..હા..! નિર્જરા અધિકારમાં (આવે છે). હવે એ ક્લેશને કારણ બનાવીને આત્માનું સમ્યગ્દર્શન થાય છે. અરે..! પ્રભુ ! બહુ આકરું, ભાઈ ! તત્ત્વને બહુ વિરુદ્ધ કરી નાખ્યું. આવું સંતોનું સ્પષ્ટ કથન ! એ દિગંબર સંતો.. આહા..હા..! આભના થોભ છે એ. સર્વજ્ઞના, કેવળજ્ઞાનીના એ તો કેડાયતો છે, પ્રભુ ! આહા..હા..! એ એમ કહે છે એ સંતો કહે છે, તે સમકિતી કહે છે. આહા..હા..!

ભાઈ ! તું ધીરો થઈને સમ્યગ્જ્ઞાનની તીક્ષ્ણ બુદ્ધિથી ભગવાનને પકડ. ધ્રુવ જ્ઞાયકભાવ તો પડ્યો છે ને, પ્રભુ ! આહા..હા..! તેં તારી પર્યાયમાં, ઉપયોગમાં રાગને પકડી લીધો છે. આહા..હા..! એ તો મિથ્યાત્વભાવ છે. એને છોડીને અનાકુળ આનંદકંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ ! આહા..હા...! એને જરી સૂક્ષ્મ બુદ્ધિ કરીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પકડી લે. આહા..હા..! આવું ક્યાં ત્યાં તમારે છે ? પંદર લાખનું મકાન કર્યું એટલે ધર્મ થઈ ગયો એમ છે ? આહા..હા..! પંદર લાખનું મંદિર બનાવ્યું છે. બાર લાખના પંદર લાખ થઈ ગયા છે. તે દિ' બાર લાખ કહેતા હતા. પણ હમણા બધું શણગાર્યું છે. નીચે ઉપર જોઈને લોકો તો આમ (નવાઈ પામે છે). વૈદ આવ્યો હતો વૈદ્ય. નહિ ? 'કલકત્તા'નો આપણો. બાળબ્રહ્મચારી છે. ૪૯ વર્ષની ઉંમર, રાજકુમાર જેવું શરીર અને વેદાંતી. અહીંયા ચાર-પાંચ વાર આવી ગયા. મંદિરને દેખીને એક હજાર રૂપિયા આપ્યા. પણ એ બધી ક્રિયા શુભભાવ છે, એ ધર્મ નથી. આહા..હા..!

ત્યારે (કોઈ કહે) કે ધર્મીને પણ એવો વિકલ્પ તો આવે છે. જ્યાં સુધી વીતરાગપણું ન પ્રગટે ત્યાં સુધી સાધકજીવને પણ એ વિકલ્પ આવે છે. પણ એ વિકલ્પ બોજો લાગે છે. આહા..હા..! જેમ પોચી ચીજ હોય અને ઉપર લોઢાનું મણીકુ મૂકે. શું કહે છે ? રૂ પોચું હોય અને લોઢાનું મણીકુ મૂકે તો રૂ દબાઈ જાય, બહુ બોજો લાગે. આહા..હા..!

એમ ભગવાન આત્મા પોતાના સાધકસ્વભાવથી પ્રગટ કર્યો, તો એમાં રાગાદિ ભૂમિકા પ્રમાણે આવે તો છે, પણ એ હળવી ચીજનો બોજો લાગે છે, દબાણ લાગે છે. આહા..હા..! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. આહા..હા..! દિગંબર સંપ્રદાયમાં પડ્યા એને પણ કે દિ' ખબર હતી. આવો માર્ગ છે, પ્રભુ ! આહા..હા..! એ બોજારૂપ લાગે છે. આહા..હા..! છે ?

**'કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે.'** જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ, આનંદસ્વભાવ એની જે પરિણતિ–પર્યાય થઈ, એનાથી તો એ રાગ વિરુદ્ધસ્વભાવ છે. આહા..હા..! **'અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે;...'** જ્યાં સુધી આત્મામાં વીતરાગતા, કેવળજ્ઞાન ન થાય, ત્યાં સુધી આવા રાગની વિકલ્પની વૃત્તિ ઊઠે છે. આહા..હા..! **'સ્વરૂપમાં એકાગ્ર થતાં,...'** એ જ સાધક આત્મા જ્યાં અંદર જાય છે... આહા..હા..! એ વિકલ્પનો નાશ થાય છે. **'નિર્વિકલ્પ સ્વરૂપમાં વાસ થતાં,...'** આહા..હા..! ભગવાન અનંત આનંદનો મહેલ, એમાં જ્યાં અંદર નિર્વિકલ્પપણે વસે છે... આહા..હા..! **'તે બધા છૂટી જાય છે.'** સાધકજીવને પણ જ્યારે નિર્વિકલ્પ ઉપયોગ થાય છે (ત્યારે વિકલ્પ નાશ પામે છે). આહા..હા..!

આ તો ઓલા કહે છે, કે શ્રાવકને શુદ્ધોપયોગ થતો નથી. શાસ્ત્રમાં એવો પાઠ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. એ શુદ્ધ ઉપયોગ શું ? મુનિને જે શુદ્ધોપયોગ હોય છે એ થતો નથી. આહા..હા..! અહીંયા તો શુદ્ધોપયોગ... આહા..હા..! શુદ્ધોપયોગમાં જ સમ્યગ્દર્શન થાય છે. અને પછી પણ જ્યારે વિકલ્પને છોડીને અંતરમાં ઠરે છે, ત્યારે અંદર શુદ્ધોપયોગ થાય છે. ભલે ચોથે ગુણસ્થાને હોય અને પાંચમે હોય. આહા..હા..! અરે..! માર્ગ બાપા ! જન્મ-મરણ રહિત થવાની ચીજ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ ? દુર્લભ... દુર્લભ... વસ્તુ થઈ પડી, પણ અશક્ય નથી. પોતાની ચીજ છે, એને પ્રાપ્ત કરવી (એ તો થઈ શકે છે). પરમાણુ અને રાગને પોતાનો કરવો હોય તો થઈ શકે નહિ. આહા..હા..!

ચૈતન્યના તેજના પૂર વહે છે, ધ્રુવ. આહા..હા..! એને પકડતાં સમ્યગ્દર્શન અનુભવ થતાં, જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી અણુવ્રત, મહાવ્રત, ભક્તિના એવા વિકલ્પો આવે છે. સમજાણું કાંઈ ? પણ જ્યારે ઉપયોગ નિર્વિકલ્પમાં જાય છે, અંદર જામી જાય છે... આહા..હા..! ત્યારે વિકલ્પ છુટી જાય છે. **'પૂર્ણ વીતરાગદશા થતાં...'** અને અંદરમાં... આહા..હા..! ઝળહળજ્યોતિ ચૈતન્ય ભગવાન, એમાં જ્યારે અંતરમાં રમતા રમતા પૂર્ણ વીતરાગતા થઈ... આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં રમતા રમતા વીતરાગતા થઈ, એ રાગની ક્રિયાથી વીતરાગતા નથી થતી. આહા..હા..! આવો માર્ગ છે.

**'વીતરાગ દશા થતાં સર્વ પ્રકારના રાગનો ક્ષય થાય છે.'** ક્ષય થઈ જાય છે. એ સમ્યગ્દર્શનમાં, સાધકપણામાં જ્યારે વિકલ્પ આવ્યો ત્યારે બોજારૂપ લાગ્યો, પણ જ્યારે અંતરમાં જાય છે ત્યારે એ વિકલ્પ છૂટી જાય છે, ક્ષય નથી થતો. સમજાણું કાંઈ ? આહા..હા..! આવો માર્ગ એટલે લોકોને એવો લાગે. ક્યાં ગયા ? પાછળ છે. સમજાણું કાંઈ ? ઇ કહે છે ને કે, ભાઈ ! આ સ્પષ્ટીકરણ હમણા સંભળાય છે. ત્યાં 'કલકત્તા'માં આપણા મુમુક્ષુમાં પ્રમુખ છે. આહા..હા..! માર્ગ તો આ છે, ભાઈ ! (એક વિદ્વાન) વિદેશ ગયા છે. 'કલકતા' વાંચવા ગયા. એનો કાગળ આવ્યો છે. અહીંયા એમ કે બહુ સારુ ચાલે છે. વિરોધ કાંઈ છે નહિ. અરે..! પ્રભુ ! વિરોધ ક્યાં ? આહા..હા..! પહેલા સાંભળવામાં પ્રેમ તો હોવો જોઈએ. આહા..હા..! માર્ગ આ છે. લખ્યું છે, ભાઈ ઉપર કાગળ છે. અહીંયા એમ કે સારુ ચાલે છે. વિરોધ કાંઈ નથી. આહા..હા..!

**'આવી સાધકદશા પ્રગટ કરવા યોગ્ય છે.'** આહા..હા..! અંતરમાં અતીન્દ્રિય આનંદ સ્વરૂપને જાગૃત કરીને આનંદની દશા પ્રગટ કરવા લાયક છે. અને પછી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



જે વિકલ્પ આવે છે એને છોડીને નિર્વિકલ્પ દશા થાય છે. પછી વીતરાગતા થતા વિકલ્પનો ક્ષય થઈ જાય છે. આહા..હા..! આમાં આ વ્રત પાળવા, આમ કરવાથી કલ્યાણ થાય એ વાત તો કાંઈ આવી નહિ આમાં ? આહા..હા..!

'સમાધિ શતક'માં તો એમ આવે છે, અવ્રતને છોડીને, તડકાના તાપ છોડીને ઝાડના છાંયે જા. ઝાડ હોય છે ને ? તડકામાં ચાલે છે, તો ઝાડ નીચે જા, છાંયો આવશે. અવ્રતમાં રહીશ તો તાપ લાગશે. પણ એ તો કઈ અપેક્ષાએ કહ્યું ? અંતરમાં જ્યાં આત્મા આનંદસ્વરૂપની દૃષ્ટિ થઈ છે, અંદરમાં થોડી વિશેષ સ્થિરતા થઈ ત્યારે એને વ્રતનો વિકલ્પ આવે છે. ત્યારે એ છાયામાં છે એમ કહેવાય છે. આહા..હા..! એકલો વ્રતનો વિકલ્પ આવ્યો અને સ્થિરતા ચોથા ગુણસ્થાન કરતા આગળ વધી નહિ. એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? એમ કહે છે કે અવ્રત કરતાં તો (સારું છે ને.) પણ એ વ્રતનો વિકલ્પ જે છે, એ અંદરમાં ચોથા ગુણસ્થાન કરતા વિશેષ આશ્રય લીધો અને વિશેષ શાંતિ છે, તો એ વિકલ્પને ઉપચારથી છાયા કહેવામાં આવે છે. ખરેખર તો શાંતિ પ્રગટી એ છાયા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ ૨૩૭ મો બોલ થયો.

**તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે. જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે. ૨૩૮.**

૨૩૮ મો બોલ.

**'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય...'** આ શરત, આ શરત. **'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય...'** શરત કહે છે ને ? **'તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** આહા..હા..! **'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય...'** આહા..હા..! આઠ વર્ષની બાલિકા પણ જ્યારે સમ્યગ્દર્શન પામે છે... આહા..હા..! કન્યા અને તિર્યંચ. આહા..હા..! હજાર હજાર યોજનના મચ્છ અંતરમાં જાય છે. આહા..હા..! **'પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** જ્ઞાનની પર્યાયમાં એને પકડી લે. એવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સૂક્ષ્મ જ્ઞાન કરી લે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું...'** આ દ્રવ્ય કયું ? ત્રિકાળી ધ્રુવ. નયનો વિષય અંશ, આહા..હા..! એ ધ્રુવ. આમ તો ત્રણ અંશની અપેક્ષાએ ધ્રુવને પણ અંશ કહ્યો છે. 'પ્રવચનસાર'માં પર્યાયના ભેદમાં (એમ લીધું છે). પણ અહીંયા તો દ્રવ્ય જે ત્રિકાળી વસ્તુ છે, હોય ભલે બે અંશનો ત્રીજો અંશ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ અપેક્ષાએ, પણ એ ધ્રુવ છે એને અહીં દ્રવ્ય કહે છે. કાયમ રહેનારી ચીજ. જેની પર્યાયમાં મલિનતા હોય, નિર્મળતા ઓછી હોય કે પૂર્ણ નિર્મળ હોય વસ્તુ તો એવી ને એવી ત્રિકાળ નિર્મળાનંદ પડી છે. એને ધ્રુવને અહીં દ્રવ્ય કહે છે. આહા..હા..!

દ્રવ્યનો સૂક્ષ્મ ઉપયોગ કરીને... આહા..હા..! અંતર સન્મુખ થઈને ઓળખી લે. **'જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું...'** આહા..હા..! એ પર્યાયમાં દ્રવ્ય આવી ગયું... આવી ગયું એનો અર્થ એનું ભાન થયું. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પણ પર્યાયમાં દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે, એ જ્ઞાનની પર્યાયમાં એટલું સામર્થ્ય આવ્યું અને પ્રતીત થઈ ગઈ. ઓ..હો..! આ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ (છે) ! આહા..હા..! એમ તારો આત્મા તારા હાથમાં–પર્યાયમાં આવી ગયો. આહા..હા..! **'દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે.'** આહા..હા..! મુક્તસ્વરૂપનો અનુભવ કરવાથી... આહા..હા..! **'મુક્તિની પર્યાય સહેજે મળી જશે.'** આહા..હા..! સમજાણું કાંઈ ? ૨૩૮ (બોલ પૂરો થયો).

**શુભનો વ્યવહાર પણ અસાર છે, તેમાં રોકાવા જેવું નથી. કોઈ માણસ નગરનું ધ્યેય બાંધી ચાલવા માંડે તો વચ્ચે વચ્ચે ગામ, ખેતર, ઝાડ, બધું આવે, પણ તે બધું છોડતો જાય છે; તેમ સાધકને આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે. માટે તે વ્યવહારને છોડતો પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપમાં જ પહોંચી જાય છે. ૨૩૯.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૨૩૯. **'શુભનો વ્યવહાર પણ અસાર છે,...'** દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ શુભભાવ, એ પણ અસાર છે. આહા..હા..! **'તેમાં રોકાવા જેવું નથી.'** એ શુભભાવમાં રોકાવા જેવું નથી, ત્યાં અટકવા જેવું નથી. આહા..હા..! **'કોઈ માણસ નગરનું ધ્યેય બાંધી...'** દૃષ્ટાંત આપે છે. **'કોઈ માણસ નગરનું ધ્યેય બાંધી...'** ભાઈ ! અહીં 'રાજકોટ' જાવું છે. **'ચાલવા માંડે તો વચ્ચે વચ્ચે ગામ, ખેતર, ઝાડ, બધું આવે, પણ તે બધું છોડતો જાય છે;...'** આહા..હા..! જે ગામમાં જવું છે એનું ધ્યેય બનાવીને ચાલ્યો. વચ્ચે ગામ, નગર વગેરે બધું આવે છે પણ એને છોડી દે છે. કે ત્યાં રોકાય છે ? આહા..હા..!

તેમ **'સાધકને આ શુભાદિનો વ્યવહાર...'** આહા..હા..! શુભાદિનો વ્યવહાર એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરદ્રવ્ય, એની સન્મુખની ભક્તિનો ભાવ એ બધો શુભરાગ છે. આહા..હા..! આવી વાત. **'આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે.'** આહા..હા..! પહોંચવું તો શુદ્ધાત્માની પૂર્ણ દશામાં પહોંચવું છે. આહા..હા..! ભાષા તો સરળ અને સાદિ છે. કાલે 'ગોધરા'થી એક પત્ર આવ્યો છે. આહા..હા..! 'બહેનશ્રી'નાં વચનો આવા સરળ અને... શું કીધું ? સરળ અને સાદા એમ કાંઈક (લખ્યું છે). સાદી અને સરળ ભાષામાં... આહા..હા..! એક જણાનો તો એવો પત્ર આવ્યો છે, કે આત્મધર્મનું વાંચીને આત્મા ચૈતન્યના નૂરનું પૂર... આહા..હા..! એ વાંચીને એવો આનંદ થયો કે શું કહીએ ! સમજાણું કાંઈ ? એ આત્મધર્મ.

અહીં કહે છે. આહા..હા..! **'સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે.'** વર્તમાન શુદ્ધતા પ્રગટી એ કાંઈ સાધ્ય નથી. એથી પૂર્ણ શુદ્ધાત્મા કહ્યો. સાધકદશા, સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ્યું, ત્યાં શુદ્ધતા તો પ્રગટી. શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો, શુદ્ધ પરિણતિ થઈ, પણ એ પૂર્ણ સાધ્ય નથી. આહા..હા..! **'તેમ સાધકને આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે.'** 'જ છે.' સાધકપણું પ્રગટ્યું એ સાધ્ય નથી. સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા (છે). આહા..હા..! આવી વાતું છે. આહા..હા..!

અહીં તો બે-પાંચ કરોડ રૂપિયા મળે, લોકો સરખાઈથી બોલાવે તો એને હૂંફ ચડી જાય, અંદરથી હૂંફ ચડી જાય. મને બીજા કરોડપતિ કહે છે. આહા..! શું છે પણ પ્રભુ તને ? આ તને શેનો સનેપાત લાગ્યો ? આહા..હા..! મારો પ્રસાર અને વિસ્તાર દેખી, મારી પાસે મૂડી ભલે પચાસ-ચાલીસ લાખની હોય પણ લોકો કરોડપતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કહે. અંદર રાજી રાજી થઈ જાય. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ ! જેને સાધકપણું પ્રગટ્યું, એમાં કોઈ રાગાદિ આવે છે તો પણ ત્યાં રોકાતા નથી, ત્યાં હરખ નથી, હોંશ નથી. આહા..હા..! ખેદ છે. આહા..હા..! **'માટે તે વ્યવહારને છોડતો પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપમાં જ પહોંચી જાય છે.'** આહા..હા..! આ તો લોકો કહે ને વ્યવહાર... પણ વ્યવહાર કોને હોય છે ? જેને નિશ્ચયદૃષ્ટિ સમ્યક્ થઈ, અનુભવ થયો, એને જે રાગ આવે છે તેને વ્યવહાર કહે છે. અને એ વ્યવહાર પણ દુઃખરૂપ છે. આહા..હા..! આવે છે. પૂર્ણ વીતરાગ ન થાય (ત્યાં સુધી આવે છે). પણ છે તો છોડવાલાયક અને હેય છે. આહા..હા..!

ભગવાન એમ કહે, કે **'परदव्वादो दुग्गई'** 'મોક્ષ પાહુડ' ની ૧૬મી ગાથા. અમે તારાથી પરદ્રવ્ય છીએ, પ્રભુ ! વીતરાગ એમ કહે. વીતરાગ અને વીતરાગની વાણી એ એમ કહે, કે અમે તારાથી પરદ્રવ્ય છીએ. અમારા ઉપર તારું લક્ષ જશે તો તારી દુર્ગતિ થશે. અર..ર..! દુર્ગતિ નામ ચૈતન્યની ગતિ નહિ થાય. ભલે રાગથી કોઈ સ્વર્ગ મળે પણ એ દુર્ગતિ છે. 'મોક્ષ પાહુડ'ની ૧૬મી ગાથામાં છે. આહા..હા..! અરે..રે...! આવો માર્ગ વીતરાગનો. વીતરાગ એમ કહે, એની વાણી એમ કહે, શાસ્ત્ર એમ કહે. શાસ્ત્ર એમ કહે, કે અમારા ઉપર તારું લક્ષ જશે તો તને રાગ થશે. શાસ્ત્રના પાના એ પરદ્રવ્ય છે. આહા..હા..! ત્યાં તારું લક્ષ જશે તો એ તારા ચૈતન્યની ગતિ નથી. એ તો દુર્ગતિ, રાગ એ દુર્ગતિ છે. આહા..હા..! વીતરાગનો પોકાર છે. એ ૨૩૯ (બોલ પૂરો થયો).

**અરે જીવ ! અનંત અનંત કાળ વીત્યો. તેં પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી; અંદરમાં શુભાશુભ વિકલ્પો કરીને જન્મ-મરણ કર્યાં. હવે અનંતગુણનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિકરી, પ્રયાણ કર; તેનું જ શ્રદ્ધાન, તેની અનુભૂતિ, તેમાં જ વિશ્રામ કર. ૨૪૦.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'અરે જીવ !'** આહા..હા..! અરે ઓ જીવ ! **'અનંત અનંત કાળ વીત્યો,...'** પ્રભુ ! **'તેં પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી;...'** આહા..હા..! સ્ત્રી, કુટુંબ, દેશ, શરીર, વાણી, મન, એનું તો કોઈ દિવસ તેં કંઈ કર્યું જ નથી. કેમ કે કરી શકતો જ નથી. આહા..હા..! **'અનંત અનંત કાળ વીત્યો, તેં પરનું તો કોઈ દિવસ...'** પર નામ તારા દ્રવ્ય સિવાય અનંત જે પરદ્રવ્ય છે, પરમાણુથી માંડી સ્કંધ આદિ અને બીજા આત્મા એક નિગોદથી માંડીને પરમાત્મા, એનું કોઈ દિવસ કાંઈ કર્યું જ નથી. આહા..હા..! મંદિર પણ તેં કોઈ દિવસ બનાવ્યું જ નથી, એમ કહે છે. અનંત કાળ વીત્યો. શાસ્ત્રની રચના તેં કોઈ દિવસ કરી જ નથી. કારણ કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કેમ કરી શકે ? આહા..હા..!

પોતાના દ્રવ્યમાં વિપરીત કે અવિપરીત કરે. પરદ્રવ્યમાં કાંઈ કરી શકે નહિ. શાસ્ત્ર રચવું... આહા..હા..! અને શાસ્ત્રની દીવાથી પૂજા કરવી, એ ક્રિયા તો તેં કોઈ દિવસ કરી જ નથી. એ તારી ક્રિયા જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? સ્વાહા (બોલે) એ તો વાણી છે. એ વાણીની ક્રિયા તો તેં કોઈ દિવસ કરી જ નથી. અનંતકાળમાં કદી કરી નથી. આહા..હા..! **'તેં પરનું તો કોઈ દિવસ...'** કોઈ સમયે **'કાંઈ...'** નામ કાંઈ પણ **'કર્યું જ નથી.'** આહા..હા..! એકવાર 'ઇંદોર'માં પંડિતો ભેગા થઈને ભાષા કરતા હતા. પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગંબર નથી. આ 'સોનગઢ'ની સામું કરવા. અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ?

એક રજકણ, એક તણખલાના બે ટુકડા કરવા એ આત્મા કરી શકતો નથી. આ આંગળી હલાવવી એ આત્મા કરી શકતો નથી. ભાષા હોઠ હલે એ આત્મા કરી શકતો નથી. આહા..હા..! અજ્ઞાનીએ પણ અનંતકાળ વીત્યો, પણ તારા દ્રવ્ય સિવાય પરદ્રવ્યમાં તો કદી કાંઈ કર્યું જ નથી. કર્યું જ નથી. આહા..હા..! આ દીકરા-બીકરાને દવા કરાવવી અને આ બધું કર્યું નથી ? આહા..હા..!

**'અંદરમાં શુભાશુભ વિકલ્પો કરીને...'** આહા..હા..! તેં કર્યું શું ? પ્રભુ ! શુભ અને અશુભરાગ કરીને ભવ વીતાવ્યો. આહા..હા..! બરાબર છે આ ? ઝવેરાતનો ધંધો કોઈ દિવસ કરી શકતો નથી એમ કહે છે. અજ્ઞાનભાવે પણ કરી શકતા નથી. એ તો પરની ક્રિયા (છે). આ પૈસા દેવા-લેવાની ક્રિયા એ તો જડની છે. તો લેવા-દેવાની ક્રિયા આત્માએ કદી કરી નથી. અનંતકાળ વીત્યો પણ એ ક્રિયા તો કદી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કરી જ નથી. કરી નથી માટે કરવાલાયક છે એમ નથી હોં ! કદી કરી નથી તો પછી કરવાલાયક છે કે નહિ ? અહીં તો બીજી વાત છે. એમ વાત નથી. આહા..હા..! તારો ભગવાન આત્મા, તારામાં ઊલટી-સુલટી દશા કરે અને અહીં તો અનાદિકાળથી ઊંધો શુભાશુભ ભાવ કર્યા છે. પરની દયા પાળવી, વ્રત કરવા, ભગવાનની સ્થાપના કરવી, મંદિર બનાવવા એ આત્માએ કોઈ દિવસ કર્યું નથી. આહા..હા..!

મુમુક્ષુ :– છાપામાં આવે છે આ લોકો ઘણા મંદિરો સ્થાપે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એ બધી વાતું છે. એ તો અહીં એક ગરાસિયા કહેતા હતા, નહિ ? પહેલા હતા. બિચારા ગુજરી ગયા. અહીં તમે આવ્યા પછી આ બધું તમારે લઈને થયું. કીધું, ભાઈ ! એ બધું કહો, એ બધું થયું છે એને કારણે, આત્માથી કાંઈ નહિ. અહીં તો ભેંસ-પાડા બેસતા. અત્યારે કરોડો રૂપિયા નખાઈને મોટા બંગલા ૨૬-૨૬ લાખના (બની ગયા છે). કોણ કરે ? પ્રભુ ! તને ખબર નથી.

મુમુક્ષુ :– જંગલમાં મંગલ થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જંગલમાં મંગલ કહે છે. એ તો બાહ્ય પરદ્રવ્યનું કોણ કરે ? ભાઈ ! જે સમયે જડની, સ્કંધની જે અવસ્થા થવાની હોય તે થાય છે. એ આત્મા કરી શકતો નથી. આહા..હા..! ભગવાનની પ્રતિમા ઉપાડીને અહીં સ્થાપના કરો, શાસ્ત્ર બરાબર બનાવીને એની સ્થાપના કરો. એ કદી કરી શકતો નથી. ત્યારે કર્યું શું ? અંતરમાં શુભાશુભ વિકલ્પ કરીને... આહા..હા..! શુભ અને અશુભ, પ્રશસ્ત અને અપ્રશસ્ત રાગ કરીને જન્મ-મરણ કર્યા છે. પરનું કર્યું માટે જન્મ-મરણ કરે છે એમ નથી. પરનું તો કાંઈ કરી શકતો નથી. આહા..હા..!

શુભ અને અશુભભાવ અંતરમાં તારી વસ્તુની પર્યાયમાં.. આહા..હા..! **'કરીને જન્મ-મરણ કર્યાં.'** ઓ..હો..હો..! એ નિગોદના ભવ, નરકના ભવ એ શુભાશુભભાવથી સ્વર્ગના ભવ (કર્યા). એ શુભાશુભાવ તેં કર્યા, એનાથી જન્મ-મરણ થયા. આહા..હા..! **'હવે અનંત ગુણનો પિંડ...'** ભગવાન ! વાત એમ છે કે અનાદિથી એક સમયની પર્યાય જે છે, એમાં આખો વેપાર છે. સાધુ થયો, દિગંબર થયો તો પણ પર્યાયદૃષ્ટિમાં એનું લક્ષ છે પણ અંદરમાં પર્યાયની પાછળ આખું તત્ત્વ, વસ્તુ પડી છે... આહા..હા..! પૂર્ણાનંદનો નાથ, પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સાગર, એક સમયની પર્યાયની સમીપમાં પડ્યો છે, તે ઉપર નજર ન કરી. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



જે વર્તમાન પર્યાયમાં–અવસ્થામાં શુભાશુભભાવ કર્યા તો પર્યાય ઉપર દૃષ્ટિ રહી. આહા..હા..! પણ એ પર્યાય–એક સમયની અવસ્થા જેની છે એ દ્રવ્ય જે છે, (એમાં) બધો માલ છે. પર્યાય છે એ તો વ્યવહારઆત્મા છે, અભૂતાર્થ આત્મા છે. ત્રિકાળી ભગવાન આમ વસ્તુ.. વસ્તુ... વસ્તુ... ચૈતન્યનો મહેલ મોટો.. આહા..હા..! અનંત અનંત ગુણનો પિંડ સાગર પ્રભુ ! એનું તેં લક્ષ ન કર્યું, પ્રભુ ! આહા..હા..! એને તેં ધ્યાનમાં ધ્યેય ન બનાવ્યું. આહા..હા..!

**'અનંત ગુણનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા...'** જુઓ ! નિજ શુદ્ધાત્મા. ભગવાન આત્મા નહિ. ભગવાનનો આત્મા ભગવાન પાસે રહ્યો. **'નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજી,...'** આહા..હા..! પહેલા આત્મા જેવો છે એવો ઓળખીને, **'તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી,...'** આહા..હા..! સૂક્ષ્મ ઉપયોગ સન્મુખ કરીને **'પ્રયાણ કર,..'** રસ્તો લે. પ્રયાણ–ગતિ કર, ગતિ. પ્રયાણ કરે છે ને ? કે આ પ્રયાણ કર્યું. ચાલે છે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! સંપ્રદાયના વ્યવહારના નિમિત્તના આગ્રહીઓને તો એવી વાત લાગે કે આ તે શું કહે છે ? પાગલ જેવી વાતું (કરે છે). ભાઈ ! આ તો એવી વાત છે, ભાઈ ! આહા..હા..!

અનંત અનંત ગુણોનો પિંડ, અનંત અનંત ગુણોનું ગોદામ ભગવાન... આહા..હા..! અનંત અનંત શક્તિનો સંગ્રહાલય, સંગ્રહનો આલય નામ સ્થાન. અનંત અનંત સ્વભાવનો સાગર, પ્રભુ ! આહા..હા..! **'તેને બરાબર સમજી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી, પ્રયાણ કર;...'** રસ્તો લે. આહા..હા..! 'અગાસ', 'શ્રીમદ્'ના આશ્રમમાં ગયા હતા ને. કલાક બધાએ વ્યાખ્યાન સાંભળ્યું. પછી એક મારવાડી આવ્યો. આ વાત (બરાબર છે) પણ એનું સાધન ? એમ કે આ ભક્તિ કરવી, વાંચન કરવું એ બધું સાધન. કીધું (એ) સાધન (નહિ). કારણ કે આ તો તમે અંદર નિશ્ચયની વાત કરી, પણ એનું સાધન ? કારણ કે એનામાં એ આવે છે. 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય' પણ એ સાધન જ નથી. આહા..હા..! રાગથી ભિન્ન કરીને સ્વરૂપની દૃષ્ટિ કરવી એ સાધન છે. પ્રજ્ઞાછીણી કરવી એ સાધન છે. આહા..હા..! જ્ઞાનની દશાને રાગથી ભિન્ન કરતા જે ભેદજ્ઞાન થાય છે, એ સાધકપણું છે. રાગાદિ ક્રિયા છે એ સાધકપણું નથી. આહા..હા..!

**'તેનું જ શ્રદ્ધાન,...'** કર. પૂર્ણાનંદનો નાથ, અનંત ગુણનો–અનંત સંપદાનો ધણી...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! જેની સંપદાની સંખ્યાનો પાર નથી. એ અનંતગુણ કહ્યા ને? એનું પ્રયાણ કર, **'તેનું જ શ્રદ્ધાન,...'** કર. આહા..હા..! **'તેની અનુભૂતિ,...'** એનો અનુભવ. ચૈતન્ય અનંત ગુણના પિંડને અનુસરીને આનંદની અનુભૂતિ કરવી. આહા..હા..! **'તેમાં જ વિશ્રામ કર.'** સુખધામ અનંત... 'સુખધામ અનંત સુસંત ચહી...' આહા..હા..! 'શ્રીમદ્'નું છેલ્લું વાક્ય છે. 'દિન રાત રહે તદ્ ધ્યાન મહી.' આહા..હા..! વિશ્રામ–ઠામ ભગવાન આત્મા... અરે..રે..! શુભાશુભ વિકલ્પથી પાર, એક સમયની પર્યાયથી પણ પાર ભગવાન પૂર્ણ છે ત્યાં વિશ્રામ લે. તને પરિભ્રમણનો થાક ઉતરી જશે. આહા..હા..! **'તેમાં જ વિશ્રામ કર.'** આહા..હા..! ૨૪૦ (બોલ પૂરો થયો).

**ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ. જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ. ૨૪૧.**

૨૪૧મો બોલ.

**'ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ !'** ચારે બાજુ અસંખ્ય પ્રદેશી ભગવાન સહજાનંદ સ્વભાવના આનંદની મૂર્તિ. ઓલા સ્વામીનારાયણના સહજાનંદસ્વામી એ અહીં નથી, હોં ! એકવાર એમ થયું હતું. સહજાનંદી શુદ્ધ સ્વરૂપી (આવ્યું તો) કહે, સહજાનંદી (કહ્યું) તો એ તો સ્વામીનારાયણના સહજાનંદ? એ વાત અહીં નથી. એ તો કલ્પિત સહજાનંદ હતા. આ તો આત્મા સહજાનંદની મૂર્તિ આત્મા. 'ઉમરાળા'માં એ પ્રશ્ન થયો હતો. આ બાયું બેઠી હતી, શેઠની વહુ માથે સાંભળતા હતા. કે આ સહજાત્મ ? એ તો સ્વામીનારાયણમાં સહજાનંદ હોય. આપણે સહજાનંદ ! એની પણ ખબર ન મળે. આહા..હા..!

સહજાનંદની મૂર્તિ પ્રભુ ! સ્વભાવિક આનંદની મૂર્તિ નામ સ્વરૂપ. આહા..હા..! જિન પ્રતિમા, વીતરાગમૂર્તિ પ્રભુ ! આહા..હા..! અનાકુળ આનંદનું સ્વરૂપ મૂર્તિ. મૂર્તિ એટલે સ્વરૂપ, હોં ! **'જ્યાંથી જુઓ...'** આહા..હા..! એને કોઈ પણ મધ્યમાં જુઓ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કોઈ પણ પ્રદેશની પર્યાયમાં જુઓ... આહા..હા..! **'ત્યાં આનંદ...'** સાકરના ગાંગડામાં સર્વાંગ મીઠાશ છે, એમ ભગવાનમાં સર્વાંગ આનંદ છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ ?

**'જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ.'** આહા..હા..! ત્રણ વાર લીધું. દ્રવ્યમાં આનંદ, ગુણમાં આનંદ, પર્યાયમાં આનંદ. સમજાણું કાંઈ ? ત્રણ વાર આનંદ આનંદ લીધું ને ? વસ્તુ છે એ આનંદ છે, અને એનો ગુણ પણ આનંદ છે અને પર્યાય પણ આનંદ છે. આવું આકરું લાગે એટલે પછી લોકોએ રસ્તો બીજો કરી નાખ્યો. આ ભગવાનની ભક્તિ કરો અને વ્રત પાળો, અણુવ્રત કરો, બ્રહ્મચર્ય પાળો... આહા..હા..! એ તો બધી રાગની ક્રિયા છે, પ્રભુ ! જડની ક્રિયા તો તું કરી શકતો નથી. એ તો પહેલા કહ્યું. શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ તો જડની ક્રિયા છે. તારા ભાવમાં શુભભાવ હોય કે હું બ્રહ્મચર્ય પાળું, તો એ પુણ્ય છે. સમજાણું કાંઈ ? એ કાંઈ આત્મા નથી. આહા..હા..!

મુમુક્ષુ :– કરવું કે ન કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરવું શું ? આ કરવું. વચ્ચે વિકલ્પ આવે છે એમ કહ્યું ને. પણ એ દુઃખરૂપ છે, છોડવાલાયક છે. એનાથી કોઈ લાભ છે એમ નથી. આહા..હા..! અલૌકિક માર્ગ છે, પ્રભુ ! અલૌકિક એટલે ? લૌકિક જે માને છે એનાથી ભિન્ન ચીજ છે. લોકોત્તર ચીજ છે. આહા..હા..! અત્યારે તો આવો ઉપદેશ મળવો કઠણ થઈ ગયો. આહા..હા..!

**'જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ.'** આહા..હા..! **'જેમ સાકરમાં સર્વાંગે ગળપણ...'** સાકરમાં સર્વાંગ ગળપણ (છે). ઉપર, નીચે, મધ્યમાં બધે મીઠાશ જ ભરી છે. આહા..હા..! સાકરમાં બધી જગ્યાએ ગળપણ ભર્યું છે. એમ ભગવાન આત્મામાં એકલો આનંદ જ ભર્યો છે. અતીન્દ્રિય આનંદ જ પૂર્ણ ભરેલો છે. આહા..હા..! અરે..! આવી વાત છે. પહેલા જ્ઞાનમાં નિર્ણય તો કરે કે માર્ગ તો આ છે. સમજાણું કાંઈ ? પછી અંદર પ્રયોગ કરે. પણ હજી નિર્ણયના ઠેકાણા નથી, એને અંતર પ્રયોગ થઈને સત્યનો આશ્રય શી રીતે થશે ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**'સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ.'** આહા..હા..! સાકરમાં ઉપર જુઓ, મધ્યમાં જુઓ, તળમાં જુઓ તો પણ એકલું ગળપણ જ છે. ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દ્રવ્યમાં જુઓ તો આનંદ, પર્યાયમાં જુઓ તો આનંદ, ગુણમાં જુઓ તો આનંદ. આહા..હા..! એના ક્ષેત્રમાં જુઓ તો પણ આનંદ. અસંખ્ય પ્રદેશી. એ ૨૪૧ (બોલ પૂરો થયો). (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**પ્રશ્ન :-** આત્માની રુચિ હોય ને અહીં સમ્યક્દર્શન ન થાય તો બીજા ભવમાં થાય ?

**ઉત્તર :-** આત્માની સાચી રુચિ હોય તેને સમ્યગ્દર્શન થાય. થાય ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ હોય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણ કાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ ન આવવી જોઈએ. વીર્યમાં ઉત્સાહ ને નિઃશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ - એમ એના નિર્ણયમાં આવવું જોઈએ.

'પરમાગમસાર' બોલ નં.૩૯૩.

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે ! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે. એને પ્રતિકૂળતા નડતી જ નથી ને ! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તો પણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે - તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો ! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને ! ભાઈ ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.

'પરમાગમસાર' બોલ નં. ૩૯૪.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભાદરવા સુદ ૧૩, ગુરૂવાર તા.૧૪-૦૯-૧૯૭૮.
વચનામૃત–૨૪૨ થી ૨૪૫, પ્રવચન–૯૪

**ચૈતન્યદેવની ઓથ લે, તેના શરણે જા; તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે. ચક્રવર્તી રસ્તેથી નીકળે તો અપરાધી જીવો ધ્રૂજી ઊઠે છે, તો આ તો ત્રણ લોકનો બાદશાહ–ચૈતન્યચક્રવર્તી ! તેની પાસે જડ કર્મ ઊભાં જ ક્યાંથી રહે ? ૨૪૨.**

૨૪૨મો બોલ છે.

**'ચૈતન્યદેવની ઓથ લે,...'** ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ, તેની ઓથ લે. ગુજરાતી ભાષા ઓથ છે. હિન્દીમાં ઓઠ. આહા..હા..! **'તેના શરણે જા;. તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે.'** આહા..હા..! **'ચક્રવતી રસ્તેથી નીકળે તો અપરાધી જીવો ધ્રૂજી ઊઠે છે,...'** ચક્રવર્તી છ ખંડ સાધવા નીકળે, તો અપરાધી જીવો ધ્રુજે છે. **'તો આ તો ત્રણ લોકનો બાદશાહ–ચૈતન્યચક્રવર્તી !'** આહા..હા..! પૂર્ણાનંદનો નાથ ચૈતન્યચક્રવર્તી, એની દ્રષ્ટિ અને અનુભવ થયો, એ ચૈતન્યચક્રવર્તી જ્યાં નીકળે... આહા..હા..! **'તેની પાસે જડ કર્મ ઊભાં જ ક્યાંથી રહે ?'** આવી વાત છે. જડકર્મ તો નિમિત્તથી કથન છે. બાકી અશુદ્ધતા ત્યાં કેમ રહી શકે ? આહા..હા..!

ચૈતન્યચક્રવર્તીનું અંતરમાં જ્યાં શરણ લીધુ, તો એ ચૈતન્યચક્રવર્તીની વીતરાગી પરિણતિ થઈ, ત્યાં અશુદ્ધતા (અશુદ્ધપણું) ધ્રૂજે છે, ચાલી જાય છે. આહા..હા..! કર્મ નાશ પામે છે. એ તો નિમિત્તથી કથન છે. કર્મ તો જડ છે. જડને જાવું કે રહેવું એ તો એની પર્યાયને આધારે છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ-આત્મા છે, તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. ૨૪૩.**

૨૪૩મો બોલ.

**'જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે;...'** ભગવાન આત્મા નિત્ય છે અને અભેદ છે. વસ્તુ તરીકે, હોં ! પર્યાય તરીકે એ બીજી વાત છે. એ કહેશે. આત્મા જ્ઞાયક ભગવાન... આહા..હા..! **'નિત્ય અને અભેદ છે,...'** આહા..હા..! **'દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં...'** દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં **'અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ.'** આહા..હા..! સમજાણું કાંઈ ? દૃષ્ટિ જે છે, એનો વિષય જે ધ્રુવ ત્રિકાળ, એમાં તો શુદ્ધાશુદ્ધ અને અનિત્ય અને ગુણભેદ છે જ નહિ. આહા..હા..! એમાં અશુદ્ધતા થાય છે. વ્યવહાર. સમજાણું કાંઈ ? જ્યાં સુધી એવી દૃષ્ટિ થઈ, છતાં જ્યાં સુધી વીતરાગતા ન પ્રગટે, ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ આવે છે. સમજાણું કાંઈ ? પણ એ પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

આજે એક નનામા કાગળમાં પ્રશ્ન આવ્યો છે. 'દીપચંદજી'નું કહ્યું હતું ને ? કે દસ હજાર તીર્થંકર કરતા એક પ્રતિમાનું મહાત્મ્ય વિશેષ છે. એમાં કોઈ પ્રતિમાનો વિરોધ કરનારું છે. નામ લખ્યું નથી. આ જડની આટલી મહિમા ! અરે..! સાંભળ તો ખરો, પ્રભુ ! એ તો પ્રતિમા કાયમ રહેનારી છે એ વ્યવહારની વાત છે. તીર્થંકર પણ 'પર' છે એ વ્યવહાર છે. ચૈતન્યમૂર્તિ ભલે ભગવાન હો, તો પણ વ્યવહાર છે. એને માનવા, પૂજવા એ શુભરાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ત્યાં પ્રતિમા જે 'જિન પ્રતિમા જિન સારખી.' એમ લીધું છે. 'કુંદકુંદાચાર્ય' 'બનારસીદાસ' એવી વસ્તુસ્થિતિ છે, પણ વાત એ કે જેના પક્ષમાં બેઠા હોય એ પક્ષ છોડવો કઠણ પડે. સમજાણું કાંઈ ? એ તો પહેલા કહ્યું હતું ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અમે તો સંપ્રદાયમાં હતા ત્યારે કહ્યું હતું. એ કહે, મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી જિનપ્રતિમાની પૂજા અને ભક્તિ હોય છે. સમ્યગ્દૃષ્ટિ થયા પછી નહિ. (સંવત) ૧૯૮૩ની સાલમાં એવો પ્રશ્ન ચાલ્યો. ૫૧ વર્ષ પહેલા. ૫૦ અને ૧. હું તો કોઈ પક્ષમાં નથી. 'આનંદઘનજી' કહે છે. 'જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે, જેનો પક્ષ મૂકીને બોલું તે મનમાં ચિત્ત તાણે.' આહા..હા..! અર..ર..! સાંભળ તો ખરો, પ્રભુ ! આહા..હા..! જ્યારે સમ્યગ્દર્શન થાય છે.. 'બનારસીદાસ'માં કહ્યું ને ? ભાઈ ! અંદર આગમ અક્ષર પડ્યો છે અને સમકિતી છે. આહા..હા..! એને જિનપ્રતિમા જિન સારખી લાગે છે. વ્યવહાર છે ને ? નિશ્ચય ક્યાં છે ? જિન તો અહીં છે.

મુમુક્ષુ :– ભગવાન પોતે વ્યવહાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તો ભગવાનની પ્રતિમાની પૂજા એ બધો વ્યવહાર છે. પણ એવો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. કોઈ એમ કહે કે, જિન પ્રતિમાની પૂજાનો ભાવ ખોટો છે. વાત ખોટી છે, વ્યવહાર છે. પણ એ પુણ્યબંધનું કારણ આવતું નથી, તો એ વ્યવહારને જ સમજતા નથી. સમજાણું કાંઈ ? ઝીણી વાત, ભાઈ !

જે સમ્યગ્દર્શન થાય છે, આત્માનો નિર્વિકલ્પ અનુભવ, ત્યારે તેને ભાવશ્રુત જ્ઞાન પ્રગટે છે. ભાવશ્રુત જ્ઞાન પ્રગટ્યું એના નિશ્ચય અને વ્યવહાર બે નય છે. આહા..હા..! એ જે વ્યવહારનય છે, એ વ્યવહાર આવે છે, ધર્મ નથી. આહા..હા..! આવી વાતું છે. ધર્મ નથી તો આવે છે શું કામ ? કે આવ્યા વગર રહે નહિ. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય' 'પ્રવચનસાર'માં કહે છે, કે 'અરિહંતાદિ પૂજા' એ ઉપદેશ દે સંતો. એ શુભભાવવાળાના લક્ષણ છે. આત્મજ્ઞાની અનુભવી મુનિ છે, સાચા સંત છે, ત્રણ કષાયનો નાશ થઈને છઠ્ઠે-સાતમા ગુણસ્થાને (ઝુલી રહ્યા છે), એ મુનિ પણ અરિહંત પ્રતિમાની પૂજાનો ઉપદેશ આપે છે એવો 'કુંદકુંદાચાર્યદેવ'નો પાઠ છે. પણ એ ભાવ શુભ છે. અને એ પૂજાના ભાવ આવે જ નહિ તો તો શુદ્ધમાં એકાકાર રહે. એવી સ્થિતિ તો છે નહિ. આવી વાતું આકરી ભારે, ભાઈ !

જે જે પક્ષમાં પોષાણા હોય (તેને તે છૂટે નહિ). સ્થાનકવાસી મૂર્તિને ન માને. એને આ તીર્થંકર કરતાં પ્રતિમાનું મહાત્મ્ય (વધારે છે એમ કહે). પણ એ તો વ્યવહારની વાત છે. જિનવણીને પૂજનીય કહી. જિનવાણી તો જડ છે. સમજાણું કાંઈ ? પણ એનું બહુમાન આવે છે, એવો શુભભાવ થયા વિના રહે નહિ. અને એ વાણી કરતાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પણ પ્રતિમામાં તો જિનમુદ્રા જોતા કેવળી યાદ આવે છે એમ 'બનારસીદાસ'માં આવ્યું છે. જિનમુદ્રા દેખીને કેવળી કેવા હોય છે એમ યાદ આવે છે. એ છે વિકલ્પ. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાઈ ! 'દીપચંદજી' ઘણા સૂક્ષ્મ સમ્યગ્જ્ઞાની છે. એની શક્તિનું વર્ણન જેટલું કર્યું છે એટલું તો અત્યાર સુધી કોઈએ કર્યું નથી. એટલું સ્પષ્ટીકરણ... એટલું સ્પષ્ટીકરણ...! સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાની છે. તો એમણે લખ્યું છે તો કોઈ અપેક્ષાએ હો, એ તો વ્યવહારની વાત છે. સમજાણું કાંઈ ? પણ એનો વિરોધ કરવો એ સત્ય નથી. સમજાણું કાંઈ ?

'બનારસીદાસે' તો ત્યાં સુધી કહ્યું, 'જિન પ્રતિમા જિન સારખી અલ્પ ભવ સ્થિતિ જાકી સોઈ પ્રમાણે જિનપ્રતિમા જિન સારખી.' છે તો શુભભાવ, એ કાંઈ શુદ્ધ નથી, ધર્મ નથી. આહા..હા..! પણ એવો શુભભાવ સમકિતીને પણ આવ્યા વગર રહે નહિ. સવારમાં ભાઈએ કહ્યું હતું ને ? જ્ઞાનધારા અને રાગધારા. એ પ્રજ્ઞામાં નહિ પણ યાવત્ કર્મવિરતીમાં ૧૧૦ શ્લોક છે ને ? ૧૧૦મો શ્લોક. જ્યાં સુધી રાગની પૂર્ણ વિરતી–ત્યાગ નથી ત્યાં સુધી રાગ અને જ્ઞાનધારા (બન્ને) બહુ ચાલે છે. શું કીધું ?

મુમુક્ષુ :– પુણ્ય-પાપના અધિકારમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પુણ્ય-પાપનો અધિકાર, ૧૧૦મો કળશ. સવારમાં જરી પ્રજ્ઞા ઉપર ખ્યાલ આવ્યો. પણ પછી કહ્યું આ તો કર્મ વિરતી. આવી વાત છે, ભગવાન ! ઝીણી વાત, બાપા ! અત્યારે તો બહુ ગોટા ઉઠ્યા છે. આહા..હા...!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ એવી કડક ભાષામાં પત્ર આવ્યો છે. જાણે એને એટલું ખરાબ લાગ્યું છે. જડને તમે આટલું મહાત્મ્ય આપો છો. અરે...! પ્રભુ ! સાંભળ તો ખરા.

મુમુક્ષુ :– જડનું એટલું મહાત્મ્ય માને તો ચૈતન્યનું કેટલું માનતા હશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ એ તો ચૈતન્ય ભગવાન(ની પ્રતિમા) છે એ પરદ્રવ્ય છે. વાણી એ પણ પરદ્રવ્ય છે, પ્રતિમા અને મંદિર એ પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યના આશ્રયે થાય છે એ રાગ થાય છે. રાગ આવ્યા વગર રહેતો નથી. આહા..હા..! એ તો 'ભાવપાહુડ'ની ૮૩મી ગાથામાં કહ્યું ને ? **'पूयादिसु वयसहियं'** એ જૈન ધર્મ નથી. પૂજા, વ્રત, વયાવચ્ચ એ જૈનધર્મ નથી એમ લખ્યું છે. પણ એનો અર્થ એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કે એ રાગ છે. રાગ આવ્યા વગર રહે નહિ. પોતાનો અનુભવ દૃષ્ટિ થઈ છતાં રાગ છે. 'પ્રવચનસાર'માં ભાઈ ! મુનિને પણ કહ્યું ને, કે શુભરાગી આવો ઉપદેશ કરે. એવો પાઠ છે. શું કહ્યું ? સંત, મુનિ છે. આત્મધ્યાની આનંદના કંદમાં ઝૂલનારા. પણ જ્યારે શુભરાગ થાય છે તો શુભરાગી પ્રાણી જિનપૂજા, જિનપ્રતિમા, વયાવચ્ચ કરવી, પરનો વિનય કરવો એવો ઉપદેશ આપે છે. પણ છે વ્યવહાર તો રાગ. સમજાણું કાંઈ ?

અરે...! 'ભાવપાહુડ'માં આવ્યું છે, એમ કે સમ્યગ્દૃષ્ટિ છે, અનુભવી છે, રાગને પોતાનો માનતા નથી. છતાં તેમાં ષોડશ તીર્થંકર કારણભાવના ભાવવી. એમ આવ્યું છે. ભાવપાહુડમાં ઘણું આવ્યું છે. ૨૫ ભાવના અને ફલાણી વાત આવી છે ને ? એ અશુભભાવનો નિષેધ કરીને શુભભાવ થાય છે એની વાત છે. પણ એ શુભભાવ ધર્મ છે એમ નથી. આહા..હા..! અરે..! આવી વાતું ! અને એ શુભભાવ આવ્યા વિના રહે નહિ. કર્મધારા છે એ. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ આત્મા ન થાય... આહા..હા..! ત્યાં સુધી સ્વરૂપના આશ્રયે નિર્મળધારા પ્રગટી, પણ પૂર્ણ રાગથી નિવૃત્તિ નથી, તો રાગ આવ્યા વગર રહે નહિ. તો રાગાધારા રાગનું કામ કરે, જ્ઞાનધારા જ્ઞાનધારાનું કામ કરે. રાગધારા બંધનું કારણ કરે અને આત્મજ્ઞાનધારા એ અબંધનું કારણ કરે. હવે આમાં શું કરે ? ખેંચતાણ કરે, ભાઈ ! ન ચાલે આ તો વીતરાગમાર્ગ, ભાઈ ! આહા..હા..!

એક ઠેકાણે 'આનંદઘનજી' કહે છે. 'જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે, અને જેનો પક્ષ મૂકીને બોલું તે 'મનમાં ચિત્ત તાણે' અરે..! ... આહા..હા..! 'મારે મુને નિરપખ કોઈ ન મૂકી.' પ્રતિમાની પૂજા કરવાની વાત કરે તો પ્રતિમાને નહિ પૂજનારને વિરુદ્ધ લાગે. આહા..હા..! અને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એમ આવ્યું છે, કે ભાઈ ! એવો ઉપદેશ કયો છે કે બધા રાજી રહે ? બધાને ઠીક લાગે એવો તો ઉપદેશ નથી. ઉપદેશ તો નિશ્ચય અને વ્યવહાર બેયનો હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

પૂજા, વ્રત, વયાવચ એ કોઈ ધર્મ નથી. એ શુભરાગ છે. પણ સમકિતીને જ્યાં સુધી પૂર્ણ રાગથી નિવૃત્તિ નથી, ત્યાં સુધી રાગ આવ્યા વગર રહે નહિ. આહા..હા..! એ નકાર-નિષેધ કરે તો એને વ્યવહારનું જ્ઞાન જ યથાર્થ નથી, તો એને નિશ્ચયનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



યથાર્થ જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? જુઓ ! આવ્યું ને ?

**'તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ...'** દૃષ્ટિનો વિષય નથી. આહા..હા..! પણ દૃષ્ટિની સાથે.. આપણે આવી ગયું છે, જે જ્ઞાન થાય છે, એ જ્ઞાન સર્વને જાણે છે. રાગને જાણે, ભેદને જાણે, અભેદને જાણે, નિમિત્તને જાણે... આહા..હા..! ગુણભેદને જાણે, પર્યાયભેદને જાણે અને વ્યવહાર કેવો આવે છે એને પણ જ્ઞાન તો બરાબર જાણે. આહા..હા..! આવો માર્ગ ! માર્ગ ખેંચતાણ કરીને લોકોએ... એ કોઈકને ખટક્યું છે એવો ખાનગી કાગળ આવ્યો છે. ભાઈ ! એણે કહ્યું છે એમ મેં તો કહ્યું. અને એ તો વ્યવહાર છે. ભગવાનની પૂજા એ વ્યવહાર છે. સાક્ષાત્ ત્રણ લોકના નાથની પૂજા એ વ્યવહાર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અને આ પ્રતિમા એ પણ વ્યવહાર છે. પરદ્રવ્ય છે ને ? સમજાણું કાંઈ ? અહીં કોઈનો પક્ષ નથી. અહીં તો સત્ય છે એનો પક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કે બધાને ઠીક લાગે એમ કહેવું જેથી બધા રાજી રહે. આહા..હા..! એવી વાત ભગવાનના માર્ગમાં નથી, ભાઈ ! આહા..હા...!

અહીં કહે છે કે શુદ્ધાશુદ્ધ પર્યાય છે પણ એ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો ગુણભેદને પણ સ્વીકારતો નથી. પણ દૃષ્ટિની સાથે જે જ્ઞાન સમ્યક્ થયું, એ જ્ઞાન અભેદને પણ જાણે, પર્યાયને જાણે અને રાગ વ્યવહાર આવે છે, પ્રતિમાની પૂજા, વ્રત, અણુવ્રત, મહાવ્રત વગેરે (આવે છે) તેને જ્ઞાન જાણે કે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાત છે. એક નિશ્ચયની જ્યાં વાત ચાલે ત્યાં ઓલો વ્યવહાર ઉડાડી દે કે વ્યવહાર છે જ નહિ. વ્યવહાર આવે છે પણ એ ધર્મ નથી. એ રાગની ક્રિયાનો ભાવ... મુનિઓને પણ એવો શુભરાગ આવે છે તો એવો ઉપદેશ કરે છે. જિનપૂજા. 'પ્રવચનસાર'માં એવો પાઠ છે. 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. સમજાણું કાંઈ ? એમાં છે ક્યાંક. 'પ્રવચનસાર'માં છે ક્યાંક. કેટલામું હશે ? આહા..હા..! આવ્યું લ્યો. ૨૪૮. ૨૪૮ છે.

**'શુભોપયોગીઓને જ આવી પ્રવૃત્તિઓ હોય છે...'** મુનિ સાચા ભાવલિંગી છે, અનુભવી છે, સમ્યગ્દૃષ્ટિ છે, ચારિત્રની રમણતા છે, એવા જીવને **'શુભોપયોગીઓને જ આવી પ્રવૃત્તિ હોય છે...'** એને શુભરાગ આવે છે તો એની પ્રવૃત્તિ આ છે. કઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'દર્શનજ્ઞાનનો (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો) ઉપદેશ, શિષ્યોનું ગ્રહણ...'** આહા..હા..! વ્યવહાર આવ્યો ને. નિશ્ચય તો શિષ્યનો છે.

**'તથા તેમનું પોષણ, અને જિનેન્દ્રની પૂજાનો ઉપદેશ ખરેખર સરાગીઓની ચર્યા છે.'** આહા..હા..! છે આસ્રવ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સરાગ છે ને ? રાગ છે તો. છે આસ્રવ. અનાસ્રવ તો આત્માના અવલંબને જેટલી વીતરાગીદશા પ્રગટી એ અનાસ્રવ છે. પણ એને વ્યવહાર, શુભરાગ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! આવી વાત. સ્યાદ્વાદ માર્ગ. **'જિનેન્દ્રની પૂજાનો ઉપદેશ...'** આહા..હા...! જોયું ! **'જિનેન્દ્રપૂજાના ઉપદેશની પ્રવૃત્તિ શુભોપયોગીઓને જ હોય છે, શુદ્ધોપયોગીઓને નહિ.'** અંદરમાં ઠરીને શુદ્ધમાં છે એની આ પ્રવૃત્તિ નથી. આહા..હા..! બધે ઘણી જગ્યાએ આવે છે. આકરું કામ. આહા..હા..! માણસ ક્યાં-ક્યાં પોતાના સ્વચ્છંદથી રોકાય છે. મિથ્યાત્વનું શું સેવન કરે છે એની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

આમાં તો એમ કહ્યું. આમાં બતાવ્યું હતું. જિનપૂજાનું. 'બનારસીદાસ' સમકિતી ભાવ, 'બનારસીદાસ' નિશ્ચયસમકિતી છે એ કહે છે. જુઓ ! ગુણસ્થાન ભેદ છે ને ? જુઓ ! જિન-પ્રતિબિંબનું મહાત્મ્ય. (ચતુર્દશ ગુણસ્થાન અધિકાર, શ્લોક–૨) સમકિતી, જ્ઞાની, ધર્માત્મા, અનુભવી... આહા..હા..! **'જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,...'** ભગવાનની પ્રતિમાનું મુખ જોઈને **'ભગતે નૈનનિકૌં,...'** ભગતની આંખને

**થિરતાકી બાનિ બઢૈ ચંચલતા વિનસી,**<br>
**મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં,**<br>
**જાકે આગૈ ઇંદ્રકી વિભૂતિ દીસૈ તિનસી.**<br>
**જાકૌ જસ જપત પ્રકાસ જગૈ હિરદેમૈં,**<br>
**સોઇ સુદ્ધમતિ હોઇ હુતી જુ મલિનસી.**<br>
**કહત બનારસી સુમહિમા પ્રગટ જાકી,**<br>
**સોહૈ જિનકી છવિ સુવિદ્યમાન જિનસી. ૨.**

જિનપ્રતિમા સાક્ષાત્ ભગવાન જેવી છે એમ કહે છે. આહા..હા..! વ્યવહાર છે ને વ્યવહાર ? આહા..હા..! માણસને કઠણ ભારે પડે. નિશ્ચયની જ્યાં વાત કરવા જાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ત્યાં ઓલો વ્યવહાર કાઢી નાખે. અને વ્યવહારવાળો વ્યવહારથી કલ્યાણ થાય એમ માની લે. સમજાણું કાંઈ ? અહીં તો સત્ય શું છે એક વાત છે, ભાઈ !

(સંવત) ૧૯૮૩ માં કહ્યું હતું ને ? સમકિતીને ભાવશ્રુતજ્ઞાન હોય છે અને તેને વ્યવહારનય આવે છે. તો વ્યવહારનયનો વિષય જિનપ્રતિમા એને પૂજ્ય છે. મિથ્યાદૃષ્ટિનો નય છે નહિ તો એનો નિક્ષેપ પણ એને નથી. અમે તો એમાં (સંપ્રદાયમાં) હતા. અમે કોઈને માનતા નથી. અમે તો સત્યને માનીએ છીએ. આમાં આવી ગયા માટે તમારી વાત સાચી છે એમ અમે નથી માનતા. સમજાણું કાંઈ ? એય..! અમને તો અંદરમાં બેસે એ વાત માનીએ. કોઈ પક્ષની, વાડાની વાત અમે નથી માનતા. આહા..હા..!

એ અહીં કહ્યું કે દૃષ્ટિનો વિષય તો ધ્રુવ છે. એમાં તો શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાય કે ગુણભેદ પણ દૃષ્ટિનો વિષય નથી. પણ દૃષ્ટિનો વિષય થયો, એની સાથે જે જ્ઞાન થયું, એ જ્ઞાન પૂજા, ભક્તિનો ભાવ આવે છે એને જાણે. આવી વાતું. આહા..હા..! છતાં એ બંધનું કારણ છે. પૂજા, વ્રત, વૈયાવચ્ચ ઘણા નામ લીધા છે. 'અષ્ટપાહુડ' છે ? 'ભાવપાહુડ'. કેટલામી ? ૮૩. ૮૩-૮૩ આવ્યું લ્યો.

**'पूयादिसु वयसहियं पुराणं हि जिणेहि सासणे भणियं।'** જૈનશાસનમાં **'પૂજા આદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો 'પુણ્ય' હૈ., ઇસમેં પૂજા ઔર આદિ શબ્દસે ભક્તિ, વંદના, વૈયાવૃત્ય આદિક સમજના.'** એ બધું પુણ્ય છે. સાધુની વૈયાવચ્ચ કરવી. સાચા સંતની, હોં ! પણ એ શુભભાવ છે. આસ્રવ છે. આવે છે. છે ? **'યહ તો દેવ-ગુરુ-શાસ્ત્ર કે લિયે હોતા હૈ...'** ભક્તિ, વંદના, વૈયાવચ્ચ. એ દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણે પરદ્રવ્ય છે. **'ઇસકે લિયે હોતા હૈ ઔર ઉપવાસ આદિક વ્રત હૈં વહ શુભક્રિયા હૈ, ઇનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ હૈ ઉસસે પુણ્યકર્મ હોતા હૈ...'** **'ઇસકા ફલ સ્વર્ગાદિક ભોગોંકી પ્રાપ્તિ હૈ.'** એનું ફળ મોક્ષ અને બંધરહિત એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે. એક પૂજાને ઉડાવે, એક પૂજામાં મોક્ષ મનાવે. ભગવાનની પૂજા કરતાં કરતાં મોક્ષ થશે. ધૂળમાં પણ નહિ થાય. આહા..! એય..!

મુમુક્ષુ :– આવે છે પરંપરા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પરંપરાનો અર્થ ? પોતાના અનુભવમાં રાગનો નિષેધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. તો રાગ આવે છે. પછી રાગનો અભાવ કરીને સ્થિરતા થશે તો પરંપરા કહ્યું. એ શુભભાવથી પરંપરા મુક્તિ થશે એમ નથી. અત્યારે શુભભાવમાં આવ્યો, તો અશુભનો અભાવ થયો. પછી શુદ્ધ ઉપયોગમાં જશે તો શુભનો અભાવ થશે. એમ કહ્યું છે. આહા..હા..! અરે..! નિશ્ચયની જ્યાં વાત લેવા જાય ત્યાં વ્યવહાર ઉડાવે. અને વ્યવહારની વાત આવે ત્યાં વ્યવહારથી ધર્મ થાય એમ માને. આવો માર્ગ છે. ભાઈ નથી આવ્યા ? ઠીક નથી. આહા..હા..!

શુદ્ધ-અશુદ્ધ પર્યાય છે. છતાં એ શુદ્ધ-અશુદ્ધ પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..! સમ્યગ્દર્શન તો અભેદ ત્રિકાળી જ્ઞાયકભાવ છે. કેમ કે દૃષ્ટિ દર્શન છે, એમાં જાણવાની શક્તિ નથી. સમ્યગ્દર્શનમાં જાણવાની શક્તિ નથી. આહા..હા..! જ્ઞાનમાં જાણવાની શક્તિ છે. જ્ઞાન જાણે છે કે આ સમ્યગ્દર્શન છે, આ સમ્યગ્દર્શનનો વિષય છે એ જ્ઞાન જાણે છે. આહા..હા..! આવી વાતું, ભાઈ ! આ તો મધ્યસ્થ થવું હોય એને વાત બેસે એવી છે, ભાઈ ! આહા..હા..! જ્યાં નિશ્ચય સ્થાપન કરે, ત્યાં ઓલો વ્યવહાર આવે છે. તો કહે, વ્યવહાર આવતો જ નથી. એ ખોટું છે. વ્યવહાર સ્થાપન કરે તો વ્યવહારથી કલ્યાણ થાય છે એમ પણ નથી. આહા..હા..!

**'અનિત્ય...'** પર્યાય. **'શુદ્ધાશુદ્ધ...'** પર્યાય. અરે..! ગુણભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..! **'પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ-આત્મા છે.'** આહા..હા..! પોતાની મુક્તિરૂપી મોક્ષની પ્રયોજનની સિદ્ધિ માટે... સમજાણું કાંઈ ? ક્યાં ગયા ભાઈ ? આવી ગયા ? કહો, સમજાણું કાંઈ ? ત્યાં પ્રમુખ છે ને ? 'કલકત્તા'માં પ્રમુખ છે. આહા..હા..! **'પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ-આત્મા છે.'** આહા..હા..! પ્રયોજન તો આત્માના આનંદની પૂર્ણ પ્રાપ્તિ, એ મુક્તિ. દુઃખની દશાથી પૂર્ણ મુક્ત અને આનંદની દશાથી પૂર્ણની પ્રાપ્તિ, એ પ્રયોજનની સિદ્ધ ભગવાન આત્માના આશ્રયે થાય છે. આહા..હા..! વ્યવહાર વચ્ચે આવે છે પણ મુક્તિનું પ્રયોજન એનાથી સિદ્ધ થતું નથી. આહા..હા..! તો એને કરે શું કરવા ? પણ આવ્યા વગર રહે નહિ સાંભળ તો ખરા. જ્યાં સુધી વીતરાગતા નથી ત્યાં સરાગપણું (દશામાં રહે છે). સંતો સાચા, ભાવલિંગી સંત, જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને અંતર્મૂહુર્તમાં ઝૂલે છે. અંતર્મુહૂર્તમાં છઠ્ઠું અને અંતર્મૂહુર્તમાં સાતમું (આવે). આહા..હા..! એવા મુનિઓને પણ જ્યાં પ્રમાદ છઠ્ઠે ગુણસ્થાને આવે છે, તો શુભયોગની પ્રવૃત્તિ એને પણ આવે છે. આહા..હા..! સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કાંઈ ? એ વ્રતની વાત કરે, અણુવ્રતની કહે, પૂજાનું કહે, પરની–સંતોની સેવા, વૈયાવચ્ચ કરવી, કરે. પણ એ શુભયોગની પ્રવૃત્તિ છે. આહા..હા..! એ સાસ્રવી જીવનો શુભભાવ છે. એટલો શુભરાગ છે એ સા-આસ્રવ છે. આહા..હા..! અને અંતર નિર્વિકલ્પમાં ઠર્યો એ નિરાસ્રવી છે.

છઠ્ઠે ગુણસ્થાને સર્વથા આસ્રવ છે એમ નથી. ત્રણ કષાયનો અભાવ થયો એટલો તો નિરાસ્રવ છે. પણ શુભયોગનો ભાવ આવે છે, ઉપદેશનો ભાવ આવે છે. આહા..હા..! 'સમાધિશતક'માં તો એમ કહ્યું, મુનિઓને ઉપદેશનો વિકલ્પ આવે છે એ ઉન્માદ થયો. એ ચારિત્રની વાત છે. દર્શનની વાત નથી. જે 'તત્ત્વાર્થસૂત્ર'માં પહેલા (અધિકારમાં) છેલ્લે ઉન્માદ આવ્યો છે, એ દર્શનમોહનો છે. આ ચારિત્રમોહનો (ઉન્માદ છે). એ રાગ આવ્યો એ તો. આહા..હા..! આવ્યા વગર રહે નહિ છતાં ઉન્માદ છે. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય' પણ કહે છે, કે હું 'સમયસાર' કહીશ. આહા..હા..! એવો વિકલ્પ આવ્યો છે. વાણી દ્વારા આવશે. આહા..હા..!

અહીં કહે છે, એ વ્યવહાર હોવા છતાં ધર્મીની દૃષ્ટિ અનંત ગુણનું ધામ, અનંત શક્તિઓના સંગ્રહસ્વરૂપ ધ્રુવ, એના ઉપર દૃષ્ટિ છે. આહા..હા..! જેમાં ગુણનો ખજાનો પડ્યો છે. આહા..હા..! **'તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે.'** ભગવાન પૂર્ણ આનંદ પ્રભુ ! એના આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. પરના આશ્રયે ધર્મ પ્રગટ નથી થતો. પરનો આશ્રય આવે છે પણ એ શુભભાવ છે. સમજાણું કાંઈ ? આવી વાત.

**ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો ! આ હું ? આવા આત્માના દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૨૪૪.**

૨૪૪ મો બોલ.

**'ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો,...'** છે. વિભૂતિ. આહા..હા..! લ્યો. આ વિભૂતિ. એય..! ભગવાન આત્મા વાસ્તવિક એવી ચીજ છે, કે અનાદિથી પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ઉપર લક્ષ (રહ્યું છે). ચાહે તો સાધુ થયો, ત્યાગી થયો, દિગંબર મુનિ થયો. વ્રત પાળ્યા, ભક્તિ કરી, પૂજા કરી, બધું કર્યું પણ લક્ષ પર્યાય ઉપર અને રાગ ઉપર. આહા..હા..! પર્યાયની સમીપમાં પ્રભુ, મહાપ્રભુ અનંતી અનંતી વિભૂતિથી ભરપૂર ભરેલો છે. આહા..હા..! એના ઉપર કદી નજર કરી નથી. નિધાન ઉપર નજર નથી કરી. આહા..હા..!

**'આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ,...'** આહા..હા..! **'અનંતા ગુણોનો મોટો પર્વત છે !'** અનંત ગુણોનો મોટો પર્વત. આહા..હા..! ધ્રુવ ધ્રુવ. ધ્રુવ પર્વત. આહા..હા..! જે હલે-ચલે નહિ, પરિણમે નહિ. આહા..હા..! એવા **'અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ચારે તરફ ગુણો જ ભરેલા છે.'** એમાં અંદરમાં કોઈ શુભભાવ નથી. આહા..હા..! **'ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી.'** ત્રિલોકનાથ ચૈતન્ય તત્ત્વ વસ્તુ, ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ઉત્પાદ-વ્યયની પર્યાયની પાસે સમીપમાં પડ્યો છે. આહા..હા..! અનંત અનંત ગુણનો ભરપૂર ભગવાન.. આહા..હા..! **'ચારે તરફ ગુણો જ ભરેલા છે.'** ગુણો જ ભરેલા છે. કોઈ શુભરાગ કે અશુભરાગ એમાં છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- 'શ્રીમદ્' તો એમ કહે છે કે અવગુણનો પાર નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો શિષ્યની વિનયતા બતાવવા. એ શરૂઆતની જિજ્ઞાસાવાળાને એ બતાવે છે. 'હું તો દોષ અનંતનું ભાજન છું કરૂણાળ.' પર્યાયમાં દોષ છે એ બતાવે છે.

અહીંયા તો ભગવાન આત્મા.. આહા..હા..! દોષનું આયતન જ નથી. એ તો અનંત આનંદનું આયતન-સ્થાન-છે. આહા..હા..! એ આવે છે ને ? 'શું પ્રભુ ચરણે કને ધરું આત્માથી સહુ હીન, તે તો પ્રભુએ આપિયો...' પછી ઇ વાત કરી. પહેલા તો હું અનંત દોષનું ભાજન છું. પર્યાયમાં દોષ છે. એ એની યોગ્યતાથી પર્યાયમાં દોષનો પાત્ર છે. વસ્તુ પાત્ર નથી. આહા..હા..! એ તો નિર્માનપણે અભિમાન છોડાવવા, ભગવાનની દૃષ્ટિ કરાવવા, ભગવાનની આત્મદૃષ્ટિ (કરાવવા), એ દોષ ન દેખે તો દોષ રહિત આત્માને કેમ જાણે ? મારી પર્યાયમાં દોષ છે, એ જાણવામાં ન આવે તો દોષ રહિત ગુણને એ કેમ જાણે ? આહા..હા..! પણ એ તો પર્યાયદૃષ્ટિનું કથન છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી.'** આહા..હા..! 'શ્રીમદે' એક પત્રમાં એમ પણ લખ્યું છે, કે ભગવાન પૂર્ણ સ્વરૂપ છે, પણ એના અપલક્ષણનો પાર નથી. શું કહ્યું ? એ લોકો એમાંથી એ કાઢે કે અહો..! ભગવાનને પણ અવગુણ. એ નહિ, પ્રભુ ! તારી વાત છે. તારા ગુણનો પાર નથી... આહા..હા..! છતાં તારા અપલક્ષણનો પાર નથી. પર્યાયમાં તારા અપલક્ષણ છે. આહા..હા..! તારી ચીજને માનતો નથી અને પર્યાય અને રાગને માને છે એ તારા અપલક્ષણ છે. આહા..હા..! આવો ઉપદેશ હવે. ભાઈ ! માર્ગ આવો છે. અનાદિકાળથી લૂંટાઈ રહ્યો છે. આહા..હા..!

'શ્રીમદ્' કહે છે, કે એક તો વસ્તુની ખબર નથી અને રાગનો રસિયો છે, સાંભળવા જાય તો કુગુરુ, એનો કલાક લૂંટી લે છે. એને કહે કે તને રાગથી કલ્યાણ થશે. વ્રત કરવાથી કલ્યાણ થશે. એવી રીતે એને લૂંટી લીધો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અંતરદૃષ્ટિ કરવાની વાત કરી નહિ અને બાહ્યદૃષ્ટિની ક્રિયાકાંડથી તને કલ્યાણ થશે (એમ કહીને લૂંટી લીધો). આહા..હા..! ભારે કામ, ભાઈ ! આહા..હા..!

**'ઓહો ! આ હું ? આવા આત્માના દર્શન માટે...'** આહા..હા..! અનંત ગુણથી ભરપૂર, ચારે કોરથી જુઓ તો અવગુણ એક નહિ. એવા ભગવાનના **'દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.'** સાચું કુતૂહલ. બીજી ચીજ જુએ. એક માણસ હાથીનું રૂપ લઈને, ... આવે છે ને ? ત્યાં આવ્યું હતું ને ? ઘોડાનું રૂપ લઈને આવે. ઘોડો બને. એને આશ્ચર્ય લાગે. કુતૂહલ લાગે. હમણા ત્યાં આવ્યા હતા. કુરાવડમાં નહિ. એક માણસ ઘોડો લઈને બે પગે ચાલે. ઘોડાનું રૂપ આખું. કુરાવડમાં ને ? 'મદ્રાસ'માં. 'મદ્રાસ'માં. ત્યાં પંચકલ્યાણક હતા ને. 'કુરાવડ'માં પંચકલ્યાણક હતા. આહા..હા..! એવું કુતૂહલ લાગે એને. એક સ્ત્રી પુરુષનો વેષ પહેરીને આવે તો આશ્ચર્ય લાગે. પણ તારું કુતૂહલ તેં કદી કર્યું નહિ. આહા..હા..! છે ? **'આત્માના દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ...'** ખોટા કુતૂહલ તો ઘણા કર્યાં. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– એવું કુતૂહલ તો ઘણું થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કુતૂહલનો અર્થ મહિમા. આહા..! આ તો ચીજ શું છે ? રાગની આડમાં અંદર શું ચીજ પડી છે. સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા બાદશાહ અંદર છે. આહા..હા..! એમ **'જીવે કદી ખરુ કુતૂહલ જ...'** આહા..હા..! પર્યાયમાં એને જોવાનું કુતૂહલ કદી કર્યું નથી. આહા..હા..! પર્યાયમાં એની વિસ્મયતા કદી આવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નથી. આહા..હા...! ચૈતન્ય ચિંતામણિ રત્ન મહાપ્રભુ ! આ..હા..! કલ્પવૃક્ષ. આહા..હા..! એવો ચૈતન્યચિંતામણિ કામકુંભ. આહા..હા..! અમૃતનો કુંભ પડ્યો છે, પ્રભુ ! આહા..હા..! શુભભાવ આવે છે પણ એ ઝેરનો ઘડો છે. આહા..હા..! આવી વાત ! સમજાણું કાંઈ ? શુભભાવ છે ને ? રાગ છે ને ? એ ઝેરનો ઘડો છે. જ્ઞાનીને પણ આવે તો છે પણ એનું અવલંબન, આશ્રય નથી કરતા. આહા..હા..! આવી વાતું હવે. આમાં ક્યાં નવરા દુનિયાના (કામ આડે) બહારથી નવરો થતો નથી.

તારી નજરને ફેરવી નાખ, નાથ ! આ તારી નજર બહારમાં ભટકે છે. આહા..હા..! આનું કરું ને આનું કરું ને દીકરીનું... દીકરાનો ધંધા બરાબર ચાલે, દીકરાને બરાબર ધંધામાં ઓતપ્રોત કરું, રાગ કરું, પુણ્ય કરું, દયા-દાન કરું એવી દૃષ્ટિ તારી બહારમાં ભટકે છે. એ દૃષ્ટિથી અંદરમાં જો અંદર પ્રભુ કોણ છે ? આહા..હા..! અંતર અતીન્દ્રિય આનંદ અને અનંત અનંત ગુણથી ભરપૂર ચારે બાજુથી ભરેલો છે. જેમ સાકર ચારે તરફથી મીઠાશથી ભરેલી છે, એમ પ્રભુ ! ચારે તરફથી અમૃતના સાગરથી ભરેલો છે. આહા..હા..! એનું કુતૂહલ તો કર, પ્રભુ ! આહા..હા..! બીજી વસ્તુને જોવામાં કુતૂહલ કરે છે.

'ભાવનગર'માં રાણી... શું કીધું ? ઓજલ. રાણી હતી તેણે ઓજલ છોડી દીધું. ઓજલ છોડીને અને નીકળ્યા તો માણસો જોવે કે આહા..! રાણીસાહેબ નીકળ્યા... રાણીસાહેબ નીકળ્યા... રાણીસાહેબ નીકળ્યા... કારણ કે ૨૫-૫૦ વર્ષ સુધી બહાર નીકળે નહિ. એ કોણ હશે ? એનું વિસ્મય એને થઈ ગયું હતું. અમારે ત્યાં 'વડિયા' એક હતા. 'વડિયા'માં ગયા હતા. બધા માણસો આવ્યા હતા. ભાઈ હતા, દરબાર હતા બધા, 'વડિયા'ના દરબાર હતા. દરબાર હોશિયાર હતો ત્યાં બીજા રાજાના કુંવરો એની પાસે ભણવા આવતા. એ પણ બધા વ્યાખ્યાનમાં આવ્યા હતા. (સંવત) ૧૯૯૫ની (સાલની) વાત છે. ૧૯૯૫. તો એણે કહ્યું, મહારાજ ! મારી રાણીને દર્શન કરવા છે. ભોજન લેવા, આહાર લેવા (પધારો). તે સમયે બ્રાહ્મણની રસોઈ બનતી. બ્રાહ્મણ રસોઈ બનાવે ને ? ત્યાં આહાર લેવા. અને અંતેપુરમાં રાણી હશે. તો લોકો જાણે રાણી કેવા હશે ! અમે અંદર ગયા અને ત્યાં રાણી અને એની દીકરી દર્શન કરવા આવ્યા. કોઠી જેવું શરીર. લડબડતુ-લડબડતું. નહિ કાંઈ રૂપ, નહિ કાંઈ રંગ, નહિ કાંઈ પણ લોકોને એમ કે આહા..! રાણીસાહેબ કેવા હશે ? મીંદડીને આમ આમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



જે લટકે ને ? બકરીને લટકે એમ બધું લટકતું હતું. ખાધે-પીધે રાણી ખરાને. અને કાંઈ કામકાજ નહિ. કોઠી જેવું શરીર. બિચારા દર્શન કરવા આવ્યા. લોકોને એમ લાગે કે રાણી કેવી હશે ? અંદર રાણીસાહેબ કેવા હશે ? એનો રાજા આવો કે રાજકુમારો એની પાસે ભણવા આવે. એની પાસે ભણવા આવતા હતા. તેઓ ગુજરી ગયા. બે ગુજરી ગયા છે. બધા હતા. ત્યાં 'રાજકોટ'ના દિવાન હતા. એટલે એને લઈને લોકો બહુ આવતા. અને નામ પ્રસિદ્ધ એટલે રાજા આવે તો બધા આવે. બેસે ન બેસે એક કોર. 'કાનજીસ્વામી' આવ્યા છે, 'કાનજીસ્વામી' આવ્યા છે. આહા..હા..! જ્યાં રાણીને જોયા તો ઓય મારું.. આ તો કાંઈ (નથી). વાણિયાની છોડી કાંઈક ઠીક હોય એ દેખાય. આ તો કાંઈ ન મળે.

એમ આ વિસ્મય તો કર અંદર છે શું ? કાંઈ નથી એમ નથી. આહા..હા..! વર્તમાન પર્યાયને અંદર વાળ. આહા..હા..! ૧૪૪મી ગાથામાં આવે છે ને ? ૧૪૪મી ગાથા. ભાઈ ! મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પહેલી મર્યાદામાં લાવ. પછી આત્મસન્મુખ કરી દે. આહા..હા..! શું વાત ! ૧૪૪ (ગાથા), કર્તા-કર્મ અધિકાર છે. મતિજ્ઞાન જે પર તરફનો જુકાવ છે, ઇન્દ્રિય અને મનથી જ્ઞાન કરે છે, એ મતિજ્ઞાનને મર્યાદામાં લઈ લે. મન અને ઇન્દ્રિય તરફનો જુકાવ છોડી દે. આહા..હા..! અને એ મતિજ્ઞાનને આત્મસન્મુખ કરી દે. જે આત્માથી વિમુખ હતો અને મન અને ઇન્દ્રિયથી જાણવાનું કામ કરતું હતું... આહા..હા..! એ મતિજ્ઞાનને મર્યાદામાં લાવીને... આહા..હા..! એ ચીજ છે એમ મતિમાં મર્યાદા લે. પછી અંદર જા. સન્મુખ થા. અને શ્રુતજ્ઞાનને... આહા..હા..! વિકલ્પાત્મક જે શ્રુતજ્ઞાન છે એ આકુળતાનું કારણ છે. આહા..હા..! એ શ્રુતજ્ઞાનને એ તરફથી હટાવીને મર્યાદામાં લે. આહા..હા..! અને પછી આત્મસન્મુખ થઈ જા. 'સમયસાર'ની ૧૪૪મી ગાથા છે. આહા..હા..! એ કાલે કહ્યું હતું. સાંજે નહોતું બતાવ્યું ? આહા..હા..!

તારી મતિ અને શ્રુતની પર્યાય, જે પર તરફના લક્ષવાળી છે, તે પર્યાયને પરના લક્ષથી છોડ, મર્યાદામાં લાવ, પછી આ બાજુ જા. આવી વાત છે. તે જ્ઞાનની પર્યાયને જ્યાં પ્રભુ પરમાત્મસ્વરૂપ બિરાજે છે, તેની સન્મુખ કર. આહા..હા..! તારું મુખ એ સત્‌ની સામે લઈ જા. આહા..હા..! આવી વાત છે. તને સમ્યગ્દર્શન થશે અને સમ્યગ્જ્ઞાન થશે. આહા..હા..! બસ, બે જ વાત કરી છે. ચારિત્રની વાત ત્યાં નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૧૪૪મી ગાથા. આહા..હા..! એ સમયે તને આત્મા દેખાય છે તો શ્રદ્ધામાં આવે છે. આહા..હા..! મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાયને બહારના લક્ષથી છોડાવી, અંતરમાં લઈ જા. આહા..હા..! ત્યારે તને સમ્યગ્દર્શન થશે, સમ્યગ્જ્ઞાન થશે અને ભવનો અંત આવશે. આહા..હા..! ભવથી ડરે, ભવથી ડરે. કોણ કો'ક કહેતું હતું. ભવનો ડર. ભવનો ડર હોવો જોઈએ. આજે સવારે આવ્યા હતા ને ?

હે ભગવાન ! તારી ચીજ એવી ને એવી તાજી પડી છે. આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન પડી છે, પ્રભુ ! એકવાર પ્રસન્ન થઈ જા. આહા..હા..! આ ચીજ ! એને કદી મેં નજરમાં લીધી નહિ, નજરે નિહાળી નહિ. મારી નજર પરમાં રોકાઈ ગઈ. આહા..હા..! ભગવાન સમીપમાં બિરાજે છે. આહા..હા..! પ્રભુ તો પર્યાયની સમીપમાં બિરાજે છે. આહા..હા..! ત્યાં નજરને, મતિને, શ્રુતને લઈ જાને, ભાઈ ! આહા..હા..! એને જ્ઞેય બનાવી દે. તારી પર્યાયમાં ત્રિકાળી ભગવાનને જ્ઞેય બનાવ. અને ત્રિકાળીને ધ્યાનનો વિષય બનાવ. આહા..હા..! તો તને કુતૂહલ થશે. અંદર આનંદ છે એવું તને ભાન થશે. આહા..હા..! ભાઈ ! તમારો એક નાનો આવ્યો છે ને ? ક્યાં ગયો ? ગયો ? જુવાનીમાં તો પહેલું રળવાનું હોય ને. મરી જાય. આહા..હા..!

**'હું મુક્ત જ છું. મારે કંઈ જોઈતું નથી. હું પરિપૂર્ણ દ્રવ્યને પકડીને બેઠો છું.'– આમ જ્યાં અંદરમાં નક્કી કરે છે, ત્યાં અનંતી વિભૂતિ અંશે પ્રગટ થઈ જાય છે. ૨૪૫.**

૨૪૫મો બોલ.

**'હું મુક્ત જ છું.'** રાગના સંબંધમાં બંધપણું મારામાં છે જ નહિ. આહા..હા..! સંબંધ. રાગના સંબંધરૂપી બંધ મારામાં નથી. હું તો... આહા..હા..! **'મુક્ત જ છું.'** રાગથી ભિન્ન મારી ચીજ મુક્ત છે. ભગવાન મુક્તસ્વરૂપ છે. આહા..હા..! અબંધસ્વરૂપી કહ્યું ને ? ૧૪-૧૫મી ગાથામાં. **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** જે કોઈ અબદ્ધસ્પષ્ટ આત્માને દેખે,... અબદ્ધ કહો કે મુક્ત કહો. આહા..હા..! **'હું મુક્ત જ છું.'** આહા..હા..! રાગનો સંબંધરૂપી બંધ મારામાં છે જ નહિ. આહા..હા..! હું તો પરમાનંદ સ્વભાવના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સંબંધવાળો હું છું. એ તો મુક્ત છે. આહા..હા..! અરે..રે..! આવી વાત ક્યાં ? મૂળ વાત. શિક્ષણ શિબિર કાઢવાના છે. ભાઈ ! એક આવ્યું છે. ઓલી છે ને આર્યા ? શિક્ષણ શિબિરમાં ઉપાદાન-નિમિત્તની વાત કરવી છે. અહીંની વિરુદ્ધનું. ઉપાદાન-નિમિત્તની ચર્ચા કરશે કે નિમિત્તથી થાય. પાંચ બોલ છે, છ બોલ છે. આહા..હા..! નિશ્ચય-વ્યવહાર, એનું ત્યાં શિક્ષણ શિબિરમાં શિખવાડશે. અને પંચમ આરાના છેડા સુધી ભાવલિંગી મુનિ છે. એની શિખામણ દેશે. અરે..! ભગવાન ! આહા..હા..!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો કહ્યું, કે ગમ્ય ક્ષેત્રમાં તો અમને કોઈ દેખાતા નથી. અગમ્ય ક્ષેત્રમાં કોઈ હોય તો હોય. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બસ્સો વર્ષ પહેલા. ભાઈ 'દિપચંદજી'એ કહ્યું હતું.

મુમુક્ષુ :– એમાં તો બધાની વાત કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધાની. આગમ અનુસારમાં મને કોઈની શ્રદ્ધા દેખાતી નથી. આહા..હા..! અને જ્યારે મુખથી કથન કરું છું તો સાંભળતા નથી. માટે લખી જાઉં છું. આહા..હા..! અહીં કહે છે, '**હું તો મુક્ત જ છું.**' વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્ય સ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે પણ કાયમ દ્રવ્ય સ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળ દશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દ્રષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ અને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલા પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા છે. અહીં હજી આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય છે. અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત-પ્રગટ ઊર્ધ્વતા થાય છે. 'પરમાગમસાર' બોલ નં. ૩૯૯.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



## ભાદરવા સુદ ૧૪, શુક્રવાર તા.૧૫-૦૯-૧૯૭૮.
## વચનામૃત–૨૪૫ થી ૨૪૯, પ્રવચન–૯૫

'વચનામૃત'. ૨૪૫મો બોલ.

**'હું મુક્ત જ છું.'** આહા..હા..! 'સમયસાર'ની ૧૪-૧૫મી ગાથા કહ્યું છે ને ? કે પ્રભુ ! તું અબદ્ધ છો. આહા..હા..! રાગ સાથે તારે સંબંધ છે જ નહિ. કર્મ સાથે તો છે જ નહિ. આહા..હા..! તારી ચીજ રાગના સંબંધ વિનાની અબદ્ધ ચીજ છે. અબદ્ધ કહો કે મુક્ત કહો. આહા..હા..! **'હું મુક્ત જ છું.'** અરે..! આ વાત ! દૃષ્ટિમાં જ્યારે દ્રવ્ય લક્ષમાં લીધું તો દ્રવ્ય મુક્ત જ છે. આહા..હા..! જુઓ ! આ પુસ્તકના એક સાથે ૪૦૦ ગ્રાહક આવ્યા છે. એક સાથે ૪૦૦ મગાવ્યા છે. મહારાષ્ટ્ર. આપણા વીસ લાખ પુસ્તક છપાણા. પણ આ... એય..! ભાઈ ! આહા..હા..! ભાઈ ! મધ્યસ્થી જરી વાંચે અને વિચારે તો એને મૂળ ચીજ શું છે એ હાથ લાગે. આહા..હા..! ભગવાન આત્મા... એ વાત તો અત્યારે ચાલતી નથી. અત્યારે તો ક્રિયા કરો, આ કરો, આ કરો. કરી કરીને મરી ગયો.

અહીંયા તો પરમાત્મા ત્રિલોકનાથ, જિનેશ્વરદેવે કહ્યું. એ આપણે આવે છે ને, ભાઈ ! **'मुक्त एव'** સર્વવિશુદ્ધ અધિકાર. **'मुक्त एव'** કળશમાં આવે છે. આહા..હા..! ભગવાન આત્મા રાગનો કર્તા અને રાગનો ભોક્તા નથી. એવી એ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? દયા, દાન, વ્રતનો રાગ છે એ રાગ છે. એને કર્તા માનવો એ ચીજની વિરુદ્ધ દૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત. ભગવાન આત્મા ચૈતન્યકંદ પ્રભુ ! પરમેશ્વર જિનેશ્વરદેવ એમ કહે છે. આહા..હા..! અરે..! તેં કદી સાંભળ્યું નથી, ભાઈ ! ભગવાન અંદર વસ્તુ રાગથી, કર્મથી, શરીરથી, ભિન્ન પોતાનો સ્વભાવ અંદર મુક્તસ્વરૂપ છે. આહા..હા..! એવી દૃષ્ટિએ જ્યારે દ્રવ્યને પકડી લીધું... આહા..હા..! અરે..! દ્રવ્ય કોને કહે ? આ કરોડપતિમાં આ ધૂળમાં ત્યાં સલવાઈ ગયા. બે કરોડ, અઢી કરોડ અને ધૂળ કરોડ. અર..ર..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :- આપે એમાંથી છોડાવ્યા ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હવે છોડવાનો ભાવ છે. હજી તો ત્યાં વળગ્યા છે. આહા..હા..! અરે..! પૈસા તો ક્યાં રહ્યા, પ્રભુ ! એ કાંઈ તારી ચીજ નથી. એ તો જડ છે ને. આઠ કર્મ જે અંદર પડ્યા છે એ અજીવ જડ છે. એ તારી ચીજમાં ક્યાં છે ? જીવમાં અજીવ કેમ હોય ? પ્રભુ ! એ તો ઠીક. પણ શુભ-અશુભરાગનો ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો, એ રાગ જીવસ્વરૂપમાં ક્યાં છે ? આહા..હા..! ભગવાન તો રાગથી મુક્ત છે પ્રભુ અંદર. અરે..! કેમ બેસે ? બાયડી, છોકરા અને કુટુંબ તો ધૂળ ક્યાંય રહી ગઈ, એ તો માટી છે. ભાઈ ! તને ખબર નથી. તું અંદર ચીજ શું છો ?

ત્રિલોકનાથ પરમાત્માની વાણી છે એ વાણીનો આ સાર છે. આહા..હા..! '**હું તો મુક્ત જ છું.**' આહા..હા..! વર્તમાન રાગ અને અવસ્થાની દૃષ્ટિ છોડીને... અહીં દ્રવ્યદૃષ્ટિનો પ્રશ્ન છે. આહા..હા..! વસ્તુ જે ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદનો કંદ પ્રભુ અંદર.. આહા..હા..! એ તો મુક્તસ્વરૂપ છે, પ્રભુ ! તને ખબર નથી. અને મુક્ત ન હોય તો મુક્તિની પર્યાય ક્યાંથી આવશે ? સિદ્ધપદની પર્યાય ક્યાંથી આવશે ? આહા..હા..! કહો, આ વચનામૃત વાંચ્યું છે કે નહિ ? થોડું વાંચ્યું કે એકવાર ? ક્યાં ગયા બીજા તમારા ? ત્યાં બેઠા છે. બાપા તો ચાર વાર વાંચી ગયા છે, ખબર નથી ? ચાર વાર વાંચ્યું છે. આહા..હા..! પણ પૈસામાં ઘૂસી જાય, મારી નાખે. એમાં વળી પાંચ-દસ-પચ્ચીસ લાખની પેદાશ હોય. મરી ગયો, આત્માને મારી નાખ્યો. એ જડની ચીજને મારા માનીને... આહા..હા..! પ્રભુ ! ચૈતન્યમૂર્તિ મુક્ત સ્વરૂપને નકાર કર્યો. એ આ નહિ. હું તો આ છું. આહા..હા..!

સવારમાં આવ્યું હતું. રાગ અનાત્મા છે અને પ્રભુ તો આત્મા ભિન્ન છે. એ તો ભિન્ન જ રહ્યો છે. પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..! એકવાર પ્રસન્ન થા. આહા..હા..! સવારમાં આવ્યું હતું. નહિ ? આ તો માટી, ધૂળ, જડ છે. એ તો આત્મામાં છે જ નહિ અને આત્મા એમાં નથી. આ તો માટી-ધૂળ છે. આહા..હા..! અંતરમાં જે પુણ્ય અને પાપના વિકલ્પો, રાગાદિ વૃત્તિ આવે છે. ભગવાનની ભક્તિ, દયા, વ્રત, અરે..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એવા પરિણામ, એ બધા પુણ્ય-પાપના ભાવ, પ્રભુ એ આત્મતત્ત્વમાં નથી. એ આત્મતત્ત્વ એથી ભિન્ન છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સમકિતી ધર્મી જીવ, પ્રથમ દરજ્જાનો ધર્મી, પહેલી સીઢીનો ધર્મી, પંચમ અને મુનિની દશા તો ઓર છે. એ તો અત્યારે છે નહિ. આહા..હા..! પણ અહીંયા તો વર્તમાન ભગવાન મુક્ત સ્વરૂપ હું તો છું. આહા..હા..! જે ચીજ વસ્તુ છે. દ્રવ્ય એટલે પદાર્થ પ્રભુ આત્મતત્ત્વ છે, એ તો રાગથી નિર્લેપ ભિન્ન ચીજ છે. આહા..હા..! આવી વાત કેમ બેસે ? આખી જિંદગી પાપના પોષણ (કર્યા). ૨૨ કલાક, ૨૩ કલાક દુકાન, બાયડી, છોકરા... મારી નાખ્યો જીવને. આહા..હા..!

અહીં તો કહે છે, એકવાર સાંભળ તો ખરો, પ્રભુ ! તારા ચોરાશીના જન્મમરણના આંટા કરતા કરતા પ્રભુ તને વિશ્રામ મળ્યો નથી, થાક ન લાગ્યો. ધર્મી જીવે એવો પહેલા અનુભવ કરવો, જેને ધર્મ કરવો છે એને. આહા..હા..! **'હું મુક્ત જ છું.'** આહા..હા..! અબદ્ધ કહો કે મુક્ત કહો. ૧૪-૧૫મી ગાથામાં આવે છે ને ? અબદ્ધ. ભગવાન એમ કહે છે કે આત્મા અબદ્ધ છે. એનો જે અનુભવ કરે, એ જૈનશાસન છે. આહા..હા..! અહીં તો ક્યાંનું ક્યાં મનાવીને બિચારા જિંદગી કાઢી નાખે છે. અહીંયા કહે છે, એકવાર પ્રભુ ! તારું મુક્તસ્વરૂપ અંદર છે. આહા..હા..! એ દ્રવ્ય–વસ્તુ જે છે એના ઉપર દૃષ્ટિ લગાવી દે. તો તને મુક્તસ્વરૂપ છે એમ પ્રતીત થશે. આહા..હા..!

**'મારે કંઈ જોઈતું નથી.'** સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો, ધર્મના પહેલા પગથિયાવાળો, હોં ! આહા..હા..! એને ધર્મી કહીએ. હું તો મુક્તસ્વરૂપ છું. **'મારે કંઈ જોઈતું નથી.'** આહા..હા..! લક્ષ્મી, શરીર, સ્ત્રી, કુટુંબ તો નથી જોતા પણ મને રાગ પણ નથી જોઈતું. આહા..હા..! કેમ કે મારી ચીજમાં નથી એ ચીજ મારે નથી જોઈતી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું માણસને (આકરી લાગે). આ તે ભગવાનનો માર્ગ આવો હશે ? અમે તો અત્યાર સુધી આ કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, સામાયિક કરવી, પડિક્કમણા કરવા એવું સાંભળ્યું છે. હવે સાંભળ્યા, એ અજ્ઞાન બધા છે. આહા..હા..! રાગને કરું ને આને કરું, એમાં મરું, આત્માને મારી નાખ્યો છે. આહા..હા..! ભગવાન મુક્તસ્વરૂપને રાગના કર્તાપણે માનવો... આહા..હા..! એ તો જૈન નથી, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

જૈનશાસન કહ્યું ને ? **'હું મુક્ત જ છું,...'** અબદ્ધ છું. એવું દૃષ્ટિમાં, અનુભવમાં, શુદ્ધોપયોગમાં આવવું, એ જૈનશાસન છે, એ જૈનધર્મ છે. આહા..હા..! **'મારે કંઈ જોઈતું નથી.'** એ દયા, દાનનો વિકલ્પ આવે છે એ પણ મને ન જોઈએ. મારી ચીજ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! હું તો રાગના સંબંધથી, બંધથી રહિત, સંબંધથી, બંધથી રહિત (છું). આહા..હા..! એવી સમ્યગ્દષ્ટિની દૃષ્ટિમાં હું મુક્તસ્વરૂપ છું. **'મારે કાંઈ જોઈતું નથી.'** આહા..હા..!

**'હું તો પરિપૂર્ણ દ્રવ્યને પકડીને બેઠો છું.'** આહા..હા..! ઝાડના મૂળ જેમ પકડીને બેસે, એમ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ ! જેનો સ્વભાવ અબદ્ધ અને મુક્ત (છે,) એવા ધર્મી એમ જાણે છે કે એ તો હું એને પકડીને બેઠો છું. ભાઈ ! આ વાત આવી છે. આહા..હા..! આ કઈ જાતનો ઉપદેશ ? બાપુ ! આ વીતરાગમાર્ગ છે. જિનેશ્વર ત્રણ લોકના નાથ. આ જિનનો આ માર્ગ, ભાઈ ! એ માર્ગ તેં સાંભળ્યો નથી. આહા..હા..! બહારની હોંશમાં ને હોશમાં તેં આત્માને મારી નાખ્યો. આહા..હા..! તારી હોંશ તને ન આવી. તારી અંદરમાં વસ્તુ છે એની પ્રીતિ થઈ નહિ. આહા..હા..! બહારના પ્રેમમાં તારી ચીજ લૂંટાઈ ગઈ, પ્રભુ ! આહા..હા..! સમજાણું કાંઈ ?

**'મારે કંઈ જોઈતું નથી. હું તો પરિપૂર્ણ દ્રવ્યને...'** એ કેમ બેસે પણ ? આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા જે છે, એ તો એક સમયની પર્યાયથી ભિન્ન પરિપૂર્ણ છે. આહા..હા..! હવે કોઈ દિ' સાંભળ્યું ન હોય એને બેસે (કઈ રીતે) ? અનંતકાળથી મજુરી કરી કરીને મરી ગયો. આહા..હા..! કહો, આ અનાદિથી મજુરી કરે છે, હોં ! આ બાયડી, છોકરા ને અર..ર..! મોટો મજુર છે. મોટો મજુર. મજુર તો હજી આઠથી... સવારમાં આઠથી બાર–ચાર કલાક કામ કરે અને બેથી છ કલાક. અને આ તો મોટો મજુર. એય..! સવારથી ભલે બે-પાંચ કરોડ રૂપિયા ભેગા હોય પણ મોટો મજુર. આહા..હા..! એ તો ગડમથલ કર્યા કરે. આ કરું... આ કરું.. આ કરું... શું છે પણ ? આહા..હા..! પ્રભુ ! તું કોણ છે ? ક્યાં છે ? ધર્મી આવી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પકડીને બેસે.. આહા..હા..!

**'આમ જ્યાં અંદરમાં નક્કી કરે છે,...'** શું ? સમ્યગ્દર્શનમાં હું તો ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છું, પરિપૂર્ણ છું. એવું પકડીને હું બેઠો છું. એમ સમ્યગ્દૃષ્ટિને આહા..હા..! અંતરમાં નિર્ણય કરે છે. અંતરમાં નિર્ણય કરે છે. રાગથી ભિન્ન થઈને પરિપૂર્ણ પરમાત્મ વીતરાગમૂર્તિ જ પ્રભુ આત્મા અંદર છે. આહા..હા...! એને પકડીને... આ..હા..! નિર્ણય કરે છે. **'આમ જ્યાં અંદરમાં નક્કી કરે છે, ત્યાં અનંતી વિભૂતિ અંશે પ્રગટ થઈ જાય છે.'** આહા..હા..! સમ્યગ્દર્શનમાં અનંત જેટલા ગુણ છે, એનો એક અંશ વિભૂતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પર્યાયમાં (પ્રગટ થઈ જાય છે). હજી પર્યાય શું, દ્રવ્ય શું ? શબ્દો પણ સાંભળ્યા ન હોય. આવા ને આવા પાપના મોટા મજુર. સમજાણું કાંઈ ?

અહીં કહે છે, તારી પર્યાયમાં... આહા..હા..! જ્યારે એ દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ પ્રભુ (છું), એવી પકડ થઈ તો પર્યાય નામ વર્તમાન દશામાં, અનંતી વિભૂતિપણું આત્મામાં પડ્યું છે, એ અનંતી વિભૂતિનો એક અંશ પર્યાયમાં વ્યક્ત તારા અનુભવમાં આવશે. આહા..હા..! આ તમારી બધી ધૂળની વિભૂતિ નહિ.

મુમુક્ષુ :– ફર્નિચર...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ફર્નિચર ધૂળ છે. મેં એકવાર કહ્યું હતું. 'મુંબઈ' ગયા હતા. આપણા એક ભાઈ છે. તેની પાસે પાંચ-છ કરોડ રૂપિયા. ત્યાં આહાર કરવા ગયા હતા. ભાઈ છે. કોઈક વાર વ્યાખ્યાનમાં આવે છે. ઘણા પૈસા પાંચ-છ કરોડ છે. 'એડન'માં મોટી દુકાન છે. પૈસા ઘણા પેદા (કર્યા છે). આહાર કરવા ગયા ત્યાં રૂમ ઘણા અને બધે પગલા કરાવ્યા. પગલા કરાવ્યા ત્યાં બધે મખમલ પાથરેલો. પાંચ લાખ રૂપિયાનું તો ફક્ત ફર્નિચર હશે. મને તો એ વખતે એ વિચાર આવ્યો કે અરે..રે..! આમાંથી આને નીકળવું ભારે કઠણ પડશે. આ તમારું ફર્નિચર હોય ને ? આહા..હા..! ભાઈ ! તારું ફર્નિચર તો અંદર પડ્યું છે. અનંત જ્ઞાન-દર્શન-આનંદનો ધણી તું અંદર પડ્યો છે, ભાઈ ! તને ખબર નથી. આહા..હા..!

**'અંશે પ્રગટ થઈ જાય છે.'** 'શ્રીમદે' એમ કહ્યું, કે 'સર્વ ગુણાંશ તે સમકિત.' એ આ વાત છે. સમ્યગ્દર્શનમાં ધર્મની પહેલી સીઢી, એમાં પૂર્ણાનંદના નાથની પ્રતીત અને અનુભવ થયો. હું મુક્ત સ્વરૂપ છું, મને કાંઈ જોઈતું નથી, એમ અનુભવમાં નિર્ણય થતાં એ અનંતી જેટલી શક્તિ–ગુણ છે એ બધાનો એક અંશ વર્તમાન પર્યાયમાં વ્યક્ત પ્રગટ થઈ જાય છે. આ કઈ જાતની ભાષા ! ગ્રીક-લેટીન જેવી ભાષા. બાપુ ! વીતરાગ માર્ગ, એ જિનેશ્વરનો માર્ગ કોઈ જુદો છે, ભાઈ ! અત્યારે તો સંપ્રદાયમાં એ વાત છે નહિ. એ તો જોયો છે ને આખો સંપ્રદાય. આહા..હા..! બધી મિથ્યાત્વની વાતું, આ કરો.. આ કરો.. આ કરો... આહા..હા..! અરે..! પ્રભુ ! સાંભળ તો ખરો. કરે કોણ ?

રાગરહિત જ્યાં જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! આહા..હા..! આંખમાં જેમ રજકણ પણ ખટકે... આહા..હા..! એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ (છું) એવો અનુભવ થયો, એને રાગ પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ખટકે છે. આહા..હા..! કહે છે કે અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણ સ્વરૂપનો અનુભવનો નિર્ણય થયો, તો જેટલા ગુણ છે, શક્તિ છે (તે વ્યક્ત થઈ જાય છે). પણ એ ગુણ શું ? દ્રવ્ય શું ? પર્યાય શું ?

મુમુક્ષુ :– એવી કાંઈ અમને ખબર નહોતી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધા મોટા મજુર. હવે નિવૃત્ત થવા માગે છે. એય..! ઓલાએ આઠ લાખ ખર્ચ્યા ને, જાણે અમે બહુ કર્યું. તે દિ' જ કહ્યું હતું એને. 'બેંગ્લોર'માં એણે મંદિર બનાવવા આઠ લાખ રૂપિયા આપ્યા. આઠ લાખ એણે અને ચાર લાખ ઓલો 'મુંબઈ'નો છે ને. મહાવીર માર્કેટ છે ને? 'મુંબઈ'માં કરોડપતિ. એ સ્થાનકવાસી છે, આ શ્વેતાંબર દેરાવાસી છે. આણે આઠ લાખ આપ્યા અને એણે ચાર લાખ આપ્યા. 'બેંગ્લોર' બાર લાખનું મોટું મંદિર કર્યું છે.

મુમુક્ષુ :– બહુ સરસ બન્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ એ વખતે કહ્યું હતું, કે આ બધું બન્યું, તારા ભાવ હતા એ કોઈ ધર્મ નથી.

મુમુક્ષુ :– ધર્મ ન હોય તો કાંઈ નહિ, પ્રસિદ્ધિ તો છે ને કે મંદિર થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રસિદ્ધિમાં શું છે ? આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એણે તો ત્યાં આઠ લાખ ખર્ચ્યા અને સોળ દિ'માં ચાલીસ લાખ વધ્યા. કારણ કે બે કરોડનું સ્ટીલ એની પાસે પડ્યું હતું. બે કરોડનું સ્ટીલ. અને હું ત્યાં રહ્યો એટલે એટલા દિવસ ધંધો બંધ હતો. ભાવ વધી ગયા. આઠ લાખ ખર્ચ્યા અને ચાલીસ લાખ વધી ગયા. એનો મિત્ર કહેતો હતો. આપણે ક્યાં (પૂછવા ગયા હતા), સાંભળ્યું હોય. ધૂળમાં પણ, પ્રભુ ! તું ક્યાં ગયો ? એ વિષ્ટાના ઢગલે તું બેસવા ગયો, પ્રભુ ! અમૃતનો સાગર ભગવાન અંદર, જ્યાં વિશ્રામ ઠામ, નિજધામ (છે) ત્યાં તારી નજરું નથી. આહા..હા..!

એ આત્મા વસ્તુ પૂર્ણ, અબંધ અને મુક્ત છે એમ જ્યારે સમ્યગ્દર્શનમાં પકડ થઈ, તો જેટલા ગુણની સંખ્યા છે, એ બધા ગુણનો અંશ પર્યાયમાં વ્યક્ત વેદનમાં આવે છે. એ સર્વગુણાંશ તે સમકિત. આહા..હા..! અહીં તો સમકિત દેવ-ગુરુ-શાસ્ત્રને માનો એ સમકિત. જાઓ. હવે વ્રત લઈ લ્યો. ધૂળમાં પણ નથી, મરી જઈશ. સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કાંઈ ? અરે..! પ્રભુ ! વીતરાગ ત્રણ લોકનો નાથ પોકાર કરે છે. આહા..હા..! ઇન્દ્રો અને નરેન્દ્રોની સમક્ષ પ્રભુ બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, ત્યાં પ્રભુ બિરાજે છે. એ ઇન્દ્રની સભામાં આમ કહેતા હતા. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'અનંતી વિભૂતિ અંશે પ્રગટ થઈ જાય છે.'** આહા..હા..! એ ૨૪૫ (બોલ પૂરો થયો).

> **ચક્રરત્ન આયુધશાળામાં પ્રગટ થયું હોય પછી ચક્રવર્તી નિરાંતે બેસી ન રહે, છ ખંડ સાધવા જાય; તેમ આ ચૈતન્યચક્રવર્તી જાગ્યો, સમ્યગ્દર્શનરૂપી ચક્રરત્ન પ્રાપ્ત થયું, હવે તો અપ્રમત્ત ભાવે કેવળજ્ઞાન જ લે. ૨૪૬.**

૨૪૬મો બોલ.

**'ચક્રરત્ન આયુધશાળામાં પ્રગટ થયું હોય...'** ચક્રવર્તી હોય છે ને ચક્રવર્તી ? 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' એ ચક્રવર્તી હતા, તીર્થંકર હતા, કામદેવ પુરુષ હતા. એને જ્યારે આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થાય છે **'પછી ચક્રવર્તી નિરાંતે બેસી ન રહે,...'** આહા..હા..! શું કહે છે ? ચક્રવર્તી જ્યારે આયુધશાળામાં ચક્ર જોવે. એક હજાર દેવ તો સેવા કરે. આહા..હા..! 'ઋષભદેવ' ભગવાન મોક્ષ પધાર્યા. એ ભરત ચક્રવર્તીને ખબર પડી અને આ એક ખબર પડી કે ચક્રરત્ન પાક્યું છે. સમજાણું કાંઈ ? આહા..હા..! પહેલા ભગવાનનું સ્મરણ કરો, યાદ કરો. અહીં એમ કહે છે, કે ચક્રરત્ન જ્યાં પાક્યું, એ ચક્રવર્તી હવે છ ખંડ સાધ્યા વિના રહે નહિ. છે ?

**'પછી ચક્રવર્તી નિરાંતે બેસી ન રહે,...'** આહા..હા..! **'છ ખંડ સાધવા જાય;...'** છ ખંડને સાધવા જાય. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ભગવાન આત્મજ્ઞાની છે. રાગથી ભિન્ન અનુભવ છે. આહા..હા..! છતાં એટલો રાગ આવે છે. આહા..હા..! ચક્રવર્તીનું ચક્ર જોયું, ત્યાં એકદમ ચાલો છ ખંડ સાધવા. **'તેમ આ...'** એ તો દૃષ્ટાંત થયું.

**'આ ચૈતન્યચક્રવર્તી...'** ભગવાન ચૈતન્યચક્રવર્તી. અરે..! ભગવાન કહેતા રાડ નાખે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એ. અરે..! અમે ભગવાન ! અરે..! પ્રભુ ! સાંભળ તો ખરો પણ. તારી ચીજ ભગવાનસ્વરૂપ જ અંદર છે તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? પર્યાયની દૃષ્ટિએ તારી ચીજને તેં ઓજલ કરી નાખી છે. આહા..હા..! તારી ચીજ એક સમયની પર્યાય જે વિચાર આદિ, રાગાદિ ચાલે છે, એની સમીપમાં પ્રભુ આખું આત્મતત્ત્વ બિરાજે છે. આહા..હા..! એ ભગવાનસ્વરૂપ છે. અરે..રે..! કેમ બેસે ? બે બીડી સીગારેટની સરખી પીવે ત્યારે પાયખાને દિશા ઉતરે ભાઈસાહેબને. આવા તો અપલક્ષણ એના. એને આમ કહેવું. એને એમ કહે, તું ભગવાન. હાય..હાય.. કયે ગજે માપ કરે ? ગજ ન મળે. આહા..હા..! ભાઈ ! તને ખબર નથી, પ્રભુ !

ત્રિલોકનાથ જિનેશ્વરદેવની એ આજ્ઞા, કે જેને સમ્યગ્દર્શન પ્રગટ્યું... આહા..હા..! છે ? **'ચૈતન્યચક્રવર્તી જાગ્યો, સમ્યગ્દર્શનરૂપી ચક્રરત્ન પ્રાપ્ત થયું,...'** આહા..હા..! હજી ચોથું ગુણસ્થાન, હોં ! શ્રાવકને પાંચમું, આ શ્રાવક વાડાના એ કોઈ શ્રાવક નથી. એ તો બધા સાવજ છે. આ તો અંતર...

મુમુક્ષુ :- વાડામાં તો બકરા હોય...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાડામાં બધા બકરા જ છે. ઘેંટા છે. અહીં તો એ વાત છે, બાપુ ! અહીં માખણ-બાખણ નથી. આહા..હા..! ઘેંટા જેમ એકને દેખીને એકનું અનુકરણ કરે, પછી ખાડામાં પડે તો એનું અનુકરણ કરીને ત્યાં બધા પડે. એમ અજ્ઞાની જે રાગની ક્રિયા કરતા હોય એનું અનુકરણ કરતા કરતા (કલ્યાણ માને છે) એ ઘેંટા જેવા છે. આહા..હા..!

ચક્રવર્તીને જેમ ચક્ર પાકે અને નિરાંતે ન બેસે, એમ **'સમ્યગ્દર્શનરૂપી ચક્રરત્ન પ્રાપ્ત થયું,...'** આહા..હા..! ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ મુક્તસ્વરૂપ, એવી નિર્ણય, દૃષ્ટિ અનુભવમાં થઈ.. આહા..હા..! **'હવે તો અપ્રમત્ત ભાવે કેવળજ્ઞાન જ લે.'** એ તો અંતરમાં લીન થઈને અપ્રમત ભાવમાં આવીને કેવળજ્ઞાન લેશે. આહા..હા..! જેમ એ છ ખંડ સાધે છે, એમ સમ્યગ્દર્શન પ્રગટ થયું, એ કેવળજ્ઞાન પ્રગટ કરી લેશે. આવી વાતું હવે. કરવાનું શું પણ આમાં ? એય...!

કરવાનું એ છે, પ્રભુ ! અંદર વસ્તુ જે છે પરમાત્મા ત્રિલોકનાથે અંદર દીઠી છે. આત્મતત્ત્વ જે લહલહતો અનંત ગુણનો પિંડ, પ્રભુ ! એને જેણે સમ્યગ્દર્શન દ્વારા પકડ્યો.. આહા..હા..! ધર્મની શરૂઆત જેને પ્રગટ થઈ એ સમ્યગ્દર્શનરૂપી ચક્રરત્ન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પાક્યું, હવે એ ચક્રરત્ન પછી છ ખંડ સાધ્યા વિના રહે નહિ. એમ ચક્રવર્તી ચક્ર આત્માને પાક્યું એ અપ્રમત્તદશા ને કેવળજ્ઞાન લીધા વિના રહે નહિ. આહા..હા..! આ તો બધી વાતું ફેર. **'કેવળજ્ઞાન જ લે.'** એ ૨૪૬ (બોલ પૂરો થયો).

કેટલોક તો શાસ્ત્રની ભાષાનો અભ્યાસ હોવો જોઈએ. આ તો કૉલેજ છે. તીર્થંકર ત્રણ લોકના નાથની કૉલેજ છે. ભાઈ ! આ તો એનું તાત્પર્ય આખા સારની કોલેજ છે. એટલે કંઈક શાસ્ત્રભાષા (આવડવી જોઈએ). દ્રવ્ય શું ? ગુણ શું ? પર્યાય શું ? વિકાર શું ? નવ તત્ત્વ સાંભળીને જેને વિચાર પણ નથી આવતો. એને આ અબદ્ધ છે, મુક્ત છે એ શું છે ? કઈ દેશની ભાષા ? આ તે કાંઈ જૈનધર્મ હશે ? અમે તો જૈનધર્મમાં આ સમજીએ કે સામાયિક કરવી, પોહા કરવા, પડિક્કમણા કરવા, કંદમૂળ ન ખાવા, બ્રહ્મચર્ય છ પરબી પાળવું, રાત્રે ચોવિહાર (કરવો). આહા..હા..! બાપુ ! એ બધી ક્રિયાઓ રાગની છે. તને ખબર નથી. એ તો સંસારની વૃદ્ધિનું કારણ છે. આહા..હા..!

અંદરમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એનો અનુભવમાં નિર્ણય થવાથી પૂર્ણ પદની પ્રાપ્તિ કર્યા વિના રહેતો નથી. બીજ ઊગી એ પૂનમ થશે જ થશે. આહા..હા..! બીજ-બીજ. એમ ભગવાન આત્માનું સમ્યગ્દર્શનરૂપી બીજ ઊગી... આહા..હા..! જાગ્રત થયો, ભગવાન ! દયા, દાન રાગાદિના વિકલ્પ છે એમાં અજ્ઞાની અનાદિથી એકત્વબુદ્ધિથી સૂતો છે. એ એકત્વને તોડીને સ્વભાવની એક્તા જ્યાં કરી, તો અનંત ગુણની પર્યાય વ્યક્ત પ્રગટ થઈ ગઈ. આહા..હા..! કઈ જાતની અવસ્થા ? બાપુ ! વીતરાગમાર્ગ, જિનેશ્વરનો માર્ગ અત્યારે તો લોકોએ લોપ કરી નાખ્યો છે. એમ માની બેઠા છે કે અમે જૈન છીએ. ધૂળેય જૈન નથી. જૈન કોને કહેવા એની ખબર જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– હવે ઘણું બહાર આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે. અનંતકાળમાં ન થયું હોય એવું, ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન, તે જ અલૌકિક દર્શન છે. સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે. ૨૪૭.**

૨૪૭મો બોલ.

**'આત્માસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે.'** આહા..હા..! ભગવાનના દર્શન, સાધુના દર્શન એ તો બધા શુભભાવ, પુણ્ય છે. ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? **'આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે.'** ભગવાન શુદ્ધ ચૈતન્યઘન પર્યાયમાં સાક્ષાત્ પ્રગટ થાય છે. આહા..હા..! આત્માનો સાક્ષાત્ થવો, પર્યાયમાં એના દર્શન થવા... આહા..હા..! વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં-આત્માના દર્શન થવા... આહા..હા..! ચૈતન્યચક્રવર્તી ભગવાન બાદશાહ, સમ્યગ્જ્ઞાનમાં એના દર્શન થવા એ અપૂર્વ છે. એ કદી કરી નથી એવી અપૂર્વ ચીજ છે. આહા..હા..! બાકી તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તો અનંતવાર કરી. એમાં કોઈ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

આત્મસાક્ષાત્કાર-રાગથી ભિન્ન આત્માનો અનુભવ (થવો) કે આ આત્મા પૂર્ણ આનંદ છે એવું ભાન (થવું) એ અપૂર્વ દર્શન છે. એ તો અપૂર્વ દર્શન છે. પૂર્વે કદી નથી કર્યા. અનંત... અનંત... અનંત કાળ (થયો). મુનિ દિગંબર સંત પણ અનંતવાર થયો પણ આત્માના દર્શન ન કર્યા. સમજાણું કાંઈ ? ભારે વાતું, ભાઈ ! **'અનંતકાળમાં ન થયું હોય એવું,...'** અનંતકાળમાં ન થયું હોય એવા **'ચૈતન્યતત્ત્વમાં જઈને....'** ભગવાન જ્ઞાયકસ્વરૂપ, એમાં જઈને **'જે દિવ્ય દર્શન,...'** થયા. આત્માના દિવ્ય દર્શન થયા... આહા..હા..! **'તે જ અલૌકિક દર્શન છે.'** આહા..હા..!

આમ તો ભગવાનના દર્શન પણ અનંતવાર કર્યા. સાક્ષાત્ ત્રણ લોકના નાથ તીર્થંકર, સમવસરણમાં ભગવાન બિરાજે છે ત્યાં મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે. મનુષ્યક્ષેત્રના ૪૫ લાખ યોજનમાં એક કણ પણ ખાલી નથી જ્યાં અનંતવાર જન્મ્યો અને મર્યો નથી. અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ... મહાવિદેહક્ષેત્રમાં પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનંતવાર જન્મ્યો અને મર્યો છે. જ્યાં તીર્થંકરની હાજરી સદાય હોય છે. આહા..હા..! એ ભગવાનના સમવસરણમાં પણ ત્યાંથી અનંતવાર ગયો. પણ એ તો કોઈ શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! આત્મદર્શન ન કર્યા, પરના દર્શન કર્યા. આહા..હા..! સરસ્વતી ભગવાનની વાણી, લ્યો ને. એના દર્શન કર્યા, એમાં શું આવ્યું ? એ તો શુભભાવ છે. આહા..હા..! એ કોઈ આત્મદર્શન નથી. આહા..હા..!

**'ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન,...'** થયા. આહા..હા..! **'તે જ અલૌકિક દર્શન છે.'** લૌકિકથી (ભિન્ન) લૌકોત્તર આત્મદર્શન છે. **'સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ...'** આહા..હા..! શું કહે છે ? પાછળ મુનિપણું, કેવળજ્ઞાન, સિદ્ધદશા. ણમો સિદ્ધાણં પરમાત્માની સિદ્ધની દશા (પ્રગટે) એ **'સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે.'** આહા..હા..! એ તો શુદ્ધ ભગવાન આત્માનો અનુભવ (થયો) એમાં બધી પર્યાય પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? દેવ-ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ એ બધો રાગ છે. આહા..હા..! રાગથી સિદ્ધપદની પ્રાપ્તિ નથી થતી. આહા..હા..! આવું કરવું કઠણ. શુદ્ધાત્માનુભવ, પવિત્ર મુક્તસ્વરૂપ ભગવાનની અનુભૂતિ (થઈ)... આહા..હા..! એમાં સિદ્ધપદ આદિની પર્યાયો અંદર સમાય જાય છે. શુદ્ધાત્માનો અનુભવ કરતા કરતા સિદ્ધપદ થઈ જાય છે. એ શુદ્ધાત્માનો અનુભવ છે. કોઈ રાગની ક્રિયા કરતા કરતા થશે (એમ નથી). આહા..હા..! આવી વાતું ભારે ! સમજાણું કાંઈ ?

આત્મદર્શનથી સિદ્ધદશા સુધીની દશાની લબ્ધિ–પ્રાપ્તિ **'શુદ્ધાત્માનુભૂતિમાં...'** આહા..હા..! **'જઈને મળે છે.'** આહા..હા..!

**વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ તું જ છો. તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે. ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે; ત્યાં જ વિહાર કર. અનંતકાળનો વિસામો ત્યાં જ છે. ૨૪૮.**

૨૪૮મો બોલ.

**'વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ તું જ છો.'** આ વિશ્વમાં અદ્‌ભુત તત્ત્વ જે છે, તે તું

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આત્મા પોતે જ છે. આહા..હા..! દયા, દાન, ભક્તિ, વ્રત તત્ત્વ એ તો પુણ્ય વિકારી તત્ત્વ છે. પોતાની અંદર ચીજ છે એ અદ્ભુત ચીજ છે, એમ કહે છે. આહા..હા..! છે ? **'વિશ્વનું...'** જગતનું **'અદ્ભુત તત્ત્વ...'** આહા..હા..! એક સમયની પર્યાય વિનાનું ત્રિકાળી તત્ત્વ અદ્ભુત તત્ત્વ છે. આહા..હા..! સાદિ ભાષા, સરળ ભાષા. ત્યારે ઓલો ત્યાં... એ દેશમાં તો અમે ગયા પણ નથી. મહારાષ્ટ્ર કહેવાયને એ ? ત્યાં ગયા નથી. અહીં ગયા હતા.

મુમુક્ષુ :- જાલના.

પૂજ્ય ગુરુદેવશ્રી :- 'જાલના' ગયા નથી, પણ અહીં ગયા હતા. 'જલગાંવ'. 'જલગાંવ... જલગાંવ' ભાઈનું. ત્યાં ગયા છીએ. પણ એ બાજુ આવ્યું કહે છે. ત્યાંથી સો માઈલ છે. એમ ભાઈ કહેતા હતા. હવે આ પુસ્તક ત્યાં પહોંચ્યું. અને દિગંબર સાધુ, એણે... આહા..હા..! ચારસો પુસ્તક મગાવ્યા. આજે પત્ર આવ્યો. 'બહેનશ્રીના વચનામૃત' ચારસો મોકલો. લ્યો, એવું આ પુસ્તક છે. દિગંબર સાધુ દ્રવ્યલિંગી, હોં ! એ તો પોતે અમારું વાંચીને કહે છે કે અમે સાધુ નથી, અમે સાધુ નથી. આહા..હા..! આપ જે કહો છો એ ચીજ અમારી પાસે નથી. નગ્નમુનિ એ, હોં ! વસ્ત્રવાળા તો કોઈ મુનિ જ નથી. એ તો બધા મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ત્યાં તમારે એ છે ને ? કેવા ? ત્રણ .. વાળો. શ્વેતાંબરમાં છે. આ તો માર્ગ જુદો, ભાઈ ! આહા..હા..! સનાતન વીતરાગ દર્શન એ આ દિગંબર દર્શન છે. બાકી તો બધા વાડા બાંધીને ધર્મથી ભ્રષ્ટ થઈને નવા વાડા બાંધ્યા છે. આહા..હા..! આકરું લાગે, ભાઈ ! સત્ય કદી સાંભળ્યું નથી.

અહીં કહે છે, **'વિશ્વનું અદ્ભુત તત્ત્વ તું જ છો.'** ભગવાન એ નહિ. તું જ અદ્ભુત તત્ત્વ છે. આહા..હા..! ભગવાન આત્મા અદ્ભુત તત્ત્વ. આહા..હા..! ચૈતન્ય અમૃતનો સાગર ભગવાન અંદર. અરે..! કેમ બેસે ? આહા..હા..! ગજ જ જ્યાં ઊલટા છે ત્યાં એને માપ કેમ બેસે ? ઘણીવાર દાખલો આપીએ. રવિવાર હતો. એનો બાપ ૫૦ વાર આલપાક લઈ આવ્યો. આલપાક થાય છે ને ? કપડુ. એ આલપાક પચાસ વાર લઈ આવ્યો. રવિવારનો દિવસ, છોકરાને નિશાળે રજા હતી. એનો બાપ કહે, ભાઈ ! જો આપણા છોકરા માટે પચાસ વાર લાવ્યા છીએ. કોટ કરવા છે.

મુમુક્ષુ :- પચાસ હાથ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– પચાસ હાથ. વાર નહિ. એનો આઠ વર્ષનો છોકરો માપતો માપતો, બાપુ ! આ પચાસ હાથ નથી, આ તો સો હાથ છે. ભાઈ ! તારા હાથ ન કામ આવે. એ માપ કરવામાં તારા હાથ કામ ન આવે. આહા..હા..! એમ અજ્ઞાની આત્માનું માપ કરવા જાય અજ્ઞાનથી એ માપ કામ ન આવે. આહા..હા..! એ તારા ગજ જ ખોટા છે. એય..! દયા, દાન, અને વ્રત કરતા કરતા ભગવાન મળશે, એ તારા ગજ જ ખોટા છે. આહા..હા..! આહા..હા...!

**'વિશ્વનું અદ્‌ભૂત તત્ત્વ તું જ છો.'** આહા..હા..! **'તેની અંદરમાં જતાં...'** અંતર આનંદનો નાથ મોટો મહેલ અંદર પડ્યો છે. આહા..હા..! **'અંદરમાં જતાં તારા અનંતગુણોનો બગીચો ખીલી ઊઠશે.'** આહા..હા..! અનંત ગુણ ભગવાનમાં–પ્રભુમાં–આત્મામાં–પડ્યા છે. એમાં અંદર જા તો ખીલી જશે. આહા..હા..! જેટલા ગુણ છે એ પર્યાયમાં ખીલી જશે. આહા..હા..! જેમ કમળ ખીલે એમ તારા (ગુણ) ખીલી જશે. આહા..હા..! કમળ તો લાખ પાંખડીનું હોય છે. ગુલાબ-ગુલાબ હજાર પાંખડી, લાખ પાંખડીનું ગુલાબ હોય છે. ગુલાબનું ફૂલ નહિ ? આ ભગવાન આત્મા તો અનંત પાંખડીનું ગુલાબ છે. આહા..હા..! એ ચીજની સમીપ જતાં.. આહા..હા..! **'ગુણોનો બગીચો ખીલી ઊઠશે.'** આહા..હા..! અનંત અનંત ગુણ પર્યાયમાં વિકસિત થઈ જાય છે. આહા..હા..! આનું નામ સમકિત. હજી તો ધર્મની પહેલી સીઢી, હોં ! આહા..હા..!

**'ત્યાં જ જ્ઞાન મળશે,...'** શાસ્ત્રમાં જ્ઞાન ગોતવા જઈશ પણ ત્યાં જ્ઞાન નથી. આહા..હા..! પાના ફેરવે અને પાનાને પગે લાગે. ત્યાં જ્ઞાન ક્યાં છે ? જ્ઞાન તો અહીં અંદર છે. કહો, પંડિતજી ! પાના અને શાસ્ત્ર તો જડ છે, પાના–શાસ્ત્ર તો જડ છે. ત્યાં ગોતવા જશે તો ત્યાંથી ક્યાં જ્ઞાન મળશે ? જ્યાં અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન છે... આહા..હા..! **'ત્યાં જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે;...'** ત્યાં જ આનંદ મળશે. આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, ધૂળમાં આનંદ માને અને મજા છે. એ વ્યભિચારી મૂંઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આનંદ તો અંતરમાં છે. આહા..હા..!

મૃગની નાભીમાં કસ્તુરી, એ મૃગલાને કસ્તુરીની કિંમત નથી. એમ ભગવાન આત્મામાં આનંદ (છે,) મૃગલા જેવા અજ્ઞાનીઓને એ આનંદની ખબર નથી. બહારમાં પૈસામાં, બાયડીમાં, છોકરામાં. આ રૂપાળી બાયડી મળી, પાંચ-પચાસ લાખ, કરોડ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



બે કરોડ થયા, પચીસ હજાર, લાખના બંગલા બનાવ્યા. આહા..હા..!

મુમુક્ષુ :- ૨૫ હજારમાં બંગલો ન બને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સાધારણ માણસ બનાવે તો બને. પણ અત્યારે તો. ચાલીસ લાખનો બંગલો છે ને 'ગોવા'માં. આપણા છે ને ? 'પાનાસણા'ના. અમે જ્યાં ઉતર્યા હતા એ સીત્તેર લાખનો હતો. 'મુંબઈ'માં. 'આમોદ'વાળા છે ને ? અમારે 'પાલેજ' પાસે 'આમોદ' છે ને ? ગુજરાતમાં. ત્યાંના ભાઈ છે. પાંચ-છ કરોડ રૂપિયા છે. ત્યાં એના મકાનમાં ઉતર્યા હતા. દરિયાને કાંઠે સીત્તેર લાખનું તો એક મકાન છે. સીત્તેર લાખનું.

મુમુક્ષુ :- જોઈને મન થાય ને કે આવું હોય તો ઠીક.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળમાં પણ નથી. ત્યાં મકાન માટીના. આહા..હા..! એમાં દેહ છૂટવાનો કાળ આવ્યો ને હાય.. હાય.. આમાંથી જાવું છે. એ પલંગમાં સૂતો હોય અને માથે પવન.. શું કહેવાય ? પંખા નાખે. આહા..હા...! એ મૂઢ છે. મને ક્યાંય ચેન પડતું નથી. મને હખ નથી. ક્યાં જાવું ? શું કરવું ? એવું બધું અંદર હોય ત્યાં અંદર પીડાનો પાર ન હોય અને દેહ છૂટવાને... આ..હા..! ડબલ ન્યુમોનિયા હોય. આમ જોવા જાય તો અંદરમાં રાડ નાખે. આહા..હા..! હવે એમાંથી નીકળીને જાવું, બાપા ! આહા..હા..!

અહીં કહે છે, એ તો અનંત ગુણનો બગીચો પ્રભુ અંદર છે. અરે..! કેમ બેસે ? એમાં એકાગ્ર થઈ અંદરમાં જાય તો બગીચો ખીલી જાય છે. **'ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે; ત્યાં જ વિહાર કર.'** વિહાર નામ ત્યાં ગતિ કર. આહા..હા..! ત્યાં અંદરમાં વિચર, ત્યાં જા. અરે..! આ શું હશે ? અંદરમાં અંતર આત્મા બિરાજમાન છે. આહા..હા..! **'ત્યાં જ વિહાર કર.'** ૪૨૩ ગાથા આવે છે ને ? ૪૨૩. અંદર આનંદનો નાથ પૂર્ણાનંદ અતીન્દ્રિય ગુણનો સાગર ભગવાન તારો બિરાજે છે, ત્યાં અંદરમાં જાને. બહારમાં ભટકે છે, મૂંઢ છે. આહા..હા..! જ્યાં જ્ઞાન અને આનંદ છે ત્યાં જાને. બહારમાં ક્યાં જ્ઞાન અને આનંદ છે ?

**'વિહાર કર. અનંતકાળનો વિસામો ત્યાં જ છે.'** આહા..હા...! ચોરાશી લાખના અવતાર કરતા કરતા એનો થાક ઉતારવો હોય તો વિશ્રામ-ઠામ એ છે. આહા..હા..! આ શું કહે છે ? બહુ ચાલ્યો હોય અને પછી થાક લાગ્યો હોય તો પછી ઘરે આવીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ખાટલે પડે. હા...શ. એમ ચોરાશીના અવતાર કરી કરીને પ્રભુ તું થાકી નથી ગયો ? એ થાક ઉતારવાનું સ્થાન તો પ્રભુ અંદર ગુણસ્વરૂપ પ્રભુ (છે), ત્યાં વિશ્રામ લે તો થાક ઉતરશે. આહા..હા..! છે ?

**'અનંતકાળનો વિસામો...'** અનંત અનંત કાળ થયા. આહા..હા..! ભવભ્રમણ. આ ભવ.. આ ભવ... આ પહેલા ભવ... એ ભવ... એ ભવ... એ ભવ... અનંત-અનંત ભવથી દુઃખી પ્રાણી, રખડતો, રઝળતો, ચૈતન્ય-મુસાફર અનંતકાળમાં પરિભ્રમણ કરે છે. એના થાક ઉતારવાનું સ્થાન તો તું છો. આહા..હા..! **'વિસામો ત્યાં જ છે.'** આહા..હા..! ત્યાં દૃષ્ટિ કરીને સ્થિર થવું, ભગવાન ! તારું એ વિશ્રામઠામ છે. આહા..હા..!

**તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા, તને નિજ પરમાત્માના દર્શન થશે. ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ. ૨૪૯.**

૨૪૯મો બોલ.

**'તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા,...'** ઊંડો નામ ગંભીર ઊંડે ઊંડે જા. આહા..હા..! જ્યાં ભગવાન તત્ત્વ બિરાજે છે ત્યાં અંદરમાં ઊંડે ઊંડે જા. આહા..હા..! આ વળી શું ? **'તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા,...'** ગંભીર થઈને અંદર જા. આહા..હા..! આનંદનો સાગર પ્રભુ બિરાજે છે ને તારો નાથ. આહા..હા..! ત્યાં ઊંડે ઊંડે જા. રાગને છોડ, પર્યાયને છોડ અને અંદર જા. આહા..હા..! અરે..! આવો ધર્મ કેવો ? આવો જૈનધર્મ હશે ? એય..! બાપુ ! જૈનધર્મ જ આ છે. બાકી બધા જૈનધર્મ નથી, અન્યમતિના અજ્ઞાનધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'તને નિજ પરમાત્માના દર્શન થશે.'** આહા..હા..! ભોંયરામાં ઊંડે જા તો ત્યાં પ્રતિમા બિરાજમાન છે. એમ ભગવાન આત્મા વર્તમાન પર્યાયને અંતરમાં ઊંડે ઊંડે લઈ જતા, તને પરમાત્મસ્વરૂપ ભગવાનના દર્શન થશે. અરે..રે..! આ કેવું દર્શન ? અહીં તો સવારમાં ભગવાનની પ્રતિમાના દર્શન કરે, થઈ રહ્યું જાવ. મુનિને આહાર આપે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરી. જાવ. ત્યાં ક્યાં આત્મા હતો ? પ્રભુ ! જ્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે ત્યાં તું જાતો નથી. જ્યાં છે ત્યાં તો તારી નજર કામ કરતી નથી. ઊંડે ગયા વિના પરમાત્માના દર્શન નહિ થાય. આહા..હા..!

**'પરમાત્માના દર્શન થશે.'** અંદરમાં. અરે..! આ કઈ ચીજ હશે ? આ શું કહે છે ? ભાઈ ! અંદર પ્રભુ બિરાજે છે. એમાં પ્રભુત્વ નામનો એક ગુણ છે. આત્મામાં એક ઈશ્વર નામનો ગુણ છે. કોઈ ઈશ્વર કર્તા-બર્તા છે એમ નથી. પણ તારામાં એક ઈશ્વર નામનો ગુણ છે. જેમ જ્ઞાન, આનંદ (ગુણ છે) એમ ઈશ્વર નામનો ગુણ છે. તો દરેક ગુણમાં ઈશ્વરતા આવી. આહા..હા..! જ્ઞાન ઈશ્વર, દર્શન ઈશ્વર, શાંતિ, વીતરાગતા ઈશ્વર. કર્તા, કર્મ આદિ ઈશ્વર. એ ઈશ્વરના તને દર્શન થશે. તું તારો ઈશ્વર છે. આહા..હા..! આવી વાત !

**'ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ.'** આહા..હા..! શું કહે છે ? અંદરમાં જા તો તને બહાર આવવું નહિ ગમે, દુઃખ લાગશે. આહા..હા..! અંતર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના ગુણનું ગોદામ, શક્તિનો સંગ્રહાલય, અનંત ગુણનો સંગ્રહનો આલય–સ્થાન પ્રભુ. આહા..હા..! અરે..! કેમ બેસે ? એક બીડી સરખી પીવે ત્યાં જાણે તલપ ચડે અને જાણે.. આ..હા..! માથું ઠીક આવ્યું. ચા-બા દોઢ શેરનો ઉકાળો પી ને આવે, તો વ્યાખ્યાનમાં ઠીક પડે. નહિતર કહે આજે ચા પીને નથી આવ્યો તો મગજ ઠેકાણે નથી. અર..ર..! આવી તે મૂર્ખાઈના લક્ષણ ! દોઢ પા શેર ચા પીને આવે ત્યારે સાંભળવામાં મગજ ઠેકાણે રહે. તો ચાનો મોટો હોજ કરીને અંદર નાખે તો તો તને શું થતું હશે ? આહા..હા..!

અહીં કહે છે, એ **'બહાર આવવું તને ગમશે જ નહિ.'** આહા..હા..! તારા આનંદના નાથના દર્શન થતાં, આનંદનું વેદન થતાં, તને બહાર નીકળવું નહિ ગમે. વિકલ્પ આવશે, પણ એ તને દુઃખરૂપ લાગશે. આહા..હા..! દયા દાનના વ્રતના વિકલ્પ આવશે પણ તને દુઃખરૂપ લાગશે. આહા..હા..! ત્યાં (અંદર) જઈને તને આનંદ થશે. બહાર આવવું તને ગમશે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**ભાદરવા વદ ૫, ગુરૂવાર તા. ૨૧-૦૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૪૯ થી ૨૫૪, પ્રવચન–૯૬**

'વચનામૃત', ૨૪૯ બોલ ફરીને લઈએ.

**'તુ અંદરમાં ઊંડો-ઊંડો ઉતરી જા.'** એટલે ? ભેદજ્ઞાનના નિર્મળ અભ્યાસ વડે પરથી જુદો પડી અંતરમાં ઉતરી જા. આહા..હા..! અંતર વસ્તુ છે એ કોઈ બાહ્ય લક્ષથી પ્રાપ્ત થાય એવી નથી. અને તે પણ ધ્યાનમાં પ્રાપ્ત થઈ શકે એવી છે. આહા..હા..! આવી વાત છે. બાહ્યથી કોઈ ધારી લે અને વાત કરી લે, એમ પ્રાપ્ત ન થાય, કહે છે. આહા..હા..! અંદરમાં ઊંડો ઊંડો ધ્રુવમાં એકાગ્ર થા. એ ધ્યાનકાળમાં **'તને નિજ પરમાત્માના દર્શન થશે.'** આહા..હા..! માખણ છે. અંતર સ્વરૂપ ભગવાન, ચૈતન્ય ભગવાન... કાલે ૩૧ ગાથામાં બધું વધારે આવશે. અહીં ટૂંકી ભાષામાં આમ કહ્યું છે કે જ્યાં અતિ સૂક્ષ્મ તત્ત્વ ચૈતન્ય પડ્યું છે... આહા..હા..! જ્ઞાયકભાવ જ્યાં ધ્રુવપણે પડ્યો છે, ત્યાં અંતરમાં જા. આહા..હા..! આવું આકરું લાગે માણસને.

**'તને નિજ પરમાત્માના દર્શન થશે.'** પર પરમાત્મા નહીં. આહા..હા..! નિજ પરમસ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરૂપી છે. આહા..હા..! એના તને અંતર દર્શન થશે. આહા..હા..! હવે આવી વાત આકરી પડે. સમ્યગ્દર્શન પામવાની આ રીત છે. **'ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહીં.'** અંદર આનંદનો સાગર, પ્રભુ ! અંતરના અનુભવમાં આવતા... આહા..હા..! ત્યાંથી બહાર આવવું ગોઠશે નહીં, રુચશે નહીં. આહા..હા..! એવી ચીજ પરમાનંદનું ધામ પડી છે. આહા..હા..! તેટલું તો આ શરૂઆત કરીને... કારણ કે (પછી) મુનિનું આવે છે ને.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**મુનિઓને અંદરમાં પગલે પગલે—પુરુષાર્થની પર્યાયે પર્યાયે—પવિત્રતા ઝરે છે. ૨૫૦.**

અને મુનિઓને તો, હવે લેવું પાછું. આહા..હા..! જે સાચા મુનિ છે. આહા..હા..! **'અંદરમાં પગલે પગલે...'** પર્યાયે પર્યાયે. પગલે-પગલે એટલે ? પર્યાયે પર્યાયે. આહા..હા..! મુનિને તો અંતર આત્માના ચારિત્ર સહિતની ધ્યાનની દશા પ્રગટી છે. આહા..હા..! એને તો **'પુરુષાર્થની પર્યાયે પર્યાયે પવિત્રતા ઝરે છે.'** આહા..હા..! એને તો વર્તમાન પર્યાયમાં (પવિત્રતા ઝરે છે). કાલે આવશે એ વિષય. શરીર પરિણામને પ્રાપ્ત જે આ ઇન્દ્રિયો. પર્યાયને પ્રાપ્ત આ ઇન્દ્રિય. આ શરીરના પરિણામને પ્રાપ્ત છે ને ? એને અંતરમાં જતાં અતિસૂક્ષ્મ ચૈતન્યના અવલંબનના બળે જે આનંદની દશા પ્રગટ થાય તેને ઉગ્રપણે સ્વભાવનો આશ્રય લઈ અને જેને મુનિપણું પ્રગટ્યું છે. આહા..હા..! અનાકુળ આનંદનું ધામ પ્રભુ, એના ઉપર અનુભવ થઈને, જેનો ઉગ્ર આશ્રય લઈને ચારિત્રદશા પ્રગટી છે... આહા..હા..! એને તો પર્યાયે પર્યાયે આનંદની દશા ઝરે. આહા..હા..! આવી દશા છે. છે ?

**'પર્યાયે પર્યાયે પવિત્રતા ઝરે છે.'** આહા..હા..! શુદ્ધિ છે એથી પણ શુદ્ધિ વધતી જાય છે. આહા..હા..! ઊંડા ઉતરતા થાય એ સમ્યગ્દર્શન થયું અને પછી અંદર ઉગ્ર આશ્રય લઈને જે ચારિત્ર થયું એને નિર્મળતા સમય સમયમાં શુદ્ધતા વધે. બાપુ ! આવો માર્ગ છે. આહા..હા..! આ મુનિપણું આને કહીએ. અને સમ્યગ્દષ્ટિ એને કહીએ કે અંદર ધ્રુવના તળમાં જઈને... આહા..હા..! તળિયામાંથી પાતાળનું પાણી લાવે.

અમારે ત્યાં નાની ઉંમરમાં 'કાળુભાર' મોટી નદી છે ને. મોટો કૂવો છે ત્યાં. તો બધા જુવાનિયા જાય. અમે તો નાના છોકરા એટલે અમે તો જોઈએ. અમે કાંઈ પડીએ નહીં. પાણીમાં જઈ તાગ લઈ આવે. પછી માથુ બહાર ન કરી શકે. ઊંડું પાણી હોય ને. નીચે જઈને એમ કહે કે હું છેક નીચે જઈ આવ્યો છું જુઓ. કાંકરી હાથમાં (બતાવે).

મુમુક્ષુ :– અમને ઊંડા ઉતારો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં એમ કહે છે. પાતાળ કૂવો અતીન્દ્રિય આનંદનો પ્રભુ પડ્યો છે. આહા..હા..! એ પાતાળમાં જઈને નિર્મળ પર્યાયને બહાર લાવ. આ તો ત્યાં જોયેલું, હોં ! પણ એ તો ૭૫ વર્ષ પહેલાની વાતું છે. અમે તો નાની ઉંમરના છોકરા એટલે જોઈએ. કૂવામાં પડે કોણ ? અને કૂવામાં ચારે કોર નાગ બેઠા હોય. ઓલા અંદર પડે એટલે નાગ કરડે નહીં. છેટે રહી જાય. પછી બહાર નીકળી જાય. આહા..હા..! એમ અંતર આનંદનો ખૂબ ઊંડો ઊંડો કૂવો (છે). અંતરમાં ઊંડે જા. તને બહાર આવવું નહીં ગોઠે. અને મુનિને તો અંતરમાં સમય સમયમાં આનંદની ધારા વહે છે. આહા..હા..! એને મુનિપણું કહીએ. અરે..! શું થાય ? ભાઈ ! એ ૨૫૦ (બોલ પૂરો) થયો. પવિત્રતા ઝરે છે, હોં ! રાગ અને મહાવ્રતનો વિકલ્પ એ તો પર રહી ગયું.

**દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે. ૨૫૧.**

હવે ૨૫૧. મહાસિદ્ધાંત. દોઢ લીટીમાં પણ...

**'દ્રવ્ય તેને કહેવાય...'** આહા..હા..! દ્રવ્ય નામ આત્મ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ. **'દ્રવ્ય તેને કહેવાય જેના કાર્યને માટે...'** જેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એના કાર્યને માટે. આહા..હા..! **'દ્રવ્ય તેને કહેવાય...'** આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા **'દ્રવ્ય તેને કહેવાય જેના કાર્યને માટે...'** જેની નિર્મળ દશા પ્રગટવા માટે. આહા..હા..! છે ? **'બીજા સાધનોની રાહ જોવી ન પડે.'** આહા..હા..! કે રાગની મંદતા હોય કે શરીરની સંઘયણતા મજબુત હોય, એવી ત્યાં જરૂર નથી એમ કહે છે. આહા..હા..! વજ્રનો બિંબ ભગવાન અંદર પડ્યો છે ને. આહા..હા..! **'જેના કાર્યને માટે...'** બહુ ઝીણી વાત, બાપુ !

જન્મ-મરણ રહિતની વાતો છે, બાપુ ! બાકી અનંત-અનંતકાળમાં એમને એમ કરી-કરીને મરી ગયો. આખો દિ' પાપ અને પાપના પોટલા. ધર્મ તો છે નહીં પુણ્ય પણ નથી. આખો દિ' રળવું, બાયડી, છોકરા સાચવવા. એકલા પાપના પોટલા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! હવે એને પુણ્ય પણ નથી, ત્યાં ધર્મ તો ક્યાં છે ? આહા..હા..! પણ કોઈ હંમેશા બે-ચાર કલાક સત્સમાગમ રાખે, શ્રવણ-મનન કરે તો એને શુભભાવના પુણ્ય પણ થાય. ધર્મ નહિ. આહા..હા..! ધર્મને માટે, દ્રવ્યના ધર્મને માટે, દ્રવ્યના કાર્યને માટે એ રાગની મંદતા હોય તો કાર્ય થાય કે શરીરની અનુકૂળતા હોય તો (થાય), એવી કોઈ પરદ્રવ્યના સાધનની રાહ ન જોવી પડે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

દ્રવ્યની દ્રવ્યદૃષ્ટિ થઈ, તો એ દ્રવ્ય એને કહીએ કે એના કાર્યને માટે પરના સાધનની રાહ જોવી ન પડે. આહા..હા..! કે આટલી ખાવા-પીવાની સગવડતા હોય, નિવૃત્તિ હોય, ફલાણું હોય તો આત્માનું કાર્ય થાય. આ સાધન-બાધન હોય. છોકરા (હોય ને), નિવૃત્તિ મળે તો અંદર આત્માનું કાર્ય થાય એમ નથી, એમ કહે છે. આહા..હા..! અરે..રે...! ચોરાશીના અવતારમાં ડૂબીને અનાદિથી મરી ગયો છે. એ દુઃખી છે. શેઠીયાઓ, અબજોપતિ અને રાજાઓ એ ભિખારા દુઃખી છે. બધા ભિખારી છે. પા માગે. આ પૈસા, બાયડી મળે, છોકરા મળે. મોટો ભિખારો, માગણ છે મોટો. આહા..હા..! અંતર આનંદની લક્ષ્મીનો ભંડાર, એવા ચૈતન્ય ભગવાનની લક્ષ્મીની જેને કીંમત નથી. આહા..હા..! જ્યાં છે ત્યાં માગતો નથી. ભાઈ ! ક્યાં ગયા તમારા ભાઈ ? એ પૈસા માટે ન્યાં 'હોંગકોંગ' રખડે છે. આહા..હા..!

આ પ્રભુ કહે છે. પ્રભુ ! તું કોણ છો ? કે હું પરમાત્મસ્વરૂપ છઉં અને મારા પરમાત્મસ્વરૂપના કાર્યની પર્યાયના કાર્ય માટે અનેરા દ્રવ્યની કે ભાઈ ! દેવ-ગુરુ-શાસ્ત્ર મળે તો મારું આ કાર્ય થાય (એમ નથી). આહા..હા..! એવી ચીજ છે. **'દ્રવ્ય તેને કહેવાય...'** વસ્તુ... વસ્તુ... વસ્તુ એને કહેવાય કે જેની પર્યાયના નિર્મળ કાર્યને માટે અનેરા તત્ત્વ અને દ્રવ્યની સાધનની જરૂર ન પડે. એવો એ પ્રભુત્વશક્તિથી ભરેલો ભગવાન છે. જેની અખંડતા અને સ્વતંત્રતાને માટે બીજા કોઈની જરૂર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે.

પહેલા શ્રદ્ધામાં એનો નિર્ણય તો કરે કે માર્ગ તો આ છે. લાખ તારી ક્રિયા કર અને ક્લેશ કર અને કરોડોના દાન કરે, લાખો મંદિરો બનાવે માટે આત્મામાં કાંઈક કાર્ય થાય, એ છે નહીં.

મુમુક્ષુ :– સારા સંયોગ તો મળે ને.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– એનાથી પણ થાય નહીં અહીં તો એ કહે છે. મળે ભલે. સમવસરણ મળ્યા અનંતવાર. આહા..હા..! ત્રણ લોકનો નાથ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે ત્યાં જન્મ પણ અનંતવાર થયા છે. સમવસરણમાં પણ અનંતવાર ગયો છે. પણ અંતરના કાર્ય માટે બહારના નિમિત્તના સાધનની જરૂર નથી એમ કહે છે. આહા..હા..! અંતર વસ્તુ છે તેનો સ્વીકાર કરતા, તે કાર્યને માટે કોઈ કારણની બિલકુલ જરૂર નથી એમ કહે છે. એ પોતે જ કારણરૂપ ભગવાન છે. એમાંથી કાર્ય આવે છે. આહા..હા..! આવું કામ આકરું પડે. માર્ગ પ્રભુ આ છે. આહા..હા..!

જુઓને, કાલની વાત સાંભળી. આહા..હા..! (આપણા એક મુમુક્ષુના) કાકાજી નહીં ? આહા..હા..! આટલો જરી ડાઘ પડ્યો. કઈ આંગળી ? ટચલી આંગલી. આમ કાળો ડાઘ. ત્યાં તો અડધા કલાકમાં સડી ગયું. મૂળ તો વાત એ કે લોહીનું ફરવું ત્યાં અટકી ગયું. એકદમ અટકી ગયું. અટક્યા ભેગો આ અટકી ગયું. આ સડી ગયું. તરત અડધી કલાકે, બે કલાક થઈ ત્યાં અહીં સુધી સડી ગયું. આહા..હા..! દવાખાને જઈને ડૉક્ટર પાસે એમ કીધું, જુઓ આ દેહ. આહા..હા..! કાપી નાખવું પડ્યું. કરવત હશે ને ? આહા..હા..! લ્યો ! આ દેહ. હવે એનાથી સુખ માનવું (એ વિપરીતતા છે). આહા..હા..!

પ્રભુ ! તું એનાથી ભિન્ન છો. એ ઝેરીલું તત્ત્વ ભલે એમાં ભર્યું. પણ તારો અમૃતનો સાગર તો એના કોઈ આશ્રયની જરૂર લેતો નથી. આહા..હા..! કે શરીર નિરોગતા હોય, તો જ આત્મા સમ્યગ્દર્શનનું કાર્ય કરી શકે, એમ છે નહીં. આહા..હા..! સમજાણું કાંઈ ? એ વાત તે દિ' થઈ હતી. (સંવત) ૧૯૯૦ની સાલમાં ભાઈ હતા ને. ? 'કાંપ" વાળા નહીં ? એ ભાઈ પહેલા ગાંધીની લાઈનમાં હતું બધું. પછી તો માણસ ફરી ગયો. પછી બહાર દિશાએ જતી વખતે સાથે હતા. ૧૯૯૦ની સાલની વાત છે. એ કહે, મહારાજ ! તમે ધર્મની વાત કરો પણ પેટમાં રોટલા ન હોય ને કુરકુરીયા બોલે. શી રીતે ધર્મ કરે ? કાંઈ રોટલા, દાળ-ભાત મળે અંદર તો (કામ થાય). અરે..! ભાઈ ! રોટલા, દાળ-ભાત મળે, અને પછી જ્યાં સુધી પચે નહિ ત્યાં સુધી એને શી રીતે કરવું ? અને પચ્યા પછી જંગલ ન ઉતરે ત્યાં સુધી શું કરવું ? માણસ બહુ સારો હતો. વીશાશ્રીમાળી હતા. આપણા (મુમુક્ષુ) હતા ને ? એના બધા ઓળખીતા. બોર્ડિંગમાં હતા ને ? પછી તો એકદમ ફરી ગયું. બાપુ ! એમ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આત્માના કાર્ય માટે આહાર પેટમાં પડે. ભરેલો હોય તો જ આત્માનું કલ્યાણ સમ્યગ્દર્શન કરી શકે. એમ છે નહિ. આહા..હા..!

સાતમી નરકનો નારકી, જેને ૩૩-૩૩ સાગર, આહારનો કણ નહિ, પાણીનું બિંદુ નહિ. આહા..હા..! એ જીવ પણ અંદરમાં જાય છે. આહા..હા..! જન્મે ત્યારથી સોળ રોગ. ભાઈ ! એણે કે દિ' જોયું છે. એવી સ્થિતિમાં પણ પૂર્વે સાંભળ્યું હતું એ યાદ આવી ગયું અને અંદરમાં ઉતર્યો. આહા..હા..! એ સાધન અનુકૂળ નથી, માટે આત્માનું કાર્ય ન થાય એમ નથી. આહા..હા..! અરે..! પહેલી, બીજી, ત્રીજી નરકનો પરમાધામી એને બાંધે, બાંધે અને પોટલા કરે લોઢાના ગરમ ગરમ ધગધગતા. માથે મારે ઘણ. પણ એ સમયમાં અંદરમાં ઉતરે તો સમકિત પામી શકે છે. આહા..હા..! આ જરી ઉના-ઉના લોઢાના સળીયા સાથે બાંધ્યું હોય. ત્યાં તો પરમાધામી બનાવે. બાંધે, વિરોધીને મારે. એક તો પીડાનો પાર હોય નહિ. એમાં એ પરમાધામી (મારે). આહા..હા..! શાસ્ત્રમાં એમ આવે છે ને ? વેદનાને કારણે પણ સમકિત પામે. એ તો લક્ષ. વેદનાનું લક્ષ છોડ્યું, એટલે વેદનાથી પામે એમ કહેવામાં આવે છે. વેદના.. આહા..હા..! આ સ્થિતિ ? જે દુઃખ સહ્યા ન જાય, સાંભળ્યા ન જાય એ દુઃખ વેદવામાં આવ્યા. આહા..હા..! એ કાળે પણ અંદરમાં જઈ શકે છે, હોં ! આહા..હા..! એના કાર્યને માટે આ અનુકૂળના સાધન હોય તો જઈ શકે એવું છે નહિ. આહા..હા..! આ વાત ભારે કઠણ જગતને. સ્વતંત્ર વસ્તુ છે ત્યાં... આહા..હા..!

એ **'દ્રવ્ય તેને કહેવાય...'** આહા..હા..! આવી વાતું છે. આ 'વચનામૃત' તો તમારે આવી ગયું હશે, વાંચ્યું કે નહિ ? ઠીક. આહા..હા..! આત્મપદાર્થ–દ્રવ્ય–તેને કહેવાય... આહા..હા..! પરમાત્મસ્વરૂપ આત્મા તેને કહેવાય કે જેને પોતાની પર્યાયના નિર્મળ ધર્મના કાર્યને માટે, અંતરનો આશ્રય લેતા, પરના સાધનની બિલકુલ જરૂર નથી. આહા..હા..! પૈસા-બૈસા કાંઈક ઠીક હોય, બાયડી-છોકરા ઠીક હોય તો આપણે કાંઈક કરી શકીએ. એ વાત જૂઠી છે એમ કહે છે. પાંચ ઇન્દ્રિય ઠીક હોય. નિરોગતા હોય. શાસ્ત્રમાં એવું આવે છે. ભગવાન ! જ્યાં સુધી શરીરમાં જરા ન આવે, ઇન્દ્રિયો હીણી ન પડે... આહા..હા..! વ્યાધિઓ બહાર ન દેખાય... આહા..હા..! પાહુડમાં આવે છે ને ? શ્વેતાંબરમાં પણ આવે છે. 'જરા જાવ ન પીલઈ, વાઇ જાવ વઢઈ, જા ઇન્દ્રિયા ન હનતિ.' ઇન્દ્રિયો મોળી ન પડે. ધર્મ સમાય તે પહેલાં ધર્મનું આચરણ કરજે. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પામર પ્રાણીને સમજાવવા માટે એ વાત છે. પણ એવા સાધન... આહા..હા..! આવે માટે એ સ્થાને ન થઈ શકે (એમ નથી). આહા..હા..! આંખોમાં એ પરમાધામી... શું કહેવાય ઓલું છાંટે ? તેજાબ. તેજાબ બનાવીને આંખોમાં છાંટે. એ સાધન આવું છે માટે અંદર સમકિતદર્શન ન થઈ શકે એમ નથી. આહા..હા..!

અનંતી અનંતી સ્વતંત્ર શક્તિઓનો સાગર છો ને, પ્રભુ ! તારા કાર્યને માટે પરના કાર્યની સહાયકની બિલકુલ જરૂર નથી. આહા..હા..! બીજી રીતે કહીએ તો વસ્તુમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના કાર્યને માટે વ્યવહાર રત્નત્રયનો રાગ હોય તો આ થાય, એમ છે નહીં. આહા..હા..! અરે..રે..! આવા કાળ ક્યારે (આવે) ? આહા..હા..! આ તો હાથ કાપ્યો. પગ કાપી નાખવો પડે, કાપી નાખવો પડે. આહા..હા..! ભલે એ સાધન ગયું પણ આત્માના કાર્યને માટે એ સાધનની કાંઈ જરૂર નથી. આહા..હા..! આ હાથ કાપી નાખે, આ કાપી નાખે. કાપી નાખે છે. ... માણસને લઈ, ભિખારી બનાવે. પછી રેકડીમાં લઈને પૈસા માગે. અહીંથી કાપી નાખે. આહા..હા..! રેકડીમાં ખેંચે અને લોકોને દયા આવે. ભીખ માંગે. મેં નજરે જોયા છે ને.

'મુંબઈ'માં એક છોકરી હતી, એની મા સાથે હતી. એનાથી જરીક છૂટી પડી. એ છોકરીને એક બાઈ લઈ ગઈ. લઈને એની આંખો ફોડી નાખી. અને ફોડીને માગણ બનાવી. એમાં એની મા વર્ષે-બે વર્ષે નીકળી. અને પેલી છોકરીને જોઈ. અરે...! આ તો મારી દીકરી, અહીં ! આહા..હા..! એને એમ જ્યાં બોલાવે છે. ત્યાં તો એની સાથે જે બાઈ હતી તે ભાગી ગઈ. આહા..હા..! એવા પ્રતિકૂળ સાધનો હોય તો પણ આત્માનું કાર્ય ન થાય, એમ નથી એમ કહેવું છે. આહા..હા..! ભલે આંખો ફોડી, કાન ભલે તોડી નાખ્યા હોય. સીસા (સીસમ) નાખ્યા હોય. આહા..હા..! પ્રભુ ! અંદર ચૈતન્ય છે, તેને તો કોઈ ઇન્દ્રિય અડતી નથી ને. આહા..હા..! અરે...! પણ આ વાતનો વિશ્વાસ કેમ આવે ? આહા..હા..! ભગવાન અંદર નિર્લેપ ચીજ પડી છે ને, પ્રભુ ! એના ધર્મકાર્યને માટે બીજા દ્રવ્યના કોઈ પણ સાધનની, રાહની જરૂર નથી. મોટો સિદ્ધાંત છે. ૨૫૧ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે. વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે; તે સત્‌-માર્ગને સુગમ કરે છે. ૨૫૨.**

'**ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં...**' આહા..હા..! જ્યારે નિર્વિકલ્પ ન હોય અને રાગથી ભિન્ન પડી ભેદજ્ઞાનના લક્ષે, '**ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે.**' ભેદજ્ઞાનના લક્ષે. સન્મુખના લક્ષે, ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે. આહા..હા..! ત્રણ લોકના નાથ, જિનવાણી એનું ચિંતવન રાખજે. છે શુભભાવ. સમજાય છે કાંઈ ? પરમાત્મા શું કહે છે ? આગમ શું કહે છે ? અરે..! મારી વાત એ પ્રભુ શું કહે છે ? એવી વિકલ્પની ભૂમિકામાં પરમાગમનું (ચિંતવન મુખ્ય રાખજે).

આજે એક છાપું આવ્યુ છે. તુલસીનું અણુવ્રતનું ઉદ્‌ઘાટન કરે છે. એમાં એના હાથે ઉદ્‌ઘાટન કરાવે છે. કહો. તેરાપંથી તુલસી. હવે એ તો મિથ્યાદષ્ટિ છે. કાગળ આવ્યો છે. એની આગળ કરાવવાનું છે. બીજા કોઈ મોટા કાર્યકર્તા આવવાના છે. અને એનો સાધુ તેરાપંથીનો છે. એક કાગળ આવ્યો છે. આપણા ઉપર આવ્યો છે. વચમાં આ બાજુ બીજું શું લખાણ હતું ? એ તો એમાં પાછળનું લખાણ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. એ. આપણા ભાઈ છે અહીંયા કે ગયા ? પણ પેલા ભાઈ લઈ ગયા હશે. અહીંયા દસ પુસ્તક આપ્યા હતા ને આપણે ? 'બહેનશ્રીના વચનામૃત' એમણે મગાવ્યા હતા તો દેવા ગયા હશે કે લીધા. પછી એમ કે આ દેનાર આવ્યા એણે પૈસા આપીને આપ્યા છે કે એમણે આપ્યા છે ? એવો (એ મુનિનો) કાગળ છે. એમ કે તમે આપ્યું એ તમે ખર્ચ કરીને આપ્યું છે કે એમણે મફત મોકલ્યા છે ? એ મને ખબર નથી. પણ હવે આ ૪૦૦ જશે એટલે ખબર પડી જશે. ૪૦૦ મફત આપે છે તો ૧૦ તો મફત આપ્યા જ હશે. પણ મારે તો બીજું કહેવું હતું કે એને હાથે તુલસી મિથ્યાદષ્ટિ ગ્રંથ, એના અણુવ્રતના ઉદ્‌ઘાટન આને હાથે કરાવે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



માર્ગ બહુ આકરો, બાપા ! આહા..હા..! સ્થાનકવાસી ધર્મ જ ગૃહિત મિથ્યાત્વ છે. એમાં વળી તેરાપંથી. અણુવ્રત ત્યાં કેવા ? મિથ્યાદૃષ્ટિને વ્રત કેવા ?

મુમુક્ષુ :– ... અણુવ્રત.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધાને આપે. બધાને સારુ સ્થાપે. અણુવ્રત કરીને વશ કરે. શેના અણુવ્રત ? દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા જ્યાં નથી. આહા..હા..! એની ખબરું નથી. શું થાય ? બહારના ભભકામાં લોકો, માણસ જાજા ભેગા થાય, હા..હો... હા... હો...

મુમુક્ષુ :– આપે કહ્યું ને આજે સપનું આવ્યું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સપનું આવ્યું એમ નથી કહ્યું. કાગળ આવ્યો છે. કાગળ આવ્યો છે. (મુનિનો) કાગળ આવ્યો છે. એમ કે મને અહીંયા અગિયાર પુસ્તક દેવા આવ્યા, ભાઈ ગયા હશે. એ એમણે પૈસા ખર્ચીને મોકલ્યા કે લોકોએ ત્યાંથી આપ્યા ? એણે ખુલાસો નથી કર્યો એટલે ખુલાસો માગે છે. પણ એ તો આપણે ૪૦૦ પુસ્તક જશે. મારે તો બીજું કહેવું છે. એ (મુનિના) હાથે આ ઉદ્‌ઘાટન કરશે. એની પાસે જવું ન જોઈએ. આહા..હા..! આવું કામ આકરું બહુ. પણ બહારમાં હો...હા.. થાય. કેટલા માણસો ભેગા થયા ? એમાં આમણે ઉદ્‌ઘાટન કર્યું. અરે..! ભાઈ ! ઉદ્‌ઘાટન તો અંદર તારા કરને. આહા..હા..! રાગની એક્તાના તાળા માર્યા, પ્રભુ ! તેં. એ તાળા તોડ અને ખોલ હવે. આહા..હા..! એ ખોલવામાં બીજાની જરૂર નથી. આહા..હા..! વિકલ્પાત્મક ભૂમિકામાં આવ્યો હો, ત્યારે ભેદજ્ઞાનના લક્ષે આગમને મુખ્ય રાખજે. આગમ તે આ આગમ, હોં ! આહા..હા..! શ્વેતાંબરના આગમ એ આગમ જ નથી. આકરું કામ.

મુમુક્ષુ :– બીજી કઠણ વાત આવી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કઠણ (તો છે), શું થાય ? ભાઈ !

દિગંબર સંતોએ કહેલી વાત–આગમ, એ આગમ પરમાગમ છે. એ પરમાગમને વિકલ્પાત્મક ભૂમિકામાં ભેદજ્ઞાનને લક્ષે મુખ્ય રાખજે તું. આવી વાત છે, ભાઈ ! અરે..! આ દુનિયાને દુઃખ થાય. અમારો ધર્મ ખોટો ઠરાવે છે. અરે..! પ્રભુ ! વસ્તુનું સ્વરૂપ છે, ભાઈ ! એમાં તને લાભ નહીં થાય. એના સરવાળા બહુ ખરાબ આવશે. અરે...! ભાઈ ! એને શું કહેવું ? આહા..હા..! આ તો ત્રણ લોકના નાથ, વીતરાગના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દિવ્યધ્વનિમાં આવેલું આગમની રચના, એને આગમ કહેવાય. સમજાણું કાંઈ ? આહા..હા..! આ તો (સંપ્રદાયના) ૩૨-૪૫ (સૂત્ર) તો બધા કલ્પિત રચ્યા છે. આહા..હા..! આ આગમની વાત, હોં ! દિગંબર સંતોએ કહેલા 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' એ બધા પરમાગમ છે. આ પરમાગમ છે ને આ ? આહા..હા..! જગતને બહુ આકરું પડે. આહા..હા..!

નિર્વિકલ્પમાં પડ્યો હોય ત્યારે તો કાંઈ (વિકલ્પ) છે નહીં, કહે છે. પણ વિકલ્પ આવ્યો, તે કાળે પણ તું ભેદજ્ઞાનના લક્ષે, સ્વનું લક્ષ રાખીને પરમાગમનું ચિંતવન રાખજે. આહા..હા..!

મુમુક્ષુ :– ભેદજ્ઞાનના લક્ષે એ જરા કઠણ વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વિના એકલું એકલું પરલક્ષ એ તો અનંતવાર કર્યું. આહા..હા..! અગિયાર અંગ અનંતવાર ધાર્યાં. એક એક અંગના અઢાર હજાર પદ અને એક પદના એકાવન કરોડ શ્લોક. એથી શું થયું ? આહા..હા..! રાગથી અને શરીરથી ભિન્ન ભગવાન ! એનું લક્ષ કરીને વિકલ્પાત્મક ભૂમિકામાં, એ દશામાં પરમાગમનું **'મુખ્ય ચિંતવન રાખજે.'** મુખ્ય ચિંતવન એ રાખજે. છે તો શુભભાવ, પણ લક્ષ છે ચૈતન્ય ઉપર. આહા..હા..! આકરું કામ.

**'વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે.'** વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની નિર્મળતા સૂઝવાનું કારણ બને. આહા..હા..! પરલક્ષી એ જાતની વિશેષતા છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે, સામાન્યથી વિશેષ બળવાન. પણ એ કયું વિશેષ ? શાસ્ત્રનું જ્ઞાન. વિશેષ બળવાન એટલે શાસ્ત્રજ્ઞાન બળવાન. એ તો પરની શુદ્ધિને માટે બળવાન કહ્યું. પોતાની શુદ્ધિને માટે પર શાસ્ત્રજ્ઞાન કાંઈ બળવાન છે જ નહિ. આહા..હા..! આકરું કામ, ભાઈ ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે એ આ રીતે છે. એમ કે આત્માના લક્ષે વિશેષ પરશાસ્ત્રનું જ્ઞાન, ભગવાનની વાણીનું થાય, તો એમાં તને સત્યની નિર્મળતા સૂઝાડશે. એટલી વાત. **'વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા...'** ચારે બાજુના પડખાનું જ્ઞાન તને ખ્યાલ આવશે. **'એ સત્ માર્ગને સુગમ કરે છે.'** સત્ માર્ગને ખ્યાલમાં બરાબર સુગમ કરે છે, એમ કહે છે. નિમિત્તથી (કથન) છે ને ? સમજાણું કાંઈ ?

હવે ૨૫૩, આહા..હા..! જુઓ ! હવે ૨૫૩.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આત્માને ત્રણ કાળની પ્રતીતિ કરવા માટે 'હું ભૂતકાળમાં શુદ્ધ હતો, વર્તમાનમાં શુદ્ધ છું, ભવિષ્યમાં શુદ્ધ રહીશ'– એવા વિકલ્પ કરવા પડતા નથી, પણ વર્તમાન એક સમયની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે–આવી જાય છે. ૨૫૩.**

**'આત્માને ત્રણ કાળની પ્રતીતિ કરવા માટે...'** ભગવાન આત્મા ત્રિકાળીની પ્રતીત કરવા માટે, **'હું ભૂતકાળમાં શુદ્ધ હતો, વર્તમાનમાં શુદ્ધ છું, ભવિષ્યમાં શુદ્ધ રહીશ– એવા વિકલ્પ કરવા પડતા નથી.'** આહા..હા..! શું કહે છે ? કે એક સમયમાં વસ્તુ જે ધ્રુવ છે, વર્તમાન એક સમયમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે ને ? કે ભૂત અને ભવિષ્ય જાય તો ધ્રુવ છે એમ છે ? શું કીધું ઇ ? ભૂતકાળમાં હતું અને ભવિષ્યમાં રહેશે, એવા ભેદ ત્યાં ક્યાં છે ? એ તો ધ્રુવ એક સમયમાં વર્તમાન છે. એને હું શુદ્ધ હતો અને શુદ્ધ રહીશ અને શુદ્ધ છે એવા ભેદની કંઈ જરૂર નથી એને. આહા..હા..! ત્રિકાળી તત્ત્વને ત્રણે કાળ ગોઠવીને પ્રતીત કરવી એમ નથી, કહે છે. ત્રિકાળી તત્ત્વ વર્તમાનમાં જ પૂર્ણ છે. આહા..હા..! કેમ કે ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત. એક સમયમાં ત્રણ છે. એક સમયમાં ત્રણે છે. ઉત્પાદ-વ્યય એક સમયની સ્થિતિ છે અને ધ્રુવ ત્રણ કાળનો રહેનારો માટે ત્રણ કાળ રહે માટે ધ્રુવ છે, માટે ત્રણ કાળની દૃષ્ટિ કરવી પડે એમ નથી. અરે..રે..! આવી વાતું !

**'આત્માને ત્રણ કાળની પ્રતીતિ કરવા માટે...'** **'હું ભૂતકાળમાં શુદ્ધ હતો...'** અથવા ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છું, ભવિષ્યમાં રહીશ **'એવા વિકલ્પો કરવા પડતા નથી.'** એ ત્રણ છે એ તો વિકલ્પ છે. **'પણ વર્તમાન એક સમયની પ્રતીતિમાં...'** આહા..હા..! એક સમયની પ્રતીતિમાં **'ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે.'** એ ધ્રુવ છે એની પ્રતીતિ થતાં, ત્રણ કાળ એમાં ભેગા આવી જાય છે, એને જુદા પાડવા પડતા નથી. થોડી ઝીણી વાત છે. હું ત્રિકાળ રહેનારો છું, હતો અને રહીશ. એવા એને ભેદ પાડવાની જરૂર નથી. આહા..હા..! વર્તમાનમાં જ ધ્રુવ ચૈતન્યભગવાન પૂર્ણ પડ્યો છે. એની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એક સમયમાં પ્રતીતિ કરતા, ધ્રુવની પ્રતીતિ આવી જાય છે. એને ત્રણ કાળ શોધે તો ધ્રુવની પ્રતીતિ આવે, એમ નથી. આહા..હા..! આવું કામ ! અરે..! આ તો રખડતા પ્રાણીને શરણું-આશ્રય કેમ લેવો એની વાત છે, બાપુ ! આહા..હા..! દુનિયા માનો, ન માનો એની સાથે કાંઈ સંબંધ છે નહિ.

**'આત્માને...'** એકને વર્તમાનમાં **'ત્રણ કાળની પ્રતીતિ કરવા માટે...'** ત્રણ કાળનો એને આશ્રય લેવાની જરૂર નથી. આ હતો, છે અને રહેશે એવી જરૂર ત્યાં એને નથી. આહા..હા..! આ તો વર્તમાનમાં જ એક સમયની પ્રતીતિમાં આખા ધ્રુવની પ્રતીતિ આવી જાય છે. વર્તમાન જ ધ્રુવ છે. આહા..હા..! ઝીણી વાત છે. સૂત્ર બહુ ઊંચુ છે. આહા..હા..! **'પણ વર્તમાન એક સમયની પ્રતીતિમાં...'** આહા..હા..! એક સમયની જ્ઞાનની પ્રતીતિમાં ધ્રુવની પ્રતીતિ આવી જાય છે. આહા..હા..! ત્રણે કાળની પ્રતીતિ આવી ગઈ. ત્રણે કાળ રહેનાર ધ્રુવ, એક સમયની પર્યાયમાં પ્રતીતમાં એ ધ્રુવ આવી ગયું. આહા..હા..! શું કહે છે સમજાય છે કાંઈ ? અરે..રે...! કોઈ દિ' એ વાતની એણે દરકાર કરી નથી. આ દુનિયામાં હોંશ અને હરખમાં મરી ગયો. બહારમાં કાંઈ... આહા..હા..! અરે..રે..!

અહીં કહે છે કે જીવતી જ્યોત, પ્રભુ ! એ ત્રિકાળી હતો, છે અને રહેશે એવી પણ ત્યાં જરૂર નથી. એ વર્તમાનમાં જ ધ્રુવ છે. ભાઈ ! આહા..હા..! આ હતો, છે અને રહેશે એવા ત્રણ કાળના ભેદ પાડવાની ત્યાં જરૂર નથી. એ બધા વિકલ્પ છે. આહા..હા..! આવું સ્વરૂપ ! આકરું કામ જગતને. વર્તમાન ઉત્પાદ-વ્યયની જે પર્યાય છે, એમાં વર્તમાન જે ધ્રુવ છે... આહા..હા..! એમાં **'ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે.'** એટલે ત્રણ કાળમાં રહેનારો જે છે, એ એક સમયમાં પ્રતીતિમાં આવી જાય છે. આહા..હા..! ભાઈ ! એક સમયની પર્યાય એટલે શું ? ભલે એ વસ્તુ એમાં ન આવે. પણ આખી ચીજનું ધ્રુવ એક સમયમાં જ્ઞાનમાં સામર્થ્ય આવી જાય છે. આહા..હા..! શું કરે આ ?

એમ કીધું ને ? **'એક સમયની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે.'** એક સમયમાં ધ્રુવની પ્રતીતિ કરે છે (એમાં) બધું અંદર આવી ગયું. ભલે ત્રણ કાળનો રહેનારો છે ભલે પણ એ વર્તમાન ધ્રુવ છે એની પ્રતીતિ કરતા, બધું પ્રતીતિમાં આવી ગયું. આહા..હા..! આવું આકરું પડે. સાંભળવા મળે નહિ. બિચારા શું કરે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મજુરી કરી-કરીને એમ ને એમ મરી ગયા. એક તો સંસારની મજુરી, અને એમાં કોઈ વખતે આ દયા, દાન અને સાંભળવાનો રાગ (કર્યો) એ મજુરી. આહા..હા..!

ભાઈ ! આ અંદર ભગવાન પૂર્ણાનંદ, નિત્યાનંદ ધ્રુવ, આનંદનું ધામ ધ્રુવ એક સમયમાં છે. એક સમયમાં એની પ્રતીતિ કરતાં ત્રિકાળ રહેનારની પ્રતીતિ એમાં આવી ગઈ. આહા..હા..! ભાઈ ! આવ્યા છે ને ? ભાઈ આવ્યા છે ને ? આહા..હા..! વર્તમાન પર્યાયમાં–અવસ્થામાં, વર્તમાન પર્યાયનો અને રાગનો ભરોંસો છે, એ તો પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! વર્તમાન પર્યાયમાં... આહા..હા..! ત્રિકાળી વસ્તુ એક સમયમાં ધ્રુવ છે. આહા..હા..! એ પર્યાયમાં તેની પ્રતીતિ આવી જાય છે. એની સન્મુખ થતાં, સત્ છે તેની સન્મુખ થતાં... આહા..હા..! ત્રિકાળ સત્‌સાહેબો, પ્રભુ ! એની વર્તમાન પર્યાય વર્તમાન સન્મુખ થતાં, ત્રિકાળી રહેનારું (તત્ત્વ) એક સમયમાં તેને પ્રતીતિમાં આવી જાય છે. આહા..હા..! આવું કામ છે. ભાષા તો સાદી ગુજરાતી છે, પણ હવે.. આહા..હા..!

મુમુક્ષુ :– ભાવમાં ભાસન થવું જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાવભાસન, આકરી વાત, બાપા ! આહા..હા..!

**'વર્તમાન એક સમયની પ્રતીતિમાં...'** વર્તમાન પર્યાયમાં **'ત્રણે કાળની પ્રતીતિ...'** એક સમયની કાળની પ્રતીતિમાં, **'ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે.'** આહા..હા..! ધ્રુવ તરફની જ્યાં દૃષ્ટિ થઈ અને દૃષ્ટિએ ધ્રુવને સ્વીકાર્યો, એક સમયની પર્યાયની પ્રતીતિમાં, ત્રિકાળીની પ્રતીતિ અંદર આવી ગઈ. ત્રિકાળ રહેશે એવું કાંઈ નહિ. ધ્રુવ છે એ ત્રિકાળ રહેનારું છે એમ એમાં આવી ગયું. આહા..હા..! આવી વાતું છે.

આ તો પુસ્તક હજી આગળ દૂર જશે, ધીમે ધીમે લોકો વાંચશે, તેમ તેની કીંમત થતી જશે કે આ ચીજ શું છે ? આહા..હા..! સમજાણું કાંઈ ? એક જણો તો એમ લખે છે, 'બહેનશ્રીના વચનામૃત'ની જગ્યાએ દિવ્યધ્વનિના વચનો છે એમ લખો. એક જણનો કાગળ આવ્યો છે. આહા..હા..! દિવ્યધ્વનિ જ છે. શું કહ્યું ઇ ?

વસ્તુ છે એ ત્રિકાળ હતી, છે અને રહેશે. એવા ભેદપણે પ્રતીતિમાં એની જરૂર નથી. આહા..હા..! **'વર્તમાન એક સમયની પ્રતીતિમાં....'** કાયમ એક સમયમાં રહેનારી ચીજ, એની પ્રતીતિ આવી જાય છે. આહા..હા..! કેમ કે વર્તમાન એ ધ્રુવપણે પડ્યું છે. આહા..હા..! એને કોઈ કાળની, ત્રણ કાળની એવી અપેક્ષાની જરૂર નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! આ બહુ વાતમાં ફેરફાર પડી ગયો ને, એટલે લોકોને આ તો (નવું લાગે છે). ભગવાનના સમવસરણમાં તો આ વાત લાખો સાંભળે, લાખો-કરોડો સાંભળે. આહા..હા..! મહાવિદેહક્ષેત્રમાં તિર્યંચો સાંભળે, સિંહ અને વાઘ (સાંભળે છે). આહા..હા..!

**'સમાઈ જાય છે.' 'ત્રણ કાળની પ્રતીતિ સમાઈ જાય છે.'** એટલે ત્રણ કાળનો ધ્રુવ છે તે આવી જાય છે. આહા..હા..! એને આમ ત્રણ કાળ લંબાવાની જરૂર નથી, એમ કહે છે. આહા..હા..! આવી વાત ! વર્તમાન સમયમાં જ, ઉત્પાદ-વ્યયનો સમય છે તે જ કાળમાં ધ્રુવ તો પડ્યું છે. આહા..હા..! એની એક સમયની પર્યાયની પ્રતીતિમાં ત્રિકાળી રહેનારું વર્તમાનમાં એક સમયમાં તેની પ્રતીતિ આવી જાય છે. આહા..હા..! આવું કામ છે.

મુમુક્ષુ :– પર્યાયનું સામર્થ્ય બહુ જબરું !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાયની સામર્થ્યતા બહુ જબરી. પણ પર્યાયમાં વર્તમાન ધ્રુવ છે એનો ભેદ પાડવો નહિ, એમ કહેવું છે. ત્રિકાળ રહેનારું છે પણ ત્રિકાળ રહેનારું, માટે એમ નહીં. ધ્રુવ છે. આહા..હા..! આવો વીતરાગ માર્ગ ! વિચારે બેસી જાય એવું છે, ભાઈ ! તારો સ્વભાવ જ એવો છે ને, પ્રભુ ! આહા..હા..! વર્તમાનમાં ધ્રુવપણે રહેલું, એની વર્તમાન પર્યાયમાં ધ્રુવપણે રહે એની પ્રતીતિ આવી ગઈ. સમજાણું કાંઈ ? આહા..હા..!

**જીવને જેમ પોતામાં થતાં સુખદુઃખનું વેદન થાય છે તે કોઈને પૂછવા જવું પડતું નથી, તેમ પોતાને સ્વાનુભૂતિ થાય છે તે કોઈને પૂછવું પડતું નથી. ૨૫૪.**

૨૫૪ મો બોલ.

**'જીવને જેમ પોતામાં થતાં સુખ-દુઃખનું વેદન થાય છે તે કોઈને પૂછવા જવું પડતું નથી,...'** દુઃખનું વેદન થાય તો કોઈને પુછવા જવું પડે કે મને દુઃખનું વેદન થાય છે. સંસારી કલ્પનાનું સુખ અને કલ્પનાનું દુઃખ એ પોતાને થાય તે કોઈને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂછવા જવું પડે છે ? આહા..હા..! **'તેમ પોતાને સ્વાનુભૂતિ થાય...'** આહા..હા..! સ્વ-અનુભૂતિ. જેવો ભગવાન ત્રિકાળી છે તેની વર્તમાન પર્યાયમાં એનો અનુભવ. આહા..હા..! **'પોતાને સ્વાનુભૂતિ થાય છે તે કોઈને પુછવું પડતું નથી.'** આહા..હા..! ઓલા કહે કે એ સમ્યગ્દર્શનની ખબર ન પડે. પણ આ સ્વાનુભૂતિની ખબર પડ્યા ભેગુ સમકિત આવી ગયું કે નહિ ? આહા..હા..! શું થાય ? માર્ગને વીંખી નાખ્યો. અનુભૂતિ તેનું મુખ્ય લક્ષણ લીધું છે. નહિતર સમકિતનું લક્ષણ તો પ્રતીતિ છે. પણ સ્વાનુભૂતિની સાથે થાય છે, હોય જ. આહા..હા..! એથી એ **'સ્વાનુભૂતિ થાય છે તે કોઈને પૂછવું પડતું નથી.'** આહા..હા..! એ પોતાના અનુભવમાં આવે છે. જાણી શકે છે. જાણી શકતો નથી એમ છે નહિ. વિશેષ કહેશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**ક્ષણભંગુર સંયોગના લક્ષે થતાં પરિણામ ક્ષણમાં પલટી જશે પણ જ્યારે શાશ્વત રહેનારા આત્માનું લક્ષ કરે ત્યારે પરિણામ શુદ્ધ થશે ને એ શુદ્ધ પરિણામ શુદ્ધપણે શાશ્વત થતાં રહેશે. આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માનો અદ્ભુત આશ્ચર્યકારી ને ગહન સ્વભાવ છે. એ સ્વભાવનું લક્ષ કરવું એ જ આ દુર્લભ ભવની સાર્થકતા છે. 'પરમાગમસાર' બોલ નં.૪૦૦.**

❀

**એક આત્મા જ સાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ સાર નથી. એક સમયની પર્યાય પણ સાર નથી. સારમાં સાર તો એક આત્મા જ છે. ચૌદ બ્રહ્માંડમાં સારમાં સાર એક આત્મા જ છે. એ સિવાય બીજાું બધું નિઃસાર છે. પૈસા, લક્ષ્મી, ચક્રવર્તીપદ, ઈન્દ્રપદ એ બધું નિઃસાર છે. ચૈતન્ય બાદશાહ એક જ જગતમાં સાર છે. અનાકુળ આનંદનો કંદ, ધ્રુવ સામાન્ય વસ્તુ તે એક જ સાર છે. ચક્રવર્તીપદ કે ઈન્દ્રનું ઈન્દ્રાસન તે પણ સાર નથી. 'પરમાગમસાર' બોલ નં.૪૦૧.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભાદરવા વદ ૬, શુક્રવાર તા. ૨૨-૦૯-૧૯૭૮.
વચનામૃત-૨૫૫ થી ૨૫૮, પ્રવચન-૯૭

**અંતરનો અજાણ્યો માર્ગ; અંતરમાં શી ઘટમાળ ચાલે છે, તે આગમ ને ગુરુની વાણીથી જ નક્કી કરી શકાય છે. ભગવાનની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે. જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે; તો જ તારી સાધનાના પગલાં મંડાશે. ૨૫૫.**

વચનામૃત. ૨૫૫મો બોલ.

**'અંતરનો અજાણ્યો માર્ગ;...'** ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એની પ્રતીતિ, એનું જ્ઞાન અને રમણતા, એનાથી એ અનાદિથી અજાણ્યો છે. આહા..હા..! **'અંતરનો અજાણ્યો માર્ગ; અંતરમાં શી ઘટમાળ ચાલે છે,...'** આહા..હા..! ધર્મીને પણ અંદર રાગ આવે છે. ઘટમાળ. આહા..હા..! એ વીતરાગની વાણીથી નિર્ણય કરવો જોઈએ. પોતાના સ્વચ્છંદે નિર્ણય ન કરવો. આહા..હા..! **'અંતરમાં શી ઘટમાળ ચાલે છે, તે આગમ...'** પરમાગમ. સર્વજ્ઞએ કહેલું, દિવ્યધ્વનિનું પરમાગમ **'ને ગુરુની વાણીથી જ નક્કી કરી શકાય છે.'**

**'ભગવાનની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે.'** શું કહે છે ? આહા..હા..! એક કોર ભગવાન એમ કહે કે જ્ઞાનીને ભોગ નિર્જરાનો હેતુ છે. ભોગ નિર્જરાનો હેતુ છે ? ભોગ તો રાગ છે, દુઃખ છે. પણ દૃષ્ટિનું જોર બતાવવું છે. એ દૃષ્ટિનું જોર શુદ્ધ દ્રવ્ય ઉપર છે, એ કારણે ભોગનો ભાવ આવ્યો, પણ તેનો બંધ અલ્પ થશે. એની ગણતરી ન કરતાં દૃષ્ટિની પ્રધાનતાથી ભોગને નિર્જરા કહ્યો. ભોગ નિર્જરા હોય તો ભોગ છોડીને મુનિપણું લેવું, એ રહેતું નથી. સમજાણું કાંઈ ? એ સ્યાદ્વાદ, ભગવાનની વાણી સ્યાદ્વાદ છે. કઈ અપેક્ષાથી કહે છે ? એક કોર એમ કહે કે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સમ્યગ્દૃષ્ટિને બંધન જ નથી. બીજી બાજુ એમ કહે, કે જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર પૂર્ણ ન થાય ત્યાં સુધી જ્ઞાન અને આનંદની પરિણતિ અલ્પ છે. એ કારણે વિકારભાવ છે, દુઃખ છે, બંધન થાય છે. આહા..હા..!

એક બાજુ કહે કે સમ્યગ્દૃષ્ટિને બંધ થતો નથી. કઈ અપેક્ષાએ ? મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અભાવની અપેક્ષાએ. પણ ત્યાં બંધ જ નથી એમ માને એ તો અજ્ઞાની છે. બંધ તો દસમા ગુણસ્થાન સુધી છે. આહા..હા..! અને બારમે ગુણસ્થાને સુખની પ્રાપ્તિ, પૂર્ણાનંદની પ્રાપ્તિ તો બારમા ગુણસ્થાને થાય છે. નીચેની દશામાં આત્માના આનંદનો અનુભવ થાય, પણ એની સાથે પૂર્ણ આનંદ નથી, સાથે રાગની આકુળતાનું દુઃખ પણ છે. આ તો મેરુ હલાવવાનો છે. એ હલે નહિ. આહા..હા..!

સચ્ચિદાનંદ પ્રભુ (છું) એવી દૃષ્ટિ થઈ, છતાં સ્યાદ્વાદવાણી એમ કહે કે એને બંધન નથી. એક બાજુ કહે કે જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી મુનિને પણ રાગ, બંધન અને દુઃખ છે. આહા..હા..! આ મોટી તકરાર છે ને ? વાંધા આખા. દૃષ્ટિનો ફેર (છે.

'અમૃતચંદ્રાચાર્ય' ('સમયસાર') ત્રીજા શ્લોકમાં કહે છે, આહા..હા..! હું તો શુદ્ધ ચૈતન્યવસ્તુ છું પણ મારી પર્યાયમાં હજી **'कल्माषितायाः'**-કલુષિતતા (છે). શુભભાવ છે એ કલુષિત છે. પંચમહાવ્રતનો ભાવ છે... આહા..હા..! એ કલુષિત છે, દુઃખ છે, હું એટલો દુઃખી છું. આહા..હા...! ત્રીજા કળશમાં છે. સમજાણું કાંઈ ?

વીતરાગની સ્યાદ્વાદ વાણી, કઈ અપેક્ષાએ કહ્યું છે એ સમજે નહિ અને એકાંત તાણે તો દૃષ્ટિ વીપરિત થઈ જાય. સમજાણું કાંઈ ? એ કહે છે, **'ભગવાનની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે...'** આહા..હા..! એક બાજુ જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ (કહે), એ જ નિર્જરા અધિકારમાં લે છે કે ધર્મીને આનંદનો અનુભવ છે, છતાં સુખ-દુઃખનું વેદન એને આવે છે. ભાઈ ! નિર્જરા અધિકારની બીજી ગાથા. શાતા-અશાતાનું વેદન આવે છે. વેદન આવીને પછી કરી જાય. પણ વેદન છે. ૧૯૪ (ગાથા). આહા..હા..! બીજી ગાથા. આહા..હા..! એક બાજુ એમ કહે, કે જ્ઞાનીને દુઃખ છે જ નહિ, બંધન છે જ નહિ. કઈ અપેક્ષાએ ? એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ બંધન નથી અને દુઃખ નથી. પણ જેટલો કષાય (બાકી છે), હજી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ આવે છે... આહા..હા..! વાંચનનો વિકલ્પ આવે છે, કહેવાનો વિકલ્પ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આવે છે... આહા..હા..! 'સમાધિશતક'માં તો એમ કહે છે, કે ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે એ રાગનો ઉન્માદ છે. આહા..હા..! ચારિત્રનો દોષ છે, દુઃખ છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. સમજાણું કાંઈ ? આહા..હા..!

પર્યાયમાં નિમિત્તને વશ થઈને રાગ (થાય છે). પૂર્ણ આનંદની દશા નથી, ત્યાં દુઃખદશા ઉત્પન્ન થાય છે. રાગ કહો કે દુઃખ કહો. આહા..હા..! 'રાગ-આગ, દાહ દહે સદા.' 'રાગ-આગ, દાહ દહે સદા, તાતે સમામૃત સેઈએ.' આહા..હા..! એ શુભ અને અશુભરાગ આગ, દાહ (છે). 'છ ઢાળા'માં આવે છે. 'રાગ, આગ, દાહ દહે સદા.' એને છોડીને સમામૃત સેઈએ. વીતરાગભાવની સેવા કર. આહા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

વીતરાગની વાણી સ્યાદ્વાદ છે. એ વાણી તત્ત્વ પ્રકાશી શકે છે. **'જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે;...'** સ્વચ્છંદે ન ચાલવું. આહા..હા..! જિનેન્દ્રવાણી, ત્રણ લોકના નાથ પરમાત્માની વાણી, દિવ્યધ્વનિ, ૐકાર ધ્વનિ.. આહા..હા..!

મુમુક્ષુ :– એનું જ્ઞાન કરજે એ તો બરાબર છે, એનું અવલંબન કરજે, એમ કીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અવલંબન છે ને ? નિમિત્તનું લક્ષ છે ને ત્યાં ? એ શું કહે છે, એવું લક્ષ છે ને ? એ અવલંબન છે. સમજાણું કાંઈ ? આહા..હા..! શાસ્ત્ર માર્ગ દેખાડી અળગા રહે. પણ માર્ગ દેખાડે કે અંદરમાં જા. આહા..હા..! રાત્રે થોડું કહ્યું હતું ને ? અરે..રે..! અજ્ઞાની પ્રાણી, વિષયના ભોગ કાળે પકવાન, પેંડા અને બરફી ખાઈને ભોગ લે છે. રાત્રે. આહા..હા..! છે ને, બધી વાત સાંભળી છે. કરી નથી પણ બધી વાત સાંભળી છે. ભોગ લેવાનો ભાવ હોય ત્યારે પેંડા આઠ શેર, પોણો શેર બરફી લાવીને બન્ને જણા ખાય. અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ?

એમ અંતરનો ભોગ લેવો હોય તો, જ્ઞાન અને વૈરાગ્યની સામગ્રી લઈને અંદર જા. આહા..હા..! જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ, નિર્જરામાં આવે છે ને ? આહા..હા..! સમ્યગ્જ્ઞાન. રાગથી ભિન્ન થયો. રાગ છે, રાગ છે એટલો દોષ છે, આસક્તિ છે. આહા..હા..! નિશ્ચયથી સ્વામી નથી. પણ એક અપેક્ષાએ અધિષ્ઠાતા સ્વામી પણ છે. આહા..હા..! આવી વાત !

'પ્રવચનસાર'માં કહ્યું છે કે જેટલો શુભાદિ રાગ છે, એનો અધિષ્ઠાતા આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. એની પર્યાયમાં એની નબળાઈને લઈને પોતાથી થાય છે ને ? 'પ્રવચનસાર' નય અધિકાર, ૪૭ ગાથા. ત્યાં જેટલો વિકલ્પ છે, નિર્વિકલ્પ ધર્મ જે છે, એનો અધિષ્ઠાતા આત્મા છે, એમ લીધું છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનામાં રાગ, વિકલ્પ થાય છે, એનો સ્વામી આત્મા છે. આહા..હા..! એ કાંઈ કર્મથી થયા છે ? પોતાની નબળાઈને લઈને થયા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? હવે આ જુઓ !

એક બાજુ એમ કહે, કે સ્વસ્વામીસંબંધ નામનો આત્મામાં એક ગુણ છે. તો પોતાનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય જે શુદ્ધ થઈ, એટલું સ્વ અને એનો આત્મા સ્વામી. આહા..હા..! બીજી બાજું એમ કહે, કે જેટલો રાગ મુનિને પણ ઉત્પન્ન થાય છે... આહા..હા..! પંચ મહાવ્રતનો વિકલ્પ પણ રાગ છે, જગપંથ છે. આકરી વાતું છે, ભાઈ ! પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ આકુળતા, રાગ અને જગપંથ છે, સંસારપંથ છે, એ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ બંધનું કારણ અને દુઃખ છે. આહા..આહા...! મુનિને શુભ આવે છે એ ઝેર છે, ભઠ્ઠી છે, દુઃખ છે. આહા..હા..! એનો સ્વામી આત્મા છે. ભાઈ ! એક બાજુ સ્વસ્વામીસંબંધમાં શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વ અને એનો સ્વામી (કહે). એક બાજુ આ કહ્યું. કઈ અપેક્ષાએ ? ભાઈ ! એમ એકાંત ન હોય. આહા..હા..! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પ્રભુ ! એની આ (સ્યાદ્‌વાદ કથન પદ્ધતિ છે).

કહે છે, કે **'જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે;...'** લક્ષ રાખવું કે શું વાણી કહે છે અને શું ગુરુ કહે છે. પોતાના સ્વચ્છંદે ન માનવું. આહા..હા..! **'તો જ તારી સાધનાના પગલાં મંડાશે.'** ત્યારે તું સાધાનાના પગલા (માંડી શકાશે). અંતર સ્વરૂપમાં જવું. પગલા માંડીશ-તારી પર્યાય નિર્મળ થશે. આહા..હા..! બહુ જ ટૂંકી ભાષામાં, સાદી ભાષામાં...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**સાધકદશાની સાધના એવી કર કે જેથી તારું સાધ્ય પૂરું થાય. સાધકદશા પણ એનો મૂળ સ્વભાવ તો નથી. એ પણ પ્રયત્નરૂપ અપૂર્ણ દશા છે, માટે તે અપૂર્ણ દશા પણ રાખવા જેવી તો નથી જ. ૨૫૬.**

૨૫. '**સાધકદશાની સાધના એવી કર...**' આહા..હા..! પ્રભુ ! તું પૂર્ણાનંદનો નાથ આત્મા છો ને. સચ્ચિદાનંદ પ્રભુ ! પર્યાયમાં ભલે રાગાદિ હોય પણ વસ્તુ એવી નથી. આહા..હા..! એવી '**સાધકદશાની સાધના...**' આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપની એકાગ્રતા, એ '**સાધના એવી કર કે જેથી તારું સાધ્ય પૂરું થાય.**' જેથી તારું સાધ્ય મોક્ષ છે એ પૂરું થાય. આહા..હા..! સ્વરૂપ, જે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ, પ્રભુ ! એનું સાધકપણું એવું સાધ.. જો કે આગળ કહેશે. સાધકપણું પણ પોતાનું મૂળ સ્વરૂપ નથી.

'**સાધકદશા પણ એનો મૂળ સ્વભાવ તો નથી.**' આહા..હા..! શું કહે છે ? કે આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની દૃષ્ટિ અને અનુભવ ને સાધકપણું પ્રગટ કર્યું, એ સાધકપણું ત્યાં સુધી કર કે એ સાધકપણાથી સાધ્ય પૂરું થાય. ત્યારે કહે છે કે સાધકપણાથી સાધ્ય પૂરું થાય, છતાં પણ સાધકદશા પોતાનો મૂળ સ્વભાવ નથી. 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે, 'નિર્વિકલ્પ સમાધિ મોક્ષનો માર્ગ છે, એ પણ પોતાનું સ્વરૂપ નથી.' એ તો પર્યાય છે. આહા..હા..! અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ સત્ચિદાનંદ, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો (ભંડાર છે). અનંત-અનંત ગુણના રત્નના ઓરડા ભર્યા છે એમાં. ઓરડા.

મુમુક્ષુ :- થોડાક તો આપો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આહા..હા..! કોણ આપે ? ભાઈ ! તું તારામાં જા, તને મળશે. આહા..હા..! જ્ઞાન અને વૈરાગ્ય બે લઈને પ્રભુ ! અંદર જા તું. આહા..હા..! આવી વાતું ભાઈ આકરી બહુ. લોકોએ ધર્મ કંઈક કંઈક માનીને બેઠા છે પણ ધર્મ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કોઈ અપૂર્વ ચીજ છે, ભાઈ ! અનંત અનંત કાળમાં, અનંત ભવમાં કોઈ દિ' એક સેકન્ડ કર્યો નથી. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો...'

મુમુક્ષુ :– સાદિ મિથ્યાદૃષ્ટિ હોય એણે તો કર્યો હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સાદિ મિથ્યાદૃષ્ટિ તો કોઈક જીવ હોય. પણ ખરેખર પૂરું સાધક કર્યું નથી. તેથી પડ્યું ને પોતાના ભાવે. આહા..હા..! અહીં તો સાધકપણું એવું પ્રગટ કર, એમ કહે છે, જુઓ ! કે જેથી તારું સાધ્ય પૂરું થાય.

મુમુક્ષુ :– આ તો અપ્રતિહતની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ પડવાની-ફડવાની વાત અહીં નહિ. આહા..હા..!

પૂર્ણ આનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ ! રાગ છે પણ તેને અંતર ભિન્ન કરીને સાધકપણું પ્રગટ કર, પ્રભુ ! આહા..હા..! અને એવું સાધકપણું પ્રગટ કર કે સાધકથી તારું સાધ્ય પૂરું થઈ જાય. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'સાધકદશાની...'** પર્યાય છે ને ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય છે. એ કાંઈ દ્રવ્ય-ગુણ વસ્તુ–દ્રવ્ય નથી. આહા..હા..! આવી વાતું આકરી, બાપુ ! અરે..! ભાઈ ! એણે અનંતકાળમાં અપૂર્વ કંઈ છે એ કર્યું જ નથી. પૂર્વે કર્યું એ કર્યા કરે છે એ તો અનાદિની અજ્ઞાનની દશા છે. આહા..હા..! અપૂર્વ જે અંદર આનંદનો નાથ, પ્રભુ ! આહા..હા..! એને વર્તમાન જ્ઞાનની પર્યાયથી પકડવો. આહા..હા..! અને તે સાધકપણું પ્રગટ થતાં, એવું સાધકપણું કર કે તારું સાધ્ય ત્યાં પૂર્ણ થઈ જાય. આહા..હા..! કહો, ભાઈ ! આવું ત્યાં તમારે ઝવેરાત-ફવેરાતમાં ધૂળમાં ક્યાંય નથી. એય..! 'હોંગકોંગ'માં લાખો પૈસા પેદા કરે અને પછી.. હવે જવાના છે. આહા..હા..! એ લાખ ને પાંચ લાખ આપે માટે ધર્મ થઈ જાય, એમ નથી. અને પાંચ લાખ મેં આપ્યા, મારી ચીજ હતી અને મેં આપ્યા, એ જ મિથ્યાત્વભાવ છે. લક્ષ્મી એની ક્યાં છે ? એ તો જડની છે, અજીવ છે. જીવ એમ માને કે અજીવ મારી ચીજ હતી એ મેં આપી. આહા..હા..! તો અજીવને પોતાના માન્યા. બહુ આકરું કામ, બાપુ ? આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ તો અપૂર્વ છે, પ્રભુ ! આહા..હા..! દુનિયાથી નિરાળો માર્ગ છે, ભાઈ !

એવી સાધકદશા પ્રગટ કર... આહા..હા..! **'કે જેથી તારું સાધ્ય પૂરું થાય.'** જોયું ? કેવળજ્ઞાન તને પ્રાપ્ત થાય એવું સાધકપણું પ્રગટ કર. આહા..હા..! **'સાધકદશા પણ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**એનો મૂળ સ્વભાવ તો નથી.**' પર્યાય છે ને ? ત્રિકાળી ભગવાન દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ... આહા..હા..! અનંત અનંત અસંખ્ય પ્રદેશે અનંત અનંતગુણના ઓરડા ભર્યા છે. આ સાધકદશા તો પર્યાય છે. આવી વાત છે બધી. ભગવાન પૂર્ણાનંદની ચૈતન્યચમત્કારી વસ્તુ અંદર છે. આહા..હા..! એને એવી રીતે સાધ કે તારી સાધ્યદશા પૂરી થઈ જાય.

**'સાધકદશા પણ એનો મૂળ સ્વભાવ તો નથી. એ પણ પ્રયત્નરૂપ અપૂર્ણ દશા છે,...**' 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે કે નિર્વિકલ્પ આનંદની દશા જે મોક્ષનો માર્ગ એ પણ આત્માનું સ્વરૂપ નથી. એક સમયની પર્યાય છે. આહા..હા..! આવી વાત છે. રાગ તો વાત જુદી. અંદર રાગ આવે. એ તો કોઈ મોક્ષમાર્ગ નથી. આહા..હા..! એ તો સવારમાં ૧૧૦ ગાથામાં કહ્યું હતું ને ? કે આત્માની સાધકદશા સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ્યું, અને જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી કર્મધારા, રાગધારા અંદર આવે છે પણ રાગધારાથી નિરપેક્ષ જે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, એ જ્ઞાનપર્યાય એ મોક્ષનું કારણ છે. સાથે રાગ આવ્યો એ બંધનું કારણ છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિને પણ જેટલા વિકલ્પ ઉઠ્યા એ રાગધારા છે. આહા..હા...! એ તો આમાં આવી ગયું છે. સવારે કહ્યું હતું.

ભગવાન આત્મા આનંદસ્વરૂપમાં રમે છે. એ તો પોતાની દશા છે. પણ એમાં જેટલો સાંભળવાનો, કહેવાનો, ભક્તિનો, વાંચનનો વિકલ્પ ઊઠે છે... આહા..હા..! શુભરાગ, હોં ! અશુભની તો વાત જ ક્યાં છે. એ શુભરાગ પણ અમારો દેશ નથી. આહા..હા..! શુભરાગમાં આવવું, અરે..! અમને રુચતું નથી પણ આવવું પડ્યું. પરદેશમાં ચાલ્યા ગયા. આમાં છે ને ? ૪૦૧. જુઓ !

**'જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.**' આહા..હા..! **'જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.**' પૂર્ણ થઈ જાઉં એવી ભાવના અંદર (છે). **'આ વિભાવભાવ અમારો દેશ નથી.**' અરે..રે..! મુનિને પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે. ચોથા ગુણસ્થાને પણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો, વિનયનો રાગ આવે છે, પણ એ અમારો દેશ નથી. આહા..હા..! એ ૪૦૧ છે ? **'આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?**' આહા..હા..! એ રાગ આવે છે કે નહિ ? ત્યારે પરદેશ કહ્યું ને ? આહા..હા..! **'અમને અહીં ગોઠતું નથી.**' જુઓ ! રાગ આવ્યો છે પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ગમતું નથી. દુઃખ લાગે છે. સમજાણું કાંઈ ? ચાહે તો ભગવાનના દર્શન, વીતરાગની વાણીના દર્શન, એની ભક્તિ એ બધા શુભભાવ છે. પણ શુભભાવ છે એ આકુળતા અને દુઃખ છે. અરે..! હું આનંદમાંથી નીકળીને આ ક્યાં આવ્યો ? **'અહીં અમારું કોઈ નથી.'** આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા. અહીં તો શુભરાગ આવ્યો, એ અમારું કોઈ નથી. એ તો આકુળતા આવી. આહા..હા..! નિરાકુળ પ્રભુ આનંદસ્વરૂપ, એ સ્વદેશમાંથી અમે ખસી ગયા. આવી વાતું છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ ધર્મી એમ માને છે. જ્ઞાની–આત્મજ્ઞાની–એમ માને છે કે જે શુભ વિકલ્પમાં આવ્યા, તે અમને ગમતું નથી પણ દુઃખરૂપ છે છતાં આવ્યો. એ અમારો દેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

એક બાજુ એમ કહે, કે વ્યવહારની ક્રિયાનો રાગ છે એનો અધિષ્ઠાતા આત્મા છે. 'પ્રવચનસાર'. એક બાજુ એમ કહે, કે રાગ જે આવ્યો એ અમારો દેશ નથી, અમારું સ્વરૂપ નથી. આહા..હા..! એક બાજુ એમ કહે, કે રાગ આવ્યો એનો સ્વામી આત્મા છે. સમ્યગ્દષ્ટિને પણ. રાગ એમાં થાય છે ને ? એક બાજુ કહે, ધર્મી રાગનો સ્વામી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? બન્ને અપેક્ષા જાણવી જોઈએ ને ? દ્રવ્યની દૃષ્ટિના જોરમાં હું રાગનો સ્વામી નથી. પણ રાગ આવ્યો, મારી પર્યાયમાં મારાથી આવ્યો છે તો એનો સ્વામી હું છું. આહા..હા..! 'પ્રવચનસાર' ૪૭ નય.

એક બાજુ કહે... આહા..હા..! કે રાગ જ્ઞાનીને થાય છે, તો એનો કર્તા આત્મા નથી. એનો હું કર્તા નથી. કઈ અપેક્ષાએ ? કરવાલાયક છે એમ મારી ચીજ નથી. પણ મારી પર્યાયમાં રાગ મારાથી થાય છે તો એ અપેક્ષાએ હું પરિણમું છું તો કર્તા હું છું એમ કહે છે. આહા..હા..! અરે..! આવી વાત ! એક બાજુ કહે કે અકર્તા, બીજી બાજુ કહે કર્તા નહિ. નય છે માટે કર્તા હું છું. જેટલો રાગ થયો એ પરિણમન કરે તે કર્તા. તો પરિણમન મારું છે. એ કોઈ જડનું પરિણમન નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? બહુ ગંભીર ચીજ (છે), ભાઈ !

**'જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં...'** મૂળ વતન. આહા..હા..! આનંદનું ધામ ભગવાન મૂળ વતન (છે). (ત્યાં) **'જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.'** જ્યાં બધા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અમારા છે. બધા અમારા છે. જ્ઞાન, આનંદ, અનંત ગુણ... આહા..હા..! આવી વાતું, ભાઈ ! સાદિ ભાષામાં ઘણું (ભરી દીધું છે). આમાં કોઈ વ્યાકરણ અને સંસ્કૃતની જરૂર પડે નહિ. આહા..હા..!

**'એ પણ પ્રયત્નરૂપ અપૂર્ણ દશા છે,...'** ચાલતો અધિકાર. ૨૫૬. શું કહે છે ? હું રાગથી ભિન્ન શુદ્ધ પૂર્ણ છું, એવું ભાન, એવી સાધકદશા (પ્રગટી) એ પણ પ્રયત્નરૂપ વર્તમાન દશા છે. સાધક–પ્રયત્નરૂપ અપૂર્ણ દશા છે. સાધ્ય છે એ તો પૂર્ણદશા છે. છતાં પૂર્ણદશા એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. એ તો એક પર્યાય છે. કેવળજ્ઞાન અને પરમાત્મદશા પ્રગટ થાય, એ પણ એક સમયની પર્યાય છે. આહા..હા..! એ પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. આવી આકરી વાતું. એ પર્યાયનો કર્તા પર્યાય છે. 'યોગીન્દ્રદેવ'માં આવે છે ને ? ૩૨૦ ગાથામાં આવે છે. 'જીવો ન કરે બંધન.' 'જીવ મોક્ષને કરે નહિ, મોક્ષના માર્ગને કરે નહિ.' આહા..હા..! આકરું કામ, ભાઈ ! કઈ અપેક્ષાએ (કહ્યું છે તે સમજવું જોઈએ). 'જીવો ન કરે મોખં' એવો પાઠ છે. જીવ મોક્ષની પર્યાયને કરતો નથી. દ્રવ્ય શું કરે ? પર્યાય પર્યાયને કરે. આહા..હા..! એ મોક્ષના માર્ગને પણ દ્રવ્ય કરતું નથી. એવો પાઠ છે. મોક્ષનો માર્ગ પણ દ્રવ્ય રાખતું નથી. આહા..હા..! એ તો ધ્રુવ જ્ઞાયકસ્વરૂપ સચ્ચિદાનંદ પૂર્ણ છે. એમાં કરવું, પર્યાય કાંઈ છે નહિ. પરનું કરવું તો નથી, રાગનું કરવું નથી, પણ શુદ્ધ મોક્ષમાર્ગની પર્યાયને પણ કરવું નથી. બહુ આકરું પડે. અંદર મગજ જોઈએ.

**'માટે તે અપૂર્ણ દશા પણ રાખવા જેવી તો નથી જ.'** આહા..હા..! રાગ તો રાખવા જેવો છે જ નહિ, પરદ્રવ્ય તો રાખવા જેવો નથી પણ આત્મા પૂર્ણાનંદનો નાથ, પ્રભુ ! એનું સાધકપણું, મોક્ષનો માર્ગ જે પ્રગટ્યો, એ પણ રાખવા લાયક નથી. કારણ કે અપૂર્ણ પર્યાય છે. **'અપૂર્ણ દશા પણ રાખવા જેવી તો નથી.'** આહા..હા..! માલ માલ આવ્યો છે. આ માલ આવ્યો છે. આ માલ, હોં ! આહા..હા..! ૨૫૬ (બોલ પૂરો) થયો.

**શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધાત્માને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે તો મોક્ષ પ્રાપ્ત થશે. ૨૫૭.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૨૫૭. **'શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને...'** શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ કરીને... આહા..હા..! **'તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને...'** પર્યાયમાં અશુદ્ધતા છે, નથી જ એમ નથી. સમજાણું કાંઈ ? પર્યાયમાં અશુદ્ધતા છે. શુભ-અશુભભાવ એ મલિનતા છે, એમ ખ્યાલ રાખીને. સમજાણું કાંઈ ? 'સમયસાર'ની ૧૪મી ગાથાની ટીકામાં ભાવાર્થમાં લખ્યું છે. એમ કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ અને આ તદ્દન આવો છે, એમ કહ્યું, તો પર્યાયમાં અશુદ્ધતા છે કે નહિ ? એ અશુદ્ધતાનું લક્ષ કરીને અબદ્ધની દૃષ્ટિ કરવી. 'સમયસાર'ની ૧૪મી ગાથાના ભાવાર્થમાં (છે). આહા..હા..! અહીં એ કહે છે.

ભગવાન આત્મા શુદ્ધ છે, પર્યાયમાં અશુદ્ધતા છે એવું જ્ઞાન તો કરવું જોઈએ. એ ભૂલી જાય અને અશુદ્ધતા છે જ નહિ (એમ માને) તો તો શુદ્ધતા સાધીને અશુદ્ધતાનો નાશ કરવો એ તો રહેતું નથી. મારામાં અશુદ્ધતા છે જ નહિ. તો પછી શુદ્ધતા કરીને એનો નાશ કરવો એ તો રહેતું નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! ચોથા ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને, છટ્ઠે ગુણસ્થાને સાધકદશા પ્રગટ થઈ છતાં પર્યાયમાં અશુદ્ધતા છે. એ અશુદ્ધતા છે એ ખ્યાલમાં રાખવું. છે જ નહિ, મારામાં અશુદ્ધતા છે જ નહિ, તો પછી શુદ્ધતાનો આશ્રય કરીને અશુદ્ધતા ટાળવી એ તો તને રહ્યું નહિ. સમજાણું કાંઈ ? આવું કામ આકરું, ભાઈ ! ઓલું તો દયા પાળો ને 'તસ્ મિચ્છામિ દુક્કડમ્... ... પડિક્કમણામાં આવે છે ને ? તસ્સૂતરી કરણેન ... સહેલુંસટ હતું રખડવાનું. આહા..હા..! આવો માર્ગ. અરે..રે..! ચોરાશીના અવતારથી, ભાઈ ! જેને થાક લાગ્યો છે, ડર લાગ્યો છે. એકલા દુઃખનો ડર નહિ. નરકના અને ચાર ગતિના દુઃખ. સ્વર્ગમાં પણ દુઃખ જ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આનંદસ્વરૂપ ભગવાન સિવાય બહારમાં ચાહે તો સ્વર્ગ હોય કે ચાહે તો અબજોપતિ શેઠિયો હોય, એ દુઃખમાં જ છે. આહા..હા..! દુઃખી છે. આહા..હા..!

અહીંયા કહે છે, કે **'શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને...'** ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ સ્વભાવ છે એવી દૃષ્ટિ કરીને **'તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને...'** મારામાં અશુદ્ધતા છે. અશુદ્ધતા કહો કે દુઃખ છે. આહા..હા..! સાધક સમ્યગ્દૃષ્ટિને પણ આ વિચાર હોય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. આહા..હા..! આવું કામ છે. ભગવાન અંદર ચૈતન્યપ્રભુ ! અનંત ગુણના પાસાથી ભરેલો પાસા (છે). જેમ હીરાને પાસા હોય છે ને ? એમ આત્મા અનંત ગુણ(ના પાસાથી ભરેલો છે). એવી દૃષ્ટિ કરીને પર્યાયમાં અશુદ્ધતા (છે), આનંદની દૃષ્ટિ કર્યા પછી પણ પર્યાયમાં દુઃખ છે એ ખ્યાલમાં રાખવું. આહા..હા..! સમજાણું કાંઈ ? દુઃખ ન હોય તો પૂર્ણ આનંદ પ્રાપ્ત થવો જોઈએ. અશુદ્ધતા ન હોય તો પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત થવી જોઈએ. સમજાણું કાંઈ ? જ્ઞાનમાં શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ હોવા છતાં પણ અશુદ્ધતા છે, રાગ છે, મલિનતા છે. આહા..હા..!

આચાર્યે ન કહ્યું ? 'અમૃતચંદ્રાચાર્યે'. **'कल्माषितायाः'** મુનિ છે. જેને તો ત્રણ કષાયનો અભાવ છે. જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આમ ઝૂલે છે. એ કહે છે કે મારામાં **'कल्माषितायाः'**. એને કાંઈ અશુભભાવ તો નથી. એ તો મુનિ છે. આહા..હા..! પણ જે શુભભાવ આવ્યો એ કલ્માષિત-કલુષિત ભાવ છે. આહા..હા..! એ દુઃખરૂપ ભાવ છે. આહા..હા..! મને ટીકા કરવાના કાળમાં એ અશુદ્ધતાનો નાશ થઈ જાવ. એવું અંદર છે. ત્રીજા કળશમાં. પાઠ તો એવો છે, કે હું આ ટીકા કરતા કરતા અશુદ્ધતાનો નાશ થાવ. મારામાં હજી અશુદ્ધતા છે. હું કેવળી વીતરાગ થયો નથી. પણ એ અશુદ્ધતા... હું ટીકા કરતા કરતા અશુદ્ધતાનો નાશ થઈ જાવ. એનો અર્થ કે ટીકા કરવાનો તો વિકલ્પ છે. પણ ટીકાના કાળમાં મારી દૃષ્ટિનું જોર અંદર છે. ત્યાં જોર વધી જાઓ, અશુદ્ધતા નાશ પામો. આહા..હા..! અરે..!

**'શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે,...'** ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે. આહા..હા..! અશુદ્ધતા મારામાં છે જ નહિ, દુઃખ છે જ નહિ, તો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરવાનો રહેતો નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! અહીં તો સમય સમયની ધારાનું જ્ઞાન કરે છે. આહા..હા..! એક બાજુ કહે કે સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધતા છે જ નહિ. કઈ અશુદ્ધતા ? એ તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અશુદ્ધતા નથી. સમજાણું કાંઈ ? અને એમાંથી કોઈ કાઢે કે સમ્યગ્દૃષ્ટિને કોઈ અશુદ્ધતા છે જ નહિ,. દુઃખ છે જ નહિ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે છે ને ? ભાવાર્થમાં લખ્યું છે. એમ માની લે તો અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પોતાની પર્યાયમાં મલિનતા (છે). મુનિ સાચા સંત ભાવલિંગી, એને પણ શુભભાવની મલિનતા આવે છે. એટલું તો એને દુઃખ છે. તો હું કહું છું કે મારી ટીકાના કાળમાં મારું જોર દ્રવ્ય ઉપર વિશેષ જશે. આ..હા..! અને મારી પર્યાયમાં મેં અનંતા સિદ્ધનું સ્થાપન કર્યું છે. અને શ્રોતાઓને કહે છે કે હે શ્રોતાઓ ! અત્યાર સુધી જે અનંત સિદ્ધ થયા તેને તારી અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સિદ્ધને સ્થાપ. આહા..હા..! **'वंदित्तु सव्वसिद्धे'** પહેલો શ્લોક. સર્વ સિદ્ધોને **'वंदित्तु'**. **'वंदित्तु'** નો અર્થ કે તારી પર્યાયમાં સ્થાપ. આહા..હા..! આવી વાતું આકરી બહુ. અલ્પજ્ઞ દશા, મતિ-શ્રુતની દશામાં અનંત સર્વજ્ઞ પરમેશ્વરો, સિદ્ધો તારી પર્યાયમાં સ્થાપ. તારું લક્ષ દ્રવ્ય ઉપર જશે. સમજાણું કાંઈ ? આહા..હા..!

અહીં પરમેશ્વર 'કુંદકુંદાચાર્ય' પણ એમ કહે છે, હું મારી પર્યાયમાં **'वंदित्तु सव्वसिद्धे'** એક સિદ્ધ નહિ અનંત. અનંત સિદ્ધો જે અત્યાર સુધી થયા અને પછી પણ જે થશે તે કાળે પણ.. આહા..હા..! મારી પર્યાયમાં અનંતા સિદ્ધોનો આદર કરું છું. અર્થાત્ મારી પર્યાયમાં પધરાવું છું. આહા..હા..! દ્રવ્ય-ગુણમાં નહિ. આહા..હા..! એનો અર્થ એ થયો કે મારું જોર દ્રવ્યસ્વભાવ ઉપર છે. સમજાણું કાંઈ ? આહા..હા..! આવું જોર હોવા છતાં અશુદ્ધતાનો ખ્યાલ ચુકવો નહિ કે મારામાં કોઈ અશુદ્ધતા જ નથી. સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું માટે અશુદ્ધતા નામ દુઃખ છે જ નહિ. અશુદ્ધતા કહો કે દુઃખ કહો કે રાગ કહો. આહા..હા..! સમજવું કઠણ પડે, પ્રભુ ! મારગડા જુદા, નાથ ! આહા..હા..! અંદર પ્રભુ નિર્મળાનંદનો નાથ બિરાજે છે એવી દૃષ્ટિ થવા છતાં પર્યાયમાં મલિનતા છે એવો ખ્યાલ તો રાખવો. આહા..હા..! નહિતર શુદ્ધ સ્વભાવ તરફ ઢળવું એ રહેતું નથી. જો અશુદ્ધતા ન હોય તો શુદ્ધ તરફ આમ ઢળવું એ રહેતું નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! 'હમ પરદેશી પંખી સાધુ..' આહા..હા..! 'આરે દેશ કા નાહિ રે..' એ વિકલ્પ એ અમારો દેશ નથી. પણ આવે છે એટલો ખ્યાલ તો રાખવો. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને...'** આહા..હા..! મારી પર્યાયમાં દુઃખ જ નથી. તો તો પછી સ્વભાવ સન્મુખ કરવાનો પ્રયત્ન જ ખોટો પડે. સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિને પણ પર્યાયમાં અશુદ્ધતા નામ દુઃખ છે, એ બરાબર ખ્યાલમાં રાખવું. આહા..હા..! એમ છે તો શુદ્ધ તરફ ઢળવાનો પ્રયત્ન કરવો. પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

અશુદ્ધતા ન હોય તો શુદ્ધતા તો પૂર્ણ થઈ ગઈ. પછી પ્રયત્ન કરવો રહેતો નથી. ન્યાય સમજો છો ? આહા..હા..!

**'તો મોક્ષ પ્રાપ્ત થશે.'** આહા..હા..! શુદ્ધ દ્રવ્યસ્વભાવની અંતરમાં દૃષ્ટિ કરીને પણ અશુદ્ધતાને જ્ઞાનમાં બરાબર રાખવી. અતીન્દ્રિય આનંદસ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં દુઃખ છે એમ તારે ખ્યાલમાં રાખવું. આહા..હા..! અહીં કહે કે જ્ઞાનીને દુઃખ હોય જ નહિ. દૃષ્ટિ તદ્દન વિપરીત છે. એને નથી દુઃખની ખબર, નથી આનંદની ખબર. એવી વાત છે, બાપુ ! અહીં કોઈ પક્ષ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! **'અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને..'** શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ આનંદની હોવા છતાં પણ પર્યાયમાં દુઃખ છે એમ ખ્યાલમાં રાખવું. જો દુઃખ છે એવો ખ્યાલ ન હોય તો અતીન્દ્રિય આનંદ તરફ ઢળવાનો પ્રયત્ન જ નિરર્થક જાય છે. સમજાણું કાંઈ ? દુઃખ છે, તો ત્યાંથી હટવાનું છે અને સ્વભાવ સન્મુખ જવાનું છે. આહા..હા..! આવી વાતું. ભારે આકરું કામ. અરે..! એણે કોઈ દિ' કર્યું નથી. કલ્પનાથી માની લીધું કે મેં કાંઈક કર્યું છે અને દૃષ્ટિ છે. એ તો બધી કલ્પના છે. આહા..હા..! **'મોક્ષ પ્રાપ્ત થશે.'** આહા..હા..!

**તું વિચાર કર, તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે ? કોઈ નહિ;— એક આત્મા સિવાય. જગતમાં તેં બધી જાતના પ્રયાસ કર્યા, બધું જોયું, બધું કર્યું, પણ એક જ્ઞાનસ્વરૂપ, સુખસ્વરૂપ અનંતગુણમય એવો આત્મા કદી ઓળખ્યો નથી, તેને ઓળખ; બસ તે જ એક કરવાનું બાકી રહી જાય છે. ૨૫૮.**

૨૫૮. **'તું વિચાર કર, તારા માટે દુનિયામાં...'** એક આત્મા સિવાય **'શી આશ્ચર્યકારી વસ્તુ છે ?'** આહા..હા..! વિચાર તો કર, પ્રભુ ! **'તારા માટે દુનિયામાં...'** એક આત્મા સિવાય... આહા..હા..! **'શી આશ્ચર્યકારી વસ્તુ છે ?'** અબજોની લક્ષ્મી મળે એ આશ્ચર્યકારી વસ્તુ છે ? એ તો ધૂળ છે. સ્વર્ગ મળ્યું એ કોઈ આશ્ચર્યકારી વસ્તુ છે ? દયા, દાન અને વ્રતના પરિણામ આવ્યા એ કોઈ આશ્ચર્યકારી વસ્તુ છે ?

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એ તો અનંતવાર કર્યાં છે. આહા..હા..!

**'તારા માટે...'** આહા..હા..! **'દુનિયામાં...'** એક આત્મા સિવાય **'શી આશ્ચર્યકારી વસ્તુ છે ?'** પ્રભુ ! આહા..હા..! પર્યાય પણ આશ્ચર્યકારી નથી. છતાં આવે છે ને ? પાછળ કળશમાં અદ્‌ભૂતાત્ અદ્‌ભૂતમ. એક બાજુ સમ્યગ્દષ્ટિ, ધર્મી જોવે છે, તો એક બાજુ રાગની કલુષતા દેખાય છે. એક બાજુ જોવે છે તો શાંતિ દેખાય છે, કળશ છે, પાછળ છે. સમજાણું કાંઈ ? સમ્યગ્દષ્ટિ જ્ઞાની... સમજાણું કાંઈ ? છે ને અહીંયા ? જુઓ !

**'એક બાજુ જોતાં કષાયોના કલેશ દેખાય છે.'** સમકિતી જ્ઞાનીને. રાગ છે ને ? દુઃખ છે. તો **'એક બાજુ જોતાં કષાયોના ક્લેશ દેખાય છે.'** આહા..હા..! **'અને એકબાજુથી જોતાં શાંતિ...'** કષાયોના અભાવરૂપ શાંત ભાવ. અંતરનો આશ્રય લીધો એટલે શાંતભાવ પણ દેખાય છે. આહા..હા..! છે ? બીજી વાત. **'એક તરફથી જોતાં ભવની પીડા દેખાય છે.'** આહા..હા..! સમકિતીને, સાધક જીવને... આહા..હા..! એક બાજુ જોતાં સંસારના દુઃખ, પીડા દેખાય છે. વિકલ્પ ઊઠે છે એટલી પીડા દેખાય છે, દુઃખ દેખાય છે. આહા..હા..! અને **'એક તરફ જોતાં મુક્તિ પણ સ્પર્શ કરે છે.'** રાગથી ભિન્ન થઈને જેટલી સ્વભાવની એક્તા કરી એટલી મુક્તિ થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ ? હવે આટલી વાત.

સમ્યગ્દષ્ટિ ધર્મી એમ માને છે, જાણે છે કે મારી પર્યાયમાં જોઉં છું તો ભવની પીડા દેખાય છે. હજી ભવનો અભાવ થયો નથી. આ બાજુ જોવે છે તો શાંતિ પણ દેખાય છે. કેમ કે દ્રવ્યસ્વભાવ સન્મુખ થઈને જેટલી વીતરાગતા થઈ એટલી શાંતિ દેખાય છે. છે ? વિશેષ પછી. એક તરફ જોતાં ત્રણ લોક સ્ફૂરાયમાન, ત્રણ લોક જણાય છે. અને **'એક તરફ જોતાં આત્માની...'** એકરૂપ દશા અંદર છે. ત્રણ કાળને જાણવું પણ નથી, હું તો એકરૂપ ત્રિકાળી છું. **'એવી આત્માની અદ્‌ભૂતથી પણ અદ્‌ભૂત સ્વભાવમહિમા જયંવત વર્તે છે.'** સમજાણું કાંઈ ? આહા..હા..! છેલ્લી ગાથામાં છે. તારા માટે કોણ (આશ્ચર્યકારી) છે ? આત્મા સિવાય વસ્તુ. **'કોઈ નહિ;—'** વિશેષ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભાદરવા વદ ૭, શનિવાર તા. ૨૩-૦૯-૧૯૭૮.
વચનામૃત-૨૫૯, ૨૬૦, પ્રવચન-૯૮

વચનામૃત. ૨૫૮મો બોલ છે.

**'તું વિચાર કર,...'** આહા..હા..! પ્રભુ ! તું કોણ છો ? **'તું વિચાર કર, તારા માટે દુનિયામાં...'** એક આત્મા સિવાય બીજી **'શી આશ્ચર્યકારી વસ્તુ છે ?'** આહા..હા..! તારા માટે ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ! સચ્ચિદાનંદ સ્વભાવ, એ સિવાય કોણ આશ્ચર્યકારી વસ્તુ તને છે ? આહા..હા..! તને પર લક્ષ્મી મળે, શરીર મળે, અનુકૂળતા મળે ત્યાં તને આશ્ચર્ય અને વિસ્મયતા થઈ જાય છે. એ મૂઢતા છે. આહા..હા..! ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનું ગોદામ પ્રભુ આત્મા છે. આહા..હા..! એના ભાન વિના (બીજું બધું આશ્ચર્યકારી લાગે છે). આશ્ચર્યકારી વસ્તુ હોય તો એ છે. આહા..હા..! છે ? માલ, માલ તદ્દન માખણ છે ને ?

**'તારા માટે દુનિયામાં એક આત્મા સિવાય...'** પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ આશ્ચર્યકારી ચીજ, બીજી **'શી આશ્ચર્યકારી વસ્તુ છે ?'** કોઈ આશ્ચર્યકારી વસ્તુ તારા માટે નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? **'જગતમાં તેં બધી જાતના પ્રયાસ કર્યા,...'** અનંત અનંતકાળમાં તેં અનેક પ્રકારના શુભ અને અશુભરાગનો પ્રયાસ, પ્રયત્ન કર્યો. આહા..હા..! પરનું તો કાંઈ કર્યું નથી. કર્યા તો પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભ રાગ, એ અનેક પ્રકારના અનંતવાર એ ભાવ તેં કર્યા. આહા..હા..! છે ?

**'જગતમાં તેં બધી જાતના પ્રયાસ...'** પ્રયત્ન. શુભ-અશુભ ભાવનો પ્રયત્ન. આહા..હા..! ભગવાન તો શુભાશુભ ભાવથી અંદર ભિન્ન છે. આહા..હા..! એની તો ખબર નથી. પોતાની ચૈતન્યસત્તા-આનંદ અને જ્ઞાયકનું હોવાપણું-સત્તા-ધ્રુવ... આહા..હા..! એ આશ્ચર્યકારી વસ્તુની તો તને ખબર નથી. આહા..હા..! જરીક દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કર્યા તો આશ્ચર્ય થયું. એ તો શુભરાગ છે, પ્રભુ ! આહા..હા..! એ કોઈ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કોઈ બાકી નથી. **'તેં બધી જાતના પ્રયાસ કર્યા,...'** પ્રયાસ કર્યો એનો અર્થ ? શુભઅશુભ ભાવનો પ્રયાસ અનંતવાર કર્યો. આ કરું.. આ કરું... એ કરું... માન્યતા છે પણ પરનું કાંઈ કર્યું ? (નથી.) આહા..હા..! આ આંગળી હલે છે એ જડની ક્રિયા જડથી થાય છે. આત્માથી પ્રેરાઈને આ થાય છે એમ નથી. આહા..હા..! તું તારા ભાવમાં પરપદાર્થનો કર્તા તો થયો નથી, પણ હું કરું એવા રાગાદિનો પ્રયત્ન તો અનંતવાર કર્યો. આહા..હા..!

**'બધું જોયું,...'** બધું જોયું. શરીર, વાણી, મન, જ્યાં જ્યાં જન્મ થયો એ ભવ, ભાવ એ બધું જોયું. પણ તેં તને જોયો નહિ. જોનારને જોયો નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! તેં બહારની બધી ચીજ જોઈ. પણ અંદર દેખનાર કોણ છે એને તેં કદી જોયો નથી ક્યારેય. કહો, આ વેપાર ને ધંધા ને આ વકીલાત અને આ ડોક્ટરના એમ.એ.ના પૂંછડા, એ અનંતવાર કર્યા. કહે છે. આહા..હા..! **'બધું જોયું,...'** પોતાની ચીજ જે આનંદનો નાથ પ્રભુ ! જાણક સ્વભાવનો ભરપૂર ભંડાર, એને ન જોયો. આ જોયું. આ... આ... આ... આ... ઝીણી વાત છે, ભાઈ !

અનંત અનંત કાળમાં પોતાનું સ્વરૂપ ચિદાનંદ પ્રભુ ! એને જોયો નહિ, પ્રતીત કરી નહિ, અનુભવ કર્યો નહિ. એ સિવાય દુનિયાની બધી ચીજો ઘણીવાર જોઈ. આહા..હા..! લાખો-કરોડો રૂપિયા દાનમાં પણ ખર્ચ્યા. એ કોઈ ચીજ નથી. વકીલ ! એ તો રાગ છે. પૈસા જડ અજીવ (છે.) અબજો રૂપિયા મળ્યા અને અબજો રૂપિયા ખર્ચ્યા, પણ એ તો રાગની ક્રિયા છે. એ તો અનંત વાર કર્યું, એ કોઈ જન્મમરણના અંતની ચીજ નથી.

મુમુક્ષુ :– ભગવાનનું મંદિર બંધાવે તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાનનું મંદિર શું ? લાખ-કરોડ બનાવે ને ! આ તો બધા પાપના.. શું કહેવાય ? તમારા દવાખાના. એ તો બધા પાપના (ધંધા). પણ ભગવાનના મંદિર બનાવે એ ક્રિયા આત્મા કરી શકે નહિ. એવો શુભભાવ આવે. એ ભાવ તો અનંતવાર કર્યા. સમજાણું કાંઈ ? 'નરસિંહ મહેતા'માં આવે છે ને ? વકીલ ! 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' એ બધા રાગ અનંત વાર કર્યા. આહા..હા..!

**'બધું જોયું,...'** જોનારને જોયો નહિ. અનંત અનંત જ્ઞાન અને આનંદનો પિંડ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પ્રભુ ! આહા..હા..! એને કદી જોયો નહિ. આહા..હા..! **'બધું કર્યું,...'** બધાનો અર્થ પુણ્ય-પાપ બધું કર્યું એમ. પરનું તો કાંઈ કર્યું નથી. પણ મેં આમ કર્યું, ધંધો કર્યો, ફલાણું કર્યું, એવી કલ્પનાનો રાગ અનંત વાર કર્યો. આહા..હા..! **'પણ એક જ્ઞાનસ્વરૂપ,...'** પ્રભુ ! આહા..હા..! આત્મા તો સચ્ચિદાનંદ, સત્ ચિદ્ નામ જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે. આહા..હા..!

**'એક જ્ઞાનસ્વરૂપ,...'** પ્રભુ ! જ્ઞાન સ્વ-રૂપ છે જેનું. આહા..હા..! જાણકસ્વભાવ પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન. આહા..હા..! આકરું કામ. પ્રજ્ઞાબ્રહ્મ. જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ. એ જ્ઞાનસ્વરૂપ અને આનંદ-સુખસ્વરૂપ. આહા..હા..! જેમ સાકર સફેદાઈ અને મીઠાશથી ભરેલી છે. એમ પ્રભુ આત્મા, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ... આહા..હા..! અરે..રે..! એથી ભરપૂર ભરેલો છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિય આનંદ કેવો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇન્દ્રિયમાં-ધૂળમાં (સુખ) નથી. મૂઢ માને છે. અને તે પણ એ સ્ત્રીના શરીરને આત્મા ભોગવી શકતો નથી. કેમ કે એ તો માટી-ધૂળ છે અને આત્મા તો અરૂપી છે. પણ એ સમયમાં આ ઠીક છે એવો રાગ કરીને રાગને ભોગવે છે, સ્ત્રીને નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ તો માટી જડ છે, પુદ્ગલ માંસ, હાડકા, ચામડા છે. પ્રભુ તો અરૂપી છે-આત્મા તો અરૂપી છે-એ રૂપીને કેમ ભોગવે ? આહા..હા..! ફક્ત એ ઉપર લક્ષ જતાં, આ ઠીક છે, મને મજા પડે છે એવો રાગ કરે છે. એ રાગનો ભોક્તા છે. રાગ ઝેરનો ભોક્તા છે. અમૃતસાગર ભગવાન પોતાને ભૂલીને... આહા..હા..! રાગના ઝેરને અનુભવે છે. આહા..હા..!

**'એક જ્ઞાનસ્વરૂપ, સુખસ્વરૂપ અનંતગુણમય...'** અનંત અનંત ગુણમય પ્રભુ તો (છે). આહા..હા..! જેમાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ગુણ પડ્યા છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! **'અનંતગુણમય...'** ગુણવાળો નહિ. ગુણમય અભેદ. સમજાણું કાંઈ ? આહા..હા..! એ જાણન, દેખન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંતી અનંતી શક્તિરૂપ ગુણ, એ અનંત ગુણમય પ્રભુ આત્મા અંદર છે. આહા..હા..! **'એવો આત્મા કદી ઓળખ્યો નથી,....'** શાસ્ત્રનું જ્ઞાન પણ અનંતવાર કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાઈ દીયો.**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો;'**

આહા..હા..! 'સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે,' શાસ્ત્રો વાંચ્યા, ભણ્યો.

**'સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મત ખંડન મંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**

શ્રીમદ્ રાજચંદ્ર' છે તો ગુજરાતી પણ હિન્દીમાં બનાવ્યું છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' આહા..હા..!

**સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મત ખંડન મંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**
**અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસે ?'**

એ સાધન નહિ.

**'બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે ?'**

પ્રભુ અંદર બિરાજે છે. આહા..હા..! અનંત ચૈતન્યરત્નાકર પરમાત્મા. પોતે પરમાત્મસ્વરૂપ છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..! એને ઓળખ્યો નથી. આહા..હા..! બાકી દુનિયાની વાતું, જાણપણા અને ડહાપણ કર્યાં. આહા..હા..! સમજાણું કાંઈ ? **'તેને ઓળખ;...'** જેને અત્યાર સુધી કદી ઓળખ્યો નથી. જાણવાની જે વર્તમાન પર્યાય દશા છે, એ પરને જોવે છે. એ પર્યાયને અંતર્મુખ વાળ. આહા..હા..! ભગવાન બિરાજે છે ત્યાં (વાળ). વર્તમાન જ્ઞાનની દશા, અવસ્થાનો પર તરફ જુકાવ છે, એ પર્યાયને અંતર્મુખ વાળ. આહા..હા..! કહો, આ માલ માલ રહી જાય છે. આહા..હા..!

ભગવાન ! ભગવાન તરીકે જ બોલાવે છે. 'સમયસાર'ની ૭૨ ગાથા. ભગવાન આત્મા ! આહા..હા..! આચાર્ય (કહે છે), પ્રભુ ! તારામાં પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ બધા અશુચિ, મેલ છે. આહા..હા..! વૃત્તિ ઊઠે છે. એ વિકલ્પ, રાગ છે. એમ કહીને પ્રભુ–આચાર્ય કહે છે, ભગવાન આત્મા ! આહા..હા..! શુચિ નિર્મળાનંદ પ્રભુ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવથી પ્રભુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અંદર ભિન્ન છે. આહા..હા..! અરે..! કોઈ દિ' દરકાર કરી નથી. અનંત વાર મનુષ્યપણું મળ્યું, ત્યાગી અનંત વાર થયો. બહારમાં સ્ત્રી, કુટુંબ, દુકાન છોડી, એમાં શું થયું ? અંતર ચીજ જે છે... આહા..હા..! એ તરફ ઢળ્યો નહિ તો આત્માનું જ્ઞાન થયું નહિ. આહા..હા..!

**'તેને ઓળખ; બસ તે જ એક કરવાનું બાકી રહી જાય છે.'** બાકી તો પુણ્ય અને પાપ અનંત વાર કર્યા. આહા..હા..! કરોડો-અબજો રૂપિયા ખર્ચીને મંદિરો અનંત વાર બનાવ્યા. એ કોઈ ચીજ નથી. આહા..હા..! શાશ્વત ચીજ અંદર ધ્રુવ, અવિનાશી, અનુત્પન્ન અને અવિનાશી–નાશ નહિ. આહા..હા..! **'તેને ઓળખ;...'** આહા..હા..! એ વિના તારો ભવ નિરર્થક ચાલ્યો જશે. આહા..હા..! **'બસ તે જ એક કરવાનું બાકી રહી જાય છે.'** આહા..હા..! ૨૫૮ (બોલ પૂરો થયો).

**કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. એક આત્મામાં જ રહેવું તે હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે. ૨૫૯.**

**'કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી.'** શું કહે છે ? પોતાના કામ સિવાય, સંસારના સ્ત્રી, કુટુંબ, પરિવારના, દેવ-ગુરુ-શાસ્ત્રના, એ કોઈપણ કામમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– ધર્માનુરાગ તો કહેવાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ છે એ તો કહેવાય છે. પણ રાગમાં ઊભા રહેવું એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! એ રાગ ધર્માનુરાગ કહો, પણ એ ધર્મનો સ્વભાવ એનો પ્રેમ... આહા..હા..! સ્વભાવનો પ્રેમ નથી. આહા..હા..! જેને એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવનો પ્રેમ છે, એને ભગવાન આત્મા પ્રત્યે પ્રેમ નથી. પ્રભુ ! આકરી વાત, ભાઈ ! એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. આહા..હા..! જેણે એ શુભ-અશુભભાવની ઉપાધિને ઠીક છે એમ માની, એણે ભગવાન આત્માને હેય માન્યો. એ નહિ, આ. આહા..હા..! કહો, આ રતનની વાત ચાલે છે. આ અંતર આત્મા અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ગુણરત્નના ઓરડા છે એમ એક જગ્યાએ છે. અનંત ગુણરત્નના ઓરડા અંદર ભર્યા છે. અરે...! શું કહે છે ? બાપા ! છે ? કેટલામાં પાને છે ?

૩૮૨ બોલ છે. **'આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.'** શું કહે છે ? ભગવાન આત્મામાં નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે, અને જૂની પર્યાયનો વ્યય થાય છે. પણ ધ્રુવરૂપે કાયમ રહે છે. **'તે કાયમ રહીને પલટે છે.'** કાયમ રહીને પલટતી દશામાં પલટે છે. ધ્રુવ કાયમ રહીને દશામાં, અવસ્થામાં પલટે છે. **'તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી,...'** આહા..હા..! ભગવાનનું નિત્ય સ્થાયી ધ્રુવસ્વરૂપ, એ ખાલી નામ ગુણથી રહિત નથી, ખાલી નથી. આહા..હા..! તેનું નિત્ય સ્થાયી સ્વરૂપ ભગવાનનું, આ ભગવાન આત્મા, હોં ! એનું નિત્ય સ્વરૂપ, સ્થાયી સ્વરૂપ, સ્થિર સ્વરૂપ, સુખધામ સ્વરૂપ, એ ગુણથી ખાલી નથી. આહા..હા..! આવી વાતું હવે. ક્રિયાકાંડીઓને આ આકરું લાગે. બહારની ક્રિયા કરતા કરતા કલ્યાણ થશે. ધૂળેય નહિ થાય. સામાયિક, પોષા અને પડિક્કમણા કરે. આત્માના ભાન વિના સામાયિક કેવી ? આહા..હા..!

ભગવાન આત્મા, **'તેનું કાયમ રહેનારું સ્વરૂપ...'** એ શું કહે છે ? કાયમ રહેનારી ચીજ. આત્મા કાયમ રહેનારી ચીજ, નિત્ય સ્થાયી, કાયમ સ્થિર, કાયમ રહેનાર. આહા..હા..! એવી ચીજમાં ખાલી નથી, એ પોતાના ગુણથી ખાલી નથી. ખાલી નથી કહે છે ને ? આહા..હા..! વર્તમાન આત્માની દશા જે પલટે છે, વિચાર પલટાય છે, એ તો અવસ્થા–વર્તમાન દશા છે. પણ એનું નિત્ય સ્થાયી સ્વરૂપ, નિત્ય સ્થાયી સ્વરૂપ, કાયમ રહેનારું ટકતું તત્ત્વ... આહા..હા..! એ તત્ત્વ પોતાના ગુણથી ખાલી નથી. અનંત ગુણથી ભરેલો પ્રભુ અંદર છે. અરે..રે..! આ શું છે ? આહા..હા..!

પ્રભુ ! તું કોણ છે ? શું છે ? એમ કહે છે. પલટતી દશા–અવસ્થા છે, એ તો એક સમયની છે અને ત્રિકાળી કાયમ રહેનારી વસ્તુ એ ધ્રુવ છે. તો કાયમ રહેનારી જે ધ્રુવ વસ્તુ છે, એ શક્તિના અનંત ગુણથી ખાલી નથી. અનંત ગુણના રતનથી ભરેલો છે. આહા..હા..! કેમ બેસે ? **'તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે.'** ખાલી નથી એમ નાસ્તિથી કહ્યું, હવે અસ્તિથી પૂર્ણ ભરેલું છે. આહા..હા..! જેમ સાકરમાં સફેદાઈ, મીઠાશ પૂર્ણ ભરેલી છે, એમ ભગવાન આત્મામાં નિત્ય સ્થાયી સ્વરૂપમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા, એવી અનંતી શક્તિઓ અંદર પડી છે. આહા..હા..! આવું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'ભરપૂર ભરેલું છે.'** આવ્યું ને ? નિત્ય જે સ્થાયી ચીજ ભગવાન આત્મા ધ્રુવ, અણઉત્પન્ન, અવિનાશી કાયમ રહેનારી ચીજ, એક વર્તમાન પલટતી અવસ્થા, એ સિવાય જે કાયમ રહેનારી ચીજ, એ પોતાના અનંત ગુણથી ખાલી નથી. અનંત ગુણથી ભરેલી છે. આહા..હા..! શું થાય ? વાત જ આખી ગુમ થઈ ગઈ. બહારની ક્રિયા, પરની ક્રિયા. એક તો એ પણ નવરો નથી. બાવીસ કલાક બાયડી, છોકરા અને પાપના ધંધા, ત્યાં એમાં રોકાઈ ગયો. કલાક સાંભળવા મળે ત્યાં એને ઊંધુ મળે. આ કરો... આ કરો... આ કરો... રાગ કરો, આ કરો તમારું કલ્યાણ થશે. રાગ કરવો એ તો મરવું છે. આહા..હા..! 'સોગાની'માં છે. કરવું એ મરવું છે. 'ન્યાલભાઈ'. આહા..હા..!

**'તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'** ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશ છે. જેમ સાંકળ, ચેઈન હોય છે ને ? હજાર કડી હોય છે, હજાર કડી. નાના મોટા દાણા (હોય). નાના બાળક ને નામા મોટા ને થોડા મોટા એમ આત્મા શરીર પ્રમાણે રહે. મચ્છનું શરીર હજાર યોજન થાય. હજાર યોજનમાં જાય તો એટલો પહોળો થાય. અને આટલી કીડીમાં જાય તો સંકોચાય. એવા અસંખ્યપ્રદેશ છે. ઝીણી વાત છે, બાપા ! એ અસંખ્ય પ્રદેશ, દરેક પ્રદેશમાં અનંત ગુણરત્નના ઓરડા ભર્યા છે. અરે..રે..! કેમ બેસે ? આહા..હા..! પામરને પ્રભુતાની કેમ પ્રતીત થાય ? સમજાણું કાંઈ ? આહા..હા..! આવ્યું ને ?

**'અનંત ગુણરત્નોના ઓરડા...'** ગુજરાતીમાં ઓરડા છે. આપણે ગુજરાતીમાં. **'તે અદ્‌ભૂત ૠદ્ધિયુક્ત કાયમ સ્વરૂપ પર દૃષ્ટિ દે...'** આહા..હા..! **'તો તને સંતોષ થશે...'** તને અતીન્દ્રિય આનંદ થશે. આહા..હા..! **'હું તો સદા કૃતકૃત્ય છું.'** આહા..હા..! **'તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ.'** આહા..હા..! જરી ઝીણી વાત છે. એ આવે ત્યારે વિશેષ (સ્પષ્ટીકરણ થાય). આહા..હા..!

(ચાલતા બોલમાં) અહીં આવ્યા. **'કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી.'** શું કહે છે ? કોઈ મંદિર બનાવવું, મકાન બનાવવું, હોસ્પિટલ બનાવવી અને પૈસાના ખરડા કરવા, એ તારું કામ નથી. આહા..હા..! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા–દૃષ્ટા છે ને. પ્રજ્ઞાબ્રહ્મ. એ કોઈ કાર્યમાં ઊભો રહે, એ તો વિકાર છે. આહા..હા..! અહીં તો જરી ફાળો કરે; બે, પાંચ, દસ લાખ, પચ્ચીસ લાખનો ખરડો કરે, ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એમ થઈ જાય આહા..હા..! અમે શું કર્યું ! ધૂળેય કર્યું નથી. પાપ કર્યું છે. સાંભળને. એ શુભરાગ એ પાપ છે. 'પાપ પાપકો તો સૌ કહે, પણ અનુભવીજન પુણ્યને પાપ કહે.' સ્વરૂપ ભગવાનથી પ્રતીત થાય છે. શુભભાવમાં આવે છે તો સ્વરૂપથી પ્રતીત થાય છે. આહા..હા..! આકરી વાત, બાપા ! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું...'** આહા..હા..!

મુમુક્ષુ :– પ્રમુખપણાથી રાજીનામું આપવું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાઈ પ્રમુખ છે ને. એ તમારી દીકરીનું આવ્યું હતું, કે બાપાને આ પ્રમુખપણું છોડાવી દ્યો હવે. ખાતા ખાતા ઉંઘ આવી જાય છે. બે દિ' પહેલા એવું આવ્યું હતું. જરી ઝોલું આવ્યું હશે. છોકરી કહેતી હતી. ભાઈ કહેતા હતા. એને ક્યાં કરવું છે, એ તો વિકલ્પ ઊઠે. આહા..હા..! પણ છતાં અહીં તો... આહા..હા..! જગતના કોઈ કાર્યમાં આત્માને ઊભા રહેવું એ વસ્તુ નથી. ક્યાં ગયા પંડિતજી ? તાવ આવે છે. ઠીક. સમજાણું કાંઈ ? આહા..હા..! શાસ્ત્ર બનાવવામાં પણ ઊભા રહેવું... આહા..હા..! કામ ભાઈ બહુ ઝીણું છે. આહા..હા..! ભગવાન તો ચૈતન્યમૂર્તિ, પ્રજ્ઞાબ્રહ્મ. પ્રજ્ઞા નામ જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ. આહા..હા..! પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદથી ઠસોઠસ ભરેલું છે. કેમ બેસે ? કોઈ દિ' પ્રતીત કરી નથી. આહા..હા..!

**'કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી.'** ભાઈ ! અહીંયા તમારા નામની પાઠશાળા બનાવીએ છીએ તો એ પાઠશાળાનું તમારે ધ્યાન રાખવું. એ કામ આત્માનું નથી. ભાઈ ! અહીં જુદી વાત છે, દુર્લભ વાત છે. ત્યાં તો ભાઈ વ્યાખ્યાનમાં આવે છે ને. 'ગોંડલ' કાયમ આવે છે. આહા..હા..! પ્રભુ ! તારી વાતું બહુ ઝીણી, ભાઈ ! આહા..હા..! કોઈ પણ કામમાં, ચાહે તો શુભ કામ હો કે અશુભ કામ હો... આહા..હા..! એમાં ઊભા રહેવું એ આત્માનું કામ નથી.

મુમુક્ષુ :– શુદ્ધ કામમાં તો ઉભા રહેવું ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શુદ્ધ તો પોતાની પર્યાય અંદરમાં રહી. અંતરમાં આશ્રય કરીને શુદ્ધતા થાય છે એ તો અંતરમાં આવ્યું. આ તો બહારના કોઈ કામમાં... આહા..હા..! ભાઈ ! મને ખ્યાલ છે કે મંદિર આમ બને અને આમ બને. હું બરાબર ધ્યાન રાખું તો રહે. એ આત્માનું કાર્ય નહિ, ભાઈ ! અરે..રે..! આહા..હા..! જીવદયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મંડળીમાં હું અગ્રેસર છું તો પાંજરાપોળમાં પાંચ લાખ જોઈએ તો હું ખરડો કાઢું છું. એ કામમાં ઉભા રહેવું એ આત્માનું કામ નથી. આવું કામ છે, પ્રભુ ! આહા..હા..!

મુમુક્ષુ :- પાંજરાપોળ ચાલે કઈ રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પાંજરાપોળ એને કારણે ચાલે છે. શું આનાથી ચાલતી હશે ? આહા..હા..! આ મકાન બન્યું છે એ પરમાણુની પુદ્ગલની તે સમયની અવસ્થાથી બન્યું છે. આને કોઈએ બનાવ્યું છે એમ છે નહિ. આવી વાતું છે. આ જંગલમાં જુઓ ! અહીં ભેંસ-પાડા બેસતા. હવે ૨૬ લાખનું મકાન. તો તમે આવ્યા ત્યારે થયું ને. એમ કહીશ નહિ. એ તો તેને કાળે, થવા કાળે તે થયું છે. આત્માને લઈને નહિ. આહા..હા..! ભાઈ ! આ વાતું બહુ આકરી, બાપા ! જન્મ-મરણ રહિતનો પ્રભુ આત્માનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહા..હા..!

**'કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું....'** આહા..હા..! કે આટલું તો તમારે લખવું પડશે, પાઠશાળા તમારા નામની કરીએ તો પૈસા ઉઘરાવવા પડશે. એ કામ આત્માનું નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો એનું કાર્ય છે. એ આત્માનું ક્યાં છે ? એ તો પરનું કાર્ય છે. આહા..હા..! મિથ્યાત્વનું અભિમાન સેવે, મેં આ કામ કર્યું, એમાંથી પાંચ-પચ્ચીસ લાખ ભેગા કર્યા અને પછી મોટી હોસ્પિટલ બનાવી. એ મિથ્યાત્વનું મહા પાપ છે. અનંતું પાપ છે. આહા..હા..! આવી વાતું !

મુમુક્ષુ :- આપની વ્યાખ્યા દુનિયાથી જુદી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભગવાનની વ્યાખ્યા દુનિયાથી જુદી છે. આહા..હા..! અરે..! ભાઈ ! તને ક્યાં હોશ થાય છે ? જગતના કાર્ય જગતથી થાય. એનાથી. એને તું એમ કહે કે મેં ધ્યાન રાખ્યું માટે થયું, હું એમાં પડ્યો માટે થયું. નહિતર એ કામ ન થાત. એમ રહેવા દે, ભાઈ !

મુમુક્ષુ :- તારાથી કામ થયું છે જ ક્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કે દિ' થયું ? ત્રણ કાળમાં નહિ. આહા..હા..! મિથ્યા અભિમાન છે. મેં આમ કર્યું, ને આમ કર્યું.

મુમુક્ષુ :- વકીલો તો અમે ઘણા...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધા અભિમાની વકીલો. ૩૫ વર્ષ પહેલા એ મોટા વકીલ હતા. પાંચ કલાકમાં બસ્સો રૂપિયા લેતા. એકવાર પૂછ્યું હતું. આ તમારું જ્ઞાન ? કુજ્ઞાન છે, એ કહે. આહા..હા..! અસીલને જીતાવી દેવા, એ કામ આત્માનું છે ? ધૂળેય નથી. અજ્ઞાની માને છે. આકરું કામ, બાપા ! 'કરે કર્મ સોહિ કર તારા, જો જાને સો જાનનહારા.' અજ્ઞાની હું આ કામ કરું છું, એ કર્તા મિથ્યાદૃષ્ટિ થઈ રખડી રહ્યો છે. આહા..હા..! 'જો જાને સો જાણનહારા.' હું તો જાણનારો છું કે આ થાય છે. હું કર્તા નથી, મારાથી પરનું કાંઈ થયું જ નથી. આહા..હા..!

**'એક આત્મામાં જ રહેવું...'** જુઓ ! **'તે હિતકારી, કલ્યાણકારી...'** આહા..હા..! જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! અતીન્દ્રિય આનંદમૂર્તિ નાથ ! એમાં રહેવું એ એક કાર્ય છે. આ 'સોનગઢ'નું કેટલાકને એવું લાગે, નિશ્ચયની વાતું કરે. પણ નિશ્ચય એટલે સાંભળને. આહા..હા..! બાપુ ! તને ખબર નથી, ભાઈ ! એમ કે બાહ્ય ત્યાગ કરે, આમ કરે, પડિમા લઈ લે, વ્રત લઈ લે (એવું કંઈ કહેતા નથી). સાંભળ તો ખરો, પ્રભુ ! વિપરીત શ્રદ્ધાના અનંત પ્રકાર (છે), એમાં વિપરીત શ્રદ્ધાનો ત્યાગ, એ ત્યાગ નથી ? આહા..હા..! ભાઈ ! ત્યાગ અને ગ્રહણની ખબર નથી. પ્રભુ ! તારી તને ખબર નથી. આહા..હા..! વિપરીત માન્યતાના પ્રકાર અસંખ્ય (છે). એમાં વિપરીત માન્યતા છે કે આ જૂઠું, એવી શ્રદ્ધા છોડે, તો એટલો ત્યાગ ન થયો ? આહા..હા..!

મુમુક્ષુ :– મિથ્યાત્વનો ત્યાગ દેખાતો નથી, બાહ્યનો ત્યાગ દેખાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત ઇ છે. મિથ્યા અભિપ્રાય, એનો જે અભાવ થવો એની જગતને કીંમત નથી. બહારથી બાયડી, છોકરા છોડીને બાવો થઈ જાય, ત્યાગી થઈ જાય. ધૂળેય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? હું પરનું કરી શકું છું, પરને જીવાડી શકું છું, પરને સુખી કરી શકું છું. એ બધા મિથ્યાત્વભાવ, પાખંડભાવ, અજ્ઞાનભાવ છે. આહા..હા..! કુટુંબની રક્ષા કરી શકું છું. નહિ ? અરે..! હું પત્નિનો પતિ છું, મૂઢ છે. પત્ની તો પરદ્રવ્ય, પરવસ્તુ છે. તું એનો પતિ ક્યાંથી થયો ? સમજાણું કાંઈ ? નરપતિ, મનુષ્યનો પતિ રાજા. નરપતિ ક્યાંથી થયો ? ધણી છે ? મનુષ્યનો એ ધણી રાજા છે ? આહા..હા..! ઉદ્યોગપતિ મૂર્ખ. એમના બાપ પાસે કાંઈ નહોતું. એણે વધારીને ચાલીસ કરોડ કર્યા, અબજ કર્યા. ઉદ્યોગપતિ ધૂળમાં પણ નથી સાંભળ તો ખરા. પરના કાર્યનો ઉદ્યોગનો પતિ, મૂઢ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– એક વર્ષમાં કરોડ રૂપિયા કમાય અને આપ કહો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં હવે. કરોડ શું ? પાંચ કરોડ, દસ કરોડ લે. ભાઈ નથી ને ? ભાઈ છે ? ગયા. એમના સાળા 'ગોવા'માં (રહે છે). બે અબજ ચાલીસ કરોડ. આપણો દશાશ્રીમાળી 'પાણાસણા'નો વાણિયો છે. હમણા દોઢ-બે વર્ષ પહેલા ગુજરી ગયા. 'ગોવા'માં ચાલીસ લાખનો એક બંગલો છે. દસ-દસ લાખના બે છે. અઢી અબજ રૂપિયા. પાંચ મિનિટમાં મરી ગયો. 'મુંબઈ' આવ્યો હતો. એની વહુને હેમરેજ થયેલું. દોઢ વર્ષ પહેલાની વાત છે. ભાન નહોતું. એમાં આવ્યો. એમાં બે-ચાર દિ' (પછી) પોતે રાત્રે ઊઠ્યો. મને દુઃખે છે. ડોક્ટરને બોલાવો. ડોક્ટર આવે છે ત્યાં ભાઈ સાહેબ... જાવ હવે ચાર ગતિમાં રખડવા. આહા..હા..! બે અબજ ચાલીસ કરોડ. અઢી અબજ. ધૂળમાં શું તારા ત્યાં ? એ તો જડ હતા. જડ તારા છે ? જડ તારી ચીજ છે ? આહા..હા..! અંદરમાં શુભ-અશુભરાગ પણ તારી ચીજ નથી. આહા..હા..! તારી ચીજ તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ભરી એ ચીજ તારી છે. ભાઈ ! વાતું બહુ આકરી, બાપા ! દુનિયા બધી જાણીએ છીએ ને. અહીં તો ૮૯-૯૦મું વર્ષ છે. આખી દુનિયા અરે..! ક્યાં પડી છે અને ક્યાં ? ધર્મને બહાને પાપને, મિથ્યાત્વને સેવે. આહા..હા..!

એ અહીં કહે છે. આહા..હા..! **'એક આત્મામાં જ રહેવું તે હિતકારી, કલ્યાણકારી...'** આહા..હા..! આટલો તો હંમેશા તમારે બે કલાક તો ઉપદેશ દેવો જ પડશે. એ (આત્માનું) કામ નહિ, કહે છે. આહા..હા..! વિકલ્પ આવ્યો, વાણી વાણીને કારણે નીકળે છે. તું એનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? **'એક આત્મામાં જ રહેવું...'** એક સિવાય અનંતા બીજા કામો, એમાં આત્માને ઊભા રહેવું, કે હું દુકાન ઉપર બરાબર વ્યવસ્થિત બેસું તો વેપાર બરાબર ચાલે. એ આત્માનું કામ નથી. આહા..હા..! અને દીકરા, દીકરીઓ જુવાન થઈ ગયા હોય એને ઠેકાણે પાડું. એ કામ તારું નથી, પ્રભુ ! આહા..હા..! એમાં રાગ આવે છે એ પણ તારું કામ નથી, પ્રભુ ! આહા..હા..! એક ભગવાન આત્મા આનંદસ્વરૂપ, પ્રભુ ! એમાં દૃષ્ટિ લગાવીને ત્યાં રહેવું. આહા..હા..! આવી વાત લોકોને આકરી લાગે. વ્યવહારના રસીયા...

મુમુક્ષુ :— કઠણ છે એમ આપ કહો છો અને સહેલું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કઠણ જ છે. કઠણ તો કઈ અપેક્ષાએ ? અભ્યાસ નથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



માટે. બાકી અંદરની ચીજ સરળ છે. સ્વ વસ્તુ અંદર છે. આહા..હા..! છે એને પ્રાપ્ત કરવાનું છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. રાગને પોતાનો કરવો હોય કે પરને પોતાને કરવો હોય તો એ કદી ન બની શકે. પણ એ ચીજ અંદર આનંદનો કંદ પ્રભુ છે. એ પ્રાપ્ત છે, એની દશામાં પ્રાપ્તિ કરવી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ કોઈ પંડિતાઈની ચીજ નથી. આ તો અંતરની ચીજ (છે). આહા..હા..!

**'એક આત્મામાં જ રહેવું...'** આહા..હા..! **'તે હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે.'** આહા..હા..! સર્વસ્વ. સ્વસ્વરૂપ પ્રભુ ! આનંદ અને જ્ઞાનસ્વરૂપ, એમાં રહેવું એ સર્વસ્વ છે. આહા..હા..! આવું કામ છે. ભાષા તો સાદી છે પણ ભાવ થોડા... વસ્તુસ્થિતિ આ છે. આહા..હા..! એ ૨૫૯ (બોલ પૂરો) થયો.

**શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા કરે પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી; જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. ૨૬૦.**

૨૬૦મો બોલ.

**'શુદ્ધાત્માને જાણ્યા વગર...'** ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ, એને **'જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા કરે,...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ લાખ કરોડ, અબજ કરે નહિ. એનાથી કાંઈ આત્મા નહિ મળે. સમજાણું કાંઈ ? અપવાસ કરે, ભગવાનની જાત્રા લગાવે. શેત્રુંજયની જાત્રા, સમ્મેદશીખરની જાત્રા, લાખ કરોડ જાત્રા કરને, એ તો શુભરાગ છે. આવું કામ છે. ત્યારે કેટલાક લોકો એમ કહે છે કે એ સ્થાનકવાસીમાં હતા ને, તો એમાંથી નીકળ્યા એ સંસ્કાર રહી ગયા છે, કે જેથી મૂર્તિને માનવામાં ધર્મ માનતા નથી. કહે કહે, બિચારા. એમ કહે સ્થાનકવાસીમાં હતા ઢુંઢિયામાં, એ મૂર્તિ માને નહિ માટે જાત્રાના પુણ્યમાં ધર્મ નહિ, મંદિર બનાવવામાં ધર્મ નહિ, ભગવાનના દર્શનમાં ધર્મ નહિ. પણ એ ધર્મ નહિ, એ શુભરાગ છે, ભાઈ ! એ ધર્મ નથી. ચાહે તો સાક્ષાત્ ત્રણ લોકના નાથના દર્શન કરે ને. એ શુભભાવ છે, ધર્મ નથી. આહા..હા..! કેમ કે પર તરફના લક્ષવાળો ભાવ (છે). પોતાના ચૈતન્યમૂર્તિના અંતરમાં લક્ષવાળો ભાવ એ ધર્મ છે. આહા..હા..! આકરું કામ. સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કાંઈ ?

**'શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા કરે,...'** ક્રિયાનો ઢગલો કરે. છ-છ મહિનાના અપવાસ અને છ મહિને અપવાસ, છ મહિને પારણા કરે તો લુખ્ખો આહાર, રોટલી લુખ્ખી ખાય, એ અનંત વાર કરને હવે, મરી જાય ત્યાં. એ ક્રિયા કર પણ આત્માના ભાન વિના એ બધું નિરર્થક છે. આહા..હા..! અત્યારે તો એ લગાવી દીધું. બસ આ કરે, આ ક્રિયા કરી, અપવાસ કર્યા, સ્થાનકવાસીમાં સામાયિક, પોષા અને પડિક્કમણા કર્યા. દેરાવાસીમાં સિદ્ધચક્રની પૂજા, કર્મદહનની પૂજા ને આ પૂજા ને ઉપધાન (કરે). અરે..! બાપા ! બધી વાતું... આહા..હા..! એ ક્રિયાના તું ઢગલા કર, પણ આત્માના ભાન વિના તને કિંચિત્ લાભ નથી. સમજાણું કાંઈ ? છે ?

**'ભલે ક્રિયાના ઢગલા કરે, પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી;...'** એવા લાખ-કરોડ મંદિર બનાવે અને અબજો રૂપિયા ખર્ચે, એનાથી આત્મા નથી જણાતો. આહા..હા..! વ્યવહાર ક્રિયાકાંડના તો મીંડા વાળે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? દિન દિન પ્રત્યે ભગવાનના દર્શન (કરવા). એ બધો રાગ છે.

મુમુક્ષુ :- પૂજા કરે..

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૂજા કરે એ રાગ છે. એ સ્વાહાની ક્રિયા થાય છે એ તો જડની છે. પણ અંદર શુભરાગ છે એ બંધનું કારણ છે. ધર્મ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ઉપદેશ આપ આપો છો એ તો ધર્મનું કામ છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉપદેશ એ વિકલ્પ છે, રાગ છે. આ વાણી તો જડથી થાય છે, આત્માથી નહિ. વિકલ્પ આવે છે એ રાગ છે, દુઃખ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ધર્મમાં નિમિત્ત તો છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- બિલકુલ, જરાપણ નહિ. આહા..હા..! છેલ્લા કળશમાં નથી કહ્યું ? કે અમે ઉપદેશક છીએ અને તમે ઉપદેશથી સમજો છો એ મોહ ન કર. મોહ ન કર, પ્રભુ ! આહા..હા..! છેલ્લે કળશ છે. 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). એ શબ્દની શક્તિથી આ શબ્દ નીકળે છે, પ્રભુ ! આત્મામાં ક્યાં શબ્દ છે. એ તો પરમાણુ અંદર છે એમાંથી અવાજ નીકળે છે. ભાઈ ! ભગવાન તો અરૂપી જ્ઞાનઘન આનંદકંદ છે. ત્યાં વાણી નીકળે એ વાણી અંદર ક્યાં છે ? આહા..હા..! વકીલો તો આમ કોર્ટમાં દલીલ આપે. 'લંડન'માં આ કેસ આમ થયો હતો, આમ ચુકાદો આપ્યો માટે આમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



થવું જોઈએ. એ બધી વાણી જડ છે. આહા..હા..! એ વાણી આત્માથી થઈ નથી. આહા..હા..! એમાં રાગ થયો એ પણ આત્માની ચીજ નથી, પ્રભુ ! આહા..હા..!

**'પણ તેનાથી આત્મા જાણી સકાતો નથી;...'** લાખ–કરોડ અપવાસ કરે, શેત્રુંજયની નવ્વાણુ જાત્રા કરે, લાખ નવ્વાણુ કરોડ કરને હવે. એનાથી આત્માનું જ્ઞાન નથી થતું. આહા..હા..!

મુમુક્ષુ :– નવ્વાણુ જાત્રા રોજ કરે તો પણ કાંઈ નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રોજ તો ક્યાંથી કરી શકે. એક-એક દિ'માં બે-બે વાર ચાલે. એક વાર અમે જાત્રાએ ગયા હતા. એક છોકરી હતી એ એકદમ ઉપર જાય અને વળી નીચે ઉતરે અને વળી બીજી વાર. જાણે કે બે વાર જાત્રા થઈ એટલે આહા..હા..! જાત્રા તો આ ભગવાન ત્રણ લોકનો નાથ આનંદસ્વરૂપ પ્રભુ ! એનો આશ્રય લઈને ઠરવું એ જાત્રા છે. આવે, અશુભથી બચવા (શુભભાવ આવે), પણ એ ધર્મ નથી. આવું કામ છે.

**'જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે.'** છે ? અંદર જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એ વર્તમાન જ્ઞાનની પર્યાય અંતરમાં વાળવાથી જાણી શકાય છે. આહા..હા..! જ્યાં ચૈતન્યઘન ભગવાન પડ્યો છે ત્યાં પોતાની વર્તમાન જ્ઞાનની પર્યાયને લઈ જવી, અંતર્મુખ કરવી, ત્યારે જાણી શકાય છે. આહા..હા..! અરે..રે..! ચોરાશીના અવતાર કરી કરીને (રખડ્યો). અબજોપતિ મરીને ઢોર થાય, કાગડો થાય, કૂતરો થાય. આહા..હા..!

મુમુક્ષુ :– દેવ ન થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં. દેવ ક્યાં હતો અહીંયા ? એકલા પાપ કર્યા છે ને. અને કોઈ શુભભાવ થોડો હોય, તો એરણની ચોરી અને સોયનું દાન. ૨૨-૨૩ કલાકના પાપ અને એકાદ કલાકનો કોઈ શુભભાવ (થયો હોય), એ તો એરણની ચોરી અને સોયનું દાન છે. આહા..હા..! અરે..રે..! આવું બાપુ ? એરણ સમજો છો ? સોનીની. આહા..હા..! આકરું કામ, ભાઈ ! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર, એની આજ્ઞા આ છે... આહા..હા..! કે લાખ તારી ક્રિયાકાંડ કર, એનાથી આત્માનું જ્ઞાન નથી થતું. આહા..હા..! ભગવાન આત્મા પોતાના જ્ઞાનની પર્યાયમાં અંતર્મુખ થઈને જાણી શકાય છે, એ સિવાય કોઈ રીતે જણાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ૨૬૦ થયો ને ? વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે. જો સ્વભાવમાં અધૂરાશ માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ. માટે તું અધૂરો નહિ, પૂર્ણ છો–એમ માન. ૨૬૧.**

**ભાદરવા વદ ૮, રવિવાર તા.૨૪-૦૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૬૧, ૨૬૨, ૨૬૩, પ્રવચન–૯૯**

વચનામૃત. ૨૬૧ મો બોલ. ૨૬૦ બોલ થઈ ગયો. વિષય સૂક્ષ્મ છે.

**'દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા...'** આહા..હા..! વસ્તુ જે ધ્રુવ, એક સમયની પર્યાયની સમીપ ધ્રુવ વસ્તુ છે. આહા..હા..! દૃષ્ટિ પૂર્ણ આત્મા જે ધ્રુવ **'ઉપર રાખી તું આગળ જા...'** આવી વાત છે. પ્રથમમાં પ્રથમ ચૈતન્યશક્તિ, એવો ચૈતન્ય ત્રિકાળી સ્વભાવ એના ઉપર દૃષ્ટિ રાખી... આહા..હા..! **'આગળ જા...'** અર્થાત્ ત્રિકાળી શક્તિસ્વરૂપ ચૈતન્ય સામાન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતા સમ્યગ્દર્શન પહેલા થાય છે. અને એમાં પહેલા થોડો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. સમજાણું કાંઈ ? પછી **'આગળ જા...'** આહા..! સ્વરૂપની દૃષ્ટિ કરી, ત્રિકાળી ચૈતન્યશક્તિને પકડી લીધી... આહા..હા..! આ શું છે ? અને એની **'દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા...'** આહા..હા..! એ પૂર્ણ.. પૂર્ણ... પૂર્ણ... ચૈતન્ય શક્તિ–સ્વભાવ (છે). દૃષ્ટિ તો પર્યાય છે. દૃષ્ટિ તો વર્તમાન પર્યાય છે. પણ પર્યાયને... આહા..હા..! પૂર્ણ ધ્રુવ સ્વરૂપ ઉપર રાખ. આવી વાતું છે, બાપુ ! બહુ આકરુ... આહા..હા..!

તારે આત્માનું કલ્યાણ કરવું હોય, જન્મ-મરણના દુઃખનો નાશ કરવો હોય તો ભગવાન અંદર નિત્યાનંદ પ્રભુ, એના ઉપર દૃષ્ટિ રાખ. નિમિત્ત ઉપરથી દૃષ્ટિ હટાવી લે. દયા, દાનના વિકલ્પ જે રાગ છે, એના ઉપરથી પણ દૃષ્ટિ હટાવી લે અને વર્તમાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પર્યાય જે છે, એના ઉપરથી પર્યાયની દૃષ્ટિ હટાવી લે. આહા..હા..! પોતાનો શુદ્ધ ચૈતન્યકંદ, વસ્તુ એ પૂર્ણ સ્વરૂપ છે, પ્રભુ ! આહા..હા..! પર્યાયમાં જે અપૂર્ણતા દેખાય છે એ કાંઈ એની ચીજ નથી. આહા..હા..! પૂર્ણ પૂર્ણ નિત્યાનંદ પ્રભુ, એના ઉપર દૃષ્ટિ રાખીને આગળ જા.

પહેલા દૃષ્ટિ અંતરમાં ગઈ, પૂર્ણનો સ્વીકાર કર્યો તો સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સ્વરૂપઆચરણ, અતીન્દ્રિય આનંદનો થોડો સ્વાદ આવ્યો. જે અનાદિથી કર્મચેતના નામ રાગ, એ રાગનું વેદન એ કર્મચેતના છે, દુઃખનું વેદન છે. આહા..હા..! એના ઉપરથી દૃષ્ટિ હટાવી લે. આહા..હા..! ભગવાન એક સમયની પર્યાયની સમીપમાં પૂર્ણાનંદ પડ્યો છે ને. આહા..હા..! આવી વાતું લોકોને કઠણ પડે. અભ્યાસ નહિ ને. આહા..હા..! એક તો પૂર્ણ શું અને દૃષ્ટિ રાખવી એ શું ? આઠ-આઠ વર્ષના બાળકો પણ આત્મજ્ઞાન પામે છે તો આ રીતે પામે છે. સમજાણું કાંઈ ?

પછી **'તું આગળ જા તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે.'** આહા..હા..! શું કહે છે ? પૂર્ણ પૂર્ણ પરમાત્મસ્વરૂપ ભગવાન, એ ઉપર દૃષ્ટિ રાખીને આગળ જા–વિશેષ આશ્રય લે. આહા..હા..! તો તારી દશામાં પ્રથમ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ થોડો આવશે. પછી એનો પૂર્ણ ઉપર જોરદાર આશ્રય લઈને (આગળ વધ તો)... આહા..હા..! તારી પર્યાયમાં સિદ્ધદશા પ્રગટ થઈ જશે. સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ ! આહા..હા..! **'સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે.'** પ્રથમ તો પૂર્ણ શક્તિ સ્વરૂપ, એના ઉપર દૃષ્ટિ થતાં સમ્યક્–સત્‌દર્શન થયું, ભગવાન જેવો હતો એવો સાક્ષાત્કાર થયો. આહા..હા..! પછી પૂર્ણ સ્વરૂપ ઉપર વિશેષ જોર દઈને... આહા..હા..! તારી વર્તમાન દશામાં અપૂર્ણ જે શુદ્ધ દશા છે એ નીકળી જશે અને પૂર્ણ સિદ્ધ દશા પ્રગટ થઈ જશે. આવી વાતું છે, બાપા ! સમજાણું કાંઈ ?

**'જો સ્વભાવમાં અધૂરાશ માનીશ...'** શું કહે છે ? વસ્તુ વસ્તુ એક સમયમાં પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ... પ્રભુ ! પૂર્ણઇદં. આવે છે ? પૂર્ણઇદં માનનારી પર્યાય છે. એ વેદાંતને એ પર્યાયની ખબર નથી. પણ પૂર્ણઇદં એવો નિર્ણય કોણે કર્યો ? પર્યાયે. આહા..હા..! પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! એ ઉપર દૃષ્ટિ રાખી આગળ વધતા વધતા સિદ્ધદશા થઈ જશે. વચમાં કોઈ વ્રત અને તપ કરવાથી એ સિદ્ધદશા થશે એમ નથી. વચ્ચે આવશે. સ્વરૂપની પૂર્ણતા ઉપર દૃષ્ટિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



થવાથી સમ્યગ્દર્શન આદિ પર્યાય થઈ, અને એ સમયે થોડો રાગ અને દુઃખ પણ બાકી રહ્યા, કેમ કે સાધક થયો ને ? આહા..હા..! અને પૂર્ણ ઉપર વિશેષ દૃષ્ટિના જોરથી ત્યાં ને ત્યાં દૃષ્ટિ લગાડતા... આહા..હા..! તારી દશામાં અપૂર્ણ શુદ્ધતા, અપૂર્ણ આનંદ જે પ્રગટ્યો છે, એ પૂર્ણ ઉપર આશ્રય કરતાં પર્યાયમાં પૂર્ણ આનંદ પ્રગટ થઈ જશે. આહા..હા..! આનંદ પ્રગટ્યો એ પર્યાય છે. પૂર્ણ છે એ ધ્રુવ છે. આહા..હા..! આવી વાતું છે. સાધારણ માણસને તો એવું લાગે કે આવો કેવો ધર્મ ! વસ્તુનું સ્વરૂપ જ એવું છે, ભાઈ ! આહા..હા..! અદ્દ્ભુત અદ્દ્ભુત આશ્ચર્યકારી ચીજ પરમાત્મસ્વરૂપ છે. એક સમયની પર્યાયની સમીપમાં આખો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે. આહા..હા..! જો પૂર્ણ ન હોય તો પર્યાયમાં પૂર્ણતા ક્યાંથી આવશે ? કાંઈ બહારથી આવે છે ? આહા..હા..! આ તો બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે, બાપુ ! આહા..હા..!

**'જો સ્વભાવમાં અધૂરાશ માનીશ તો...'** વસ્તુ જે પૂર્ણ પ્રભુ છે, એમાં **'અધૂરાશ માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ.'** અધૂરાશ માનીશ તો એના આશ્રયે પૂર્ણતા પ્રાપ્ત નહિ થાય. આહા..હા..! આવી વાતું હવે. અગમને ગમ્ય કરવી. આહા..હા..! પહેલા પદ્ધતિ આ છે એવું જ્ઞાન તો કરે. રીત જ આ છે. સમજાણું કાંઈ ? જો સ્વભાવમાં અપૂર્ણતા, અધૂરાશ **'માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ.'** અધૂરું છે એમાંથી પૂર્ણતા કઈ રીતે પ્રાપ્ત થશે ? સમજાણું કાંઈ ? આહા..હા..!

જેમ લીંડીપીપર હોય છે. લીંડીપીપર. એની અંદરમાં ચોસઠ પહોરી નામ સોળ આના, રૂપિયો એમાં તીખાશ પૂર્ણ ભરી છે. ભલે કદ નાનું અને રંગે કાળી છે પણ અંતરમાં જે ચરપરાઈ છે, ગુજરાતી ભાષામાં અમારે તીખાશની શક્તિ છે અને અંદરમાં લીલો રંગ પડ્યો છે. એ લીલો રંગ પૂર્ણ છે. આહા..હા..! એને ઘૂંટવાથી જે પૂર્ણ છે, ચોસઠ પહોરી તાકાત હતી, એ ચોસઠ પહોર ઘૂંટવાથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ. આહા..હા..! એ અંદર પૂર્ણ છે. એ ચોસઠ પહોરી તીખાશ આવે છે એ ક્યાંથી આવે છે ? ઘૂંટવાથી આવે છે ? પર્યાયમાંથી આવે છે ? વર્તમાન તીખાશ તો અલ્પ છે, એમાંથી આવે છે ? પૂર્ણઈદં. આહા..હા..! આ તો સમજાય એવું છે, પ્રભુ ! બાળકને પણ (સમજાય એવું છે). આ તો આત્મા છે એની વાત છે ને, પ્રભુ ! પણ બાહ્યમાં દૃષ્ટિ પડી છે અને ક્રિયાકાંડમાં રોકાઈ ગયો અને એમાં લાભ થશે, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે.

અહીં તો કહે છે કે રાગ કરતા કરતા થશે એ તો મિથ્યાત્વ છે પણ વસ્તુને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અપૂર્ણ અધૂરી માને, તો પણ મિથ્યાત્વ અને પૂર્ણતા પ્રાપ્ત નહિ થાય. આહા..હા..! અરે..રે..! આવા ચોરાશીના અવતાર, એમાં મનુષ્યનો અવતાર, એમાં ત્રણ લોકના નાથ જિનેન્દ્રદેવ, એની વાણી મળે અને એ કામ ન કરે, પ્રભુ ! કે દિ' કરશે ? ભાઈ ! આહા..હા..! એ શક્તિ જેમ સ્વભાવ... લીંડીપીપરનો ચોસઠ પહોરી કહે છે ને ? ચોસઠ પહોર ઘૂંટે છે. તો ચોસઠ પહોરી પર્યાયમાં પૂર્ણ પ્રગટે છે. ચોસઠ કહો, સોળ આના કહો, રૂપિયો કહો, પૂર્ણ કહો. પર્યાયમાં પૂર્ણ ચોસઠ પહોરી તીખાશ પ્રગટે છે. તો ક્યાંથી પ્રગટે છે ? અંદરમાં પૂર્ણ ચોસઠ પહોરી શક્તિ–તાકાત પડી છે. આહા..હા..! અરે..!

એમ ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ, પૂર્ણ આનંદ સ્વભાવ, પૂર્ણ અકષાય સ્વભાવ, પૂર્ણ વીતરાગ સ્વભાવ, પૂર્ણ પ્રભુત્વ સ્વભાવ, પૂર્ણ સ્વચ્છત્વ સ્વભાવ... આહા..હા..! એવા પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન છે. આહા..હા..! આવું આકરું પડે એટલે માણસ એમ કહે છે કે એ એનું એકાંત છે. કહે, પ્રભુ ! કેમ કે આ વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિથી થાય નહિ, બાપા ! ભાઈ ! તું છેતરાઈ જઈશ. અરે..! આ મનુષ્યદેહ ચાલ્યો જશે, પ્રભુ ! આહા..હા..! સમજાણું કાંઈ ? એ ક્રિયાકાંડના વિકલ્પ તો ક્લેશ છે, એ તો દુઃખ છે. આહા..હા..! દુઃખના આશ્રયે આત્મા આનંદ પ્રભુ, એ દૃષ્ટિમાં આવે છે ? સમજાણું કાંઈ ? પૂર્ણ આનંદ, અતીન્દ્રિય આનંદ પૂર્ણસ્વરૂપ ભગવાન (છે.) આહા..હા..! કોઠીમાં. કોઠી હોય છે ને ? જુવાર કે ઘઉં ભર્યાં હોય, તો એ ચીજ કઈ રીતે છે ? કોઠી ભિન્ન છે, ચીજ ભિન્ન છે. એમ આ નથી. આ તો આત્મારૂપી કોઠીમાં અનંત ગુણરૂપી શક્તિ ભરી છે. આહા..હા..!

**'જો સ્વભાવમાં અધૂરાશ માનીશ તો...'** એટલે કે તારી દૃષ્ટિ પૂર્ણનો સ્વીકાર ન કરે, અને અપૂર્ણ પર્યાયમાં છે તો હું અપૂર્ણ વસ્તુ છું એમ માનીશ તો તું મિથ્યાદૃષ્ટિ છો. તને શુદ્ધતા નહિ પ્રગટે. આહા..હા..! **'માટે તું અધૂરો નહિ,...'** છે ? પેરેગ્રાફ. ભગવાન ! તું અધૂરો નથી, તું અપૂર્ણ નથી. આહા..હા..! તારામાં આવરણ નથી, તારામાં અશુદ્ધતા નથી, તારામાં પૂર્ણમાં અપૂર્ણતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એમ ભગવાન સત્ત્વ છે, તત્ત્વ છે ને ? અનાદિઅનંત વસ્તુ છે ને ? સત્ છે ને ? તત્ત્વ છે ને ? અને છે તે પૂર્ણ જ છે. આહા..હા..! એ પૂર્ણ ઉપર જો દૃષ્ટિ ન હોય અથવા તારી પર્યાયમાં અપૂર્ણતા છે તો વસ્તુ અપૂર્ણ માનીશ તો સમ્યગ્દર્શન નહિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



થાય. સત્ પૂર્ણ સ્વરૂપ છે એવું દર્શન નહિ થાય. સમજાણું કાંઈ ? અમારે ભાઈ આવ્યા છે ને ? ભાઈ આવ્યા છે. આહા..હા..! અરે..! આ વસ્તુ ! કેટલી વાત સરસ છે ! લ્યો. આહા..હા..!

**'એમ માન.' 'અધૂરો નહિ, પૂર્ણ છો—'** વસ્તુ પૂર્ણ પૂર્ણ પ્રભુ છે. અનંત.. અનંત... અનંત.. અનંત... આહા..હા..! જેમ આ લોક, ચૌદ બ્રહ્માંડ ક્ષેત્ર છે, પછી આકાશ ક્ષેત્ર છે, એ આકાશનો અંત ક્યાં ? અસ્તિપણે આકાશ છે એનો છેડો ક્યાં ? છેડો હોય તો પછી શું ? આહા..હા..! નાસ્તિક પણ એકવાર વિચાર કરે તો (ઉભા રહી જવું પડે). આહા..હા..! એ ક્ષેત્ર–આકાશ પૂરું થયું એમ છે ક્યાંય ? દશે દિશાઓમાં... આહા..હા..! જે ક્ષેત્રનો અંત નહિ, પ્રભુ ! એ ક્ષેત્રના જેટલા અંશો, પ્રદેશો છે, એક પરમાણુ જેટલી જગ્યા રોકે એને પ્રદેશ કહીએ. એવા અમાપ, માપ વિનાનું ક્ષેત્ર... આહા..હા..! એમાં જેટલા પ્રદેશ છે, આહા..હા...! એનાથી અનંતગુણા આત્મામાં ગુણ છે. શું કહેવું છે ?

આત્મા ભગવાન પૂર્ણ છે. તો એમાં અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત.. અનંત.. અનંતની સંખ્યાને અનંતગુણા કરો, તો પણ છેલ્લો અંત, અનંત એનો આ છેડો આ છેલ્લી પર્યાય છે એમ નથી. આહા..હા..! ક્ષેત્ર અમાપનું માપ કરનારી પર્યાય... આહા..હા..! ક્ષેત્ર-જ્ઞ ભગવાન આત્મા છે. આહા..હા..! તો એનો ગુણ જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત, એવા અનંતગુણા અનંત, એનાથી અનંતગુણા અનંત, અને આ છેલ્લો ગુણ છે, એવું એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

એકવાર નાસ્તિક વિચાર કરે કે આ ક્ષેત્ર છે આમને આમ, આ ક્ષેત્ર જે જડ ચૈતન્યથી ભરેલું છે એ ક્ષેત્ર તો અસંખ્ય યોજન છે. ચૌદ બ્રહ્માંડ જે કહીએ. પાછળ અનંત આકાશ અલોક છે. લોક્યંતે ઇતિ લોક. જેમાં જડ, ચૈતન્ય જ્ઞાનમાં જણાય એને લોક કહીએ. અને અલોક, જેમાં જડ, ચૈતન્ય કોઈ ચીજ (નથી, ફક્ત) એક આકાશ નામનો પદાર્થ છે. આહા..હા..! એ આકાશ નામનો પદાર્થ, જેનો ક્યાંય અંત નથી. તર્કથી લે તો પણ એનો ક્યાંય અંત નથી. એને જાણનારો ભગવાન, એના ગુણની સંખ્યાનો અંત નથી. આહા..હા..! એવા અનંત ગુણ પૂર્ણ ભર્યા છે. સંખ્યા વિનાની ચીજ અનંત... અનંત... અનંત.. અનંત... અનંત... ભગવાનને તળિયે, ધ્રુવને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તળીયે જાય. વર્તમાન પર્યાય ધ્રુવને તળીયે પાતાળમાં જાય. ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો બાપા ! ભગવાન ! તું કોણ છો ? ભાઈ ! આહા..હા..!

એવી જેની મોટપ... આહા..હા..! એવી જેની પૂર્ણતા. એની પૂર્ણતા ઉપર... આહા..હા..! ક્ષેત્રનું જેમ માપ નથી. છતાં જ્ઞાને માપ કાઢી લીધું. અનંતનું માપ અનંતપણે લઈ લીધું. સમજાણું કાંઈ ? અનંત છે એ જ્ઞાને જાણ્યું. એ અનંત અનંતનું અનંત રીતે માપ લીધું. માપ વિનાની ચીજને માપી લીધી. માપ નામ પ્રમાણજ્ઞાન. એનું માપ એની પર્યાયમાં લીધું. આહા..હા..! તો એ જ્ઞાનની પર્યાય અનંત... અનંત... અનંત... તાકાતવાળી છે. એનાથી અનંતી-અનંતી પર્યાયનો સમૂહ એક ગુણ અને અનંત ગુણનો સમૂહ પ્રભુ આત્મા. આહા..હા..! અરે..! ભાઈ ! તું કોણ છો ? એવી પૂર્ણ ઉપર દૃષ્ટિ આ રીતે છે. અને દૃષ્ટિ જો પૂર્ણ ઉપર નહિ હોય અને અધૂરું માનીશ, તો એ વસ્તુ પૂર્ણ છે એ તારી દૃષ્ટિ ખોટી છે. અધૂરું અલ્પ માનીશ... છે પૂર્ણ, તેને અધુરું માનીશ તો તારી દૃષ્ટિ વિપરિત છે. સમ્યક્–સત્યદર્શન નથી. જેવો ત્રિકાળી પૂર્ણ છે એવી પ્રતીત થાય તો એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ ભાઈ બહુ અલૌકિક છે. ૨૬૧ બોલ થયો.

**દ્રવ્ય સૂક્ષ્મ છે; માટે ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે. સૂક્ષ્મ દ્રવ્યને પકડી નિરાંતે આત્મામાં બેસવું તે વિશ્રામ છે. ૨૬૨.**

૨૬૨. '**દ્રવ્ય સૂક્ષ્મ છે;...**' ભગવાન આત્મા સૂક્ષ્મ અરૂપી (છે). આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ પણ સ્થૂળ છે અને ભગવાન આત્મા તો એનાથી પાર સૂક્ષ્મ છે. આહા..હા..! સૂક્ષ્મ દ્રવ્ય એટલે વસ્તુ. આ દ્રવ્ય એટલે પૈસો દ્રવ્ય નહિ. આ ધૂળ ધૂળ તમારી. એય..! આહા..હા..! આ ભાઈને કાલે યાદ કર્યા હતા, હોં ! આ ભાઈ છે ને ? આ સામા બેઠા. એમના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ. કાલે કહ્યું હતું ને ? યાદ કર્યા હતા. 'ગોવા'માં એના સાળા. અત્યારે તો ગુજરી ગયા. બે-અઢી અબજ. ધૂળમાં શું છે ? પ્રભુ ! આહા..હા..! સમજાણું કાંઈ ? આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તો અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. અબજ ગુણનો સાગર ભગવાન પૂર્ણ... આહા..હા..! પ્રભુ ! તને વિશ્વાસ નથી. આહા..હા..! બહારની પ્રવૃત્તિ અને ક્રિયાકાંડ આડે નવરો થતો નથી કે આ ચીજ શું છે ? આહા..હા..!

મુમુક્ષુ :– ધંધા-વેપાર...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધંધા-વેપારમાંથી નવરો થાય તો વળી આ ક્રિયાકાંડમાં ઘૂસી જાય. વ્રત, તપ, ભક્તિ, પૂજા અને જાત્રા. આહા..હા..! એ બધી રાગની ક્રિયા છે. આહા..હા..! આવી વાતું છે. રાગ તો તારામાં નથી પણ અપૂર્ણતા તારામાં નથી. આહા..હા..! પર્યાયમાં અપૂર્ણતા છે પણ વસ્તુમાં અપૂર્ણતા નથી. આહા..હા..! વસ્તુ જેને કહીએ, તત્ત્વ, આત્મતત્ત્વ, એ અપૂર્ણ કેમ હોય ? એમાં અશુદ્ધતા કેમ હોય ? આહા..હા..! એ તો શુદ્ધતાનો પરિપૂર્ણ પિંડ પ્રભુ ! પવિત્રતાના ગુણની ગાંઠડી છે. આહા..હા..! એક વાર રાગની એકતા તોડ તો આત્મા ખૂલી જાય. રાગથી દયા, દાન અને વિકલ્પથી લાભ થશે, એ રાગની એક્તાના તાળા માર્યા છે તો એ ખજાના ખૂલતા નથી. આહા..હા..!

એક વાર... એક વાર... એક વાર... આહા..હા..! અંદર રાગથી ભિન્ન અને પર્યાયથી પણ ભિન્ન, એવી સૂક્ષ્મ ચીજ છે, પ્રભુ ! છે ભલે અનંત ગુણ પૂર્ણ, પણ છે સૂક્ષ્મ. એ વિકલ્પથી, દયા, દાનના રાગની મંદતાથી પકડમાં નથી આવતો. આહા..હા..! વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે પંચ મહાવ્રતના વિકલ્પ, એનાથી પકડાતો નથી, એ તો રાગ છે. આહા..હા..!

**'દ્રવ્ય સૂક્ષ્મ છે;...'** અહીંયા સ્વાધ્યાય મંદિરમાં લખ્યું છે ને ? દ્રવ્ય દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. 'થાન'નો એક માણસ આવ્યો હતો. તમારા એય...! ભાઈ ! એ કહે, આ બધા પૈસાવાળા માણસો આવનારા. લખ્યું હતું, 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ'. મહારાજ ! દ્રવ્યદૃષ્ટિ એટલે પૈસાવાળા તે સમ્યક્દૃષ્ટિ ? અરે..! ભાઈ ! અહીંયા દ્રવ્યની– પૈસાની વાત ક્યાં છે ? ભાઈ હતા ને ? ગુજરી ગયા ને ? 'થાન.. થાન'. પોટરી. અહીં આવ્યા હતા. એના સગાવહાલા બધા ખરા ને. બધા કરોડપતિ એટલે એમ કે આ બધા કરોડપતિ અહીંયા આવે, એ દ્રવ્યદૃષ્ટિ–દ્રવ્યવાળા તે સમ્યગ્દૃષ્ટિ ? અરે..! ભગવાન ! એ દ્રવ્યની અહીં વાત નથી, પ્રભુ ! દ્રવ્ય તો આ. (ભગવાન આત્મા) આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! ચૈતન્યના ચમત્કારથી ભરપૂર ભરેલો છે, પ્રભુ ! આહા..હા..! એ સૂક્ષ્મ છે. આહા..હા..! **'માટે...'** **'દ્રવ્ય સૂક્ષ્મ છે; માટે ઉપયોગને સૂક્ષ્મ કર...'** વર્તમાન જ્ઞાનના પરિણામને સૂક્ષ્મ કર. જે સ્થૂળ પર ઉપર લક્ષ જાય છે, એને સૂક્ષ્મ બનાવ. અરે..! સૂક્ષ્મ જ્ઞાનનો વેપાર વર્તમાન જ્ઞાન પરિણામ, એવા સૂક્ષ્મ કર, કે જેથી પકડાઈ જાય. સમજાણું કાંઈ ? આહા..હા..! મોટો સાણસો હોય છે ને ? સર્પને પકડવાનો. એનાથી મોતી પકડાય છે ? મોતી પકડવા માટે લોખંડની નાની સવાણી હોય છે. આ જાત્રાળુઓ હવે આવ્યા. જાત્રામાં રોકાય ગયા અને આ રહી ગયું. મૂળ વાત રહી ગઈ અને ઓલી વાત... આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'દ્રવ્ય સૂક્ષ્મ છે;...'** પ્રભુ ! એ મોતી સાણસાથી નથી પકડાતા. એ તો સોનીની સવાણીથી પકડાય. આ છોકરીઓ બનાવે છે ને ? તોરણ બનાવે છે, મોતીનું તોરણ. એમ ભગવાન આત્મા સૂક્ષ્મ છે. એને પકડવાની સૂક્ષ્મ બુદ્ધિ હોવી જોઈએ. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન પણ એને પકડી ન શકે. આહા..હા..! અરે..! ભવના અભાવ કરવાની પદ્ધતિ તો આ છે. બાકી વાતું છે, બાપા ! ચોરાશીના અવતાર અનંત વાર કર્યા. અનંત વાર પંચ મહાવ્રત લીધા, અનંત વાર ભગવાનની જાત્રા કરી, એ કોઈ ચીજ નથી. આહા..હા..! અંતર ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ સૂક્ષ્મ છે, તો એની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ધીરેથી સૂક્ષ્મતાથી પકડાય છે. આહા..હા..! આવું સ્વરૂપ છે, બાપુ ! ત્રણ લોકના નાથ તીર્થંકર સર્વજ્ઞદેવ, એનો આ હુકમ છે. આહા..હા..!

અહીંયા તો કહે છે, કે વસ્તુ વસ્તુ અંદર, અનંત ગુણનો અમાપ શક્તિનો સાગર પ્રભુ ! એ સૂક્ષ્મ છે. એ નિમિત્તથી પકડાતું નથી, રાગથી નથી પકડાતું, સ્થૂળ જ્ઞાનથી પણ નથી પકડાતું. આહા..હા..! આવી વાતું છે. અંદર ચૈતન્ય ભગવાન સૂક્ષ્મ અરૂપી આનંદઘન, પૂર્ણઇદં. એ સૂક્ષ્મ જ્ઞાનના ઉપયોગથી પકડાય છે. આહા..હા..! એ શાસ્ત્રજ્ઞાનથી પણ પકડાતું નથી. કેમ કે એ પરલક્ષી જ્ઞાન છે. આહા..હા...! પોતાના સ્વરૂપની પૂર્ણની દૃષ્ટિ, એનો સૂક્ષ્મ ઉપયોગ. ધીરો થઈને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડ. આહા..હા..! **'સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે.'** એ સૂક્ષ્મ જ્ઞાનના પરિણામ(થી પકડાશે). રાગથી તો નહિ પકડાય, સ્થૂળ જ્ઞાનના ઉપયોગથી પણ પકડાશે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– સૂક્ષ્મ કહેવો કોને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– આ પર તરફના લક્ષવાળું જ્ઞાન તે સ્થૂળ છે. એ શાસ્ત્રજ્ઞાન પણ સ્થૂળ ઉપયોગ છે. ભગવાન સૂક્ષ્મ છે. અરૂપી આનંદઘન, પ્રભુ ! એને પકડવામાં જ્ઞાનની વર્તમાન પર્યાયને સૂક્ષ્મ ધીરી કરવી પડશે. આવી વાતું છે, પ્રભુ ! શું થાય ?

મુમુક્ષુ :– એનો ઉપાય શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરવાનો ઉપાય પોતે કરે. કરવાનો ઉપાય કે સૂક્ષ્મ ઉપયોગ કરવો એ એનો ઉપાય. આહા..હા..! અર્થાત્ સૂક્ષ્મ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એના આશ્રયથી, અવલંબનથી જે પર્યાય થાય છે, એ પર્યાયથી પકડાય છે. એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ ! આ તો જન્મ-મરણના અંતની વાતું છે. આ કોઈ પુણ્ય કરે, દયા પાળે, વ્રત કરે, જાત્રા કરે તો પુણ્ય થાય અને સ્વર્ગમાં જાય. ત્યાંથી પાછો મરશે, નીચે જાશે. આહા..હા..!

અહીં તો પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એણે જે આત્મા દ્રવ્ય તરીકે સૂક્ષ્મ જોયો અને પર્યાયમાં પ્રગટ કર્યો, એ ભગવાન એમ કહે છે, પ્રભુ ! તું અંદર ઘણો સૂક્ષ્મ છો ને. તો એ સૂક્ષ્મ જ્ઞાનના પરિણામ ઘણા સૂક્ષ્મ કરીશ ત્યારે અંતરમાં જઈ શકીશ. આ મેરુને અંદર પકડવાનો છે. આહા..હા..! મેરુ જેમ અડોલ છે, એમ વસ્તુ અડોલ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ભગવાને આંગળી અડાડીને મેરુને હલાવ્યો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બિલકુલ ખોટી વાત છે. એ તો શ્વેતાંબર કહે છે. એ તો શ્વેતાંબર કહે, મેરુ હલે નહિ કદી. આહા..હા..!

ભગવાન આત્મા ધ્રુવ કદી પર્યાયમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? નિશ્ચયથી તો પ્રભુ ! એ મોક્ષમાર્ગની જે પર્યાય છે... આહા..હા..! (એ પર્યાય) એનો પણ ધ્રુવસ્વરૂપ કર્તા નથી. સમજાણું કાંઈ ? પર્યાયનો કર્તા પર્યાય છે. સમજાણું કાંઈ ? આવું જીણું સૂક્ષ્મ. પર્યાયથી પકડમાં આવે છે પણ એ પર્યાય દ્રવ્યમાં એકમેક નથી થતી. આહા..હા..! સૂક્ષ્મ જ્ઞાન ઉપયોગથી 'આ ચીજ છે' એવું જ્ઞાન થાય છે પણ એ ચીજ પોતાની પર્યાયમાં આવતી નથી. ચીજનું જેટલું સામર્થ્ય છે એટલી પર્યાયમાં સામર્થ્યની પ્રતીતિ થાય છે. આવી વાત છે. આહા..હા..! પર્યાય તો પર્યાયરૂપ રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. કદી સાંભળ્યું નથી એ આ ચીજ છે. અંદર રતનનો ભંડાર ભર્યો છે, પ્રભુ ! આહા..હા...! અરે ! તે ચૈતન્યચમત્કારી વસ્તુનો વિશ્વાસ નથી તને. વિશ્વાસે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વહાણ ચાલે છે. એમ કહે છે ને ? આહા..હા..! એ પૂર્ણાનંદના નાથની અંદર વિશ્વાસ, પ્રતીતિ સૂક્ષ્મ ઉપયોગ કરીને કરે છે એને મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો. તરવાનું વહાણ શરૂ થઈ ગયું. આહા..હા..! આવી વાતું છે. સાધારણ માણસને તો પાગલ કહે એવું લાગે. કે આ શું કરે છે ? બાપુ ! ભાઈ !

શરીર, વાણી, મન તો ક્યાંય રહ્યા, શુભ-અશુભભાવ તો ક્યાંય રહ્યા, પણ પોતાની પર્યાયમાં પરલક્ષી જ્ઞાન પણ જ્યાં દૂર રહ્યું. આહા..હા..! આટલી શરતોવાળો શુદ્ધ ઉપયોગ, સૂક્ષ્મ ઉપયોગ. આહા..હા..! અહીં તો સમય સમયના લેખા છે. સમજાણું કાંઈ ? પૂર્ણને સૂક્ષ્મ ઉપયોગથી પકડ્યો, તો પણ પર્યાય જ્યાં સુધી ન હોય, ત્યાં સુધી આનંદ અને દુઃખ બે સાથે મિશ્ર છે. એ માટે કહે છે ને, કે પૂર્ણનું લક્ષ કરીને ત્યાં ને ત્યાં દૃષ્ટિ રાખ. સમજાણું કાંઈ ?

કોઈ એમ કહે કે સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું, માટે જ્ઞાનીને હવે દુઃખ નથી. એ તત્ત્વને સમજતા જ નથી. સાધકને સમજતા નથી, સાધ્યને સમજતા નથી, દ્રવ્યને પણ નથી સમજતા. આહા..હા..! એ કહ્યું ને ? તું દૃષ્ટિ ત્યાં રાખ. આહા..હા..! અને આગળ વધ. આહા..હા..! ધ્રુવના ધ્યેયને કદી ચૂક નહિ. આહા..હા..! અને ધ્રુવના ધ્યેયે તારી પર્યાયમાં ધખતી ધૂણી આનંદની પ્રગટ થશે. આહા..હા..! અને એ પૂર્ણ ઉપર દૃષ્ટિ થતાં તને પર્યાયમાં પૂર્ણ આનંદ પ્રગટ થઈ જશે. એ અધૂરો નહિ રહી શકે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે. સૂક્ષ્મ દ્રવ્યને પકડી...'** આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાયને સૂક્ષ્મ કરીને અંદરમાં પકડ અને આરામથી ત્યાં રહે. આહા..હા..! જેમ માણસને થાક લાગ્યો હોય, થાક. પછી ઢોલીયો પાથરીને આરામ કરે. આહા..હા..! પૂર્ણ વસ્તુને, સૂક્ષ્મ વસ્તુને સૂક્ષ્મ ઉપયોગથી પકડીને... આહા..હા..! **'સૂક્ષ્મ દ્રવ્યને પકડી નિરાંતે...'** આનંદમાં રહે. ભગવાન આનંદના નાથમાં જ્યાં દૃષ્ટિ થઈ તો પર્યાયમાં આનંદ આવ્યો, આરામ થયો. ચાર ગતિના દુઃખનો થાક ઉતરી ગયો. આહા..હા..! આવી વાતું છે. શું થાય ? ભાઈ ! જ્યાં પૂર્ણ પ્રભુ છે ત્યાં દૃષ્ટિ કર્યા વિના, એના વિશ્વાસ વિના કદી આ ધર્મની દશા થતી નથી. સમજાણું કાંઈ ?

**'સૂક્ષ્મ દ્રવ્યને પકડી નિરાંતે આત્મામાં બેસવું તે વિશ્રામ છે.'** આનંદના ધામમાં બેસવું એ વિશ્રામ છે. રાગમાં અને પર્યાયમાં બેસવું એ નહિ. આહા..હા..! પર્યાયમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ટકવા નહિ દઉં. એ ભાઈએ નાખ્યું ને ? ઘાટકોપરની મંડળી છે ને ? હોશિયાર માણસ છે. ગાયન બહુ સારા બનાવે છે. પ્રભુ ! તને પર્યાયમાં અટકવા નહિ દઉં. આહા..હા..! રાગમાં અને નિમિત્તમાં તો નહિ... એનું ભજન છે ? આવે છે ને એમાં ? રે તને પર્યાયમાં ટકવા નહિ દઉં. આહા..હા..! એક સમયની પર્યાયમાં તને નહિ રોકાવા દઉં.

ભગવાન મહેલમાં બિરાજે છે ત્યાં જા. આ મહા ચૈતન્યમહેલ પ્રભુ, એ મહેલ મેલ છે અને આ તો મહેલ નિર્મળ છે. આહા..હા..! અરે..! **'નિરાંતે આત્મામાં...'** આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે, એમાં આરામથી બેસી જા. ઉદાસીન, ઉદ્ આસન. પર્યાયનું આસન છોડી દે, દ્રવ્યનું આસન લગાવી દે. આહા..હા..! આવી વાતું છે. **'તે વિશ્રામ છે.'** ૨૬૨ થયો.

**સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી. મારે બીજું કાંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. આ ક્ષણે વીતરાગતા થતી હોય તો બીજું કંઈ જ નથી જોઈતું; પણ અંદર રહેવાતું નથી, માટે બહાર આવવું પડે છે. અત્યારે કેવળજ્ઞાન થતું હોય તો બહાર જ ન આવીએ. ૨૬૩.**

૨૬૩. **'સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી.'** અંતરની ચીજની સાધન કરનારની કોઈ સ્પૃહા, કોઈ દુનિયા મને માને, દુનિયા પૂજે, મને ગણતરીમાં ગણે, એવી કોઈ સ્પૃહા નથી હોતી. આહા..હા..! દુનિયામાં હું જરી ગણતરીમાં ગણાઉં, એવી સ્પૃહા સાધકને નથી હોતી. આહા..હા..! સમજાણું કાંઈ ? **'સાધના કરનારને...'** ભગવાન આત્મા પૂર્ણની દૃષ્ટિ કરીને સાધના કરનારને... આહા..હા..! પોતાના સિવાય બીજી કોઈ સ્પૃહા હોતી નથી. સમજાણું કાંઈ ? દુનિયા મને જ્ઞાની કહે, માને એ બધી સ્પૃહા જ્ઞાનીને નથી હોતી. આહા..હા..! સાધકને એ સ્પૃહા નથી હોતી. આહા..હા..! અને મારાથી લોકો રાજી થાય તો મારા જ્ઞાનની પ્રશંસા થાય, એ સ્પૃહા સાધકને નથી હોતી. ત્યાં ક્યાંય કોઈ દિ' સાંભળ્યું નથી. ઢુંઢિયામાં તો કાંઈ છે નહિ. શ્વેતાબંર અને સ્થાનકવાસીમાં તો એ વાત પણ નથી. એ તો ગૃહિત મિથ્યાત્વ છે. આકરું કામ. જૈન જ નથી. એણે જૈનની પદ્ધતિ તોડી નાખી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી. મારે બીજું કંઈ જોઈતું નથી,...'** મારે તો પ્રભુ આનંદનો નાથ મને જોઈએ, બીજું કાંઈ નથી જોઈતું. આહા..હા..! મને તો ભગવાનનો ભેટો જોઈએ. આહા..હા..! ભગવાન આ, હોં ! બીજા ભગવાનના ભેટા એ શુભરાગ છે. આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જિનેશ્વર દિવ્યધ્વનિ દ્વારા કહેતા હતા એ વાત છે આ. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'એક આત્મા જ જોઈએ છે.'** આહા..હા..! અહીંયા તો ત્યાં સુધી લીધું છે કે જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ પણ મારે તો ન જોઈએ. આહા..હા..! 'પ્રવચનસાર'માં આવે છે ને ? અમારે તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એક જ જોઈએ. સાધક જીવની આ ભાવના હોય છે. બાકી બધી ગડબડ. આહા..હા..! **'મારે બીજું કંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે.'** એક આત્મા 'જ' જોઈએ છે, એકાંત થયું. એક ભગવાન પૂર્ણઈદં પ્રભુ ! બસ, એ જોઈએ. દુનિયા માને, ન માને, પૂજા કરે, ન કરે કોઈ. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'આ ક્ષણે વીતરાગતા થતી હોય...'** આહા..હા..! સાધક જીવને આ ક્ષણે જો વીતરાગતા થતી હોય તો બીજી ક્ષણની દરકાર નથી. છે ? **'તો બીજું કંઈ જ નથી જોઈતું;...'** આહા..હા..! થોડા શાસ્ત્ર વાંચી લઈએ અને ભક્તિ-બક્તિ ખૂબ કરી લઈએ, મંદિર બનાવીએ એ બધું નથી જોઈતું. અંતર પૂર્ણાનંદના નાથનું જ્યાં સાધકપણું પ્રગટ્યું, તો પછી એને બીજી કોઈ ચીજ જોઈતી નથી. આહા..હા..! આવી વાત છે, બાપુ ! આહા..હા..! **'પણ અંદર રહેવાતું નથી,...'** આહા..હા..! સ્વરૂપની દૃષ્ટિ થઈ, અંતરમાં ગયા, પણ કમજોરીથી અંતરમાં રહી શકતા નથી તો જ્ઞાનીને પણ રાગ આવે છે. આહા..હા..! ભક્તિનો, વાંચનનો, શ્રવણનો રાગ આવે છે. **'માટે બહાર આવવું પડે છે.'** અંતરમાં જામી જતા નથી તો રાગ આવે છે માટે બહાર આવવું પડે છે. પણ છે દુઃખ. આહા..હા..! સમકિતી જ્ઞાનીને પણ રાગ થાય છે પણ એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જ્ઞાનધારા અને આનંદધારા પ્રગટ થઈ પણ એમાં રહી શકતા નથી તો બહાર આવે છે. શ્રવણ કરવાનો ભાવ, કહેવાનો ભાવ, એ રાગ આવે છે. આહા..હા..! **'માટે બહાર આવવું પડે છે.'** આહા..હા..!

**'અત્યારે કેવળજ્ઞાન થતું હોય તો બહાર જ ન આવીએ.'** અંદરમાં જામી જાય તો એક ક્ષણ પણ બહાર (આવીએ નહિ). આહા..હા..! વિશેષ જાણપણું થઈ જાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તો લોકોને સમજાવવામાં ઠીક પડે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'અત્યારે કેવળજ્ઞાન થતું હોય તો બહાર જ ન આવીએ.'** આહા..હા..! કાલે કહ્યું હતું ને ? સમકિતીને બહારનો વિકલ્પ આવે છે. પણ અરે..રે..! અમે પરદેશમાં ક્યાં આવી ગયા ? શુભરાગ, હોં ! ભક્તિનો, શ્રવણનો વિકલ્પ આવે છે. અરે..! અમે અમારા દેશને છોડીને ક્યાં પરદેશમાં આવી ગયા ? એ રાગમાં અમારી ચીજ નથી. સમજાણું કાંઈ ? દુઃખમાં પણ અમારી ચીજ નથી. એ રાગ દુઃખ છે. એમાં કોઈ અમારી ચીજ નથી. અમારો સ્વદેશ અહીંયા નથી. આવી વાતું છે, પ્રભુ ! આહા..હા..!

સાધક જીવને આ ક્ષણે વીતરાગતા અને કેવળજ્ઞાન થાય તો બીજી ક્ષણ જોઈતી નથી. ભાઈ ! થોડું દુનિયાને સમજાવી દઉં અને ઉપકાર કરી લઉં. એ વિકલ્પ બંધનું કારણ છે. સમજાણું કાંઈ ? વર્તમાનમાં અંતર સ્વભાવમાં આશ્રય કરીને આ ક્ષણે જ વીતરાગતા હોય તો બીજી ક્ષણ નથી જોઈતી. જાણવું વધે, જાણપણું વધે એ કાંઈ જરૂર નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

✱ ✱ ✱

**પર્યાયની બાજુમાં જ ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે તે સર્વોત્કૃષ્ટ ચીજ છે. આશ્ચર્યકારી ચીજ છે. પોતાનો સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા સિદ્ધની પર્યાય કરતાં પણ સર્વોત્કૃષ્ટ છે કેમકે સિદ્ધદશા એ તો એક સમયની પર્યાય છે ને આત્મા તો એવી અનંતી સિદ્ધ પર્યાય જેમાંથી પ્રગટે એવું દ્રવ્ય છે, તે સર્વોત્કૃષ્ટ છે. અપરિમિતિ, અમર્યાદિત, જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિનો પિંડ સર્વોત્કૃષ્ટ આત્મા છે. સર્વોત્કૃષ્ટ ચીજને જે દૃષ્ટિ સ્વીકારે તે સમ્યક્દૃષ્ટિ છે. પર્યાયને ને ગુણભેદને સ્વીકારે તે દૃષ્ટિ સમ્યક્ નથી. 'પરમાગમસાર' બોલ નં.૪૦૨.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી. બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા-જ્ઞાયકદેવ પ્રગટ થાય છે. જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન ? ૨૬૪.**

**ભાદરવા વદ ૯, સોમવાર તા. ૨૫-૦૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૬૪, ૨૬૫, ૨૬૬, પ્રવચન–૧૦૦**

'**તારા ચિત્તમાં..**' જ્યાં સુધી '**બીજો રંગ સમાયેલો છે,...**' શું કહે છે ? '**તારા ચિત્તમાં બીજો રંગ...**' ચાહે તો સંયોગી ચીજનો પ્રેમ હોય, રાગનો પ્રેમ હોય અને બહારલક્ષી શાસ્ત્રનું જ્ઞાન થયું, એનો પ્રેમ હોય તો પોતાના સ્વભાવનો પ્રેમ નથી થતો. આહા..હા..! તારા ચિત્તમાં જ્યાં સુધી બીજો રંગ સમાયેલો છે,... આહા..હા..! રાગનો, દયા, દાન, વ્રતનો વિકલ્પ છે, એનો પ્રેમ સમાયેલો છે... આહા..હા..! '**ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી.**' ભગવાન ચૈતન્યજ્યોત, એનો પ્રેમ નથી આવતો. આહા..હા..! એક મ્યાનમાં બે તલવાર રહી નથી શકતી. નિમિત્તનો પ્રેમ રહે, રાગનો પ્રેમ રહે અને એક સમયની પર્યાયમાં પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ–વિકાસ થયો, એમાં પ્રેમ રોકાય, તો પોતાનો આત્મા નથી જણાતો. આવી વાત છે, ભાઈ ! આહા..હા..! સમજાણું કાંઈ ? '**આત્માનો રંગ લાગી શકતો નથી.**' આહા..હા...!

'**બહારનો બધો રસ છૂટી જાય...**' બહારની કોઈ પણ ચીજ વિસ્મયકારી લાગે ત્યાં સુધી પોતાના સ્વભાવની વિસ્મયતા નહિ આવે. આહા..હા..! સમજાણું કાંઈ ? '**બહારનો બધો રસ છૂટી જાય...**' આહા...! રાગનો રસ છૂટી જાય, નિમિત્તનો રસ છૂટી જાય. પોતાની પર્યાય ભાવઇન્દ્રિયમાં ક્ષયોપશમ છે... આહા..હા..! એનો પણ પ્રેમ–રંગ છૂટી જાય. આહા..હા..! '**તો આત્મા—જ્ઞાયકદેવ પ્રગટ થાય છે.**' આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભગવાન તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકસ્વભાવનો પિંડ પ્રભુ ! પરના બધા રંગ છૂટી જાય તો પોતાનો રંગ લાગે. અરે..! આવી વાત છે.

મુમુક્ષુ :– આત્માનો રંગ કેવો ? લીલો કે પીળો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રંગ નામ રસ. આત્માનો રંગ લાગે નામ પ્રેમ થઈ જાય. આહા..હા..! મારો નાથ પરમાનંદ મૂર્તિ પ્રભુ ! એનો જેને પ્રેમ થઈ જાય એને સર્વ ભાવ, પરનો પ્રેમ છૂટી જાય. આહા..હા..! સમજાણું કાંઈ ? ક્યાંક ક્યાંક અટકે છે. કાં સ્ત્રીનો પ્રેમ, છોકરાને પ્રેમ, આબરૂનો પ્રેમ, લક્ષ્મીનો પ્રેમ, શુભભાવ રાગ થાય છે એનો પ્રેમ (એમાં અટકી જાય છે).

મુમુક્ષુ :– ચક્રવર્તીને તો બધા પ્રેમ હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક્કે પ્રેમ નથી. એ હમણા હું કહેવાનો હતો. સમકિતીને છ ખડંનું રાજ છે... આહા..હા..! એ છ ખંડ... 'ન્યાલભાઈ'એ 'દ્રવ્યદૃષ્ટિ'માં લખ્યું છે કે ચક્રવર્તી તીર્થંકર છ ખંડ નથી સાધતા, એ તો અખંડને સાધતા હતા. એવો બોલ છે.

મુમુક્ષુ :– વ્યવહારથી તો સાધે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ સાધતા નથી. વિકલ્પ આવે છે એના પણ જાણનાર રહે છે. આહા..હા..! રાગ થાય છે. છ ખંડના રાજમાં, વ્યવસ્થામાં ઊભા રહેવું પડે છે. પહેલા આવ્યું હતું કે ઊભા ન રહેવું. આહા..હા..! રાગ આવે છે, પણ ત્યાં ઊભા રહીને કે આ ચક્રવર્તીની સંપદાની વ્યવસ્થા હું કરું છું, એ નહિ. આહા..હા..! 'સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી...' આહા..હા..!

મુમુક્ષુ :– સર્વ ભાવમાં તો શુદ્ધભાવ પણ આવી જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શુદ્ધ નહિ, રાગ. રાગાદિ સર્વ ભાવથી ઉદાસીન (થાય) ત્યારે તો શુદ્ધભાવ પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ધર્મીને પણ રાગ તો આવે છે, પણ રાગમાં સુખબુદ્ધિ નથી. આહા..હા..! છ ખંડનું રાજ, છન્નુ હજાર સ્ત્રી અને એક સ્ત્રીની તો હજાર દેવ સેવા કરે છે. (પરંતુ એમાં) સુખબુદ્ધિ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– પતિની સેવા કરે એમાં પતિને શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ કરે ? ધર્મીને રાગ આવે છે પણ કાળો નાગ જેમ જોવે એવો દેખાય છે. દુઃખ દેખાય છે. મારો પ્રભુ આનંદસ્વરૂપમાંથી હું બહાર નીકળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ગયો. દૃષ્ટિમાંથી નહિ. દૃષ્ટિ તો ત્યાં લાગી ગઈ છે. સમજાણું કાંઈ ? એમાં હું રહી શક્યો નહિ. મારી નબળાઈથી રાગ, શુભ ભક્તિ આદિનો ભાવ થયો એ પણ દુઃખ છે. આહા..હા..! આવો માર્ગ ! વીતરાગ... વીતરાગ... વીતરાગ... આહા..હા..!

**'બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા—જ્ઞાયકદેવ...'** આત્મા એટલે જ્ઞાયકદેવ. લીટી કરીને (લખ્યું છે). **'પ્રગટ થાય છે.'** આહા..હા..! **'જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા...'** આહા..હા..! જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ગુણથી ગૂંથાયેલો ભગવાન **'મળી જાય,...'** આહા..હા..! અનંતગુણથી ગૂંથાયેલો–અભેદ. આહા..હા..! અરે..! પરમાત્મસ્વરૂપ. પરનો રસ છૂટી જાય, તારો રંગ લાગી જાય તો તને ભગવાન મળી જાય. આહા..હા..! રાગમાં આવવું એ પણ વ્યભિચાર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ.. આહા..હા..! એ રાગ વ્યભિચાર છે. અસમાધિ છે, અશાંતિ છે. એ પરનો રસ છૂટી જાય તો ભગવાન આત્માના રસમાં જાગૃત સ્વરૂપ ચૈતન્યદેવ પ્રગટ થશે. આહા..હા..!

મુમુક્ષુ :– પરનો રસ છૂટે શી રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્યો છે એ છોડે. જેણે જોડ્યો છે એ તોડે. જેણે પરનો રસ જોડ્યો છે. એ જેણે જોડ્યો છે એ તોડે. આહા..હા..! એ પર તરફનું જોડાણ જે કર્યું છે, એ પોતાથી કર્યું છે. એને તોડીને ભગવાનની સાથે લાગી જાય. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો ભાઈ જગતથી પાગલ જેવી વાત છે. એ સમકિતી છ ખંડના રાજમાં પડ્યો છે. રાગ આવે છે, પણ દુઃખ લાગે છે. રસ નથી, એમાં સુખબુદ્ધિ નથી. એમાં રુચિ-બુદ્ધિ નથી. એ પરનો રસ છૂટી જવાથી ભગવાન પ્રગટ થાય છે.

**'જેને...'** શું પ્રગટ થયું ? શું અનુભવમાં આવ્યું ? **'જેને ગુણરત્નોથી ગૂંથાયેલો...'** ગુણરત્નોથી ગૂંથાયેલો. હિન્દીમાં ગૂંથા હુઆ કહે છે ? **'આત્મા મળી જાય,...'** આહા..હા..! મારગડા બાપા બહુ આકરા. અનાદિનો અભ્યાસ નહિ અને ઉંધા અભ્યાસે ચડી ગયો. આહા..હા..! **'તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન ?'** આહા..હા..! જ્યાં ભગવાન આત્મા અનંત ગુણથી ગૂંથાયેલ પ્રભુ, એના રસમાં ભગવાન મળી જાય, તો બીજા વિભાવથી શું પ્રયોજન ? શરીરાદિ, લક્ષ્મી આદિ અને રાગાદિ એની સાથે શું પ્રયોજન છે તને ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**'આ તુચ્છ વિભાવો...'** અરે..! ચક્રવર્તીનું રાજ, ઇન્દ્રનું ઇંદ્રાસન હોય, તે તુચ્છ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વૈભવ છે. ભગવાન ચૈતન્યના વૈભવ આગળ (એ બધું તુચ્છ છે). આહા..હા..!

'કુંદકુંદાચાર્યે' પાંચમી ગાથામાં કહ્યું ને ? હું મારા નિજવૈભવથી કહીશ. એ કયો વૈભવ ? હું આનંદમૂર્તિ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ (છું) એમ મારી દૃષ્ટિમાં, મારા અનુભવમાં આવ્યું, મારી વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ, વીતરાગી સમ્યગ્જ્ઞાન, વીતરાગી દર્શન, વીતરાગી ચારિત્ર (પ્રગટ થયા), એ મારો નિજ વૈભવ છે. આહા..હા..! એ નિજ વૈભવથી હું 'સમયસાર' શાસ્ત્ર કહીશ. પ્રભુ ! તું પ્રમાણ કરજે. આહા..હા..! મારા નિજ વૈભવથી ભગવાન કહે છે એ હું કહીશ એમ નહિ. શ્વેતાંબરમાં પહલેથી એમ આવ્યું છે. ભગવાન આમ કહેતા હતા, આમ કહે છે. અહીં કહે છે, હું મારા નિજ વૈભવથી કહીશ. આવે છે ને 'આચારાંગ'માં ? .... એ શૈલી આખી જુદી. આ શૈલી કોઈ જુદી. આહા..હા..! મારો ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ, અતીન્દ્રિય જ્ઞાનનું દળ, અતીન્દ્રિય શાંતિનો સાગર, અનંત ગુણનું ગોદામ, અનંત શક્તિનો સંગ્રહાલય, અનંત સ્વભાવનો સાગર (છે.) આહા..હા..! એ જેને અંતરમાં મળી ગયું, એને બીજા વૈભવથી શું પ્રયોજન ? આહા..હા..!

મુમુક્ષુ :- જેને ન હોય એને...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હોય કે દિ' ? હોય તો જડનો. એમાં શું છે ? એ બંગલા, કરોડોના... એય...! ભાઈ ! એના સાળાને 'ગોવા'માં ચાલીસ લાખનો બંગલો છે. ચાલીસ લાખનો એક, દસ-દસ લાખના બે. ૬૦ લાખના ત્રણ (બંગલા છે.) બે અબજ ચાલી કરોડ, અઢી અબજ છે. 'લીંબડી'ના છે. એમની દીકરી અહીં બાળ બ્રહ્મચારી છે. આહા..હા..! એમાં શું છે ? ધૂળધાણી. મરીને આમ (જાય). આહા..હા..! મને દુઃખે... દુઃખે છે. હાડમાં લોહી જામી જાય છે. પહેલા આપણે એમ કહેતા હતા કે પાટીયા ભીંસાય છે, ગુજરાતીમાં એમ કહે છે. પાટીયા એટલે હાડમાં લોહી જામી જાય. ગતિ ન કરે તો પાટીયા ભીંસાય એમ કહે છે. એને હવે હાર્ટફેઈલ કહે છે. આહા..હા..! એમ થયું તો (કહ્યું), ડોક્ટરને બોલાવો. હવે તારા અબજો રૂપિયા અને ધૂળ ને.. ત્યાં ક્યાંય શરણ ન મળે. ડોક્ટર જ્યાં આવે છે ત્યાં તો દેહ છૂટી જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ડોક્ટર તો ત્યાં નજીક રહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ડોક્ટર કે કોઈ ધૂળેય નહોતા. એનો સગો હતો એણે કહ્યું. કોઈક સગો હતો ને નહિ ? વેવાઈ. ત્યાં ઊભા હતા. એને કહ્યું, ડોક્ટરને બોલાવો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ત્યાં 'મુંબઈ' અમે એના ઘરે ગયા હતા. એ કહે કે હું ઊભો હતો અને ભાઈએ કહ્યું, મને દુઃખે છે. ડોક્ટરને બોલાવો. હું તો બોલાવવા ગયો. આવ્યો ત્યાં તો. ચાલો ચાર ગતિમાં રખડવા. આહા..હા..! એ વૈભવ પરનો તે તારો નહિ, પ્રભુ ! આહા..હા..! પોતાના અનંત ગુણનો વૈભવ, એના પ્રેમ આગળ તને પરવૈભવનું પ્રયોજન શું છે ? સમજાણું કાંઈ ? આહા..હા..! એ તો **'તુચ્છ વિભાવોથી શું પ્રયોજન ?'** આહા..હા..!

**આત્મા જાણનાર છે, સદાય જાગૃતસ્વરૂપ જ છે. જાગૃતસ્વરૂપ એવા આત્માને ઓળખે તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે. આત્મા જાગતી જ્યોત છે, તેને જાણ. ૨૬૫.**

૨૬૫. **'આત્મા જાણનાર છે,...'** ભગવાન તો જાણનાર જાગૃતસ્વરૂપ પ્રભુ છે. આહા..હા..! આત્મા જાણનાર જાગૃતસ્વરૂપ છે. એમાં કોઈ નિદ્રા કે આવરણ નથી. આહા..હા..! જાગૃતસ્વરૂપ ભગવાન અંદર છે. આહા..હા..! જાગતી જ્યોત ચૈતન્યપ્રભુ બિરાજે છે. અરે...! આહા..હા..! **'આત્મા જાણનાર છે, સદાય જાગૃતસ્વરૂપ જ છે.'** બે વાત. **'સદાય જાગૃતસ્વરૂપ જ છે.'** કાયમ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ જાગૃતસ્વરૂપ જ પ્રભુ છે. આહા..હા..! જાણનાર 'જ' આવ્યો. જાગૃતસ્વરૂપ બીજો 'જ' આવ્યો.

**'જાગૃતસ્વરૂપ એવા આત્માને ઓળખે...'** રાગાદિ તો અંધકાર છે. આહા..હા..! ચાહે તો દયા, દાન, વ્રતનો વિકલ્પ રાગ હોય, એ પોતાને જાણતા નથી અને બીજા દ્વારા જણાય છે, એ કારણે રાગ તો અચેતન જડ છે. આહા..હા..! ભગવાન તો ચૈતન્ય ચૈતન્યસ્વરૂપ છે. આહા..હા..! **'જાગૃતસ્વરૂપ એવા આત્માને...'** ઓળખ. આહા..હા..! ભારે કામ આકરું ! **'જાગૃતસ્વરૂપ એવા આત્માને...'** જાગતી જ્યોત, સ્વયં જ્યોતિ ધામ સુખ. સ્વયં જ્યોતિ સુખધામ. 'શ્રીમદ્'માં આવે છે. 'સ્વયં જ્યોતિ સુખધામ' અતીન્દ્રિય આનંદનું સ્થાન. આહા..હા..! એ ખેતરમાં અતીન્દ્રિય (આનંદ) પાકે છે. આહા..હા..! રાગ પાકે એ ચીજ આત્મા નહિ. આહા..હા..!

જાગૃતસ્વરૂપ એવો આત્મા, **'જાગૃતસ્વરૂપ એવા આત્માને ઓળખે...'** પર્યાયમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એને ઓળખી લે. આહા..હા..! રાગસ્વરૂપ અંધકાર, એને છોડી દે. આહા..હા..! અને જાગૃતસ્વરૂપ ભગવાન આત્મા, એને ઓળખી લે. આહા..હા..! જુઓ ! આ શબ્દોમાં ઘણો ભાવ ભર્યો છે. જાગૃત ભગવાન આત્મા, ચૈતન્યની જાગૃત શક્તિ સંપન્ન પ્રભુ ! એને ઓળખ. જાગૃતને ઓળખ. અજાગૃત રાગાદિની ઓળખાણ છોડી દે. આહા..હા..! સમજાણું કાંઈ ? આકરી વાત લાગે, ભાઈ ! અત્યારે પ્રથા આખી વસ્તુ ફરી ગઈ છે. ધર્મને નામે અત્યારે ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, મંદિર કરો, રથયાત્રા ચલાવો, ગજરથ કરાવો. અરે...! ભગવાન !

મુમુક્ષુ :– એ તો આપણે પણ બધું કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કંઈ કર્યું નથી. ભાઈએ કહ્યું હતું કે આમ કરો.. આમ કરો... એનાથી થયું નથી. એમ કહે હવે થઈ ગયું એટલે પછી હવે કર્યું નથી (એમ કહો છો). આત્માએ પહેલેથી કર્યું જ નથી. આ મંદિર બન્યું એને કડિયા બનાવી શકતા જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– મજૂરી મફતની લઈ ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ લે ? ભાઈનો, કડિયાનો રાગ હતો કે આવું બનાવો. આપણા ઘરમાંથી (દાખલો દઈએ છીએ). આહા..હા..! એક આંખની પાંપણ ફેરવે એ ત્રણ કાળ, ત્રણ લોકમાં આત્મા ફેરવી શકે નહિ. આ આમ થાય છે એ તો જડની ક્રિયા જડથી થાય છે. આહા..હા..! શું છે ? ભાઈ ! આ તમારા સ્ટીલના વાસણ ને ફાસણ. 'કાંપ'માં મોટું કારખાનું છે ને ? એકવાર કારખાને પગલા કરવા ગયા હતા. લ્યો સ્ટીલ. લ્યો કળશો. અમારે શું કરવો છે ?

મુમુક્ષુ :– આપ લ્યો તો અમારે ઘરાક ઘણા આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઘરાક આવે. આહા..હા..!

અહીંયા તો ત્રણ લોકનો નાથ ! જાગૃતજ્યોત, ઝળહળ જ્યોતિ અંદર બળે છે ને. આહા..હા..! શાંતિનો સાગર ઝળહળ જ્યોતિ પ્રભુ ! એ આત્મા, એને ઓળખ. તારી ચીજ એવી છે. આહા..હા..! અહીં શાસ્ત્રને જાણ, એમ વાત નથી કરી. સમજાણું કાંઈ ? જાગૃતસ્વરૂપ ભગવાન એને જાણ. જાગૃતને જાણ. આહા..હા..! અરે..! અનંતકાળ (ગયો). પરિભ્રમણ મટાડવાનો ઉપાય તો આ છે, પ્રભુ ! આહા..હા..! આમાં જુઓને વાત નથી ? 'ફતેહપુર'માં ભાઈના કાકાજી. એક આંગળીમાં જરી કાળાશ આવી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કંઈ રોગ નહિ. ૬૫ વર્ષ થયા. એમ જ્યાં જુએ ત્યાં અડધા કલાકમાં આ સડી ગયું એકદમ. પહેલા કાંઈ નહોતું એમ જોયું. આ શું છે ? ત્યાં તો અંદર પીડા થઈ. આમ ઠંડુ લાગે, અંદર પીડા થાય. અડધા કલાક-કલાકમાં સડી ગયું. બે કલાક થઈ ત્યાં અહીં સુધી સડી ગયું. ડોક્ટર પાસે લઈ ગયા. આહા..હા..! કાપી નાખ્યું. આપણે 'ફતેહપુર'વાળા ભાઈ આવે છે ને ? એમના કાકાજી. એના સસરા આવ્યા હતા. ભાઈને દુઃખ છે અને કાપી નાખ્યું છે. હવે હું નહિ બચુ.. નહિ બચુ... એમ કરે છે. ઓલું કાપી નાખ્યું ને એટલે. આહા..હા..! શરીરનું અવયવ છે એ કાંઈ આત્માનું અવયવ નથી. આહા..હા..! એ અવયવ તૂટતા કાંઈ અંદર ભગવાન તૂટ્યો ? આહા..હા..! પણ ત્યાં આગળ દૃષ્ટિ છે ને કે મારું અવયવ તૂટ્યું. દેહ તો જડ છે. એનો એક અંશ તૂટ્યો તો મારો અંશ તૂટ્યો. કારણ કે હું આવો. પાછો જમણો હાથ હતો. કામ લઈ શકે એ જમણો હાથ હતો. દવાખાનામાં હતા. અત્યારે શું થયું હશે ? એ તો કહેતા હતા કે ભાઈ આમ કહેતા હતા કે હું નહિ બચું. કરવતથી અહીંથી કાપી નાખ્યું. આ જડની દશા પ્રભુ ! આહા..હા..!

અનંત ગુણનો નાથ ગુણભેદમાં પણ આવતો નથી. પર્યાયમાં આવતો નથી તો રાગમાં અને પરમાં ક્યાંથી આવે ? આહા..હા..! હમણા ભાઈનું ભજન નહોતું આવ્યું ? 'તને પર્યાયમાં ટકવા નહિ દઉં.' પ્રભુ ! તને રાગમાં ટકવા નહિ દઉં પણ પર્યાયમાં ટકવા નહિ દઉં. તારી ચીજ અંદર આનંદનો નાથ ભગવાન બિરાજે છે ત્યાં જાને. આહા..હા..! બહુ સારું ગાયું હતું. આહા..હા..!

**'જાગૃતસ્વરૂપ એવા આત્માને...'** આહા..હા..! રાગવાળો આત્મા કે અલ્પજ્ઞ આત્મા. એ નહિ. સર્વજ્ઞસ્વરૂપી, જાગૃતસ્વરૂપી સર્વજ્ઞસ્વરૂપ આત્મા. આહા..હા..! જ્ઞ સ્વભાવી કહો, સર્વજ્ઞ સ્વભાવી કહો, જાગૃતસ્વરૂપ કહો. આહા..હા..! ચૈતન્ય ચેતના સ્વભાવસ્વરૂપ કહો, એને ઓળખ. આહા..હા..! **'તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે.'** આહા..હા..! જાગૃત ભગવાન જ્ઞાયકસ્વરૂપ, એને ઓળખતા પર્યાયમાં જાગૃતપણું પ્રગટશે. જે સ્વભાવ જાગૃત ત્રિકાળ છે, નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ, એની ઓળખાણ કર, તો તારી પર્યાયમાં પણ જાગૃત જ્ઞાતાદૃષ્ટાની પર્યાય, આનંદની પર્યાય તને પ્રગટશે. આહા..હા..! કહો, આ તમારે ત્યાં સામાયિક કરવું, પોષા કરવા, પડિક્કમણા કરવા, ચોવિહાર કરવો... આહા..હા..! ભાઈ ! એ તો ક્રિયાનો રાગ, એ તારી ચીજ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! તારી ચીજ તો જાગૃતસ્વરૂપ જ છે. અંદર અનંત અનંત ગુણનું ગોદામ પડ્યું છે.

'મુંબઈ'માં માલ લેવા જતા હતા ને ? ત્યાં કેસરના ડબ્બા (પડ્યા રહેતા). તે દિ' તો રૂપિયાભાર હતું. આ કેસર-કેસર. હવે તો મોંઘું થઈ ગયું એમ કહે છે. મોટી વખાર ભરી હોય. થપ્પી (લાગી હોય). કેસરના ડબ્બા. મોટા વેપારી હોય ને કરોડોપતિ ? 'પાલેજ'થી દુકાનનો માલ લેવા જતા હતા. પણ નાની ઉંમરની વાત છે. ૧૮-૧૯-૨૦ વર્ષની ઉંમર. આહા..હા..! આ અનંત ગુણનું ગોદામ ભગવાન છે. અનંત અનંત ગુણની થપ્પી અંદર લાગી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અનંત અનંત ગુણની અંદર થપ્પી પડી છે. આહા..! ત્યાં નજર કર, પ્રભુ ! આવી વાતું છે.

તારી પર્યાયમાં પણ જાગૃત દશા પ્રગટ થશે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જાગૃત દશા છે. આહા..હા..! ત્રિકાળી ભગવાન જાગૃતસ્વરૂપ પ્રભુ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! આનંદનો સાગર પ્રભુ સચ્ચિદાનંદ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ગંજ પ્રભુ ! એને ઓળખ—એની સન્મુખ થા. પર્યાય અને રાગથી વિમુખ થા. સમજાણું કાંઈ ? તો તારી પર્યાયમાં પણ જે સ્વભાવ જાગૃત છે, આનંદ છે, એ પર્યાયમાં પણ ચૈતન્યની જાગૃતિ અને આનંદની દશા તને થશે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ, એની દૃષ્ટિ કરતા, એનો આદર કરતા તારી પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવશે. એ આત્મ સાક્ષાત્કાર છે. આહા..હા..! આવી વાત છે, પ્રભુ !

**'પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે. આત્મા જાગતી જ્યોત છે,...'** સ્વયં જ્યોતિ. જેમ અગ્નિ સ્વયં જ્યોતિ છે, એમ ભગવાન સ્વયં ચૈતન્યજ્યોતિ છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... વજ્રની પેઠે જેમ વજ્રબિંબ હોય એમ ધ્રુવબિંબ, જ્ઞાયકનો બિંબ પ્રભુ પડ્યો છે. આહા..હા..! એ જિનબિંબ છે. આહા..હા..! 'શ્રીમદ્'માં આવે છે. 'જિનપ્રતિમા થા.. જિનપ્રતિમા થા.' એવું 'શ્રીમદ્'માં આવે છે. પણ એની લોકોને ક્યાં (પડી છે). જિનપ્રતિમા જિનસ્વરૂપી ભગવાન છે, તો એનું લક્ષ અને દૃષ્ટિ કરતાં તારી પર્યાયમાં જિનપણું આવશે. એ જિનબિંબ છે. એ ચૈતન્યપ્રતિમા છે. આ બાહ્ય પ્રતિમા તો વ્યવહારમાં શુભરાગ આવે છે ત્યારે લક્ષ ત્યાં જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું ! આવો ઉપદેશ કઈ જાતનો ? બાપુ ! તારા ઘરમાં જવાની વાત છે.

'પર ઘર ભમત અનેક નામ ધરાયે. અબ હમ કબહું ન નિજ ઘર આયે. અબ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



હમ કબહું ન નિજઘર આયે રે... અબ હમ કબહું ન નિજઘર આયે. પરઘર ભમત અનેક નામ ધરાયે.' હું લક્ષ્મીવાળો, હું પુણ્યવાળો, હું પાપવાળો, હું પંડિત ને મૂરખ ને.. આહા..હા..! 'પર ઘર ભમત અનેક નામ ધરાયે. અબ હમ કબહું ન નિજઘર આયે.' આહા..હા..! એ ગાય અને બળદ સવારે બહાર નીકળે છે. સાંજે આવે છે. જોયું છે ? તો બારણા બંધ હોય તો માથુ મારે. સાંજે જ્યારે જંગલમાંથી આવે છે. કેમ કે નીચે અંદર ગમાણ હોય છે ને, એમાં બાંધે અને બાર કલાક ત્યાં રહેશે. આહા..હા..! અમારા ઘરમાં રહેવું છે. તો બારણા બંધ હોય. માણસને ખબર નહિ હોય કે હમણા ભેંસ-ગાય આવી છે. તો માથુ મારે. એમ પ્રભુ ! તારા ઘરમાં જવા માટે એક વાર માથું તો માર. આહા..હા..! સમજાણું કાંઈ ? રાગની એક્તાના બારણા બંધ છે એ તૂટી જશે. આહા..હા..!

**'આત્મા જાગતી જ્યોત છે, તેને જાણ.'** જાગતી જ્યોતને જાણ. ચૈતન્યસ્વરૂપને–ચૈતન્યને જાણ. આહા..હા..! જાણે છે એ પર્યાય છે. પણ પર્યાયમાં જણાય છે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ. આહા..હા..! પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં આ જાગૃતસ્વભાવ જણાયો, છતાં એ જાગૃતસ્વભાવ પર્યાયમાં આવ્યો નથી. જાગૃતસ્વભાવનું સામર્થ્ય કેટલું છે એ પર્યાયમાં આવ્યું. સમજાણું કાંઈ ? પર્યાય કાંઈ દ્રવ્યરૂપ થઈ જાય છે એમ નથી અને દ્રવ્ય પર્યાયમાં આવે છે એમ નથી. આહા..હા..! એને ઓળખ. સ્વયં જાગતી જ્યોતિ છે. એ જાગતી જ્યોત એ ચીજ છે. ઓળખાણ કરી એ પર્યાય છે. પર્યાયમાં કાર્ય થાય છે ને ? ધ્રુવમાં ક્યાં કાર્ય હોય ? ધ્રુવ તો જાગતી જ્યોત એકરૂપ કૂટસ્થ નિત્ય છે જ. આહા..હા..! **'તેને જાણ.'** જાગતી જ્યોતને જાણ. આહા..હા..! આવું છે. ૨૬૫ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર; તારા જન્મ-મરણનો નાશ થઈ જશે. આચાર્યદેવ કરુણાથી કહે છે : તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે. મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ. તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ. બહાર ફાંફાં મારવાથી સુખ નહિ મળે. ૨૬૬.**

૨૬૬. **'જો તારે જન્મ-મરણનો નાશ કરી...'** તારો એવો ભાવ હોય કે મારે તો જન્મ-મરણનો નાશ કરીને આત્માનું કલ્યાણ કરવું છે. દુનિયામાં હું સ્વર્ગમાં જાઉં, પુણ્યબંધ થાય, લક્ષ્મી મળે એ કાંઈ નહિ. જન્મ-મરણનો નાશ કરવો હોય તો. આહા..હા..! ચોરાશી લાખ યોનિ (છે એમાં) એક એક યોનિમાં અનંત વાર ઉત્પન્ન થયો છે. એવા જન્મ-મરણનો નાશ કરવો હોય તો. આહા..હા..! માતાના પેટમાં સવા નવ મહીના રહે છે પણ શાસ્ત્ર તો એમ કહે છે કે ઉત્કૃષ્ટપણે રહે તો બાર વર્ષ રહી શકે છે. છોળ કહે છે તેને. બાર વર્ષ સુધી બાળકનો જન્મ નથી થતો. પેટમાં રહે છે એમ ભગવાન કહે છે. ત્રણ ત્રણ વર્ષ રહે છે એવું સાંભળ્યું છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ત્રણ-ત્રણ વર્ષ પેટમાં રહે. આ તો ભગવાન કહે છે, કે બાર વર્ષ રહે છે. આહા..હા..! ઉંધે માથે, શ્વાસ લેવાની જગ્યા નહિ. આહા..હા..! એક વાર બાર વર્ષ (રહે), ભગવાન તો એમ કહે છે, કે કદાચિત્ બાર વર્ષ થયા અને જ્યાં બહાર આવ્યો, અને મરી જાય તો પાછો એમાં આવે તો વળી પાછા બાર વર્ષ (રહે). ચોવીશ વર્ષ કાયસ્થિતિ ગણવામાં આવી છે. આહા..હા..! એવું અનંત વાર થયું છે, પ્રભુ ! એમ બાર બાર વર્ષ માતાના પેટમાં (રહ્યો), એમ ચોવીશ વર્ષ (કાઢ્યા). બે વાર. એવું અનંત વાર થયું છે, પ્રભુ ! તારો અનંતકાળ ગયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'જો તારે જન્મ-મરણનો નાશ કરી...'** આહા..હા..! **'કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને...'** જે રાગમાં અને પર્યાયમાં ઊભો છે એને છોડી દે. અને ચૈતન્યભૂમિ દળ જે ચૈતન્યભૂમિ છે, એમાં દૃષ્ટિ લગાવીને ત્યાં ઊભો રહી જા. અરે..રે..! આવી વાતું ! **'તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો...'** આ શરત (છે). **'આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને...'** ચૈતન્ય ધ્રુવ ધ્રુવ ભગવાન, એમાં ઊભો રહીને. આહા..હા..! **'ઊભો રહીને તું પુરુષાર્થ કર;...'** અંતરમાં પુરુષાર્થ કર. આહા..હા..! ચૈતન્યભૂમિમાં રહીને પુરુષાર્થ કર. આહા..હા..! એ પુરુષાર્થ શુદ્ધ ચૈતન્યની પરિણતિ. સમજાણું કાંઈ ? **'તારા જન્મ-મરણનો નાશ થઈ જશે.'** આહા..હા..! એ ચૈતન્ય ભૂમિ-દળ, અસ્તિ, મોજૂદગી ચીજ જે શુદ્ધ ચૈતન્યઘન, એમાં ઊભો રહીને. આહા..હા..! આવી ભાષા ! પુસ્તક એવું બહાર આવ્યું છે, અન્યમતિ વેદાંતવાળા એકવાર વાંચે તો એને (થઈ જાય).. આહા..હા..! એક વેદાંતે હાથમાં લીધું, વાંચ્યું તો ઓહો..! આ ચીજ ! આ તો વસ્તુનું સ્વરૂપ છે. આ કોઈ પક્ષની, વાડાની વાત નથી. આહા..હા..! **'તારા જન્મ-મરણનો નાશ થઈ જશે.'**

**'આચાર્યદેવ કરુણાથી કહે છે :...'** ભગવાન 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', સંતો **'કરુણાથી કહે છે : તું મુક્તસ્વરૂપ આત્મામાં...'** ભગવાન અંદર તો મુક્તસ્વરૂપ છે, પ્રભુ ! આહા..હા..! દ્રવ્ય જે વસ્તુ છે, એને આવરણ નથી, એમાં અશુદ્ધતા નથી, એમાં અપૂર્ણતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ શ્લોક આગળ છે. કાલે આવી ગયું છે. 'કંચનને કાટ નહિ' કાય. 'કંચન કો કાય નહિ. અગ્નિમાં ઉધઈ નહિ.' અગ્નિ છે ત્યાં ઉધઈ નથી. એમ ભગવાન આત્મામાં આવરણ નથી, અશુદ્ધતા નથી,... આહા..હા..! અપૂર્ણતા નથી. પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર (બિરાજે છે). આહા..હા..! અરે..! એ પ્રયત્ન તો કેટલો છે ! આહા..હા..!

**'તું મુક્તસ્વરૂપ...'** આહા..હા..! 'સમયસાર' ૧૪-૧૫ ગાથામાં કહ્યું ને ? **'जो पस्सदि अप्पाणं अबद्ध'** જે કઈ આ આત્માને અબદ્ધ દેખે છે. રાગના સંબંધ વિનાની ચીજ દેખે છે, એણે જૈનશાસન જોયું. આહા..હા..! અબદ્ધ દેખ્યું કહો કે મુક્તસ્વરૂપ કહો. રાગના સંબંધ વિનાની ચીજ અબદ્ધ, અને જ્યારે નાસ્તિથી અબદ્ધ કહ્યું તો અસ્તિથી કહો તો મુક્તસ્વરૂપ છે. આહા..હા..! આવો ઉપદેશ એટલે ઓલા લોકોને તો એવું લાગે આ સોનગઢિયા એકાંત-એકાંત.. અરે...! પ્રભુ ! સાંભળને. તારા ઘરની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વાત છે, પ્રભુ ! આહા..હા..! તને ઘરમાં લઈ જવાની વાત છે. પરઘર ભમે છે. આહા..હા..!

**‘તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે.’** કોઈ પણ આશા (રાખ્યા વિના). દુનિયા મને ગણે કે વિશેષ જ્ઞાન હોય તો દુનિયામાં હું (પ્રસિદ્ધ થાઉં)... આહા..હા..! અને લોકોને તારવા હું જરી એકાદ ભવ કરું, એ પણ ભ્રમ છે. સમજાણું કાંઈ ? ભલે એકાદ ભવ થાય પણ દુનિયા મારો લાભ લે. એ દૃષ્ટિ વિપરીત છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કહે છે ને ? કે ભાઈ ! દુનિયાના લાભ માટે કદાચ એકાદ-બે ભવ કરવા પડે...

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે છે ને. એ બધું સાંભળ્યું છે. ગાંધીજી કહેતા હતા. (સંવત) ૧૯૯૫ની સાલમાં ગાંધી ‘રાજકોટ’ વ્યાખ્યાનમાં આવ્યા હતા. કહેતા હતા, કે આ દુનિયાના ભલા માટે કદાચ એકાદ-બે ભવ કરવો પડે તો શું ? અરે..! ભગવાન ! શું કરે છે તું ? આહા..હા..! ભવ કરવો તો ભવનું કારણ રાગ કરવો અને રાગનું ફળ ભોગ મળવો, એને તો ભવની ભાવના છે. આહા..હા..! અને તારાથી દુનિયાનું કલ્યાણ થશે એ ત્રણ કાળમાં નથી. એના વીતરાગભાવથી કલ્યાણ થશે અને અજ્ઞાનભાવથી બંધ થશે. આહા..હા..! આવી વાતું બહુ, ભાઈ !

**‘તું મુક્તસ્વરૂપ આત્મામાં...’** કેમ બેસે ? મુક્ત મુક્ત. વસ્તુ જે દ્રવ્ય છે, પદાર્થ છે, એ તો મુક્ત જ છે. પર્યાયમાં રાગનો સંબંધ છે. એક સમયની પર્યાયમાં રાગનો સંબંધ છે. વસ્તુમાં તો રાગનો સંબંધ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાન અરાગસ્વરૂપ, મુક્તસ્વરૂપ, અબંધસ્વરૂપ છે. આહા..હા..! એને જેણે જોયો, એ શુદ્ધોપયોગમાં જેણે જોયો એ શુદ્ધોપયોગ જૈનશાસન છે. આહા..હા..! **‘पस्सदि जिण सासणं सव्वं’** (સમયસાર ગાથા–૧૫) એણે આખા જૈનશાસનને જોયું. આહા..હા..! શું કહ્યું ઇ ? ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવનો હુકમ (છે), પ્રભુ ! એક વાર તારી ચીજ અબદ્ધ અંદર છે (તેને જો). આહા..હા..! વસ્તુને આવરણ નથી. આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. સમજાણું કાંઈ ? અરે..! વસ્તુ છે એને આવરણ હોય તો આવરણનો અર્થ વસ્તુનો અભાવ–અવસ્તુ–થઈ જાય. વસ્તુ ત્રિકાળ છે એનો અભાવ કઈ રીતે થાય ? આહા..હા..! વાતું જગતથી જુદી બહુ, બાપુ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સંપ્રદાયમાં તો અત્યારે ગોટા ઉઠ્યા છે. આહા..હા..!

પરમેશ્વર જિનેશ્વરદેવ, જેને સર્વજ્ઞ અને વીતરાગતા પરિપૂર્ણ પ્રગટી, એ પરમાત્માને વાણી ઇચ્છા વિના નીકળે છે. એ વાણીમાં સ્વપરપ્રકાશક કહેવાની તાકાત છે. સ્વપર કહેવાની તાકાત છે. સ્વપરપ્રકાશની તાકાત ચૈતન્યની છે અને વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. આહા..હા..! એ ભગવાનની વાણીમાં એમ આવ્યું, કે એક વાર મુક્તસ્વરૂપ ભગવાન આત્મા અંદર છે (તેને જો). આહા..હા..! જો મુક્ત ન હોય તો મુક્તની પર્યાય ક્યાંથી આવશે ? સિદ્ધપર્યાય, કેવળજ્ઞાનપર્યાય. મુક્તસ્વરૂપ છે એમાંથી મુક્તિની પર્યાય આવે છે. આહા..હા..! બંધસ્વરૂપ હોય તો એમાંથી બંધનું ફળ આવે છે. આહા..હા..!

**'તું મુક્તસ્વરૂપ આત્મામાં...'** મુક્તસ્વરૂપ આત્મામાં, તું મુક્તસ્વરૂપ આત્મામાં... આહા..હા..! ભગવાન આત્મા મુક્તસ્વરૂપ આત્મા છે. અરે..રે..! કેમ બેસે ? રાગનો, કર્મનો સંબંધ તો એક સમયની પર્યાય સાથે છે. એ પર્યાયનો પણ દ્રવ્યમાં તો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અહીંયા તો તારે જન્મ-મરણ રહિત થવું હોય તો, તારું કલ્યાણ કરવું હોય તો પ્રભુ ! (એની વાત છે). વાતું કરીને જગતને રાજી કરવા હોય તો એની આ વાત નથી. સમજાણું કાંઈ ?

**'તું મુક્તસ્વરૂપ આત્મા...'** આહા..હા..! અબદ્ધસ્વરૂપ ભગવાન આત્મા, વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે, પદાર્થ તરીકે. કાયમ વસ્તુ નામ અનંત ગુણમાં વસેલા, રહેલા, વસ્તુ નામ અનંત ગુણની વસ્તુ એમાં વસે છે, અનંત ગુણની વસતી એમાં છે. બાદશાહ ભગવાન, એના બાદશાહમાં અનંત ગુણની પ્રજા પડી છે. આહા..હા..! આ વાત છે. ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે હોય, પણ ભાવ તો અમાપ છે, પ્રભુ ! આહા..હા..! એવો મુક્તસ્વરૂપ પ્રભુ આત્મા (છે). તેમાં **'નિસ્પૃહપણે ઊભો રહે.'** કોઈ પણ આશા. હું મોક્ષ છું એવી પણ જ્યાં ઇચ્છા નથી. મુક્તસ્વરૂપ છે. આહા..હા..! **'મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા.'** આહા..હા..! મોક્ષની ઇચ્છાથી મોક્ષ નહિ થાય. મુક્તસ્વરૂપ ભગવાનમાં રહેવાથી મુક્ત થઈશ. આહા..હા..! અહીંયા તો જન્મ-મરણ રહિત થવાની વાત છે, પ્રભુ ! જન્મ-મરણમાં સ્વર્ગ મળે, મોટા ચક્રવર્તી રાજા હોય, મરીને નરકે જાય પાછા.

બ્રહ્મદત્ત ચક્રવર્તી છેલ્લા ચક્રવર્તી, છન્નુ હજાર સ્ત્રી, એક કુરુમતિ નામની સ્ત્રી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

હતી એની હજાર દેવ સેવા કરે. પણ એટલી ગૃદ્ધિ થઈ ગઈ. સાતસો વર્ષ. ચક્રવર્તીનું પદ તો થોડું, પણ ઉંમર સાતસો વર્ષ. એ મરતા દેહ છૂટતા કુરુમતિ... કુરુમતિ.. કરતા (મર્યો). એ હીરાના પંલગે પોઢેલ. એ બીજે ક્ષણે સાતમી નરકમાં પહોંચી ગયા. સાતમી નરક નીચે છે. નરક. બધી વાત સિદ્ધ કરવા જાય તો બધું લોજિક-ન્યાયથી સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ ? સાતમી નરક છે. ૩૩ સાગરની સ્થિતિ છે. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય છે. એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. આહા..હા..! એ સાતસો વર્ષના આયુષ્યમાં મરીને ૩૩ સાગરે ગયો. આ જન્મ-મરણ. આહા..હા..! ભાઈને કહ્યું હતું કાંઈક. એક શ્વાસનું ફળ એને કેટલું આવ્યું ?

મુમુક્ષુ :– અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્યોપમ

પૂજ્ય ગુરુદેવશ્રી :– અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્યોપમ. એક શ્વાસનું ફળ એટલું. સાતસો વર્ષના શ્વાસ હોય છે, તો એક શ્વાસમાં નરકના દુ:ખના ફળ તરીકે અગિયાર લાખ છપ્પન હજાર પલ્યોપમ. અરે..! પ્રભુ ! શું કરે તું ? કેટલી ઉંધાઈ કરી ? આહા..હા..! હજી સાતમી નરકે પડ્યો છે. હજી તો ૮૫ હજાર વર્ષ ગયા છે. આહા..હા..! એવા જન્મ-મરણથી તારે છૂટવું હોય, પ્રભુ ! આહા..હા..! તો ભગવાન આત્મા મુક્તસ્વરૂપ એમાં ઊભો રહે, એનો સ્વીકાર કર. આહા..હા..!

**'મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા.'** એનાથી પણ મુક્ત થા. **'તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ.'** મુક્તસ્વરૂપ, સુખસ્વરૂપ, આનંદસ્વરૂપ પ્રભુ, એમાં રહેવાથી તારી પર્યાયમાં સુખ અનંત આનંદરૂપ થઈ જઈશ. અનંત આનંદ પર્યાયમાં પ્રગટશે. આહા..હા..! છે ? **'સ્વયમેવ સુખરૂપ...'** કોઈની અપેક્ષા વગર. ભગવાન આનંદ પ્રભુ, એમાં રહેવાથી, ઊભા રહેવાથી તારી પર્યાયમાં અનંતા સુખની પ્રાપ્તિ થઈ જશે. આહા..હા..!

**'તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ.'** ભગવાન 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. આહા..હા..! **'તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ. બહાર ફાંફાં મારવાથી સુખ નહિ મળે.'** આહા..હા..! ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય, એ તો રાગ છે. આહા..હા..! તારામાં એક વીર્ય નામનો ગુણ છે. તારી

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દૃષ્ટિમાં દ્રવ્યનો સ્વીકાર કરવાથી વીર્યગુણનું કાર્ય એ છે કે સ્વરૂપની નિર્મળની રચના કરે એ વીર્ય. વચ્ચે રાગની રચના કરે એ નપુંસક વીર્ય છે. આહા..હા..! જેમ નપુંસકને પ્રજા નથી હોતી, એમ શુભભાવમાં ધર્મની પ્રજા નથી હોતી. આવી વાતું છે. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ મુક્તસ્વરૂપ, એમાં ઊભા રહેતા, દૃષ્ટિ ત્યાં લગાવવાથી તારી પર્યાયમાં પણ પરમ આનંદની દશા પ્રગટશે. એ માર્ગ બતાવે છે. **'બહાર ફાંફાં મારવાથી સુખ નહિ મળે.'** તારા વ્રત, ભક્તિ, તપ, દાનના ભાવથી તને કાંઈ મોક્ષ નહિ મળે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋ ❋ ❋

જે છૂટી જાય છે એ તો તુચ્છ વસ્તુ છે, તેને છોડતાં તને ડર કેમ લાગે છે. શરીર છૂટતાં કે વાણી બંધ થતાં તને ડર કેમ લાગે છે ? એ તો તુચ્છ વસ્તુ છે. તેને છોડતાં તને ડર કેમ લાગે છે ? જે આશ્ચર્યકારી સર્વોત્કૃષ્ટ પ્રભુ છે તેનો આશ્રય લે, તને આનંદ ઝરશે. ચિંતામણી રત્ન કહો, કલ્પવૃક્ષ કહો, કામધેનું કહો, તે આત્મા પોતે છે. જ્યારે જ્યારે તેનો આશ્રય કરે ત્યારે ત્યારે આનંદનો આસ્વાદ આવે છે. 'પરમાગમસાર' બોલ નં.૪૦૩.

❀

સંયોગનું લક્ષ છોડી દે ને નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લે. વર્તમાન (પર્યાય) માં ત્રિકાળી જ્ઞાયક તે હું છું એમ આશ્રય કર. ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડીને એકરૂપ ગુણીની દૃષ્ટિ કર. તને સમતા થશે, આનંદ થશે, દુઃખનો નાશ થશે. એક ચૈતન્ય વસ્તુ ધ્રુવ છે તેમાં દૃષ્ટિ દેવાથી તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે. અભેદ ચીજ કે જેમાં ગુણ-ગુણીના ભેદનો પણ અભાવ છે ત્યાં જા, તને ધર્મ થશે, રાગથી છૂટવાનો પંથ હાથ આવશે, વિકારને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે. 'પરમાગમસાર' બોલ નં.૪૦૪.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જ્ઞાની દ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક, આગળ વધતો જાય છે અને ચૈતન્ય પોતે પોતાની અદ્દ્ભુતતામાં સમાઈ જાય છે. ૨૬૭.**

**ભાદરવા વદ ૧૦, મંગળવાર તા. ૨૬-૯-૭૮.**
**વચનામૃત–૨૬૭ થી ૨૭૦, પ્રવચન–૧૦૧**

૨૬૭મો બોલ છે. ધર્મી જીવની વાત ચાલે છે. ૨૬૭. **'જ્ઞાની...'** ધર્મી જીવ. આહા..હા..! **'દ્રવ્યના આલંબનના બળે,...'** ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ દ્રવ્ય. એના અવલંબનના બળે. આહા..હા..! **'જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક,...'** આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણ સચ્ચિદાનંદ, નિત્યાનંદ પ્રભુ ! ધર્મી જીવ એનું અવલંબન લઈને નિશ્ચય સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા (કરતો), અને એમાં રહી શકે નહિ, તો મૈત્રી વ્યવહારનો વિકલ્પ પણ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– બે વિરોધ અને મૈત્રી કેવી રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મૈત્રી કહ્યું ને ? નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય છે. મૈત્રી એટલે એ સ્થાનમાં હોય. વિરોધ નથી. એ પહેલા આવી ગયું છે. ૧૧૦ કળશમાં આવી ગયું છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન, એ આનંદની ધારા, જ્ઞાનની ધારા, એની સાથે રાગ આવે છે. તો એ સાથે રહેવામાં કોઈ વિરોધ નથી. જેમ મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શનને સાથે રહેવાનો વિરોધ છે. એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના અવલંબનથી જે નિર્મળધારા (પ્રગટી) છે, ત્યાં પૂર્ણ સ્વરૂપ નથી (થયો) માટે રાગ આવ્યા વગર રહેતો નથી. સમજાણું કાંઈ ? એ જ્ઞાનધારા, ભેદજ્ઞાનથી રાગથી ભિન્ન કરીને (જે ધારા પ્રગટી) એ પણ છે અને રાગ પણ સાથે છે. જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી રાગ સાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નિશ્ચય-વ્યવહારની મૈત્રી અર્થાત્ એની સાથે રાગની મંદતા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વગેરેનો ભાવ જ્ઞાનીને પણ આવે છે. અંદર રહી શકે નહિ તો અશુભથી બચવા એવો શુભભાવ આવે, એ બંધનું કારણ છે. આહા..હા..! આજે (એક વિદ્વાનનું) મોટું લખાણ આવ્યું છે. 'સમયસાર' .. કરતા કરતા પહેલું ઠીક લખ્યું. પાછું ચરણાનુયોગની અપેક્ષાએ શુભભાવ પણ કથંચિત્ ઉપાદેય છે (એમ લખ્યું છે). એમ કે આ વ્રત અંગીકાર કરે એમ આવે ને ? એ વ્યવહારનયથી .. એમ કહે છે. પણ વ્રતનો ભાવ રાગ છે. આવે છે. સમ્યગ્દૃષ્ટિ (થયા) ઉપરાંત પોતાના સ્વરૂપનું અવલંબન ઉગ્ર થયું, તો પંચમ ગુણસ્થાન પ્રગટ્યું. શ્રાવક આ. આ શ્રાવક, હોં ! વાડાના શ્રાવક એ નહિ. એને બાર વ્રતનો વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ ? અને મુનિ હોય છે, તો અંતર આનંદધારા વિશેષ પ્રગટી છે, પણ પૂર્ણ વીતરાગતા નથી. એ કારણે પંચ મહાવ્રતાદિનો વિકલ્પ, રાગ આવે છે. એની સાથે રાગ અને અરાગી ધારા સાથે રહેવામાં વિરોધ નથી. સમજાણું કાંઈ ? છે બંધનું કારણ, પણ એ રાગ આવે છે. રાગ દુઃખરૂપ છે.

ભગવાન આનંદની દૃષ્ટિ અને આનંદધારા, અંતર અતીન્દ્રિય આનંદની ધારા વહે છે, એ નિશ્ચય છે અને સાથે પૂર્ણ નથી એટલે રાગ આવે છે એ વ્યવહાર છે. આવી વાત છે. ત્યારે આ લોકોને એમ છે કે વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. એમ નથી. સાથે હોય છે, આવે છે. એ તો 'દ્રવ્યસંગ્રહ'ની ૪૭ ગાથામાં ન કહ્યું ? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** પોતાનો ભગવાન પૂર્ણાનંદ, એ તરફ ઢળતા, રાગની એક્તા તૂટતા, વીતરાગી સમ્યગ્દર્શન પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? તો એ ધ્યાનમાં પ્રગટે છે. અંતર ધ્યાનની પર્યાય ત્રિકાળને વિષય કરીને ધ્યેય બનાવે (છે). આહા..હા..! ભારે કામ ભાઈ ! અંતરમાં અવલંબનથી નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. પ્રથમ સમ્યગ્દર્શન જ્ઞાન, એ પણ સ્વદ્રવ્યના અવલંબનમાં ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. અને પછી ચારિત્ર જે છે, એ પણ અંતરમાં ધ્યાનમાં સ્થિર થાય છે ત્યારે એ ચારિત્ર પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ ? ભારે કામ આકરું, ભાઈ ! અનંતકાળથી એની... બે અધિકાર આવ્યા છે. ઓલા વળી 'આગ્રા'વાળા... વ્રત એ આસ્રવ કહ્યો એ રાગનો આસ્રવ છે, વ્રત નથી. આહા..હા..!

નિશ્ચયવ્રત તો સ્વરૂપની સ્થિરતા છે. એ વિકલ્પ નથી. અંદર આનંદસ્વરૂપમાં સ્થિરતા જામે છે, એ નિશ્ચયવ્રત–વીંટાઈ જાય છે, આનંદસ્વરૂપમાં એકાકાર થઈ જાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. અરે..રે..! આવી વાત. એનું નામ નિશ્ચયવ્રત છે. એ તો સંવર અને નિર્જરા છે. અને સાથે મહાવ્રતના અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ આસ્રવ છે. બંધનું કારણ છે, પણ આવે છે. સાથે રહેવામાં વિરોધ નથી. ૧૧૦ કળશમાં તો એમ લખ્યું છે. કોઈ એમ માને કે મિથ્યાદષ્ટિના વ્રત, તપ, ભક્તિ આદિ બંધનું કારણ છે, પણ સમ્યગ્દષ્ટિના યતિપણાના મહાવ્રત આદિ છે એ બંધનું કારણ નથી. એમ કોઈ માને, એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? છે ? આહા..હા..! (કળશટીકામાં) ૧૧૦ કળશ છે.

**'અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે મિથ્યાદષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે,...'** મહાવ્રતાદિ. **'તે બંધનું કારણ છે, સમ્યગ્દષ્ટિનું છે જે યતિપણું...'** સમ્યગ્દર્શન ચારિત્ર સ્વરૂપ છે એને શુભક્રિયા મહાવ્રતનો ભાવ આવ છે એ **'યતિપણું શુભ ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે;...'** એમ કોઈ માને. **'કારણ કે અનુભવ–જ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા...'** શુભભાવ. **'બંને મળીને જ્ઞાનાવરણિયાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** આહા..હા..! સમ્યગ્દષ્ટિને પણ વ્રત, નિયમ, તપ, દયાના વિકલ્પ આવે છે, એ ભાવ પણ બંધનું 'જ' કારણ છે. અને સ્વભાવના આશ્રયે જેટલા અબંધ પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા એ મોક્ષનું કારણ છે. આ ઘણું બધું ફેરવી નાખવું પડશે. સ્વરૂપ જ એવું છે ને, ભગવાન ! આહા..હા..!

એમ કે મિથ્યાદષ્ટિ છે, એના તો વ્રત, તપ, દયા આદિના ભાવ બંધનું કારણ છે. પણ ધર્મી (જેને) આત્માનું ભાન થયું, સમ્યગ્દષ્ટિ થયો, એને જે બાર વ્રત અને પંચ મહાવ્રતનો વિકલ્પ, શુભ ક્રિયારૂપ વ્રત, તપ, સંયમ, ક્રિયા, શુભભાવ (આવે છે), એ પણ બંધનું કારણ છે. કેમ કે એ વ્રત, તપ, સંયમરૂપ ભાવ એ તો શુભરાગ છે. અને શુભરાગ છે એ આત્માના અનાકૂળ સ્વભાવથી વિરુદ્ધ આકુળતા છે. આહા..હા..! ભારે કામ આકરું. આવા તો ખુલાસા કરે છે. છતાં એવા (લખાણ આવે). મોટો પહેલો ખુલાસો કર્યો કે પુણ્ય-પાપ બે હેય છે, આમ છે, બંધનું કારણ છે, ચંડાલણીની પેઠે, પણ ચરણાનુયોગની અપેક્ષાએ વ્રત, તપ, ભાવ એ કથંચિત્ ઉપાદેય છે. એમ કહે છે.

એ તો વ્યવહાર સમ્યગ્દર્શન થયું, સ્વ ચૈતન્યના અવલંબનથી તેની વિશેષ સ્થિરતા થઈ, અંદર વિશેષ સ્થિરતા થઈ, ત્યારે એને મહાવ્રતના અને બાર વ્રતના વિકલ્પ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આવે છે. પણ છે એ બંધનું કારણ. સમજાણું કાંઈ ? અને તે અધિકાર 'તત્ત્વાર્થસૂત્ર'માં છે. પુણ્ય, વ્રતાદિને આસ્રવ કહ્યા છે. પણ એ એમ કહે છે કે એ વ્રતને આસ્રવ નથી કહ્યું, અંદર રાગભાગ... પણ વ્રત પોતે રાગ છે. 'સાગર'ના છે ને ? 'સાગર' ગયા ત્યારે ત્યાં તો વ્યાખ્યાનમાં આવતા હતા. ૧૫-૧૫ હજાર માણસ વ્યાખ્યાનમાં આવતા. શેઠિયાઓને પ્રેમ ખરો ને ? બહુ આબરૂવાળા છે. પૈસા ઘણા ખર્ચે છે. ધર્મશાળા છે. પેદાશ મોટી છે. ચાર-પાંચ કરોડ રૂપિયા છે. અહીંયા મકાન કરાવ્યું ને ? આવે છે. ત્યાં વ્યાખ્યાનમાં તો ૧૫-૧૫ હજાર માણસ. કોઈ વિરોધી માણસ પણ વ્યાખ્યાનમાં બેસતા હતા. પણ વાત આ... આહા..હા..! ખટક.. ખટક.. ખટકે. 'શુભભાવ પણ કથંચિત્ આદરણીય છે.' અરે..! રાગ આદરણીય હોય નહિ. આવે છે ખરો.

મુમુક્ષુ :– પુણ્ય-પાપમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ એ નહિ. 'પ્રવચનસાર' ૭૭ ગાથા. જે કોઈ શુભ અને અશુભભાવ બેમાં ફેર માને, કે શુભ ઠીક છે અને અશુભ અઠીક છે, એ ઘોર સંસારમાં રખડશે. 'પ્રવચનસાર' ૭૭ ગાથા. આ ? આ છે ને ? આ લ્યો. ૭૪ નીકળી. આ ૭૭.

**'ण हि मण्मदि जो एवं णत्थि वसेसो त्ति पुण्णपावाणं।'** શુભ અને અશુભમાં કાંઈ ફેર નથી. બન્ને બંધનું કારણ છે. **'ण हि मण्मदि'** એમ જે ન માને **'हिंडदि घोरमपारं संसारं'** આહા..હા..! ઘોર નિગોદાદિ સંસારમાં રખડીશ, પ્રભુ ! આહા..હા..! **'हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।'** મિથ્યાત્વથી ઢંકાયેલો આત્મા (માને છે કે)... આહા..હા..! કે શુભભાવ એ ઠીક છે, અશુભભાવ અઠીક છે. મારગ એવો, ભાઈ ! વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. રાગ એ કોઈ ધર્મ નથી. અશુભથી બચવા એવા ભાવ આવે છે, પણ એ અધર્મ છે. આવી વાતું આકરી પડે. 'પ્રવચનસાર'ની ૭૭મી ગાથા. ભગવાનની દિવ્યધ્વનિનો સાર. આહા..હા..!

અહીં તો કહે છે કે જેટલી શુભ-અશુભક્રિયા, શુભભાવ. બહિર્જલ્પરૂપ વિકલ્પ. વૃત્તિ ઉઠે એ બહિર્જલ્પ. આમાં હોં, આમાં. કળશ છે. **'વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધ સ્વરૂપનો વિચાર ઇત્યાદિ સમસ્ત કર્મબંધનું કારણ છે.'** આહા..હા..! અરે..! ભાઈ ! માંડ અવસર મળ્યો. એમાં સમ્યગ્દર્શનમાં ગોટા વાળીશ.. આહા..હા..! આવે છે, હોય છે એમ પણ કહે છે. વ્રત અંગીકાર કરું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છું. એમ આવે ને ? એ તો અશુભને ટાળવા વ્રતને ગ્રહણ કરું છું એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહા..હા..! શું થાય ? ભગવાન પરમાત્માના વિરહ પડ્યા. વિરહ રહી ગયા, ભગવાન ત્યાં રહી ગયા. આહા..હા..! અને સર્વજ્ઞપણાની પ્રગટ દશા થવાની લાયકાત રહી નહિ. અને લોકો પોતાના સ્વચ્છંદથી વીતરાગમાર્ગની કલ્પના કરે એ બધું ખોટું છે. સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે **'જ્ઞાનમાં નિશ્ચયવ્યવહાર...'** સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પ્રભુ ! એના અવલંબનથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય થઈ એ નિશ્ચય. પણ સાથે વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય એવો શુભભાવ આવે છે. સમજાણું કાંઈ ? પણ એ શુભભાવ મૈત્રી... એમાં 'કળશટીકા'માં કહ્યું હતું ને ? નિશ્ચય અને વ્યવહાર મૈત્રી એટલે કે સાથે હોય. કળશ ટીકાકારે તો બીજું કહ્યું છે. એ વ્યવહારનો અભાવ તે મૈત્રી છે. નિશ્ચય સ્વભાવનું અવલંબન અને રાગનો અભાવ. આહા..હા..! છતાં એ વ્યવહારથી હોય છે, ચરણાનુયોગની અપેક્ષાએ. પણ છે બંધનું કારણ, ભાઈ ! આહા..હા..! જેટલી પરના લક્ષે વૃત્તિ ઉત્પન્ન થાય છે, એ બધી બંધનું કારણ છે. સ્વને આશ્રયે જે પરિણામ ઉત્પન્ન થાય છે એ અબંધ મોક્ષનું કારણ છે. કેમ કે મુક્તસ્વરૂપ ભગવાન મુક્તસ્વરૂપ છે. એના અવલંબને પરિણામ થાય છે એ મુક્ત પરિણામ થાય છે. આહા..હા..! આવી વાતું છે.

આ દેહ છૂટ્યે બધું છૂટશે. પ્રભુ ! તું એકલો જઈશ ક્યાં ? દૃષ્ટિની વિપરીતતા જો રહી તો ક્યાં જઈશ ? ભાઈ ! કેમ કે ભવિષ્યમાં રહેવાનું તો છે. આત્માનો નાશ થાય છે ? આહા..હા..! જો દૃષ્ટિમાં રાગ આદરણીય છે એમ માને છે તો ભવિષ્યમાં ક્યાં રહીશ ? મિથ્યાત્વમાં રહીશ. આહા..હા..! અને રાગથી ભિન્ન મારી ચીજ છે. હું તો પૂર્ણ આનંદસ્વરૂપ છું, એવી પરિણતિ કરીને, ભલે રાગ સાથે હોય, તો એ પરિણતિ કરીને જાય છે તો પોતામાં દ્રવ્યદૃષ્ટિ કાયમ રહે છે. આહા..હા..! દ્રવ્યના અવલંબને જે દૃષ્ટિ થઈ, એ દ્રવ્યનો જેમ અભાવ નથી થતો એમ એને દૃષ્ટિનો અભાવ નથી થતો. પછી ભલે સ્વર્ગમાં જાવ. સમજાણું કાંઈ ?

ચૈતન્ય આનંદદળ, પ્રભુ ! એના અવલંબનથી જ્ઞાનીને જે નિશ્ચય-દર્શન-જ્ઞાન આદિ ધર્મપર્યાય ઉત્પન્ન થાય છે, એની સાથે રાગ-શુભભાવ પણ મૈત્રી તરીકે આવે છે. એ **'મૈત્રીપૂર્વક, આગળ વધતો જાય છે...'** આગળ વધતો જાય છે નામ અંતરનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આશ્રય વિશેષ કરતો જાય છે. આહા..હા..! શુભભાવ આવે છે ત્યારે અંતરનો આશ્રય વિશેષ નથી. આશ્રય છે. અશુભ આવે ત્યારે આશ્રય થોડો પણ નથી. શુભભાવ આવ્યો ત્યારે થોડો આશ્રય છે પણ શુભ આવ્યો એ આશ્રય નથી. આહા..હા..! આવી વાતું હવે.

એ **'આગળ વધતો જાય છે...'** શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ ! એના અવલંબનમાં આગળ વધતો જાય છે. ભલે શુભભાવ આવો પણ અંતરમાં તો અંદર ધ્યેયમાં તો એ પડ્યો છે. ભગવાન ધ્યેયમાં છે. લક્ષ તો ત્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'અને ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે.'** આહા..હા..! પોતાના આત્માની અંદર આનંદનું અવલંબન લીધું, એ તો નિશ્ચય થયો. અને સાથે રાગ આવ્યો એ વ્યવહાર છે. એમ કરતા કરતા સ્વનો આશ્રય કરતા એ રાગ છુટી જશે અને પૂર્ણાનંદની અદ્‌ભૂત પ્રાપ્તિ થશે. છે ?

**'અને ચૈતન્ય પોતે...'** પોતે નામ એ રાગ આવ્યો, એ કારણે આગળ વધતો નથી. આહા..હા..! **'ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે.'** આહા..હા..! નિર્વિકલ્પ ભગવાન આત્મા નિર્વિકલ્પ દૃષ્ટિ અને સ્થિરતામાં અંદર સમાઈ જાય છે. આહા..હા..! આવું છે સ્વરૂપ. ૨૬૭. **'પોતે પોતાની અદ્‌ભુતતા...'** અતીન્દ્રિય આનંદનું દળ, પ્રભુ ! એનું અવલંબન કરતા કરતા વચ્ચે રાગ આવ્યો, પણ વિશેષ અવલંબન કરતા અંદરમાં સમાઈ જાય છે. સમજાય છે ? આવું પ્રભુ છે. એ ૨૬૭ (બોલ પૂરો થયો).

**બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી, આત્માની જ્ઞાતાધારાને તોડી શકતા નથી. પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ કંઈ આત્મપરિણતિને ફેરવી શકે નહિ. ૨૬૮.**

૨૬૮. **'બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી,...'** આહા..હા..! શરીરમાં તાવ, ક્ષય રોગ થાય... આહા..હા..! પણ પોતાના સ્વરૂપનું સાધન કરતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એને રોકી શકતા નથી. સમજાણું કાંઈ ? નારકી જીવમાં સોળ રોગ જન્મથી હોય. ઓ..હો..! એ પીડા.. પીડા... પણ જ્યારે એણે આત્માનું અવલંબન લઈ નારકીમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, તો એ શરીરની પીડા એટલી છે... આહા..હા..! જેમ શરીરના ટૂકડા-ટૂકડા થઈ જાય તો પણ એ રોગ આત્માના સાધકપણાને રોકી નથી શકતા. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'બહારના રોગ...'** ક્ષય હોય, કેન્સર હોય, હાર્ટ બંધ પડી જાય છે ને ? એ **'આત્માની સાધક દશાને રોકી શકતા નથી,...'** અંતર ભગવાન પૂર્ણાનંદના નાથને ધ્યેય બનાવ્યો તો એ સાધકને કોઈ રોગ રોકી નથી શકતા. આહા..હા..! કે નિરોગતાના કાળમાં સાધકને સહાય મળે છે, એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? શરીરની નિરોગતા એ સાધકને પુષ્ટિ કરે છે, તેમ રોગ સાધકને રોકી શકે છે એવી ચીજ નથી. આહા..હા..!

આઠ-આઠ વર્ષના બાળકો, રાજકુમારો આત્માના જ્ઞાનના ભાનથી માતા પાસે આવે છે. માતા ! આહા..હા..! મારી ચીજ, મારા જ્ઞાનનું ભાન થયું છે. માતા ! હું તો અંદરમાં જવા માગુ છું. હું તો વનવાસમાં જવા ચાહુ છું. આહા..હા..! સમજાણું કાંઈ ? એ અંતરનો રસ જ્યાં જાગ્યો છે, એ રસને વધારવા માટે... આહા..હા..! માતા ! જનેતા ! આજ્ઞા આપો, માતા ! અને માતા ! એક વાર રડવું હોય તો રડી લે. પણ માતા ! કોલ કરાર કરીએ છીએ, અમે અંતરમાં જઈને હવે ભવ નહિ કરીએ. બીજી માતા નહિ કરીએ. આહા..હા..! સમજાણું કાંઈ ?

એક વાર 'ભાવનગર' ગયા હતા. 'પાલેજ'થી દુકાનેથી આવ્યા હતા. તો ધ્રુવનું નાટક હતું. ધ્રુવ છે ને તમારે ? ધ્રુવ અને પ્રહલાદ. 'ભાવનગર'માં મોટું નાટક હતું. (સંવત) ૧૯૬૫-૬૬ની સાલમાં. ધ્રુવ અને પ્રહલાદ આવે છે ને ? એ તો એને ખબર છે. એ ધ્રુવનું નાટક હતું. એની માતા ગુજરી ગઈ હતી. પિતા બીજી રાણી પરણ્યા હતા. તો એણે દીક્ષા લઈ લીધી. મોટું નાટક હતું. લાકડાની ઘોડી હોય છે ને ? જંગલમાં આમ હાથ રાખીને બેઠા હતા. રાજકુમાર ત્યાગી થઈને. ભલે એ દૃષ્ટિ જુદી પણ આ તો એક બાહ્યથી આમ બેઠા હતા.

એમાં નાટકમાં ઇન્દ્રાણીઓ ઉપરથી લાકડાના ઓલા રાખીને ચળાવવા ઉતરે છે. એ ઇન્દ્રાણી ત્યાં એમ બોલતી હતી. આ તો ઘણા વર્ષ પહેલાની ૧૯૬૫-૬૬ની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સાલની વાત હશે. અમે બધા નાટક જોયા છે. ફિલ્મ પણ જોઈ છે. બધુ જોયું છે. તો એ સ્ત્રી એમ કહે છે. અરે..! રાજકુમાર ! અમારા શરીર તો જુઓ ! સુંવાળા માંસ અનો પોચા સુંદર શરીર, કેળના ગર્ભ જેવા અમારા સાથળ, આ કેળ હોય છે ને ? બહુ કહે છે ત્યારે ધ્રુવ એમ કહે છે, આ તો નાટક એવા હતા. માતા ! તારુ શરીર બહુ સુંદર છે. મારે જો ભવ કરવાનો હશે તો માતા ! તારી કૂખમાં એક વાર આવીશ. બાકી બીજું છે નહિ. આહા..હા..! આવા તો નાટક પાડતા હતા. અત્યારે તો બધું ધર્મને નામે ફેર. એવો પણ દેખાવ કરે. લીલા પડદા. વનવાસ બતાવે ને ? કટકા-કટકાવાળા પડદા. ઊંડે ઊંડે બેઠેલા. લાકડાની ઓલી ઘોડી હોય ને ? બાવાની. ઉપરથી બહુ લલચાવે. જવાબમાં એમ કહ્યું, માતા ! મારે ભવ તો કરવો નથી પણ કદાચિત્ ભવ કરવાનો હશે તો મા ! તો તારી કુંખે આવીશ. બાકી બીજી હવામાં વાત રહેવા દે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીંયા કહે છે, **'બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી,...'** આહા..હા..! શ્વાસનો રોગ થયો. મુનિ તો જંગલમાં રહે છે. આહા..હા..! ઝાડની નીચે બેઠા હોય, માથે પાણીનો ધોધ પડે અને રોગ હોય... આહા..હા..! પણ અંતરના આનંદના ધામમાં દૃષ્ટિ ઘૂસી ગઈ છે. આહા..હા..! એને કોઈ રોકી નથી શકતું. તેમ સગવડતા અંતરના ધામમાં જવામાં મદદ કરે, એવી કોઈ ચીજ નથી. આહા..હા..! છે ? **'આત્માની જ્ઞાતાધારાને તોડી શકતા નથી.'** આહા..હા..! જાણનસ્વરૂપ હું છું એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટી એને રોગની દશા એ ધારાને તોડી શકતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? જેમ વીજળી પડે અને પર્વતના બે ટૂકડા થઈ જાય છે, એમ અંદરમાં ભેદજ્ઞાન (થયું), અને રાગ અને આત્મા બે ભિન્ન થઈ ગયા. હવે એ વીજળી પડ્યા પછી પર્વતના બે ટૂકડા થયા એ રેણ દીધે એક થાય એમ ત્રણ કાળ ન બને. રેણ સમજ્યા ? આહા..હા..! એમ ભગવાન આત્મા, રાગ અને ભગવાન વચ્ચે પ્રજ્ઞાછીણીથી ભેદજ્ઞાન કર્યું. હવે એ કોઈ દિ' એક થતા નથી. આહા..હા..! સમજાણું ? આવું સ્વરૂપ છે, પ્રભુ ! અંદર તારો ચૈતન્ય ચમત્કારથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એ ભગવાનનું મહાત્મ્ય તને આવવું જોઈએ. બીજાના મહાત્મ્ય બધા છોડી દેવા જોઈએ. આહા..હા..! એ **'જ્ઞાતાધારાને...'** જાણન-દેખન આનંદધારા જે પ્રગટી, એને એ રોગ તોડી નથી શકતા. આહા..હા..! એ તો પરજ્ઞેય તરીકે જણાયો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. આહા..હા..!

**'પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ કાંઈ આત્મપરિણતિને ફેરવી શકે નહિ.'** ઉપસર્ગ આવ્યો. દેવ મારંમાર આવ્યો. શરીરના ટૂકડા કરે. એ **'પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ કંઈ આત્મપરિણતિને ફેરવી શકે નહિ.'** આહા..હા..! જુઓ ! આ વસ્તુ તો દેખો ! આહા..હા..! રાગથી ભિન્ન થઈને ભગવાનના દર્શન કર્યાં. એ અનાદિકાળથી રાગના દર્શન કરતો હતો. રાગથી ભિન્ન થઈને સમ્યગ્દર્શનમાં ભગવાનના દર્શન થયા. એ દર્શનની ધારા... આહા..હા..! બહારની પુદ્‌ગલપરિણતિનો ઉપસર્ગ તોડી શકતા નથી. પુદ્‌ગલપરિણતિ રોગાદિ તો બહાર જડની પર્યાય છે. આહા..હા..! એ કાંઈ આત્મપરિણતિ–ભગવાન વીતરાગીદશા જે સ્વભાવના અવલંબનથી થઈ–દ્રવ્યનો જેમ અભાવ નથી થતો એમ પરિણતિનો પણ અભાવ નથી થતો. આહા..હા..! એ ૨૬૮ (બોલ પૂરો થયો).

**અહો ! દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ છે, ઉપકારી છે. આપણને તો દેવ-શાસ્ત્ર-ગુરુનું દાસત્વ જોઈએ છે.**

**પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય ?**

**ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.**

**પરમ-ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.**

**પૂજ્ય ગુરુદેવના ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો. ૨૬૯.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૨૬૯માં બહેને ભક્તિનું વર્ણન કર્યું છે એ વાંચી લેવું.

**'અહો ! દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ છે,...'** ઉપકારી તરીકે. વ્યવહાર છે ને ? વિકલ્પ છે ને ? **'ઉપકારી છે.'** વ્યવહાર છે ને ? મંગળ તો ભગવાન છે. મં–પાપ, ગલ નામ ગાળે. નાશ કરે એવો ભગવાન આત્મા મંગળ છે. હરિ. આ કહ્યું હતું ને ? અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશ કરે તે હરિ, પ્રભુ ! આત્મા હું છું. દોષને હરે તે હરિ. 'હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું રે.. મારું જીવવું તવ જવ લેખું રે, નિત્યાનંદનો નાથ વિહારી રે. એવું ... જીવન દોરી હમારી રે.' આહા..હા..! પતંગનો દોર પકડવાથી પતંગ ગમે ત્યાં ઊડે, પણ દોરી હાથમાં છે. એમ આત્માની પરિણતિ દ્રવ્યના અવલંબનથી થઈ છે, એ ગમે ત્યાં જાવ, રાગાદિ થાવ પણ પોતાની પરિણતિ નહિ છૂટે. આહા..હા..! એ ઉપસર્ગના કાળે પણ એ તો પુદ્‌ગલની અવસ્થા છે. ભગવાનની જ્ઞાનધારાને કોઈ ન રોકી શકે. આહા..હા..! વીતરાગ ઉદાસીન ભગવાન રાગથી પણ ઉદાસીન–ભિન્ન જેનું આસન છે અંદર.

એક વાર 'વડોદરા'ની વાત કહી હતી ને. 'વડોદરા' (સંવત) ૧૯૬૪-૬૫ની સાલમાં માલ લેવા ગયા હતા. તે દિ' તો ૧૮ વર્ષની ઉંમર. રાત્રે અનસુયાનું નાટક જોવા ગયા હતા. એક બાય હતી, એ સ્ત્રી સ્વર્ગમાં જાતી હતી. વેદમાં તો એમ કહ્યું છે ને કે 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ' પુત્ર નહિ એને ગતિ નહિ મળે. તો એ સ્ત્રી જતી હતી તો સ્વર્ગમાં ના પાડી. નીચે શું કરું ? કે નીચે ઉતર અને વર. આંધળો બ્રાહ્મણ હતો એની સાથે લગ્ન કર્યાં. અને એને બાળક થયું. એ બાળકને ભાઈ ! નાટકમાં (એની માતા કહે )... આહા..હા..! બેટા ! શુદ્ધોસી, બુદ્ધોસી, નિર્વિકલ્પોસી, ઉદાસીનોસી. આવું તો નાટકમાં આવતું. આહા..હા..! આ તો હું અશુદ્ધ છું, હું રાગ છું, રાગથી મને લાભ થશે. અરે..! મારી નાખ્યા. શુદ્ધોસી એમ કહેતી હતી. આ પાઠ હતો નહિ. બુદ્ધોસી–જ્ઞાનનો પિંડ પ્રભુ છે ને. આહા..હા..! આમાં તો ઘણા બોલ છે. 'સમયસાર' બંધ અધિકાર છે, સર્વવિશુદ્ધ અધિકારમાં છે, 'પરમાત્મપ્રકાશ'માં છે. ત્રણ જગ્યાએ બોલ લીધા છે. એ ચાર બોલ તો ત્યાં યાદ રહ્યા. બાકી તો ઘણું બોલ્યા હતા, પણ ઘણા વર્ષ થયા.

પ્રભુ ! તું શુદ્ધ ચૈતન્યઘન છે ને ! બુદ્ધો નામ એકલો જ્ઞાનનો પિંડ છે ને. રાગ-બાગ કે અલ્પજ્ઞતા તારામાં ક્યાં છે ? ઉદાસીનોસી. પ્રભુ ! તું રાગથી ઉદાસીન–

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તારું આસન ભિન્ન છે. રાગમાં રહેવું એ તારું આસન નહિ. આહા..હા..! અને નિર્વિકલ્પોસી. પ્રભુ ! તું નિર્વિકલ્પ અભેદ છે ને ? આહા..હા..! એમ નિર્ણય કરનારી પર્યાય આત્માને આવો માને છે. છે નિર્ણય કરનારી પર્યાય, પણ પર્યાય અનિત્ય છે એ નિત્યનો નિર્ણય કરે છે. આહા..હા..! કહો, ભાઈ ! આવું છે આ. આહા..હા..! મંગળિક તો આ છે. વ્યવહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ છે. '**ઉપકારી છે. આપણને તો દેવ-શાસ્ત્ર-ગુરુનું દાસત્વ જોઈએ છે.**' એમ બહેન વિનયથી (કહે છે). એમ આખું લઈ લેવું. આહા..હા..! બહેનનું વિનયથી, ભક્તિથી વર્ણન છે.

**પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે. શાસ્ત્રો સાધન છે, પણ માર્ગ તો પોતાથી જ જણાય છે. પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે. કારણ આપવું જોઈએ. ૨૭૦.**

૨૭૦. '**પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે.**' છે ? આહા..હા..! સ્વરૂપની ભાવના, જિજ્ઞાસા એ જ માર્ગ કરે છે. આહા..હા..! રુચિ અનુયાય વીર્ય. જેને પોતાના સ્વરૂપની રુચિ છે, એની રુચિ અનુસાર વીર્ય થઈને માર્ગ થઈ જાય છે. આહા..હા..! અંતરના પંથમાં રુચિવાળા જાય છે. માર્ગ થઈ જાય છે. કેમ ચાલવું એ માર્ગનું ભાન થઈ ગયું. આવું ભારે કામ, ભાઈ ! અનંત અનંત કાળમાં અપૂર્વ નામ પૂર્વે કદી કર્યું નથી. ભાઈ ! એ ચીજ કઈ રીતે થાય છે ? અનંત ભવમાં સ્વર્ગના અનંત ભવ કર્યા. આ એણે લીધું... એમ કે 'મુનિવ્રત ધાર અનંત બૈર' એ તો મિથ્યાદૃષ્ટિ અભવીની વાત છે. એમ કહે છે. અરે..! ભાઈ ! શું કરવું છે તારે ?

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો ? કે પંચ મહાવ્રત એવા શુભભાવ તો અત્યારે છે જ નહિ. એ શુક્લલેશ્યા. શુક્લધ્યાન જુદી ચીજ છે. શુક્લલેશ્યા જુદી ચીજ છે. શુક્લલેશ્યા તો અભવીને પણ હોય છે. એવી શુક્લલેશ્યા... આહા..હા..! કે જેના પ્રતાપે સ્વર્ગમાં નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય. એથી શું થયું ? આહા..હા..! પંખી ઊડીને ઊંચે જાય, એમ એ ઊંચે ગયો. પોતાના આત્માના જ્ઞાન વિના લેશ સુખ ન પાયા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એ પંચ મહાવ્રતના પરિણામ રાગ, વિકાર એ દુઃખ છે. એમાં આવ્યું કે નહિ ?

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો એ પંચ મહાવ્રતના પરિણામ મુનિને હોય છે. આ તો અજ્ઞાનીની વાત છે. પણ એ દુઃખરૂપ છે. આવા પંચ મહાવ્રત (પાળીને) દુઃખરૂપ અનુભવ કર્યો પણ સુખરૂપ ભગવાન આત્માનો અનુભવ ન કર્યો. આહા..હા..! એમ આવ્યું ને ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો ? કે પંચ મહાવ્રતના પરિણામ, સાધુના અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ દુઃખરૂપ છે, આસ્રવ છે. આત્માનો આનંદ મેળવ્યો નથી. આહા..હા..! આવી વાત છે. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' લેશ સુખ ન પાયો. આહા..હા..! એ તો દુઃખ છે. ભાઈ ! તને ખબર નથી. સમ્યગ્દષ્ટિને પણ વિકલ્પ આવે છે એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીં કહે છે, **'પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે.'** ભગવાન સ્વરૂપની પ્રતીતિની ભાવના એ જ માર્ગ અંદરમાં કરી દે છે. આહા..હા..! **'શાસ્ત્રો સાધન છે,...'** નિમિત્ત છે પણ શાસ્ત્ર કાંઈ અંદર માર્ગ નથી કરતા. આહા..હા..! 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.' શાસ્ત્ર દિશા દેખાડે, પણ ચાલવાનું તો એને છે. આહા..હા..! 'શ્રીમદ્'માં આવે છે. શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. શ્વેતાંબરમાં 'આનંદઘનજી' થઈ ગયા છે. એ કહે છે. શાસ્ત્ર દેખાડે, કે જુઓ ! આ પંથ. અહીંયા જવાનું છે. પણ જાવાનું તો એને છે ને ? આહા..હા..! આવી વાતું છે.

અરે..! ભગવાન ! આઠ વર્ષનો બાળક પણ અનુભવ કરીને કેવળજ્ઞાન લઈ લે છે. તારી મહત્તાનો પાર નથી, પ્રભુ ! તું કોણ છો ? એમ ન સમજવું કે હું બાળક છું, યુવાન છું. બાળક-યુવાન તો દેહની સ્થિતિ છે. આત્માની સ્થિતિ, રાગ મારો છે તો મને લાભ થશે એ અંદર બાળસ્થિતિ છે. અને રાગથી ભિન્ન થઈને પોતાના અંતરાત્માનું ભાન થયું એ યુવાન છે અને અંતરમાં આશ્રય લઈને કેવળજ્ઞાન પામે એ વૃદ્ધ છે. આ (શરીર બાળ, યુવાન, વૃદ્ધ) નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાત કેવી ! વ્રત કરો, અપવાસ કરો, આ કરો, ચોવિહાર પાળો. એ મૂકીને (આ કરવાની વાત). રાત્રે આહાર ન કરવો...

મુમુક્ષુ :– પહેલા તો અનંતવાર કર્યું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :- અનંતવાર કર્યું, ભાઈ ! તને ખબર નથી. અશુભભાવ પણ અનંત વાર થયા અને ઊંચામાં ઊંચા શુક્લ લેશ્યાવાળા શુભભાવ અનંત વાર થયા, ભાઈ ! એ કોઈ ચીજ નથી. એ તો દુઃખરૂપ છે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ ! એનો આશ્રય લઈને પ્રગટ થાય તે આનંદદશા છે. રાગની દશા તો દુઃખરૂપ છે. આહા..હા..! જ્ઞાનીને આવે છે છે. એ તો કહ્યું મૈત્રી. નિશ્ચય અને વ્યવહાર આવે છે. આહા..હા..!

**'શાસ્ત્રો સાધન છે, પણ માર્ગ તો પોતાથી જ જણાય છે.'** અંતર સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ રાગથી ભિન્ન થઈને પોતાને પકડે તો એ પોતે પોતાથી જણાય જાય છે. કોઈ ગુરુથી નહિ, શાસ્ત્રથી નહિ. આહા..હા..! અરે..! ક્યાં જાવું ભાઈ તારે ? બહારમાં જરી સગવડતા ભાળે, પાંચ-પચ્ચીસ લાખ પૈસા (દેખાય)... એય..! ભાઈ ! એના વળી અબજોપતિ સાળા હતા. આ ભાઈ છે ને ? એની દીકરી આપણે અહીંયા બાળ બ્રહ્મચારી છે. એ પાછળ (બેઠા). એમના સાળા હતા. બે અબજ ચાલીસ કરોડ. ધૂળમાં નથી. અજ્ઞાની મૂંઢ એમ માને કે હું સુખી છું. આહા..હા..! મિથ્યાબુદ્ધિ છે. એ શુભરાગમાં પણ સુખબુદ્ધિ માનવી એ મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! લક્ષ્મીમાં સુખબુદ્ધિ, સ્ત્રીના ભોગમાં સુખબુદ્ધિ માનવી એ તો મિથ્યાત્વ અને પાખંડ અજ્ઞાન છે. આહા..હા..!

જ્ઞાનીને પણ, સમકિતીને પણ શાંતિનાથ જેવા તીર્થંકર ચક્રવર્તીને પણ ભોગ તો હોય છે પણ ભોગનો ભાવ એ રાગ છે. એ દુઃખ છે. આહા..હા..! છન્નુ હજાર સ્ત્રી, એ બધી રાણીઓ ઊંચી. એક રાણીની તો હજાર દેવ સેવા કરે. આહા..હા..! પણ એ તરફનો ભોગનો ભાવ, કમજોરીથી સમકિતી તીર્થંકરને ગૃહસ્થાશ્રમમાં હોય એને પણ આવે છે. પણ એ દુઃખ છે. ધર્મીની એમાં સુખબુદ્ધિ નથી. આહા..હા..! સમકિતીને એ ભોગના કાળમાં, રાગમાં સુખબુદ્ધિ નથી, અંદર દુઃખબુદ્ધિ છે. આહા..હા..!

'ભરત' ચક્રવર્તી. છ ખંડ સાધવા ગયા તો દરરોજ હંમેશા સેંકડો રાણીઓ સાથે લગ્ન કરતા હતા. છન્નુ હજાર એટલે ! આહા..હા..! સેંકડો રાણી. આહા..હા..! એ રાગ છે, એ દુઃખ, ઝેર છે. પણ પોતાની દશામાં પૂર્ણતા કરી શકે નહિ, માટે આ રાગ આવ્યો છે. જ્ઞાનીને કાળા નાગ જેવું દુઃખ લાગે છે. આહા..હા..! મારો નાથ આનંદનો સાગર, એમાં આ ક્યાં વિકલ્પ-દુઃખ આવ્યો ? નબળાઈને લઈને આવે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સમકિતીને, જ્ઞાનીને પણ. આહા..હા..! સવારમાં કહ્યું હતું ને ? રૌદ્રધ્યાન, આર્તધ્યાન થાય છે, પણ દુઃખ છે. આહા..હા..!

અહીં કહે છે, **'પણ માર્ગ તો પોતાથી જ જણાય છે. પોતાની ઊંડી તીવ્ર રુચિ...'** પૂર્ણાનંદના નાથની ઊંડી ગંભીર રુચિ, ઊંડી-ઊંડી રુચિ, તળમાં ભગવાન બિરાજે તેની રુચિ. આહા..હા..! પાતાળમાં જેમ પાણી ભર્યું છે. એમ આત્માના સ્વભાવમાં પર્યાયની સમીપ અનંત આનંદના પાતાળ ભર્યા છે. આહા..હા..! એ પાતાળની દીર્ઘ રુચિ. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાષા તો ભાઈ સાદિ પણ હવે માર્ગ તો આ છે. આવો છે. **'પોતાની ઊંડી તીવ્ર રુચિ...'** તીવ્ર ગંભીર મહા (રુચિ). આહા..હા..! જેને આત્માના આનંદ સિવાય બીજી રુચિ થતી નથી. કોઈ રુચિ એને રોકતી નથી. આહા..હા..!

**'અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે.'** જે ઉપયોગ જ્ઞાનનો વેપાર પર તરફ જાય છે એ તો સ્થૂળ ઉપયોગ છે. ભગવાન આત્માને પકડવા... આહા..હા..! જ્ઞાનનો ઉપયોગ સૂક્ષ્મ કરીને સૂક્ષ્મ દ્રવ્યને પકડી લે. આવી વાત છે, ભાઈ ! શું થાય ? ભાષા તો સમજાય એવી છે. ભાવ તો ભલે... આહા..હા..! પ્રભુ ! તારા માર્ગની બલિહારી, ભાઈ ! આહા..હા..!

**'ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે.'** ઊંડી ઊંડી મહારુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી અંદરમાં જઈ શકાય છે. આહા..હા..! પાતાળ કૂવામાં જેમ પાણી પડ્યું છે. આહા..હા..! 'બોટાદ' પાસે 'જનડા' છે, 'જનડા'. ત્યાં એક કૂવો હતો. ઘણો ખોદ્યો. ખોદી ખોદીને લોકો થાકી ગયા. પછી આમ છોડી દીધું. અંદર એક પત્થરનો પટ રહી ગયો. થાકી ગયા એટલે ચાલ્યા ગયા. એમાં એક જાન આવી. લગન. તો દસ વાગ્યા અને સાડા દસ વાગ્યા એટલે ભોજન કરવું હોય, કૂવો જોઈને રોકાણ કર્યું. આમ જ્યાં અંદર જોવે ત્યાં પાણી ન મળે. અરે..રે..! હવે ? એક માણસે દસ-વીસ મણનો પત્થર હતો એને નાખ્યો અંદર. એ પાતાળના પત્થરની રગ તૂટી ગઈ. ફડાક તુટી ગઈ. પાણી અત્યારે છે. અઢાર કોસ વહે છે. કોસ સમજ્યા ? અઢાર-અઢાર. પાણી નથી ખૂટતું. 'બોટાદ' પાસે 'જનડા' છે. અમે એ કૂવા પાસેથી નીકળ્યા હતા. એ કૂવા પાસેથી નીકળ્યા હતા. આહા..હા..! એમ ભગવાન આત્મા... આહા..હા..! રાગની એકતાનું અંદર શલ્ય પડ્યું છે. એને એક વાર તોડી નાખા. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તો માર્ગ તને જણાશે. હવે આવો ઉપદેશ. વાર્તા હોય, રાજા હોય, રાણી હોય... અરે...! સાંભળને હવે આ તારા ભગવાનની વાત છે. ભાગવત કથા છે. આહા..હા..!

**'કારણ આપવું જોઈએ.'** આ શું કહે છે ? કે અંતર દૃષ્ટિ કરવાનું કારણ આપવું જોઈએ. કારણ વગર કાર્ય નહિ થાય. અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની રુચિ અને એની ભાવના... આહા..હા..! અને શુદ્ધોપયોગરૂપી કારણ આપવું જોઈએ, તો એ પ્રગટ થશે. સમજાણું કાંઈ ? આવી વાતું હવે. ઓલાને વ્રત કરવા, ભક્તિ કરવી, એનાથી કલ્યાણ થશે એમ માનવું છે. અરે..! ભાઈ ! એ ક્રિયાના રાગ તો અનંતવાર કર્યા, પ્રભુ ! અહીં તો રાગથી ભિન્ન થવું અને (બે વચ્ચે) સંધિ છે. અધિકારમાં આવે છે. પ્રજ્ઞાછીણી. ૧૮૧ (ગાથા). રાગ અને આત્માની વચ્ચે તડ છે, સંધિ છે, એક નથી થયા. તું એક માને છે. જો જુદા પડે છે તો કદી એક થયા જ નથી. આહા..હા..!

પોતાના જ્ઞાનની પર્યાયમાં તીવ્ર રુચિ થઈને સૂક્ષ્મ ઉપયોગથી અંદરમાં પકડી લે. તો તને માર્ગનું જ્ઞાન થશે. બાકી કોઈ બીજી ચીજથી માર્ગ નહિ મળે. આહા..હા..! **'કારણ આપવું જોઈએ.'** છે ને ? **'કારણ આપવું જોઈએ.'** તીવ્ર રુચિની દૃષ્ટિનું કારણ આપવું જોઈએ. આવી વાત છે, બાપા ! બાપા અહીં આવતા હતા. એ ખબર છે ને ? પહેલા તમારા પિતાશ્રી આવતા હતા. ખબર છે. પણ આવી વાત સાંભળવા મળવી ભારે કઠણ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**સ્ત્રી-પુત્ર-પૈસા આદિમાં રચ્યા-પચ્યા રહેવું એ તો સર્પનો મોટો રાફડો છે, ઝેરીલો સ્વાદ છે પણ શુભમાં આવવું એ પણ સંસાર છે. પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓ અંદરમાં ગુમ થયા એ બહાર ન આવ્યા.**

**'પરમાગમસાર' બોલ નં.૪૦૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં. 'આ શરીર તે હું' તે ભૂલતો નથી. ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે, કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે. અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે; તે આકરું લાગે છે. બહારના કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે. પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે. ૨૭૧.**

**ભાદરવા વદ ૧૧, બુધવાર તા. ૨૭-૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૭૧, ૨૭૨, ૨૭૩ પ્રવચન–૧૦૨**

૨૭૧. (એક મુનિનો) પત્ર આવ્યો છે. વ્યાખ્યાન પછી વાંચવા જેવો છે. 'જાલના'માં છે ને ? ચોમાસુ. ઘણીવાર આવે છે ને ? આપણે એને પુસ્તક મોકલ્યા છે. હજી એને પહોંચ્યા નથી. એનો કાગળ (આવ્યો છે એમાં) બહુ પ્રમોદ બતાવ્યો છે. કાગળ છે કે હું ક્યારે ત્યાં આવું ? આહા..હા..! એવી વાતું. વીસ વર્ષ.. આ સાહિત્ય વાંચીને મને જે આનંદ આવ્યો એવો ક્યાંય કોઈ આવ્યો નથી. વીસ વર્ષની દીક્ષા છે. દિગંબર. બાપુ ! આ માર્ગ જુદા, ભાઈ ! આહા..હા..! વ્યાખ્યાન પછી. કાગળ અહીં છે. પછી વાંચજો.

અહીંયા કહે છે, જુઓ ! **'જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં.'** સિદ્ધાંત. જેનો તન્મયપણે રસ હોય અર્થાત્ જેની જરૂરિયાત જણાય ત્યાં લગન લાગ્યા વિના રહે નહિ. જેને... આહા..હા..! **'જેનો જેને તન્મયપણે રસ હોય...'** આહા..હા..! **'તેને તે ભૂલે નહીં. 'આ શરીર તે હું' તે ભૂલતો નથી.'** આહા..હા..! **'ઊંઘમાં પણ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે,...'** આહા..હા..! નામ કરે એનું મંગળદાસ. મંગળદાસ ! તો કહે હં. હંકાર કરે. આ તો માટી-ધૂળ છે. આહા..હા..! જડની પર્યાય છે. આહા..હા..! એકવાર વીંછીના ડંખપણે આ રજકણે પરિણમન કર્યું હતું, એ પરિણમન અત્યારે જડની પર્યાયપણે આ છે. આહા..હા..! પણ એને પોતાનું માન્યું છે તો ઊંઘમાં પણ કોઈ બોલાવો તો કહે હા. આહા..હા..! **'કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે.'** આહા..હા..! બાહ્ય આ દેહ હું છું, અંતર હું ચીજ આનંદકંદ છું. એની તો ખબર નથી. એના તરફની દૃષ્ટિ નથી, રુચિ નથી, તન્મયતા નથી. આહા..હા..! આ વાત છે. **'તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે.'** આહા..હા..! શરીરની સુંદરતા, નમણાઈ દેખતા એમ લાગે કે આ હું છું. અને પરના શરીરની સુંદરતા જોઈને એ જ આત્મા છે એમ (લાગે છે). આહા..હા..! એવો તન્મયપણાનો અનાદિથી અભ્યાસ છે.

**'અનભ્યસ્ત...'** ભગવાન આત્મા અનભ્યસ્ત છે. **'જ્ઞાયકની અંદર જવા માટે...'** આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદ્‌બિંબ સચ્ચિદાનંદ પ્રભુ ! શાશ્વત અંદર ધ્રુવ ચીજ છે. આહા..હા..! એક સમયની વર્તમાન જે પર્યાય છે, એની સમીપમાં ભગવાન પડ્યો છે. પણ નજર એ બાજુ નથી. આહા..હા..! **'અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે,...'** આહા..હા..! જ્ઞાનમાં ઉપયોગને સૂક્ષ્મ કરવો પડે છે. સ્વને પકડી શકે એવી જ્ઞાનધારા સૂક્ષ્મ કરવી પડે છે. અરે..! ભવભ્રમણ કરી કરીને... આમાં આવ્યું ને ? ભવભ્રમણ કરીને તને એટલું દુઃખ થયું. જ્ઞાનીને... આહા..હા..! અરે..! ભાઈ ! તું કોનામાં રાજી થઈને રોકાઈ ગયો ? આહા..હા..! એ ભવભ્રમણનું કારણ, રાગ, શરીર મારું, રાગ મારો... આહા..હા..! એમાં રોકાયો છે, પ્રભુ ! અનંત ભવ પરિભ્રમણનું એ કારણ છે. આહા..હા..! એમાં તારી તન્મયતા છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ, (એના) અનભ્યસ્તને કારણે... આહા..હા..! **'સૂક્ષ્મ થવું પડે છે,...'** પરથી ભિન્ન, રાગથી ભિન્ન, પોતાના જ્ઞાયક સ્વભાવથી અભિન્ન પ્રભુ ! એને પકડવા માટે જ્ઞાનનો વેપાર સૂક્ષ્મ કરવો પડે છે. આહા..હા..! કેમ કે પર્યાયની પાસે આખું દ્રવ્ય પડ્યું છે પણ અનાદિથી પર્યાય ઉપરનું વલણ, પર્યાયમૂઢ, એક સમયની ચાલતી પર્યાયમાં એનો વેપાર અનાદિથી છે. આહા..હા..! એ પર્યાય એક સમય ચાલે છે, એ પર્યાયની સમીપમાં ભગવાન ધ્રુવ પડ્યો છે. પણ અનભ્યસ્તને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કારણે તેને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગ કરવો પડે છે. આહા..હા..!

ભાઈએ બહુ સારું લખ્યું છે એમાં. કે આ બહેનની વાણી, એક-એક અક્ષર મનન કરવા લાયક છે એમ લખ્યું છે. વીસ વર્ષનો દીક્ષિત છે. મેં વીસ વર્ષથી દીક્ષા લીધી છે, પણ તમારું સાહિત્ય જોઈને મને જે આનંદ થયો છે એવો કદી ક્યાંય થયો નથી. આનંદ એટલે ખુશી, ઓલો આનંદ તો ક્યાં. આહા..હા..! પ્રભુ ! માર્ગ તો આ છે, ભાઈ ! દુનિયાને ઠીક પડે, ન ઠીક પડે. દુષ્કર લાગે, પણ ભગવાન આત્મા, એનું હિત કરવું હોય તો સૂક્ષ્મ ઉપયોગ કરીને અભ્યાસ કરવો પડે. એણે વળી પછી એમ લખ્યું, કે મારું હિત કઈ રીતે થાય એ મને કહો. અરે..! ભાઈ ! સાધુ નગ્ન થયો અને એ ક્રિયા... એ પંચ મહાવ્રતની ક્રિયા પણ ક્યાં સરખી છે ? અત્યારે તો એના માટે બનાવેલો આહાર લે છે. આહા..હા..!

અહીંયા તો ભગવાન વિકલ્પની લાગણી વગરની એ ચીજ છે. બહારમાં નગ્ન થવું એ નહિ. અંદર નગ્ન છે. આહા..હા..! શુભ વિકલ્પ જે છે, એનાથી પણ એ ભિન્ન ચીજ છે અને વિકલ્પથી પણ એ જણાતો નથી. આહા..હા..! તેને સૂક્ષ્મ નિર્વિકલ્પ ઉપયોગ કરવો પડે. ભાઈ ! આવી વાત છે, ભાઈ ! દુનિયા માનો ન માનો, દુનિયાની સાથે શું ? આહા..હા..!

શરીરનું લક્ષ છોડીને. લક્ષ નામ તે તરફનો ઉપયોગ. રાગ તરફનું લક્ષ છોડીને, ભગવાન અંદર એક સમયની પર્યાયમાં નીચે છે, પર્યાય ઉપર છે અને ધ્રુવ એ પર્યાયથી નીચે છે. આહા..હા..! તળિયામાં ભગવાન બિરાજે છે. પર્યાય તો દ્રવ્યથી ઉપર તરે છે. ભાઈ ! કળશમાં આવે છે ? છે ને ? પાણીના દળમાં તરંગ ઉપર ઉપર ઉઠે છે. એ તરંગ અંદર પ્રવેશતા નથી. આહા..હા..! એમ વર્તમાન પર્યાય ધ્રુવ દ્રવ્ય ઉપર તરે છે. અંદર પેસી શકતી નથી. એ અંદર પેસી શકતી નથી પણ એ પર્યાયને સૂક્ષ્મ કરીને દ્રવ્યને પકડી શકે છે. દ્રવ્યમાં પેસી શકતી નથી. સમજાય છે ? આહા..હા..! પર્યાયમાં કાર્ય થાય છે ને ? ધ્રુવ તો કૂટસ્થ વસ્તુ છે. આહા..હા..!

મુમુક્ષુ :– તન્મય થઈને રસ લેવો યોગ્ય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– તન્મયનો અર્થ એ બાજુ ઝુકવું. તન્મયનો અર્થ એ. તન્મયમાં દ્રવ્ય એકમેક થઈ જાય એમ નહિ. ઉપર છે. તન્મયનો અર્થ, જે રાગ અને પરમાં તન્મય છે, માન્યતામાં એકત્વ માન્યું છે. એ માન્યતમાં પરથી ભિન્ન (કરે). તન્મય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એટલે એક્તા કરી દે. એ તન્મય છે. એકતાની પર્યાય દ્રવ્યમાં એક થઈ જાય છે એમ નહિ.. આહા..હા..! આવી વાત ! સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળી દ્રવ્યને પ્રતીત કરે છે પણ એ પર્યાય દ્રવ્યમાં ઘુસી જતી નથી. આહા..હા..! સૂક્ષ્મ ઉપયોગ છે, એ (સ્વને) પકડે છે પણ સૂક્ષ્મ ઉપયોગની પર્યાય દ્રવ્યમાં એકમેક નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'સૂક્ષ્મ થવું પડે છે,...'** આહા..હા..! જ્યાં પ્રભુ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ ચૈતન્યબિંબ પડ્યો છે, એને પકડવા સૂક્ષ્મ સૂક્ષ્મ જ્ઞાનનો વેપાર સૂક્ષ્મ કરવો પડે છે. આહા..હા..! **'ધીરા થવું પડે છે,...'** છે ? ધીર.. ધીર... આહા..હા..! ધી–બુદ્ધિ–પર્યાય. ર (અર્થાત્) અંતરમાં પ્રેરે એ ધીર. સમજાણું કાંઈ ? ધીર.. ધી–જ્ઞાનની પર્યાય–બુદ્ધિ. ધી...ર... એ અંદરમાં પ્રેરે. આહા..હા..! એવી ધીર છે. આહા..હા..! દુનિયા પાસે માન લેવું હોય તો આ ચીજ નહિ મળે. આહા..હા..! યશને માટે, નામને માટે પ્રસિદ્ધિ થાય, પ્રભુ ! પ્રસિદ્ધિ તો રાગ છે. આહા..હા..!

અહીંયા તો પ્રભુ એમ કહે છે કે **'ધીર થવું પડે છે,...'** આહા..હા..! વસ્તુ અખંડ આનંદકંદ ધ્રુવ તત્ત્વ જે નિત્ય છે, તેને પર્યાયમાં પકડવા માટે ધીર થવું પડે છે. આહા..હા..! **'ટકવું પડે છે;...'** ધ્યાન જામે છે એમ કહે છે. ધ્યાનમાં મળે છે ને ? આત્મ તત્ત્વનું સમ્યગ્દર્શન ધ્યાનમાં થાય છે. આહા..હા..! જ્ઞાનની પર્યાય ધીરી કરતા ધીર અંદરમાં જવું પડે છે. તો ત્યાં ધ્યાનમાં આવી જાય છે. આહા..હા..! અરે..! આ વાત. અરે..! ભાઈ ! એ વિના તારા જન્મ-મરણ નહિ મટે, બાપુ ! કાગડા, કૂતરાના ભવ... આહા..હા..! કંથવાના ભવ કરી કરીને અનંત ભવ થયા. ભૂલી ગયો, પ્રભુ ! ભૂલી ગયો માટે નહોતું એમ કેમ કહેવાય ? આહા..હા..! એ ભવભ્રમણ ટાળવું હોય તો અંદર ધીર થઈ સૂક્ષ્મ ઉપયોગ કરીને અંદર આત્માને પકડ. અર્થાત્ વર્તમાન જ્ઞાનની પર્યાય ધ્યાનમાં એને ધ્યેય બનાવવું. આવી વાતું છે. જ્ઞાનની પર્યાય ધ્યાન, એમાં વસ્તુ ત્રિકાળીને જ્ઞેય બનાવવી. આવી વાતું છે. આહા..હા..!

**'ટકવું પડે છે;...'** આહા..હા..! **'તે આકરું લાગે છે.'** આહા..હા..! **'બહારના કાર્યોનો અભ્યાસ છે...'** આ કરું... આ કરું.. રાગ કર્યા, પુણ્ય કર્યા, પાપ કર્યા. **'એટલે એ સહેલા લાગે છે.'** બાહ્ય. અનાદિથી રાગ ને પુણ્ય અને પાપના ભાવ, **'બહારના કાર્યોનો**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**અભ્યાસ છે એટલે એ સહેલા લાગે છે.**' અભ્યાસ છે ને ? આનો અભ્યાસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ભેદ અભ્યાસ... આવે છે ને ? ભેદ અભ્યાસ. ૩૧ ગાથામાં. દ્રવ્યેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિયને કઈ રીતે જીતાય ? કે નિર્મળ ભેદજ્ઞાનની પ્રવિણતાથી– એવો પાઠ છે. નિર્મળ ભેદજ્ઞાનની કૌશલ્યતાથી. કૌશલ્ય શબ્દ પડ્યો છે. વ્યાખ્યાન ચાલી ગયું. જે જ્ઞાનમાં પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવા છતાં પણ એ પર્યાય પર તરફનું જ્ઞાન કરે છે, એ મિથ્યા જ્ઞાન છે. (એમાં) સ્વજ્ઞેય ન આવ્યું. આહા..હા..! જે જ્ઞાન અંતરમાં જ્ઞેય બનાવીને આ જ્ઞેય છે એનું જ્ઞાન એમ સમજાવવા માટે કહેવું ન પડે. આ જ્ઞેય છે અને હું જ્ઞાન છું, એવો ભેદ ત્યાં નથી. સમજાવવું કેમ ? આહા..હા..! ઝીણી વાત છે. આહા..હા..!

'**બહારના કાર્યોનો અભ્યાસ છે એટલે એ સહેલા લાગે છે.**' અભ્યાસ છે એટલે સરળ લાગે છે. કાલે કહ્યું હતું. 'પદ્મનંદિ પંચવિંશતિ'માં લખ્યું છે કે લક્ષ્મી મળવી, અનુકૂળ શરીર મળવું એ દુર્લભ છે. કેમ કે એમાં રાગ કામ નથી કરતો. એ તો પૂર્વનું કર્મ હોય તો મળે. અને ભગવાન આત્માનું મળવું એ સુલભ છે. કેમ કે એ તો પોતાની ચીજ છે. એમાં કોઈ રાગ અને કર્મની મદદ મળે તો મળે એવી એ ચીજ નથી. એક બાજુ કહે, સમ્યગ્દર્શન દુર્લભબોધી. બોધીદુર્લભ. એક બાજુ કહે, પરવસ્તુ દુર્લભ. કેમ કે પરવસ્તુ મળવી એ પોતાના રાગના પુરુષાર્થથી નથી મળતી. એ તો પૂર્વના પુણ્ય હોય તો મળે. અને આત્મામાં પોતાને મળવામાં કોઈ પરની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ પોતાની ચીજ છે, પોતાના સૂક્ષ્મ ઉપયોગથી પ્રાપ્ત થાય છે. એ પોતાના સૂક્ષ્મ ઉપયોગથી પ્રાપ્ત થાય છે. કોઈ પરની અપેક્ષાએ મળે છે એવી દુર્લભ ચીજ નથી. આહા..હા..! પહેલા એના જ્ઞાનમાં નિર્ધાર તો કરે કે વસ્તુ આ છે. એ વિના બધા થોથા છે. આહા..હા..!

મુમુક્ષુ :– સુલભ છે કે દુર્લભ છે ? બે વાત કરી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા બે વાત કરી. આ દુર્લભ છે અને આ સુલભ છે. આ દુર્લભ છે અને અનંત વાર સુલભ તરીકે મળી છે. સંપ્રદાયમાં કહેતા હતા. 'ઉત્તરાધ્યયન'નું ચૌદમું અધ્યયન છે. છોકરાઓનું છે. બ્રાહ્મણના દીકરા દીક્ષા લે છે. છે તો કલ્પિત બધું પણ શ્વેતાંબરમાં ઉત્તરાધ્યયનમાં (આવે છે). શ્વેતાંબરમાં ઉત્તરાધન સૂત્ર છે ને ? એના ચૌદમા અધ્યયનમાં એવું છે. બ્રાહ્મણના છોકરાને જાતિસ્મરણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



થાય છે, તો એને દીક્ષીત થવાનો ભાવ થાય છે. અંતર ચારિત્ર. પછી એની માતાને કહે છે, માતા ! 'અજેવધમ્મમ પડિવજ્જયામો જહિં ...' આ તો સંપ્રદાયમાં ચાલતું હતું. 'બોટાદ'માં તો પંદરસો-હજારો માણસો સભામાં. (સંવત) ૧૯૭૭-૭૬. છોકરો કહે છે, માતા ! 'અજૈવ ધમ્મમ પડિવજ્જયામો....' માતા ! હું આત્માનું ચારિત્ર અંગીકાર કરું છું. જનેતા ! હવે બીજો ભવ નહિ કરું. '...' માતા ! જગતમાં અણપામેલી કઈ ચીજ રહી ગઈ છે ? '....' અનંત વાર અનંત ચીજ મળી ગઈ, પ્રભુ ! '...' આહા..હા..! '....' માતા ! જગતની ચીજો અણપામી કઈ રહી ગઈ છે ? સ્વર્ગના ભવ, સુંદર શરીર, વજ્રનારાચ સંઘયણ, એવું અનંતવાર મળ્યું, પ્રભુ ! એ કોઈ અણપામેલી ચીજ નવી નથી. '....' માતા ! શ્રદ્ધા કરીને અમારા પ્રત્યે રાગ છોડી દે. અમે તો વનમાં ચાલ્યા જઈએ છીએ. આહા..! અમારા ભગવાનનું સાધન કરવા જ્યાં માણસનો પગરવ પણ નહિ, માતા ! અમે ત્યાં જઈશું.

આવે છે ને ભાઈ ! ઓલામાં. 'પ્રવચનસાર'માં. રજા લે છે. માતા પાસે રજા લે છે. સ્ત્રી પાસે રજા લે છે. ચરણાનુયોગસૂચક ચૂલિકા. સ્ત્રી પાસે રજા લે છે. મારો નાથ મારી પાસે છે. હું તો આનંદકંદ છું. મને ભાન થયું છે. હે સ્ત્રી ! આ શરીરને રમાડનારી તું, હોં ! મને રમાડનારી નહિ. આહા..હા..! હું મારી અનાદિની અનુભૂતિ.. એ અનુભૂતિ ત્રિકાળ સ્વભાવ, હોં ! મારો અનુભવ ત્રિકાળ અનુભૂતિસ્વરૂપ ચૈતન્ય છું. એની પાસે જાવ છું. સમજાણું કાંઈ ? આહા..હા..! હે સ્ત્રી ! સુંદર સ્ત્રી હોય, ચક્રવર્તીની સ્ત્રી હોય, ચક્રવર્તીના છોકરાની સ્ત્રી હોય. આહા..હા..! પણ હું તો હવે હે સ્ત્રી ! આ શરીરને રમાડવામાં (તું સાથ આપે છે) આહા..હા..! મારો આત્મા મારી અનુભૂતિ જે ત્રિકાળ છે... આહા..હા..! એની પાસે જાવ છું. સ્ત્રી ! મારી પ્રત્યેનો રાગ છોડી દે. હું રાગથી મરી ગયો છું. તારા પ્રત્યેના રાગથી મરી ગયો છું. એને તું જીવીત નહિ કરી શકે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીંયા કહે છે, '**બહારના કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે. પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.**' આહા..હા..! જ્યારે પણ કરવું પડશે ત્યારે પ્રભુ ! તારે જ અંતરમાં જવાનો પ્રયત્ન કરવો પડશે. બીજો કોઈ ઉપાય નથી. કેમ કે જ્યાં અંતર આત્મા ભગવાન બિરાજે છે, ત્યાં આગળ દૃષ્ટિ લઈ જવી. આ દૃષ્ટિ જે બહારમાં ભમે છે... આહા..હા..! વ્યવભિચારીણી દૃષ્ટિ રાગાદિ નિમિત્તના સંગે ચડે છે. વ્યભિચાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નથી આવતું ? નિર્જરા અધિકારમાં આવે છે. વ્યભિચાર. અનેકપણું વ્યભિચારપણું. ૨૦૩ ગાથા. નિર્જરા અધિકાર. આહા..હા..! એ રાગની ક્રિયાના પરિણમનની એક્તાબુદ્ધિ એ વ્યભિચાર છે. આહા..હા..! મારી અનુભૂતિ... આ અનુભૂતિ કોણ ? ત્રિકાળ સ્વભાવ, હોં ! ૭૩ ગાથામાં આવે છે ને ? 'સમયસાર'ની ૭૩ ગાથા છે. રાગથી તો હું ભિન્ન છું, પણ પર્યાયમાં ષટ્કારકનું નિર્મળ પરિણમન થાય છે. શરીર-રાગથી તો ભિન્ન છું, પણ પર્યાયમાં ષટ્કારકનું સ્વતંત્ર (પરિણમન થાય છે). પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન, પર્યાય અધિકરણ. એક સમયની પર્યાય જે નિર્મળ છે એનું જે ષટ્કારકરૂપે પરિણમન છે, એનાથી મારી અનુભૂતિ ભિન્ન છે. આહા..હા..! અનુભૂતિનો અર્થ દ્રવ્ય. આહા..હા..! આવી વાતું છે.

પર્યાયમાં તે સમયે નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય અને નિર્મળ પર્યાય કર્તા, નિર્મળ પર્યાય તે પર્યાયનું કાર્ય, પર્યાયનું કાર્ય. એ પર્યાયનું કર્મ, પર્યાયનું સંપ્રદાન–થઈને પોતામાં રહી. અપાદાન પર્યાયથી પર્યાય થઈ, પર્યાય અધિકરણ, પર્યાયનો આધાર પર્યાય. હું દ્રવ્ય-ગુણ નહિ. આહા..હા..! એવો મારો ભગવાન, અનુભૂતિ સ્વભાવરૂપ ત્રિકાળ, એ હું છું. સમજાણું કાંઈ ? આહા..હા..! ભાઈ ! સત્ય માર્ગ સાંભળવા મળે કઠણ છે, ભાઈ ! અરે..! શું થાય ? ધર્મને બહાને પણ છેતરાઈને ચાલ્યા ગયા છે. આહા..હા..!

ભગવાન આત્મા... આહા..હા..! દુઃખની પર્યાયથી તો હું ભિન્ન છું. એય..! પણ આનંદની પર્યાય જે પર્યાયમાં થાય છે એનાથી પણ હું અનુભૂતિ વસ્તુ તો ભિન્ન છું. પર્યાયમાં મારું દ્રવ્ય કદી એકમેક નથી થયું. આહા..હા..! આવી વાતું છે. અરે..! આહા..હા..!

મીરાંબાઈનું નાટક જોવા એક ફેરી ગયેલા. (સંવત) ૧૯૬૪-૬૫ની સાલની વાત છે. ત્યાં 'પાલેજ'માં તો અમે સ્થાનકવાસી ખરાને એટલે વળી ઘર મોટું, ત્રીસ માણસ અને સાધુ-બાધુ આવે તો અમારે સંભાળ કરવી પડે. સ્થાનકવાસી સાધુ આવે. ભરુચ ગયા હતા. હું અને ભાઈ બે હતા. ભાઈ છે ને ? આનો બાપ. અત્યારે ભાઈ પાસે ૮૦ લાખ રૂપિયા છે. ત્યાં બે ગયા પછી સાધુનો પત્તો તો મળ્યો. 'ભરૂચ'ના સ્ટેશન સામે ધર્મશાળા છે. ગામમાં તપાસ કરી, ત્યાં જતા હતા ત્યાં અમને મળ્યા. હવે વખત હતો. રાત્રે મીરાંબાઈનું નાટક હતું. મીરાંબાઈનું નાટક.

એ મીરાંબાઈ જ્યારે રાણાને કહે છે. રાણો કહે છે, હે મીરા ! તું મારા મહેલમાં આવ. તને હું પટરાણી બનાવીશ. આહા..હા..! એવા તો નાટક હતા. મીરાંબાઈ કહે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે, એક જાતની ઈશ્વરની ભક્તિ, એ અપેક્ષાએ. એ ચીજ તો બીજી. 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ. હું સાધુડાને સંગે રાણા ઘેલી થઈ.' હું પાગલ થઈ ગઈ છું હવે. તારા કામની નથી અને તારા મહેલમાં આવી શકીશ નહિ. આહા..હા..! એવું નાટકમાં, હોં ! ભાઈ ! બધું જોતા ને અમે તો ચોપડી રાખતા. નાટકના પૈસા તો આપતા પણ (ચોપડી પણ લેતા). ભાઈ ! તમે શું બોલો એ સમજ્યા વિના અમે ન બેસીએ. તમારી ચોપડી લાવો. એમાં આ આવ્યું. આહા..હા..! મીરાંબાઈ તરીકે ત્યાં હોય તો આદમી જ, પણ એવું બોલે. રાણો કહે કે હે મીરાં ! છે ને મીરાંબાઈનું ઓલું. ત્યાં એક ફેરી ગયા હતા. મારા મહેલમાં આવ. રાણા ! હું તો સાધુના સંગે ઘેલી થઈ છું, હું તો પાગલ થઈ ગઈ છું. મારી ઈશ્વરભક્તિમાં પાગલ થઈ ગઈ છું. એમ અહીં આત્મા નામ ઈશ્વર નામ ભગવાન આત્માની ભક્તિમાં પાગલ, એ કોઈના કામનો રહ્યો નહિ. આવી વાત છે, પ્રભુ ! આહા..હા..!

અહીં એ કહે છે, **'જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.'** એ ભગવાનને પકડવો એ તારું કામ છે. બીજા કોઈ મદદ કરે, ગુરુની કૃપા થઈ જાય (એવું છે નહિ). આહા..હા..! એ ૨૭૧ બોલ થયો.

**જે ખૂબ થાકેલો છે, દ્રવ્ય સિવાય જેને કાંઈ જોઈતું જ નથી, જેને આશા-પિપાસા છૂટી ગઈ છે, દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઈએ છે, તે સાચો જિજ્ઞાસુ છે.**

**દ્રવ્ય કે જે શાન્તિવાળું છે તે જ મારે જોઈએ છે–એવી નિસ્પૃહતા આવે તો દ્રવ્યમાં ઊંડે જાય અને બધી પર્યાય પ્રગટે. ૨૭૨.**

૨૭૨. **'જે ખૂબ થાકેલો છે, દ્રવ્ય સિવાય જેને કાંઈ જોઈતું જ નથી,...'** આહા..હા..! શુભ-અશુભભાવ કરતા.. કરતા... કરતા... થાકી ગયો હવે. અરે..રે..! આ વિશ્રામ નથી. શુભ-અશુભભાવ અસંખ્ય. સવારમાં કહ્યું હતું ને ? ભાઈ ! 'અમૃતચંદ્રાચાર્યે' અન્યનો વિચાર કરીને એટલું કીધું અને 'જયસેનાચાર્યે' આ બધા સોળ બોલ લીધા. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, પાંચ ઇન્દ્રિય,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એ સિવાય બીજા અસંખ્ય પ્રકારના વિભાવભાવ છે. અસંખ્ય પ્રકાર લીધા. બતાવ્યું હતું. અસંખ્ય પ્રકારના વિભાવથી ભિન્ન ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ ? તો એ અસંખ્ય પ્રકારનો વિભાવ, વ્યક્તિને ઘણા-ઘણા પ્રકારના વિભાવ હોય છે. સમકિતીને... આહા..હા..! એ અસંખ્ય પ્રકારની દુઃખની દશા હોય છે. આહા..હા..! એનાથી હું ભિન્ન છું. એ ભાવ્યની (વિભાવની) દશા ઉત્પન્ન ન થવા દેવી. આહા..હા..! સ્વભાવ જ્ઞાયક તરફ જુકવાથી નિમિત્ત તરફની ભાવ્યદશા ઉત્પન્ન ન થવા દેવી એનું નામ ભગવાનની પ્રશંસા છે, એ આત્માની સ્તુતિ છે. આહા..હા..!

**'ખૂબ થાકેલો છે, દ્રવ્ય સિવાય જેને કાંઈ જોઈતું નથી,...'** આહા..હા..! મારી ચીજ વસ્તુ છે એ મને જોઈએ. બસ. આહા..હા..! **'જેને આશા-પિપાસા છૂટી ગઈ છે,...'** આહા..હા..! 'આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાનસુધારસ પીજે, આશા ઓરનકી ક્યા કીજે.' આહા..હા..! પરની બધી આશા છૂટી ગઈ અને નિર્વિકલ્પ ભગવાન આત્માની આશા થઈ ગઈ. એક ગાયન આવે છે ને ? 'આશ ભરીને અમે આવીયા રે.'

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આશ ધરીને અમે આવ્યા. અમારે 'ઉમરાળા'માં એક મુસલમાનની છોકરી હતી, એનું નામ આશા હતું. 'પાલેજ'માં સાથે મકાન છે ને ? પછી આશા ભરીને આવ્યું તો ઓલી બાય યાદ આવે. 'આશ ભરીને અમે આવીયા રે અમને ઉતારો ભવજળ પાર રે' આહા..હા..! 'લગની લાગી મને નાથની રે.' આહા..હા..! 'આશા ભરીને અમે આવીયા ને મને ઉતારો ભવથી પાર રે, પ્રભુ તારી લગની લાગી રે.' આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

'જિનરાજ સુજસ કાહુ કે અબ કબહુ ન છૂટે પ્યારે.' જિનરાજ વીતરાગ સ્વરૂપનું સુજસ નામ અંદર ભાન થયું. આહા..હા..! 'જિનરાસ સુજસ સુનો મૈં કાહુ કહે અબ કબહુ ન છૂટે, લોકલાજ સબ ડારી.' આહા..હા..! આવે છે ને ? આહા..હા..! 'આતમ અનુભવરસ કે રસિયા કબહુ ન ઉતરે ખુમારી. આશા ઔરનકી ક્યા કીજે.' આહા..હા..! દુનિયા માને ન માને, દુનિયા ગણે ન ગણે. મને એની કોઈ આશા નથી. આહા..હા...!

એમ **'આશા-પિપાસા છૂટી ગઈ છે, દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઈએ છે,...'** વસ્તુમાં જે છે, વસ્તુ ભગવાન અનંત જ્ઞાન બેહદ અપરીમિત આનંદ (સ્વરૂપ છે). આહા..હા..! અપરિમિત ગુણની સંખ્યા. ગુણની સંખ્યા અપરિમિત. આ તે કાંઈ વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. જેમ લોકનો અંત ક્યાંય નથી. એમ ભગવાનના એટલા ગુણ આત્મામાં છે, કે અનંત વર્ગ કરો. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એમ અનંતનો છેલ્લો અનંત અને એની છેલ્લી પર્યાય-ગુણ એમ છે નહિ. આ શું ચીજ છે આ તે !? જેમાં ગુણની સંખ્યા એટલી અનંત, કે અનંતના અનંત ભાગ પાડીને અનંતનો છેલ્લો ભાગ રહે એમ નથી. અને અનંતના છેલ્લા ભાગમાં આ આ ગુણ છેલ્લો અનંત માહ્યલો ગુણ છે એમ નથી. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા..!

**'દ્રવ્યમાં જે હોય...'** અનંત અનંત આનંદ અને જ્ઞાન. બસ. આહા..હા..! **'તે જ જેને જોઈએ છે,...'** આહા..હા..! **'તે સાચો જિજ્ઞાસુ છે.'** તે સાચો જિજ્ઞાસુ છે. આહા..હા..! કાંઈ પણ અંદર આશા રહી જાય કે માન મળે, દુનિયા મને ગણતરીમાં ગણે, ત્યાં સુધી અંતરની ચીજ નહિ મળે. આહા..હા..! **'દ્રવ્ય કે જે શાન્તિવાળું છે...'** ભગવાન જે આત્મા છે એ તો શાંત.. શાંત.. વીતરાગ અકષાયસ્વરૂપ છે. વસ્તુ છે. સમજાણું કાંઈ ? 'જેમ નિર્મળતા રે સ્ફટીક તણી, તેમ જ જીવ સ્વભાવ રે, શ્રીજિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે.' ભગવાન અકષાયસ્વરૂપ, શાંતસ્વરૂપ પ્રભુ ! એનો આશ્રય કરીને જે અકષાય પરિણતિ થઈ, એ ધર્મ છે. એ શાંતિમય વસ્તુ છે. એ શાંતિમય વસ્તુના આશ્રયથી પર્યાયમાં શાંતિ થઈ, અકષાયભાવ (થયો), એ ધર્મ છે. અરે..રે..! આવી વાતું ! આહા..હા..!

**'દ્રવ્ય કે જે...'** વસ્તુ. આ દ્રવ્ય એટલે પૈસો નહિ, હોં ! એક વાર કહ્યું હતું, 'દ્રવ્યદૃષ્ટિ તે સમકિત દૃષ્ટિ' ત્યાં છે ને ? અમારે ભાઈના સગા આવ્યા હતા. 'થાન'વાળા ભાઈ છે. મહારાજ ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ ? એ જાણે કે અહીં કરોડોપતિ ઘણા આવે છે. ભાઈ કરોડપતિ એના સગા. આ દ્રવ્યદૃષ્ટિ તે સમકિતી. એ પૈસાવાળા તે સમ્યગ્દૃષ્ટિ ? અરે..! ભાઈ ! તમે જૈનમાં જન્મ્યા છતાં... આ દ્રવ્ય અહીં અમારે પૈસાનું શું કામ છે ? આહા..હા..! દ્રવ્ય તો ભગવાન જેમાંથી પર્યાય દ્રવે. દ્રવ્યમાંથી દ્રવે એને પણ વ્યવહાર કહેવામાં છે. આહા..હા..! દ્રવ્ય-ગુણ છે ને ? દ્રવ્યત્વગુણ છે ને ? તો એને દ્રવે એમ 'પંચાસ્તિકાય'ની ૯મી ગાથામાં આવ્યું છે.

**'दवियदि गच्छदि ताइं'** એમ આવે છે. શુદ્ધ પર્યાયને અને અશુદ્ધ પર્યાયને દ્રવે. બે બોલ છે. **'दवियदि'** અને **'गच्छदि'** ૯મી ગાથા છે. આહા..હા..! એ પણ પર્યાય દ્રવે. તો પર્યાય તો પર્યાયથી થાય છે. પણ દ્રવ્યમાંથી આવે છે એ અપેક્ષાએ દ્રવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એમ કહેવામાં આવે છે. ખરેખર તો પર્યાય છે એ આવે છે તો દ્રવ્યમાંથી ને ? કાંઈ અધ્ધરથી આવે છે ? પણ એ અધ્ધરથી આવે છે એમ કહે છે અહીં તો. પર્યાય પર્યાયથી થાય છે, દ્રવ્યથી નહિ. અરે..રે..! આવી વાતું ! ક્યાંક અસ્તિપણું હતું એમાંથી આવે છે કે નથી એમાંથી આવી છે ? અંદર નિર્મળ પર્યાયની શક્તિરૂપ, ગુણરૂપ તો હતું. ભગવાનના જ્ઞાનમાં તો આવ્યું છે કે આ અંશ છે એ બહાર આવ્યો. સ્થૂળ દૃષ્ટિથી કહેવામાં નથી આવતું. એ તો અંતરમાં જ્ઞાયકભાવ, એ તો ખરેખર તો નિર્મળ પર્યાયનો કર્તા પણ જ્ઞાયક નથી. આહા..હા..! આવી વાતું હવે. ભગવાન રાગનો કર્તા તો નથી. પરની ક્રિયા, શરીર, વાણી, મન, ધંધાનો કર્તા તો નથી પણ કર્તૃત્વ જે પર્યાયમાં છે, એનો કર્તા જ્ઞાયક ધ્રુવ ચૈતન્યબિંબ નથી. આહા..હા..! આવી વાત છે. દુનિયા સાથે મેળવણી કરશે તો એ મેળ નહિ ખાય. ચીજ જ જુદી છે. આહા..હા..!

**'દ્રવ્ય કે જે શાંતિવાળું છે...'** શાંત અર્થાત જિનસ્વરૂપ અર્થાત્ અકષાયસ્વરૂપ અર્થાત્ વીતરાગસ્વરૂપ. ત્રિકાળ હોં ! અથવા વીતરાગ નામ શાંતસ્વરૂપ. આહા..હા..! **'તે જ મારે જોઈએ છે—'** ધર્મીની ભાવના આ એક જ છે. આહા..હા..! શાંત... શાંત... 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આહા..હા..! જેની પર્યાયમાં ઉપશમ રસ ઢળી ગયા. આ આવ્યો ક્યાંથી ? ભગવાન ઉપશમરસનો ઢીમ છે. આહા..હા..! અરે..! એ ઉપશમ-શાંતરસ-શાંત અવિકારી વીતરાગી સ્વરૂપ પોતે પ્રભુ છે. આહા..હા..! વિકલ્પ જે છે એ તો દુઃખ છે, રાગ છે. એ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ ? એ શાંતમય છે.

**'તે જ મારે જોઈએ છે—એવી નિસ્પૃહતા આવે...'** એવી નિસ્પૃહતા. કોઈ જાતની સ્પૃહા નહિ. એકલું આ જોઈએ, બસ. આવી વાતું, લ્યો. પેલા (મુનિ) વાંચીને તો આમ એવું લખે છે, વાંચશે હમણા. 'બહેનશ્રીના વચનામૃત' એક એક મનન કરવા જેવા છે. અમને હિત કેમ થાય એ આપ બતાવો. એમ બિચારા લખે છે. નગ્ન દિગંબર સાધુ અને શીઘ્ર કવિ. કવિ શીઘ્ર કવિ. એકદમ કાવ્ય બનાવી નાખે. બોલતા બોલતા સાંભળે એનું કાવ્ય બનાવે. અરે..! બાપુ ! એ ચીજ જુદી, આ ચીજ આખી જુદી. આહા..હા..! આ તો શીઘ્રમાં શીઘ્ર અંદરમાં પકડીને અનુભવ કરે, એ કવિ શીઘ્ર છે. આહા..હા..! અને અનુભવ થવા છતાં પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી દુઃખ પણ છે. જાણે છે. પૂર્ણ આનંદનો જ્યાં અભાવ છે. પૂર્ણ સ્વરૂપ તો પૂર્ણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આનંદ છે. એના અવલંબનથી પૂર્ણ આનંદ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી સમકિતી જ્ઞાનીને પણ આનંદ અને દુઃખ બન્ને દશા એક પર્યાયમાં છે.

મુમુક્ષુ :– મિશ્રધારા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મિશ્રધારા. આહા..હા..! પર્યાય એક. પણ એના ભાગ બે. જેટલો સ્વના આશ્રયે આનંદ થયો, એ ભાગ એક. અને જેટલો પરના આશ્રયે રાગ-દુઃખ થાય છે એ દુઃખ. એક પર્યાયમાં બે ભાગ છે. આહા..હા..!

મુમુક્ષુ :– દુઃખને તો પરજ્ઞેય જાણે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિશ્ચયથી પોતાની પર્યાયને જાણે છે. પરને નહિ. પરને જાણવું એ અસદ્ભૂત વ્યવહારનયથી કથન છે.

મુમુક્ષુ :– દુઃખને જાણે છે એ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ દુઃખને જાણે છે એ જ્ઞાનનો સ્વભાવ છે. પોતાનું વેદન છે ને ?

મુમુક્ષુ :– પર તરીકે જાણે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. નહિ. પર તરીકે નહિ, પોતાની પર્યાયમાં છે એમ જાણે છે. 'પ્રવચનસાર'માં ૪૭ નયમાં ન આવ્યું ? 'પ્રવચનસાર' ૪૭ નય. 'સમયસાર' ૪૭ શક્તિ. અહીં ૪૭ નય. એમાં એમ આવ્યું છે કે ગણધર સંત હોય એને પણ પોતાની પર્યાયમાં રાગ થાય છે તો કર્તા હું છું એમ માને છે. કરવાલાયક છે એવી બુદ્ધિ નથી. પણ પરિણમન છે તો કર્તા હું છું.

મુમુક્ષુ :– દ્રવ્યનું પરિણમન તો ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્યનું પરિણમન છે. એ કોઈ પરથી નથી થયું. અને ભોક્તા પણ હું છું. નય છે ? સમકિતી ચાર જ્ઞાનના ધણી એમ માને છે. ગણધર અરે..! તીર્થંકર જ્યારે છદ્મસ્થ હતા ત્યારે પણ એમ જાણતા હતા કે જેટલો રાગ છે એ દુઃખ છે. આહા..હા..! એ દુઃખનો ભોક્તા હું છું. પરના કારણે નહિ અને પર નહિ. આહા..હા..! ત્યાં તો એ આવ્યું ને ? કે પર્યાયમાં જેટલો આનંદ, દુઃખ આદિ છે, એ બધી પર્યાયનો અધિષ્ઠાતા આત્મા છે. આવ્યું છે ? એક કોર સ્વામી નહિ અને એક કોર અધિષ્ઠાતા. કઈ અપેક્ષાએ ? પોતાની પર્યાયમાં આનંદ અને દુઃખ થાય છે. જ્યાં સુધી સાધક છે ત્યાં સુધી. (એક પર્યાયમાં બે ભાગ) આહા..હા..! અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એ બધાનો અધિષ્ઠાતા–આધાર હું છું. એમ છે ? 'પ્રવચનસાર' ૪૭ નય. આહા..હા..! આવી વાણી !

મુમુક્ષુ :– પ્રવચનસાર એમ કહે છે, સમયસાર ના પાડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'સમયસાર' હા પાડે, કહે છે. જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર નથી.. આસ્રવ અધિકારમાં નથી આવતું ? ત્યાં સુધી જ્ઞાનની હિણી દશા છે ત્યાં સુધી દુઃખ છે, ત્યાં સુધી રાગ છે. યથાખ્યાત ચારિત્ર નથી. આહા..હા..! એ તો જ્યારે દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની મુખ્યતાનું જોર ચાલતું હોય ત્યારે કહે કે એનું પરિણમન એકલું શુદ્ધ છે. એ તો મુખ્યપણાની વાત છે. અશુદ્ધતા છે, દુઃખ છે, એને છોડીને એકલો શુદ્ધ છે એમ નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ ! સમજાણું કાંઈ ? એ કહે છે.

**'એવી નિસ્પૃહતા આવે તો દ્રવ્યમાં ઊંડે જાય...'** શું કહ્યું ? હું તો શાંત શાંત સ્વરૂપ એ જ મને જોઈએ. **'એવી નિસ્પૃહતા આવે તો દ્રવ્યમાં ઊંડે જાય...'** દ્રવ્યમાં ઊંડે જાય. દ્રવ્ય જે મહાગંભીર છે, તો પર્યાય ઊંડે જાય છે. જ્યાં તળમાં ભગવાન ધ્રુવ બિરાજે છે ત્યાં પર્યાય જાય છે. અરે..રે..! આવી વાતું ! ભાઈ ! એ મારગડા કોઈ અલૌકિક છે. એ કોઈ શાસ્ત્રનું જ્ઞાન કર્યું, માટે માર્ગ મળી જાય, એમ છે નહિ. સમજાણું કાંઈ ? **'દ્રવ્યમાં ઊંડે જાય અને બધી પર્યાય પ્રગટે.'** આહા..હા..! સાધક છે ત્યાં સુધી નિર્મળ પર્યાય અલ્પ છે. પણ અંદરમાં ઊંડે જઈને એકદમ પૂર્ણ આશ્રય લીધો તો પર્યાયમાં પૂર્ણ પર્યાય પ્રગટે છે. એકલું કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ. આહા..હા..! આવી રમતું છે.

'નિજપદ રમે સો રામ કહીએ, રાગમાં રમે તે હરામ કહીએ.' છતાં રાગનું વેદન જ્ઞાનીને પણ હોય એટલો ભાવ દુઃખરૂપ છે. આહા..હા..! 'કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ.' ભગવાન કૃષ્ણસ્વરૂપ ભગવાન આત્મા, એ રાગ અને દ્વેષને કૃષે નામ નાશ કરી દે એ કૃષ્ણ આત્મા છે. આહા..હા..! 'તું હી બ્રહ્મા, તું હી વિષ્ણુ, તું હી શંકર, તું હી ઈશ્વર, તું હી સબ હૈ.' આહા..હા..! **'અને બધી પર્યાય પ્રગટે.'** જોયું ? સાધકમાં બધી પર્યાય પૂર્ણ પ્રગટ નથી. પણ ઊંડે ઊંડે આખા દ્રવ્યને પૂર્ણ પકડે છે, પૂરો આશ્રય કરે છે તો પર્યાય પૂર્ણ પ્રગટે છે. આહા..હા..! ૨૭૨ બોલ થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે, વારંવાર ચેતન તરફ-જ્ઞાયક તરફ વલણ થાય છે. જેમ ભક્તને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે ચેતન', 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે' એવું વર્ત્યા કરે. ૨૭૩.**

૨૭૩. **'ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષનો આત્મા જાગી ઊઠે છે...'** આહા..હા..! વેદાંતમાં આવે છે ને એક ? 'જાગીને જોઉં તો..' આહા..હા..! દ્વૈત દિસે નહિ. જગત દિસે નહિ. એ તો અપેક્ષાથી કહ્યું છે ને ? જગત જગતમાં છે. જગત નથી એમ નહિ. પણ 'જાગીને જોઉં તો જગત દિસે નહિ.' સ્વમાં જગત નથી, પરદ્રવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એવા **'ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે...'** એ તો નિમિત્ત છે, પણ અંદર જાગી ઉઠે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**સમ્યગ્દષ્ટિને તો બહારના વિકલ્પમાં આવવું ગમતું નથી. અહીં તો વિશેષ દશાવાળાની વાત લીધી છે કે મહાજ્ઞાનીઓ અંદરમાં જામી ગયા છે. અહો ! તે ધન્ય દિવસ ક્યારે આવે કે મારે બહાર આવવું જ ન પડે ! - આવી જ્ઞાનીની ભાવના હોય છે. સમકિતીને આવી દશાની ભાવના હોય છે. પણ હું દુનિયાને સમજાવું આદિ ભાવના હોતી નથી. 'પરમાગમસાર' બોલ નં.૪૦૬.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભાદરવા વદ ૧૨, ગુરુવાર તા. ૨૮-૯-૧૯૭૮.
વચનામૃત-૨૭૩ થી ૨૭૬, પ્રવચન-૧૦૩

૨૭૩ મો બોલ છે.

**'ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે...'** શું કહે છે ? જૈન ટધર્મના સાચા ગુરુ એને કહીએ કે જેના ઉપદેશમાં રાગથી પોતાનો આત્મા ભિન્ન વીતરાગસ્વરૂપ છે, એની દૃષ્ટિનો વિષય ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે. એ ગુરુનો ઉપદેશ છે. તીર્થંકરનો એ ઉપદેશ છે અને તીર્થંકરના સંતો જે મુનિ, એનો આ ઉપદેશ છે કે તારી ચીજ અંદર શુદ્ધ ચિદાનંદ પ્રભુ (છે). આહા..હા..! પરના સંબંધ વિનાની ચીજ અંદર છે. આહા..હા..! જુઓ ! નાની ઉંમરથી જુઓ તો મા, બાપ, ભાઈ, દીકરા, દીકરી, જેને હોય એને, એ સંબંધ છૂટી ગયા. કાંઈ રહ્યું નહિ. આહા..હા..! કેમ કે એની સાથે સંબંધ હતો જ નહિ. આહા..હા...! એમ કર્મની સાથે પરમાર્થે સંબંધ છે જ નહિ.

મુમુક્ષુ :- પરમાર્થથી નથી તો વ્યવહારથી તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વ્યવહારથી પણ નથી. આહા..હા..! એમ દયા, દાન, વ્રત, ભક્તિભાવનો રાગ આવે છે, એનો પણ આત્માની સાથે સંબંધ નથી. એ વિકાર છે. આહા..હા..! આવી વાત છે. આહા..હા..! એક વિચાર તો કરે કે મા અને બાપ જ્યારે દેહ છૂટી ગયો ત્યારે તું કેવો હતો ? અરે..! ક્યાં ગયા ? તું ક્યાં રહ્યો ? આહા..હા..!

મુમુક્ષુ :- સંયોગ સંબંધ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરના સંબંધ બધા ખોટા છે એમ બતાવે છે. આહા..હા..! માતા એને મારો દીકરો છે એમ કરીને (મમતા કરે). આહા..હા..! એ મા દેહ છોડીને ચાલી જાય છે. આહા..હા..! કેમ કે પરની સાથે ભગવાન આત્માનો સંબંધ જ ક્યાં છે. સર્વે સંબંધો આવે છે ને ? ૨૦૦ કળશમાં. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અહીં તો અહીંથી વાત લીધી. ગુરુનો એ ઉપદેશ છે, જૈનદર્શનના ગુરુનો એ ઉપદેશ છે, કે પ્રભુ ! તારી ચીજ તો પરના સંબંધ વિનાની અંદર છે. આહા..હા..! તું વીતરાગસ્વરૂપી જિનબિંબ અંદર છો. એનો આશ્રય લે તો તને સમ્યગ્દર્શન થશે. ધર્મની શરૂઆત ત્યાંથી થશે. બાકી લાખ તારા વ્રત, તપ, ભક્તિની ક્રિયા કર, એ બધો રાગ છે, ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

ભાઈ વ્યાખ્યાનમાં રોતા હતા. ખબર છે ? ક્યાં ગયા ? આ શું છે ? આ તે શું છે ? કોની સાથે પ્રભુ ! તને સંબંધ છે ? એ તો નહિ પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ આવે છે, એ શુભરાગ છે, ભાઈ ! તને ખબર નથી. એની સાથે તારો સંબંધ નથી. તારી ચીજ તો અંદર જિનસ્વરૂપ વીતરાગમૂર્તિ છે. અરે...! કદી સાંભળ્યું નથી, કદી કર્યું નથી. એમ ને એમ જિંદગી... આહા..હા..! ચાલી જાય છે. આહા..હા..!

ગુરુનો ઉપદેશ તીક્ષ્ણ, હિતકારી ઉપદેશ તીક્ષ્ણ. ચાર અનુયોગમાં એ આવ્યું છે ને ? વીતરાગતા. સાચા જૈન સંત એને કહીએ કે જેને રાગથી ભિન્ન અનુભવ થયો હોય અને સ્વરૂપમાં વિશેષ સ્થિરતા જામી હોય એ નિર્ગ્રંથ મુનિ, એને અહીંયા ગુરુ કહેવામાં આવે છે. આહા..હા..! એ મુનિનો ઉપદેશ અને સમકિતદૃષ્ટિ હોય તો એનો ઉપદેશ હિતકારી ઉપદેશ છે. આહા..હા..!

ભગવાન ! તારું સ્વરૂપ અંદર વીતરાગમૂર્તિ છે ને, પ્રભુ ! રાગનો વિકલ્પ જે છે એને છોડી દે. આહા..હા..! તીક્ષ્ણ ઉપદેશ હિતકારી. અંદર આનંદનો નાથ ભગવાન બિરાજે છે, પ્રભુ ! ત્યાં જા. આહા..હા..! એવા **'ઉપદેશના તીક્ષ્ણ પ્રહારો...'** પડે છે. આહા..હા..! ભેદજ્ઞાનનો વજ્રપાત. આહા..હા..! જુઓને ! ક્ષણ ક્ષણમાં દેહ ચાલ્યો જાય છે. અને જો આ કામ ન કર્યું તો એણે શું કર્યું ? આહા..હા..! વ્રત, તપ, ભક્તિ, પૂજા એ તો બધા રાગભાવ છે, એ કાંઈ ધર્મ નથી. ધર્મીને આવે છે, પણ એ શુભરાગ છે, બંધનું કારણ છે. અહીંયા તો પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ અનંત અપરિમિત જ્ઞાન, અનંત અપરિમિત આનંદ, અનંત અપરિમિત જેની ઈશ્વરતા, એવા અનંત ગુણરૂપ પ્રભુ ! જેના અનંત ગુણમાં આ છેલ્લો ગુણ છે, એવું સ્વરૂપમાં છે જ નહિ. ઓ..હો..હો..!

ભગવાનના પાતાળમાં અંદરમાં. એક સમયની પર્યાય છે એની સમીપ પ્રભુ આખું આત્મતત્ત્વ બિરાજે છે. આહા..હા..! એમાં અનંત આનંદ આદિ અનંત ગુણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. એ અનંત ગુણનો... આહા..હા..! એક વિચાર તો કરે કે આ તે ચીજ શું છે ? આહા..હા..! જેમ અલોકનો અંત ક્યાં ? લોકનો અંત થાય પછી અલોક છે એનો અંત ક્યાં ? આહા..હા..! શું છે આ ? એ ક્ષેત્રનો સ્વભાવ પણ કોઈ અચિંત્ય આશ્ચર્યકારી છે. આહા..હા..! તો એને જાણનારો ભગવાન આત્મા એની તો વાત શું કરવી ? આહા..હા..! સમજાણું કાંઈ ? અમાપ અપરિમિત અનંત ગુણનો પ્રભુ દરિયો અંદર ભર્યો છે. આહા..હા..! પ્રભુ ! ત્યાં દૃષ્ટિ કર. એ જ્ઞાનીનો એ ઉપદેશ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ભેદજ્ઞાન કરાવવાનો ઉપદેશ છે. **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** અત્યાર સુધી જેટલા મુક્તિ સિદ્ધપદને પામ્યા એ બધા ભેદજ્ઞાનથી પામ્યા છે. સંવર અધિકારમાં આવ્યું ને ? એ રાગની ક્રિયા અને દેહની ક્રિયાથી હું અંદર ભિન્ન છું. આહા..હા..! એવા ભેદજ્ઞાનથી સમ્યગ્દર્શન પામ્યો, ભેદજ્ઞાનથી ચારિત્ર પામ્યો અને ભેદજ્ઞાનથી કેવળજ્ઞાન પામ્યો. આહા..હા..! એ રાગથી ભિન્ન થઈને પોતાનો આનંદ પ્રભુ જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યદળ જ્ઞ-સ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ, જેની અપરિમિતતાની મર્યાદા નહિ. એવા એક એક ગુણ એવા અનંત ગુણ, એના ઉપર તારી નજર કર તો તને સમ્યગ્દર્શન–ધર્મની પહેલી શરૂઆત– થશે. એ વિના બધા થોથા છે. સમજાણું કાંઈ ?

એવો ઉપદેશ સાંભળીને **'મુમુક્ષુનો આત્મા...'** મુમુક્ષુનો આત્મા. જેને આત્માની અભિલાષા છે. આહા..હા..! **'જાગી ઊઠે છે...'** 'સમયસાર'ની પાંચમી ગાથામાં કહ્યું છે ને ? **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।'** 'કુંદકુંદાચાર્ય' મુનિ, નગ્ન દિગંબર સંત. એકાદ ભવમાં પરમાત્મા થવાની લાયકાતવાળા. આહા..હા..! એ કહે છે કે હું મારા આનંદના વૈભવથી કહીશ. મેં સાંભળ્યું છે માટે કહીશ એમ નહિ. આહા..હા..! હું મુનિ છું તો મને અતીન્દ્રિય આનંદની પર્યાયમાં ભરતી આવી છે. જેમ દરિયામાં, સમુદ્રના કાંઠે ભરતી આવે છે. એમ જેને સાચા સંત મુનિ કહીએ, તેને વર્તમાન પર્યાયમાં અનંત અનંત આનંદ જે ભર્યો છે એની પર્યાયમાં ભરતી આવે છે. એય..! આવું સાંભળ્યું નથી કોઇ દિ' ન્યાં. આવું બાપા ! પ્રભુ ! શું કહીએ ?

ભગવાન આત્મા સત્તા અસ્તિત્વ મોજૂદગી ચીજ પ્રભુ છે. એ પર્યાય મોજૂદ નથી. નાશવાન છે. દયા, દાનનો વિકલ્પ–રાગ એ તો વિકાર છે, નાશવાન છે. એની સાથે તારે સંબંધ જ નથી. આહા..હા..! પણ ભગવાન આત્મા અવિનાશી નિત્યાનંદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પ્રભુ ! એની વર્તમાન એક સમયની પર્યાય સાથે સંબંધ નથી. કારણ કે પર્યાય નાશવાન છે અને વસ્તુ અવિનાશી છે. આહા..હા..! **'મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે...'** ત્યાં પ્રમાણ કહ્યું ને ? **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज'** એમ કહ્યું પહેલા. પણ જે દેખાડું તો પ્રમાણ કરજે, પ્રભુ ! અનુભવથી પ્રમાણ કરજે એમ કહ્યું. આહા..હા..! 'સમયસાર'ની પાંચમી ગાથા છે ને ?

**'तं एयत्तविहत्तं'** ભગવાન આત્મા એકત્વસ્વરૂપ છે અને રાગથી વિભક્ત જે છે, એ મારા નિજ વૈભવથી તને કહીશ. જો કહું, દેખાડું તો. આહા..હા..! **'जदि दाएज्ज पम्माणं'** દેખાડું તો પ્રમાણ કરજે. આહા..હા..! ભાઈ ! આહા..હા..! આ દિગંબર સંતોની વાણી તો જુઓ ! લોકોએ સાંભળી નથી, શું ચીજ છે ? આહા..હા...! બાદશાહ ભગવાન આત્મા નાગા બાદશાહથી આઘા. એને દરકાર કરી નથી. સમાજને આ ઠીક પડશે કે નહિ એની દરકાર નથી. મારગ આ છે. આહા..હા..! તારા વ્રત, તપ, ભક્તિ, પૂજા, મંદિર લાખ કરોડ બનાવે, એનાથી ધર્મ નથી થતો. આહા..હા..! તીક્ષ્ણ વાત. આકરી વાત, બાપુ !

તેનાથી ભેદજ્ઞાન કરવું એ જ્ઞાનીનો ઉપદેશ છે. એવો ભેદજ્ઞાનનો ઉપદેશ હિતકારી, તીક્ષ્ણ પ્રહારથી સાંભળ્યો. આહા..હા..! તો **'આત્મા જાગી ઊઠે છે...'** અરે..! હું તો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું. આહા..હા..! સમજાણું કાંઈ ? ભલે આઠ વર્ષની બાલિકા હોય કે હજાર યોજનનો મોટો મચ્છ હોય, સ્વયંભૂરમણ સમુદ્રમાં હજાર યોજનનો મચ્છ, ચાર હજાર ગાવ લાંબો. આહા..હા..! એ પૂર્વે સાંભળ્યું હતું પણ કર્યું નહિ. મચ્છમાં ચાલ્યો ગયો. એમાં જાતિસ્મરણ થયું અને એ અંદર યાદ આવી ગયું, ઓ..હો..! આ શું સાંભળ્યું હતું ? હું તો પરમાત્મસ્વરૂપ (છું). અલ્પજ્ઞ નહિ, રાગ તો નહિ, સંબંધ તો નથી, પણ અલ્પજ્ઞપણું મારામાં નથી. આહા..હા..! આકરી વાત, બાપુ ! જૈનદર્શન સમજવું એ કોઈ અલૌકિક વાત છે. વાડામાં જન્મ્યા માટે જૈન થઈ ગયા એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– જન્મ-મરણના અંત લાવવાની વાત અલૌકિક જ હોય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ જુઓને ! કેટલું સાંભળીએ છીએ. એક ક્ષણમાં આમ થઈ ગયું. લોહીની ઊલટી થઈ, ક્ષય થયો હતો, શું કહેવાય આ કેન્સર હતું, ઢીકણું... આહા..હા..! સંયોગી ચીજ તો સંયોગથી છૂટી જ પડે ને. એ તો સંયોગ વિયોગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



લઈને જ આવ્યો છે. આહા..હા..! 'પદ્મનંદિ પંચવિશતિ'ના અનિત્ય અધિકારમાં એમ લીધું છે, માતાના પેટમાંથી બાળક જ્યારે બહાર આવ્યું, તો એ સંયોગ થયો એ વિયોગ લઈને જ આવ્યો છે. ક્યે ક્ષણે દેહ છૂટી જશે. આહા..હા..! હજી માતા નજર કરે કે આવ્યો છે ત્યાં તો દેહ છોડી દે. આયુષ્ય પૂરું થઈ જાય. આહા..હા...! સમજાણું કાંઈ ? બાળક જનમ્યું અને માતા જોવે કે આ છોકરી છે કે છોકરો. એ જુએ ત્યાંથી અનિત્યતા અંદર શરૂ થઈ ગઈ. 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં અનિત્ય અધિકારમાં છે. જેમ વૈષ્ણવમાં ગરુડ પુરાણ હોય છે ને ? વૈષ્ણવમાં ગરુડ પુરાણ. મરી ગયા પછી (વંચાય). એમ આપણે 'પદ્મનંદિ પંચવિંશતિ'માં અનિત્ય પંચાશત્ ગરુડ પુરાણ છે. 'પદ્મનંદિ પંચવિશતિ' આ અધિકાર છે. એ આપણે (સંવત) ૧૯૯૩ની સાલમાં અમારા મોટા ભાઈ ગુજરી ગયા, ત્યારે વ્યાખ્યાનમાં શરૂ કર્યું હતું. અનિત્ય પંચાશત. એવો વૈરાગ્ય... આહા..હા..! જે ક્ષણે, જે કાળે દેહ છૂટવાનો તે ક્ષણે તે છૂટ્યે છુટકો છે. લાખ ઉપાય તું કર, ડોક્ટરને બોલાવ અને કરોડ રૂપિયા ખર્ચ. તો પણ નહિ ચાલે. આહા..હા..!

એક વાર પ્રભુ ! તું તારી ચીજ જ્યાં ભગવાનસ્વરૂપે બિરાજમાન છે, ત્યાં જો ને, નજર કરને, પ્રભુ ! આહા..હા..! તારી પ્રભુતાની પ્રભુતા ઉપર નજર કરને. પામરતા ઉપર તારી નજર અનાદિથી છે. કાં દયા પાળી, ભક્તિ કરી, પૂજા કરી, વિષય લીધા એ રાગ ઉપર તારી દૃષ્ટિ છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. અથવા એક સમયની પર્યાય અલ્પજ્ઞ પર્યાય ઉપર દૃષ્ટિ છે, એ પણ મૂંઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત છે.

ભગવાન ! તારો પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે ને પ્રભુ ! આહા..હા..! એક કરોડપતિ આદિ મોટો માણસ આવ્યો હોય, અને આવ્યો ને પા કલાકની મુદત લઈને બેઠો, એમાં પોતાના દીકરાનો દીકરો છ મહિનાનો-બાર મહિનાનો આવ્યો તો એની સાથે રમતમાં રોકાયો તો પેલો માણસ પા કલાક રોકાઈને ચાલ્યો ગયો. એમ ભગવાન આત્મા એક સમયની પર્યાયની સમીપમાં બિરાજમાન છે. અને તું રાગ અને પુણ્યની સાથે રમતમાં ચાલ્યો ગયો. એ તારો કાળ ચાલ્યો ગયો. સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ !

આજ કે કાલ સવારમાં ગાયું હતું ને ? 'એક રે દિવસ એવો આવશે રે જ્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



રે જન્મયો જ નહોતો જી..' આહા..હા..! 'સગી નારી રે તારી કામની, એ ઉભી ટગ ટગ જોશે જી. આ રે કાયામાં હવે કાંઈ નથી. હે ટગ ટગ રોશે જી.' એ રોશે, બાપા ! એ રોવે છે એ પોતાની સગવડતા માટે રોવે છે. એ મરીને ક્યાં ગયો એમાં અમારે સનાન ક્યાં છે ? બરાબર છે ?

મુમુક્ષુ :- એને ખબરે નથી ક્યાં ગયો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એને ભાન પણ ક્યાં છે, એ વિચાર પણ ક્યાં છે ? એ તો પોતાની સગવડતાવાળો જાય છે એને રોવે છે. એ મરીને નરકમાં ગયો, તિર્યંચમાં, ઢોરમાં ગયો એની એને ક્યાં પડી છે ? આહા..હા..!

અહીં કહે છે, **'જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે,...'** રાગની રુચિ છોડીને જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એની રુચિ જામી જાય છે. આ ધર્મની પહેલી શરૂઆત છે. એના વિના બધા થોથા છે. સમજાણું કાંઈ ? **'પ્રગટે છે, વારંવાર ચેતન તરફ—જ્ઞાયક તરફ વલણ થાય છે.'** આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ, ભગવાન પરમાનંદ મૂર્તિ પ્રભુ, એની જ્યાં રુચિ થઈ તો વારંવાર એ તરફનું વલણ થાય છે. આહા..હા..!

**'જેમ ભક્તને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે,...'** તમારે 'સૂરદાસ'ની વાત આવે છે ને ? સૂરદાસ છે. કૃષ્ણ ગયા, કૃષ્ણ ચાલ્યા ગયા. પ્રભુ ! તમે ચાલ્યા જાઓ છો પણ મારા હૃદયમાંથી નહિ ચાલ્યા જાઓ. આહા..હા..! આવે છે ને ? અમે તો બધું જોયું છે, વાંચ્યું છે. નાટક પણ જોયા છે. આહા..હા..! 'સૂરદાસ' હતા. 'શ્રીકૃષ્ણ' આવ્યા. 'શ્રીકૃષ્ણ' સમકિતી, જ્ઞાયક સમકિતી હતા. લોકોએ પછી કર્તા ઠરાવ્યા એ વાત જુદી છે. બાકી આત્મજ્ઞાની હતા. આહા..હા..! 'સૂરદાસ' કહે, પ્રભુ ! મારો હાથ જાલ્યો. હાથ છોડીને ચાલ્યા ગયા. ક્યાં જશે ? ચરણકમળમાં મારા હૃદયમાં બિરાજમાન છો. આહા..હા..! સમજાણું કાંઈ ? એમ ભગવાન આત્મા, જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ, રુચિ થઈને મળી ગયો તો ત્યાંથી વારંવાર ઉપયોગ જામી જાય છે. આહા..હા..!

**'ભગવાન માંડ માંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે ચેતન', 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદરમાં થયા કરે,...'** છે. આહા..હા..! **'તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે...'** 'હરતા-ફરતા પ્રભુ હરિ દેખું. મારું જીવ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



રે સફળ તવ લેખું.' મારો નાથ આત્મા આનંદનો જ્ઞાયક એને હરતા ફરતા યાદ રાખું હું તો. આહા..હા..! હરિ તો બીજા નથી, આ હરિ છે. સમજાણું કાંઈ ? એ સ્વામીનારાયણમાં છે. 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું, મારું જીવવું રે સફળ તવ લેખું. મુક્તાનંદનો નાથ વિહારી રે. ઓધા જીવન દોરી અમારી રે.' અમે આનંદના નાથ ભગવાન, એનું જીવન એ અમારું છે. અમે રાગથી જીવીએ એ અમારી ચીજ નહિ. આહા..હા..! થોડું થોડું ગુજરાતી આવી જાય છે. આહા..હા..!

**'હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે. એવું વર્ત્યા કરે.'** આહા..હા..! જ્ઞાયક.. જ્ઞાયક... જ્ઞાયકની ધૂન ચડે છે. આહા..હા..! જ્ઞાયકના ધ્યેયના ધ્યાનથી પર્યાયમાં ધગતી ધૂણી પ્રગટે છે. ધગતી ધૂણી. આપણે આવ્યું હતું ને ? એમાં આવ્યું હતું. 'આત્મધર્મ'માં તેર બોલ આવ્યા છે. ગયા વર્ષે 'ભાવનગર'માં તાવ આવ્યો હતો ત્યારે બનાવ્યું હતું. ધ્યાનમાં ધ્રુવને ધ્યેય બનાવી, વર્તમાનમાં ધીરજથી ધગતી ધૂણી ધખાવ. ધખતી ધૂણી ધખાવ. આહા..હા..! **'એવું વર્ત્યા કરે.'** આહા..હા..!

**અનંતકાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો વિભાવની તુચ્છતા ન લાગી, પરથી અને વિભાવથી વિરક્તતા ન થઈ, માટે માર્ગ મળ્યો નહિ. ૨૭૪.**

૨૭૪. **'અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો...'** ભગવાન અંદર આનંદમૂર્તિ પ્રભુ ભગવાને સર્વજ્ઞે જોયો. જિનેશ્વરે પરમેશ્વરે જે આત્મા અંદર જોયો, એ તો પૂર્ણાનંદનો નાથ (જોયો છે). આહા..હા..! સમજાણું કાંઈ ? એ પામરને કેમ બેસે ? બે બીડી સરખી પીવે ત્યારે પાયખાને જંગલ ઉતરે એવા તો અપલક્ષણ. હવે એને... આહા..હા..! **'અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો, વિભાવની તુચ્છતા ન લાગી,...'** એ પુણ્ય અને પાપ જે વિકલ્પ વિભાવ છે, અજ્ઞાનીને એની તુચ્છતા ન લાગી. આહા..હા..! કારણ કે દયા, દાન, વ્રત કર્યા, લાખ, બે લાખ, પાંચ-દસ લાખનું દાન કર્યું, ત્યાં તો આહા..હા..! અમે શું ! અરે...! ધૂળેય નથી સાંભળને ! એ **'વિભાવની તુચ્છતા ન લાગી,...'** આહા..હા..! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અનંત કાળમાં ચૈતન્યની (મહિમા ન આવી). પ્રભુ ! ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ ધ્રુવ, પ્રવાહ, ઊર્ધ્વ પ્રવાહ (સ્વરૂપ છે). આહા..હા..! ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા એ ઉર્ધ્વ આમ ને આમ કાયમ રહે છે. પર્યાય બદલાય છે પણ વસ્તુ તો કાયમ એમને એમ રહે છે. સમજાણું કાંઈ ? એ અહીં કહે છે કે અનાદિથી **'વિભાવની તુચ્છતા ન લાગી,...'** મુનિ થયો, દિગંબર સાધુ થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! સમજાણું કાંઈ ? 'શ્રીમદ્'માં આવે છે ને ?

**'યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાઈ દીયો.**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો;'**
**સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મત ખંડન મંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**

ગુજરાતી હતા. આ હિન્દીમાં બનાવ્યું. 'શ્રીમદ્' ગુજરાતી હતા.

**'વહ સાધન બાર અનંત કિયો,...'** યમ, પંચમહાવ્રત, નિયમ અભિગ્રહ અનંતવાર ધારણ કર્યા. ઇન્દ્રિયદમન અનંતવાર કર્યું, બાળબ્રહ્મચારી અનંતવાર થયો. એ ક્રિયા શું છે ? **'યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;'** સાધુ થયો. એક લુખ્ખી રોટલી લેવી, બીજું ન લેવું, એવો ત્યાગ અનંતવાર કર્યો. 'ત્યાગ વૈરાગ્ય' બધાથી ઉદાસ-ઉદાસ. પણ અંતરમાં ગયો નહિ. આહા..હા..!

**'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**
**અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસે ?'**

ઇન્દ્રિય દમન ને પંચ મહાવ્રત ને એ બધા સાધન તે સાધન નથી. ભગવાન આત્માને પામવાનું સાધન બીજું છે.

અહીંયા કહે છે, **'અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો...'** એક સમયમાં પૂર્ણાનંદનો નાથ, પ્રભુ ! આનંદનું દળ, વીતરાગમૂર્તિ જિનબિંબ પ્રભુ આત્મા, એની મહિમા ન આવી. **'વિભાવની તુચ્છતા ન લાગી,...'** એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ કર્યા ત્યાં.. આહા..હા..! એ તો બધી રાગની ક્રિયા છે. એ વિભાવની તુચ્છતા તને લાગી નહિ. આહા..હા..! આકરી વાતું બહુ, બાપુ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'પરથી અને વિભાવથી વિરક્તતા ન થઈ,...'** આહા..હા..! પર પદાર્થથી અને અંદર વિકલ્પ રાગ વિભાવ છે એનાથી વિરક્તતા ન થઈ. રક્ત રહ્યો, વિરક્ત ન થયો. આહા..હા..! એવી કોઈ પંચ મહાવ્રતની ક્રિયા, બાર વ્રતની કરી એ તો રાગની ક્રિયા છે. ત્યાં રક્ત રહ્યો, વિરક્ત ન થયો. આહા..હા..! આવી વાતું છે. **'માટે માર્ગ મળ્યો નહિ.'** એ રાગની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામમાં એને મહત્તા લાગી અને પોતે ચૈતન્ય છે એની મહત્તા ન જાણી. અરે..રે..! આમ ને આમ. કાં તો જાત્રાઓ બધી કરી ૨૫-૫૦-૧૦૦ શેત્રુંજય અને ગિરનારની. હવે એમાં શું થયું ? એ તો રાગ છે. એની મહિમા એને લાગી કે આ તો કર્યું. ૯૯ જાત્રા કરી, ફલાણું કર્યું. સમ્મેદશિખર. આવે છે ને ? 'એકવાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ.' પણ એમાં શું છે ? એ તો શુભભાવ હોય તો નરક-પશુમાં ન જાય પણ ભવભ્રમણ તો ઉભું છે. આહા..હા..! સમ્મેદશિખરની જાત્રા એ પણ શુભભાવ છે, કોઈ ધર્મ નથી. આહા..હા..! સમ્મેદશિખર તો પ્રભુ આત્મા આનંદનો નાથ સમતાસ્વરૂપ છે એ સમ્મેદશિખર ઉપર આરૂઢ થા, એ જાત્રા છે.

મુમુક્ષુ :– એ તો નિશ્ચયજાત્રા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં નિશ્ચયની વાત છે તે સત્ય છે. પેલો તો રાગ છે, થાય છે તે વ્યવહાર છે, પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! અશુભથી બચવા એવો ભાવ આવે છે પણ એ ધર્મ નથી. આહા..હા..! આવું છે.

**'પરથી અને વિભાવથી વિરક્તતા ન થઈ,...'** આહા..હા..! આ કામ મારું, આ દીકરો, મારી સ્ત્રી, મારા દીકરા, મારી દીકરી, આ મારા ગુરુ, આ મારા દેવ અને આ મારા શાસ્ત્ર. એ પરની રુચિ ન છોડી. **'અને વિભાવથી વિરક્તતા ન થઈ,...'** અહીંયા 'નિયમસાર'માં તો ત્યાં સુધી કહ્યું કે પોતાનું દ્રવ્ય જે વસ્તુ છે, એના ગુણ અને એની પર્યાય છે, ત્રણનો વિચાર કરવો એ પણ રાગ છે, આવશ્યક નથી. એ અનાવશ્યક ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પોતાનું દ્રવ્ય આ પૂર્ણાનંદ પ્રભુ એ આત્મા છે અને એમાં અનંત ગુણાદિ શક્તિ છે અને એની વર્તમાન અવસ્થા એ પર્યાય છે. એ ત્રણ ભેદનો વિચાર કરવો એ પણ રાગ છે. આહા..હા..! અનાવશ્યક કહ્યું ને ? એ આવશ્યક નથી, તારી ધાર્મિક ક્રિયા એ નથી. અવશ્ય કરવા લાયક જે ક્રિયા છે એ નથી. અંતરમાં આનંદના નાથમાં એકાગ્ર થવું, એ ક્રિયા અવશ્ય કરવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



લાયક છે. તેને અહીં આવશ્યક, સામાયિક આદિ એને કહે છે. સમજાણું કાંઈ ? **'માટે માર્ગ મળ્યો નહિ.'** આહા..હા..!

**પંચમ કાળ છે એટલે બહાર ફેરફાર થાય, પણ જેને આત્માનું કરવું છે તેને કાળ નડતો નથી. ૨૭૫.**

૨૭૫. **'પંચમ કાળ છે....'** કોઈ એમ કહે કે આ તો પંચમ કાળ છે. અમે એમાં કઈ રીતે કામ કરી શકીએ. **'એટલે બહાર ફેરફાર થાય,...'** બહાર ભલે ફેરફાર થાય. પંચમ કાળને લઈને, **'પણ જેને આત્માનું કરવું છે...'** આહા..હા..! એ પંચમ કાળમાં પણ ભગવાન તો અંદર એવો જ પડ્યો છે. ત્યાં કોઈ કાળ નડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- અમથોય કાળ કોઈને ક્યાં નડે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કાળ કોને નડે છે ? કોઈને નડતો નથી. (નડે છે એમ) માને છે. આહા..હા..! 'શ્રીમદે' તો ત્યાં સુધી કહ્યું ને, 'જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ. ભવસ્થિતિ આદિ નામ લઈ...' કાળલબ્ધિ હશે ત્યારે થશે. 'છેદો નહિ આત્માર્થ.' સમજાણું કાંઈ ? આવી વાતું છે. મારી ભવસ્થિતિ પાકશે ત્યારે મને સમકિત થશે. એમ રહેવા દે, પુરુષાર્થ સ્વભાવ તરફ કર તો તારો કાળ પાકી જશે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ, વીતરાગ જિનબિંબ. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' આ દેહમાં ભગવાન બિરાજે છે એ જિનસ્વરૂપે છે. ઘટ ઘટ અંતર જિનસ્વરૂપ છે. એનું દ્રવ્યસ્વરૂપ, ગુણસ્વરૂપ એ જિનસ્વરૂપ છે. આહા..હા..! કેમ બેસે ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈનપણું કોઈ બાહ્ય ચીજ નથી. એ જિનસ્વરૂપી ભગવાન, એનો પર્યાયમાં સ્વીકાર કરવો અને વીતરાગ સમ્યગ્દર્શન થાય એ જૈન છે. જૈન કોઈ પક્ષ અને સંપ્રદાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? અંતરંગમાં જિનપણું હોય છે. બહારની આ ક્રિયા કરી, ભક્તિ કરી, પૂજા કરી માટે જૈન છે એમ નથી. આહા..હા..! બહુ કામ આકરું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અરે..! દુનિયાને માંડ વખત મળે, ત્યારે એ બહારમાં ક્યાંક ક્યાંક ગુમાવી બેસે. અને જ્યારે ન મળે તો... આહા..હા..! જુઓને આ કૂતરા, મીંદડા. એને ભાન પણ ક્યાં છે કે કોણ છું હું ? શું છે આ ? એ તો એકાકાર (થઈને પરિણમે છે). આ લીમડાના જીવ. લ્યો. એક પાંદડામાં અસંખ્ય જીવ. હવે એ અસંખ્યમાં... આહા..હા..! પૂર્વે મા-બાપ હતા એ મરીને ત્યાં અંદર બેઠા છે. અનંત વાર (એવા) ભવ કર્યા. આ..હા..! એ ક્યારે નીકળશે ? આહા..હા..! ભગવાન તો એમાં અનંત અનંત (ગુણસ્વરૂપ બિરાજી રહ્યો છે). એના કોર હોય છે ને ? ફૂલ... ફૂલ. લીમડાના ફૂલ. એ ફૂલમાં રાઈ જેટલી કણી લ્યો તો એમાં અનંત આત્મા છે. ફૂલ, કોર કોર કહે છે ને ? આહા..હા..! એક રાઈ જેટલી કણી લ્યો તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. અરે..! ક્યારે નીકળે ? આહા..હા..! સમજાણું કાંઈ ?

**'પંચમ કાળ છે એટલે બહાર ફેરફાર થાય, પણ જેને આત્માનું (કલ્યાણ) કરવું છે...'** આહા..હા..! ભગવાનના સમવસરણમાં ન કર્યું એ પંચમકાળમાં સમ્યગ્દર્શન થઈ શકે છે, એમ કહે છે. આહા..હા..! કાળ એને અંદરમાં કોઈ ફેરફાર ન કરી શકે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'પણ જેને આત્માનું કરવું છે તેને કાળ નડતો નથી.'** આહા..હા..! ત્રીજી નરકનો નારકી, એને પરમાધામી દેવ ગાંસડી બાંધી લોઢાના ઊના ઊના સળીયા બાંધીને ઉપર ઘણ મારે. એ સમયમાં પણ સમકિત પામી શકે છે. એ બહારની ચીજ કાંઈ અંદરમાં નડતી નથી એમ કહે છે. ભાઈ ! આહા..હા..! અહીં કહે ને કે જરા નિવૃત્તિ હોય, સગવડતા હોય, છોકરા-બોકરા કામ કરતા હોય પછી નિવૃત્તિ હોય તો આ (કામ થાય). બધી ખોટી વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એવી સ્થિતિ અંદરમાં... પણ ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ તો રાગથી, દેહની ક્રિયા જે થાય છે એનાથી તો ભિન્ન અંદર પડ્યો છે. આહા..હા..! તારી નજર ફેરવવી પડશે. બહારમાં ફેરફાર ભલે હોય. આહા..હા..! વીતરાગમાર્ગ બહુ (અલૌકિક છે). પરમેશ્વરનો માર્ગ કોઈ જુદી જાતનો છે. અને એ માર્ગ બીજે ક્યાંય છે નહિ, ક્યાંય નથી. વીતરાગ સિવાય આ વાત ક્યાંય નથી. આહા..હા..! ભાઈ ! તને પંચમકાળ મળ્યો, શરીરમાં રોગ વગેરે આવ્યા તે તને અંતરમાં નડતા નથી. બહારમાં ભલે ફેરફાર થાય. એમ કહે છે. આહા..હા..! ભગવાન ધ્રુવ ત્યાં મૌજુદ બિરાજે છે કે નહિ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



'તારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' આહા..હા..! હરિ નામ ભગવાન આત્મા. અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશ કરે એવો હરિ. એ તારી નયણને આળસે. તારી નજરું ત્યાં ન ગઈ. આહા..હા..! તારી નજરમાં રાગ અને પર્યાય તરવરતી હતી. આ નહિ. આહા..હા..!

(નારકી જીવને) ગાંસડી બાંધીને લોઢાના ગરમ સળીયા બાંધે અને માથે ઘણ પડે. એ તો પુદ્‌ગલની પરિણતિ થઈ. એ કાંઈ તારામાં વિઘ્ન નથી કરતી. આહા..હા..! સમજાણું કાંઈ ? એની ઉપરથી દૃષ્ટિ હટાવી લે ભગવાન તો અંદર બિરાજે છે. એ કાળમાં તને સમ્યગ્દર્શન થઈ શકે છે. આહા..હા..! શું વાત ! આવી વાતું છે, ભાઈ ! વીતરાગ પરમેશ્વર જિનરાજ ત્રણ લોકના નાથ એ વાણી દ્વારા જગતને આમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તેને કાળ નડતો નથી.'** એ પુદ્‌ગલની પરિણતિ શરીરમાં રોગ આકરો આવ્યો, બંધન થયું એ તારી પરિણતિ દૃષ્ટિ કરવામાં કાંઈ વિઘ્ન નથી કરતી. આહા..હા..! અંતરમાં આનંદનો નાથ પ્રભુ ! મોજૂદ ચીજ બિરાજે છે એની નજર કરવામાં તને બહારની કોઈ ચીજ વિઘ્ન નથી કરતી. આહા..હા..! અને અંતર નજર કરવામાં બહારની સગવડતા હોય તો સહાયક થાય છે એમ નથી. આહા..હા..! એ ૨૭૫ (બોલ પૂરો થયો).

**'શુભાશુભ ભાવથી જાુદો, હું જ્ઞાયક છું.' તે દરેક પ્રસંગમાં યાદ રાખવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે. ૨૭૬.**

૨૭૬. **'શુભાશુભ ભાવથી જાુદો,...'** ભગવાન આત્મા છે. શરીરથી તો ભિન્ન છે, કર્મથી તો ભિન્ન છે પણ દયા, દાન, વ્રતનો શુભભાવ અને હિંસા, જૂઠું, ચોરીના અશુભભાવ એ બેથી ભગવાન અંતર ભિન્ન છે. અરે..! કેમ બેસે ? આહા..હા..! ભગવાન ત્રણ લોકનો નાથ એમ કહે છે. એ વાણી આ છે. આહા..હા..! **'શુભાશુભ ભાવથી જાુદો,...'** હિંસા, જૂઠું, વિષય, ચોરી, ભોગ, વાસના એ પાપભાવ અને દયા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દાન, ભક્તિ, વ્રત, તપ, જાત્રાનો ભાવ એ શુભભાવ છે, પણ એ શુભ અને અશુભથી પ્રભુ તો ભિન્ન અંદર છે. કેમ કે શુભ-અશુભભાવ તો પુણ્ય-પાપભાવ છે. નવ તત્ત્વ છે ને ? તો એ પુણ્ય-પાપ છે અને આત્મા તો જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. નવ તત્ત્વ છે કે નહિ ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આહા..હા..! એ શુભાશુભભાવ, પુણ્ય-પાપભાવ, એનાથી ભગવાન અંદર જ્ઞાયકસ્વરૂપ ભિન્ન છે. અરે...! કેમ બેસે ? નવરાશ નહિ, ફૂરસદ નહિ. જગતનો ધંધો આખો દિ. ૨૨-૨૩ કલાક પાપના ધંધા, બાયડી, છોકરા, ભોગ. કલાક મળે ત્યાં સાંભળવાનું ઉંધુ મળે. કલાક લુંટાય જાય. ત્યાં એવું મળે કે વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો. તમારું કલ્યાણ થશે. આહા..હા..! વીતરાગની આજ્ઞા એ નથી.

વીતરાગની આજ્ઞા તો એ છે... આહા..હા..! અમે તો અમારા અવલંબને વીતરાગતા પામ્યા છીએ તો તને પણ તારું અવલંબન લેવાનું કહીએ છીએ. રાગ અને દયા, દાન આદિના વિકલ્પથી પ્રભુ અંદર ભિન્ન તત્ત્વ છે. ચૈતન્યસ્વભાવી વસ્તુ એ શુભ-અશુભભાવથી, મલિનતાથી ભિન્ન છે. આહા..હા..! આવું હવે. શરીરથી ભિન્ન, બાયડી-છોકરાથી ભિન્ન, પૈસાથી ભિન્ન પણ શુભાશુભભાવથી ભિન્ન. આહા..હા..!

'સમયસાર'ની ૭૨ ગાથામાં આવ્યું છે, કે શુભ-અશુભભાવ છે એ અશુચિ છે, આસ્રવ છે. 'સમયસાર' ૭૨ ગાથા. ત્યાં 'અમૃતચંદ્રાચાર્ય' લે છે કે ભગવાન આત્મા એમ પાઠ લીધો છે. સંસ્કૃત ટીકા (છે). શુભ-અશુભ રાગ વિકલ્પ છે, એ અશુચિ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ અંદર છે, 'ભગવાન' એમ કહ્યું. આહા..હા..! ૭૨ ગાથા છે ને ? એમાં. આ..હા...! શુભ-અશુભભાવ અશુચિ છે, મેલ છે. પ્રભુ તો નિર્મળાનંદ ભિન્ન છે ને ? પ્રભુ ! તો ત્યાં નજર કરને. ત્રણ બોલ છે.

શુભ-અશુભભાવ જડ છે. કેમ કે શુભ-અશુભભાવ પોતાને જાણતા નથી. તેમ સાથે જ્ઞાયકમૂર્તિ છે એને પણ જાણતા નથી. તો એ જ્ઞાન દ્વારા જણાય છે માટે એ જડ છે. આહા..હા..! આવી વાતું ! દયા, દાન, ભક્તિ, વ્રતનો, જાત્રાનો વિકલ્પ છે એ જડ છે એમ પ્રભુ કહે છે. છે ને ભાઈ ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ અંદર ભિન્ન છે ને. આહા..હા..! બે બોલ.

ત્રીજો બોલ. શુભ-અશુભભાવ છે એ દુઃખરૂપ છે. છે ? ૭૨ ગાથામાં છે. શુભ-અશુભભાવ છે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ, એ દુઃખરૂપ છે. રાગ છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આકુળતા દુઃખરૂપ છે. આહા..હા..! ત્રીજો બોલ છે. અશુચિ, જડ અને દુઃખ. આહા..હા..! ૭૨ ગાથા. શુભ-અશુભભાવ દુઃખરૂપ છે એમ કહ્યું. આહા..હા..! એનાથી ભગવાન આનંદસ્વરૂપ ભિન્ન છે, એ સુખરૂપ છે. એ રાગનું ભગવાન કારણ પણ નથી અને રાગનું એ કાર્ય પણ નથી. ત્રીજા બોલમાં લીધું છે. રાગની મંદતા હોય તો કારણ થઈને અહીં સમ્યગ્દર્શન કાર્ય થાય છે એમ નથી. અને રાગ મંદ છે એનું કારણ આત્મા છે એમ પણ નથી. આહા..હા..! એ રાગથી, કારણથી રહિત એનું અકારણકાર્યસ્વરૂપ છે. શક્તિ કાઢી છે ને ? ૪૭ શક્તિમાં ચૌદમી અકાર્યકારણશક્તિ (છે). આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ કેવો છે ? કે દયા, દાનના વિકલ્પનું કારણ પણ નથી અને એ રાગની સમ્યગ્દર્શનની પર્યાય કાર્ય પણ નથી. આહા..હા..! આવી વાતું હવે. માણસના બિચારાના માથા ફરી જાય એવું છે. આવી વાત છે, બાપુ ! આહા..હા..! ભગવાન ત્રણ લોકનો નાથ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં આ આવ્યું. ભગવંત ! આચાર્યે ભગવંત કહીને બોલાવ્યા છે. પામરને ભગવાન તરીકે, પ્રભુ તરીકે બોલાવ્યા. આહા..હા..! એ ભગવાન છે એને ભગવાન તરીકે બોલાવે છે. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવ.. છે ? 'સમયસાર'માં છે. દુઃખરૂપ છે. આહા..હા..! ભગવાન આત્મા દુઃખનું કારણ નથી, સુખરૂપ, આનંદરૂપ છે. સમજાણું કાંઈ ?

**'શુભાશુભ ભાવથી જુદો, હું જ્ઞાયક છું...'** આહા..હા..! જાણવા-દેખવાનો પિંડ પ્રભુ હું છું, એમ સમ્યગ્દષ્ટિ પોતાને માને છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જગતની હોંશુ બધી ઊડી જાય એવી છે. આહા..હા..! 'બેંગલોર' ગયા તે દિ' કહ્યું ને. 'બેંગલોર'માં બાર લાખનું મંદિર થયું છે. 'બેંગલોર'માં બાર લાખનું મંદિર બનાવ્યું. તો આઠ લાખ તો એક ભાઈએ આપ્યા છે. હમણા આવ્યા હતા. શ્વેતાંબર હતા. એણે આઠ લાખ નાખ્યા. 'બેંગલોર'માં બાર લાખનું દિગંબર મંદિર બનાવ્યું. આઠ લાખ તો એકે જ આપ્યા. હમણા આવ્યા હતા. એની પાસે બે કરોડ રૂપિયા છે. શ્વેતાંબર છે. પણ પ્રેમ અહીંયા છે. બધું છોડી દીધું. નાત બહાર કર્યા હતા. તો પણ ૪૧ હજાર ભરીને નાતમાં ગયા. પણ રસ અહીંયા છે. લોકો પછી.. ૪૧ હજાર ભરી દીધા. લોકો એમ કહે કે તમે આ ધર્મ છોડીને અને આ ધર્મ અંગીકાર કર્યો, માટે નાત બહાર. તમે આઠ લાખ ખર્ચ્યા. મેં તો કહ્યું, કે ભાઈ ! તેં આઠ લાખ ખર્ચ્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



માટે તને ધર્મ થશે, એમ છે નહિ. શુભભાવ છે. રાગની મંદતા કરી હોય તો શુભભાવ છે, પુણ્ય બંધ છે, ધર્મ નથી. અને બીજા એક સ્થાનકવાસી છે. 'મુંબઈ'માં મહાવીર માર્કેટ. કરોડપતિ છે. ઓલાને બે કરોડ. એણે ચાર લાખ નાખ્યા. ત્યાં બાર લાખનું આપણું દિગંબર મંદિર બનાવ્યું. બનાવ્યું ત્યારે બાર લાખનું હતું. અત્યારે તો પંદર લાખનું. આમ મંદિર જુઓ તો.. 'કલકત્તા'વાળા છે ને ? ગાંગુલી. વૈદ છે. શું કહેવાય એ ? હોમિયોપેથીના. આવ્યા હતા ને. બાળ બ્રહ્મચારી છે. ૪૯ વર્ષની ઉંમરે રાજકુમાર જેવા છે. લાખો રૂપિયા પેદા કરે છે. પાંચ-છ વાર અહીં આવ્યા હતા. મહારાજ ! મને જાવજીવ આ પ્રમાણે બ્રહ્મચર્ય રહે. ૪૯ વર્ષની ઉંમર છે અને લાખોની પેદાશ છે. દયામાં ને એમાં આપી દે. એ મંદિર જોઈને દર્શન કરવા આવ્યા હતા. જોઈને એક હજાર રૂપિયા આપ્યા. પણ છતાં કહે છે, પ્રભુ ! તારા હજાર દીધા એમાં રાગની મંદતા કરી તો પુણ્ય છે. એનાથી ધર્મ થશે એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ ?

એ અહીં કહે છે. **'શુભાશુભભાવથી જુદો, હું જ્ઞાયક છું તે દરેક પ્રસંગમાં યાદ રાખવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો...'** ભેદજ્ઞાનનો રાગથી ભિન્ન પડવાનો અભ્યાસ કરવો. એ મનુષ્ય જીવનની સાર્થકતા છે. બાકી તો બધા મનુષ્ય જીવન એળે ચાલ્યો જશે. આહા..હા..! સમજાણું કાંઈ ? રાગથી ભિન્ન થવાનો ભેદ-અભ્યાસ અંદર કરવો, એ મનુષ્ય જીવનની સાર્થકતા છે. બાકી પાંચ-પચ્ચીસ લાખ, કરોડ-બે કરોડ મળ્યા, ધૂળ મળી એ બધી ધૂળ છે. એમાં તને શું આવ્યું ? સમજાણું કાંઈ ? વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

**સ્ત્રી-પુત્ર-પૈસા-આબરુ આદિમાં કે રાગની મંદતામાં સુખ છે એમ માને છે તેણે જીવનું મરણ કર્યું છે કે હું પોતે આનંદસ્વરૂપ નથી પણ મારો આનંદ બહારથી મળે છે ! ચૈતન્ય પરિણતિથી જીવે તે જીવનું જીવનુ છે. બાકી બધા ચાલતાં મડદા છે. પામર પર ચીજમાં નજર દોડાવીને સુખી માને છે પણ પ્રભુ તું દુઃખી છો ! જ્યાં આનંદનું ધામ છે, આનંદનો ઢગલો છે, તેને જેણે પ્રતીતિમાં ને જ્ઞાનમાં લીધું તેને જ્ઞાન અને આનંદની પરિણતિ થઈ-એ ખરું જીવન છે. 'પરમાગમસાર' બોલ નં. ૪૦૭.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**પરથી વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય ? અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ. પોતે આળસુડો થઈ ગયો છે. 'કરીશ, કરીશ' કહે પણ કરતો નથી. કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો 'કાલ કરીશ, કાલ કરીશ' એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ ને જીવન પૂરું થઈ જાય. ૨૭૭.**

**ભાદરવા વદ ૧૩, શુક્રવાર તા. ૨૯-૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૭૭, ૨૭૮, પ્રવચન–૧૦૪**

૨૭૭ મો બોલ છે ને ? '**પરથી વિરક્તતા નથી,...**' શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ પરદ્રવ્ય, એનાથી વિરક્તતા નથી. એનું કરવું, એને બનાવું, એનું રક્ષણ કરું.. આહા..હા..! એમાં એની જિંદગી ચાલી જાય છે.

મુમુક્ષુ :– પરનું કરવું એમાં ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરનું–આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધા એનું કરું. પણ એનાથી હું ભિન્ન છું એની એને ખબર નથી.

મુમુક્ષુ :– આખી દુનિયા વિરક્ત કેમ થઈ શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્મા વિરક્ત થાય એટલે દુનિયા વિરક્ત થઈ ગઈ.

મુમુક્ષુ :– ધર્મ તો બધાને માટે જ હોય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધર્મ તો સર્વ માટે, કરે એને માટે છે. આહા..હા..! એક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તો એવી ચીજ છે, કે આ શરીર છે ને ? શરીર. એની જે પરમાણુની ઉત્પાદ-વ્યયની પર્યાય છે, એનાથી ધ્રુવ ઉત્પાદ-વ્યયથી અંદર ભિન્ન છે. આ રજકણમાં. ઉત્પાદ-વ્યય પર્યાય છે એ ઉપર છે. આહા..હા..! રજકણમાં જે ધ્રુવતા છે એ ઉત્પાદ-વ્યયની અંદર છે. ઉત્પાદ-વ્યયમાં ધ્રુવ નથી આવ્યો. આહા..હા..! અંદર કર્મની પર્યાય છે એ શરીર અને ધ્રુવની પર્યાયથી ભિન્ન. કર્મની પર્યાય છે એ પણ ઉત્પાદ-વ્યયની પર્યાય છે. અને પરમાણુ અંદર ધ્રુવ છે એ ઉત્પાદ-વ્યયથી ભિન્ન ચીજ છે. પરમાણુની ધ્રુવતા... આહા..હા..! અહીં તો પરથી વિરક્તતા કહેવી છે ને ?

**'પરથી વિરક્તતા નથી,...'** અને પોતે માને છે, કે હું શરીરને બનાવું છું, શરીરને રાખું છું. આહા..હા..! અને એ કર્મની પર્યાય, ઉદયની ઉત્પાદ-વ્યયની અંદર ધ્રુવ, રજકણની ધ્રુવતા, એનાથી પણ આત્માના રાગ-દ્વેષની પર્યાય ભિન્ન છે. આહા..હા..! અને રાગ-દ્વેષની પર્યાયના કાળે પણ જ્ઞાનની ઉત્પાદ-વ્યય પર્યાય ભિન્ન છે. આહા..હા..! અને એ જ્ઞાનની ઉત્પાદ-વ્યય પર્યાયથી પણ અંતરમાં ધ્રુવ તો ભિન્ન છે. આહા..હા..! આવી વસ્તુ, પ્રભુ !

ભગવાન આત્મા પરદ્રવ્યની પર્યાય અને પરદ્રવ્યની ધ્રુવતા, એનાથી તો ભિન્ન છે. શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, એનાથી પર્યાય જે શરીર છે અને એની ધ્રુવતા અંદર છે, એનાથી એનો આત્મા ભિન્ન છે. અને આ આત્મા પણ એની ઉત્પાદ-વ્યય જે આત્માની પરની પર્યાય છે એનાથી ધ્રુવ અંદર ભિન્ન છે. એ ઉત્પાદ-વ્યય ધ્રુવથી આ આત્મા ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :- આત્મા તો નિમિત્ત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભિન્ન છે. નિમિત્તનો અર્થ શું ? એના કારણે એ પર્યાય થાય છે એમાં આત્મા શું કરી શકે ? નિમિત્તનો અર્થ કે એની ઉપસ્થિતિ છે એટલું, પણ એના કારણે એમાં પર્યાય થાય છે, એમ નથી. આહા..હા..! આકરું કામ, બાપુ ! મનુષ્યપણું મળ્યું છે એમાં જો આ ન કર્યું તો જિંદગી ચાલી જશે. આ છોકરાનું કર્યું, બાળકનું કર્યું, ધંધો કર્યો, મરી ગયો. આહા..હા..!

મુમુક્ષુ :- તો છોકરાને ક્યાં મૂકવા જવા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્યાં છોકરા હતા ? કોના ? ભાઈ એનો હતો, તમારો ક્યાં હતો ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :- આપણે ક્યાં કહીએ છીએ કે આપણો છે. આપણો હોય તો .. સેવા ન કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ એના પાપ કરીને, પૈસા ભેગા કરીને એને ભણાવ્યો ને.

મુમુક્ષુ :- એ ભૂલ કરી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમાં ઘરની વાતું છે. ભાઈ છે ને ? છ, સાત, આઠ હજારનો માસિક પગાર છે. પાપ કરીને પૈસા ભેગા કર્યા. પાપ. ભાવ તો પાપ કર્યા હતા. પછી 'અમેરિકા'માં પાંત્રીસ હજારનો ખર્ચ કરીને ભણાવ્યો. હવે એ એના પાપ કરે છે. અને અહીં તો રોગ હોય તો પણ અહીં આવતો નથી. કોઈ વાર આવે તો જરી પગ દાબે. પગ તો જડ છે. આ તો ભાઈનું દૃષ્ટાંત લીધું. બધાને એમ છે ને ? ભાઈ ! આ પ્રભુ અંદર... આહા..હા..!

મુમુક્ષુ :- ધર્મ તો પોતાથી થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીંયા ધર્મ કેમ થાય છે (એ કહે છે). પરથી વિરક્તતા નથી. અંદરમાં વિરક્તતા નથી તો અંદર જવાનો અવકાશ નથી. સમજાણું કાંઈ ? આવી વાત બહુ આકરી, બાપુ ! આહા..હા..! આ શરીર, માટી એની જે આ ઉત્પાદ-વ્યયની પર્યાય છે, એનાથી માટીના પરમાણુ જે ધ્રુવ છે એ ઉત્પાદની અંદર છે. પર્યાયમાં ધ્રુવતા આવી નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ છે ને ? આહા..હા..! તે ધ્રુવ ને ઉત્પાદ-વ્યયથી પણ શરીર અને કર્મના ઉત્પાદ-વ્યય અને ધ્રુવથી પણ ભગવાન અંદર ભિન્ન છે. આહા..હા..!

હવે અંદરમાં રાગ અને દ્વેષની દુઃખરૂપ પર્યાય ઉત્પન્ન થાય છે. એ પણ જ્ઞાનની ઉત્પાદ-વ્યય પર્યાય છે એ પર્યાયથી આ પર્યાય ભિન્ન છે. ભલે એક સાથે છે પણ છે ભિન્ન. આહા..હા..! અને જ્ઞાનની જે ઉત્પાદ-વ્યયની પર્યાય છે, એમાં ધ્રુવતા છે એ તો અંદર ભિન્ન છે. ભગવાન જ્ઞાનગુણ, આનંદગુણ, શાંતગુણ.. આહા..હા..! આવી વાતું, પ્રભુ ! એ ધ્રુવમાં જ્યાં સુધી ન જાય ત્યાં સુધી એની દૃષ્ટિ સાચી નથી થતી. આહા..હા..! અરે..! જીવન ચાલ્યું જાય છે. મૃત્યુની સન્મુખ છે. માણસ એમ કહે કે મારું આયુષ્ય વિશેષ છે. આગળ મોટો થયો. પ્રભુ એમ કહે છે કે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની સમીપ તું જાય છે.

મુમુક્ષુ :- મા જાણે કે મારો દીકરો મોટો થાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :- (મા કહે કે) દીકરો મોટો થાય છે, પણ અહીં કહે છે કે મૃત્યુની સમીપ જાય છે. આહા..હા..!

**'પરથી વિરક્તતા નથી,...'** એક વાત. **'વિભાવની તુચ્છતા લાગતી નથી,...'** આહા..હા..! રાગ-દ્વેષ, પુણ્ય અને પાપ ઉત્પન્ન થાય છે એની તુચ્છતા ન લાગે. અહીં તો હજી પ્રથમ સમ્યગ્દર્શનની વાત કરે છે. સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શન થયું તો આનંદનો સ્વાદ આવ્યો. એમાં વિભાવ જે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે, એનો જ્ઞાનીને ખ્યાલ આવ્યો કે આ દુઃખનું વેદન છે. સમજાણું કાંઈ ? જ્ઞાની એમ જાણે છે કે મારામાં મારા કારણે દુઃખનું વેદન છે. આહા..હા..! પણ અહીં તો એકલું દુઃખનું વેદન જે રાગ-દ્વેષ છે, એનાથી જ્ઞાનપર્યાય ભિન્ન છે અને જ્ઞાનની પર્યાયના ઉત્પાદ-વ્યયની અંદર ધ્રુવતા એની અંદર છે. ઉત્પાદ-વ્યય ઉપર છે અને ધ્રુવ અંદર છે. આહા..હા..! અરે..રે..!

મુમુક્ષુ :- ઉપર છે એટલે પર્યાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉપર છે એટલે પર્યાય છે અને અંદર છે એટલે ધ્રુવ છે. આહા..હા..! આ તો શાંતિના માર્ગ, બાપા ! ધીરાના છે. આહા..હા..! શાસ્ત્ર વાંચીને વાત ધારી લે, એથી કરીને વસ્તુની દૃષ્ટિ થઈ છે એમ નથી. વાત સમજાણી ? દૃષ્ટિ હોય તો એને વિવેક (પ્રગટે કે) મને આનંદ પણ (પ્રગટ) થયો છે અને દુઃખ પણ મારામાં છે. એમ સમ્યગ્દૃષ્ટિને ભાન થઈ જાય છે. દુઃખ છે જ નહિ, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની દુઃખ વેદતા જ નથી (એમ માને છે) એ મિથ્યાદૃષ્ટિ છે. એને ચીજની ખબર નથી. સમજાણું કાંઈ ? ભલે શાસ્ત્રની વાત કરે. આહા..હા..!

અહીં કહે છે કે **'વિભાવની તુચ્છતા...'** વિભાવ સમ્યગ્દૃષ્ટિને પણ થાય છે પણ અહીંયા તો વિભાવની તુચ્છતા લાગ્યા વગર અંતરમાં જઈ શકે નહિ. સમજાણું કાંઈ ? ભાઈ ! આવું ઝીણું છે. આહા..હા..! અરે..! પ્રભુ ! હમણા એક વિચાર આવ્યો, એક કુતરી બેસે છે ને ? પેટમાં બચ્ચા છે. લીમડા નીચે સૂતી હતી. અંદર બચ્ચા છે. આહા..હા..! હવે એ બચ્ચા બે મહિના-અઢી મહિના રહે, કાંઈ ખબર નથી આપણને. મનુષ્યને નવ મહિના રહે. એને કાંઈક થોડું રહેતું હશે. આપણને કાંઈ ખબર નથી. હવે અંદરમાં... આહા..હા..! એને શ્વાસ લેવો હોય તો, અંદર આ તો બધું... આહા..હા..! જુઓ! આ દેહ. એ દેહમાં અંદર ભગવાન (ભિન્ન છે). આ કૂતરીનું શરીર છે, એનાથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



બચ્ચાનું શરીર ભિન્ન છે. અને શરીરની ઉત્પાદ-વ્યયની પર્યાયથી ભગવાન આત્માની રાગ-દ્વેષની પર્યાય ભિન્ન છે. આહા..હા..! અને રાગ-દ્વેષની પર્યાય છે, એનાથી હું ભિન્ન છું. પણ એમાં જ્ઞાનને, રાગને જાણવાની જ્ઞાનની પર્યાય જે ઉત્પન્ન થાય છે... આહા..હા..! એને વિભાવની તુચ્છતા લાગતી નથી. તેથી અંદર નથી જઈ શકતો. આહા..હા..! અરે..રે..! હજી તો બહારના આ બાયડી, છોકરા, કુટુંબ, ધૂળ, ધાણી, ધમાહા. એનાથી કાંઈક અમે છીએ અને વધ્યા છીએ અને અમે ઠીકમાં આવ્યા. મૂંઢ છે મોટો. પાપી છે. એય..! અહીં તો એ વાત છે, બાપા ! આહા..હા..! પ્રભુ ! તું ક્યાં છો ? આહા..હા..!

જેને અંદર વિભાવની પણ તુચ્છતા ન લાગે, પરદ્રવ્યની વિરક્તતા અંદર ભાસે નહિ. આહા..હા..! **'અંદર એટલી તાલાવેલી નથી;....'** અંદરમાં એટલી તાલાવેલી નથી, કે વિભાવની તુચ્છતા, પરથી વિરક્તતા (ભાસે), મારી ચીજ અંદર ભિન્ન છે. એવી તાલાવેલી જેને નથી. આહા..હા..! પછી **'કાર્ય ક્યાંથી થાય ?'** આહા..હા..! અરે..! શાસ્ત્રનું જાણપણું થયું, એ પણ પરલક્ષી વસ્તુ છે, એ કોઈ ધર્મ નથી. અરે..! આહા..હા..! તેનાથી ભિન્ન મારી ચીજ છે એવી ઉત્કંઠા જેને નથી, એ કાર્ય ક્યાંથી કરશે ? ભગવાન ! આવી વાત છે, પ્રભુ ! આહા..હા..!

ભગવાનસ્વરૂપ અંદર બિરાજે છે. જેને પરદ્રવ્યની અભાવ કરવાની વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા નથી લાગતી અને શુભાશુભભાવમાં મહિમા (આવે કે) કાંઈક પુણ્ય મેં કર્યા, દયા પાળી, વ્રત કર્યા, એવા ભાવની મહિમા રહે, એ અંતરમાં કેમ જઈ શકે છે ? જ્યાં ધ્રુવ પ્રભુ બિરાજે છે. સચ્ચિદાનંદ પરમાત્માસ્વરૂપ પર્યાયની પાછળ અંદર, પર્યાયની અંદર, પર્યાયમાં નહિ, પર્યાયમાં નહિ, પર્યાયમાં ઉપર નહિ, પર્યાયથી ઉપર નહિ, પર્યાયમાં નહિ, પર્યાયમાં અંદર છે. (એટલે પર્યાયની અંદર છે.) આહા..હા..! એમ તાલાવેલી (લાગે). પહેલા પરથી વિરક્તતા અને વિભાવની તુચ્છતા ભાસે, તો અંદરની તાલાવેલી જાગે તો અંતરનું કાર્ય કરવાનો પ્રયાસ કરે. બરાબર છે ? આહા..હા..! **'અંદરમાં એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય ?'**

**'અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ.'** પરદ્રવ્યથી હું ભિન્ન છું, વિરક્ત છું. વિભાવથી પણ મારી ચીજ તો ભિન્ન છે અને વર્તમાન ઉત્પાદ-વ્યય જ્ઞાનાદિની પર્યાયથી પણ મારી ચીજ તો અંદર ભિન્ન છે. આહા..હા..! **'અંદર તાલાવેલી**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ.'** આહા..હા..! બહુ સાદી ભાષામાં તત્ત્વ આવ્યું છે. વચનામૃત. આહા..હા..! જગતના ભાગ્ય કે આવી ચીજ બહાર આવી. ગુજરાતી સાદી ભાષા. હિન્દીમાં તો પછી કર્યું. બોલચાલની ભાષામાં. આહા..હા..!

**'પોતે આળસુડો થઈ ગયો છે.'** કર્મના કારણે નહિ. આહા..હા..! **'પોતે આળસુડો થઈ ગયો છે.'** અનાદિથી, પ્રભુ ! અંદર આનંદનો નાથ પ્રભુ છે ત્યાં જવાનો તારો પ્રયત્ન નથી. અને પુણ્ય-પાપ કરે છે એ આળસુ, પ્રમાદી, મૂંઢ છે. ૨૪ કલાકમાં ૨૨ કલાક હોળી જગતને સળગે છે. આ બાયડી, છોકરા, કુટુંબ, રળવું, દુકાન. પાપની હોળીની ઘાણીમાં પીલાય છે. આહા..હા..! એમાં કાંઈક છોકરા ભણે, વિલાયત જાય, અમેરિકા જાય. એમાં ત્યાંથી આવે અને પાંચ-પચ્ચીસ લાખવાળાની સારી કન્યા મળે. તો આહા..હા..! હરખ... હરખ... હરખ.. પાપનો. આહા..હા..! પ્રભુ ! તારે ક્યાં જાવું છે ? એય..!

અહીં કહે છે કે **'પોતે આળસુડો થઈ ગયો છે.'** ભગવાન આનંદનો નાથ અંદર પ્રભુ ! એ તરફનો પુરુષાર્થ કરતો નથી અને આળસુ થયો છે. પુણ્ય, પાપ, શરીર મારું, બાયડી, છોકરા, કુટુંબ અમારા, આ અમારો દેશ, અમે રક્ષણ કરીએ. મૂંઢ છે, પાપી છે, પાખંડી, અજ્ઞાની છે. આહા..હા..! એમાં પણ ધંધા સરખા ચાલે, વર્ષની અને મહિનાની બે-પાંચ લાખની પેદાશ (હોય) તો આહા..હા..! હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય એને. આહા..હા..! કરોડો પૈસા. અત્યારે તો આપણા મહાજન તો ઘણા કરોડપતિ થઈ ગયા. 'અમેરિકા'માં. શું કહેવાય ? 'આફ્રિકા'માં. 'આફ્રિકા'માં મહાજન લોકો ગયા હતા ને ? જીવરાજજીની નાતના કેટલાય કરોડપતિ થઈ ગયા છે. અહીં તો સાધારણ બળદના પૂંછડા ઓલા કરતા હતા અને ખેતી કરતા હતા. પણ ત્યાં ગયા તો કરોડોપતિ (થઈ ગયા).

મુમુક્ષુ :– પરદેશ ગયા તો મળ્યા ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પુણ્ય હતા માટે મળ્યા. પરદેશ ગયા માટે નહિ. પરદેશ તો ઘણા જાય છે. અને મળ્યા તે એની પાસે ક્યાં આવ્યું છે ? એ ચીજ મને મળી એવી મમતા એની પાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આપણા મુમુક્ષુઓના 'નાઈરોબી'માં ૬૦ ઘર છે. શ્વેતાંબર બધા દિગંબર થઈ ગયા. ભગવાનની પ્રતિમા પ્લેનમાં લઈ ગયા. ૨૫-૩૦ વર્ષથી ચાલે છે, કાયમ વાંચન ચાલે છે. રેકોર્ડિંગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



લઈ ગયા છે. 'સમયસાર'ના પાંચ હજાર રેકોર્ડિંગ લઈ ગયા છે. ચાલે છે. હમણા જેઠ સુદ ૧૧ તો ખાતર્મુહૂર્ત થયું. પંદર લાખનું મંદિર બનાવવાનો શિલાન્યાસ થયો. વિનંતી કરવા આવશે કે ત્યાં 'નાઈરોબી' પધારો. બધા પૈસાવાળા. આઠ જણા તો કરોડપતિ છે. શ્વેતાંબર દિગંબર થઈ ગયા અહીંનું વાંચન કરતા કરતા. અને બીજા બધા કોઈ પંદર લાખ, કોઈ દસ લાખ, કોઈ વીસ લાખ, કોઈ પચાસ લાખ, કોઈ ચાલીસ લાખ, કોઈ સીત્તેર લાખ એવા છે.

મુમુક્ષુ :– એ તો આપની કૃપા થઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ ભાઈ છે ને ? બેઠા છે. આ ભાઈ. એના ભાણેજ છે. એમણે 'આફ્રિકા' શિલાન્યાસમાં હમણા બે લાખ અને બે હજાર આપ્યા. આ એમના મામા થાય છે. ઇ એના ભાણેજ. એને દીકરો-દીકરી નથી. એમની બહેન છે, બા છે અને બાયડી-ભાયડો બે. પૈસા સારા છે. બે લાખ અને બે હજાર માત્ર શિલાન્યાસમાં આપ્યા. પણ એ તો શુભભાવ છે, કોઈ ધર્મ નથી. આહા..હા..!

અહીંયા તો (કહે છે), એમાં જે રાગ થયો, એ રાગથી પણ ભગવાન અંદર ભિન્ન છે. આહા..હા..! રાગ તો ઉપર ઉપર તરે છે. ધ્રુવ આનંદકંદ પ્રભુ ! નિત્યાનંદમાં રાગ પ્રવેશ નથી કરતો. આહા..હા..! અરે..! કોને ખબર ? પાગલની જેમ લોકોની જિંદગી જાય છે. અમે દુનિયાના ડાહ્યા. વાતું કરવા બેસે તો જાણે મોટા દેવના દીકરા ઉતર્યા એ આનું આમ થાય ને આનું આમ થાય. ૫૦ લાખનું કારખાનું નાખ્યું અને પાંચ લાખ પેદા થાય છે. શું છે ? ધૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીંયા કહે છે કે **'પોતે આળસુડો થઈ ગયો છે.'** નાથ ! પ્રભુ તારી ચીજ અંદર આનંદકંદ છે. એ તરફ જવાના તારા પુરુષાર્થમાં તું આળસુડો થઈ ગયો છે. એ રાગ, પુણ્ય, પાપ, દેહ, વાણી, બાયડી, છોકરા, કુટુંબમાં પાપી રોકાઈ ગયો.

મુમુક્ષુ :– કુટુંબનો વડો હોય તો સલાહ આપવી પડે ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સલાહ આપવી તો આ સલાહ નહોતા આપતા ભાઈ ? જેલમાં જાવું પડ્યું હતું. આ ભાઈ છે ને ? ગાંધી. શું કહે ? ભાઈ ! તમારું ઓલું હતું એ ? આ માણસ નહોતો એ ? ... નહિ આ તમારો ઓલો કામ કરનારો. ભાઈ. આ એ ભાઈના ગુરુ હતા. ઇ ભાઈ આવે, બધા દેશની સલાહ લેવા આવે તો સલાહ આપતા. જેલમાં ગયા હતા. ધૂળમાં શું છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– સલાહથી શું થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં સલાહ દીધી નથી. પાપ લીધું છે. સલાહ તો ચૈતન્યનું સામ્રાજ્ય... (તે ખરૂ સામ્રાજ્ય છે) આહા..હા..!

અમે 'જામનગર' હતા ત્યારે એકવાર કહ્યું હતું, ત્યાંના રાજાની એક કરોડની ઉપજ છે. અમે 'જામનગર' ગયા હતા. કઈ સાલ ? ત્યારે તમે નહોતા. (સંવત) ૨૦૧૦ની સાલ. અમે તેના બંગલા પાસે ખેતર હતું ત્યાં જંગલ જતા હતા. તો દરબારને ખબર પડી. દરબારને આંખની પીડા હતી. રાણી બહુ હોશિયાર. કરોડો રૂપિયા પેદા કરે. કરોડો રૂપિયા. એ સિવાય, હોં ! કરોડો રાજના અને એ બાઈ કરોડોનો વેપાર કરતી હતી. તો એને ખબર પડી કે આ મહારાજ મારા બંગલા પાસે આવે છે. તો એના માણસ પાસે કહેવડાવ્યું, કે મારે મહારજના દર્શન કરવા છે. અમે જંગલ કરવા જતા હતા. તો ત્યાં ગયા. રાણી સામે આવી. ઓલું કર્યું હતું, શું કહેવાય એ ? રંગોળી. દરબારનો મહેલ હોય ને ? રંગોળી કરી હતી. દરબાર અંદર ઉભા હતા. દસ મિનિટ વાત કરી.

દરબાર ! રાજન ! આ સામ્રાજ્ય નહિ. આહા..હા..! આ ધૂળના સામ્રાજ્ય એ રાજ નહિ. આ ભગવાન આનંદનો નાથ અંદર અનંત ગુણનું સામ્રાજ્ય બિરાજે છે. રાજન ! જીવરાજા. એનો અનુભવ કરવો એ સામ્રાજ્ય છે. અહીંયા અમારે શું ? રાજા હોય કે રંક હોય. દસ મિનિટ બોલ્યા. પછી તો વ્યાખ્યાનમાં જવાનું હતું. ગામમાં વ્યાખ્યાન હતું. સવારમાં તદ્દન સવારમાં. એક હજાર રૂપિયા મૂક્યા. દસ મિનિટ ભાષણ કર્યું ને. એક હજાર જ્ઞાન ખાતે દીધા. પણ એને બિચારાને ક્યાં (ખબર છે) ? રાજની વ્યવસ્થામાં મરી ગયા માણસો. મારી નાખ્યા. આહા..હા..!

અહીં તો પરમેશ્વર એમ કહે છે, એ આ વાણી છે. તારા આત્મામાં જે કાંઈ શુભ-અશુભભાવ થાય છે એના પ્રેમમાં અંદર જવામાં તું '**પોતે આળસુડો થઈ ગયો છે.**' આહા..હા..! જ્યાં ચીજ છે ત્યાં જવા માટે પ્રમાદી થઈ ગયો, પ્રભુ ! આહા..હા..! '**કરીશ, કરીશ કહે..**' છે. છે ને ? મારે કરવું છે... મારે કરવું છે પણ ક્યારે કરવાનું છે ? મરી જાય, દેહ છૂટી જાય પછી નરક, નિગોદમાં ચાલ્યો જઈશ. ત્યાં કુદરતના નિયમમાં સિફારિશ કાંઈ કામ નહિ લાગે. કે હું મોટો થઈ ગયો. પાંચ કરોડ મળ્યા, બે કરોડ ધર્મમાં ખર્ચ્યા હતા. એમાં શું આવ્યું ? સમજાણું કાંઈ ? એરણની ચોરી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અને સોયના દાન. એરણ સોનીની હોય છે ને ? એમ ૨૨ કલાક પાપ એ એરણની ચોરી. એમાં કોઈ બે-ચાર કરોડ ધર્મને નામે ખર્ચ્યા હોય તો એ સોયના દાન છે. આહા..હા..! એમાં કોઈ ધર્મ નથી. એમાં કોઈ વિશેષ પુણ્ય નથી. ૨૨ કલાક મશગુલ. દુકાન અને ધંધે બેઠો એટલે જાણે દેવનો દીકરો હોય.

અમારે પણ દુકાને એમ થયું હતું ને ? ફઈના દીકરા ભાગીદાર હતા. દુકાનમાં સાથે હતા. એના નામે દુકાન હતી. દુકાને બેસે તો જાણે આમ.. આહા..હા..! અમે શું કરીએ છીએ ! વર્ષની બે બે લાખની પેદાશ. હું તો પહેલેથી ભગત હતો ને ? મેં તો એને કહ્યું. (સંવત) ૧૯૬૬ની સાલની વાત છે. ૧૯૬૬. ૧૯૭૦ પહેલા ૧૯૬૬. કેટલા વર્ષ થયા ? ૬૮ વર્ષ. ૬૮ વર્ષ પહેલા મેં કહ્યું, અરે..! ભાઈ ! થડે બેઠા હતા. ૩૦ માણસ હતા. બે દુકાન હતી. એક રસોડુ અને ૩૦ માણસ જમતા હતા. અને મને એમ કે આખો દિ' રાગ-રાગ, પાપ-પાપ.. પાપ.. ભાઈ ! મને એમ લાગે છે કે આપણે વાણિયા છીએ એટલે આપણે માંસ-ઈંડા ખાતા નથી. તેથી નરકમાં તો નહિ જાઓ. એય..! ૬૮ વર્ષ પહેલાની વાત. ૨૦ વર્ષની ઉંમર હતી. તમે મનુષ્ય થશો એ મને લાગતું નથી. દેવમાં તો તું કદી જઈશ નહિ. ઢોરમાં જઈશ, એ વાત યાદ રાખજે. મારી સામું કોઈ બોલે નહિ. ભગત છે, સાંભળો. હું અહીંયા કોઈની સફારશ કરતો નથી. આખો દિ' આ ધંધા-પાપ-પાપ આ રળ્યા ને આ આવ્યા ને આટલા પૈસા પેદા કર્યા. અને પૈસા લાખો રૂપિયા ત્યાં મૂકી જાય. આબરૂ મોટી એટલે લાખો રૂપિયા મૂકી જાય.

મુમુક્ષુ :– બીજી પેઢીઓ તૂટી ગઈ અને એની પેઢી આબાદ રહી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આબાદ રહી એ તો પુણ્યને કારણે. એમાં કાંઈ ધૂળેય નથી. રાખતા બરાબર બહાર લૌકિક લાઈન. તિજોરીમાં ૧૫-૨૦ હજાર તો પડ્યા જ હોય. કેમ કે લાખો રૂપિયા એ લોકો મૂકતા હતા અને માગવા આવે તો ના ન પાડે. લઈ જાવ. પણ મરીને ઢોરમાં જઈશ, યાદ રાખજે તું. ઢોર સમજ્યા ? પશુ. એવું થયું. મૃત્યુ કાળે... આહા..હા..! મેં કર્યું... મેં કર્યું... આ કર્યું... આમ કર્યું... આમ કર્યું... સનેપાત થઈ ગયો. આમ બે લાખની પેદાશ. દસ લાખ રૂપિયા રોકડ. તે વખતે તો રોકડ રકમ હતી. હવે આ બધું. આ તો ૨૧ની સાલની વાત છે. મરીને ઢોરમાં ગયો. છોકરાઓએ કહ્યું, મહારાજ કહેતા હતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અરે...! પ્રભુ ! આ તેં શું કર્યું ? આહા..હા..! અંદર આળસુ થઈને દુનિયાના પાપના પરિણામ અને પુણ્યના પરિણામ કર્યા, પણ અંદર જવાનો પુરુષાર્થ તો તેં કદી કર્યો નહિ. આહા..હા..! આવી વાતું છે, ભગવાન !

મુમુક્ષુ :– કેટલા કલાક કરવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે..! એની લગની લાગવી જોઈએ. આહા..હા..! શરીર મારું મારુંની લગની કેટલી લાગી છે ? કે ઊંઘમાં પણ કહે, પોપટ ! ઊભો થા. ક્યાંથી આવ્યો પોપટ ? પોપટ નામ તો શરીરનું ધૂળનું હતું. આહા..હા..! હં. તું ક્યાંથી આવ્યો ? જેની લગની લાગી એ તો સપનામાં પણ હું છું એમ (લાગે છે). આહા..હા..! કાળો કેર કરે છે ને ? મારીને આત્માને ક્યાં લઈ જવો છે એ ખબર નથી. આવી વાત છે, પ્રભુ ! અહીં તો બહારના પાંચ-પચાસ કરોડ મળ્યા, ઘરવખરી જુએ તો પાંચ-પાચ, દસ-દસ લાખની ઘરવખરી. ઘરવખરી સમજો છો ? ફર્નિચર.

મુમુક્ષુ :– આબરૂ પ્રમાણે ફર્નિચર રાખવું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— આબરૂ કોની ? બાપ ! આબરૂ ક્યાં હતી ? આબરૂ તો અંદર પડી છે. ધૂળની આબરૂ ! મોટા કરોડપતિ છે, અબજપતિ છે. આહા..હા..! આ ભાઈના સાળા. બે અબજ ચાલીસ કરોડ. 'ગોવા-ગોવા'. મરી ગયા એને બે વર્ષ થયા ? મરી ગયા એને દોઢ-બે વર્ષ થયું ? બે વર્ષ થયા. એમના સાળા. સગા સાળા. 'ગોવા'. બે અબજ ચાલીસ કરોડ અઢી અબજ રૂપિયા. મરીને... બાયડીને થઈ ગયું હતું, આ શું કહેવાય ? હેમરેજ. 'મુંબઈ' આવ્યા. ત્યાં બે-ચાર દિ' થયા પછી એક રાત્રે કહે મને દુઃખે છે. ૬૧ વર્ષની ઉંમર. પૈસા પડ્યા (રહ્યા). ૪૦ લાખના બંગલા, ૧૦-૧૦ લાખના બે બંગલા એમ ૬૦ લાખના ત્રણ બંગલા. અને મને દુઃખે છે, મને દુઃખે છે, ડોક્ટરને બોલાવો. ડોક્ટર જ્યાં આવે ત્યાં ભાઈ સાહેબ... જાવ પશુમાં રખડવા. આહા..હા..! આવી વાત છે, બાપા !

અહીં કહે છે કે અરે...! પ્રભુ ! તું આળસુ (થઈ ગયો છો). સ્વને માટે આળસુ અને પરને માટે પુરુષાર્થી. આહા..હા..! **'પોતે આળસુડો થઈ ગયો છે. કરીશ, કરીશ કહે પણ કરતો નથી.'** હું આત્માનું કાર્ય કરીશ, સમ્યગ્દર્શન કરીશ, કરીશ (કહે છે) પણ કરતો નથી. આહા..હા..! **'કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે,...'** ધીમે ધીમે ઉઠશું..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ઉઠશું... આહા..હા..! ... **'તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો...'** આહા..હા..! ભગવાન આનંદનો નાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવ, પરમેશ્વરે જે અંદર પરમાત્મસ્વરૂપ જોયું, એ આત્મા અંદર પરમાત્મસ્વરૂપ બિરાજમાન છે. આહા..હા..! કેમ બેસે ? બે સીગારેટ પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને દિશા ઉતરે. આવા અપલખણવાળા. હવે એને કહેવું તું આત્મા..! બે બીડી પીને અહીં સાંભળવા આવે. મગજ ઠીક છે. આજે ચા-પાણી પીધા વગર આવ્યો છું. મગજ ઠેકાણે નથી. દોઢ પાશેરનો ઉકાળો પીવે ત્યારે એનું મગજ ઠીક રહે. અપલખણ તો જુઓ ! સમજાણું કાંઈ ?

અહીં કહે છે... આહા..હા..! **'તાલાવેલી વિનાના આળસુ જીવો...'** આત્મા આનંદનો નાથ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, સિદ્ધસ્વરૂપી પ્રભુ અંદર છે. એના તરફના પુરુષાર્થમાં આળસુ... આહા..હા..! અને **'કાલ કરીશ, કાલ કરીશ એમ મંદપણે વર્તે છે;...'** એ પછી કરીશ. જરી છોકરા-છોકરી જુવાન થયા છે એના લગન-બગન કરીને ઠેકાણે પાડું, આઠ છોકરા છે તો મારી હયાતીમાં આઠ મકાન બરાબર બનાવું. અને વેપાર કરવામાં મારો અનુભવ આપું તો વેપાર ચાલે. એમ છે કે નહિ ? ભાઈ !

**'એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ...'** આહા..હા..! એક દૃષ્ટાંત છે. અમારી દીક્ષા વખતે એક દૃષ્ટાંત હતું. વાણિયાની નાતમાં ભોજન ચાલતું હતું. ત્યાં લખ્યું હતું કે આજે વાણિયા જમે, કાલે બારોટ. બારોટ સમજ્યા ? ભાઠ હોય છે ને ? તેઓ આવ્યા. કે તમારું જમણ છે અને અમારું ? કે તમારું કાલે છે. કાલે આવ્યા. શું છે ? આજે અમારું અને કાલે તમારું. એ કાલ આવે નહિ અને બારોટ જમે નહિ. એ વખતે લખ્યું હતું. બહારમાં જ્યારે દીક્ષા લેવાની હતી ત્યારે હાથી આવ્યો હતો. ૬૫ વર્ષ પહેલાની વાત છે. દીક્ષા લેવા બહાર નીકળ્યા ત્યાં હાથી આવ્યો. હાથીના હોદ્દે દીક્ષા લીધી હતી. પણ ઉપર ચડવા માટે નીસરણી મોટી હતી. કપડા તો અમે બહુ સાધારણ પહેરતા. .. ના ધોતિયા, જરીની ટોપી, ઉંચા પહેરતા હતા. ઉપર ચડતા જગન્નાથની ધોતી જરી ફાટી ગઈ. મોટો હાથી હતો ને ? અમે ચડી ન શકીએ. નીસરણીથી ચડતા હતા ત્યાં ફાટી. મનમાં શંકા પડી કે થયું શું ? પણ એટલો બધો બહુ વિચાર નહિ પણ કાંઈક થયું છે. પાછળથી બહુ વિચાર કરતા કરતા એમ થયું કે... આહા..હા..! કપડા સાથે દીક્ષા ન હોય માટે ફાટી ગયું. કપડા સહિત મુનિ ત્રણ કાળમાં હોતા જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એક વાર (સંવત) ૧૯૭૩ની સાલ, ૧૯૭૩. પાત્રા રંગે ને, પાત્રા ? ભોજન કરવા માટે. તો ૧૫-૨૦-૨૫ પાત્રા રંગ કરીને રાખે. અને ૧૫-૨૦ વાપરવાના હોય. તો એ રંગવામાં દરરોજ બે-બે કલાક જાય. 'દામનગર' હતા. હું તો સ્વાધ્યાય કરતો હતો. ગુરુ એ રંગતા હતા. (મેં કહ્યું), પણ મહારાજ ! આ શું ઉપાધિ ? બે-બે કલાક આ પાત્રા રંગવા. આ શું ? કીધું. ત્યારે ગુરુએ એમ કહ્યું,... આમ ભદ્રિક અને સરળ હતા, તો કહે પાત્ર વિનાના સાધુ ગોતી લાવજે. સમજાણું કાંઈ ? ગોતી લાવ્યો, કીધું. પાત્ર વગરના મુનિ હોય છે, બીજા હોતા નથી. આ ૧૯૭૩ની સાલની વાત છે. આહા..હા..! મુનિને વસ્ત્રનો ટુકડો ન હોય અને પાત્રનો ટૂકડો ન હોય. એવું અંતર મુનિપણું પ્રગટે તેને મુનિ કહે છે. આ બધા વસ્ત્ર, પાત્ર રાખે એ મુનિ જ નથી અને માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આકરી વાત છે, ભાઈ ! આ તો ત્રણ લોકના નાથ સીમંધર ભગવાન બિરાજે છે. ત્યાંથી આ વાત આવી છે. સમજાણું કાંઈ ?

**'ત્યાં કાલની આજ થાય નહિ...'** કાલની આજ થાય નહિ. ઓલા બારોટની જેમ. પછી કરીશ.. પછી કરીશ.. પછી કરીશ.. પછી-પછી રહી જશે અને તારો દેહ છૂટી જશે. નરક અને નિગોદમાં ચાલ્યો જશે. તારા બાદશાહી પૈસા અને કુટુંબ સાથે નહિ આવે. અને તું મરી જઈશ માટે એ રડે છે અને મરીને તું પશુમાં ગયો એ માટે રડતા નથી. અમારી સગવડતા હતી, દુકાનમાં બેસતા હતા, ધંધો કરતા હતા અને અમને પૈસા રળી આપતા હતા, માટે રડે છે. આહા..હા..! એ બધા ધુતારાઓ... ધુતારાની ટોળી. 'નિયમસાર'માં છે. 'નિયમસાર'માં છે ને ? એ બાયડી, છોકરા, કુટુંબ ધુતારાની ટોળી બધા ઠગ છે. આહા..હા..!

પોતાનું સ્વરૂપનો પુરુષાર્થ કર્યો નહિ અને પરમાં રોકાઈ ગયો. એકલો આળસુ-પાપી છે. એમ કરતાં કરતા જીવન પૂરું થઈ ગયું. બસ, દેહ છૂટી ગયો. જાવ રખડવા. આહા..હા...! ૨૭૭ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. તે આત્માર્થી જીવ 'જ્ઞાન'લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયકતત્ત્વ પ્રગટ થાય. ૨૭૮.**

૨૭૮. **'જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે...'** પાણીનું એક ટીપું મળે તો એમ થાય કે.. આહા..હા..! એવી તરસ લાગી હોય. એવો તાપ હોય. પર્વતની ટોચ ઉપર. કોઈ છાંયો નહિ, ઝાડ નહિ ત્યાં તાપ એવો લાગે. તાપ અને તરસ. એમાં પાણીનું એક ટીપું મળે તો ત્યાં લક્ષ જાય છે. છે ? **'અને તે તેને લેવા માટે દોડે છે,...'** આહા..હા..!

**'તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય...'** આ આખો સંસાર દુઃખરૂપ છે. આહા..હા..! સ્વર્ગ ને શેઠાઈ ને રાજાઈ એ બધું આતાપ, આકુળતાનું કારણ છે. આહા..હા..! **'તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પીપાસા જાગી હોય,...'** સત્ પ્રભુ આ અંદર કોણ છે ? નિત્યાનંદ પ્રભુ ! સહજાનંદસ્વરૂપ પ્રભુ આત્માનું સર્વજ્ઞ જિનેશ્વરે જોયું એ. આહા..હા...! એની તૃષા જેને લાગી હોય, એ અંદરમાં પાણી પીવા માટે ગયા વગર રહે નહિ—અનુભવ કર્યા વગર રહે નહિ. આહા..હા..! આવી વાતું છે. આવો ઉપદેશ કઈ જાતનો ? બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! બીજા ઉપદેશ કરનારા અજ્ઞાનથી ગમે તે કહે કે આમ કર્યું માટે ધર્મ થયો, વ્રત કર્યા અને ધર્મ થઈ ગયો, દાન કર્યા, મંદિર બનાવ્યા તેથી ધર્મ થયો, એ બધા મૂઢ છે. એ ધર્મ-બર્મ છે જ નહિ. લાખ મંદિર બનાવે, નહિ ! એમાં કરોડ ખર્ચે, નહિ ! એમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



રાગની મંદતા છે તો પુણ્ય છે. એ પુણ્યનો પુરુષાર્થ કરે છે, પણ અંદરમાં પુરુષાર્થ નથી કરતા. આહા..હા..! આવું છે. આવો કઈ જાતનો ઉપદેશ ? ભગવાનનો ઉપદેશ આવો હશે ? ભાઈ ! અમે તો અત્યાર સુધી સાંભળીએ કે દયા (પાળવી), ઊનું ન ખાવું, ચોવિહાર કરવો, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, બીજ, પાંચમ, આઠમ, અગ્યારસ. અરે..! સાંભળને હવે. એ બધી ક્રિયાકાંડમાં રાગ મંદ થાય એ પુણ્ય છે, કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ ? ઇ કહે છે.

**'સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે.'** આહા..હા..! સંસારનો તાપ-દુઃખ લાગ્યું હોય. આહા..હા..! પ્રભુ કહે છે કે નિગોદના ભવમાં એક શ્વાસોશ્વાસમાં અઢાર ભવ કરે છે. ત્યાં એટલામાં તો અઢાર ભવ (કરે). નિગોદ. આ બટાકા, ડુંગળી, ... લસણ, મૂળા, કાંદા આવે છે ને ? એની એક કટકીમાં તો અસંખ્ય ઔદારિક શરીર છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ જોયા છે. અને એક શરીરમાં અનંત જીવ છે. આહા..હા..! અને એ નિગોદના જીવ એક શ્વાસમાં અઢાર ભવ (કરે). આહા..હા..! એવા ભવ પ્રભુ ! તેં અનંત વાર ભવ કર્યા. ભૂલી ગયો. જન્મે ત્યારે ઉંઆ... ઉંઆ.. કરે છે ને ? એ ત્યાંનો ત્યાં અને અહીંનો અહીંયા, હવે અમારે કાંઈ નહિ. અરે..! પ્રભુ ! શું કર્યું તેં ? આહા..હા..!

અહીં એ કહે છે કે **'પીપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે.'** આહા..હા..! સત્ પ્રભુ આત્મા ધ્રુવ, એ તરફનો (ઉગ્ર પ્રયત્ન કરે છે). સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની પીપાસા જાગી હોય તે સ્વરૂપ તરફનો પુરુષાર્થ કર્યા વગર રહે નહિ. આહા..હા..! અરે..! આવી વાત છે. અહીં તો દુકાન માંડી હોય અને બે-પાંચ લાખની પેદાશ મહિને થઈ જાય... ત્યાં વધી ગયા અમે. શેમાં ? ચાર ગતિમાં રખડવામાં. આહા..હા..! એય..! ભાઈ ! આ લોઢાના વેપાર ને... આહા..હા..! અમે પણ વેપાર કર્યો છે. પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. પણ એકલા પાપ. 'મુંબઈ', 'સુરત', 'વડોદરા' માલ લેવા જતા હતા. પણ એ ૧૮-૧૯-૨૦-૨૨ વર્ષની ઉંમર. બસ ૨૨ વર્ષે દુકાન છોડી દીધી. ૬૬ વર્ષ તો દુકાન છોડી દીધા થયા, પણ એ એકલા પાપ. આહા..હા..! અરે..રે..! પ્રભુ તું ક્યાં છે ? આહા..હા..!

અહીં કહે છે કે **'તે આત્માર્થી જીવ...'** આત્માર્થી જીવ શું કરે છે ? સંસારનું દુઃખ, તાપ લાગ્યો હોય અને સત્‌ની જિજ્ઞાસા-તરસ લાગી હોય... આહા..હા..! મારો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નાથ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! તેને હું કઈ રીતે પ્રાપ્ત કરું ? આહા..હા...! એવી જેને જિજ્ઞાસા થઈ હોય. એ **'જ્ઞાન લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી...'** જુઓ! આવ્યું. એ જ્ઞાન જાણન-જાણન લક્ષણ દ્વારા જ્ઞાયક આત્મા(ની પ્રતીતિ કરી). આહા..હા..! રાગ લક્ષણ નહિ, શરીરનું લક્ષણ નહિ, જ્ઞાન લક્ષણ. જાણન લક્ષણ, જે જ્ઞાનપર્યાયમાં જાણે છે ને ? એ જ્ઞાન લક્ષણ દ્વારા જ્ઞાયક. આ હું ત્રિકાળી જ્ઞાયક છું. આહા..હા..! એમ ઉત્કંઠીત સત્‌નો અભિલાષી એવો પુરુષાર્થ કરે છે. સમજાણું કાંઈ ? અરે..! આવી વાતું છે. હવે ભાઈ અમે સાંભળીએ છીએ બધા ધર્મના નામે અત્યાર સુધી, એ વાત તો આમાં કાંઈ આવી નહિ. અપવાસ કરો, તપસ્યા કરો. અરે..! સાંભળને હવે. તારા અપવાસ-બપવાસ ક્યાં હતા ? એ આહાર-પાણી છોડે અને રાગ મંદ હોય તો કદાચિત્ શુભભાવ થાય. અને માન ખાતર તપસ્યા કરી અને બહાર અમારી આબરૂ વધે. એ તો એકલું પાપ છે. તપસ્યા કરીને રાગ મંદ કરે અને માને કે ધર્મ કર્યો. તપસ્યા થઈ ગઈ, નિર્જરા થઈ ગઈ, ધૂળમાં પણ નથી. સાંભળને. લાખ અપવાસ કરને. પણ ભગવાન આત્મા આનંદનો નાથ, પ્રભુ ! એના તરફની આશ્રય-દૃષ્ટિ નથી એ બધું પાખંડ છે. આવી વાત છે.

મુમુક્ષુ :- આપે બચાવી લીધા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવી વાત છે, બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! આહા..હા..!

**'આત્માર્થી જીવ જ્ઞાનલક્ષણ દ્વારા...'** રાગ નહિ, પર નહિ, શરીર નહિ, વાણી નહિ, કર્મ, પરદ્રવ્ય નહિ. પોતાની પર્યાય અવસ્થામાં જે જ્ઞાનલક્ષણ ઉત્પાદ-વ્યય... આહા..હા..! એ ઉત્પાદ-વ્યયના લક્ષણ દ્વારા ધ્રુવમાં જાય છે. લ્યો, આ વાત છે. આનું નામ સમ્યગ્દર્શન, એનું નામ ધર્મની પહેલી સીઢી. આહા..હા..! પછી ચારિત્ર અને એ તો બધી અલૌકિક વાતું, બાપા ! એ જુદી વાત છે.

અહીંયા તો પ્રથમ જ્ઞાન જાણન લક્ષણ પર્યાયમાં, જાણપણું જે છે એ લક્ષણ કોનું છે ? જ્ઞાયકનું. એ લક્ષણ જ્ઞાયકનું છે. તો લક્ષણ દ્વારા જ્ઞાયકનું લક્ષ કર્યું અને દ્રવ્યનો અનુભવ કર્યો, તેને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ ? આહા..હા..! આ લોકોને આકરું લાગે છે. એ... 'સોનગઢ'વાળા એકલી નિશ્ચયની વાતું કરે છે. બધું કહે, પ્રભુ ! તું કહે, તને ખબર નથી, ભાઈ ! સમજાણું કાંઈ ? આખી દુનિયાની ખબર નથી ? આખુ હિન્દુસ્તાન દસ-દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. દસ-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દસ હજાર માઈલ. બધું જોયું છે. દુનિયા જોઈ છે. દુકાનમાં બેઠા હતા ત્યારે બધું બહુ જોયું હતું. બાપુ ! આ બીજી ચીજ છે, ભાઈ ! તારા વેપારની પેઢી, પ્રભુ ! જ્ઞાનલક્ષણ દ્વારા અંદરમાં જવું એ તારી પેઢી છે. આહા..હા..!

જ્ઞાનલક્ષણ દ્વારા જ્ઞાયક વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ પ્રભુ, એને પકડવો. આહા..હા..! અરે..! આ શું ? **'જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી...'** શું આવ્યું ? કે પોતાના જ્ઞાનલક્ષણમાં જ્ઞાયકનું જ્ઞેયરૂપે જ્ઞાન થયું. જે પર્યાયમાં પરનું જ્ઞાન કરતો હતો તે પરાધીન મિથ્યાદષ્ટિનું મિથ્યાજ્ઞાન હતું. જે જ્ઞાનની પર્યાય અંતર જ્ઞાયકમાં ગઈ, તો એ પર્યાયે જ્ઞાયકને પકડ્યો. તો એની જ્ઞાનપર્યાયમાં આ જ્ઞાયક છે એવું ભાન થયું. ભાન થયું એમાં પ્રતીતિ થઈ કે આ આત્મા છે. આવી વાતું હવે. કેટલાકે બિચારાએ જિંદગીમાં ક્યારેય સાંભળ્યું ન હોય. એય...! ભાઈ ! મજુરો બધા. મોટા મજુરો બધા. દુકાનમાં ધંધામાં. કારણ કે ઓલા મજુર છે એ તો સવારમાં આઠ થી બાર ચાર કલાક (મજૂરી કરે). તે પણ ચાર કલાકમાં એ પણ પેશાબ કરવા જાય, કોઈ વળી દીશાએ જાય એમ કરીને કલાક કાઢી નાખે. બપોરે બે થી છ. એમાં ઘણા જોયા છે ને ? અને આ મોટો મજુર. સવારે ૬ વાગે ઊઠે તે રાતના આઠ વાગ્યા સુધી (મજૂરી કરે). એય..!

અમારે ત્યાં દુકાનમાં એમ હતું. દુકાનના ઓલા છે. ગામમાં સાધુ આવે તો સામુ જોવે નહિ. રાતના આઠ વાગે દુકાન બંધ કરે, નામુ-બામુ લખીને પછી જાય. દુકાનના ધંધા આડે આખો દિ' સામુ જોવે નહિ. ઓલા આવે એટલે કહે કે ઓહો..! રાતડિયા શ્રાવક આવ્યા. અંધારે આવે અને પછી કલાક સાંભળે. શું ધૂળેય... કહેનાર સાધુને ધર્મનું ભાન નહોતું. આહા..હા..!

અહીં કહે છે ભગવાન આત્મા સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે જ્ઞાનલક્ષણથી જણાય એવો આત્મા, એમ જેણે જાણ્યો અને જાણીને પ્રતીતિ થઈ કે આ આત્મા (છે). જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાન થયા વગર પ્રતીતિ કોની ? સમજાણું કાંઈ ? આ તો વીતરાગ ત્રણ લોકના નાથ, પરમાત્માના પંથ છે, પ્રભુ ! શું કહીએ ? અરે..! અત્યારે તો ધર્મને નામે બધા ગોટા ઉઠ્યા છે બધા. આહા..હા..!

પ્રભુ ! તો એમ કહે છે... આહા..હા..! **'આત્માની પ્રતીતિ કરી અંદરથી તેને અસ્તિત્વને ખ્યાલમાં લે,...'** ભગવાન પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ ધ્રુવ અસ્તિત્વ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મોજુદગી ચીજ છે. એ જ્ઞાનલક્ષણે મોજુદગી ચીજને ખ્યાલમાં લે અને (જ્ઞાનમાં) લઈને પ્રતીતિ કર. એનું નામ સમ્યગ્દર્શન છે. આમ માને કે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ એટલે સમ્યગ્દર્શન છે. ધૂળેય નથી. સમજાણું કાંઈ ? ધૂળેય નથી એટલે ? પુણ્યાનુબંધી પુણ્ય પણ ત્યાં તો નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

ભગવાન આત્મા દેહદેવળમાં (બિરાજે છે). અરે..! ઉત્પાદ-વ્યયની લક્ષણ પર્યાય, એની અંદરમાં ધ્રુવ બિરાજે છે, ભગવાન ! અરે..! આ શું હશે ? ભાઈ ! માર્ગ આ છે. તને ભલે મળ્યો ન હોય, તેથી કાંઈ વસ્તુ બીજી થઈ જાય ? **'અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે,...'** શું કહે છે ? પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ, મૌજુદ ચીજ ધ્રુવ (છે), એને વર્તમાન જ્ઞાનલક્ષણની પર્યાય દ્વારા પકડી લે, અને એ મહા અસ્તિત્વની પ્રતીતિ કરી લે. પર્યાયની નહિ, રાગની નહિ એ મહા અસ્તિત્વ છે એની પ્રતીતિ કર. આવી વાતું છે, ભાઈ ! આહા..હા..!

**'અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે,...'** આહા..હા..! અંતરમાં જે જ્ઞાનની વર્તમાન લક્ષણરૂપી પર્યાય છે, એ લક્ષણ કોનું છે ? એ જ્ઞાયક ચિદાનંદ પૂર્ણાનંદ પ્રભુ ! એનું એ લક્ષણ છે. એ લક્ષણથી ત્યાં લક્ષને પકડી લે. અને મહા અસ્તિત્વ છે એને ખ્યાલમાં લઈ લે. મહા અસ્તિત્વ છે. આહા..હા..! અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ ! અનંત ગુણનો પિંડ... આહા..હા..! જેમાં અનંતા ગુણ... આહા..હા..! અંદર ધ્રુવપણે હીળોલા મારે છે. એવો ભગવાન આત્મા અંદર છે. આહા..હા..! એને ખ્યાલમાં લઈને **'અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય.'** પર્યાયમાં જ્ઞાયક ત્રિકાળ લક્ષમાં લીધું, તો પર્યાયમાં જ્ઞાયકનું ભાન થયું. તો પર્યાયમાં આનંદ અને જ્ઞાનની દશા ઉત્પન્ન થઈ. એનું નામ સમકિત, જ્ઞાન અને ધર્મ છે. આહા..હા..! એ અધિકાર થયો ને ?

**'જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય.'** છે તો ખરું. પણ રાગના રસમાં જ્ઞાયક ભગવાનનો અનાદર થયો હતો. દયા, દાન, વ્રતાદિના વિકલ્પના રાગના પ્રેમમાં અંદર પ્રભુ આનંદકંદ ધ્રુવ છે, એનો તીરસ્કાર થયો હતો. એને અંદર જ્ઞાનલક્ષણ દ્વારા પકડ્યો ત્યાં સત્કાર થયો. સ્વભાવનો સ્વીકાર થયો. એ સ્વીકાર થયો તે પર્યાયમાં જ્ઞાયકપણું પ્રગટ્યું. જ્ઞાતા, દૃષ્ટા આત્મા આનંદકંદ પ્રભુ છે. એવી પર્યાય પ્રગટે તેનું નામ ધર્મ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જાુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જાુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, 'હું જાુદો, હું આ જ્ઞાયક જાુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે. ૨૭૯.**

**ભાદરવા વદ ૧૩, શનિવાર તા. ૩૦-૯-૧૯૭૮.**
**વચનામૃત–૨૭૯, ૨૮૦, પ્રવચન–૧૦૫**

વચનામૃત. ૨૭૯મો બોલ છે ને ?

**'વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે.'** શું કહે છે ? આહા..હા..! અંદર આત્મા જ્ઞાયક સ્થાયી, નિત્ય પ્રભુ છે, એમાં આ વિકલ્પ ઉઠાવવો કે મંથન કરવું કે આ આત્મા છે ને આ છે, એ બધા વિકલ્પ છે. આહા..હા..! આવી વાત છે.

મુમુક્ષુ :– વિકલ્પ એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ, રાગ.

મુમુક્ષુ :– વિચાર એ તો જ્ઞાનની પર્યાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં રાગ સહિતનો વિચાર લેવો. એ વિચાર પર્યાય, જ્ઞાનની પર્યાય નહિ. આ તો વિચાર કરે કે હું આત્મા છું. એ વિચાર જ્ઞાનની પર્યાયમાં રાગસહિત થાય છે. ઝીણી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– જ્ઞાન અને ચારિત્ર બે ગુણ ભેગા થયા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. પણ એ સાથે છે. એ વિચારને અહીં વિકલ્પમાં લીધો છે. 'કળશટીકા'માં પણ લીધું છે. આમ વિચારધારા ચાલે કે હું જ્ઞાયક છું. જ્ઞાયક સ્થાયી નિત્યાનંદ પ્રભુ ! એ પણ એક રાગનો અંશ રાગભાગ છે. એ આત્મા નથી. આહા..હા..! શરીર, વાણી, મન એનાથી તો પર છે. ઓલા વયા ગયા લાગે છે. જાત્રામાં ગયા હશે. 'દુર્ગ'થી આવ્યા હતા ને. જાત્રાએ ગયા હશે. આહા..હા..! લોકોએ બહારથી આમ ધર્મ માની લીધો છે.

ધર્મ એ ચીજ કોઈ અપૂર્વ છે. શરીર, વાણી, મનથી તો ધર્મ થતો નથી. કર્મના ઉદયથી તો ધર્મ થતો નથી. કર્મના ઉદય તરફનો રાગ થાય છે એનાથી પણ ધર્મ થતો નથી. પણ સ્વ તરફનું... આહા..હા..! એ તો જ્ઞાનઘન, વિજ્ઞાનઘન, જ્ઞાયકભાવ, સ્થાયીભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ એમાં હું આવો છું, આવો છું, એવો રાગનો વિકલ્પ ઉઠાવવો એ બંધનું કારણ છે. આહા..હા..! આવી વાત છે.

**'બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત...'** રાગની વૃત્તિ ઊઠે છે એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. ચૈતન્યદળ... ભાઈ ! એ ઝીણી વાત, બાપુ ! આ તો પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવામાં શું થાય છે એ કહે છે. સમજાણું કાંઈ ? પછી જ્ઞાનીને રાગાદિ અસ્થિરતા રહે છે પણ એ સ્વરૂપનો આશ્રય કરતા કરતા રાગ તૂટી જાય છે. પણ હજી પહેલા વિકલ્પાતીત સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું નહિ, તો એમાં સ્થિર થવું કેવી રીતે આવ્યું ? આહા..હા..!

રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ ભગવાન એના આંગણામાં–પર્યાયમાં... આહા..હા..! અંદરમાં પ્રવેશ કર્યા વિના વિકલ્પ ઉઠાવવો કે હું આવો છું, તેવો છું, પૂર્ણ છું, એ બધો વિકલ્પ રાગ છે. આહા..હા..! અરે..! અનંત કાળ થયા. ચોરાશીના અવતારમાં કેટલો દુઃખી હતો ? પ્રભુ ! એ મોહની સંતતી, એ વિકલ્પ તો દુઃખરૂપ છે. આહા..હા..! ભગવાન અંદર એનાથી ભિન્ન, સ્થાયી, નહિ પરિણમનારો ધ્રુવ છે. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? મારગ અત્યારે ફેરફાર કરી નાખ્યો. લોકો જાણે આ વિચાર કર્યો, આ કર્યું એટલે સમ્યગ્દર્શન થયું. એ ચીજ નથી, બાપુ ! ચૈતન્ય અનાદિઅનંત નિત્યાનંદ સ્થાયી સ્થિરબિંબ પડ્યો છે. એ બધા વિકલ્પથી ભિન્ન છે. આહા..હા..! જ્ઞાયકતત્ત્વ તે આત્મા. એ ભિન્ન એ આત્મા છે. વિકલ્પ એ આત્મા નથી, એ તો રાગ છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'તેમાં આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું તે પણ વિકલ્પ જ છે;...'** આહા..હા..! અરે..! ચોરાશીના અવતારમાંથી રખડતો (અહીં પહોંચ્યો). એકલું ચૈતન્યદળ અંદર પડ્યું છે, પ્રભુ ! એને પામવા માટે કહે છે કે એના ભેદના વિકલ્પની પણ જેને જરૂર નથી. આહા..હા..! **'આ વિકલ્પ તોડું,...'** એ પણ એમાં નથી. **'આ વિકલ્પ તોડું તે પણ વિકલ્પ જ છે;...'** રાગ છે. આહા..હા..! ભગવાન અંદર નિર્વિકલ્પ ચૈતન્યઘન, પ્રભુ ! જ્ઞાયક સ્થાયી.. સ્થાયી... સ્થાયી... સ્થાયી... સ્થિર બિંબ... આહા..હા..! જિનબિંબ પ્રભુ છે. વીતરાગ બિંબ, નિર્વિકલ્પ બિંબ પ્રભુ છે. એમાં હું વિકલ્પને તોડું, એ વૃત્તિ પણ રાગ છે, એ આત્મા નથી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ ! અરે..! કદી કર્યું નથી. સાંભળવામાં આવી નથી કે આ ચીજ કેમ પ્રાપ્ત થાય ? આહા..હા..!

**'તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે.'** અંદર. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ તો સ્થૂળ રાગ છે. પણ અંદરમાં ભગવાન આત્મા... ૧૪૩ ગાથામાં કહ્યું ને ? હું શુદ્ધ છું, અબદ્ધ છું, મુક્ત છું, પરમાનંદ સ્વરૂપ છું, પૂર્ણ છું, એવો વિકલ્પ ઉઠાવવો એ પણ રાગ છે. અને એ રાગનું કાર્ય મારું અને એનો હું કર્તા, ત્યાં સુધી તો મિથ્યાદષ્ટિ છે. આવી વાત છે, ભાઈ ! **'તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે,...'** શું કહે છે ? વસ્તુ ભગવાન અસ્તિત્વ સ્થાયી ખ્યાલમાં આવતા અનુભવ થઈ જાય છે. આહા..હા..!

**'હું જુદો. હું આ જ્ઞાયક જુદો. એવું નિરંતર ઘૂંટણ રહે,...'** ઘોલન. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... નિત્યાનંદ પ્રભુ અવિનાશી સ્વરૂપ ભગવાન, એ તરફનું હું જ્ઞાયક છું એવું ઘોલન, હોં ! વિકલ્પ નહિ. આહા..હા..! ઘોલનનો અર્થ એ તરફનું વલણ. જ્ઞાનની પર્યાય છે પણ એ પર્યાય અંદરમાં જવા એકાગ્ર થાય છે. હું આ છું. હું આ છું. અંદર પ્રવેશ કરે છે. આહા..હા..! **'તેનું અસ્તિપણું...'** અસ્તિપણું, હયાતી સ્થાયી પ્રભુ, ખ્યાલમાં આવે છે અને પછી અંદરમાં ખ્યાલ આવ્યો એમાં ઘૂંટણ થયું. આહા..હા..! **'એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે.'** આહા..હા..! એ રાગ નહિ, આ ઘૂંટણનો અર્થ આ બાજુ ઢળવું. રાગથી હટીને સ્વભાવ તરફ ઢળવું, એ ઘૂંટણ છે. ઝીણી વાત છે, ભાઈ ! ભાષામાં કેટલી આવે. આહા..હા..!

**'પુરુષાર્થની ઉગ્રતા...'** એ વીર્ય જે પુરુષાર્થ પર્યાયમાં છે, એની ઉગ્રતા સ્વભાવ સન્મુખ કરવી. આહા..હા..! વિકલ્પ નથી. આવી વાતું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– વિકલ્પ તો મોટો દોષ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ વિકાર છે, દોષ છે. આહા..હા..! ભગવાન તો અંદર પૂર્ણાનંદ, અતીન્દ્રિય આનંદનો કંદ દળ છે, સ્થાયી પદાર્થ છે. આહા..હા..! સ્થિર છે, ધીર છે, ધ્રુવ છે, નિત્ય છે, બિંબ છે. આહા..હા..!

**'પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ...'** એ પ્રકારની શરૂઆત થાય. એમ કહે છે. અંતરમાં જ્ઞાયક તરફની શરૂઆત થાય... આહા..હા..! **'તો માર્ગ નીકળે જ.'** તો અંદર સમ્યગ્દર્શન થાય જ છે. આહા..હા..! આવી વાત છે. **'પહેલાં વિકલ્પ તૂટતો નથી...'** પહેલા વિકલ્પ (નથી તૂટતો). વિકલ્પમાં છે તો રાગ અને સાથે જ્ઞાનની પર્યાય છે, એમાં પહેલા એવો નિર્ણય થાય. સર્વજ્ઞે જે આત્મા કહ્યો, એવો વિકલ્પથી નિર્ણય કરે. હજી એ વસ્તુ નથી, પણ પહેલા વિકલ્પથી નિર્ણય કરે, કે આ પૂર્ણાનંદ પ્રભુ હું છું, રાગ હું નથી, એક સમયની પર્યાય પણ હું નથી. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમ્યગ્દર્શન પહેલાની પર્યાયનો પુરુષાર્થ આવો હોવો જોઈએ, એમ કહે છે.

હું એક સકળ નિરાવરણ, અખંડ એક અવિનશ્વર પરમ પારિણામિકભાવ, એવું જે પોતાનું લક્ષણ, એવું નિજ પરમાત્મદ્રવ્ય, એ હું છું. એવું જ્ઞાનમાં આવવું જોઈએ. આ વાત છે, ભાઈ ! જ્ઞાનીને પછી રાગની અસ્થિરતા થાય છે. પણ અહીં તો પહેલા રાગથી ભિન્ન થઈ અભિન્ન અખંડાનંદ હું છું, એનો અનુભવ કરવો એ પ્રથમ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– પાકો નિર્ણય થયા પછી...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કહ્યું ને, પાકો નિર્ણય પણ એનાથી.. કહે છે પહેલા એ આવે છે. ૧૩મી ગાથામાં આવે છે. નય, નિક્ષેપ પ્રમાણથી ભગવાને જે આત્મા કહ્યો, એવો નિર્ણય વિકલ્પ સહિત આવે છે. કેમ કે જ્યાં સુધી વસ્તુ આ છે. પર્યાયથી પણ ભિન્ન છે અને આ વિચાર કરવાનો વિકલ્પ છે, એનાથી પણ ભિન્ન છે એવો અંદર નિર્ણય વિકલ્પના આંગણામાં પ્રવેશ કર્યા વગર, આંગણામાં રહીને એવો વિકલ્પનો નિર્ણય પહેલા પાકો થાય છે. એ પણ સમ્યગ્દર્શન નથી. આહા..હા..!

મુમુક્ષુ :– ....

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :- એ લાવે નહિ. આ તો થાય છે. આહા..હા..! માર્ગ, બાપા ! અનાદિ દુઃખી (છે). અરે..! નિગોદના નરકના દુઃખ, ભાઈ ! એક આ કૂતરી દેખાય છે. પેટમાં બચ્ચા પડ્યા છે એને કેટલું દુઃખ છે. આહા..હા..! એવા અનંત અવતાર કર્યા, પ્રભુ ! એ મિથ્યાત્વને કારણે છે. એ મિથ્યાત્વ મહાપાપ છે. આહા..હા..! પૈસા મારા, સ્ત્રી મારી, કુટુંબ મારું, કર્મ મારા, શરીર મારું, મહા મિથ્યાત્વભાવ છે. એ તો એક બાજુ રહો પણ હું આવો, આવો છું, આવો છું એવો વિકલ્પ આવ્યો, એ પણ મને મોક્ષના માર્ગમાં મદદ કરશે... આહા..હા..! એ પણ મિથ્યાત્વભાવ છે. ભગવાન તો રાગથી ભિન્ન સ્વતઃ સ્વયં ચીજ અંદર પડી છે. આહા..હા..!

**'પહેલાં વિકલ્પ તૂટતો નથી...'** પહેલા વિકલ્પ આવે તો છે. સર્વજ્ઞે કહ્યો એવો જ્ઞાયકભાવ અનંત ગુણનો પિંડ પ્રભુ ! અને એની પર્યાય પણ અનંતી છે, એવો વિકલ્પથી, રાગમિશ્રિત વિચારધારાથી (નિર્ણય કરે). આહા..હા..!

મુમુક્ષુ :- આ તો એકતાબુદ્ધિવાળી વિચારધારા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- (સ્વરૂપમાં) એક્તાબુદ્ધિ કરવા માટે છે. પણ છે વિકલ્પ. એવું પહેલા આવ્યા વિના રહે નહિ. પણ છતાં એ સમ્યગ્દર્શન નથી. એને છોડીને અંતરમાં જાવું. આહા..હા..! આવી વાતું છે. 'આનંદઘનજી'માં ક્યાંક આવે છે. દરબારમાં પેઠા વિના બારણે... એવી ભાષા કાંઈક છે. ભૂલી ગયા. ઘણી વાર કહ્યું છે. ગાણા અંદર ગાવા. ગાણા નામ વિકલ્પથી આ પૂર્ણાનંદ પ્રભુ છું, અપરિમિત શક્તિનો સાગર છું, એવો વિકલ્પથી (નિર્ણય કરે). આત્માના જ્ઞાનની પર્યાયના બારણે એવા વિકલ્પ આવે છે. પછી એને તોડીને સ્વરૂપમાં પ્રવેશ કરવો. પ્રવેશનો અર્થ પકડવો. જ્ઞાનની પર્યાયથી જ્ઞાયકને પકડવો, એ અનુભવ અને સમ્યગ્દર્શન છે. આહા..હા..! આવી વાત છે. જ્ઞાનીને પણ પછી રાગાદિ અસ્થિરતા છે પણ એક્તાપણું તૂટી ગયું. સમજાણું કાંઈ ? ધર્મીને એક્તા તૂટી છે, રાગ-દ્વેષના પરિણામ, ક્રોધ, માન, માયાના પરિણામ, ભાવ જ્ઞાનીને જણાય છે કે આ છે. સમજાણું કાંઈ ? પણ મારી ચીજમાં નથી. એ પર્યાયમાં થાય છે. તેને હું જાણું છું. અને પછી મારો આશ્રય કરીને હું એનો નાશ કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ ?

અરે..! જુઓને ! માંદા પડે, રોગ થાય. આ..હા...! કોઈકનું લખાણ આવ્યું છે, કે ગળુ સુકાય છે, ગળુ દુઃખે છે. છાપામાં આવ્યું હતું. ગળુ દુઃખે છે. પાણી નીચે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ઉતરતું નથી. આહા..હા..! સાધુનું આવ્યુ છે. દિગંબર સાધુ. બાહ્ય નગ્ન. ગળામાં પાણી ઉતરે નહિ. રાડ નાખે. એમાં ગળાનું કેન્સર થાય. એ પીડા.. એ પીડા... હમણા આને થયું ને નહિ ? 'ફત્તેપુર' (આપણા મુમુક્ષુના) કાકાજી બેઠા હતા, કાંઈ નહોતું. એકદમ અહીંયા કાળું દેખાયું. એટલામાં લોહી ફરતું બંધ થઈ ગયું. કાળો ડાઘ દેખાયો. જ્યાં જોવે છે ત્યાં તો અડધા કલાકમાં આ બધું સડી ગયું. અને બળતરા.. બળતરા.. આમ જુઓ તો ઠંડું લાગે અને પીડા... પીડા... આ જગતની ચીજ તો જો, પ્રભુ ! બે કલાકમાં તો આટલું સડી ગયું. ડોક્ટર પાસે ગયા. આને કાપવું પડશે. આહા..હા..! એવી તો અનંતી વાર નરકમાં (પીડા સહન કરી). આહા..હા..! પરમાધામી તેજાબ છાંટે આમ... આહા..હા..! અને એના શરીરના ટુકડા ટુકડા થઈ જાય. વળી ભેગા થઈ જાય. કારણ કે આયુષ્ય છે ને ? એકઠા થઈ જાય. એ બધા અજ્ઞાનના દુઃખ છે. એનાથી છુટવું હોય તો પ્રભુ ! આ ઉપાય છે. આહા..હા..!

**'પહેલાં પાકો નિર્ણય આવે છે.'** પાકો નામ–પાકો એટલે સમ્યગ્દર્શનનો નિર્ણય નહિ. વિકલ્પથી. જ્ઞાનની પર્યાય વિકલ્પવાળી છે. એ જ્ઞાનમાં નિર્ણય થયો. વિકલ્પ તો રાગ છે. પણ રાગસહિત જે જ્ઞાનની પર્યાય છે. એમાં આ અખંડાનંદ, પૂર્ણાનંદ પ્રભુ હું છું. હું જ પરમેશ્વર છું. મારા અને પરમેશ્વરમાં કાંઈ ફેર નથી. એમ અનંત ગુણ... 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક છું.' આહા..હા..! 'અપને રસશુ ભર્યો અનાદિ ટેક હું. મોહકર્મ મમ નાહિ નાહિ ભ્રમકૂપ હૈ.' ભ્રમકૂપ–ભ્રમનો કૂવો છે. રાગ હું છું એ તો ભ્રમણાનો કૂવો છે. ઊંડો કૂવો. 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહા..હા..! એ વાતે કાંઈ બેસે એવું નથી, ભાઈ ? આહા..હા..! પહેલા કહે છે, આવો (નિર્ણય) તો (કરે).

ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરે કહ્યું અને બીજા અજ્ઞાની આત્મા કહે છે, એનાથી ભિન્ન પ્રકારની વસ્તુ ભગવાને કહી, એવો પહેલા જ્ઞાનની વિચારધારામાં નિર્ણય આવે છે કે આ ચીજ બીજી છે. એ અસંખ્યપ્રદેશી છે, સર્વવ્યાપક નથી, પોતામાં જ વ્યાપક છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એમ સર્વજ્ઞ પરમેશ્વર... ૧૪૩ ગાથામાં કહ્યું છે. આગમ અનુસારે પહેલા નિર્ણય કરવો કે આત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે. આગમ અનુસાર ત્યાં લીધું છે ને ? એ વિકલ્પ છે. આહા..હા..! પછી મતિજ્ઞાનને જે પર તરફનો ઝુકાવ છે, એ જ્ઞાનને પર તરફના ઝુકાવથી પર્યાયને મર્યાદામાં લાવવી. મર્યાદામાં લાવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પછી અંદરમાં જાવું. આહા..હા..! આવી વાતું છે. 'સમયસાર'માં ૧૪૩ ગાથામાં છે. આહા..હા..! આનંદઘન કહે, 'રટણ કરું ગુણધામા.' એ આવે છે.

મુમુક્ષુ :- આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- 'આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે...' ઘણા વર્ષ પહેલા વાંચ્યું હતું. 'આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે રટણ કરું ગુણધામા, અબધુ રે ... હીનપંથ કા કરે નિવેડા, જોગી રે ગુરુ મેરા.' આહા..હા..!

મુમુક્ષુ :- શ્વેતાંબરનો આધાર...

પૂજ્ય ગુરુદેવશ્રી :- .. જરી વાંચ્યું છે. એ લીધું છે. એણે આ દિગંબરનું પણ વાંચેલું છે. 'દેવચંદજી'એ થોડું લીધું છે. અહીંનું 'સમયસાર' આદિ વાચ્યું છે. એમાંથી ધારણા તરીકે વાત લીધી છે. આહા..હા..! મારો નાથ પૂર્ણાનંદ પ્રભુ, પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ, એના આંગણામાં એની પર્યાયના વિચારમાં રાગસહિતમાં, એના ગુણ ગા.. ગુણ ગા... 'રટણ કરું ગુણધામા.' મારા ગુણના નાથનું ત્યાં રટણ પર્યાયમાં વિકલ્પસહિત કરું છું. પછી અંદર પેસી જઈશ. આહા..હા..! આવી વાતું હવે. લોકોને આ વ્યવહારના રસિયા અપવાસ કર્યા, આ કર્યા. છાપામાં જોવો તો બસ આટલા અપવાસ કર્યા, આણે આમ કર્યું, આણે આમ કર્યું, આણે રસત્યાગ ત્યાગ કર્યો. પણ હવે એ ચીજ... પહેલા સમ્યગ્દર્શન વગર તારા વ્રત ને તપ એ બધા બાળતપ અને બાળવ્રત છે. આહા..હા..! આકરું લાગે પ્રભુ તને શું થાય ? એવી ક્રિયા કરતા હોય એને એમ કહે કે એ ધર્મ નથી અને એનાથી ધર્મ થશે નહિ અને ધર્મનું કારણ પણ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. મિથ્યાત્વ. મિથ્યાત્વની પુષ્ટિ કરે છે, પ્રભુ ! આહા..હા...! એ મહિના, છ-છ મહિનાના અપવાસ કરે, લુખ્ખા કરે, આહાર, પાણી કે બીજું કાંઈ ન લે. એ ભલે હોય. એ શું છે ? એ કોઈ ચીજ નથી. આહા..હા..! એ તો કોઈ વિકલ્પની મંદતા કરી હોય તો એ રાગ છે. એ તો બંધનું કારણ છે. ભગવાન અબંધસ્વરૂપ અંદર પડ્યો છે, એની દૃષ્ટિ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી થતું. સમજાણું કાંઈ ? આહા..હા..! એ તો આપણે ૩૧, ૩૨, ૩૩માં આવી ગયું ને ? આહા..હા..! અને સમ્યગ્દર્શન થયું એમાં પણ રાગ છે એમાં જ્ઞાનીને રાગનું દુઃખ લાગે છે. પહેલા દુઃખ અને આત્મા આનંદ એક છે એમ માનતો હતો. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



માન્યતા તૂટી ગઈ પણ હજી રાગ રહ્યો એ દુ:ખ છે. આહા..હા..! જ્ઞાનીને પણ પર્યાયમાં દુ:ખ છે. આહા..હા..!

મુમુક્ષુ :- સાધક છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સાધક છે તો પણ હજી બાધકપણું રાગ છે. જ્ઞાની જાણે છે કે આ રાગ છે, આગ છે, દુ:ખ છે. પણ મારી નબળાઈથી અંદરમાં આવે છે. સમજાણું કાંઈ ? હું મારા પૂર્ણાનંદના નાથનો આશ્રય લઈને, મારી પર્યાયમાં મને દુ:ખ થાય છે એમ જ્ઞાની જાણે છે, હું આશ્રય લઈને તોડી નાખીશ. બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..! ૨૭૯ (બોલ પૂરો થયો).

**ખરેખર જેને સ્વભાવ રુચે, અંદરની જાગૃતિ હોય, તેને બહાર આવવું ગમતું જ નથી. સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે, શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા અને પ્રવૃત્તિ છે; તે બન્નેને મેળ ન જ ખાય. ૨૮૦.**

૨૮૦. '**ખરેખર જેને સ્વભાવ રુચે...**' ખરેખર જેને ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ રુચે. પહેલા રુચિ પલટી જાય. જે રાગ અને પુણ્ય અને પુણ્યના ફળની રુચિ છે, એ મિથ્યાત્વભાવ, પાપભાવ, જુઠભાવ, પાખંડભાવ છે. સમજાણું કાંઈ ? પહેલા '**ખરેખર જેને સ્વભાવ રુચે,....**' વીતરાગસ્વરૂપી પ્રભુ આત્મા, જિનબિંબ જ પ્રભુ આત્મા છે. એ જેને રુચે... આહા..હા..! '**અંદરની જાગૃતિ હોય,...**' અંતરના સ્વભાવની જાગૃતિ અંદર હોય, '**તેને બહાર આવવું ગમતું જ નથી.**' આહા..હા..! પણ બહાર આવે છે ત્યારે રાગ છે માટે દુ:ખ લાગે છે. આ..હા...! ગમતું નથી.

પોતાનો આત્મા આનંદનું ધામ, પ્રભુ ! એની રુચિ થઈ... આહા..હા..! અને જાગૃતિ થઈ. જાગૃત ત્રિકાળી સ્વભાવની જાગૃતિ થઈ. જાગૃત ત્રિકાળ સ્વભાવ ભગવાન જાગૃત સ્વરૂપ જ છે. આહા..હા..! પર્યાયમાં જાગૃતિ થઈ... આહા..હા..! '**તેને બહાર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આવવું ગમતું જ નથી.**' ચાહે તો શુભરાગ હોય પણ બહાર આવવું એ દુઃખરૂપ છે. આવે છે. આહા..હા..!

'ચાખે રસ ક્યું કરી છૂટે ? સૂરિજન સૂરિજન ટોળી...' નિર્વિકલ્પ આનંદનો રસ જેણે ચાખ્યો, એને રાગમાં આવવું ગમતું નથી. આહા..હા..! 'ચાખે રસ ક્યું કરી છૂટે ? સૂરિજન સૂરિજન...' દેવના ટોળા આવીને એને હલાવે કે નહિ, નહિ તારે અંદર રહેવું ઠીક નથી. બહાર આવો. ભગવાનને માનો, દેવ-ગુરુની શ્રદ્ધા કરો. એમ કહે પણ એ અંદર રુચે નહિ. આહા..હા..! આવે છે. જ્ઞાની અંદર સ્થિર ન થઈ શકે તો એને રાગ તો આવે છે. દુઃખ થાય છે. જાણે છે, મને દુઃખ છે. હું આનંદમૂર્તિ પ્રભુ ! મારી પર્યાયમાં થોડો આનંદ આવ્યો, પણ એ આનંદની સાથે દુઃખ-રાગ આવ્યો એને મેળવે છે. આહા..હા..! મને આનંદમાંથી નીકળવું ગમતું નથી. આહા..હા..!

**'સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે,...'** છે ? ભગવાન શાંત.. શાંત.. શાંત (છે). શુભરાગની વૃત્તિ છે એ તો અશાંત અને દુઃખ છે. આહા..હા..! ણમો અરિહંતાણ, ણમો સિદ્ધાણં એવો જે વિકલ્પ છે... આહા..હા..! એ દુઃખ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- સવારે બોલે, એ તો શુભરાગ છે. અહીં તો સમ્યગ્દષ્ટિને શુભરાગ આવે છે તે દુઃખરૂપ લાગે છે. બહાર નીકળવું ગમતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- રાગ દુઃખ લાગે એ જુદી વાત છે અને જ્ઞાન જુદી વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાનમાં જણાય છે કે આ રાગ દુઃખ છે. મારી પર્યાયમાં મારા કારણે દુઃખ છે. આહા..હા..! મેં આનંદના નાથને જાણ્યો તો એની અપેક્ષાએ પર્યાયમાં થોડો આનંદ તો આવ્યો, પણ પૂર્ણાનંદના નાથમાં પૂર્ણાનંદની પર્યાય ન થઈ, તો મારામાં રાગભાવ આવે છે એને જ્ઞાની દુઃખ જાણે છે. આહા..હા..! મુનિને આવશ્યક કરવા, એ રાગ આવે છે પણ ગમતું નથી. આહા..હા..! આવો માર્ગ. આહા..હા..!

**'સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે,...'** એ રાગ આવે છે એ તો વિભાવ, અશાંતિ અને પ્રવૃત્તિ સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? આટલે પહોંચવું અને સાંભળવા મળે નહિ. એ શું ચીજ છે ? આહા..હા..! એમ ને એમ જિંદગી એક તો વેપાર-ધંધામાં ચાલે, નિવૃત્તિ લે તો સાંભળવાનું આવું ઊંધુ મળે એને કે આ કરો.. આ કરો... આ કરો...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અપવાસ કરો, તપસ્યા કરો, ભગવાનની ભક્તિ કરો, દાન કરો. આહા..હા..! એ કોઈ છે, આજે આવ્યા હતા. 'સુરેન્દ્રનગર'માં કોઈ છે. ભાઈના મિત્ર હતા. ગયા લાગે છે. ઘણા પૈસા ખર્ચ્યા છે કહે છે. ક્યાંના છે ? સ્થાનકવાસી ? સ્થાનકવાસી છે. ભાઈ કહેતા હતા. આપણને કાંઈ ખબર નથી. મળ્યા છે ખરા. ૨૦-૨૫ લાખ રૂપિયા ખર્ચ્યા છે. એમાં શું દાળીયા(વળે). આહા..!

મુમુક્ષુ :- ત્યાં ન ખર્ચ્યા પણ અહીં ખર્ચે તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં ખર્ચે તો શું ? જડ છે, રાગ છે. અને એમાં ધર્મ ધુરંધરના બિરુદ આપી દે. અહો..! ૨૫ લાખ ખર્ચ્યા. બે કરોડની પૂંજીમાં ૨૫ લાખ. ધૂળમાં હવે. બે કરોડ પૈસા ક્યાં તારી ચીજ છે ? એ તો જડ છે. જડનો સ્વામી થઈને જડ મેં આપ્યા એમ માને એ તો મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ... જડ બુદ્ધિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- મિથ્યાત્વ છે.. મિથ્યાત્વ. પૈસા મેં દીધા. પૈસા તો જડ ચીજ છે, અજીવ છે, પુદ્‌ગલ-માટી ધૂળ છે. મારા હતા તો મેં આપ્યા, એ મિથ્યાત્વ ભ્રમ છે. આહા..હા..! અને મારા નથી એમ માનીને દેવાનો ભાવ છે એ જરી શુભભાવ છે. એ પણ ઝેર છે, રાગ છે, દુઃખ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઝેર છે એના બદલે હેય છે એમ કહો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઝેર છે એમ કહો, દુઃખ કહો, હેય કહો. પણ હેય કેમ કહ્યું ? દુઃખ છે માટે હેય છે ને ? આનંદ છે તો હેય છે ? આહા..હા..! શું થાય ? એ તો કાલે રાત્રે ઘણું કહ્યું હતું. પરિહાર આદિ, પ્રતિક્રમણ, પરિહાર, નિંદા, દોષ કર્યા એની નિંદા એ બધા શુભભાવ ઝેર છે. આહા..હા..! વિષકુંભ છે. મુનિને, આત્મજ્ઞાનીને, અનુભવીઓને... આહા..હા..! મોક્ષ અધિકારમાં છે. રાત્રે લીધું હતું. સવારે થોડી વાત કરી હતી. ભાઈને ત્યારે યાદ કર્યા હતા. કીધું ભાઈ હતા. પ્રતિમા આદિના દર્શનથી અશુભભાવ હટાવવો, એ પણ શુભભાવ છે, એ ઝેર છે. આવી વાતું.

મુમુક્ષુ :- અમૃતની અપેક્ષાએ તો ઝેર જ કહેવાય ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઝેર જ છે. અમૃત સ્વરૂપપ્રભુ. શાંત કીધું ને ? શાંત.. શાંત... નિવૃત્ત. રાગથી નિવૃત્તસ્વરૂપ ભિન્ન પ્રભુ છે. આહા..હા..! એમાં રાગની વૃત્તિ ઉત્પન્ન થાય છે એ જ્ઞાનીને આનંદના સ્વાદમાં એ ગમતું નથી. આહા..હા..! એમાં સુખબુદ્ધિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



થતી નથી. નબળાઈને કારણે જ્ઞાનીને પણ એવો ભાવ આવે છે, પણ રુચતું નથી. આહા...!

**'સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે, શુભાશુભ વિભાવભાવોમાં...'** લ્યો. આવ્યું. શુભ-અશુભ જે રાગ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા શુભભાવ અને અશુભ, એ વિભાવભાવ છે, **'આકુળતા...'** છે. છે ? આહા..હા..! જ્ઞાનીને પણ વિભાવભાવ ઉત્પન્ન થાય છે એ આકુળતા છે. આહા..હા..! ભગવાનની ભક્તિ ણમો અરિહંતાણ, ણમો સિદ્ધાણં (કરે), એ વિકલ્પ છે એ શુભભાવ છે, આકુળતા છે. આહા..હા..! શાસ્ત્ર સાંભળવાનો ભાવ ગણધરને પણ આવે છે પણ એ આકુળતા છે. અરે..! આવી વાત. કહેવાનો ભાવ સંતોને આવે છે. આહા..હા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે ને ? ધર્મલોભી જોઈને મુનિ ધર્મી ધર્માત્માને પણ શુભરાગ આવે છે. પણ છે તો દુઃખરૂપ, આકુળતા છે. આહા..હા..!

અનાકુળ આનંદનો નાથ પ્રભુ જ્યાં અંદર રુચિમાં આવ્યો, પોષણ થયું ત્યાં રાગની રુચિ કેમ રહે ? આહા..હા..! રાગ આવે છે પણ રુચે કેમ ? ગમતું નથી. આહા..હા..! આવી વાતું ઝીણી બહુ, બાપુ ! આહા..હા..! ભવના અભાવ, એ કરવાની રુચિ અને દૃષ્ટિ અને સ્થિરતા કોઈ અલૌકિક છે. આહા..હા..! આઠ વર્ષનો બાળક પણ અનુભવ કરે તો કેવળજ્ઞાન થઈ જાય છે. આત્મા ક્યાં બાળક છે ? એ તો સ્થાયી ચિદ્ આનંદકંદ પ્રભુ અંદર છે. આહા..હા..!

એ કહે છે કે **'શુભાશુભ વિભાવ...'** લ્યો. આહા..હા..! જ્ઞાનીને પણ આવે છે. અશુભભાવ પણ આવે છે. સમકિતી, જ્ઞાનીને ભોગનો ભાવ આવે છે. ચારિત્ર નથી તો પંચમ ગુણસ્થાન સુધી છન્નુ હજાર સ્ત્રી હોય છે, ભોગનો રાગ આવે છે, પણ આકુળતા છે, દુઃખ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના દળમાંથી બહાર નીકળવું. એ વિકલ્પ છે શુભ હોય કે અશુભ હોય. સમકિતદૃષ્ટિ અને પંચમ ગુણસ્થાનના સાચા શ્રાવક છે, એને પણ અશુભભાવ તો આવે છે. આહા..હા..! પણ કાળા નાગને જેમ જોવે અને દુઃખ થાય એવું દુઃખ એને થાય. છતાં કેમ કરે છે ? પોતાની નબળાઈને કારણે આવ્યા વગર રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

'ભરતેશ વૈભવ'માં તો એમ લીધું છે. 'ભરતેશ વૈભવ' નામનું પુસ્તક છે. ભરત પોતે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની હતા. છન્નુ હજાર સ્ત્રી એની... આહા..હા..! પણ એ ભોગનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વિકલ્પ આવતો હતો તો ભોગની ક્રિયામાં દેખાતા હતા. પણ જ્યાં (ભોગ) પૂરો થયો અને જ્યાં નીચે ઉતરીને બેસે છે ત્યાં નિર્વિકલ્પ ધ્યાનમાં ઉતરી જતા હતા. સમજાણું કાંઈ ? આહા..હા..! એ શુભાશુભભાવ જ્ઞાનીને પણ આકુળતા, દુઃખ છે. આહા..હા..! મુનિને પણ શુભભાવ આવે છે એ દુઃખ છે. સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનમાં તો અશુભભાવ પણ આવે છે અને શુભભાવ પણ આવે છે. પણ છે બંને આકુળતા, દુઃખ. જ્ઞાનીને એને દુઃખરૂપ જાણે છે. દુઃખનું વેદન છે. આહા..હા..!

ભાઈએ પણ એમ લખ્યું છે ને ? 'સોગાની'. ભઠ્ઠી લાગે. જ્ઞાનીને રાગ આવે એ એને ભઠ્ઠી લાગે. આહા..હા..! કેમ કે 'રાગ, આગ, દાહ દહે સદા.' એ શુભ-અશુભરાગ બે આગ-અગ્નિ છે. ભગવાન તો અકષાયસ્વરૂપ શાંત છે. આહા..હા..! એ અશુભભાવ પણ ચોથે, પાંચમે ગુણસ્થાને આવે છે પણ એ દુઃખરૂપ લાગે છે. કાળા નાગને જોવે અને જેમ ત્રાસ થાય, એમ અશુભભાવનો ત્રાસ લાગે. આહા..! અરે..! હું ક્યાં આવી ગયો ? આહા..હા..! એમ શુભભાવ. એ ગજબ વાત આવી. એ શુભભાવ પણ આકુળતા છે. રાગ છે ને ? વિકલ્પ છે ને ? કષાયનો અંશ છે ને ? આહા..હા..!

**'શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા અને પ્રવૃત્તિ છે;...'** વસ્તુ શાંત અને નિવૃત્તિ છે. ત્યારે શુભાશુભભાવ અશાંત એટલે આકુળતા અને પ્રવૃત્તિ છે. પરની પ્રવૃત્તિ નહિ. શરીર, વાણી, મનની તો કરી શકતો નથી. આ તો એમાં થઈ શકે છે. પોતાના આનંદસ્વરૂપનો અનુભવ હોવા છતાં... આહા..હા..! જ્ઞાનનો અનુભવ જ્ઞાનમાં હોવા છતાં જ્ઞાની અંતરમાં રહી શકતા નથી, તો બહાર શુભ-અશુભભાવ રાગમાં આવે છે, તો એ આકુળતારૂપ જાણે છે. અને એ મારી નિવૃત્તિથી એ પ્રવૃત્તિ થઈ. આહા..હા..! આવું હવે ક્યાં ? હવે માણસે આવું સાંભળ્યું ન હોય એને થાય, આ શું કહે છે ? પાગલ જેવી વાત લાગે. અનાદિનો પાગલ છે ને ? રાગ ને પુણ્ય અને પાપ એ મારા અને મને એનાથી સુખબુદ્ધિ. પાગલ છે. મિથ્યાદૃષ્ટિ પાગલ છે, ગાંડો છે.

મુમુક્ષુ :– પર્યાયમાં પાગલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાયમાં પાગલની વાત છે. દ્રવ્ય તો છે ઇ છે. દ્રવ્ય તો ત્રિકાળી છે. દ્રવ્યમાં તો પાગલપણું ત્રણે કાળમાં કદી આવતું નથી. પર્યાયમાં ગમે તેટલા પાગલપણું આવે, હું આત્મા નથી એમ પર્યાય માને તો પણ ત્રિકાળી શુદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે એમાં એ પ્રવેશ નથી કરતો. ભગવાન જે ત્રિકાળી શુદ્ધ ચિદ્ઘન આત્મા છે, એમાં તો કદી આવરણ નથી આવતું, કદી અશુદ્ધતા નથી થતી. આહા..હા..! એમાં કદી અપૂર્ણતા નથી થતી. 'પૂર્ણમિદં.' આહા..હા..! એ નિર્ણય કરે છે પર્યાય. પણ કોનો ? કે હું પૂર્ણ છું. સમજાણું કાંઈ ? આવી વાતું માણસને (આકરી લાગે). સંસારના રસિયા, રસવાળા, એને આ આત્માનો રસ ચડાવવો... આકરો લાગે, ભાઈ !

તારી ચીજ નિવૃત્ત શાંતસ્વરૂપ છે ને. આહા..હા..! એનો અનુભવ થવા છતાં અંતરમાં રહી ન શકે તો અશુભ વંચનાર્થ શુભ આવે છે અને નબળાઈથી અશુભભાવ પણ આવે છે, પણ એ બંને આકુળતા છે. આહા..હા..! કેટલો ફેર છે ? કે સમ્યગ્જ્ઞાનીને શુભ-અશુભભાવ આવે છે, દુઃખ લાગે છે. પણ ભવિષ્યનું આયુષ્ય બંધાય એ તો જ્યારે શુભભાવ હોય ત્યારે જ બંધાય. અશુભભાવમાં એને આયુષ્યનો બંધ નહિ થાય. જ્ઞાનાવરણીય આદિ બંધ થશે. સમજાણું કાંઈ ? ધર્મીને શુભભાવ થાય છે એમાં જ્ઞાનાવરણીય, અરે..! ચારિત્રમોહનીયનો બંધ તો થાય છે, પણ અશુભભાવના કાળમાં ભવિષ્યમાં સ્વર્ગમાં જાવું છે તો શુભભાવ થશે ત્યારે આયુષ્ય બંધાશે. એટલું નિર્મળ જ્ઞાન, સમ્યગ્દર્શનનું જોર છે. સમજાણું કાંઈ ? આહા..હા..! જ્યારે એ અશુભભાવની પ્રવૃત્તિમાં છે ત્યારે જ્ઞાનીને અશુભભાવથી બંધન તો થાય છે, પણ અશુભભાવના કાળમાં જ્ઞાની સમ્યગ્દષ્ટિ મનુષ્યને શુભભાવ જ્યારે આવશે ત્યારે સ્વર્ગનું આયુષ્ય બંધાશે. અશુભભાવમાં આયુષ્ય નહિ બંધાય.

મુમુક્ષુ :– દુઃખભાવ એટલો સારો..

પૂજ્ય ગુરુદેવશ્રી :– સારો કોણે કહ્યું ? આ તો એની સ્થિતિ ઉંચી છે એ કારણે અશુભભાવ હોવા છતાં આયુષ્યનો બંધ નહિ થાય. જ્ઞાનીને બીજા બંધ થાય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ સાતેય કર્મનો બંધ જ્ઞાનીને છે. આહા..હા..! પણ આયુષ્યનો બંધ તો અશુભભાવના કાળમાં નહિ થાય. ભગવાન અંદર દૃષ્ટિમાં તરે છે ને ! આવી વાતું છે, ભાઈ !

નારકીમાં પણ સમકિતદૃષ્ટિ છે. તેને પણ માર-ફાડ થતી હોય તો અંદર રાગનું દુઃખ તો છે. જ્ઞાની સમકિતીને. અત્યારે પહેલી નરકમાં 'શ્રેણિક' રાજા છે. ક્ષાયિક સમકિતી છે, આત્મ-અનુભવી છે. પણ જેટલા પ્રતિકૂળ સંયોગ આવે છે તેમાં લક્ષ જાય છે તો અંદર દુઃખ થાય છે. જ્ઞાનીને પણ દુઃખ થાય છે. નરકમાં છે, પહેલી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નરકમાં છે. ૮૪ હજાર વર્ષની સ્થિતિમાં છે. અઢી હજાર વર્ષ ગયા. આહા..હા..! એ ક્ષેત્રની વેદના એવી છે. આહા..હા..! ત્યાં એવું (વૈક્રિયિક રચના) કૃત્રિમ ઝાડ છે કે જેનું પાન પડે તો શરીરના ટૂકડા થઈ જાય. આહા..હા..! સમકિતીને પણ શરીરના નિમિત્તમાં એવી વેદના રાગનો ભાવ આવે છે. જેટલો આસક્તિ રાગ શરીરમાં છે, એટલી પ્રતિકૂળતામાં સમકિતીને પણ એટલો દ્વેષ થાય છે. સમજાય છે કાંઈ ?

એ 'પંચાધ્યાયી'માં કહ્યું છે. 'પંચાધ્યાયી'માં કહ્યું છે. (સંવત) ૧૯૮૫ની સાલમાં અમારે ભાઈએ અમારી પાસે દીક્ષા લીધી હતી ને ? ૧૯૮૫ની વાત છે. કેટલા વર્ષ થયા. ? ૪૯ વર્ષ પહેલાની વાત છે. ત્યાં 'લાઠી'માં ૧૯૮૫ની સાલમાં અમે લોચ કરતા હતા. કીધું કે કેમ લાગે છે ? ભાઈ ! ત્યારે એમ બોલ્યા કે જેટલો હજી રાગ છે એટલો અહીં દ્વેષ આવે છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- જેટલો શરીર પ્રત્યે રાગ છે, એટલું ખેંચવામાં જરી દ્વેષ-દુઃખ થાય છે. આહા..હા..! એ વખતે. ૧૯૮૫ની સાલની વાત છે. ૪૯ વર્ષ પહેલાની. આહા..હા..!

'પંચાધ્યાયી'માં એમ કહે છે કે જ્ઞાનીને જેટલી પર પ્રત્યેની આસક્તિ છે, એટલી એ પ્રતિકૂળના કાળમાં એને દ્વેષ થશે. જ્ઞાનીને પણ દ્વેષ થશે. આહા..હા..! એ દ્વેષનું વેદન એને થશે. આ તો કંઈ વાત ! ક્ષાયિક સમકિતી અહીં પહેલી નરકમાં છે. જેની ઉષ્ણ વેદના એટલી છે, પહેલી ઉષ્ણ વેદના, પછી શીત છે. એક કણ, પહેલી નરકનો અગ્નિનો એક કણ એટલો લાવે, તો આસપાસ દસ હજાર યોજનમાં મનુષ્ય બળીને રાખ થઈ જાય. બળીને ભસ્મ થઈ જાય. શું કીધું ?

પહેલી નરકમાં જ્યાં શ્રેણિકરાજા બિરાજે છે ત્યાં અગ્નિની પીડા એટલી છે કે ત્યાંથી એક અગ્નિનો કણ પણ જો અહીં લાવે, તો આજુબાજુના દસ હજાર યોજનમાં જેટલા મનુષ્ય છે એ બળીને રાખ થઈ જાય. એટલી તો અગ્નિની તીવ્રતા છે. આહા..હા..! આવું છે. એ શ્રેણીક રાજા પણ એટલી વેદના (સહે છે). સમકિતી, ક્ષાયિક સમકિતી ! અરે..! ત્યાં પણ તીર્થંકરગોત્ર સમયે સમયે બાંધે છે. અહીંયા તીર્થંકર ગોત્ર બાંધતા હતા, તો ત્યાં પણ બાંધે છે. નિરંતર બાંધે છે. આહા..હા..! એ વેદનના કાળમાં પણ તીર્થંકરગોત્ર તો બંધાય જ છે. આહા..હા..! આવી વાત. આહા..હા..!

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દુઃખની દશા તો પર્યાયમાં છે. એ મારી ચીજમાં છે જ નહિ. મારી પર્યાયમાં છે પણ મારા દ્રવ્યમાં નથી. આહા..હા..! બેનું જ્ઞાન સત્ય હોવું જોઈએ ને ? દ્રવ્યનું જ્ઞાન સત્ય હોય તેમ પર્યાયમાં પણ જેવું વેદન છે એવું જ્ઞાન થવું જોઈએ. સમજાણું કાંઈ ? આહા..હા..!

અહીં એ કહ્યું. **'શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા...'** છે. ભગવાન શાંતિ અને નિવૃત્તસ્વરૂપ છે. ત્યારે **'શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા અને પ્રવૃત્તિ છે;...'** આહા..હા..! **'તે બન્નેને મેળ ન જ ખાય.'** ભગવાન શાંત.. શાંત.. અકષાય ચારિત્ર, અકષાય ચારિત્રસ્વરૂપ બિંબ, ત્રિકાળ. ત્યારે શુભાશુભભાવ એ આકુળતા, ભગવાન નિરાકુળતા. ભગવાન નિવૃત્તસ્વરૂપ, ત્યારે પુણ્ય-પાપ પ્રવૃત્તિસ્વરૂપ. આહા..હા..! ભાષા તો સાદિ, પ્રભુ ! ભાવ તો જે છે એ છે, શું થાય ? આહા..હા..! **'તે બન્નેને મેળ ન જ ખાય.'** રાગ દુઃખરૂપ છે. ભગવાન આનંદરૂપ છે, રાગ પ્રવૃત્તિરૂપ છે, ભગવાન અંદર નિવૃત્તસ્વરૂપ છે. એવો દુઃખનો ભાવ એ પોતાના આત્મામાં થાય છે, તો પોતાના આનંદનો આશ્રય લઈને એ દુઃખનો નાશ કરવો. એ બતાવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**પ્રભુ તારી ચીજ તો નિર્મળ છે. તેથી નિર્મળ પરિણતિથી તને પ્રભુ મળશે. (રાગરૂપ મલિન પરિણતિથી નહીં મળે) રાગ મારો છે ને તેનાથી મને લાભ થશે એમ પકડ રાખી છે પણ ચૈતન્યસ્વરૂપ આત્માની પકડ કર તો સંસારરૂપી મગરમચ્છના મુખમાંથી છૂટી શકીશ. પ્રભુ ! તારામાં તાકાત છે. તું પરથી ભિન્ન પડી શકે છે. મગર તો કદાચિત્ ન છોડે પણ તું પરથી ભેદજ્ઞાન કરીને સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકે તેમ છો. માટે પરથી ભિન્ન પડીને તારા આત્માને પકડ. ૪૦૯**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**બહારના બધાં કાર્યમાં સીમા–મર્યાદા હોય. અમર્યાદિત તો અંતરજ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા–મર્યાદા નથી. અંદરમાં–સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિકાળથી જે બાહ્યવૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે. ૨૮૧.**

**ભાદરવા વદ ૧૪, રવિવાર તા. ૧-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૨૮૧, ૨૮૨, ૨૮૩, પ્રવચન–૧૦૬**

૨૮૧. વાત જરી સૂક્ષ્મ છે. **'બહારના બધા કાર્યમાં સીમા–મર્યાદા હોય.'** શું કહે છે ? દેહની સ્થિતિ, ભવની સ્થિતિ, રાગની સ્થિતિ, એ બધી મર્યાદિત છે. સંયોગ જે મળે છે, એની સ્થિતિ પણ મર્યાદિત છે. અમુક કાળ રહેશે. એ કંઈ કાયમની ચીજ નથી. તેમ કર્મનો સંયોગ એ પણ મર્યાદિત ચીજ છે. તેમ આત્મામાં ઉત્પન્ન થનારા પુણ્ય અને પાપના ભાવ, એની પણ સીમા છે, એની મર્યાદા છે. એ અમર્યાદિત ચીજ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– મતિ-શ્રુત પણ એમ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાય મર્યાદિત નથી. ઝીણી વાત છે, ભાઈ ! પર્યાય જે છે, કેવળજ્ઞાન છે એ પણ એક સમયની મર્યાદિત સ્થિતિવાળું છે. આહા..હા..! બહારના જેટલા કાર્ય છે એ બધાની મર્યાદા હોય છે. ઝીણી વાત છે, ભાઈ !

**'અમર્યાદિત તો અંતરજ્ઞાન...'** અંતરમાં જ્ઞાનસ્વરૂપ, એ અપરિમિત, અમર્યાદિત વસ્તુ છે. સમજાણું કાંઈ ? **'અમર્યાદિત તો અંતરજ્ઞાન અને આનંદ છે.'** મુખ્ય બે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



લીધા. જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ એ અમર્યાદિત, કાયમ રહેનારી ચીજ છે. અને અંતર આનંદ છે એ પણ અમર્યાદિત અંદર કાયમ રહેનારી ચીજ છે. **'ત્યાં સીમા–મર્યાદા નથી.'** અંતરમાં જ્ઞાન અને આનંદ છે, એની સીમા નથી. જેમ ખેતરની સીમા હોય છે કે આ સીમાએ ક્ષેત્ર પૂરું થયું. એમ અતંરમાં જ્ઞાન અને આનંદ (છે તેને મર્યાદા નથી). ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા..! અંતરજ્ઞાન અમર્યાદિત સ્વભાવવાળું અને અંતર આનંદ અમર્યાદિત સ્વભાવવાળો.. આહા..હા..! એને મર્યાદા નથી. આહા..હા..!

'નિયમસાર'ની ૩૮મી ગાથામાં તો કહે છે, કે સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય એ પણ નાશવાન છે કેમ કે એક સમય રહે છે ને ? આહા..હા..! અને ભગવાન આત્મા અમર્યાદિત સ્વભાવથી ભરેલો પ્રભુ મર્યાદા રહિત ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? થોડી ઝીણી વાત છે. પર સ્થિતિ, સર્વાર્થસિદ્ધની આયુષ્ય દેહ સ્થિતિ હોય તો પણ મર્યાદિત છે. આ દેહની સ્થિતિ હોય તો પણ મર્યાદિત છે. આહા..હા..! કર્મની સ્થિતિ છે એ પણ એક મર્યાદિત સ્થિતિ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ સમયની પર્યાય પૂરતી છે એ મર્યાદિત છે. અહીં તો એની પર્યાય લેવી છે ને ? કાર્ય લેવું છે ને ? કાર્યની વાતનો સવાલ છે ને ? શું છે ? **'બહારના બધાં કાર્ય...'** કાર્યની વાત છે. પરમાણુમાં ધ્રુવતા છે એ વાત અત્યારે નથી. આહા..હા..! ઘણી ઝીણી વાત છે. બહારના કાર્ય શબ્દે દેહની સ્થિતિ હોય, સર્વાર્થસિદ્ધના ભવની સ્થિતિ હોય, કર્મની સ્થિતિ હોય, અરે..! રાગ-દ્વેષની સ્થિતિ હોય, અરે..! પર્યાયમાં સંવર અને ધર્મ દશા પ્રગટી, એ પણ એક સમયની મર્યાદા પૂરતી ચીજ છે. કાર્યની વાત છે ને ? વસ્તુ રજકણ કાયમ (રહે છે) એનો અત્યારે પ્રશ્ન નથી. આહા..હા..!

પોતાની પર્યાયમાં કાર્ય થાય છે. રાગ-દ્વેષ કે ધર્મની પર્યાયનું કાર્ય (થાય છે), એ પણ મર્યાદિત છે. અહીં સિદ્ધ તો વિકારનું કરવું છે કે વિકાર છે એ મર્યાદિત છે. તેથી એનો નાશ થઈ શકે છે. સમજાણું કાંઈ ? અને અવિકારી ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ ! એની કોઈ પણ શક્તિ કે સ્વભાવ અમર્યાદિત છે. આહા..હા..! એવી અમર્યાદિત ચીજમાં મર્યાદિત કાર્યની સીમા છે. આહા..હા..! આવી ભાષા અને આ વસ્તુ. આવો માર્ગ (છે), બાપુ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'અંદરમાં સ્વભાવમાં મર્યાદા હોય નહિ.'** જેનો વસ્તુ સ્વભાવ.. આહા..હા...! ત્રિકાળી જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, પવિત્રસ્વભાવ, સ્વચ્છસ્વભાવ, પ્રભુત્વ-ઈશ્વરસ્વભાવ, એ સ્વભાવની મર્યાદા નથી. શું કહે છે સમજાય છે કાંઈ ? વસ્તુ છે ને ? સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ શાશ્વત અને જ્ઞાન અને આનંદ પણ અમર્યાદિત શાશ્વત વસ્તુ છે. અહીંયા તો એમ સિદ્ધ કરવું છે, કે ધર્મીની દૃષ્ટિ ત્યાં અમર્યાદિત ચીજ ઉપર પડી છે. સમજાણું કાંઈ ? ધર્મી એને કહીએ કે જે અમર્યાદિત ભગવાન આત્માનો સ્વભાવ (છે તેની) ઉપર (જેની) દૃષ્ટિ ચોંટી ગઈ છે. અમર્યાદિત સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે. આહા..હા..! મર્યાદિત કાર્યમાં દેખાય પણ એ તો અમર્યાદિત કાર્યમાં ઝૂલે છે. આહા..હા..!

**'સ્વભાવમાં મર્યાદા હોય નહિ.'** બહુ ઝીણી વાત. મૂળ તત્ત્વ છે. આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા, એનો જે જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એ સ્વભાવની મર્યાદા નથી. અમર્યાદિત અપરિમિત સ્વભાવ છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય નીકળે અનંત... અનંત... અનંત.. અનંત કાળ તો પણ એ વસ્તુસ્વભાવ તો અમર્યાદિત છે. આહા..હા..! આકરી વાત છે, ભાઈ ! ભગવાન આત્મા અમર્યાદિત સ્વભાવથી ભરેલો પ્રભુ (છે). અંતરમાં તો એનો અમર્યાદિત સ્વભાવ છે.

**'જીવને અનાદિકાળથી જે બાહ્યવૃત્તિ છે...'** આહા..હા..! રાગાદિ કે પુણ્યાદિ. આહા..હા..! **'તેની જો મર્યાદા ન હોય...'** એની સીમા, હદ ન હોય **'તો તો જીવ કદી પાછો જ ન વળે,...'** પુણ્ય અને પાપ, દયા, દાન, રાગાદિ ભાવ પર્યાયમાં થાય છે પણ એ એની મર્યાદા છે. જો મર્યાદા ન હોય તો એનાથી હટીને સ્વભાવમાં આવી ન શકે. સમજાણું કાંઈ ? આવી વાતું, ભાઈ ! આહા..હા..! **'જીવને અનાદિકાળથી જે બાહ્ય વૃત્તિ...'** વિકલ્પાદિ છે **'તેની જો મર્યાદા ન હોય...'** એ વિકારની મર્યાદા અને હદ (છે). મર્યાદિત... આહા..હા..! નાશવાન ચીજ છે. આહા..હા..! **'જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે,...'** અમર્યાદિત હોય તો મર્યાદા વગર પાછો જ ન વળે. અમર્યાદિત હોય તો ક્યાંથી પાછો વળે ? આહા..હા..! શું કહે છે ?

શુભ અને અશુભરાગ. બહારની સ્થિતિ તો ઠીક. એ તો બધું બહાર છે. એ તો એના કારણે મર્યાદિત બાહ્ય છે. પણ અહીં તો અંતરમાં શુભ-અશુભ વિકલ્પ જે રાગ છે, એ જો સીમ નામ મર્યાદિત ન હોય તો એનાથી વિમુખ ન થઈ શકે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અમર્યાદિત કાર્યથી વિમુખ કઈ રીતે થાય ? સમજાય છે ? અલોકની કોઈ મર્યાદા નથી. છે ? આ ક્ષેત્રનું અને લોકના ક્ષેત્રનો અંત મર્યાદિત છે. પણ આ ક્ષેત્ર જે અલોક છે, અસ્તિપણે જે આખું અમાપ.. અમાપ (છે તે) અમર્યાદિત છે. આહા..હા..!

એમ ભગવાન આત્માના પુણ્ય અને પાપના વિભાવરૂપી પરિણમનની સ્થિતિ હદવાળી છે, મુદતવાળી છે. એ કાયમ રહેનારી ચીજ નથી. તો એનાથી વિમુખ થઈ શકે છે. સીમા–મર્યાદિત વિકાર છે. અનંત-અનંત અમર્યાદિત નથી. તેથી વિકારથી આત્મા વિમુખ થઈ શકે છે. શેઠિયા ગયા ? ગયા લાગે છે. જોયા નહિ. આહા..હા..! વાતું બાપુ ! બહુ આકરી.

ભગવાન આત્મા જેનો સ્વભાવ—સ્વ–ભાવ—પોતાનો ભાવ–અમર્યાદિત છે, જેનો પાર ન આવે. ઓહો..હો..! જ્ઞાનસ્વભાવ છે, તો અહીંયા અંદર પૂરો થઈ ગયો. આ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... એમ નથી. અંદરમાં અમર્યાદિત જ્ઞાનસ્વભાવ છે. આહા..હા..! એમ આનંદસ્વભાવ આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... તો ક્યાંય આનંદની મર્યાદા છે એમ નથી. આહા..હા..!

પ્રભુ ! તું જો તો ખરો. આહા..હા..! આવી વાતું લોકોને આકરી પડે છે. અભ્યાસ નહિ અને રુચિ હોય તો ત્યાં વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. જેની જરૂરિયાત જણાય, એ તરફ પુરુષાર્થ કર્યા વગર રહે નહિ. આહા..હા..! એમ ભગવાન આત્મા વીતરાગ સ્વભાવથી અમર્યાદિત ભરેલો છે. અકષાય સ્વભાવ પણ અમર્યાદિત છે. એની કોઈ હદ નથી કે હવે એની પૂર્ણતા થઈ ગઈ. આહા..હા..! એના અકષાય સ્વભાવનું તળ અમર્યાદિત છે. આહા..હા..! પાતાળના કૂવાની પણ હદ છે. એ કાંઈ અમર્યાદિત નથી. અમુક ઠેકાણે પૂરો થઈ જાય છે. આહા..હા..!

આ તો ભગવાન આત્મા એના અનંત જ્ઞાન, દર્શનની ઊંડપની વાત શું કરવી કહે છે ! આહા..હા..! એ અમર્યાદિત જેનો સ્વભાવ (છે). તો મર્યાદિત ચીજથી વિમુખ થઈ શકે છે. હદવાળી ચીજ છે ને ? તો હદવાળી છે એનાથી વિમુખ થઈ શકે છે. આહા..હા..! અરે..! દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ (આવે) પણ એ મર્યાદિત છે. આહા..હા..! વિભાવમાં અમર્યાદિત નથી હોતો. વિભાવરૂપ ભાવ અમર્યાદિત નથી હોતા. વિભાવરૂપભાવ એમાં અમર્યાદિત સ્વભાવ નથી આવતો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! આવી વાતું ! આવો તે કેવો ઉપદેશ ! ભાઈ ! એ અલૌકિક ગંભીર વસ્તુ છે, પ્રભુ ! આહા..હા..! તેનો એક-એક ગુણ કાયમ રહેનારો તો છે, પણ એક-એક ગુણ અમર્યાદિત અંદર છે. અહીંયા પૂરો થયો એમ નથી. આહા..હા..! એવો આનંદગુણ, એવો ઈશ્વરત્વગુણ, એવો જીવતરગુણ. એ અંદર અમર્યાદિત સ્વભાવ છે. આહા..હા..!

**'જો બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે,...'** જો અમર્યાદિત હોય તો ત્યાંથી પાછો વળીને સ્વભાવમાં ન આવી શકે. આહા..હા..! એક સમયની મુદત છે. આહા..હા..! મર્યાદિત છે તો એનાથી (વિમુખ થઈ) અમર્યાદિત સ્વભાવ તરફ વળી શકે છે. આવી વાત છે, ભાઈ ! અરે..! જેને આ માર્ગ હાથમાં (નથી આવ્યો). અનંતકાળથી પરને મારા માની-માનીને પરમાં હોંશુ–હરખ કરીને મરી ગયો છે. આહા..હા..! એની પરની હોંશ ને રાગ છે એ પણ કહે છે મર્યાદિત છે. સામી ચીજ તો એની પાસે મર્યાદિત જ રહી શકે છે. આ સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો મર્યાદિત રહી શકે છે. પણ તારી પર્યાયમાં વિકૃત અવસ્થા છે એ પણ મર્યાદિત છે, પ્રભુ ! આહા..હા..! સીમા છે.. સીમા છે. ત્યાં હદ છે. આહા..હા..! એ કારણે સીમા જે મર્યાદિત રાગ છે એનાથી ખસી શકે છે. અમર્યાદિત હોય તો ખસી ન શકે. ભગવાન અમર્યાદિત સ્વભાવ છે. આહા..હા..! એ અમર્યાદિત સ્વભાવ મર્યાદામાં આવે છે, એમ નથી. એ અમર્યાદિત સ્વભાવનું માપ સમ્યગ્દર્શન, જ્ઞાને લીધું... આહા..હા..! એ પર્યાય પણ મર્યાદિત છે. આહા..હા..! કારણ કે એ પર્યાય કાયમ નથી રહેતી. આહા..હા..! ભગવાન આત્મા... આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ ! આ તો પાતાળમાં અનંત ગુણનો ઊંડો કૂવો મર્યાદા રહિત છે. આહા..હા..!

**'તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય.'** જો પુણ્ય અને પાપના વિકલ્પ અને વિકાર આદિ કાયમ રહેનારી ચીજ હોય તો ત્યાં જ રોકાય જાય. **'બાહ્યમાં જ સદા રોકાઈ જાય.'** આહા..હા..! **'અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે.'** આહા..હા..! જે સ્વભાવની કદી હદ, મર્યાદા (આવી ગઈ) કે આ સ્વભાવ અહીં પૂરો થયો, એમ છે નહિ. આહા..હા..! સ્વભાવની શક્તિમાં, હોં ! આહા..હા..! એના અનંત ગુણ છે. સ્વભાવ અનંત ગુણ છે તો અનંતની સંખ્યા કે આ આત્મામાં અનંત સ્વભાવ ગુણ–શક્તિ છે, તો આ અનંત... અનંત.. અનંત... અનંત... અનંત...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અનંત... અનંત... એવા અનંત અનંતનો છેલ્લો અનંત, એમાં છે નહિ. અને છેલ્લો અનંત નથી, પણ છેલ્લા અનંતમાં આ છેલ્લી શક્તિ છે એમ નથી. ઝીણું છે, ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા..!

એ આ બાહ્યની ચીજની વિસ્મયતામાં રોકાઈ ગયો. એ રોકાણો એ ચીજ પણ મર્યાદિત છે. આહા..હા..! એ કારણે હદવાળી ચીજ છે, તો એનાથી હટી શકે છે. ભગવાન આત્મા અમર્યાદિત સ્વભાવવાળો છે... આહા..હા..! તેને પકડ. એ હવે અમર્યાદિત શક્તિ પકડી તો હવે એની મર્યાદા નથી. એ એવો ને એવો રહેશે. આહા..હા..! ભલે પર્યાય ક્ષણિક છે પણ એનો આધાર જે અમર્યાદિત છે એ તો કાયમ રહેશે. આહા..હા..! શું કહે છે ? દૃષ્ટિ છે એ મર્યાદિત છે. આહા..હા..! પણ વસ્તુ જે અંદર છે એ અમર્યાદિત છે. આહા..હા..! જ્યાં નિર્વિકલ્પ વસ્તુ છે ત્યાં નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ, તો પર્યાયની તો હદ છે, પણ વસ્તુની હદ નથી. આહા..હા..! ભાઈ ! આ તો ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રભુ, જ્ઞાનનો સાગર, આનંદનો સાગર, એની શક્તિની મર્યાદા નથી. કાયમ રહેનારી તો ઠીક પણ વર્તમાન શક્તિની પણ મર્યાદા નથી કે અહીં પૂરી થઈ ગઈ. આહા..હા..! ઝીણી વાત છે. આ તો વિષય આવ્યો ત્યારે (સ્પષ્ટીકરણ થાય). આહા..હા..!

**'જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે.'** આહા..હા..! આત્મા અગાધ શક્તિથી ભરેલો છે. અગાધ, ગંભીર, જેની હદ નથી એવા સ્વભાવથી ભરેલો છે. સંખ્યા તો અગાધ છે. આહા..હા..! પણ એના સ્વભાવની મર્યાદા પણ અમર્યાદિત છે. એ શું કહ્યું ? આત્મામાં જે શક્તિ ગુણ છે એ તો અનંત છે પણ એ તો સંખ્યાથી અનંત છે, પણ એક એક ગુણની મર્યાદા નહિ જ્યાં. આહા..હા..! ભલે ક્ષેત્રનો ત્યાં અંત આવ્યો કે આ ગુણ આટલા અસંખ્ય પ્રદેશમાં છે, પણ ભાવનો અંત તેની મર્યાદા નથી. આહા..હા..! આવો ભગવાન એણે કોઈ દિ' સાંભળ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે.'** કાયમ રહેનાર તો ઠીક પણ એ કાયમી ચીજની મર્યાદા નથી. એટલા...એટલા... એટલા (ગુણો ભર્યા છે). ગજબ વાત છે ! અલોકનો ક્યાંય અંત નથી. એનાથી અનંતગુણા આત્મામાં ગુણ છે. અલોક અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



લોકના આકાશના જે પ્રદેશ છે, એક પોઈન્ટ એક રજકણ જેમાં રહે એનું નામ પ્રદેશ, તો એવા આકાશના જેટલા પ્રદેશો છે એ અમર્યાદિત છે. આહા..હા..! કે અહીંયા હવે હદ આવી ગઈ, એમ છે નહિ. એટલા આકાશના પ્રદેશો જે છે, એ પ્રદેશની સંખ્યાથી પણ અનંતગુણા ગુણ પ્રભુમાં છે. આહા..હા..! અને એક એક ગુણની સંખ્યા તો અનંત છે પણ એક એક ગુણ અમર્યાદિત છે, એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ ?

અસંખ્ય પ્રદેશમાં ક્ષેત્રથી મર્યાદા થઈ કે અસંખ્ય પ્રદેશમાં જ છે. પણ એ ભાવની મર્યાદા આત્મા... આત્મા... આત્મા... આત્મા આટલો એમ નથી. આહા..હા..! આવી વાત છે. આ હળદર ગાંઠીયે ગાંધી થવાય એવું નથી આ. માણસ નથી કહેતા ? હળદર-હળદર હોય છે ને ? હળદરને ગાંઠીયે ગાંધી થવાય. ભાઈ ! એમ ગાંધી ન થવાય. એમ કોઈએ શાસ્ત્રની અમુક વાત પકડી લીધી માટે આત્માનું જ્ઞાન અમર્યાદિત થયું એમ નથી. આહા..હા..!

જેને ભવનો અંત લાવવો છે; કેમ કે ભવ તો મર્યાદિત છે અંત આવશે. આહા..હા..! સમજાણું કાંઈ ? અને ભવને જાણનાર જે ભગવાન અંદર જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ, આનંદસ્વભાવ છે, એની સંખ્યાએ અમર્યાદિત અનંત શક્તિ છે, પણ એના ભાવ પણ અમર્યાદિત છે. શું છે આ ? આહા..હા..! એવા આત્મા ઉપર જેની દૃષ્ટિ થઈ... આહા..હા..! એ અંદરમાં શું કામ થાય છે એ અજ્ઞાની નથી જાણી શકતા. આહા..હા..!

**‘આત્મા અગાધ શક્તિનો ભરેલો છે.’** આહા..હા..! સંખ્યાએ અગાધ અને સ્વભાવના સામર્થ્યે પણ અગાધ. સમજાણું કાંઈ ? અરે..! પ્રભુ ! તું કેટલો અને કેવડો છો ? ભાઈ ! તને ખબર નથી, ભાઈ ! આહા..હા..! પાંચ-પચ્ચીસ, બે-પાંચ કરોડ મળ્યા, તો અમે લક્ષ્મીવાળા થઈ ગયા. પ્રભુ ! એ ચીજ શું છે ? એ તો મર્યાદિત છે. અને દયા, દાનના ભાવ કર્યા તો મેં ઘણું કર્યું, પ્રભુ ! એ શું છે ? એ તો રાગની દશા છે, એ તો મર્યાદિત છે, ભાઈ ! આહા..હા..! ભગવાન ચૈતન્યની સત્તા, હોવાપણું, એના ગુણની સંખ્યાની તો મર્યાદા નથી. ઓહો..હો..! પણ એક-એક ગુણની.. આ ગુણ અહીં પૂરા થયા એવી મર્યાદા નથી. ઓહો..હો..! અરે..! આવી વાતું ! પેલા દયા પાળો, વ્રત પાળો એને આ બેસવું કઠણ પડે. આહા..હા..! ભાઈ ! **‘આત્મા અગાધ શક્તિનો ભરેલો છે.’** આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આ જે બહારનો લોક છે તેનાથી ચૈતન્યલોક જુદો જ છે. બહારમાં માણસો દેખે કે 'આણે આમ કર્યું, આમ કર્યું', પણ અંદરમાં જ્ઞાની ક્યાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે. બહારથી જોનાર માણસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય, પણ અંદરમાં તો તેઓ ક્યાંય ઊંડે ચૈતન્યલોકમાં વિચરતા હોય છે. ૨૮૨.**

૨૮૨. '**આ જે બહારનો લોક છે તેનાથી ચૈતન્યલોક જુદો જ છે.**' આહા..હા..! ખરેખર તો એ બાહ્ય લોક, પુણ્ય-પાપના ભાવ, અરે..! એક સમયની પર્યાય જે છે... આહા..હા..! બાહ્ય છે. અંદરથી એ બાહ્ય ચીજ છે. '**બહારનો લોક છે...**' શરીર, વાણી, કર્મ આદિ સંયોગ અને વિભાવભાવ... આહા..હા..! કે એક સમયની પર્યાય છે, એ બાહ્ય લોક છે. '**તેનાથી ચૈતન્યલોક જુદો જ છે.**' પર્યાયની અંદર, પર્યાયમાં નહિ પર્યાયની અંદર... આહા..હા..! પર્યાય ઉપર રહે છે. આ ભગવાન આત્માનો સ્વભાવ પર્યાયથી અંદર છે. આવી વાતું હવે. સમજાણું કાંઈ ?

એ '**ચૈતન્યલોક જુદો જ છે.**' જુદો જ છે. આહા..હા..! ચૈતન્યલોક, દ્રવ્ય સ્વભાવ ભગવાન આત્માનો તત્ત્વ સ્વભાવ, એ બાહ્ય લોકથી પૃથક્ લોક છે. '**બહારમાં માણસો દેખે કે 'આણે આમ કર્યું, આમ કર્યું',...**' ધર્મીની દૃષ્ટિ અંતર્મુખમાં છે. બહારમાં અજ્ઞાની જુએ કે જુઓ! આમ કર્યું.. આમ કર્યું. એમ લોકો બહારથી જુએ છે. '**પણ અંદરમાં જ્ઞાની ક્યાં રહે છે,...**' આહા..હા..! એ બહારની પર્યાય અને પ્રવૃત્તિ જુએ, પણ ધર્મીની દૃષ્ટિ તો અમર્યાદિત સ્વભાવ ઉપર પડી છે. આહા..હા..! તો લોકો એમ કહે, માને કે આ કરે છે.. આ કરે છે. આહા..હા..! પણ અંતરમાં પડ્યા છે એની શું દશા છે એ અજ્ઞાની નથી જાણતા. આહા..હા..! બોલ સૂક્ષ્મ આવી ગયો છે.

'**શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે.**' આહા..હા..! કેમ કે ધર્મીને તો પોતાનો જ્ઞાયક અમર્યાદિત સ્વભાવ છે, એના સ્વીકારમાં દૃષ્ટિ પડી છે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક ભાવ, સામાન્ય ભાવ, અમર્યાદિત ભાવ એ ઉપર એની દૃષ્ટિ કામ કરે છે. બહારમાં છે એના તો એ જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! એ ચક્રવર્તી છ ખંડના રાજમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દેખાય, ભોગના કાળમાં ભોગ, ભાવ અને ક્રિયાને લોક દેખે, પણ એ અંતરદૃષ્ટિમાં પડ્યો છે. પરમાત્મસ્વરૂપને પકડી લીધો છે. આહા..હા..! એ અંતરમાંથી ખસતા નથી. આવો માર્ગ માણસને આકરો પડે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આ કાંઈ નવી વાત છે એમ નથી. આહા..હા..!

ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ અમર્યાદિત, એને જ્યાં અંદરમાં પકડ્યો, તો વર્તમાનમાં એની જે પર્યાય છે, એ બહાર છે, એ અંતર દૃષ્ટિમાં નથી આવતો. લોકો એમ દેખે કે આ આમ કરે છે, આ ભક્તિ કરે છે, આમ જોવે છે. આહા..હા..! આવું કામ ભારે ભાઈ ! **'શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે.'** આહા..હા..! **'બહારથી જોનાર માણસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા...'** દેખે. **'વિકલ્પોમાં જોડાતા દેખાય,...'** છે. આહા..હા..! જુઓ એ શુભભાવમાં આવ્યા. આહા..હા..! એક વાર 'શ્રીમદ્'ને પૂછ્યું. 'શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ' ક્યાં છે ? તો એમણે જવાબ આપ્યો કે એ આત્મામાં છે. ભાઈ ! 'શ્રીમદે' એમ કહ્યું. એ બહારની સ્થિતિ છે એ તો બીજી ચીજ છે. અંતરમાં સમકિતી, જ્ઞાની, શ્રીકૃષ્ણ આત્મજ્ઞાની ધર્માત્મા, અલ્પકાળમાં પરમાત્મા થવાને લાયક છે. આહા..હા..! બહારના ભાવ અને આ ગતિ થઈ એ ન દેખ. એ આત્મામાં છે. સમજાણું કાંઈ ? મનુષ્યપણામાં આવ્યો, સ્વર્ગનો ભવ મળ્યો તો પણ આત્મા તો આત્મામાં છે. સ્વર્ગ કે સ્વર્ગના વિકલ્પમાં આવતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

'શ્રેણિક' રાજા. કોઈ કહે કે નરકમાં ગયા છે ને ? તો નરકમાં છે. અરે...! સાંભળ તો ખરો, પ્રભુ ! એક વાર. એ આત્મામાં છે. સમજાણું કાંઈ ? આહા..હા..! દેખાય કે આ નરકમાં છે. વેદન દેખાય. આહા..હા..! એ પોતાનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે એમાં છે. બહારના કાર્ય અને રાગમાં એ આવ્યા જ નથી. આહા..હા..! બહુ સરસ વાત આવી છે ! આ બોલ એવા આવ્યા છે. ભાઈ ! પાછો રવિવાર અને 'ભાવનગર'વાળા આવ્યા છે. અમૃત છે, પ્રભુ ! આહા..હા..! જેનો અમૃતસ્વભાવ અમર્યાદિત છે, એવું જ્યાં અંતરમાં ભાન થયું, હવે એ બહારમાં વિકલ્પમાં આવે છે, દેખાય છે પણ એ છે નહિ. એ તો જ્યાં છે ત્યાં છે. આહા..હા..!

અજ્ઞાનીએ બહારથી ત્યાગી થઈને. રાજ, કુટુંબ, સ્ત્રી બધું છોડ્યું. છૂટું જ હતું, પણ રાગના એકત્વમાં પડ્યો છે તો એ રાગમાં આત્મા છે. આત્મા રાગમાં છે. આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્મામાં નથી. આહા..હા..! રાગનો વિભાવિક કણ, એમાં જ્યાં એકત્વબુદ્ધિ છે, એ ચાહે તો રાજપાટ છોડીને બહારમાં સંત થયો, સાધુ થયો પણ એ અંદરમાં રાગમાં છે, આત્મામાં નથી. આહા..હા..!

**'બહારથી જોનાર માણસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય, પણ અંદરમાં તો તેઓ ક્યાંય ઊંડે ચૈતન્યલોકમાં વિચરતા હોય છે.'** જ્ઞાનસ્વરૂપની પર્યાયમાં વિચરે છે. રાગમાં આવ્યા જ નથી. આહા..હા..! હવે આવો માર્ગ. જૈનમાં જન્મ્યા એને પણ સાંભળવા મળે નહિ, તો એ બિચારા ક્યાં અંદર જાય ? આહા..હા..! ચૈતન્યલોક ભગવાન અંદર બિરાજે છે ને પ્રભુ ! જેની શક્તિની સંખ્યા પણ અમાપ અને જેના એક એક ગુણમાં તાકાતની પણ અમાપતા, એવા આત્મામાં ભાન, સમ્યગ્દર્શન થયું... આહા..હા..! સમ્યગ્જ્ઞાન થયું, એ તો જ્ઞાન અને દર્શનમાં જ રહે છે, એ રાગમાં આવતા નથી. આહા..હા..!

૧૧મી ગાથામાં એમ કહ્યું ને ? '**भूदत्थमस्सिदो...**' ભૂતાર્થ પ્રભુ ! સત્યસાહેબ પ્રભુ પૂર્ણાનંદ. 'કબીર'માં એમ કહે, સાહેબ આત્મા. પણ ઇ સાહેબ આ. આહા..હા..! એ સાહેબ પરમાત્મસ્વરૂપ... આહા..હા..! જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને જ્યાં પર્યાયમાં એનો સ્વીકાર થયો, તો ધર્માત્મા તો જ્ઞાન અને આનંદની પર્યાયમાં જ છે. આહા..હા...! જ્ઞાન જાણે છે કે રાગાદિ દુઃખ છે એ મારી પર્યાયમાં છે પણ એ દૃષ્ટિની અપેક્ષાએ તો જ્ઞાન અને આનંદમાં જ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું. એક બાજુ કહે, કે અમર્યાદિત ભગવાનનું ભાન થયું, છતાં તે કાળમાં તેને જ્ઞાનીને જરી રાગનું દુઃખ છે એ જાણે છે. પણ હું એમાં છું, વેદન છે, પણ હું આખું દ્રવ્ય એમાં છું, એમ નથી. આહા..હા..! દ્રવ્ય આવું છે એ એમાં નથી. આહા..હા..! આવી વાતું હવે. કહો, ભાઈ ! સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર મૂર્તિ અને મંદિર કર્યું. આહા..હા..!

મુમુક્ષુ :– એ તો પહેલા દિગંબર થયેલા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દિગંબર કોને કહેવા એની તો વાત ચાલે છે. દયા, દાન, આદિ રાગ વિકલ્પ છે એ પણ કપડા છે. એનાથી મારી ચીજ અમર્યાદિત ભિન્ન છે. આહા..હા..! એવી દૃષ્ટિ થાય તો એ શરૂઆતનો દિગંબર થયો. મુનિ દિગંબર થાય એ પછી. દિગંબર કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! જેમ દિગ નામ આકાશ. દિગંબર–આકાશરૂપી અંબર વસ્ત્ર છે. એમ

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભગવાનમાં વસ્ત્રરૂપી વિકલ્પ તો નથી, પણ રાગરૂપી વિકલ્પ પણ એમાં નથી. એ તો આનંદનો નાથ પરમાત્મા... આહા..હા..! એ જ્ઞાનની પર્યાય અને આનંદની પર્યાયમાં ધર્મી વિચરે છે. ભારે કામ, ભાઈ ! એ લડાઈ કરવાના કાળમાં પણ સમકિતી દેખાય, ચક્રવર્તી 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી હતા. છ ખંડ સાધતા હતા. પણ અંતરમાં તો દૃષ્ટિ ને જ્ઞાનમાં જ હતા. એ રાગમાં અને પરની ક્રિયામાં આવ્યા જ નથી. આહા..હા..! આવી શરતુંવાળો સમ્યગ્દર્શન ધર્મ છે. આહા..હા..!

**'પણ અંદરમાં તો તેઓ ક્યાંય ઊંડે ચૈતન્યલોકમાં વિચરતા હોય છે.'** અમર્યાદિત ભગવાનની શક્તિ અને સ્વભાવની સામર્થ્યતા, એ દૃષ્ટિએ, જ્ઞાનની પર્યાયે પકડી લીધી, તો એ તો ચૈતન્યની ઊંડાઈમાં જ્ઞાની વિચરે છે. રાગની મર્યાદામાં એ આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું. વ્યવહારના રત્નત્રયના વિકલ્પ આવે છે પણ કહે છે કે એમાં એ પોતે આવતા નથી. સમજાણું કાંઈ ? અલૌકિક વાતું છે, બાપા ! ભગવાન ! તારી વાત જ કોઈ અલૌકિક છે. આહા..હા..! એ સર્વજ્ઞે જગતમાં પ્રસિદ્ધ કરી. જેને અંતર (જ્ઞાન) થાય તેને એ પ્રસિદ્ધ થાય છે. આહા..હા..!

**દ્રવ્ય તો અનંત શક્તિનો ધણી છે, મહાન છે, પ્રભુ છે. તેની પાસે સાધકની પર્યાય પોતાની પામરતા સ્વીકારે છે. સાધકને દ્રવ્ય-પર્યાયમાં પ્રભુતા અને પામરતાનો આવો વિવેક વર્તે છે. ૨૮૩.**

૨૮૩. **'દ્રવ્ય તો અનંત શક્તિનો ધણી છે,...'** અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... આહા..હા..! અનંત અનંત સંખ્યાએ, અનંત શક્તિનો પ્રભુ સ્વામી છે. ઓહો..હો..! એ અનંત અનંત શક્તિ ગુણ જે છે... આહા..હા..! અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એવા અનંત અનંતગુણા કરીને અંદરમાં જાય તો પણ એ શક્તિનો અંત નથી. એટલી અંદર શક્તિ છે. શું કહે છે સમજાણું ? કે જે શક્તિ સંખ્યાએ અનંત છે, એમાં આ અનંતપણું અહીં પૂરું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



થયું, એમ નથી. સંખ્યાએ એટલી અનંતતા છે, કે જેમાં આ અનંત... આ અનંત... આ અનંત... અનંત.. કરતા કરતા આ છેલ્લો અનંત આવ્યો, એમ એમાં નથી. છેલ્લા સમજ્યા ? આખિર કી. આહા..હા..! એવો જે ભગવાન આત્મા... આહા..હા..! એ તો **'અનંત શક્તિનો ધણી છે,...'** સવારમાં આપણે આવ્યું હતું. ભગવાન જ્ઞાતા દ્રવ્ય. હજી તો એટલું આવ્યું. પચખાણનો અધિકાર ચાલે છે ને ? એટલા સુધી આવ્યું છે. ભગવાન જ્ઞાતાદ્રવ્ય. આહા..હા..! હવે રાગનો અભાવ કરવા, સ્વરૂપનું આચરણ કરવાનો પ્રત્યાખ્યાની અભિલાષી છે. આહા..હા..! તો સ્વરૂપમાં ઠરે છે. એનું નામ પ્રત્યાખ્યાન પચખાણ છે. આહા..હા..! એ તો વાત બહુ સરસ આવશે. આહા..હા..!

જ્ઞાની તો અંતરજ્ઞાનમાં રમણતામાં જે ગયા... આહા..હા..! પ્રત્યાખ્યાન, તો એમાં રાગનો અંશ રહ્યો નહિ. અને રાગનો ત્યાગ કરે છે એ પરમાર્થમાં નામમાત્ર નથી. આહા..હા..! કેમ કે જે અપરિમિત ભગવાન સ્વભાવ છે, એમાં અનુભવ થયો, એ અનુભવ ઉપરાંત સ્વરૂપમાં લીનતા, પ્રત્યાખ્યાન થયું. જ્ઞાન જ્ઞાનમાં જામી ગયું. આહા..હા..! એ આત્મા રાગનો ત્યાગ કરે છે, એમ કહેવું એ નામમાત્ર કથન છે. આહા..હા..! આ પચખાણ. અહીં તો હજી કાંઈ ભાન ન મળે અને આ ચોવિહાર, અપવાસ કર્યા, આ કર્યું... આ કર્યું... થઈ ગયા અપવાસ. ધૂળેય નથી, ભાઈ ! આહા..હા..! છેતરાઈ ગયો, પ્રભુ ! આહા..હા..!

તારો નાથ અંદર અનંત શક્તિનો ધણી, જેની સંખ્યાની હદ નહિ. શું છે આ તે કાંઈ વાત ! વાત શું છે આ ? આહા..હા..! અનંતને અનંતગુણા કરે. અનંત જે છે એને એટલી સંખ્યાએ સામે અનંતગુણા કરે. અને એ આવે પાછી એટલી સંખ્યાએ એને અનંતગુણા કરે, પાછી એટલી સંખ્યાએ એને અનંતગુણા કરે. આહા..હા..! તો પણ જેની અનંત શક્તિની હદ અને મર્યાદા પૂરી નથી થતી.

**'દ્રવ્ય તો...'** દ્રવ્ય એટલે વસ્તુ, હોં ! આ દ્રવ્ય એટલે પૈસા નથી. **'દ્રવ્ય તો અનંત શક્તિનો ધણી છે, મહાન છે,...'** પ્રભુ મહાન છે. **'પ્રભુ છે.'** ત્રણ બોલ લીધા છે. ભગવાન આત્મદ્રવ્ય છે એ તો પ્રભુ છે, પરમેશ્વર છે. પરમ અનંત શક્તિનો સંગ્રહાલય પ્રભુ છે. આહા..હા..! અનંત અનંત સંખ્યા વિનાના ગુણનું ગોદામ છે. આહા..હા..! અનંત અનંત સ્વભાવનો પ્રભુ સાગર છે. એવું એ દ્રવ્ય પ્રભુ છે. સમજાણું કાંઈ ? **'તેની પાસે સાધકની પર્યાય પોતાની પામરતા સ્વીકારે છે.'** શું કહે છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભગવાન મહા અનંત... અનંત... અનંત.. અનંત સ્વભાવનો સાગર, પ્રભુ ! તેની આગળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધક દશા થઈ, વાસ્તવિક મોક્ષમાર્ગ થયો... આહા..હા..! એ સાધક પોતાની પામરતા સ્વીકારે છે કે હું તો પામર છું. આહા..હા..! પ્રભુ તો આ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું, તો પણ એ પર્યાય છે એ ત્રિકાળની અપેક્ષાએ તો પામર છે. રાગની તો વાત શું કરવી ? આહા..હા..! આવી વાત છે, પ્રભુ ! આહા..હા..!

કહે છે, સાધકપર્યાય જે મોક્ષમાર્ગ પ્રગટ્યો, ત્રિકાળી ભગવાન અમર્યાદિત સ્વભાવનો પિંડ, એનો આશ્રય લઈને, સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું. પણ એ પર્યાય છે, સાધકની પર્યાય છે. એ ત્રિકાળની અપેક્ષાએ તો પામર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એક વાત.

બીજી વાત. એ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય થઈ, પણ એ પર્યાય સર્વજ્ઞની પર્યાય આગળ પામર છે. પર્યાય સામે. ત્રિકાળની પાસે તો ઠીક પણ પૂર્ણ પર્યાય પાસે પણ પામર છે. સમજાણું કાંઈ ? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એમ લીધું છે કે સમ્યગ્દષ્ટિ જીવ, જેને આત્મજ્ઞાન, આત્મદર્શન થયું અને સ્વરૂપમાં થોડી સ્થિરતા પણ થઈ, એ પર્યાયમાં પોતાને પામર માને છે. ક્યાં પૂર્ણ પર્યાય સર્વજ્ઞ વીતરાગ. ઝળહળ જ્યોતિ જ્ઞાન અને આનંદની દશા થઈ, એની પાસે મારી સાધક પર્યાય પામર છે. પૂર્ણ પર્યાયની અપેક્ષાએ પામર છે. તો ત્રિકાળની અપેક્ષાએ તો પામરમાં પામર છે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..!

**'પોતાની પામરતા સ્વીકારે છે. સાધકને દ્રવ્ય-પર્યાયમાં પ્રભુતા અને પામરતાનો આવો વિવેક વર્તે છે.'** જુઓ ! છે ? સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પૂર્ણ પ્રભુતા અને પર્યાયની પામરતા, બેનો વિવેક–યથાર્થ જ્ઞાન છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**સાધકદશા તો અધૂરી છે. સાધકને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય અને ચૈતન્ય આનંદધામમાં પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય ત્યાં સુધી પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે. કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ થાય છે અને તે એક સમયની જ્ઞાનપર્યાય ત્રણ કાળ અને ત્રણ લોકને પહોંચી વળે છે. ૨૮૪.**

**ભાદરવા વદ ૦)), સોમવાર તા. ૨-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૨૮૪ થી ૨૮૭, પ્રવચન–૧૦૭**

૨૮૪. '**સાધકદશા તો અધૂરી છે.**' શું કહે છે ? સાધકપણું તો ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી હોય છે. અહીંયા ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને આત્માનો અનુભવ થયો. રાગથી ભિન્ન પોતાનો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ પરિપૂર્ણ છે, એવું જ્ઞાનમાં અને પ્રતીતમાં આવ્યું અને વેદનમાં પણ આવ્યો. એવી સાધકદશાની પ્રથમ શરૂઆત હોય છે. છતાં એ '**સાધકદશા તો અધૂરી છે.**' સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, અરે..! છઠ્ઠે ગુણસ્થાને ચારિત્ર થયું, છતાં સાધકદશા અધૂરી છે. '**સાધકને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય,...**' આહા..હા..! '**સાધકને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય, અને ચૈતન્ય આનંદધામમાં પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય,...**' આહા..હા..! ચૈતન્ય ભગવાન આનંદધામ ભગવાન આત્મા એમાં '**પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય,...**' આહા..હા..! '**ત્યાં સુધી પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે.**' આહા..હા..!

'શ્રીમદ્ રાજચંદ્ર' એકવાર કહેતા હતા, સમ્યગ્દષ્ટિ હતા, આત્મજ્ઞાની હતા, અનુભવી હતા, પણ વેપારના ધંધામાં જરી જોડાવું પડતું હતું. રાગ (હતો). તો એમ કહેતા હતા. એ ૨૬ મા (વર્ષના પત્રમાં) છે. એમાં બતાવ્યું હતું ને ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કે એ વેપાર-ધંધામાં એવો રાગ આવે છે પણ ઘણું દુઃખ લાગે છે. અને એમાં તો ત્યાં સુધી લીધું છે કે ધડ ઉપર માથું રહી શકે નહિ એવી ઉપાધિ આવી પડે છે. ધડ સમજો છો ? એ તો સાધકજીવ છે, સમ્યગ્દૃષ્ટિ છે, અનુભવી છે પણ જ્યાં સુધી વીતરાગતા ન થાય, ત્યાં સુધી એને વેપાર, ધંધો, ભોગાદિનો રાગ તો આવે છે. આહા..હા..! અને પછી તો એમ પણ કહ્યું છે કે આવી આકુળતા-વ્યાકુળતા થઈ જાય છે કે જીવને ત્યાગ કરવાનો ભાવ આવે છે કે આ છોડી દઈએ, પણ કર્મનું પ્રારબ્ધ જ્યાં સુધી છે તો તીર્થંકરને પણ ગૃહસ્થાશ્રમમાં રહેવું પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આકુળતા-વ્યાકુળતા, ધંધા-પાણી.. ઓ..હો..! અને નાની ઉંમર હતી. એના સંયોગ એવા હતા કે આકુળ-વ્યાકુળ થઈ જતા. રાગ છે ને ? વીતરાગતા નથી. ભાન છે કે આ આકુળતા દુઃખરૂપ છે મને વેદનમાં આવે છે પણ એમાં મારી શાંતિનું તો ખૂન થાય છે. સમજાણું કાંઈ ?

ચોથે ગુણસ્થાને અનુભવી સમ્યગ્દૃષ્ટિને પણ સાધકદશા અલ્પ છે, તો એને રાગાદિ, દ્વેષાદિ ભાવની રાગધારા આવે છે. આહા..હા..! જ્ઞાનીને રાગ હોતો જ નથી અને જ્ઞાનીને દુઃખનું વેદન હોતું જ નથી, (એમ જે માને છે) એને દૃષ્ટિની, તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ ? અને દુઃખ વેદે તો એ તીવ્ર કષાયી જીવ છે (એમ માને તો) એ તદ્દન ખોટું છે. સમજાણું કાંઈ ? આકરી વાત, ભાઈ! તત્ત્વની દૃષ્ટિ, એને થયા પછી તત્ત્વની દૃષ્ટિ કેમ રહે એ કોઈ અલૌકિક વાત છે. આહા..હા..! તીર્થંકર જેવા ગૃહસ્થાશ્રમમાં છે. ત્રણ જ્ઞાન (અને) ક્ષાયિક સમકિત લઈને આવે છે, એ પણ છ ખંડ સાધવા નીકળે છે. આહા..હા..! રાગ, વિકલ્પ, અધૂરી સાધકદશા છે (તો એવો રાગ) આવે છે.

એ (અહીંયા) કહે છે. **'સાધકદશા તો અધૂરી છે. સાધકને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય, અને ચૈતન્ય આનંદધામમાં પૂર્ણપણે સદાને માટે...'** આહા..હા..! આનંદધામ ભગવાન આત્મા અતીન્દ્રિયનું સ્થળ, અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર... આહા..હા..! એમાં પૂર્ણપણે અતીન્દ્રિય આનંદના ધામમાં **'સદાને માટે બિરાજમાન ન થાય, ત્યાં સુધી પુરુષાર્થ...'** કરવો પડે છે. સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ ! આહા..હા..! **'ત્યાં સુધી પુરુષાર્થનો દોર...'** રાગ આવે છે, સાધકદશા છે, અનુભવ છે તો રાગની ધારામાં આ બાજુ પુરુષાર્થ કરતા કરતા જ્ઞાનની ધારા ઉગ્ર થતી જાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. આહા..હા..! આવી વાતું છે. અંતરના ઉકેલની વાતું છે, ભાઈ ! અહીં તો સાધક સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, અનુભવ થયો ત્યાં સુધી પણ પૂર્ણ દશા નથી, તો એને રાગાદિ ભાવ આવે છે, દુઃખનું વેદન થાય છે. તો એને જ્ઞાનધારામાં ઉગ્ર પુરુષાર્થ કરવો પડે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

'શ્રીમદ્દે' ત્યાં સુધી કહ્યું, ભાઈ ! ૨૬માં વર્ષમાં આવે છે. મારે તો જોવું હતું ઓલું સમકિતમાં એટલે શું ? બોધ છે કે ક્યો શબ્દ છે ? સમકિતમાં એટલે બોધમાં પ્રાયે શંકા પડતી નથી. એ શબ્દ જોવો હતો. ૨૬માં વર્ષે. ૨૬માં વર્ષમાં. કેટલામો ચાલે છે ? ૨૬. સમ્યગ્દર્શન છે, આત્મજ્ઞાન છે એ વાત કરે છે. આ સાધક અપૂર્ણ છે ને ? **'ગઈ સાલના માગશર સુદ છઠે અત્રે આવવાનું થયું હતું ત્યારથી આજ દિવસ પર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે...'** બહારમાં છે. **'અને જો ભગવત્ કૃપા ન હોય..'** અંદર **'તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય,...'** માથું ફરી જાય. આહા..હા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને વેદનનો અનુભવ થવા છતાં પણ... આહા..હા..! પૂર્વના પ્રારબ્ધના યોગે ઉપાધિયોગ હોય છે. એમાં રાગ જાય છે. આહા..હા..!

ત્યાં સુધી કહે છે, કે **'માથું ધડ ઉપર રહેવું કઠણ થાય,...'** એટલે માથું ફરી જાય. આહા..હા..! દૃષ્ટિની સ્થિરતા ફરી જાય, એમ. દૃષ્ટિ ન ફરે. અંદરથી સ્થિરતા ફરી જાય. આહા..હા..! અનુભવીને પણ સાધકપણું છે ને ! પૂર્ણ નથી. **'એમ થતાં થતાં ઘણીવાર જોયું છે;...'** કહે છે. **'અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે એવા પુરુષને અને આ સંસારને મળતી પાણ આવે નહીં,...'** મળતો મેળ આવે નહિ. જગતના પ્રાણી સાથે જ્ઞાનીને મળતો મેળ નહીં આવે. આહા..હા..! તમે જ્ઞાની થયા ત્યારે આવા વેપાર-ધંધા શેના માંડ્યા ? એમ અજ્ઞાની કહે છે. પણ એવો રાગભાવ, વિકાર આવે છે, ભાઈ ! જ્યાં સુધી પૂર્ણતા ન હોય ત્યાં સુધી આવે છે. આહા..હા..! **'જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય...'** આ ૨૬મા વર્ષમાં અનુભવ સમ્યગ્દર્શન થયા પછીની વાત છે. લોકોને તત્ત્વ શું છે એની ખબર નથી. આહા..હા..!

**'આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જો કે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે.'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અસ્થિરતાનો ભાવ આવે છે. **'અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ;...'** આહા..હા..! વિશેષ તો એ વાત સમકિતની છે. અહીં તો બીજું કહેવું છે. **'અને તેથી ઘણી વાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો;...'** અરે..રે..! આ શું ? છોડી દઉં આ બધું. પણ પ્રારબ્ધના ઉદયના યોગમાં છોડી શકાતું નથી. છે ? **'ત્યાગને ભજતો હવો;...'** અરે..! આ વેપાર-ધંધા આ બધું છોડી દઉં. **'તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાની પુરુષોનો માર્ગ છે,...'** આહા..હા..! કહો, ભાઈ ! આ સાધકજીવને આ.. બાપુ ! મારગડા જુદા, ભાઈ ! તને ખબર નથી. વિશેષ આકુળતાનું લેવું હતું. આકુળવ્યાકુળ થઈ જઈએ છીએ. ઉપાધિમાં અસ્થિરતાના ભાવ આવી જાય. એથી જાણે આ ધંધો છોડી દઉં. પણ છૂટે કેમ ? રાગનો ઉદય અને સંયોગ છે અને હજી રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

એ (અહીંયા) કહે છે. **'આનંદધામમાં પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય, ત્યાં સુધી પુરુષાર્થનો દોર...'** રાગ આવે છે પણ એનાથી ભિન્ન પોતાના જ્ઞાનની ધારા ચાલે છે. આહા..હા..! **'ઉગ્ર જ થતો જાય છે.'** આહા..હા..! **'કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ થાય છે....'** સાધકપણું પૂરું થયું પછી કેવળજ્ઞાન થયું, પછી કંઈ કરવું પડે નહિ. આહા..હા..! **'એક સમયનો ઉપયોગ થાય છે અને તે એક સમયની જ્ઞાનપર્યાય ત્રણ કાળ અને ત્રણ લોકને પહોંચી વળે છે.'** આહા..હા..! સાધકપણામાં અપૂર્ણ છે, તો ત્યાં સુધી રાગાદિ આવે છે. દુઃખનું વેદન પણ જ્ઞાનીને, ક્ષાયિક સમકિતીને અરે..! મુનિને (હોય છે). આહા..હા..! સાધક છે ને ? છઠ્ઠે ગુણસ્થાને પણ પ્રમાદભાવ, મહાવ્રત આદિનો ભાવ આવે છે એ બધું દુઃખરૂપ આકુળતા, દુઃખ છે. આહા..હા..! અરે..! આવો વિવેક કર્યા વિના, એને ધર્મ કેમ થાય ? સમજાણું કાંઈ ?

એ અહીં કહ્યું. **'એક સમયની જ્ઞાનપર્યાય ત્રણ કાળ અને ત્રણ લોકને...'** આહા..હા..! ભૂતકાળમાં અનંત દ્રવ્યોની પર્યાય જે વીતી ગઈ, એને પણ સર્વજ્ઞપર્યાય વર્તમાન પર્યાય છે એમ દેખે છે. જેમ ભૂતમાં હતી એમ અહીં જુએ છે. આહા..હા..! અને ભવિષ્યમાં જે દ્રવ્યની પર્યાય થશે, એ પણ જ્યાં આત્મા પૂર્ણ આનંદધામમાં ગયો અને કેવળજ્ઞાન થયું તો ભવિષ્યમાં જ્યારે પર્યાય થશે, એમ વર્તમાનમાં જાણે છે. આહા..હા..! અને એ ભૂતની ગયા કાળની પર્યાય કારણરૂપે અંદર જાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભવિષ્યની પર્યાયની યોગ્યતા અંદર વર્તમાનમાં છે. પણ દેખનારી કેવળજ્ઞાની પર્યાય તો ભૂત, વર્તમાન અને ભવિષ્યને વર્તમાન જેમ વર્તે છે એમ દેખે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સાધકના ફળ કેવળજ્ઞાન એ શું ચીજ છે ? અનંત આનંદના ધામમાં બિરાજમાન પ્રભુ ! પૂર્ણ રૂપે. સમ્યગ્દર્શન, જ્ઞાનમાં અનંત ધામમાં અપૂર્ણરૂપે ધામમાં તો આવ્યો છે. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! અનંત આનંદનું ધામ નાથ, એમાં સમ્યગ્દર્શન-જ્ઞાનમાં અલ્પપણું આનંદધામમાં આવ્યું છે. પણ જ્યારે પૂર્ણ આનંદધામમાં વસશે ત્યારે અનંત કેવળજ્ઞાન પ્રગટશે. આહા..હા..! આવી ચીજ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે.

**'ત્રણ કાળ અને ત્રણ લોકને પહોંચી વળે છે.'** આહા..હા..! પણ ભૂતની પર્યાય તો ચાલી ગઈ. એ જુએ કે જે સમયે ત્યાં ભૂતમાં હતી એવું ભગવાન કેવળજ્ઞાનમાં જોવે છે. વર્તમાનમાં તો ત્યાં દ્રવ્યમાં નથી. અને ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી. પણ આવી થશે એમ જુએ છે. આ તે કંઈ ચૈતન્યની...! ભગવાન કેવળજ્ઞાન સાધકના ફળરૂપ... આહા..હા..! એ કેવળજ્ઞાનમાં પણ અત્યારે તો વાંધા. કેવળી ત્રણ કાળ ત્રણ લોક દેખે તો તો ક્રમબદ્ધ થઈ જાય છે. શું કીધું ? સમજાણું ? દ્રવ્યમાં જે સમયે જે પર્યાય ત્યાં હશે અને થઈ ગઈ, એમ જાણે એ તો ક્રમબદ્ધ થઈ ગયું. ક્રમબદ્ધ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? તે દિ' મોટો વાંધો હતો ને? (સંવત) ૨૦૧૩ની સાલ. 'વર્ણીજી' સાથે ચર્ચા થઈ હતી. ૨૧ વર્ષ થયા. ઘણી ચર્ચા થઈ હતી. આવ્યા હતા ? નહિ ? તમે આવ્યા હતા ? ઠીક. ઘણી ચર્ચા થઈ હતી. એ કહે નહિ, એક પછી એક પર્યાય થાય છે. પણ આ પછી આ જ થાય એમ નહિ. કીધું, નહિ એમ જ હોય !

ભાઈ ! પ્રભુ ! વસ્તુ એવી છે કે જેમ મોતીનો હાર છે, હાર. તો જ્યાં જ્યાં જે મોતી છે ત્યાં એ મોતી છે. આગળ-પાછળ નહિ. ભગવાન આત્મા ને અનંત દ્રવ્ય. જ્યાં જ્યાં પર્યાયરૂપી મોતી છે ત્યાં ત્યાં એ રહેશે. આઘીપાછી નહિ. આઘીપાછી કોઈ કરી શકતું નથી. આઘીપાછીને શું કહે ? આગેપીછે. આહા..હા..! કેવળજ્ઞાન આમ પ્રત્યક્ષ જાણે છે. આહા..હા..! મારે તો એમ કહેવું હતું કે દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ છે. એમ તમને ન બેસે તો કેવળજ્ઞાનથી જુઓ. 'જે જે દેખી વીતરાગને તે તે હોશી વીરા, અણહોની કબહુ ન હોશે કાહે હોત અધીરા ?' દ્રવ્યનો સ્વભાવ જ ક્રમબદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે એમ તમને કદાચિત્ ન બેસે તો કેવળજ્ઞાનથી લ્યો. એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં (જાણે છે). આહા..હા..! બસ, એ વીતરાગભાવ અને કેવળજ્ઞાનમાં એ જણાય છે. સમ્યગ્દૃષ્ટિ એમ માને છે. સમજાણું કાંઈ ? આઘીપાછી થાય અને હું પુરુષાર્થથી ફેરવી શકું એ વાત જ નથી. એ પુરુષાર્થની દશા જ એવી છે. આહા..હા..!

કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં જ્ઞાનપર્યાય, એક સમયની જ્ઞાનપર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. આહા..હા..! બાપુ ! જો તો તારી પર્યાયનો સ્વભાવ. પૂર્ણ પર્યાયનો સ્વભાવ આવો છે. સમજાણું કાંઈ ? આહા..હા..! તારા દરબારમાં તો અનંત જ્ઞાન અનંત આનંદ પડ્યો છે, પ્રભુ ! આહા..હા..! એનો જ્યાં અનુભવ કરતા કરતા સ્થિર થઈને જ્યારે કેવળજ્ઞાન થશે, તો ત્રણ કાળ ત્રણ લોકની પર્યાય એક સમયમાં જાણી લે છે. એ તો પોતાની પર્યાય જાણે છે તો ત્રણ કાળની પર્યાય જાણી એમ કહેવામાં આવે છે. આહા..હા..!

અરે..! એનો જ્ઞાનસ્વભાવ, જેનો જ્ઞાનસ્વભાવ અને તે પણ સર્વજ્ઞ જ્ઞાનસ્વભાવ. આત્માનો સર્વજ્ઞ જ્ઞાનસ્વભાવ છે. એ જ્ઞાનસ્વભાવ કહો કે 'જ્ઞ' સ્વભાવ કહો કે જ્ઞાયકભાવ કહો... આહા..હા..! એ ધ્રુવ જ્ઞાયકભાવ, ધ્રુવ સર્વજ્ઞ સ્વભાવ, ધ્રુવ જ્ઞાનભાવ જેમાં સામર્થ્યનો પાર નથી. આહા..હા..! પહેલા એવી દૃષ્ટિ જ્યારે થાય, ત્યારે તો સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! પુણ્ય-પાપ (અધિકારમાં) ગાથા આવે છે ને ? એમ કે સર્વથી સર્વને જાણતો નથી. સર્વજ્ઞ જ્ઞાની હોવા છતાં. સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુનું સ્વરૂપ છે. દરેક આત્માનું. આ પંડિત સાથે ઘણી ચર્ચા થઈ હતી. શેઠ આવ્યા હતા. પંડિત આવ્યા હતા. કાંઈ ખબર ન મળે. બધા પંડિતો ભણી ભણીને ભણ્યા. એમ કહે, જુઓ ! આ પ્રમાણે શક્તિમાં સર્વજ્ઞ, સર્વદર્શી છે, છતાં નિજકર્મ આચ્છાદને, એવો પાઠ છે. નિજકર્મથી ઢંકાયેલો છે. ત્યાં એ કહે જુઓ ! કર્મ આવ્યું. પણ એમ છે નહિ. પાઠમાં એવો અર્થ જ નથી. પોતાના પુરુષાર્થથી, એવો પાઠ છે. આ લોકો કર્મને લઈને ઢંકાઈ ગયું, (એમ કહે). કર્મ તો જડ છે. પરદ્રવ્યથી તારી પર્યાય ઢંકાઈ જાય છે ? તારી પર્યાય તારી નબળાઈને લીધે ઊંધી થાય છે. તો કર્મ તો નિમિત્ત છે. એ કાંઈ કર્મને લઈને તારામાં થયું છે ? આહા..હા..! ભારે વાતું, ભાઈ ! નિમિત્તથી થાય છે. નિમિત્તથી થાય છે. એમ કહે. જુઓ ! કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ કેવળજ્ઞાનને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



રોકે છે. ખોટી વાત છે, એમ છે જ નહિ. ભાવ કેવળજ્ઞાનની પર્યાય ભાવઘાતિ પોતાથી ઘાત થયો છે, ત્યારે જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે. 'અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા.' કર્મથી નહિ. આહા..હા..!

જુઓને ! આ શરીર. ક્ષણમાં બે કલાકમાં હાથ કાપી નાખવો પડ્યો. ભાઈ ! સાંભળ્યું ? આપણા ભાઈ, એના કાકાજી છે. અહીં એકદમ કાળું આવ્યું. અરે..! શું થયું ? ત્યાં અડધો કલાક થયો ત્યાં આ બધું સડી ગયું. ઠંડું... ઠંડુ... ઠંડુ... અંદર બળતરા.. બળતરા... થોડીવાર બે કલાક થઈ ત્યાં અહીં સુધી થઈ ગયું. ડોક્ટર પાસે ગયા. એણે કહ્યું, કાપી નાખો નહિતર આગળ વધીને હમણા દેહ છૂટી જશે. આ જડ. આહા..હા..! કાપી નાખ્યું. અહીંથી આમ બટકી ગયું. આહા..હા..! બે કલાક પહેલા શરીરમાં કાંઈ નહિ અને બે કલાક પછી શરીરના કટકા. આહા..હા..! જડની દશા બાપા ! અરે..! તેને રાખીને રહે એમ છે નહિ. એ તો જે સમયે જે પર્યાય થવાની તે થશે, થશે અને થશે. આહા..હા..! એનો તું જાણનારો રહે, ફેરફાર કરનાર તું નથી. આહા..હા..! એમ જાણનારો રહેતાં જ્ઞાનધારામાં પુરુષાર્થ ઉગ્ર થાય છે તો કેવળજ્ઞાન થઈ જાય છે. આહા..હા..! ૨૮૪ (બોલ પૂરો) થયો. આમાં માલ માલ આવ્યો છે. માલ આવ્યો છે.

**પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો. એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે. એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો. ૨૮૫.**

'**પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો.**' આહા..હા..! '**પોતે પરથી...**' રાગાદિ, કર્મ આદિથી, પરથી અને વિભાવથી. શરીરાદિ કર્મથી અને પોતાની પર્યાયમાં વિભાવથી જુદાપણાનો વિચાર કરવો જોઈએ. શરીર, જડ, માટી, ધૂળ... આહા..હા..! કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધું પર, એનાથી જુદાપણાનો વિચાર કરવો જોઈએ. અને એ ઉપરાંત અંદરમાં પુણ્ય-પાપના ભાવ, વિભાવ થાય છે એનાથી પણ જુદાપણાનો વિચાર કરવો જોઈએ. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'પોતે પરથી...'** પરથી વિભાવથી જુદાપણાનો વિચાર પોતે કરવો જોઈએ. આહા..હા..! શાસ્ત્ર સાંભળવાથી આ વિચાર આવે છે એમ નથી કહેતા. પોતે વિચાર કરવો જોઈએ. આહા..હા..! દેહથી હું ભિન્ન, વિભાવથી પણ ભિન્ન, સ્વભાવથી હું અભિન્ન છું. આવું સ્વરૂપ છે, પ્રભુ ! શું થાય ? એમ વિચાર કરવો જોઈએ. **'એક્તાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે.'** પર મારા અને રાગ-વિભાવ મારા, એવી એક્તાબુદ્ધિ તોડવી એ મુખ્ય વસ્તુ છે. **'एयत्तविहत्तं'** એકત્વ-વિભક્ત આવે છે ને ? આહા..હા..! ... એકત્વ-વિભક્ત સ્વરૂપમાં એકત્વ અને રાગથી વિભક્ત. પાંચમી ગાથા. આહા..હા..! ભાઈ ! મારગ તો બહુ એવો છે.

**'એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે. એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો.'** આહા..હા..! કોઈ વખતે ક્ષણમાં કરે એનાથી કંઈ ન થાય. ક્ષણે ક્ષણે પરથી, રાગથી, વિભાવથી ભિન્ન થવાનો અભ્યાસ કરવો જોઈએ. ક્ષણે ક્ષણે કરવો જોઈએ. આહા..હા..! જેમ શરીર મારું છે એમ થઈ ગયું છે ને ? તો શરીરના નામથી બોલાવે તો બોલે હા.. હં.. પણ ક્યાં તું શરીર છો ? એમ ક્ષણ ક્ષણમાં એની એક્તાબુદ્ધિ છે, એમ ક્ષણે ક્ષણે ભિન્ન પડવાનો અભ્યાસ કરવો જોઈએ. આહા..હા..! શરીરમાં રોગ આવે, શ્વાસનો દમ આવે એ જડની પર્યાય છે, પ્રભુ ! પર છે. એ તરફનો જરી રાગ આવે, દ્વેષ આવે છે એ વિભાવ છે. આહા..હા..! પરથી અને વિભાવથી ભિન્ન પડવાનો અભ્યાસ કરવો. ક્ષણે ક્ષણે. **'એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો.'** આહા..હા..! ૨૮૫ (બોલ પૂરો) થયો.

> **આ તો અનાદિનો પ્રવાહ બદલવાનો છે. અઘરું કામ તો છે, પણ જાતે જ કરવાનું છે. બહારની હૂંફ શા કામની ? હૂંફ તો પોતાના આત્મતત્ત્વની લેવાની છે. ૨૮૬.**

૨૮૬. **'આ તો અનાદિનો પ્રવાહ બદલવાનો છે.'** શું કહે છે ? રાગ તરફનું વલણ તો અનાદિથી છે. છે ? એને બદલવાનું છે, ફેરવવાનું છે. આહા..હા..! શુભ-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અશુભરાગ, શરીરાદિ પરદ્રવ્યનો... આહા..હા..! પ્રવાહ અનાદિનો છે. એ બાજુનું વલણ તો (અનાદિથી છે). આહા..હા..! તારું ભગવાન તરફ વલણ નથી. શું કહેવું છે ? **'આ તો અનાદિનો પ્રવાહ બદલવાનો છે.'** અનાદિનો પ્રવાહ ફેરવવાનો છે. અનાદિનો જે અભ્યાસ છે એને બદલવાનો છે, ગુંલાટ ખાવાની છે. આહા..હા..! જાણપણું વિશેષ હોય કે ન હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! **'અનાદિનો પ્રવાહ બદલવાનો છે. અઘરું કામ તો છે,...'** આ બાજુ દયા, દાન, રાગ, અશુભભાવ અને પર તરફની દૃષ્ટિ તો અનાદિની છે. આહા..હા..! અનંત કાળની પર તરફની દૃષ્ટિનો પ્રવાહ બદલવો કઠણ તો છે, પ્રભુ ! આહા..હા..!

મુમુક્ષુ :– અમુક ઠેકાણે એમ કહ્યું છે કે સુગમ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ સુગમ તો સ્વરૂપ છે એ અપેક્ષાએ. આ તો અનાદિનો અભ્યાસ છે ને ? એ અપેક્ષાએ કહ્યું. અનાદિનો અનંત અનંત કાળનો (અભ્યાસ છે). નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, પણ સ્વભાવના અણઅભ્યાસથી. અભ્યાસ પેલો કે રાગની ક્રિયા હું છું, વિભાવ હું છું, શરીર હું છું. આહા..હા..! કેમ કે જે સ્વરૂપ છે એ તો ખ્યાલમાં આવ્યું નથી. તો ક્યાંક અસ્તિત્વ તો માનવું પડશે. બરાબર છે ? શું કહ્યું ? પોતાનુ જે અસ્તિત્વ ભગવાન પૂર્ણાનંદનો નાથની મોજૂદગી ચીજ છે. એ તો ખ્યાલમાં આવી નથી, તો પોતાનું અસ્તિત્વ ક્યાંક માનવું તો પડશે ને ? આહા..હા..! તો જે કંઈ રાગ, શરીર, વાણી આદિ પર ચીજ જાણવામાં આવી, એમાં આ મારું છે એમાં અસ્તિત્વ માન્યું. આ મારું અસ્તિત્વ છે એ છૂટી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'અઘરું કામ તો છે,...'** કામ કેમ અઘરું છે ? અનાદિનો પ્રવાહ છે તે વાળવાનો છે માટે. આહા..હા..! નદીમાં પાણીનો ધોધ આમ જતો હોય તેને આ બાજુ વાળવો... આહા..હા..! **'અઘરું કામ તો છે,...'** અનાદિનો અભ્યાસ (છે). આહા..હા..! કોઈપણ પળ 'પર મારા છે' એવો પ્રવાહ અનાદિથી છૂટયો નથી. કોઈ પળ. મુનિ થયો, દિગંબર સંત થયો, છતાં એ મહાવ્રતના પરિણામ રાગ, એ મારી ક્રિયા છે, મને લાભદાયક છે. એવી એકત્વબુદ્ધિ ત્યાં સુધી ચાલુ રહી છે. આહા..હા..! દિગંબર મુનિ થયો, મોટા રાજપાટ છોડ્યા, બાળ બ્રહ્મચારી થયો, પણ અંદરમાં એ રાગનો ભાવ વિકલ્પ છે, એનાથી રહિત વસ્તુનો ખ્યાલ નથી. એ પૂર્ણાનંદનો નાથ અંદર અસ્તિત્વ સંબંધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મોજૂદગી ચીજ પડી છે. એનું અંતર પૂર્ણ અસ્તિત્વ છે એ તો પ્રતીતમાં આવ્યું નથી, તો ક્યાંક પોતાનું અસ્તિત્વ તો માનવું પડશે ને. આહા..હા..! રાગ, દયા, દાન, કામ, ક્રોધાદિ અને એના ફળ તરીકે આ બહારના સંયોગ દેખાય એ પોતાના છે એમ માન્યું છે. એ તો અનાદિનું છે. અનંતકાળમાં કોઈ એક સમય પર મારા નથી એવી દૃષ્ટિ કદી થઈ નથી. પર મારા નથી એવી દૃષ્ટિ નથી થઈ. પર મારા છે એવી દૃષ્ટિ રહી. પ્રવાહ બદલવો છે ને ? આહા..હા..!

**'પણ જાતે જ કરવાનું છે.'** ભલે અનાદિનો અભ્યાસ છે પણ અંદર તોડવાનો અભ્યાસ પોતે જ કરવાનો છે. કોઈ કરાવી દે એમ છે નહિ. આહા..હા..! શું કહ્યું ? કે પરનો અભ્યાસ અનાદિથી છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત કાળ, જે કાળની આદિ નથી, એવા અનાદિ... અનાદિ... આદિ નહિ, એટલા કાળથી રાગ અને પર મારા છે એવો અભ્યાસ છે. હવે એને બદલવાનો છે એ કઠણ તો છે. આહા..હા..! જ્ઞાનની પર્યાય એ રાગ અને પર મારા, એ અભ્યાસથી માનતી હતી, એના જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળવી, ભેદ પાડવો કઠણ તો છે. પણ કાર્યનો કર્તા તો પોતે માટે કાર્ય તો કરવું પડશે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જાતે જ કરવાનું છે.'** કોઈ અંદરથી ભેદજ્ઞાન કરાવી દે એમ છે નહિ. આહા..હા..! **'બહારની હૂંફ શા કામની ?'** દેવ-ગુરુ-શાસ્ત્ર અને એના તરફનો શ્રદ્ધાનો રાગ, એ શા કામનો ? આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર પણ કાંઈ ભેદ કરવામાં આધાર નથી. આહા..હા..! આવો માર્ગ !

મુમુક્ષુ :- મારગ તો આવો જ હોય. બીજો હોય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- માર્ગ આ જ છે, આવો જ છે. આહા..હા..! અનાદિનો અભ્યાસ હોવા છતાં, પ્રભુ ! તારે એ અભ્યાસ છોડવો પડશે. કેમ કે **'જાતે જ કરવાનું છે.'** અઘરું છે પણ કરવું પડશે. આહા..હા..! રાગ અને પરદ્રવ્ય મારા, એ પ્રકારનો પ્રવાહ તો અનાદિથી ચાલ્યો આવે છે. હવે એને એક ક્ષણમાત્રમાં ભિન્ન કરવા, કઠણ છે. પણ તારે કરવું પડશે. એક ક્ષણમાં ભિન્ન થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જ્ઞાનસ્વરૂપ પ્રકાશનો બિંબ પ્રભુ ! એનું લક્ષ કરીને રાગને ભિન્ન કરવો. જ્યાં એ તરફનું લક્ષ છે ત્યાં એકત્વબુદ્ધિ છે. એ લક્ષ છોડીને સ્વ તરફનું લક્ષ કરવું. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'પણ જાતે જ કરવાનું છે. બહારની હૂંફ શા કામની ?'** દેવ-ગુરુ-શાસ્ત્ર કે શરીરનું સંઘેયણ–મજબુતાઈ કે નિરોગતા શા કામના ? આહા..હા..! એ તો બધી પુદ્‌ગલની પરની અવસ્થા છે. એ ભેદ કરવામાં શું કામ આવે ? શું કહે છે ? દયા, દાન, આદિ દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ થયો, પણ રાગથી ભિન્ન પડવાનું છે એમાં રાગનો આધાર શા કામનો ? સમજાણું કાંઈ ? આહા..હા..! જેને ભિન્ન કરવું છે એને એ આધાર શું કામ કરે ? આહા..હા..! આવી વાત, પ્રભુ !

**'બહારની હૂંફ શા કામની ? હૂંફ તો પોતાના આત્મતત્ત્વની લેવાની છે.'** ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એની પર્યાયમાં એનો આધાર લેવો. રાગ જેને ભિન્ન કરવો છે, એનો આધાર કામ નહિ આવે. આ લોકો કહે છે ને કે વ્યવહારરત્નત્રય કરતા કરતા નિશ્ચય થશે. એ ખોટું છે. આહા..હા..! (બહાર) વરસાદ આવ્યો. આ વરસાદ અમૃતનો છે. આહા..હા..!

રાગથી ભિન્ન પડવું છે એમાં ભિન્ન કરવામાં રાગ આધાર કઈ રીતે હોય ? સમજાણું કાંઈ ? એમાં શું કહ્યું ? જે લોકો એમ કહે છે કે કષાયની મંદતા કરો.. મંદતા કરો.. મંદતા કરો. અને મંદતા કરતા કરતા અંદરમાં નિશ્ચય થઈ જશે. આહા..હા..! કહે છે, **'બહારની હૂંફ શા કામની ?'** એ આધાર જ થઈ શકે નહિ. આહા..હા..! ભાષા સાદી પણ ભાવ બહુ ઊંચા છે. સરળ દેશી ગુજરાતી ભાષા. આ તો હિન્દી કર્યું છે. આહા..હા..!

અનાદિનો અભ્યાસ પણ તેં કર્યો છે ને ? કોઈ કર્મે કરાવ્યો છે ? કોઈ બીજાએ કરાવ્યો છે ? જેમ તેં કર્તા થઈને કર્યું છે, એને તોડી દે. જેણે જોડ્યું એ તોડે. આહા..હા..! જેણે રાગની સાથે જોડ્યો હતો, એ તોડે. આહા..હા..! પહેલા જ્ઞાનમાં એનું યથાર્થપણું ભાવભાસન થવું જોઈએ. આહા..હા..! કે ભાઈ ! આ તોડવું શું ? એકતા શું ? સમજાણું કાંઈ ? આવી વાતું છે, ભાઈ ! મૂળ વાત વિના આ વ્રત, તપ કરીને મરી જાય. આહા..હા..! રસ ત્યાગ કર્યો, આ ત્યાગ કર્યો, લુખ્ખું ખાય છે. શું ખાય છે ? ચીકણું ખાય છે. અંદર આત્મા આનંદને ભુલીને રાગને ખાય છે. આહા..હા..!

**'હૂંફ તો પોતાના આત્મતત્ત્વની લેવાની છે.'** શું કહ્યું ઇ ? કે જે રાગની મંદતા છે એનાથી ભિન્નતા કરવી છે તો એમાં રાગની મંદતાનો આધાર એમાં કામ નહિ લાગે. આધાર તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા, એનો આધાર કામ આવશે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! સમજાણું કાંઈ ? નિમિત્તના આધારે પોતાને ભિન્ન કરવો છે ? નિમિત્ત પર છે એનાથી ભિન્ન કરવામાં નિમિત્ત આધાર છે ? રાગથી ભિન્ન કરવામાં રાગ આધાર છે ? આહા..હા..! આ તો સાધારણ ભાષા સમજાય એવી છે.

**'હૂંફ તો પોતાના આત્મતત્ત્વની લેવાની છે.'** આહા..હા..! શું કહે છે ? કે રાગની મંદતાનો જે ભાવ છે, એનાથી મને લાભ થશે એ અનાદિની દૃષ્ટિ છે તેને છોડી દે. આહા..હા..! ભગવાન આત્માનો આધાર લે. ત્રિલોકનો નાથ અંદર ચૈતન્યપ્રભુ બિરાજે છે. આહા..હા..! એનો આશ્રય લે. આહા..હા..! સમજાણું કાંઈ ? સાદી ભાષામાં કેટલી વાત છે ! ઘણા લોકો હવે તો આ વાંચે છે.

આધાર એમ કહીને શું કહ્યું ? નિમિત્ત અને રાગ, એ મારા છે એવો અભ્યાસ તો અનાદિથી હતો. હવે તેને બદલવાનો છે. ગુલાંટ ખાવાની છે. તો ગુલાંટ ખાવામાં, બદલવામાં રાગની મંદતા અને નિમિત્ત કોઈ આધાર નથી. જેનાથી ભિન્ન કરવું છે એમાં એ આધાર નથી. એને ભિન્ન કરવામાં આધાર તો ભગવાન જ્ઞાયક સ્વરૂપ, એનો આશ્રય લેવો એ આધાર છે. આહા..હા..! આવી વાતું છે. વસ્તુસ્થિતિ એવી છે. આહા..હા..! ૨૮૬ (બોલ પૂરો) થયો. થોડા થોડા છે ને ? શબ્દો થોડા થોડા છે.

**દ્રવ્ય સદા નિર્લેપ છે. પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે. ક્યાંય ખેદાવું નહિ, ખેંચાવું નહિ—ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ. ૨૮૭.**

૨૮૭. **'દ્રવ્ય સદા નિર્લેપ છે.'** વસ્તુ જે જ્ઞાયક સ્વભાવભાવ, ત્રિકાળી જ્ઞાયક સ્વભાવભાવ એ દ્રવ્ય તો નિર્લેપ છે. એમાં કોઈ લેપ નથી. રાગનો લેપ નથી, કર્મનો લેપ-આવરણ નથી, કાંઈ નથી. આહા..હા..! આવી વાત ! રાગનો લેપ છે એ તો પર્યાયમાં છે. દ્રવ્યમાં નથી. દ્રવ્ય તો ત્રિકાળી નિર્લેપ વસ્તુ પડી છે. આહા..હા..! **'દ્રવ્ય સદા નિર્લેપ છે.'** વસ્તુ જ્ઞાનસ્વભાવભાવ, દ્રવ્યસ્વભાવભાવ સદા નિર્લેપ છે. એમાં તો આવરણ પણ નથી, અશુદ્ધતા નથી, અલ્પતા નથી. આહા..હા..! અરે..! આવી વાત !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે.'** હવે તો કહે છે દ્રવ્ય તો સદા નિર્લેપ છે, પણ પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે. નિર્લેપ ભાવ ભગવાન, એનો આશ્રય કરીને પર્યાયમાં લેપ રહિત રહેવું. પર્યાયમાં રાગ અને નિમિત્તના લેપ રહિત રહેવું. વસ્તુ જેવી છે એમ પર્યાયમાં રહેવું, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? વસ્તુ નિર્લેપ છે, તો એનો આશ્રય કરવો, તો પર્યાયમાં પણ નિર્લેપતા રહે. રાગનો સંબંધ અને નિમિત્તનો સંબંધ ન રહેવો. આહા..હા..! વસ્તુ નિર્લેપ છે, એનો સંબંધ રહ્યો, રાગનો સંબંધ અને નિમિત્તનો સંબંધ તોડ્યો તો પર્યાયમાં નિર્લેપતા થઈ. જેવું દ્રવ્ય નિર્લેપ છે, એવો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન કહો કે નિર્લેપ કહો એક જ વાત છે. આહા..હા..! શું કહ્યું ?

મુમુક્ષુ :– નિર્લેપના આશ્રયે નિર્લેપતા પ્રગટે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિર્લેપના આશ્રયે નિર્લેપતા પ્રગટે એટલે શું ? કે એ વસ્તુ જે નિર્લેપ છે, એની પ્રતીતિ થઈ, એનું જ્ઞાન થયું, એ નિર્લેપમાંથી થયું એ નિર્લેપ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે. લોકોને આકરી પડે. અભ્યાસ નહિ. અને અત્યારે તો બધો ઊંધો અભ્યાસ ચાલે છે. આહા..હા..! જે કરવા લાયક છે એ અભ્યાસ છોડી દીધો અને અનાદિનો અભ્યાસ ચાલુ રાખ્યો. રાગ કરવો, આમ કરવું, આમ કરવું.

ભગવાન વસ્તુ નિર્લેપ, નિર્દોષ, અનાવરણી, અશુદ્ધતા રહિત શુદ્ધ, અપૂર્ણતા રહિત પૂર્ણ છે. એ દ્રવ્ય જે નિર્લેપ, નિર્દોષ અને વીતરાગસ્વરૂપ છે. એને રાગથી ભિન્ન કરવામાં ભગવાનનો આધાર લઈને પર્યાયમાં નિર્લેપતા પ્રગટે છે. પર્યાયમાં નિર્લેપતા રહેવી એ મોક્ષમાર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– એમાં ગુરુના ઉપદેશનો આધાર નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોઈનો આધારા-ફાધાર નથી.

મુમુક્ષુ :– નિમિત્ત..

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્તનો અર્થ કે બીજી ચીજ છે. એ પોતાના આધારમાં કામ નથી કરતી. આહા..હા..! આવો માર્ગ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. સ્વતંત્ર કર્તા. એમાં કર્તા નામનો ગુણ છે કે જે સ્વતંત્ર કર્તા. આહા..હા..! રાગ અને નિમિત્તનો જેમાં સંબંધ નથી. આહા..હા..! ભગવાન આત્મા જેમાં આનંદ અને જ્ઞાન જેવા અનાદિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ગુણો છે, એમ કર્તા નામનો એક ગુણ છે. એ કર્તાગુણ છે, એ નિર્લેપ દ્રવ્યને પકડવાથી કર્તાગુણ રાગની ક્રિયા વગર વીતરાગી પર્યાયનો કર્તા થઈને નિર્લેપ દશા થાય છે. આહા..હા..! અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે.

જે ચીજ નિર્લેપ છે, એનો આધાર લઈને સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું, સ્થિરતા-શાંતિ થઈ, એ બધું નિર્લેપમાંથી આવ્યું, નિર્લેપ છે. આહા..હા..! એ નિર્લેપ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. આહા..હા..! સમજાણું કાંઈ ? પેલા કેટલાક મશ્કરી કરે છે. 'કુંદકુંદાચાર્ય'નું મૂકીને 'બહેન'નું વાંચવા માંડ્યા. એ વાણી તો એકની એક જાત છે. સાંભળને. અરે..! આહા..હા..! એ મશ્કરી કરે છે એમ કરીને. (એક પંડિતે) એમ લખ્યું છે. અરે..! પ્રભુ ! શું કરે છે ? બાપુ ! આહા..હા..!

સમ્યગ્દષ્ટિની વાણી હો કે કેવળીની હોય એ તો જે છે એ છે. અરે..! તિર્યંચના સમકિતમાં અને સિદ્ધના સમકિતમાં કાંઈ ફેર નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે. આહા..હા..! દ્રવ્ય નામ વસ્તુ, નિર્દોષ વીતરાગસ્વરૂપે નિર્લેપ છે. પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવું જોઈએ. રાગથી અને પરથી ભિન્ન થઈને પોતાના સ્વભાવના આશ્રયે પર્યાયમાં નિર્લેપ રહેવું જોઈએ. આહા..હા..!

**'નિર્લેપ રહેવા જેવું છે.'** પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે. આહા..હા..! **'ક્યાંય ખેદાવું નહિ,...'** પ્રતિકૂળ સંયોગો જોઈને ખેદાવું નહિ. અનુકૂળતામાં **'ખેંચાવું નહિ...'** અનુકૂળમાં ખેંચાવું અને લલચાવું નહિ. **'ક્યાંય ખેદાવું નહિ, ખેંચાવું નહિ...'** અર્થાત્ લીટી કરી એનો અર્થ એ. લીટી કેમ કરી ? એનો અર્થ એ. ખેંચાવું નહિ એટલે શું ? **'કયાંય ઝાઝો રાગ કરવો નહિ.'** આહા..હા..! નબળાઈને કારણે રાગ આવે છે. પણ રાગનો રાગ કરવો એમ નથી. એ રાગનો પ્રેમ ન કરવો. જેને રાગનો પ્રેમ છે, એને ભગવાન સ્વભાવ હેય છે, અને જેને ભગવાન સ્વભાવ ઉપાદેય છે, એને રાગભાવ હેય છે. આવી વાત છે. ભાષા તો બહુ ટૂંકી પણ ભાવ તો આ છે, ભાઈ !

**'ક્યાંય ખેદાવું નહિ,...'** એટલે દ્વેષ ન કરવો. અને **'ખેંચાવું નહિ—ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ.'** ઝાઝો નામ રાગ ઝાઝો થઈ જાય અને સ્વભાવ ઢંકાઈ જાય એમ ન કરવું. સમજાણું કાંઈ ? નબળાઈને કારણે રાગ આવે એ જુદી વાત છે. રાગ ઝાઝો ન કરવો, સ્વભાવ કરતાં રાગ વિશેષ છે, એ ન કરવું. આહા..હા..! ૨૮૭ (બોલ પૂરો થયો).

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**વસ્તુ સૂક્ષ્મ છે, ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે. સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર. ૨૮૮.**

**આસો સુદ ૧, મંગળવાર તા. ૩-૧૦-૧૯૭૮.**
**વચનામૃત-૨૮૮, ૨૮૯, ૨૯૦, પ્રવચન-૧૦૮**

૨૮૮મો બોલ છે ને ? **'વસ્તુ સૂક્ષ્મ છે,...'** ભગવાન આત્મા, પરમાણુ પણ સૂક્ષ્મ છે, પણ અહીંયા અત્યારે આત્માની વાત છે. વસ્તુ અરૂપી સૂક્ષ્મ છે. અનાદિથી એક સમયની પર્યાય જે પ્રગટ છે, વ્યક્ત પ્રગટ પર્યાય, એના ઉપર એની અનાદિથી દૃષ્ટિ છે. પણ પર્યાયની સમીપમાં વસ્તુ સૂક્ષ્મ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ એવી સૂક્ષ્મ વસ્તુ પડી છે. આત્મતત્ત્વ, એક સમયની વર્તમાન પર્યાય જે ચાલે છે, એના ઉપર તો અનાદિથી એની દૃષ્ટિ છે. પણ પર્યાયની સમીપમાં સૂક્ષ્મ (વસ્તુ પડી છે તેની ઉપર લક્ષ નથી). પર્યાય છે એ પણ વર્તમાન સ્થૂળ છે. પરના લક્ષવાળી પર્યાય (સ્થૂળ છે). આહા..હા..! વસ્તુ અંદર સૂક્ષ્મ અંતર્મુખ, પર્યાયની અંતર દ્રવ્ય વસ્તુ સૂક્ષ્મ, બહુ સૂક્ષ્મ છે.

**'ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે.'** અનાદિથી.. આ ઝીણી વાત, ભાઈ ! જ્ઞાનની પર્યાયમાં ઉપયોગ નામ એનો વેપાર સ્થૂળ થઈ ગયો છે. રાગ અને પુણ્ય, પાપ, શરીર, વાણી, મન એવા પરલક્ષી **'ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે.'** સ્થૂળ સમજો છો ને ? આહા..હા..!

**'સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે...'** સૂક્ષ્મ ભગવાન આત્મા અરૂપી ચિદ્દ્ઘન, જ્ઞાયક એ પર્યાયની પ્રગટતા અંશ છે એ અપેક્ષાએ તેને ત્રિકાળીને જ્ઞાયક કહ્યો. પણ અનંત ત્રિકાળ જ્ઞાયક છે. ધ્રુવ અનંત આનંદ છે ધ્રુવ. અનંત સત્તા સ્વભાવ સૂક્ષ્મ ચૈતન્ય દર્શન, જ્ઞાન, આનંદ, એ વસ્તુ સૂક્ષ્મ છે. એ **'વસ્તુને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**પ્રયત્ન કર.**' આહા..હા..! આવી વાત માણસને (કઠણ પડે). 'પરમાર્થ વચનિકા'માં એમ કહ્યું છે, કે આગમ પદ્ધતિનો વ્યવહાર એને સરળ થઈ ગયો છે. પંચ મહાવ્રત, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા... આહા..હા..! એ આગમનો જે વ્યવહાર, વ્યવહાર એ એને અનાદિથી સરળ થઈ ગયો છે. આહા..હા..! એથી એને અંદર અધ્યાત્મનો વ્યવહાર પણ જણાયો નહિ. આહા..હા..!

લોકો એમ કહે છે, કે આ એકાંત છે.. એકાંત છે એમ કહે છે. રાડુ પાડે છે. ભાઈ ! રાગની મંદતાની ક્રિયાથી પણ અંતર આત્મજ્ઞાન થાય છે એ વાત સત્ય નથી. કેમ કે રાગ જે મંદ રાગ દયા, દાન, વ્રત આદિ એ સ્થૂળ ઉપયોગ છે. આહા..હા..! પરલક્ષી ઉપયોગ છે. ઝીણી વાત છે, ભાઈ ! ભગવાન અંદર સૂક્ષ્મ વસ્તુ પડી છે. આહા..હા..! આનંદ અને જ્ઞાનનો ઢગલો, ઢીમ. આનંદ, જ્ઞાનનો, શાંતિનો (ઢીમ સ્વભાવ). શાંતિ... શાંતિ... અકષાય સ્વભાવ, શાંત સ્વભાવ અંદર સૂક્ષ્મ પડ્યો છે. આહા..હા..! એ સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે ઉપયોગનો પ્રયત્ન સૂક્ષ્મ કર.

જે જ્ઞાનની વર્તમાન દશાનો ઉપયોગ, અંદર પકડી શકે એવો ઉપયોગ કર, એમ કહે છે. જ્ઞાયક અનંત આનંદસ્વભાવથી ભરેલો પ્રભુ ! દ્રવ્ય સૂક્ષ્મ છે. અરૂપી તો છે પણ સૂક્ષ્મ છે. આહા..હા..! તો એને પકડવા માટે આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી પકડાતો નથી. એ તો સ્થૂળ ઉપયોગ છે, ભાઈ ! આ લોકોને કઠણ પડે છે ને ? આહા..હા..! અહીંનું સાહિત્ય એકાંતિક છે, એમ કહે છે. આહા..હા..! ભાઈ ! સમ્યક્ એકાંત તો એને કહીએ, કે જ્ઞાનનો સૂક્ષ્મ ઉપયોગ કરીને, અંતર વસ્તુ છે એને પકડે. એનું નામ સમ્યક્ એકાંત ઉપયોગ કહે છે. એ સમ્યક્ એકાંત છે. અને રાગથી, પૂણ્યથી, ક્રિયાથી લાભ થશે, નિશ્ચયથી પણ થશે અને વ્યવહારથી પણ લાભ થશે, એ મિથ્યા અનેકાંત છે. આવો માર્ગ છે પ્રભુ ! લોકો શું કરે ? આહા..હા..!

એમ કે આવી ભક્તિ કરે, વ્રત પાળે, નગ્ન મુનિ જાવજીવનું બ્રહ્મચર્ય પાળે અને સત્ય બોલે. પણ સત્ય કોને કહેવું ? ભાઈ ! જેની પ્રરૂપણામાં, ઉપદેશમાં એમ ચાલે કે વ્રતાદિની ક્રિયા રાગની મંદતાથી પોતાને લાભ થશે એ ઉપદેશ જ મિથ્યા ઉપદેશ છે. આહા..હા..! કેમ કે ભગવાન તો સૂક્ષ્મ છે. આહા..હા..! એ રાગની મંદતાના પરિણામ સ્થૂળ છે. 'પુણ્ય-પાપ અધિકાર'માં કહ્યું છે, કે શુભ વિકલ્પ છે એ સ્થૂળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. પુણ્ય-પાપ અધિકારમાં (કહ્યું છે). આહા..હા..! પાપના પરિણામ તો સ્થૂળ છે... આહા..હા..! પણ ભગવાનની ભક્તિનો ભાવ, વ્રત પાળવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ... આહા..હા..! એ પણ વિકલ્પ સ્થૂળ છે, સ્થૂળ છે એમ લીધું છે. એ સ્થૂળ ઉપયોગ પોતાને પકડી શકતો નથી. આહા..હા..! આવી વાતું છે. તેથી કહ્યું **'સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે...'** ધીરો.. ધીર **'સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર.'** પ્રયત્નથી પ્રગટશે. આહા..હા..! પહેલી સ્થિતિની વાત છે. આહા..હા..!

**ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે. આત્મા તો શાશ્વત પદાર્થ છે ને ? ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે સાથે આવશે.**

'तत्प्रति प्रीतिचितेन येन वार्तापि हि श्रुता।
निश्चितंत स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।'

**જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. ૨૮૯.**

૨૮૯. **'ચૈતન્યનની ઊંડી ભાવના...'** ચૈતન્યસ્વભાવ જે પૂર્ણ સૂક્ષ્મ પડ્યો છે, એ તરફની એકાગ્રતા–ભાવના–ઊંડી ઊંડી અંદર લઈ જા. આહા..હા..! પર્યાયના પાતાળમાં, પર્યાયની અંદર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે. આહા..હા..! ત્યાં ઊંડી ભાવના લઈ જા. ગહરી છે ને ? ગુજરાતીમાં ઊંડી કહે છે. ઊંડી નામ એ પર્યાયને અંદરમાં લઈ જા. આહા..હા..! આવી વાતું હવે. એ વિના આત્મા નહિ પકડાય, પ્રભુ ! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ તો રાગ છે, શુભ વિકલ્પ છે, સ્થૂળ છે, પ્રભુ ! આહા..હા..! ભગવાન તો સૂક્ષ્મ વીતરાગી સ્વભાવનો પિંડ છે. અકષાય સ્વભાવનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દળ છે. અકષાય સ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય છે એ ક્યાંથી આવે છે ? અંદરમાં અકષાય સ્વભાવ શાંત... શાંત... શાંત છે. આહા..હા..! એ નિર્વિકલ્પ સ્વભાવ શાંત છે. એને પકડવા... આહા..હા..! સૂક્ષ્મ ઉપયોગ ઊંડી ભાવના કરે. તળને પકડવાની એકાગ્રતાની ભાવના કરે. આવી ભાષા છે. આહા..હા..!

અહીં તો હજી પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વાત છે. સવારમાં તો સમ્યગ્દર્શન પછી પ્રત્યાખ્યાનની વાત ચાલે છે ને ? આહા..હા..! સમ્યગ્દર્શન થયું તો પણ પર્યાયમાં હજી અવ્રતભાવ, રાગભાવ (છે). ચોથે ગુણસ્થાને ત્રણ કષાયનો ભાવ છે. આહા..હા..! અહીંયા તો રાગની એકતા (તોડી) અને સ્વભાવની એકતા કરવાની છે. રાગની એક્તા જે છે એને તોડીને સ્વભાવની એકતા કરવાની છે. આહા..હા..!

**'ચૈતન્યની ઊંડી ભાવના...'** જ્યાં અંદર સ્વભાવ સૂક્ષ્મ પ્રભુ (પડ્યો છે). એક સમયની વર્તમાન પ્રગટ પર્યાય ઉપર તારી અનાદિથી રમત છે. પણ પ્રભુ અંદર પરમાત્મ સ્વરૂપ પડ્યો છે, એને પકડવા માટે ઊંડી ભાવના જોઈએ. ઊંડી ઊંડી એકાગ્રતા-ભાવના-જોઈએ. આહા..હા..! આમાં લીધું છે. 'પરમાર્થ વચનિકા'માં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ ત્રણ (અધિકાર) છે. એમાં પરમાર્થ વચનિકા છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે.' 'પરમાર્થ વચનિકા' છે, 'ઉપાદાન નિમિત્ત' આ ત્રણ છે. ભાઈએ વાંચ્યું હતું. એમાં એમ લીધું છે, ભગવાન ! આગમમાં જે વ્યવહાર કહ્યો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વ્યવહાર સમકિતીને પણ, અનુભવી જીવને આવે છે, પણ એ ભાવ શુભરાગ છે. એ શુભરાગનું આચરણ કરવું એ તને અનાદિનો અભ્યાસ છે માટે સરળ થઈ ગયું છે. પણ એનાથી ભિન્ન ચૈતન્ય સહજાનંદ પ્રભુ... આહા..હા..!

એક સજ્જાયમાં આવ્યું હતું ને ? કહ્યું હતું. સજ્જાયમાં. એ વખતે દુકાન ઉપર વાંચતા હતા. 'સહજાનંદી..' ત્યારે એકવાર એમ કહ્યું કે સહજાનંદી એમ જ્યારે કહે, ત્યારે આ તો સ્વામિનારાયણની વાત છે. 'ઉમરાળા'માં એવું થયું હતું. ઉપર વાત ચાલતી હતી, ત્યાં એના મકાનમાં બાયું બહાર બેઠી હતી. એ સાંભળતી હતી. કે મહારાજ (કહે છે), સહજાત્મસ્વરૂપ સહજાનંદી. તો સહજાનંદી તો સ્વામિનારાયણને હોય. કાંઈ ખબર ન મળે. આહા..હા..! સહજ સ્વભાવ.. સહજ સ્વભાવ આનંદ. ભગવાનનો સ્વભાવ જ આત્માના સહજાનંદ સ્વરૂપ છે. આહા..હા..! એ સહજાનંદ સ્વભાવને પકડવા માટે, પ્રભુ ! સૂક્ષ્મ ઉપયોગ કરવો પડે. બહુ ધીરા થવું પડે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! પરલક્ષ છોડવું પડે. આહા..હા..!

અનંત અનંત કાળ ગયો. એ શુભ-અશુભનો અભ્યાસ તો અનાદિનો છે. આહા..હા..! એનાથી અંતરમાં જ્ઞાયક, શાંત, વીતરાગ અનંત આનંદનો પિંડ પ્રભુ, એને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગ કરવો પડે, પ્રભુ ! આહા..હા..! સાણસે સર્પ પકડાય, પણ સાણસે કાંઈ મોતી પકડાય ? સાણસી, સૂક્ષ્મ સાણસી. સોનીની સવાણી અથવા આ છોકરીઓ મોતીના તોરણ બનાવે છે ને ? હાથી એમાં બનાવે. એ મોતી કાંઈ સાણસે પકડાય ? એમ ભગવાન આત્મા રાગના સ્થૂળ ઉપયોગે પકડાતો નથી. આહા..હા..! એ તો અંદર રાગ રહિત પરિણામમાં સૂક્ષ્મતા રાગ રહિત થઈને... આહા..હા..! વસ્તુ પકડાય છે. આવી વાત. છે તો સૂક્ષ્મ ઉપયોગ પર્યાય. જેમ રાગનો ભાવ સ્થૂળ ઉપયોગ એ પણ પર્યાય છે. આહા..હા..! અરે..રે..!

**'ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે.'** આહા..હા..! કેમ કે ભગવાન ચૈતન્ય જ્ઞાયક શાંત, એની એકાગ્રતાની ભાવના, સંસ્કાર પડ્યા તો દેહ છૂટ્યા પછી પણ સાથે આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જેમ દ્રવ્ય છૂટતું નથી, તેમ દ્રવ્યના સંસ્કાર નાખ્યા એ પણ છૂટતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? **'અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે. આત્મા શાશ્વત પદાર્થ છે ને ?'** ભગવાન તો શાશ્વત છે ને ? આદિ-અંત વિનાની ચીજ છે ને ? એની કોઈ શરૂઆત છે ? એનો કોઈ અંત છે ? આહા..હા..! ન છિદન્તિ, ન ભિદન્તિ 'ગીતા'માં પણ આવે છે. એ છેદાય નહિ, ભેદાય નહિ. 'ગીતા'માં તો ત્યાં સુધી કહ્યું છે કે એ ચીજનો કોઈ કર્તા પણ નથી એમ લીધું છે. પણ લોકો કર્તા કર્તા માને છે. સમજાણું કાંઈ ? વસ્તુ છે એને કરે કોણ ? નથી એને બનાવે કોણ ? આહા..હા..!

ભગવાન અંદર વસ્તુ. શાશ્વત ધ્રુવ, શાશ્વત વસ્તુ અંદર પડી છે. આહા..હા...! એ **'શાશ્વત પદાર્થ છે ને ? ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને...'** ઉપર ઉપરથી શાસ્ત્રનો વિચાર ને... આહા..હા..! એનાથી પત્તો લાગતો નથી. સમજાણું કાંઈ ? જ્ઞાનની ઘણી વાત કરે અને ધારણા ઘણી થઈ જાય... આહા..હા..! એનાથી પકડાતો નથી. ભગવાન સૂક્ષ્મ છે. ધીરો થઈને સૂક્ષ્મ ઉપયોગ કરીને, મંથન કરીને અંતરમાં જા. **'ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા...'** આહા..હા..! ઊંડા... ઊંડા... ઊંડે... ઊંડે... જ્ઞાયક છું, શુદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ચૈતન્ય છું. એવા સંસ્કાર અંદર નાખે.. આહા..હા..! વસ્તુ તો શાશ્વત છે તો સંસ્કાર સાથે આવશે. સ્વર્ગમાં જશે. કેમ કે પંચમા આરા છે તો અત્યારે મુક્તિ તો નથી. આહા..હા..! પણ એવા સંસ્કાર લઈને સાથે શુભભાવ થાય છે, એમાં સ્વર્ગનો પુણ્યબંધ થશે, પણ એ સંસ્કાર લઈને જશે. આહા..હા..! સમજાણું કાંઈ ? કેમ કે વસ્તુ શાશ્વત છે ને ? ધ્રુવ છે ને ? તો શાશ્વતમાં શાશ્વતના સંસ્કાર પડવાથી એ શાશ્વત વસ્તુની સાથે જ જશે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે. અરે..!

**'નાખ્યા હશે તે સાથે આવશે.'** અંતરમાં મંથન કરીને પોતાના સ્વરૂપ તરફની એકાગ્રતાનો પ્રયત્ન કરીને **'તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો સાથે આવશે.'** આહા..હા..! જેમ શુભાશુભભાવ કરે છે, તો પુણ્ય-પાપ બંધાય છે તો એ પણ સાથે આવશે. સ્વર્ગમાં જશે તો (ત્યાં સાથે આવશે). આહા..હા..! એમ ભગવાન આત્મા એની પર્યાયની સૂક્ષ્મતા કરીને અપાર ગહન સ્વભાવથી ભરેલો ભગવાન, એના સંસ્કાર સાથે આવશે. ભલે કહે છે કે સમ્યગ્દર્શન પહેલા ન હોય. પણ આ સંસ્કાર હશે તો આગળ જશે. આહા..હા..! આધાર આપ્યો છે. છે ને ? 'પદ્મનંદિ પંચવિંશતિ'નો શ્લોક છે. 'પદ્મનંદિ પંચવિંશતિ'નો ૨૩મો શ્લોક છે. 'પદ્મનંદિ' આચાર્ય દિગંબર સંત જંગલવાસી, એમણે 'પદ્મનંદિ પંચવિંશતિ' (ગ્રંથ બનાવ્યો). નિશ્ચય અધિકાર છે એમાં આ અધિકાર છે.

**'तत्प्रति प्रीतिचितेन येन वार्तापि हि श्रुता।**
**निश्चितंत स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।'**

**'तत्प्रति प्रीतिचितेन'** આહા..હા..! સંસ્કારની ધુરા દ્રવ્યમાં લગાવી દીધી. ભાવશ્રુત જ્ઞાનનો ભલે અનુભવ ન હોય, પણ અંદર ભાવશ્રુત આ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક અખંડ અભેદ (છું) એવા સંસ્કાર નાખ્યા, તો કહે **'तत्प्रति प्रीतिचितेन'** **'જે જીવે પ્રસન્ન ચિત્તથી'** પ્રીતિનો અર્થ કર્યો. પ્રસન્ન ચિત્તથી. કંટાળો નહિ કે આ સૂક્ષ્મ છે તો (છોડી દ્યો). સમજાણું કાંઈ ? **'પ્રસન્નચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે,...'** આહા..હા..! વ્યવહારની સાંભળી છે, નિમિત્તની સાંભળી છે એનો અહીં પ્રશ્ન નથી. ભગવાન આત્મા અંદર હિલોળે ચૈતન્ય આનંદકંદ પ્રભુ ! આહા..હા..! દરિયો જેમ ભર્યો છે. એમ અનંત ગુણનો દરિયો દરિયો છે. ક્ષેત્ર ભલે ટૂંકું પણ સ્વભાવનો અનંતનો પાર નથી. એવી વાત **'प्रीतिचितेन'** આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'ચૈતન્યસ્વરૂપ...'** ભગવાનની. ચૈતન્યસ્વરૂપ એમ છે ને ? **'येन वार्तापि'** આ વાત સાંભળી. આહા..હા..! **'તે ભવ્ય પુરુષ...'** એ ભવ્ય પુરુષ છે. આહા..હા..! તે **'ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.'** એને જરૂર કેવળજ્ઞાન થશે. આહા..હા..! સમજાણું કાંઈ ? આત્મા અંદર પૂર્ણાનંદ પ્રભુ ! એની વાર્તા પણ પ્રેમથી (સાંભળીને) સંસ્કાર નાખ્યા હશે તો ભવિષ્યમાં એ ભવ્ય જીવ છે, એ નિર્વાણમાં ભાજન થશે. નિર્વાણપર્યાયને પ્રાપ્ત થશે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભલે એક-બે ભવ થાય પણ એ ભવમાં નિર્વાણ પર્યાયની પ્રાપ્તિ થશે, થશે ને થશે જ. આહા..હા..!

જેણે સોયમાં દોરો... દોરો કહે ને ? ધાગા. સોયમાં દોરો પોરવ્યો તો એ સોય નહિ ખોવાય. આહા..હા..! એ કોઈ ચકલી એના માળામાં લઈ ગઈ હશે, તો એ દોરો મારો છે. આ દોરો મારો, એ દોરો છે તો સોય છે. હાથ આવશે. આહા..હા..! એમ જેણે ભગવાન આત્મા રાગથી રહિત છે, વીતરાગમૂર્તિ છે, અનાકૂળ આનંદનો કંદ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે, એવી ચૈતન્યની વાર્તા પ્રેમથી સાંભળી છે. એ એટલો પ્રશ્ન છે, શરત આ છે. આહા..હા..!

પર સ્ત્રીનો પ્રેમ છે તો એના સ્વપ્નમાં પણ એ આવે. એ સ્ત્રી ન આવતી હોય તો પણ એ દેખવામાં આવે, એ આવી.. એ આવી એમ લાગે. આહા..હા..! ભ્રમણા. આ તો સાચી ભ્રમણા છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ, એ રાગથી ભિન્ન નિર્મળાનંદ પ્રભુ (છે), આહા..હા..! એવા પરમાત્મ શુદ્ધ ચૈતન્યની પ્રેમથી, હરખથી, અંદર રુચિથી... આહા..હા..! એ વાત સાંભળી છે, **'તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં...'** ભાવિ નિર્વાણ છે ને ? **'निश्चितंत स भवेद्भव्यो'** નિશ્ચયથી તે ભવી જ છે. અને **'भाविनिर्वाणभाजनम् ।'** આહા..હા..! નિઃસંદેહ ભવિષ્યમાં કેવળજ્ઞાનની ભાજનદશા થશે. કેવળજ્ઞાનનો પાત્ર થશે. ત્યાં કેવળજ્ઞાન પ્રગટશે એવો પાત્ર થાય છે. આહા..હા..!

અન્યમતમાં કહે છે, ને 'હરતા ફરતા પ્રગટ હરિ દેખું, મારું જીવવું રે સફળ તબ લેખું. એ ઓઘા મુક્તાનંદનો નાથ બિહારી રે, એ ઓઘા જીવન દોરી અમારી રે.' આહા..હા..! વીતરાગ જ્ઞાયક સ્વરૂપને હરતા-ફરતા લક્ષમાં લઉં, મારો નાથ પરમાત્મ સ્વરૂપ છે. 'હરતા-ફરતા પ્રગટ પ્રભુ દેખું.' પરને દેખું એ નહિ. એમ કહે છે. આહા..હા..! દેખનારને દેખું. આહા..હા..! 'મારું જીવવું રે સફળ તબ દેખું. આ મુક્તાનંદનો નાથ બિહારી.' ભગવાન મુક્તસ્વરૂપ છે. એ કળશમાં આવી ગયું છે. મુક્તસ્વરૂપ છે, અબદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. 'એ મુક્તાનંદનો નાથ બિહારી રે, ઓઘાજીવન..' અમારું જીવન એમાં રહે. આહા..હા..! જેણે આનંદના નાથને ઢંઢોળીને શોધ્યો. 'જીવનદોરી હમારી..' એ તો જીવનની દોરી છે. આહા..હા..!

પર્યાયમાં જેણે આત્માના સંસ્કાર લીધા... આહા..હા..! અનાદિથી પર્યાયમાં પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકારના સંસ્કાર પડ્યા છે. આહા..હા..! માતાના ઉદરમાં બાળક જન્મ લે. ત્યારે બાળક જન્મ લે તરત એ વગર શીખવ્યે માતાને ધાવે. કોણે શીખવ્યું ? આહા..હા..! એ સંસ્કાર પૂર્વના છે. આહા..હા..! એ માતાને ધાવે... આહા..હા..! આમ બચ્ચું મોઢું કરે. કોણે શીખવ્યું ? હજી તો જન્મ્યું છે ને. પૂર્વજન્મના સંસ્કાર કામ કરે છે. આહા..હા..!

એમ ભગવાન આત્મા આનંદને ચૂસવાના સંસ્કાર નાખ્યા હોય. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ, પ્રેમથી એની વાત સાંભળી હોય. આહા..હા..! આવી વાતું લોકોને આકરી પડે. તેથી એમ કહે, પણ એનું સાધન ? એ સાધન આ બધું કરવું એ સાધન માને. એ સાધન જ નથી, પ્રભુ ! તારું સાધન તો પ્રજ્ઞા જ્ઞાનથી રાગને પૃથક્ કરવું એ તારું સાધન છે. આહા..હા..!

પ્રજ્ઞાછીણી-રાગ અને ભગવાન સ્વભાવ વચ્ચે તડ છે. વચ્ચે તડ છે. તડ કહે છે ? જોડ. જોડ નહિ સાંધ. ભિન્ન છે, જોડ નહિ. દરાર હૈ. સમજાણું કાંઈ ? આહા..હા..! જંગલમાં ઘણા પથ્થર હોય છે ને ? એમાં ઝીણી રગ હોય છે. જોઈ છે ? અમે તો બધું જોયું છે. ઝીણી હોય. ત્યાં સુરંગ નાખે અને એકદમ ત્યાંથી ભાગે. અને ત્યાં બેની સપાટી અંદર સરખી હોય. ત્યાં ઉપરથી આઘાપાછા થઈ જાય. પણ જ્યાં તૂટે ત્યાં એક સરખી સપાટી હોય. 'રાજકોટ' માં જોયું હતું. એમ ભગવાન આત્મા એની વર્તમાન પર્યાય અને રાગ વચ્ચે તડ છે. આહા..હા..! દરાર છે, ભાઈએ કહ્યું ને. ભિન્ન પડે છે એ અંદર તિરાડ છે માટે ભિન્ન પડે છે. એક થઈ ગયા હોય તો ભિન્ન પડે નહિ. આહા..હા..!

શરીરમાં ગમે તે રોગ હોય, શરીરની ગમે તે સ્થિતિ હોય એ જડની ચીજ જડમાં છે. તારી નથી. આહા..હા..! એમ રાગની સ્થિતિ પણ મારી પર્યાયમાં નથી. મારી દશા તો રાગથી ભિન્ન હું છું. આહા..હા..! એવા ઊંડા.. ઊંડા.. ઊંડે.. ઊંડે સંસ્કાર નાખે. આહા..હા..! એ જીવ નિઃસંદેહ., એને ભવિષ્યમાં પૂર્ણ પ્રાપ્તિ થશે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નિર્વાણ પામશે. નિર્વાણ–મોક્ષ પ્રાપ્ત થશે. શાંતિ... શાંતિ... શાંતિ.. પૂર્ણ શાંતિ, નિર્વાણ એટલે પૂર્ણ શાંતિની પ્રાપ્તિ એનું નામ નિર્વાણ. આહા..હા..!

મોક્ષ એટલે ? પૂર્ણ દુઃખથી મુક્તિ અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ. મોક્ષ શબ્દ છે, તો દુઃખ જે છે, દુઃખ છે. એ અંશે તો નાશ ચોથા ગુણસ્થાનથી થયો છે. અને પૂર્ણ થાય છે ત્યારે સંપૂર્ણ દુઃખનો નાશ થઈ જાય છે. ખરેખર તો બારમા ગુણસ્થાને સંપૂર્ણ દુઃખનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ ? ત્યાં આનંદ પૂર્ણ થઈ જાય છે. ચોથે ગુણસ્થાને આનંદનો અંશ છે, પૂર્ણ નથી. સમ્યગ્દર્શન છે, અનુભવ છે, અનુભવી છે. તેને આનંદ છે પણ એ અલ્પ છે. સમજાણું કાંઈ ? સાથે દુઃખ પણ વેદનમાં છે. આહા..હા..! પણ એ આગળ જતા.. જતા... જતા.. આગળ એકાગ્ર થતા થતા આનંદની વૃદ્ધિ થશે અને દુઃખનો સર્વથા નાશ થશે. અરે..! આવી વાતું હવે. એક તો સમજવું કઠણ પડે. આહા..હા..! અરે..! ભાઈ ! જુઓને આ શરીર, યુવાન માણસ હોય. ક્ષણમાં હાર્ટફેઈલ. મોત માથે તૈયાર છે. જે સમય આવશે તો ફડાક દઈને (ચાલ્યો જશે). એ કાંઈ પહેલા કહેશે કે તારો સમય પૂર્ણ થયો છે. એમ કહે છે ? કે ભાઈ ! તારું આયુષ્ય પૂરું થયું–એમ કહીને મૃત્યુ થાય છે ?

એમ અહીંયા ભગવાન આત્માના સંસ્કાર પડવાથી... આહા..હા..! પૂર્ણ સર્વજ્ઞ પર્યાય પ્રાપ્ત થશે જ થશે. જેને બીજ ઊગે. બીજ. પછી પૂનમ થશે જ થશે. આહા..હા..! સમજાણું કાંઈ ? અહીંયા તો આત્માના પૂર્વના સંસ્કાર નાખ્યા હોય ને... આહા..હા..! કંઈ રાગ રુચે નહિ, ભગવાન રુચે એવા સંસ્કાર નાખ્યા છે. એ ભવિષ્યમાં નિર્વાણને પાત્ર બનશે. એટલે નિર્વાણ પ્રાપ્ત કરશે. અને જેને અંદર શલ્ય રહ્યું છે કે... સમજાણું કાંઈ ? ધર્મી જીવને દુઃખનું વેદન જ નથી, એ મિથ્યાત્વનું શલ્ય છે. સમજાણું કાંઈ ? તો શલ્ય લઈને જશે તો ત્યાં શલ્ય રહેશે. આહા..હા..! આકરું કામ, ભાઈ ! છે તો પોતાની ચીજ. પ્રાપ્તની પ્રાપ્તિ કરવાની છે. છે એને પ્રાપ્ત કરવાનું છે. નથી એને પ્રાપ્ત કરવાનું છે ? રાગમાં એકાગ્ર થઈને કરે તો રાગ પોતાનો થશે ? પરમાણુને પોતાના કરવાનો પ્રયત્ન કરે તો પરમાણુ પોતાના થશે ? આ તો પોતાની ચીજ અંદર છે. આહા..હા..! પ્રેમથી અંદરમાં ગયા તેને અંતર સંસ્કારથી ભવિષ્યમાં મુક્તિ થશે. એ બંધનને કાપી નાખશે. અને અબંધસ્વભાવ ભગવાન આત્માનો પ્રગટ કરશે. આહા..હા..! છે ? ૨૮૯ (બોલ પૂરો) થયો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે. તેની સાથે અંદરમાં તન્મયતા કરવી તે જ કરવાનું છે. વસ્તુસ્વરૂપ સમજીને 'હું તો જ્ઞાયક છું' એવી લગની લગાડે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય. ૨૯૦.**

૨૯૦. **'આત્મા જ્ઞાનપ્રધાન અનંતગુણનો પિંડ છે.'** શું કહે છે ? ભગવાન જ્ઞાયક જ્ઞાન મુખ્ય, એ જ્ઞાન મુખ્ય છે. કેમ કે સ્વપરપ્રકાશક સ્વભાવ છે એ અસાધારણ જ્ઞાન સ્વભાવ છે. બીજા અનંત ગુણમાં આવો ગુણ (સ્વભાવ) નથી. તો જ્ઞાનપ્રધાન, જ્ઞાનની મુખ્યતાથી **'અનંતગુણનો પિંડ છે.'** એ જ્ઞાનસ્વરૂપ, એકલો જ્ઞાનસ્વરૂપ છે એમ નથી. આહા..હા..! જેની જ્ઞાનની અપરિમિતતા-સ્વભાવ, પણ એ જ્ઞાનપ્રધાનથી બીજા અનંત ગુણની સાથે અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એક ગુણનો પિંડ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'આત્મા જ્ઞાનપ્રધાન અનંતગુણનો પિંડ છે.'** એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ભગવાન પ્રજ્ઞાબ્રહ્મ છે એમ કહેવું, પણ એ પ્રજ્ઞાની સાથે પ્રજ્ઞાને મુખ્ય કરી, પણ એની સાથે આનંદ આદિ, અસ્તિત્વગુણ આદિ અનંત ગુણનો પિંડ છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એટલે આ કરવું એ લોકોને કઠણ લાગે છે એટલે કંઈક બીજો રસ્તો પકડી લીધો. મુનિ નગ્ન થઈને આટલી આટલી ક્રિયા કરે, એને તમે કહો કે આ બધી ક્રિયા ધર્મ નહિ. એ ધર્મની ક્રિયા નહિ, ભાઈ ! ધર્મની ક્રિયા તો રાગથી રહિત, અંતરમાં જ્ઞાનનું પરિણમન થવું એ ધર્મની ક્રિયા છે. 'દિલ્હી'માં (એક સાધુએ) પૂછ્યું. ૧૫૫ ગાથા છે. કે લોકોને એક જીવાદિ સદ્ધણં જીવ આદિની શ્રદ્ધા એ સમકિત. થઈ રહ્યું, ટૂંકુ ટચ. પણ એનો અર્થ શું ? ૧૫૫ ગાથા છે. 'દિલ્હી'માં... આહા..હા..!

અંદર પ્રશ્ન કર્યો હતો કે જીવાદિ સદ્ધણ સમકિતની વ્યાખ્યા શું ? કીધું, જીવાદિ સદ્ધણં-એટલે જીવાદિની માન્યતા. એ માન્યતાની વ્યાખ્યા શું ? અંદર આનંદસ્વરૂપ ભગવાન, વસ્તુનું સ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ છે... ત્યાં જ્ઞાનપ્રધાન લીધું છે. જ્ઞાનરૂપ પરિણમન થવું, એકલી શ્રદ્ધા નહિ પણ જ્ઞાનરૂપ પરિણમન થવું, આનંદનું પરિણમન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



થવું, પ્રભુતાનું પરિણમન થવું, સ્વચ્છતાનું પરિણમન થવું, સ્વસંવેદન પ્રત્યક્ષ થવાની શક્તિ છે તો સ્વસંવેદન પ્રત્યક્ષ થવું. આવી વાતું. લોકોને બહારથી રાજી-રાજી કરે, બસ આમ. અને જિનવાણીમાં કલંક છે. એક પુસ્તકમાં એવું લખ્યું છે. અહીંની વાત હશે. જિનવાણીમાં. વિકાર. ઓલાએ લખ્યું હતું ને ? પંડિતે. સ્થાનકવાસી, નહિ ? એણે એકવાર લખ્યું જિનવાણીમાં વિકાર, એવો કાંઈક શબ્દ હતો. એ બીજી રીતે હતું. આનું બીજી રીતે છે. વાત તો જે હશે એમાં લખ્યું હશે. એ એણે લખ્યું હતું. આજે જૈનદર્શનમાં કાંઈક લખાણ આવ્યું છે. એણે એક પુસ્તક બનાવ્યું છે. જિનવાણીમાં વાણીનો વિકાર થઈ ગયો. એકાંત કરી નાખ્યું.

મુમુક્ષુ :– બ્રહ્મચર્ય પાણી ... દેવીઓ મળે. આવું વળી કેવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો વળી (એક ભાઈ) કહેતા હતા. એ બ્રહ્મચર્ય તો શુભરાગ છે. બાળ બ્રહ્મચારી હોય પણ એ શુભ વિકલ્પ છે. એમાં પુણ્ય બંધાય તો સ્વર્ગમાં હોય. એમાં શું થયું ? આહા..હા..! સમજાણું કાંઈ ? 'શાંતિનાથ' ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી હતી. ત્યારે અમારે (બીજા સાધુ) હતા એ પ્રશ્ન કરતા. પંડિત શ્વેતાંબરમાં હતા. 'જામનગર'ના હતા. ઘણું ભણ્યા હતા. મોટી ઉંમર ૯૫ વર્ષ. 'અમેરિકા'માં દસ-દસ હજાર માણસને ભાષણ આપતા હતા. પણ દૃષ્ટિ વિપરીત. એ કહે કે જો અમારા જ્યોર્જને તો એક રાણી અને તમે કહો તીર્થંકર ત્રણ જ્ઞાનના ધણી, સમકિતી એને છન્નુ હજાર સ્ત્રી. હોય નહિ.. હોય નહિ. પણ એ તો સંયોગી ચીજ છે. સંખ્યાની સાથે સંબંધ શું છે ? કોઈ સમકિતીનું શરીર સ્થૂળ હોય અને કોઈનું પાતળું હોય એનાથી કાંઈ સ્થૂળ હોય એનું .... અનંત રજકણ સ્થૂળ હોય. આહા..હા..! પાંચસો ધનુષનો દેહ હોય, સમકિતીને હજાર યોજનનો દેહ હોય. અને કોઈને સમકિતીનું આટલું નાનું શરીર હોય, એક હાથનું કે તિર્યંચનું હોય... આહા..હા..! એક હાથનો મનુષ્ય હોય છે ને ? દોઢ હાથનો, આઠ વર્ષનો. એ કેવળજ્ઞાન પામે છે. એની સાથે શું સંબંધ છે ? કે શરીરના રજકણો ઘણા હોય, એમાં સમકિતીને ક્યાં છે ? એમ સ્ત્રીની ઘણી સંખ્યા હોય કે થોડી સંખ્યા હોય એની સાથે સંબંધ ક્યાં છે ? ત્રણ લોકના નાથ 'શાંતિનાથ', 'કુંથુંનાથ', 'અરનાથ' સમકિતી હતા, જ્ઞાની હતા, ત્રણ જ્ઞાન લઈને આવ્યા. છન્નુ હજાર સ્ત્રી સાથે લગન કર્યા. રાગ છે ને ? રાગનું વેદન છે ને ? દુઃખનું વેદન છે. સમજાણું કાંઈ ? જાજી સ્ત્રી છે તો સમકિતને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નુકસાન છે, થોડી સ્ત્રી હોય તો સમકિત વિશેષ કહેવાય એમ નથી. સમજાણું કાંઈ ? જેના શરીરમાં ઘણા રજકણો છે તો અંદર દોષ છે અને શરીર પાતળું હોય તો સમકિત નિર્મળ છે એમ વાત નથી. આહા..હા..!

અહીંયા કહે છે, **'આત્મા જ્ઞાનપ્રધાન અનંતગુણનો પિંડ છે.'** સમ્યગ્જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... જાણન... જાણન.. જાણન... જેનો સ્વભાવ પ્રભુનો. એ જાણન સ્વભાવની મુખ્યતા કરીને, પ્રધાન કરીને એ તો અનંત ગુણનો પિંડ છે. એક જ ગુણ એમ નથી. આહા..હા..! **'તેની સાથે અંદરમાં તન્મયતા કરવી તે જ કરવાનું છે.'** કર્તવ્ય તો આ છે, ભગવાન ! જ્ઞાન મુખ્ય એવા અનંત ગુણનો પિંડ પ્રભુ ! એમાં એકાગ્રતા કરવી, અંતરમાં તન્મયતા કરવી. તન્મયતાનો અર્થ પર્યાયને તેની સાથે જોડી દેવી. તન્મયનો અર્થ એ પર્યાય દ્રવ્યમાં એકમેક થઈ જાય છે એમ નથી. આહા..હા..!

**'તેની સાથે અંદરમાં તન્મયતા કરવી...'** સ્વરૂપ તરફની પર્યાયમાં એકાગ્રતા કરવી. આહા..હા..! **'તે જ કરવાનું છે.'** કાર્ય તો આ છે. ધર્મીને કર્તવ્ય કરવું હોય તો આ છે. આહા..હા..! બાકી બધા થોથા છે. આહા..હા..! રાગ કરવો, પુણ્ય-પાપ કરવા એ તો બધો અધર્મ ભાવ છે. અરે..! ગજબ વાત ! જ્ઞાન-જાણનસ્વભાવની મુખ્યતા કરીને, પ્રધાન કરીને અનંત ગુણનો પિંડ પ્રભુ છે, એ તરફ એકાગ્રતા કરવી, તેની સાથે તન્મયતા એકરૂપ (થવું). રાગ સાથે એકરૂપ છે એને આત્મા સાથે એકરૂપ કરવું. આહા..હા..! **'તે જ કરવાનું છે.'** કાર્ય તો આ છે.

કેમ કે ભગવાન આત્મામાં અકાર્યકારણ નામનો અનાદિઅનંત એક ગુણ છે, કે એ પરનું, રાગનું કાર્ય કરે અને રાગનું કારણ થઈને આત્મામાં સમ્યગ્દર્શન થાય એવો આત્મામાં ગુણ નથી. શું કહ્યું ? અકાર્યકારણ છે ને ? આત્મામાં અનાદિઅનંત એવો ગુણ છે, એ જ્ઞાન સાથે અનંત (ગુણો છે), એમાં અનંતમાં એક અકાર્યકારણ નામનો ગુણ છે, જે ભગવાન આત્મા રાગનું કારણ થાય, એમ નહિ. એ વ્યવહારરત્નત્રયનો રાગ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીત એનું કારણ થાય એમ નથી અને વ્યવહાર રત્નત્રયથી અંદર સ્મયગ્દર્શન થાય એમ નથી. એવો અકાર્યકારણ નામનો ગુણ સ્વભાવમાં છે. આહા..હા..! એ અકાર્યકારણ નામનો ગુણ આદિ અનંત ગુણ છે, એમાં એકાગ્ર થવું એ કર્તવ્ય છે. આહા..હા..! બાકી તો જ્ઞાન થોડું હોય, ઓછું હોય એની સાથે કોઈ સંબંધ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– થોડામાં આત્માનું હોવું જોઈએ ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનું જોઈએ. ધારણામાં ઘણા અગિયાર અંગ ભણી જાય એમાં શું થયું ? સમજાણું કાંઈ ? અંતર ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જેની સત્તામાં–હોવાપણામાં જ્ઞાન ભર્યું છે એવા જ્ઞાન સહિત અનંત ગુણનો પિંડ છે, એમાં એકાગ્રતા કરવી એ કર્તવ્ય છે. આહા..હા..! બહારનું તો કરી શકતો નથી, રાગને કરે છે એ તો મિથ્યાત્વ ભ્રમ છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ ચૈતન્યજ્યોતિ રાગને શું કરે ? માને કે હું રાગને કરું છું તો મિથ્યા ભ્રમ છે. આહા..હા..!

મુમુક્ષુ :– સમ્યગ્દષ્ટિને રાગનો કર્તા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્તા તો પરિણમન છે માટે કહે છે. પણ કર્તા કરવાલાયક છે એવી બુદ્ધિ જ્ઞાનીની હોતી નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! એ તો સમ્યગ્દર્શન થયું, વસ્તુનું ભાન, અનુભવ થયો, છતાં હજી રાગનું પરિણમન છે, કંઈ વીતરાગ નથી થયો. રાગ છે, દ્વેષ છે, વિકાર છે, ભોગની વાસના છે. એ પરિણમન છે, પરિણમે છે માટે એ અપેક્ષાએ કર્તા કહેવામાં આવ્યો છે. આહા..હા..! એની પર્યાયમાં પરિણમન છે ને ? સમકિતીને, જ્ઞાનીને અરે..! મુનિને (રાગનું પરિણમન છે). આહા..હા..! સમજાણું કાંઈ ? સમ્યગ્દષ્ટિને ત્રણ કષાયના રાગનું પરિણમન છે. પંચમ ગુણસ્થાનમાં બે કષાયનું પરિણમન છે, છટ્ઠા ગુણસ્થાનમાં એક કષાય સંજ્વલન કષાયનું પરિણમન છે. પણ પરિણમન છે ને ? એ સ્વથી થયું છે કે પરથી થયું છે ? એ અપેક્ષાએ જ્ઞાની, ગણધર પણ હોય તો પણ રાગનું જે પરિણમન છે એને કર્તા કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :– રાગ નિમિત્તથી થાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– નિમિત્ત થાય એ બીજી વાત છે. એ વાત અહીં નથી લેવી. અહીં તો પરિણમન છે માટે કર્તા છે, એટલું. પરથી થયું છે એ પ્રશ્ન અહીં નથી. સમજાણું કાંઈ ? પણ પરિણમન છે ને ? પોતાની પર્યાયમાં અસ્તિત્વ છે કે નહિ ? સમકિતીને પણ રાગનું પોતાની પર્યાયમાં અસ્તિત્વ છે કે નહિ ? સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું. રાગનું અસ્તિત્વ છે તો દુઃખનું અસ્તિત્વ છે કે નહિ ? એ રાગ દુઃખ જ છે. 'રાગ આગ દાહ દહે સદા.' સમકિતીને પણ અંદર રાગની ભઠ્ઠી સળગે છે. આહા..હા..! આવી વાતું છે.

એ અહીં કહે છે. ભગવાન જ્ઞાનમુખ્યથી અનંત ગુણ વસ્તુ, એમાં સન્મુખ થઈને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એકાગ્રતા થવી. રાગથી અને નિમિત્તથી વિમુખ થઈને તન્મયતા કરવી, એ કર્તવ્ય છે. એ કાર્ય ધર્મીનું છે. સમજાણું કાંઈ ? **'વસ્તુસ્વરૂપ સમજીને 'હું તો જ્ઞાયક છું'...'** જાણન-દેખનવાળો હું છું. કોઈ રાગનો કર્તા હું નહિ. પરિણમન છે તો કર્તા છે, એ તો પરિણમનની અપેક્ષાએ કહ્યું. પણ હું વસ્તુ તરીકે જ્ઞાયક છું. પર્યાય તરીકે રાગ આવે છે એ પરિણમન છે માટે તેને કર્તા કહ્યો, પણ વસ્તુ તરીકે જે હું છું એ તો જ્ઞાયક છું. આહા..હા..! સમજાણું કાંઈ ? **'એવી લગની લગાડે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય.'** આહા..હા..!

મુમુક્ષુ :– તદાકાર એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકાકાર. જ્ઞાનની પર્યાયમાં એકાકાર થવું. રાગમાં એકાકાર છે, એમ અહીં એકાકાર થવું. એકાકારનો અર્થ – નિર્મળ પર્યાય દ્રવ્ય તરફ વળી ગઈ. એ એકાકાર. એકાકારનો અર્થ કે દ્રવ્ય સાથે પર્યાય એકાકાર એકમેક થઈ ગઈ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ નહિ. વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**પહેલા રાગની મંદતા કરું એમ રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. વિકલ્પના વાયદા રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. જેમ કૂવામાં ઉભો કોશીયો પડે ને તળિયાની તાગ લઈ આવે તેમ એકદમ પુરુષાર્થ કરીને ધ્રુવ જેનું તળિયું છે ત્યાં ઊંડો ઉતરી જા. ત્રિકાળ જ્ઞાયકભાવ આનંદનો નાથ પ્રભુ છે ત્યાં ઊંડો ઉતરી જા. પર્યાય તો ઉપર ઉપર છે, દ્રવ્યમાં પેસી ગઈ નથી. પર્યાયનું લક્ષ દ્રવ્યના ઊંડાણમાં લઈ જા. પર્યાય દ્રવ્યમાં જાય નહીં પણ પર્યાયનું લક્ષ દ્રવ્યમાં લઈ જા.**

**'પરમાગમસાર' બોલ નં.૪૧૧.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જિનેન્દ્ર મંદિર, જિનેન્દ્ર પ્રતિમા મંગળસ્વરૂપ છે; તો પછી સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાનના મહિમાની અને મંગળપણાની તો શી વાત ! સુરેન્દ્રો પણ ભગવાનના ગુણોનો મહિમા વર્ણવી શકતા નથી, તો બીજા તો શું વર્ણવી શકે ? ૨૯૧.**

**આસો સુદ ૨, બુધવાર તા. ૪-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૨૯૧ થી ૨૯૪, પ્રવચન–૧૦૯**

**'જિનેન્દ્ર મંદિર, જિનેન્દ્ર પ્રતિમા મંગળસ્વરૂપ છે;...'** એનું સ્વરૂપ જ મંગળ છે. અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્, ચત્તારિ મંગલમ્ નથી આવતું ? એ અરિહંત મંગલિક એમ અરિહંતનું મંદિર મંગળ, એમ અરિહંતની પ્રતિમા મંગળિક અને પછી છેલ્લું એમ કહ્યું, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલ. એ પોતાનો સ્વભાવ. વીતરાગીસ્વરૂપ આત્મા એમાંથી વીતરાગભાવ પ્રગટવો એ કેવળી પણ્ણત્તો ધર્મ. એ પોતાનું ભાવ મંગળિક. અને આ બાહ્ય નિમિત્ત તરીકે મંગળિક. આહા..હા..! નિશ્ચય મંગળિક તો પોતાનું. 'મં' નામ પાપ અને ગળ નામ ગાળે. અહંકાર રાગ અને પુણ્ય મારા છે એ અહંકારને સ્વભાવના આશ્રયે ગાળે, ટાળે એ જ આત્મા મંગળિક છે. આહા..હા..! એ આત્મા શરણ છે, આત્મા ઉત્તમ છે. ચાર આવે છે ને ? અરિહંતા મંગળ, અરિહંત લોગુત્તમા, અરિહંત શરણમ્ એમ ચાર બોલ છે. ચત્તારિ મંગલંમાં (આવે છે).

એમાં નિશ્ચયથી તો ભગવાન આત્મા મંગળસ્વરૂપ જ છે. આહા..હા..! ભગવાનસ્વરૂપ કહો, હરિસ્વરૂપ કહો કે બ્રહ્મસ્વરૂપ કહો એ મંગળસ્વરૂપ જ આત્મા છે. આહા..હા..! એના અવલંબનથી જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટે છે તે પર્યાય ભાવમંગળિક છે. વસ્તુ મંગળિક છે. વસ્તુ જ્ઞાયક કહો કે મંગળીક કહો... આહા..હા..! એનો આશ્રય લઈને (એના) અવલંબનથી પર્યાયમાં જે વીતરાગી પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પ્રગટે એ મંગળિક છે. અને બાહ્ય ભગવાન મંગળિક છે, જિનેન્દ્ર પ્રતિમા મંગળિક છે. જિનેન્દ્ર મંદિર મંગળિક છે. એ તરફ લક્ષ જાય તો તેમાં શુભભાવ આવે છે. સમજાણું કાંઈ ? તો એ શુભભાવ વ્યવહારે મંગળિક કહેવામાં આવે છે. નિશ્ચય મંગળિક થયું છે એના રાગને આરોપ દઈને વ્યવહાર મંગળિક કહે છે. ખરેખર તો એ અમંગળિક બંધનું કારણ છે. આહા..હા..! આવી વાત છે.

**'તો પછી સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાનના મહિમાની અને મંગળપણાની તો શી વાત !'** જે આત્મામાં અનંત.. અનંત... અનંત.. અનંત... સંખ્યાનું માપ નહિ એટલા અનંતનો અંત નહિ, એટલા ગુણ છે. એટલી એક સમયમાં નિર્મળ પર્યાય ભગવાન અરિહંતને થઈ. જેટલી સંખ્યાતીત અનંત... અનંત... અનંત... અનંત... આ છેલ્લો ગુણ છે એમ નથી. એવા અનંત ગુણનું પર્યાયમાં પરિણમન થયું તો એ પર્યાય પણ એક સમયની, મુદત એક સમય છે પણ એની એક સમયની પર્યાયની સંખ્યા છે... આહા..હા..! (એ) અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. પર્યાય (છે). એમાં આ પર્યાય છેલ્લી છે એમ છે નહિ. આહા..હા..! શું ચીજ છે ? સમજાણું કાંઈ ? શું કહે છે ? આહા..હા...!

ભગવાન પરમાત્મા સમવસરણમાં બિરાજમાન એવા સર્વજ્ઞ પરમાત્મા, એની જે પર્યાય છે, પ્રગટ થઈ માટે પરમાત્મા કહે છે ને, વસ્તુ તો પરમાત્મા છે પણ પ્રગટ થઈ. આહા..હા..! પર્યાયની મુદત એક સમયની. ભલે સર્વજ્ઞ હોય, સર્વદર્શી હોય, પણ એક સમયની મુદતમાં એટલી પર્યાય છે, કે જેમાં આ પર્યાય છેલ્લી છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- કોઈ ગુણની પર્યાય છેલ્લી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ગુણમાં કોઈ છેલ્લો ગુણ નથી, પર્યાયમાં આ છેલ્લી પર્યાય છે એમ નથી. ગુણની તો પર્યાય છે. એવા અનંત ગુણની એક સમયની પર્યાય છે. પણ એ અનંત પર્યાયમાં... આહા..હા..! અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... એનો ગુણાકાર કરીને અનંતનો વર્ગ કરીને આ છેલ્લી પર્યાય છે એમ પર્યાયમાં નથી. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ ! એ વાત ભાષામાં નહિ એને ભાવમાં (ભાસવી જોઈએ). આહા..હા..!

સમવસરણમાં બિરાજમાન. આ સ્થાપના જિનેન્દ્ર આદિ એ તો સ્થાપના પ્રતિમા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. જિનસારખી જિનપ્રતિમા એ વ્યવહાર છે, પણ ભગવાન આત્મા સાક્ષાત્ જે આત્મા છે... આહા..હા..!

મુમુક્ષુ :– એકવાર એમ કહે કે ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ એક અપેક્ષાથી. ભગવાન તો કાયમ રહેતા નથી અને પ્રતિમા કાયમ રહે છે એ અપેક્ષાએ દિપચંદજીએ કહ્યું છે. પણ એ લોકોને કઠણ પડે. દસ હજાર કેવળી અને એક તીર્થંકર. પર તરફની અપેક્ષાએ મહિમા છે. અને દસ હજાર તીર્થંકર અને એક પ્રતિમા એની મહિમા વિશેષ છે.

મુમુક્ષુ :– બેમાંથી ક્યું બરાબર ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બરાબર છે. કેમ ? આહા..હા..! અપેક્ષાથી (વાત) છે. તીર્થંકર છે એ વિચરે છે. એક સ્થાનમાં નથી રહેતા. અને ભગવાનની પ્રતિમા એક સ્થાનમાં ચોવીસે કલાક રહે છે. સમજાણું કાંઈ ? એ અપેક્ષાએ કહ્યું છે. અપેક્ષા સમજવી જોઈએ ને. આહા..હા..! ભગવાનની પર્યાયમાં અનંત પર્યાય છે. એ પર્યાય કાંઈ પ્રતિમામાં નથી. સ્થાપના નિક્ષેપ તરીકે છે. પણ એ પ્રતિમામાં પર્યાયનો આરોપ છે કે આ સર્વજ્ઞ પ્રતિમા છે, પૂર્ણાનંદના નાથની પ્રતિમા છે. એ પર્યાયની અનંતતા એમાં પણ છે એ વ્યવહારે. એ કારણે પ્રતિમાની મહિમા કરી. પણ અહીંયા તો સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાન બિરાજે છે. આહા..હા..!

મુમુક્ષુ :– એ તો વ્યવહારે

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહારે પણ કેમ ? વ્યવહારે પણ એની મહિમાની શું ચીજ છે એની વાત છે. કે એક સમયમાં એટલી નિર્મળ પર્યાય પ્રગટ થઈ, કે એક સમયની પર્યાયમાં મુદત એક સમય, પણ આ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એ અનંતનો અંત નહિ એટલી એક સમયમાં પર્યાય છે. અરે..! શું કહે છે આ ? ભાઈ ! આ તો અલૌકિક માર્ગની વાતું છે, બાપા ! આહા..હા..! એ ભાષાએ કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..!

કહે છે કે **'સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાનના મહિમાની અને મંગળપણાની તો શી વાત !'** આહા..હા..! શું છે આ ? સમ્યગ્દર્શનમાં પણ અનંત ગુણના બધાનો એક અંશ વ્યક્ત–પ્રગટે છે. આહા..હા..! પણ એક અંશ છે. એ પણ અનંતા અંશ પ્રગટ થયા, એ પર્યાયનો પણ અંત નથી કે આ છેલ્લી પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. અનંત... અનંત... અનંત... અનંત... એક સમયમાં, હોં ! આહા..હા..! શું કહે છે આ ? ભાઈ ! આ તો અચિંત્ય ચૈતન્ય ચમત્કારિક વસ્તુ છે. આહા..હા..!

જેની એક સમયની પર્યાયમાં સર્વજ્ઞ પરમાત્માને સર્વ ગુણની પૂર્ણ પર્યાય પ્રગટ થઈ. પ્રતિજીવી ગુણ એક કોર રાખો, એ કાંઈ દુઃખરૂપ નથી. સમજ્યા ? આહા..હા..! અનંત... અનંત... અનંતને અનંતગુણા વર્ગ કરો, તો પણ અંતનો અંત ન આવે, એવી ગુણની શક્તિઓ પડી છે એની એટલી વ્યક્તતા પર્યાયમાં પ્રગટી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ ! આહા..હા..! એ અરિહંતની પર્યાયને જે વાસ્તવિક જાણે, એ પોતાના આત્માને જાણે. એ 'પ્રવચનસાર'ની ૮૦મી ગાથામાં આવ્યું ને ?

**'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।'**

'પ્રવચનસાર'ની ૮૦મી ગાથા છે. એક તો જ્ઞાનીને અનંત અનંત ગુણ ભગવાનના છે એની પ્રતીતિ થઈ, દ્રવ્યની પ્રતીતિ થઈ, અને એની એક સમયમાં... આહા..હા..! સંખ્યા એટલી અનંત છે. ગજબ વાત કોઈ પ્રભુ ! શું કહે છે આ ? કે અનંતનો અનંતગુણા કરીને અનંત અનંતગુણા કરે, તો પણ છેલ્લા અનંતની આ છેલ્લી દશા–પર્યાય છે એમ નથી. ઓ..હો..હો..!

મુમુક્ષુ :– છેલ્લી પર્યાય હોય તો દ્રવ્યનો નાશ થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૂર્ણ પર્યાય એટલી અમાપ છે એમ. અહીં તો પૂર્ણ પર્યાય કેટલી છે ? કે જ્યાં અનંતને.. અનંતને... અનંતને... અનંતને... અનંતગુણા કરો તો પણ એક સમયની પર્યાયનો અંત નથી. આહા..હા..! એની સંખ્યાનો અંત નથી. છે એક સમયની પર્યાય, પણ એક સમયની પર્યાયની સંખ્યા જે છે... આહા..હા..! શું કહે છે આ ? એ સંખ્યાનો પાર ન મળે.

જેમ અલોકના અંતનો પાર ન મળે. આકાશ એમ ને એમ ચાલ્યા કરે. ક્યાં પૂરું થયું ? આકાશના અસ્તિત્વનો અંત ક્યાં થયો ? આહા..હા..! જ્યાં ક્ષેત્રનો અંત નથી... આહા..હા..! એના આકાશના પ્રદેશો જે અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. અનંત... અનંત... એનાથી અનંતગુણા તો એક સમયમાં આત્માના ગુણ છે અને એનાથી અનંતગુણી એક સમયની પર્યાય. આહા..હા..! જેનો અંત નથી એવું ક્ષેત્ર જે અલોક, એના જેટલા પ્રદેશ છે એનો અંત નથી કે આ છેલ્લો પ્રદેશ. એક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પરમાણુ જેટલી જગ્યાને રોકે એનું નામ પ્રદેશ. તો એ પ્રદેશ... પ્રદેશ... પ્રદેશ... પ્રદેશ... પ્રદેશ... ઓહો..હો..! ભગવાન ! એ વસ્તુ નિર્વિકલ્પ થયે સમજાય એવી છે, એમ કહે છે.

એક સમયની પર્યાય, પર્યાયનો અંત થયો પણ એની સંખ્યાનો અંત નથી. સમજાણું કાંઈ ? એ ભાષાએ (ન સમજાય). ભાઈ ! આ તો... આહા..હા..! એમ દરેક અરિહંતને, એમ પરમાણુની પણ અનંતી પર્યાય કેટલી ? કે જેનો અંત નથી. અર..ર..ર..! આ શું છે ? આ તે પદાર્થ કઈ જાતનો ? એક પરમાણુ, એમાં પણ એ આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ છે. ભલે અચેતન જડ છે. અને એની જે પર્યાય છે એ પણ એક પરમાણુની પર્યાય પણ અનંત... અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... છતાં આ પરમાણુની પર્યાય એક સમયમાં આ છેલ્લી છે એવી અનંત છે, એનો અંત નથી. આહા..હા..! શું વસ્તુનો સ્વભાવ ! આહા..હા..! શું વસ્તુનું અચિંત્યપણું ! આહા..હા..! એ જેણે લક્ષમાં લીધું... આહા..હા..!

પરમાત્માની એક સમયની પર્યાય. આમ ગણતા જાય કે આ અનંત છે... આ અનંત છે... આ અનંત છે... આ અનંત છે... આ અનંત છે... આ અનંત છે... ઓહો..! પ્રભુ ! એની અનંતી પર્યાયની સંખ્યામાં અનંતનો અંત નથી, એવા પરમાત્માને મંગળિકનું શું કહેવું ? કહે છે. એની મહિમાનું શું કહેવું ? આહા..હા..!

ખરેખર તો જેટલા ગુણ ભગવાન આત્મામાં અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. અનંત... છે, એ અંતરની દૃષ્ટિ થતાં એ જ્ઞાનની પર્યાયે ત્રિકાળી ગુણસ્વરૂપ ભગવાનને પકડવાથી સમ્યગ્દૃષ્ટિને પણ જેટલી સંખ્યામાં ગુણ છે એટલી સંખ્યામાં પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! અંશ. આહા..હા..! શું છે આ તે ? પરમાત્માનો ભરેલો ભગવાન પૂર્ણ... આહા..હા..! સમવસરણમાં બિરાજમાન સર્વજ્ઞ પરમાત્મા, એની પર્યાયનો અંત નહિ એટલી પર્યાય. આહા..હા..! એમ ને એમ માની લેવું એ બીજી વાત છે. એની સ્થિતિ કેટલી ? શું ? એ ખ્યાલમાં લઈને પછી પોતાના આત્માને ખ્યાલમાં લેવો. આહા..હા..! જેને અરિહંતની પર્યાયનું, એના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થયું. એ જ્ઞાન છે પરલક્ષી, પણ પછી એ પરલક્ષી જ્ઞાનમાંથી મારી દ્રવ્ય શક્તિ કેટલી છે ? ભગવાનનું દ્રવ્ય છે એટલું મારું દ્રવ્ય છે. ભગવાનમાં ગુણ છે એટલા મારામાં ગુણ છે, ભગવાનની જેટલી પર્યાય પ્રગટી છે એટલી પર્યાય મારી પ્રગટ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! તો પ્રગટ અંશે દ્રવ્ય સ્વભાવનું અવલંબન લેવાથી અંશે જે આ શક્તિઓ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આહા..હા..! એનું અસ્તિત્વ, પર્યાય પ્રગટી એનું અસ્તિત્વ, અંશ ભલે પ્રગટ થયો પણ એ અસ્તિત્વનો અંશ આટલી સંખ્યા છે એવો કોઈ અંત નથી. આહા..હા..!

એવી અનંતી શક્તિઓ ગુણરૂપ 'સર્વ ગુણાંશ તે સમકિત'. એમ આપણે શબ્દ 'શ્રીમદ્'નો છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આ શબ્દ છે. અનંત ગુણાદિ બધાનો એક અંશ પ્રગટ્યો. એકદેશ. ભગવાનને અનંત ગુણની પૂર્ણ પર્યાય પ્રગટ થઈ. આહા..હા..! સંખ્યા તો એટલી, પણ આ અપૂર્ણ અને ત્યાં પૂર્ણ એટલો ફેર. આહા..હા..! સમ્યગ્દર્શનમાં પણ અપાર... અપાર... અપાર... પર્યાયની વ્યક્તતાની સંખ્યા અપાર, કંઈ પાર નહિ. અરે..! પ્રભુ ! એ પર્યાય કેવી ? સમજાણું કાંઈ ? વિભાવરૂપ પર્યાય તો અમુક ગુણોની છે અને સ્વભાવરૂપ પર્યાય તો અનંત અનંત ગુણોની છે. આહા..હા..!

બહુ વિચાર કર્યો. એકવાર ઘણો વિચાર કર્યો. કાંઈ ૩૧ કે ૩૭ બોલ કાઢ્યા હતા. વિકારરૂપે ગુણ થયો અને અવિકારરૂપે પરિણમન. અસ્તિત્વગુણનું અવિકારરૂપે પરિણમન, વસ્તુત્વગુણનું અવિકારરૂપે પરિણમન, એક પ્રદેશત્વગુણનું વિકૃતરૂપે પરિણમન. આહા..હા..! એવા અનંત... અનંત.. અનંત ગુણ છે, એનું અવિકૃતરૂપ પરિણમન... આહા..હા..! આ તે દ્રવ્ય શું ? ગુણ શું ? પર્યાય શું ? ભાઈ !

ભગવાનને સંખ્યા વિનાની, હદ વિનાની પૂર્ણ પર્યાય પ્રગટ થઈ. એ મહાપ્રભુ મંગળિક છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એના આટલા અસ્તિત્વની પ્રતીતિ કર. ક્યારે થાય ? એમ ને એમ માની લેવું એ બીજી વાત છે. અને અંદરમાં ભાવભાસન થઈને માનવું (એ જુદી વાત છે). આહા..હા..! એવી અનંતી અનંતી પર્યાયનો અંશ તો સમ્યગ્દર્શનમાં પણ પ્રગટ્યો. આહા..હા..! એ પણ મંગળિકની શરૂઆત થઈ. આહા..હા..! અને... આહા..હા..! તીર્થંકરનો જે આત્મા છે એને તો સદા મંગળિક ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા..! સમજાણું કાંઈ ? તીર્થંકરનો જે જીવ છે... આહા..હા..!

મુમુક્ષુ :- એ પર્યાયરૂપે મંગળિક કે દ્રવ્યરૂપે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- વસ્તુ તરીકે. વસ્તુ તરીકે, શક્તિ તરીકે, ગુણ તરીકે મંગળિક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



જ છે. અને પર્યાયમાં પ્રગટ થવાનો છે, તો વર્તમાન આરોપ કરીને વર્તમાન પણ છે એમ આરોપ કરીને નૈગમનયથી માનવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે જિનેન્દ્ર ભગવાન સાક્ષાત્ બિરાજમાન (હોય)... આહા..હા..! એની મહિમા કોણ કરે ? કોણ કરી શકે ? **'મંગળપણાની તો શી વાત ! સુરેન્દ્રો પણ ભગવાનના ગુણોનો મહિમા વર્ણવી શકતા નથી,...'** ત્રણ જ્ઞાનના ધણી ઇન્દ્ર... આહા..હા..! કઈ સંખ્યામાં ગુણની પર્યાયનું વર્ણન કરે. સમજાણું કાંઈ ? **'સુરેન્દ્રો પણ ભગવાનના ગુણોનો મહિમા...'** ગુણ નામ પ્રગટ પર્યાય. અહીં ગુણ શબ્દે પર્યાય અત્યારે. **'વર્ણવી શકતા નથી, તો બીજા તો શું વર્ણવી શકે ?'** આહા..હા..!

'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં.' જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું 'કહી શક્યા નહિ તે પણ શ્રીભગવાન જો.' આહા..હા..! ઇશારો કર્યો. 'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે.' એ સ્વરૂપને અન્ય વાણી શું કહે ? 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો' આહા..હા..! અનુભવગમ્યમાં જણાયેલું છે. બાકી એનું શું કહેવું ? કહે છે. આહા..હા..! અરે..! આવું દ્રવ્ય, આવા ગુણ, એવી પર્યાય. આહા..હા..! એ પર્યાય પ્રગટ થઈ. ઇન્દ્રો ત્રણ જ્ઞાનના ધણી.. આહા..હા..! એ પણ કહી શકવાને સમર્થ નથી. વાણી જડ છે. ભગવાન ચૈતન્યની પર્યાય અલૌકિક પર્યાય, એ જડ કેટલી (મહિમા) કરે ? આહા..હા..! **'ગુણોનો મહિમા વર્ણવી શકતા નથી, તો બીજા તો શું વર્ણવી શકે ?'** એ ૨૯૧ (બોલ પૂરો થયો).

**જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે. જેમ કોઈને પડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય પણ તે પડોશીને પોતાનો માની નથી લેતો તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે. ૨૯૨.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૨૯૨. **'જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય...'** રાગાદિ થાય છે તે બહાર દેખાય છે. આહા..હા..! **'તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે.'** અંતરમાં તો રાગથી તો જ્ઞાયક ભિન્ન વર્તે છે. સમજાણું કાંઈ ? રાગાદિ આવ્યો, બહાર દેખાય. બહારથી ભગવાનની ભક્તિ કરે છે, આ કરે છે. આહા..હા..! એ સમયે પણ જ્ઞાની નામ ધર્મીની જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડી છે. એ જ્ઞાયક ભિન્ન વર્તે છે. રાગથી પણ ભગવાન ધર્મીને જ્ઞાયક ભિન્ન વર્તે છે. આહા..હા..!

**'જેમ કોઈને પડોશી સાથે...'** આહા..હા..! **'ઘણી મિત્રતા હોય,...'** બાજુમાં પડોશી હોય, **'તેના ઘરે જતો આવતો હોય,...'** નજીક હોય તો જાય આવે. **'પણ તે પડોશીને પોતાનો માની નથી લેતો,...'** માને ? આહા..હા..! **'તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી.'** પરિણમન છે ખરું. પણ એકત્વપણે પરિણમન નથી થતું. આહા..હા..! એ ૨૯૫માં કહેશે. જ્ઞાનીને પણ રાગાંશ આવે છે એટલું દુઃખનું વેદન છે પણ એની સાથે એકત્વબુદ્ધિ નથી ભિન્ન બુદ્ધિ છે. આહા..હા..! મારું દ્રવ્ય અને મારા ગુણની પર્યાય વિભાવ એ નહિ. છે, વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જેટલા અંશે ચૈતન્યભગવાનના આશ્રયે વીતરાગતા પ્રગટી અને એ સમયમાં જેટલા અંશે પરલક્ષે વિભાવ થયો, એ બેનું વેદન છે. છતાં એ વિભાવથી ભિન્ન પરિણમન મારી ચીજ છે એમ માને છે. આહા..હા..!

મુમુક્ષુ :- વિકાર તો નીકળી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો વિકારી છે. મારું સ્વરૂપ દ્રવ્ય-ગુણ તો નિર્વિકારી છે. એમાં નિર્વિકારી જેટલી પર્યાય પ્રગટી એ મારી. વિકાર થયો. આ તો દ્રવ્યદૃષ્ટિની વાત ચાલે છે ને ? પણ પર્યાયમાં જુઓ તો એ વેદન મારામાં છે. આનંદનું પણ વેદન છે અને રાગનું પણ વેદન મારામાં છે. પણ રાગના વેદનથી આનંદનું વેદન ભિન્ન છે. આહા..હા..! આવી વાતું હવે.

પ્રભુનું ચમત્કારી દ્રવ્ય છે. દરેકના દ્રવ્ય, હોં ! આહા..હા..! ગુણ ચમત્કારી, પર્યાય ચમત્કારી. એવા ભગવાનની પર્યાય, જેને અંદરમાં જ્ઞાન, ભાન થયું, એને જ્ઞાયક ભિન્ન વર્તે છે. વિભાવ છે છતાં મારી ચીજ ભિન્ન છે એવું ભાન છે. વિભાવ સાથે સ્વભાવનું એકત્વ નથી થયું. સમજાણું કાંઈ ? આહા..હા..! આનંદની પર્યાય સાથે દુઃખની પર્યાયનું એકત્વ નથી થયું. છે ખરી, પણ એકત્વ નથી. ભિન્ન તરીકે (રહે છે). આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આવી વાતું હવે. એ ૨૯૫માં વિશેષ ખુલાસો આવશે.

**'તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે,...'** આહા..હા..! રાગનો લેપ પણ જ્યાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નથી. આહા..હા..! એકત્વ તરીકે નથી. સમજાણું કાંઈ ? વિભાવ ભિન્નરૂપ ઉપર ઉપર તરતા રહે છે. રાગની પર્યાય છે, એનાથી ભિન્ન-ભિન્ન પોતાનું સ્વરૂપ તરતું રહે છે. તરતું રહે છે માટે એને વિભાવ પર્યાયનું વેદન નથી એમ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું કઠણ (પડે).

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મારો આનંદનો નાથ આનંદરૂપે પરિણમે, એની સાથે રાગરૂપ પરિણમન એ આનંદની સાથે એકત્વ નથી. એક પર્યાયના બે ભાગ. જેટલો આનંદનો સ્વાદ આવ્યો એટલો પોતાનો અને જેટલો રાગનો સ્વાદ આવ્યો એ મારી ચીજ નથી. એનાથી હું ભિન્ન છું. સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં એ વિવેક છે. એટલી વાત. પણ છે ખરું. આહા..હા..! છે પણ એકત્વ નથી. આરે.. આ તે વાત ! એક સમયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદની પર્યાય છે અને એ જ સમયે રાગની પર્યાય (પણ છે)... આહા..હા..! છતાં બે એક નથી. એક પર્યાયના બે ભાગ છતાં બે એક નથી. આહા..હા..!

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રગટની વાત છે. પ્રગટ છે તો પણ પરની સાથે એકત્વ નથી. ભિન્નપણે ભાસે છે. આહા..હા..! ભિન્નપણે એનું વેદન કરે છે. આનંદની સાથે આનંદ, દુઃખના વેદન સાથે એકત્વ છે, એમ નથી. આહા..હા..! આવી વાતું હવે. ભગવાન ચૈતન્યચમત્કારી પદાર્થ, ચિંતામણી રત્ન ભગવાન, કામધેનુ... આહા..હા..! એમાં અનંત ગુણ પડ્યા છે. જેમ કામધેનુ ગાય જ્યારે માગે ત્યારે દૂધ આપે છે. બીજી ગાય તો સવાર-સાંજ દૂધ આપે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– આ ગાય તો ન વિહાય તો પણ દૂધ આપે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દૂધ આપે. કાયમ ચોવીસે કલાક. 'વઢવાણ'માં હતી. એમના દીકરા હમણા આવ્યા હતા. ત્યાં એને કામધેનુ ગાય હતી. ચોવીસે કલાક જ્યારે માગો ત્યારે દૂધ તૈયાર. એમ ભગવાન કામધેનુ ગાય અંદર આત્મા છે. જ્યારે માગો ત્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દોહો તો આનંદ પ્રગટ થાય. આહા..હા..! જ્યારે માગો ત્યારે સ્વરૂપમાં એકાગ્ર થાય ત્યારે આનંદ, આનંદ અને આનંદ ઝરે. અરે..! આવી વાત ક્યાં સાંભળે ? આ તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો. ભાઈ ! બાપા ! માર્ગ કોઈ જુદો છે, ભાઈ ! **'વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે.'** ઉપર ઉપર તરે છે, પણ છે તો ખરું ને ? આહા..હા..! સમજાણું કાંઈ ? ૨૯૨ (બોલ પૂરો થયો).

**જ્ઞાનીને તો એવી જ ભાવના હોય છે કે અત્યારે પુરુષાર્થ ઉપડે તો અત્યારે જ મુનિ થઈ કેવળ પામીએ. બહાર આવવું પડે તે પોતાની નબળાઈને લીધે છે. ૨૯૩.**

૨૯૩. **'જ્ઞાનીને તો એવી જ ભાવના હોય છે...'** પોતાનો શુદ્ધ આનંદ પ્રભુ ! એનો જ્યાં અનુભવ થયો, અને દૃષ્ટિ–સમ્યગ્દર્શન થયું, તો એની ભાવના એવી રહે છે, કે **'અત્યારે પુરુષાર્થ ઉપડે તો અત્યારે જ મુનિ થઈ કેવળ પામીએ.'** આહા..હા..! ભગવાન આનંદનો ખજાનો, પ્રભુ ! આહા..હા..! એનો અનુભવ થયો, જ્ઞાન થયું તો ધર્મીને એવી ભાવના (રહે છે કે) આ ક્ષણમાં મુનિપણું લઈને કેવળજ્ઞાન થઈ જાય એવી ભાવના છે. પણ પુરુષાર્થની ખામીને કારણે એ થતું નથી. આહા..હા..! અહીંયા શું કહે છે ? કે જ્ઞાનીને રાગમાં રહેવાની ભાવના નથી. રાગ આવે છે. સમજાણું કાંઈ ? રાગ રુચતો નથી, ઠીક નથી લાગતો. આહા..હા..!

આ ક્ષણે.. આ..હા..! મારા આનંદનો નાથ પ્રભુ ! હું એમાં લીન થઈ જાઉં અને મુનિ થઈને કેવળજ્ઞાન પામું. એવી ભાવના છે. પણ નબળાઈને લીધે પુરુષાર્થ એટલો કામ કરતો નથી. કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ ? કેટલાક એમ કહે છે કે તમે એમ કહો છો કે એવું હોય તો કેવળજ્ઞાન કેમ નથી લેતા ? આત્મા સ્વતંત્ર છે તો કેવળજ્ઞાન (કેમ નથી લેતા ?) પણ કેવળજ્ઞાન સ્વતંત્ર છે, કર્મ નડે છે માટે લેતા નથી વાત ખોટી છે. પોતાના પુરુષાર્થની ખામી છે. માટે મુનિપણુ લઈને ચારિત્ર કે કેવળજ્ઞાન પામતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? પરદ્રવ્યના દોષ કાઢવા એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તારી વાત સાચી નથી.

એ કહે છે કે આત્મામાં એમ હોય તો કેવળજ્ઞાન લઈ લ્યો. કેવળજ્ઞાન કેમ લેતા નથી ? કર્મથી કાંઈ તારામાં થતું જ નથી. કર્મથી કાંઈ થતું જ નથી. આહા..હા..! એ પ્રશ્ન પણ ત્યાં ચાલ્યો હતો. (સંવત) ૨૦૧૩ ની સાલમાં. વર્ણીજી સાથે. ૨૧ વર્ષ થયા. પાછળ પત્રો છપાણા છે એમાં છે. કે જ્ઞાની 'કાનજીસ્વામી' કહે છે કે જ્ઞાનમાં હિનાધીકપણું થાય છે એ પોતાની યોગ્યતાથી થાય છે જ્ઞાનાવરણીય કર્મથી નહિ. એ પુસ્તક છે. એ લોકો તરફથી તે દિ' (છપાણું હતું). વર્ણીજી કહે નહિ. જ્ઞાનાવરણીય કર્મથી હિનાધિકતા થાય છે. પરદ્રવ્યથી હિનાધિકતા થાય ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ન માને. પણ તે દિ' આવી ચર્ચા થઈ હતી. એ વાત હતી નહિ. શાસ્ત્રમાં એમ આવે ને 'ગોમ્મટસાર'માં. જ્ઞાનાવરણીય-જ્ઞાનને આવરણ કરે તે જ્ઞાનાવરણીય. પણ એનો અર્થ શું ? એ તો નિમિત્તનું કથન છે, પ્રભુ ! તારા જ્ઞાનની ભાવદશા તું હીણી કરે છો તો તને ત્યાં એટલો ઘાત થયો. માટે તેને ઘાતીકર્મનું નિમિત્ત કહે છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ ? અહીં (પેલા મુનિ) આવ્યા હતા. બિચારા (કહેતા હતા), કપડા છોડીને અમે બેસી ગયા. પણ કર્મ ખસે તો થાય ને એમ બોલતા હતા.

મુમુક્ષુ :- નગ્ન તો થયા પણ કર્મ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કર્મ ખસે ત્યારે થાય ને. એ વાત હતી નહિ. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' એકલી અગ્નિને ઘણ નથી પડતા, પણ અગ્નિ લોઢાની સાથે હોય તો ઘણ પડે છે. એમ આત્મા એકલો સ્વતંત્ર હોય તો ન પરિણમે, પણ આત્મા રાગની સાથે જોડાય છે. આહા..હા..! પોતાને કારણે, હોં ! તો દુઃખના ઘણ પડે છે. આહા..હા..! આવો ઉપદેશ તે શું ? આ તે વીતરાગનો માર્ગ આવો હશે ?

મુમુક્ષુ :- વીતરાગનો જ આવો હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ જ વીતરાગનો માર્ગ છે, પ્રભુ ! એમ કહે, આ કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, વ્રત કરવા એવો ધર્મ તો અમે સાંભળીએ. એય..! સ્થાનકવાસીમાં તો એ બધું હોય. આહા..હા..! પણ ખરો સ્થાનવાસી તો ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આત્મા છે. એમાં વસે એ દયાના ભાવ પણ રાગ છે. એ મારામાંથી ખસી ગયા. આહા..હા..! એની ટીકા કરી હતી. દયા ધર્મ છે એને રાગ કહે છે, હિંસા કહે છે. અરે..! પ્રભુ ! કઈ રીતે ? ભાઈ ! આહા..હા..! અરે..! ત્રણ લોકના નાથની ગેરહાજરી. સર્વજ્ઞ પ્રગટ પર્યાયની હાજરી નહિ. પોતામાં. એ વખતે આવો માર્ગ સમજવો... આહા..હા..!

અહીં કહે છે. ધર્મીને આત્માનો આનંદનો સ્વાદ આવ્યો તો હું તો પૂર્ણ સ્વાદને પ્રાપ્ત કરું, એવી ભાવના હોય છે. રોકાય જાઉં એવી ભાવના નથી. પણ ભાવની નબળાઈને લીધે રાગમાં રોકાય જાય છે. આહા..હા..! તીર્થંકર જેવા ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત લઈને આવ્યા. 'ઋષભદેવ' ભગવાન, ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય. ત્ર્યાંસી લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. આ તીર્થંકરનો આત્મા... આહા..હા..! ત્રણ જ્ઞાન લઈને આવ્યા. નિશ્ચય છે કે આ ભવમાં મોક્ષ જવાના છે. એને પણ ત્ર્યાંસી લાખ પૂર્વ સમકિતીને ગૃહસ્થાશ્રમમાં રહેવું પડ્યું. સમજાણું કાંઈ ? આહા..હા..! પછી જ્યારે ચારિત્ર લીધું... આહા..હા..! પુરુષાર્થની ખામીને લીધે તીર્થંકર પણ ત્યાં રોકાઈ જાય છે. કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ ? ધર્મીની ભાવના પણ તીર્થંકરના આત્મા જેવી છે કે આ ક્ષણે હું મુનિપણું લઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લઉં. આહા..હા..!

'શ્રીમદ્'માં આવે છે ને ? 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે. અપૂર્વ અવસર આવો ક્યારે આવશે.' અપૂર્વ અવસર આવે છે ? છે ? પુસ્તક આ બીજું છે. અપૂર્વ અવસરમાં. કળશટીકામાં ? એ. જુઓ! ગુજરાતીમાંથી હિન્દી બનાવ્યું છે. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' સમકિતી ભાવના ભાવે છે. 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?' બાહ્ય અને અભ્યંતર નિગ્રંથ થઈ જાઉં. 'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છોડીને, વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો ?' ભવ્ય દિગંબર મુનિમુદ્રાને પામશે. સમકિતી ભાવના ભાવે છે. ભવ્ય દિગંબર મુનિ મુદ્રાને પામશે. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' સમજાણું કાંઈ ? આહા..હા..! ત્યારે સંપ્રદાયમાં આની ટીકા થઈ હતી. કે અપૂર્વ અવસર એવો (ક્યારે આવશે કહે છે તો મુનિપણું કેમ લેતા નથી ?) મુનિપણું એટલે આ એનું માનેલું. અરે..! પ્રભુ ! એ મુનિપણું લેવું એ કાંઈ આ બહારના (ત્યાગ કર્યા એટલે) મુનિપણું થઈ ગયું ? અંતરમાં આનંદની રમણતા ઉગ્ર પ્રગટે. સવારમાં આવ્યુ હતું ને ભાઈ આપણે. પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાન આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



જ્ઞાનસ્વરૂપનો અનુભવ થવા છતાં પણ રાગનું પરિણમન છે, અવ્રતનું પરિણમન છે, દુઃખદાયક છે. આહા..હા..! પણ જ્ઞાન એને બરાબર જાણે છે કે આ તો રાગ છે, દુઃખ છે. એમ જાણીને જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય છે, રમે છે એનું નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. આહા..હા..! બહારમાં નગ્ન થયો અને પંચ મહાવ્રતના વિકલ્પ આવ્યો માટે ચારિત્ર થયું એમ નથી. આ આખું અપૂર્વ અવસર છે. આ આખું હિન્દી છે.

**'બહાર આવવું પડે તે પોતાની નબળાઈને લીધે છે.'** બહાર આવવું પડે. આનંદના ધામના અનુભવમાંથી બહાર રાગમાં આવવું પડે... આહા..હા..! એ પોતાની નબળાઈ છે. કર્મને કારણે નહિ. આહા..હા..! **'બહાર આવવું પડે...'** આનંદના નાથમાંથી બહાર વિકલ્પમાં આવવુ પડે... આહા..હા..! **'તે પોતાની નબળાઈને લીધે છે.'** પોતાની નબળાઈ છે. આહા..હા..! લોકોને એક એક વાત બેસવી કઠણ, ભાઈ ! આહા..હા..! બહારથી લોકોએ માંડી, બસ, કર્મથી નુકસાન થાય છે, કર્મથી આત્મામાં વિકાર થાય છે, કર્મ ટળે તો વિકાર ટળે. આહા..હા..! અહીં કહે છે 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ.' મેં ભૂલ કરી ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવ્યું. આવી વાતું છે. આહા..હા..!

**જ્ઞાનીને 'હું જ્ઞાયક છું' એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે. તે બહારના ભક્તિ-શાસ્ત્ર-સ્વાધ્યાય આદિ પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય ત્યારે પણ તેમની જ્ઞાયકધારા તો અખંડિતપણે અંદર જાુદી જ કાર્ય કર્યા કરે છે. ૨૯૪.**

૨૯૪. **'જ્ઞાનીને 'હું જ્ઞાયક છું'...'** જાણન.. જાણન.. જાણન... જાણન... જ્ઞાયક જાણકસ્વભાવી ભગવાન હું છું. આહા..હા..! **'એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે.'** આહા..હા..! સન્મુખ થયો એ દશા કાયમ ધારાવાહી રહે છે. ભલે રાગ હોય પણ પછી એનાથી ભિન્નતા કરવી નથી પડતી. ભિન્નતા ચાલે જ છે. પહેલા ભિન્ન કર્યો, પછી ભિન્ન ચાલ્યા જ કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આવી વાતું હવે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભાઈ ! વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..!

**'એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે. તે બહારના ભક્તિ-શાસ્ત્ર-સ્વાધ્યાય આદિ પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય...'** આહા..હા..! સમ્યગ્દષ્ટિ, જ્ઞાની ભક્તિ આદિમાં, વાંચના આદિમાં, બહાર ભક્તિના પ્રસંગમાં ઉલ્લાસપૂર્વક જોડાય છે, પણ છે અંદરમાં ભિન્ન. આહા..હા..! ભક્તિનો શુભરાગ આવે છે ને ? શાસ્ત્ર અભ્યાસ શુભરાગ **'આદિ પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય...'** છે. આહા..હા..! **'ત્યારે પણ તેમની જ્ઞાયકધારા...'** ભિન્ન પડેલી જ્ઞાયકધારા કદી એક થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? શાસ્ત્ર અભ્યાસ આદિ છે ને ? વાંચન કરવું, પૂછવું વગેરે વગેરે વિકલ્પો જ્ઞાનીને પણ આવે છે. આહા..હા..! બહારના **'પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય ત્યારે પણ તેમની જ્ઞાયકધારા તો અખંડિતપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે.'** રાગના વિકલ્પથી જ્ઞાયક ભિન્ન અનુભવમાં આવ્યો, તો ભિન્ન ધારા જ રહે છે. આહા..હા..! આવી વાતું છે. એ કહ્યું ને ? બે ધારા (ચાલે છે). જ્ઞાનધારા અને રાગધારા, કર્મધારા. ૧૧૦. કર્મવિરતી ૧૧૦મો શ્લોક. આહા..હા..! શરીર, વાણી, મનની પર્યાય તો સ્વતંત્ર છે પણ પોતાની નબળાઈને લીધે શાસ્ત્ર અભ્યાસ આદિનો રાગ આવે છે, તે સમયે પણ રાગથી જ્ઞાનધારા ભિન્ન રહે છે. એક નથી થતી. આહા..હા..! અરે..! આવું કામ છે.

**'તેમની જ્ઞાયકધારા તો અખંડતિપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે.'** આહા..હા..! બહારમાં વાંચનમાં, ભક્તિમાં, શાસ્ત્ર અભ્યાસમાં વિકલ્પ ઉઠે છે, ઉલ્લાસિત દેખાય છે, છતાં અંતરમાં એનાથી ભિન્ન મારી ચીજ છે એ ધારા તો કાયમ ચાલે છે. સમજાણું કાંઈ ? એ ૨૯૪મો બોલ થયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જો કે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તો પણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે અને વીતરાગતા-અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં-પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં-દુઃખ ન લાગે અને અંદરમાં-વીતરાગતામાં-સુખ ન લાગે તો તે અંદર કેમ જાય ? ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે-વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તો પણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાંતિ અને સ્વરૂપાનંદ છે. ૨૯૫.**

**આસો સુદ ૩, ગુરૂવાર તા. ૦૫-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૨૯૫ થી ૨૯૬, પ્રવચન–૧૧૦**

'**જો કે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને,...**' પહેલી વાત તો એ સિદ્ધ કરી કે, રાગના વિકલ્પથી જ્ઞાયક સ્વરૂપ પ્રભુ ભિન્ન છે. રાગ વિનાની દૃષ્ટિ જે દ્રવ્યને અનુભવે, પકડે એવી દશાને સાધક દશા (કહે છે). આહા..હા..! જે ધર્મના સાધકપણે આવ્યો. જેને રાગની એકતા પડી છે એ તો એકાંત મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. સમજાય છે કાંઈ ? આ ભગવાન આત્મા અનાકુળ આનંદ સ્વભાવ સ્વરૂપ, એની સાથે રાગનો કોઈ પણ નાનામાં નાનો કણ, એની સાથે જ્યાં એકત્વબુદ્ધિ છે, તે તો જૂઠી દૃષ્ટિ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તેથી તેને એકલા દુઃખનું જ વેદન છે. અરે..! આવી વાતું છે. ચાહે તો એ રાજા હો કે દેવ હો કે અબજોપતિ શેઠિયા હો. આહા..હા..! પણ અંદરમાં એ રાગના ... સ્વભાવ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન, એની સાથે વિભાવના, રાગના કણને એકપણે અનુભવે તે સંસારી મિથ્યાદૃષ્ટિ પ્રાણી છે. આહા..હા..! એ એકાંત દુઃખી છે. આ પૈસાવાળા બધા, તમે બધા સુખી છો ? લોકો સુખી કહે છે ને ? નહિ ?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- લોકો તો કહે કે, આ બધા પૈસાવાળા કરોડોપતિ સુખી છે. ઓલો નહોતો કહેતો ? કાંપવાળો. (આપણા મુમુક્ષુનો) સગો. અમારા વેવાય સુખી છે.

મુમુક્ષુ :- એમના મામા.

ઉત્તર :- તમારા મામા ? એના મામા ? આહા..હા..! ઇ કહેતા હતા કે એ ભાઈના વેવાય થાય ને ? કે, અમારા વેવાય સુખી છે. મેં કીધું સુખીની વ્યાખ્યા શું ? આ પૈસા ને બાયડી, કુટુંબ ને આબરૂ એ સુખની વ્યાખ્યા છે ? એ તો દુઃખના નિમિત્તો (છે), દુઃખી છે. આહા..હા..! જેને આનંદનો નાથ સહજાત્મ સ્વરૂપ પ્રભુ, દૃષ્ટિમાં આવ્યો નથી અને એના બાહ્યની રાગાદિની ચીજની દૃષ્ટિ છે... આહા..હા..! એ તો ચાહે તો મોટો નવમી ગ્રૈવેયકનો દેવ હો કે ચાહે તો દિગંબર નગ્ન મુનિ સાધુ અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય પણ તે રાગની એકતામાં દુઃખી છે. આહા..હા..! આવું કામ છે.

હવે અહીં તો સાધક જીવની વાત લીધી કે સાધક જીવ એકલો સુખી છે ? કે એને પણ કાંઈ દુઃખ છે ? આહા..હા..! **'જો કે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી...'** ચાહે તો આનંદની પર્યાય હોય, ચાહે તો દુઃખની હોય, ચાહે તો ગુણભેદ હોય એનો સ્વીકાર નથી. દૃષ્ટિમાં તો જ્ઞાયક સ્વરૂપ, પૂર્ણ પરમાત્મ સ્વરૂપનો જ દૃષ્ટિમાં સ્વીકાર છે. દૃષ્ટિ પોતે નિર્વિકલ્પ છે, એથી એનો ભેદ વિષય ન હોય. એનો વિષય અભેદ નિર્વિકલ્પ ચીજ છે તે નિર્વિકલ્પ દૃષ્ટિનો વિષય છે. આહા..હા..! એ ગુણભેદ કે પર્યાયને દૃષ્ટિ સ્વીકારતી નથી. કારણ કે, દૃષ્ટિમાં જ્ઞાન નથી. દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપ નથી. દૃષ્ટિ તો વીતરાગી નિર્વિકલ્પ દૃષ્ટિસ્વરૂપ છે. આહા..હા..! એથી એ ત્રિકાળી જ્ઞાયકભાવને સ્વીકારે છે એનો અર્થ કે આ છે એમ જાણ્યું માટે સ્વીકારે છે એમ નહિ. એ જાણ્યું છે એ તો જ્ઞાને, આહા..! પણ જ્ઞાને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



જાણ્યું એમાં એની પ્રતીતિ આવે છે કે આ પૂર્ણ સ્વરૂપ છે એવી પ્રતીતિ આવે છે. સમજાય છે કાંઈ ?

**'દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તો પણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે.'** આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન એમાં કેમ ઠરીને પૂર્ણ થાઉં, એ તો સમ્યગ્દૃષ્ટિની ભાવના હોય છે. આહા..હા..! આનંદ સચ્ચિદાનંદ પ્રભુ ! જેને અંતરમાં સાધકપણે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો... આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ સાધકથી માંડીને આગળ બધા, (એમને) અંતરમાં ઠરવાની જ ભાવના હોય છે. સમજાય છે કાંઈ ?

**'ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા...'** આહા..હા..! જુઓ ! આ. એણે કહ્યું હતું કાલ. એ લોકો, 'સરદારશહેર'. મેં આ વાંચ્યું હતું. ખબર છે. 'દીપચંદજી'ની એ શ્રદ્ધા થઈ ગઈ હતી ને કે, રાગનું વેદન જ્ઞાનીને હોય નહિ, દુઃખનું વેદન જ હોય નહિ. આહા..હા..! એણે 'સોગાની'નું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' વાંચ્યું. એમાં એમણે કહ્યું કે રાગ છે તો ભઠ્ઠી છે. એટલે એને એમ કે આ વળી કોણ નવો નીકળ્યો ? રાગ જેને ભઠ્ઠી લાગે, દુઃખનું વેદન લાગે, એ તો તીવ્ર કષાય જીવ છે એમ એ કહેતા. આહા..હા..! અરે..રે..! શું થાય ? એવું શલ્ય લઈને ચાલ્યા ગયા. ઘણા વર્ષનો અહીં પરિચય, વળી એણે એમ કહેલું એક વાર કે આમ હતું ને મને સમકિત થયું છે. પણ આમાં તો કાંઈ ઠેકાણા નથી. દૃષ્ટિ જો સત્ય હોય તો તેને રાગનો ભાગ બાકી છે તે દુઃખ લાગે. આહા..! અને જેટલો જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરીને જેટલી આનંદ દશા પ્રગટી તેને આનંદ લાગે અને એની આગળ રાગનો વિકલ્પ ઉઠે તે દુઃખ લાગે. આહા..હા..! બાહ્ય ચીજો કોઈ દુઃખરૂપ કે સુખરૂપ નથી. આહા..હા..! બાહ્ય ચીજો તો જ્ઞેય છે. ફક્ત અંતર સ્વરૂપમાં, સ્વરૂપની એકતા નહિ અને રાગની એકતા તે દુઃખની દશા છે. આહા..હા..! અને સાધકને સ્વરૂપની એકતા થઈ, છતાં જેટલો રાગ-ભાગ છે એટલું દુઃખ વેદાય છે. આહા..! છે ?

મુમુક્ષુ :– ધર્મીને દુઃખ અને અધર્મીને પણ દુઃખ. એમાં ફેર શું પડ્યો ?

ઉત્તર :– અધર્મીને એકલું રાગનું દુઃખ (છે) અને જ્ઞાનીને જેટલો આત્માને આશ્રયે શુદ્ધતા, પવિત્રતાનો અંશ આનંદ પ્રગટ્યો છે એટલો તો આનંદ છે. એ એક જ પર્યાયમાં એટલો પરલક્ષી હજી રાગ છે તે દુઃખ છે. આહા..હા..! એ કહેતા હતા એમ કે મેં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એને કહ્યું હતું કે આપણે મહારાજ પાસે જઈએ. ઓલી બહુ વાતું કર્યા કરે ને, તો આ કહે, ભાઈ ! આપણે મહારાજ પાસે જઈએ. આવી ન શક્યા. અરે..રે..!

આ આત્મા સમ્યગ્દષ્ટિ સાધક થયો. અરે..! પાંચમે ગુણસ્થાને હો કે છઠ્ઠે હો, પણ જેટલો રાગાંશ આવે છે એટલું દુઃખનું વેદન જ્ઞાનીને પણ જ્ઞાનમાં જણાય છે. આહા..હા..! એ આ તે કાંઈ માર્ગ છે ! એ **'રાગાંશરૂપ બહિર્મુખતા...'** દેખો ! શું કહે છે ? જેટલો રાગ ભાગ છે એ બહિર્મુખતા છે. કારણ કે, એનું લક્ષ પર ઉપર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સ્ત્રી, કુટુંબ, પરિવાર ઉપર લક્ષ, એ અશુભ અને શુભ રાગ બેય. આહા..હા..! એ રાગાંશરૂપ, પૂર્ણ રાગ નહિ રહ્યો. કારણ કે સાધકપણું થયું છે એટલે અનંતાનુબંધીના રાગની એકતા તો તુટી ગઈ એટલી તો સ્વરૂપમાં આનંદરૂપી દશા પ્રગટી છે. આહા..હા..! પણ જેટલો બહિર્મુખતાનો રાગ હજી (વર્તે છે તેટલું દુઃખ પણ છે). આહા..હા..!

'ભરત' જેવા સમકિતી, જ્ઞાની એને પણ ભાઈ સાથે લડાઈ કરવાનો રાગ આવ્યો. આહા..હા..! બહિર્મુખનો રાગ છે ને ? આહા..હા..! એટલું દુઃખ છે. 'સીતાજી' આત્મજ્ઞાની ધર્માત્મા... આહા..હા..! એને ઓલો લંકાનો 'રાવણ' લઈ ગયો. 'હનુમાનજી' આવ્યા, અરે..! વીરા પ્રભુ ! અંગૂઠી 'રામચંદ્રજી'ની અંગૂઠી લઈને 'રામચંદ્રજી'એ 'હનુમાન'ને મોકલેલા. ત્યાં 'સીતા' પાસે જા. કામદેવ પુરુષ હતા, રાજકુમાર હતા. 'હનુમાન' કંઈ વાંદરા નહોતા. વાંદરાનું તો એની ધજામાં રાજચિન્હ હતું, લોકોએ એને વાંદરા ઠરાવ્યા. એ પુરુષ ત્યાં ગયા છે. આમ 'સીતાજી' એકલા (બેઠા છે). આમ 'હનુમાન'ને દેખે છે. આહા..હા..! બે દિ' પહેલા કહ્યું હતું.

ભાઈ ! અમે દુકાન ઉપર આ બોલતા. ૧૮-૧૯ વર્ષની ઉંમરની વાત છે. ન્યાં એ વખતે અભ્યાસ તો આ કરતા હતા ને ? 'લક્ષ્મણ' આમ પડ્યા છે, કરોડો મનુષ્યોનો મોટો પંડાળ ભર્યો છે, કરોડો મનુષ્યો. 'રામ' કહે છે, ભાઈ ! જુઓ ! એક વિકલ્પ આવ્યો. 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક' 'લક્ષ્મણ' આપણે વનમાં ત્રણ જણા આવ્યા હતા ને. 'સીતા'ને 'રાવણ' લઈ ગયો. પ્રભુ ! તું આ સ્થિતિમાં પડ્યો છે. 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક, માતાજી ખબરું પૂછશે તેને શું શું જવાબ દઈશ લક્ષ્મણ. જાગને હો જી, હે બંધવ ! બોલને એકવાર જી.' એકવાર બોલ, એકવાર બોલ. એ શું છે ? રાગાંશ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભાઈ ! આવી વાતું છે આ. આહા..હા..!

ભગવાનને લ્યોને, ઋષભદેવ ભગવાન. આ લોકોને શીખવ્યું, એ બધું શું છે ? વિકલ્પ છે કે, આમ ઘડા કરવા. હાથીને હાથીને ... મુકી માટી નાખે. એનું કુંભ સ્થળ હોયને, અને કુંડુ બનાવવાનું અને આમ બનાવાય ને બીજા તો સાધન ક્યાં હતા. ઘડો આમ બનાવાય, પાણી પછી એમાંથી આમ લેવાય. એ બધી કર્મધારા એને શીખવી. ઋષભદેવ ભગવાને શીખવી. એ તો વિકલ્પ હતો કે શું હતું ? આહા..હા..! સમજાય છે કાંઈ ? કારણ કે, કલ્પવૃક્ષના ઝાડ તો રહ્યા નહિ. હવે આ લોકોને ખાવું શું ? પછી એને કીધું, ભાઈ ! આ અનાજ પાકે છે તો એ અનાજને લઈ, જુઓ ! આ પત્થર મોટા છે ને એને વચ્ચે નાખીને આમ કરવું. એનો થાશે લોટ, પછી એમાં પાણી નાખી ને બાંધવો. પછી એને જો આ લાકડા છે ને ? એમાંથી લાકડાનો કટકો લ્યો, પછી એનાથી... આહા..હા..! સમકિતી જ્ઞાની ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકર પ્રભુ અને આ ભવે જેને મોક્ષ જાવું છે, પણ એવો રાગાંશ આવ્યો. આહા..હા..!

મુમુક્ષુ :– રાગનો અંશ છે કે લોક કલ્યાણનો અંશ છે ?

ઉત્તર :– એ કલ્યાણ-ફલ્યાણ. લોકો એમ કહે કે લોકોની શીખવણી. એમાં આવ્યો તો રાગ છે ને એ ક્યાં વીતરાગતા હતી ? આહા..હા..!

એટલો **'રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે...'** આહા..હા..! 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' ચક્રવર્તી, તીર્થંકર અને કામદેવ (હતા). છ ખંડમાં એના જેવું રૂપ નહિ, એવા પુરુષો ત્રણ જ્ઞાન લઈને આવ્યા છતાં એને સ્ત્રીને પરણવાનો વિકલ્પ (આવ્યો). એ વિકલ્પ શું છે ભાઈ ? અશુભ રાગ છે, દુઃખ છે. આહા..હા..!

મુમુક્ષુ :– જ્ઞાની દુઃખરૂપે પરિણમે ?

ઉત્તર :– દુઃખ વેદે છે. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન આત્મા, એની ધારાથી વિરુદ્ધ રાગધારા... આહા..હા..! જ્ઞાનધારા પણ સાથમાં છે, સાથે આ રાગધારા આવે છે. એટલું જ્ઞાની તીર્થંકરને પણ એટલું દુઃખ વેદાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'અને વીતરાગતા-અંશરૂપ અંતર્મુખતા...'** અને ભગવાન આનંદનો નાથ પ્રભુ ! એની સન્મુખતાની દશાથી થયેલી વીતરાગતાનો અંશ એ આનંદરૂપે વેદાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એમ ધારી લે વાત પણ એના ખ્યાલમાં એને વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



બેસવી જોઈએ, ભાઈ ! આહા..હા..! એવી ધારણા તો અનંતવાર શાસ્ત્રથી કરી. આહા..હા..! પણ અંદરમાં એને રુચિમાં એ વાત બેસવી જોઈએ. આહા..હા..!

સાધકજીવ સમકિતી, જ્ઞાની, અરે..! ચારિત્રવંત મુનિ હો, એને પણ જેટલો પંચ મહાવ્રતનો રાગાદિ, રાગાંશ આવે છે એટલો દુઃખરૂપે વેદાય છે. જેટલો સ્વના આશ્રયે દર્શન-જ્ઞાન અને ચારિત્રની સ્થિરતા જામી છે, એટલો આનંદ અંશ વેદાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? સંયોગ ગમે તે (હો), એને તો ચક્રવર્તીના સંયોગ છે. બોંત્તેર હજાર પાટણ, અડતાલીસ હજાર ... છન્નું કરોડ ગામ. એ શું કાંઈ સુખરૂપ છે ? દુઃખરૂપ છે ? એ તો દુઃખના નિમિત્ત છે. આહા..હા..! છે તો જ્ઞેય, પણ ધર્માત્માને તે પ્રત્યે જરી રાગ અંદર આવે છે. આહા..હા..! એ દુઃખરૂપ છે અને જેટલો પ્રભુના આશ્રયે, સચ્ચિદાનંદ પ્રભુને અવલંબે જેટલી નિર્મળ દશા થઈ, તેને વીતરાગ અંશ લહ્યો. એને એટલો આનંદ વેદાય છે. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય...'** જે આંશિક બહિર્મુખ વૃત્તિ એટલે રાગાદિ વૃત્તિ એટલે પરિણતિ **'વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે.'** દૃષ્ટિમાં તો મારું સ્વરૂપ એનાથી ભિન્ન છે એમ રહે છે. સમજાણું કાંઈ ? રાગાંશ વેદાય છે, વીતરાગપણું વેદાય છે, પણ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ રાગના વેદનથી પણ ભિન્ન રહે છે. આહા..હા..! એક કોર વેદે છે એમ કહેવું અને એક કોર એનાથી ભિન્ન રહે છે. આહા..હા..! **'ન્યારો ને ન્યારો રહે છે.'**

**'આંખમાં કણું ન સમાય...'** હિન્દીમાં કિરકિરી શબ્દ છે ને ? કિરકીરી એટલે કણું. આંખમાં કણું... એમાં હિન્દીમાં શબ્દ છે. હિન્દી છે ? કિરકિરી શબ્દ છે ને ? કણું. આંખમાં એક જરીક રજકણ આમ ક્યાંકથી ઉડતું આવે, ખટક... ખટક... ખટક... ખટક (કરે). આંખને એકદમ લાલ બનાવી દે. કણું ઉડીને (આવે). એમ ભગવાન આત્મા આનંદકંદમાં રાગનો ભાગ આવે એ કણ-ખટક ખટક દુઃખ વેદાય છે. આહા..હા..! તેનાથી ન્યારો ને ન્યારો (રહે છે). વેદન હોવા છતાં મારી ચીજ તો એ વેદનથી ભિન્ન છે. આહા..હા...! વસ્તુ અપેક્ષાએ. આહા..હા..! આહા..હા..! દ્રવ્ય જે છે એ તો મારું આ આનંદનું અને રાગનું વેદન છે, એનાથી હું ભિન્ન છું. આહા..હા..!

એક બાજુ ધર્મી જીવ ઉદય અને નિર્જરા બેયને જાણે. આવે છે ને ? બંધ અને મોક્ષને જાણે. ઉદયને કરે નહિ, નિર્જરાને કરે નહિ, બંધને કરે નહિ અને મોક્ષને કરે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નહિ. આહા..હા..! ૩૨૦ ગાથા. આહા..હા..! રાગને ટાળે એ કરે નહિ એમ કહે છે. એ તો આવી ગયું ને સવારમાં ? રાગના ત્યાગનું કર્તાપણું તો નામમાત્ર છે. આહા..! જ્ઞાનીને રાગ થાય છે, તેને એ જાણે છે. જાય છે તેને જાણે છે. થાય છે તે ઉદયભાવ છે, એને જાણે છે. જાય છે તે નિર્જરા ભાવ છે, એને પણ જાણે છે. નિર્જરા કરતો નથી. આહા..હા..! આવી વાતું હવે.

એમ અહીંયા (કહે છે), **'સાધક ન્યારો ને ન્યારો રહે છે.'** વેદનની પર્યાય હોવા છતાં એની દૃષ્ટિમાં જ્ઞાયકપણાપણે જોર છે, તેથી તે રાગથી અને એ સમયની પર્યાયથી પણ ન્યારું મારું તત્ત્વ છે. આહા..હા..! અનંત અનંત ગુણનો ભંડાર, આહા..! એવો જે ભગવાન દૃષ્ટિમાં આવ્યો, એને આ વેદનની પર્યાયથી પણ મારું દ્રવ્ય તો ભિન્ન છે. એ પર્યાયમાં આવ્યું નથી. આહા..! એક બાજુ કહીએ, તો આનંદનું વેદન છે એ મારામાં છે, પણ દુઃખનું વેદન વિભાવ છે એ મારું સ્વરૂપ નથી. વેદાય છે. આહા..હા..! સમજાણું ? દ્રવ્યના સ્વભાવની અપેક્ષા એ મારું સ્વરૂપ નથી. આનંદનું વેદન છે એ તો મારા સ્વરૂપની સ્થિતિ છે. આહા..! આવી વાતું. અરે..!

**'આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય.'** આહા..હા..! એક કોર કહ્યું કે વિભાવ વેદાય છે. છતાં દૃષ્ટિના દ્રવ્યની અપેક્ષાએ એ વિભાવ તેમાં મારો છે એમ નહિ. આહા..હા..! આવી વાતું ! એક કોર કહે વેદાય છે, એક કોર કહે મારો નથી. દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ. પર્યાયમાં વેદાય છે એ પર્યાયદૃષ્ટિએ. આહા..હા..! આવું સ્વરૂપ ! **'તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય.'** આહા..હા..! લે ! ભગવાન ચૈતન્ય સ્વરૂપ, એનું પરિણમન તો આનંદ અને શાંતિ છે. એના વેદનમાં રાગ હોવા છતાં એ મારું પરિણમન–દ્રવ્ય સ્વભાવનું પરિણમન નહિ. આહા..હા..! અરે..! એકાંત તાણે કે વેદન નથી એ પણ મિથ્યા છે અને એકાંત તાણે કે વિભાવ મારો સ્વભાવ છે એ પણ મિથ્યા છે. આહા..! દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ વિભાવ મારો છે, એ જૂઠી વાત (છે). પર્યાયની અપેક્ષાએ પર્યાયમાં વેદન છે, એ બરાબર છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

રાગ વિનાની પર્યાય કરીને અંદરમાં આત્માનું (સ્વરૂપ) પ્રાપ્ત ન થાય, એમ ત્રણ કાળમાં બને નહિ. પણ રાગની પર્યાય વેદનમાં છે, છતાં જ્ઞાનીને તે રાગના વેદનની પર્યાય વિભાવ મારા દ્રવ્ય સ્વભાવમાં છે, એમ માનતો નથી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દ્રવ્ય સ્વભાવ અપેક્ષાએ મારો છે એમ માનતો નથી, પણ પર્યાયમાં વેદન છે એ મારામાં છે (એમ માને છે). આવી વાતું છે.

અરે..! એણે અનંત કાળમાં રખડવાના ભાવ કર્યા. આહા..હા..! અંદર ભગવાન ચૈતન્ય પરમાત્મા સાક્ષાત્ પર્યાયની પાસે પડ્યો છે. એક સમયની પર્યાય જે છે વસ્તુ, એની પાસે પ્રભુ પડ્યો છે. એને જોવાને, જાણવાને વખત લીધો નહિ. આહા..હા..! અને જોવાને, જાણવાને વખત લીધો, છતાં કહે છે કે પર્યાયમાં રાગનું વેદન છે, એ મારામાં છે, એ પર્યાયને હું વેદુ છું. છતાં દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ વિભાવ મારી ચીજ નથી. આહા..હા..! આવું છે.

**'જો સાધકને બહારમાં—પ્રશસ્ત–અપ્રશસ્ત...'** છે ? શુભરાગ અને અશુભરાગ આવે છે. છે ? પ્રશસ્ત(રાગ)–દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પ્રેમાદિનો શુભરાગ આવે, અને અશુભ પણ હોય. સાધક હજી ચોથે, પાંચમે છે, એને સ્ત્રી, વિષય, કુટુંબ આદિ તરફના વલણનો અશુભરાગ પણ આવે. પ્રશસ્ત એટલે શુભરાગ, અપ્રશસ્ત એટલે અશુભરાગ. આહા..હા..! જ્ઞાની ધંધામાં બેઠો હોય, ત્યારે ધંધાના એ જાતના અશુભ પરિણામ તો આવે. આહા..! સમજાય છે કાંઈ ? ચક્રવર્તીના રાજમાં સમકિતી બેઠો છે, ત્યારે રાજને કહે આમ કરો, આમ કરો. રાજની વ્યવસ્થા આમ જોઈએ. આહા..હા..! એવો અશુભરાગ આવે છે. અને દેવ-ગુરુ-શાસ્ત્રના વિનયનો, ભક્તિનો, બહુમાનનો રાગ આવે. આહા..! છતાં દૃષ્ટિની અપેક્ષાએ તો જ્ઞાયકમાં વર્તે છે. આહા..હા..! આવું સ્વરૂપ !

**'પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં-દુઃખ ન લાગે...'** છે ? આહા..હા..! અરે..! આ પુસ્તક બહાર નીકળ્યા પહેલા ગુજરી ગયા. આ પુસ્તક જો બહાર... ઘણાને એવા લાકડા ગરી ગયા બિચારાને. 'દિલ્હી'માં ઓલા કેટલા આવતા બિચારા. લાકડા ઊંધા ગરી ગયા બિચારાને. અને એ માને કે અમારી વાત બરાબર છે. શું થાય ? જ્ઞાનીને શુભ-અશુભરાગનું દુઃખ હોય જ નહિ, એમ એ કહે છે. આહા..હા..! અરે..! ચોથે, પાંચમે ગુણસ્થાને તો રૌદ્રધ્યાન પણ હોય છે, અશુભરાગ. પુત્ર આમ વીસ-પચ્ચીસ વર્ષનો જુવાન હોય અને મરી જાય એને કારણે નહિ પણ પોતાની નબળાઈને કારણે રાગ આવે, રોવે.

'ભરત' ચક્રવર્તી. ભગવાન આમ જ્યાં મોક્ષ પધાર્યા અષ્ટાપ્રત પર્વત ઉપર ગયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે ત્યાં. આમ જ્યાં દેહ આત્મા વિનાનો જોયો. આંખમાંથી આંસુની ધારા (વહે છે). સમકિતી... આ ભવમાં મોક્ષ જાવું છે, પ્રભુ ! પણ આહા..હા..! એના તરફ જ્યાં આવ્યો ત્યાં, અરે..! પ્રભુનો વિરહ પડ્યો. સૂર્ય અસ્ત થયો, આ સૂર્ય તો અસ્ત હંમેશા થાય છે પણ આ તો ચૈતન્ય-સૂર્ય ભગવાન, ભરતનો ચૈતન્ય-સૂર્ય કેવળજ્ઞાની ભગવંત અસ્ત થયો. રોવે છે. ઇન્દ્ર આવે છે, ઇન્દ્ર શક્રેન્દ્ર ઉપરથી (આવે છે). ઇન્દ્ર કહે છે, 'ભરત' આ શું છે તને ? ભગવાને તો કહ્યું છે ને તને પણ ખબર છે કે હું તો આ ભવમાં મોક્ષ જવાનો છું. (ભરત કહે છે), ઇન્દ્ર ! ખબર છે ભાઈ ! પણ મને આ રાગાંશ આવ્યો એટલે આ રુદન આવ્યું. છ ખંડનો ધણી, જેને ઘરે છન્નું હજાર રાણી, જેને ઘરે બોતેર હજાર નગર, અને છન્નું કરોડ ગામ, એનો સાહેબો અહીં ભગવાનને દેખીને (રોવે છે)ય અરે..રે..! પ્રભુના વિરહ પડ્યા. આ ભરતમાં પ્રભુનો વિરહ પડ્યો. આહા..હા..! એના રુદનમાં એ રાગ આવ્યો. રુદનની ક્રિયા તો જડની (છે). આહા..હા..! સમજાણું કાંઈ ? એ રાગનું દુઃખ વેદાય છતાં પોતાના દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ એ મારી ચીજ નથી. આહા..હા..! આવી વાતું !

**'રાગમાં દુઃખ ન લાગે અને અંદરમાં-વીતરાગતામાં-સુખ ન લાગે તો તે અંદર કેમ જાય ?'** શું કહ્યું ? શુભ-અશુભ રાગમાં જો દુઃખ ન લાગે અને અંતરમાં જતા આનંદ ન લાગે તો એ અંતરમાં જવાનો પ્રયત્ન કેમ કરે ? આહા..હા..! શુભ રાગમાંથી ખસીને અંતરમાં જાઉં, અશુભ રાગમાંથી ખસીને અંતરમાં જાઉં, મારા નાથને હું અંદર મળું. આહા..હા..! એમ કેમ હોય જો દુઃખ લાગતું ન હોય તો ? સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું ભારે આ. આ જગતના મોહ મારી નાખ્યા. આહા..! અહીં તો પરમાત્માની સ્વરૂપની ભાન દશા થઈ, એને પણ આવા બહિર્મુખતાના રાગ આવે. આહા..હા..! એને દુઃખ ન લાગે તો એ અંદરમાં જવાનો કેમ પ્રયત્ન કરે ? આહા..હા..! શું કહ્યું ? રાગમાં જો દુઃખ ન લાગે તો અંદરમાં જવાનો કેમ પ્રયત્ન કરે ? આહા..હા..! એની દૃષ્ટિમાં તો આખો જ્ઞાયક વર્તે છે, અને તેથી રાગના પરિણમનમાં દુઃખ ન લાગે તો અંદરમાં જવાનો, એકાગ્ર થવાનો પ્રયત્ન કેમ કરે ? આહા..હા..! ચારિત્રની અપેક્ષાએ વાત છે ને ?

**'ક્યાંક રાગ વિષે...'** હવે કહે છે, રાગને ક્યાંક શું કહ્યું છે એ કહે છે. **''રાગ આગ દહે' એમ કહ્યું હોય,...'** 'છ ઢાળા'માં (કહ્યું છે). 'રાગ આગ દાહ દહે સદા'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ધર્મી જીવને પણ જેટલો રાગ આવે એટલો દાહ–અગ્નિ છે. આહા..હા..! અને જેટલો ભગવાન શાંતસ્વરૂપ પ્રભુ, અકષાયસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એનો આશ્રય લઈને જેટલી શાંતિ આવી છે... આહા..હા..! એટલું શાંત સુખ છે અને રાગ તે આગ-દાહ છે. આહા..હા..! એક વાત.

**'ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય,...'** 'મોક્ષ અધિકાર'. હવે એ વાત તો બહુ વાંચી નહોતી, એને અહીં સંભળાવી નહોતી. કે મુનિને પણ... આહા..હા..! સંત છે વીતરાગી ભાવના ભાવલિંગી, એને પણ સાંજ-સવારના પ્રતિક્રમણનો વિકલ્પ વ્યવહાર આવે. આહા..હા..! એને પણ ભગવાનનો દર્શન કરવાનો વિકલ્પ આવે, ભગવાન ન હોય તો જિનમંદિરમાં પ્રતિમાના દર્શન કરવાનો વિકલ્પ આવે, એ રાગ તે દુઃખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એને વિષકુંભ કહ્યો છે. ઝેરનો ઘડો કહ્યો. પ્રભુ... પ્રભુ... પ્રભુ... આહા..હા..!

અમૃતના સાગરની આગળ એ રાગનો ભાગ તે ઝેર છે. ચાહે તો એ શુભરાગ હો, ભગવાનની ભક્તિનો હો, ભગવાનના સ્મરણનો હો, પંચ મહાવ્રતનો હો... આહા..હા..! કે, રાગ તીવ્ર થયો એની નિંદાનો ભાવ હો, કે ગુરુ પાસે તેના પાપનું (પ્રાયશ્ચિત કરે), એ ભૂમિકાને ન શોભે એવા પાપ થયા હોય, એ ગુરુ પાસે કહે એ પણ એક શુભભાવ છે, એ પણ વિષકુંભ છે. આહા..હા..! અરે..! આવી ઝીણી વાતું ! ભાઈ ! એને સમજવું પડશે. આહા..હા..! અરે..! જન્મ-મરણના આંટામાં કોઈ શરણ નથી, પ્રભુ ! આહા..! (મોટા વિદ્વાન) બિચારા છેલ્લે બહુ ઓલું થયું ત્યારે એમ બોલી ગયા હતા, અરે..રે..! આત્મા વિના કોઈ શરણ નથી. શું થાય ? અંતરમાં જવું એ ચીજ વિના કોઈ શરણ નથી. બહારમાં તો એકલું દુઃખ છે. આહા..!

ગમે તે ભાષામાં કહ્યું હોય, ક્યાંક આગ કીધી, ક્યાંક ઝેર કીધું, ક્યાંક રાગને અગ્નિ કીધી. ભગવાન અકષાયસ્વરૂપ શીતળ ઉપશમરસનો કંદ, એની અપેક્ષાએ રાગ છે તે અગ્નિ–દાહ (કહ્યું) અને તેની અપેક્ષાએ અમૃતસ્વરૂપ ભગવાનની અપેક્ષાએ, એ શુભરાગ હોય, મુનિને પણ આવે. આહા..હા..! પોતાથી મોટા સંત હોય, એ આવતા હોય તો સામે જાય, વંદન કરે એવો શુભરાગ આવે. આહા..હા..!

છતાં **'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે-વિભાવનો અંશ તે દુઃખરૂપ છે.'** બસ, આટલી વાત. આહા..! અતીન્દ્રિય આનંદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સ્વરૂપ ભગવાન, એનું અવલંબન લઈને અતીન્દ્રિય આનંદ અંશ આવ્યો, તો પણ જેટલો ભાગ પરલક્ષવાળો વિભાવ થાય, એ દુઃખરૂપ જ છે. ચોથે ગુણસ્થાને ત્રણ કષાયનો ભાવ દુઃખરૂપ, પાંચમે બેનો દુઃખરૂપ, છઠ્ઠે એકનો દુઃખરૂપ (ભાવ છે). આહા..હા..! **'ભાવ એક જ છે કે-વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ...'** ઊંચામાં ઊંચો શુભભાવ. જેનાથી તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવ વિષકુંભ જ છે. આવી વાતું. તીર્થંકર પ્રકૃતિ બંધાયને ! તેથી શું ? એ તો પરમાણુ બંધાણા, એ ભાવ તો ઝેર છે. આહા..હા..! અને પ્રકૃતિ બંધાણી એને તો વિષકુંભ, વિષ ઝાડ કહ્યું, વિષ વૃક્ષ કહ્યું છે. આહા..હા..!

ભગવાન અમૃતનું વૃક્ષ છે અને જે અડતાલીસ આદિ પ્રકૃતિ બંધન પડી, એ ઝેરના ઝાડ છે. આહા..હા..! આમાં આવતું નથી ? આઠેય કર્મનો ભાગ તે દુઃખ છે. 'સમયસાર'ની ગાથામાં આવે છે. આઠ કર્મ. આહા..હા..! એનો ભાવ અંદર જે થયો એ દુઃખરૂપ છે. જો કે અઘાતિ ચાર કર્મ છે, એનો ભાવ છે એ દુઃખરૂપ નથી, પણ દુઃખની બેહદ દશા જે આનંદની છે, એમાં એટલું અવ્યાબાધપણું નથી એટલું. અવ્યાબાધપણું નથી એટલું આ ચાર પ્રતિજીવી ગુણના અઘાતિ ઉદયમાં પણ આમ છે. શું કહ્યું એ ? ભગવાનને ઘાતિ કર્મ ટૂટ્યા પણ અઘાતિ એટલે પોતાને કારણે પ્રતિજીવી ગુણની વિપરીત પર્યાય ઉભી છે તો એ દુઃખરૂપ નથી પણ અવ્યાબાધ જે વિઘનરૂપે નિમિત્ત જોઈએ તે નિમિત્તનો અભાવ થયો નથી. આહા..હા..!

આઠે કર્મનો ભાવ દુઃખરૂપ કહ્યો છે ને ? ભાઈ ! આનો અર્થ આટલો. કે ચાર કર્મ તો દુઃખરૂપ છે પણ અઘાતિને દુઃખરૂપ કહ્યા. એટલું કે જે આનંદનો નાથ જાગ્યો, આનંદ દશા થઈ, છતાં તેને સંયોગમાં પ્રતિકૂળતા રહી, એટલું અવ્યાબાધપણું એને નથી, એટલો એને ઉદયભાવ દુઃખરૂપ (છે). એટલે ઉદયભાવ છે એટલું. આહા..હા..! દુઃખ નથી. હવે ત્યાં તો ચાર કર્મનો પાક દુઃખ કીધો છે પણ આ અપેક્ષાએ. એટલો ચારનો અભાવ થયો નથી, એટલે અવ્યાબાધપણું નથી, એટલી એમાં કચાશ છે. આહા..હા..! આવી વાતું છે.

**'ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ...'** આ ઊંચો ભાવ એટલે પર તરફના વલણવાળો ચાહે તો તીર્થંકર ગોત્રમાં રહ્યો, કે ચાહે તો સૂક્ષ્મ ગુણ-ગુણીના ભેદનો શુભ વિકલ્પ ઉઠે, એ અતિસૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ ? આવો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ઉપદેશ હવે. એને એમ કે, આ લોકો આમ કરો... આમ કરો... આમ કરો... લોકોના આંસુ લુછો, દુઃખીને સુખ આપો, પૈસા આપો કે અનાજ આપો. આહા..હા..! લોકો રાજી થાય, લ્યો ! આહા..! બાહ્યનો ત્યાગ દેખે એટલે જાણે કે, આહા..હા..! આ તો ધર્મી થઈ ગયા. એમ લોકો રાજી કરીને એને વંદન અને આદર કરે.

મુમુક્ષુ :– અજ્ઞાની વેશને જ જુએ છે ને ?

ઉત્તર :– વેશને, બાહ્ય ત્યાગને જુએ. અંતરનો રાગનો અભાવ શું એ તો એને ખબર નથી. આહા..!

**'ભલે ઊંચામાં ઊંચો શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ...'** અંદરમાં ભેદનો (વિકલ્પ ઉઠે), દ્રવ્ય, ગુણ અને પર્યાય, એના ભેદનો વિકલ્પ ઉઠે. આહા..હા..! એ અતિસૂક્ષ્મ છે. આ તો શુભ જે આમ (બહિર્ લક્ષ) જાય છે (એ સ્થૂળ શુભરાગ) અને આમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ ભેદનો વિકલ્પ ઉઠે એ અતિસૂક્ષ્મ છે. એ **'પ્રવૃત્તિ હોય તો પણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે...'** આહા..હા..! શુભ-અશુભ રાગની પ્રવૃત્તિ છતાં સૂક્ષ્મ રાગની પ્રવૃત્તિ, એનાથી નિવૃત્ત થયો નથી. આહા..હા..! એ પણ એક દુઃખરૂપ છે. અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય, **'જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા...'** અંદરના રાગની પ્રવૃત્તિની વાત છે, હોં ! બહારની પ્રવૃત્તિની વાત નથી.

**'અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો...'** ભગવાન આનંદનો નાથ એમાં દૃષ્ટિ કરીને સ્થિર થયો. આહા..હા..! **'તેટલી શાંતિ અને સ્વરૂપ આનંદ છે.'** આવી વાત છે, બાપુ ! આહા..હા..! જ્ઞાયક શાંત સ્વભાવ, શાંતરસ, એનો આશ્રય લઈને અંદર જેટલો શાંત રહ્યો એટલી શાંતિ, એટલો આનંદ. બાકી જેટલી પ્રવૃત્તિનો વિકલ્પ ઉઠે, ભલે સ્થૂળ શુભાદિ હો કે અતિસૂક્ષ્મ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે, પણ એ પ્રવૃત્તિ તો દુઃખરૂપ છે. આ ધંધાની પ્રવૃત્તિની વાત અહીં નથી, એ તો કરી શકતો નથી એટલે પ્રશ્ન ક્યાં ? આ તમારે લાદી-બાદીના વેપારને કરી શકતો નથી, એમ કહે છે અહીં તો. આહા..હા..! ત્યાં તમારે 'થાણા'માં મેડીએ ઉતાર્યા હતાને ? આહા..હા..! એ નહિ. એ પ્રવૃત્તિ તો જીવ કરી શકતો જ નથી. આ તો એનામાં થઈ શકે છે તેના રાગની પ્રવૃત્તિની વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એ ગુણ-ગુણીના ભેદનો કે આ દ્રવ્ય-ગુણ ને પર્યાય છે તેવો જે ભેદરૂપ વિકલ્પ, એ પણ એક પ્રવૃત્તિ છે. તેથી તેને તો 'નિયમસાર'માં અણઆવશ્યક કહ્યો છે–એ આવશ્યક નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! આવશ્યક તો એનાથી નિવૃત્ત થઈને અંદરમાં રમવું, તે આવશ્યક છે. આહા..હા..!

**'જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાંતિ અને સ્વરૂપાનંદ છે.'** આહા..હા..! લ્યો ! આજ તો આ એક ભાગમાં (સમય) ગયો. ભાઈને કહ્યું હતું કાલે, ઇ મેં વાચ્યું હતું. બુદ્ધિવાળો માણસ છે. વાચ્યું છે. વાત ખ્યાલમાં છે. મેં કીધું આ બરાબર કાલ આવશે. પણ એ કાંઈ બોલ્યા નહિ કે મારે કાલ જાવું છે. અહીંયા બધા આવ્યા હતા. છેલ્લે બેઠા હતા. ઘણું કરીને લઈ ગયા છે. લઈ ગયા ? આ રેકોર્ડિંગ.

મુમુક્ષુ :– ૨૪ પ્રવચન.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ૨૪ પ્રવચન. અહીં રહ્યા એટલા. કહેતા હતા. ત્યાં સંભળાવશું. બાપુ ! આ તો અમૃતના સાગરની વાતું છે, નાથ ! આહા..હા..! એ અમૃતસાગર જેટલો ઉછળે તેટલો આનંદ અને જેટલો રાગમાં અટકે તેટલું ઝેર. આહા..હા..! ધંધાનો ભાગ તે તો પાપ ને ઝેર, તીવ્ર ઝેર (છે) પણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ એ ઝેર, પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો વિકલ્પ એ સૂક્ષ્મ ઝેર (છે). આહા..હા..! એટલો સ્વરૂપાનંદ... લ્યો ! આહા..હા..! ૨૯૬ લઈ લ્યો થોડુંક.

**દ્રવ્ય તો સૂક્ષ્મ છે, તેને પકડવા સૂક્ષ્મ ઉપયોગ કર. પાતાળકૂવાની જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા તો અંદરથી વિભૂતિ પ્રગટે. દ્રવ્ય આશ્ચર્યકારી છે. ૨૯૬.**

**'દ્રવ્ય તો સૂક્ષ્મ છે,...'** ભગવાન ચૈતન્ય દ્રવ્ય જે છે, એ અરૂપી અને અમૂર્ત ને સૂક્ષ્મ છે. **'તેને પકડવા સૂક્ષ્મ ઉપયોગ કર.'** જે પરિણામથી પકડાય તે ઉપયોગને સૂક્ષ્મ ઉપયોગ કહે છે. જે પરિણામથી પ્રભુ પકડાય તે પરિણામને અહીંયા સૂક્ષ્મ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ઉપયોગ કહે છે. આહા..હા..! અને જે પરિણામથી પકડાતો નથી તેને સ્થૂળ ઉપયોગ કહે છે. આહા..હા..!

**'પાતાળકૂવાની જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા...'** એક સમયની પર્યાયથી પણ ધ્રુવ અંદર છે, ઉપર નથી, પર્યાયની અંદરમાં છે. આહા..હા..! **'પાતાળકૂવાની જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા તો અંદરથી વિભૂતિ પ્રગટે.'** જેમ પાતાળકૂવો ફાટે અને પાણીની ધારા વહે. આહા..હા..! એમ ઊંડા ધ્રુવને પકડ, તને આનંદની ધારા વહેશે, પર્યાયમાં વિભૂતિ પ્રગટશે. આહા..હા..! જે સ્વભાવરૂપ વિભૂતિ છે એને એકાગ્રતાથી પકડતા... આહા..હા..! વિભૂતિ પ્રગટશે. **'દ્રવ્ય આશ્રયકારી છે.'** પ્રભુ ! તારું દ્રવ્ય આશ્રયકારી છે. આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

**ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ-એ રહેવા દે બાપુ ! મોત માથે નગારાં વગાડે છે. પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું આ કરું-એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં.**

**'પરમાગમસાર' બોલ નં.૪૧૨.**

❀

**દ્રવ્ય સદા નિર્લેપ છે. કોને ?- જે તેને જાણે એને. સંયોગ ને રાગ ઉપરથી દૃષ્ટિ છોડીને, એક સમયની જે હૈયાતી છે તેનું લક્ષ છોડીને ભગવાન જે નિર્લેપ છે તેની દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય. 'પરમાગમસાર' બોલ નં.૪૧૩.**

❀

**આ આત્મા પ્રત્યક્ષ છે. જેમ સામે કોઈ ચીજ પ્રત્યક્ષ હોય છે ને ! તેમ આત્મા પ્રત્યક્ષ છે. તેને દેખ ! તેમ આચાર્યદેવ કહે છે. આ શરીર છે, કુટુંબ છે, ધન, મકાન, વૈભવ છે-એમ તું દેખે છો, પણ એ બધાં તો તારાથી અત્યંત ભિન્ન પરદ્રવ્ય છે. તેનાથી ભિન્ન આ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. તેને દેખ ! તો તારો મોહ તુરત નાશ થઈ જશે. 'પરમાગમસાર' બોલ નં.૪૧૪.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આસો સુદ ૪, શુક્રવાર તા. ૦૬-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૨૯૭ થી ૨૯૯, પ્રવચન–૧૧૧**

**તારું કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે. જડના કાર્યો તારા નથી. ચેતનના કાર્યો ચેતન હોય. વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારા નથી. જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે, તે હું નથી. ૨૯૭.**

૨૯૭ બોલ છે ને ? '**તારું કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે.**' આહા..હા..! જો તારે હિત કરવું હોય, ધર્મ કરવો હોય અને ભવનો અંત લાવવો હોય તો તારું કાર્ય આ છે. આહા..હા..! તત્ત્વાનુસારી (અર્થાત્) જ્ઞાયક સ્વરૂપ, આનંદ સ્વરૂપ, પૂર્ણ ઈશ્વર પરમ પ્રભુ સ્વરૂપ, પરમેશ્વર સ્વરૂપ, એને અનુસરીને પરિણમન કરવું, એ તારું કાર્ય છે, ધર્મીનો ધર્મ આ છે. આહા..હા..! સાદી ભાષા (છે). પુણ્ય અને પાપના વિકારી ભાવ તો અનાદિથી પ્રાપ્ત થયા છે, એ સંસાર છે, દુઃખ છે, પરિભ્રમણનું કારણ છે.

હવે તારે જો ધર્મ કાર્ય કરવું હોય તો એને પહેલો જ્ઞાયકભાવ કોણ છે, વિકાર શું છે, એનું ભેદજ્ઞાન કરી અને તત્ત્વને અનુસારે દશા થવી... આહા..હા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ રમણતા એ તત્ત્વને અનુસારે થતી દશા છે. તારું કાર્ય તો–ધર્મીનું કાર્ય–ધર્મ કરવો હોય એનું કાર્ય. આહા..હા..! આવું છે. તત્ત્વ-અનુસારી–જ્ઞાયકભાવ જે ચૈતન્ય સ્વરૂપ, એને અનુસરીને પરિણમન કરવું, એ કાર્ય છે. આહા..હા..!

'**જડના કાર્યો તારા નથી.**' શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી, ધંધો કે પર આત્માઓ, એનું કાર્ય કાંઈ તારું નથી. આહા..હા..! આ ધંધાના કે પરદ્રવ્યના (કાર્ય), આ શરીરની હાલવા-ચાલવાની ક્રિયા, વાણીનું કામ એ બધું કાંઈ આત્માનું નથી. આહા..! એ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પરદ્રવ્યના કાર્ય છે. એ ઉપરાંત **'ચેતનના કાર્યો ચેતન હોય.'** આહા..હા..! **'જડના કાર્યો તારા નથી.'** એટલે કે પરદ્રવ્યના કાર્યો તારા નથી. આહા..હા..! વાણીનું થવું, દેહનું હલવું એ બધા કાર્ય તો જડના, પરના છે. આત્માના એ કાર્ય નથી.

મુમુક્ષુ :– ખાવું-પીવું એ કામ ?

ઉત્તર :– ખાવા-પીવાની ક્રિયા એ જડની જડમાં છે. કોણ ખાય, કોણ પીવે ? આહા..હા..! અહીંયા તો ખાવા-પીવાની ક્રિયાના કાળમાં પર તરફને અનુસરીને જે વિકાર થાય, એ પણ વિભાવ છે, એ પણ ચૈતન્યનું કાર્ય નથી. આહા..હા..! આવું આકરું કામ છે. કહો, ભાઈ ! આમાં આવી પ્રવિણતા કરવી પડશે. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, તેને અનુસરીને જ્ઞાનનું પરિણમન કરવું પડશે. આહા..! પરને અનુસરીને જે કાંઈ પુણ્ય ને પાપના વિકાર્ય થાય છે, એ તો વિકારી ભાવ (છે), આત્માનું કાર્ય નથી. એ વિભાવભાવ છે. પરના કાર્ય તો તારા નથી, દુકાન ઉપર બેસીને આ બધા ધંધા આમ કરીએ અને પૈસા આમ કરીએ ને આમ (કરે), એ બધા કાર્ય તારા નથી.

મુમુક્ષુ :– કરોડો રૂપિયા મેળવ્યા.

ઉત્તર :– રૂપિયા-બુપિયા મેળવે કોણ ને છોડે કોણ ? આહા..હા..!

જો તારે હિતનું કાર્ય કરવું હોય, પરમ પદાર્થ, પરમાર્થ પ્રભુ ! એને પ્રાપ્ત કરવો હોય. પુણ્ય અને પાપ ને મિથ્યાત્વ ભાવની પ્રાપ્તિ તો અનાદિથી કરી છે. એ તો રખડવાના રસ્તા. આહા..! ચોરાશી લાખની યોનીમાં ઉત્પત્તિના એ બધા પંથ છે. આહા..હા..! તારે તારું કાર્ય કરવું હોય તો... આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ આનંદ સ્વરૂપથી ભરેલો પ્રભુ ! આહા..હા..! જ્ઞાન સ્વરૂપે ભરેલો શાંતિ... શાંતિ... શાંતિ... અકષાય સ્વભાવથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એને અનુસરીને ચૈતન્યનું પરિણમન થવું, એ તારું કાર્ય છે. આહા..હા..! આવી વાતું હવે. મોટી તકરાર. પરદ્રવ્યનું કરી શકે નહિ તો પછી તમે આ મંદિરો કેમ બનાવો છો ? તો ઉપદેશ કેમ કરો છો ? એમ કહે છે.

મુમુક્ષુ :– આપ ઉપદેશ આપો છો

ઉત્તર :– કોણ આપે, પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ ! આહા..હા..! એ જડની પરિણતિ જડને કાળે થાય, ભાઈ ! તારાથી નહિ. એ કાળે જે વિકલ્પ આવ્યો છે

એ... આહા..હા..! એ પણ વિભાવનું કાર્ય પ્રભુ ! તારું નહિ. આહા..હા..! આવી વાતું ! અરે..! ભગવાન પરમાનંદ સ્વરૂપ પ્રભુ ! એને અનુસરીને કાર્ય થાય તે તારું કાર્ય છે. કહો, ભાઈ ! આહા..હા..! આ હોઠ હલે, હાથ હલે, વાણીની ક્રિયા થાય એ બધા જડના કાર્ય છે, ભાઈ ! તારા અસ્તિત્વથી તેમાં એ કાર્ય થાય છે એમ નથી, એના અસ્તિત્વથી તે કાર્ય તેના થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :– બધા ગડબડ કરતાં હોય ત્યારે શાંતિ રાખો એમ તો કહેવું ને...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ શાંતિ રાખે ? વિકલ્પ ઉઠ્યો એ કાર્ય વિભાવ છે. અરે..! ભગવાન ! બાપુ ! આકરું કામ, ભાઈ ! અપૂર્વ કામ છે, આકરા શબ્દ નહિ કરતાં અપૂર્વ વાત છે, ભાઈ ! આહા..હા..!

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા દિવ્યધ્વનિ દ્વારા આમ કહેતા, એ આ વાણી અહીં આવી છે. આહા..હા..! પરને અનુસરીને પરના કાર્ય તો તારા નહિ, પણ પરને અનુસરીને થતાં વિભાવ ભાવ, એ ભગવાન ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપ, એનું એ વિભાવ કાર્ય નહિ. શરીર, વાણી, મનની ક્રિયા એ તારું કાર્ય તો નહિ, પણ અંદર વ્યવહાર રત્નત્રયનો રાગ થાય, વિકાર થાય, એ પણ તારું કાર્ય નહિ. આહા..હા..!

પ્રત્યાખ્યાનની વ્યાખ્યા તો બહુ સરસ આવી ગઈ. ચારિત્ર કોને કહેવું, પ્રત્યાખ્યાન (કોને કહેવું)... આહા..હા..! અહીં તો પ્રત્યાખ્યાન પહેલા પણ તારું કાર્ય શું છે ? ભાઈ ! આવું છે, પ્રભુ ! અંદર આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! એને અનુસરીને શુદ્ધ શુદ્ધ ચૈતન્યનું પરિણમન થવું, એ તારું કાર્ય છે. આહા..હા..! આવી વાતું છે, પ્રભુ ! લોકોને એવું લાગે, લોકો પછી મશ્કરી કરે છે, જો પરના કાર્ય કરે નહિ (એમ કહે) અને પાછા દેરાસર બનાવે. આખા કાઠિયાવાડમાં ગામો ગામ કરોડો રૂપિયા ખર્ચીને મંદિર બનાવે. અહીંયા કરોડો રૂપિયા ખર્ચીને આ બધું થયું. ભાઈ ! તને ખબર નથી, બાપુ ! એ બધા કાર્યને કાળે જડના કાર્ય (થાય) છે, ભાઈ !

મુમુક્ષુ :– જડના કાર્ય ભોગવ્યા પણ આપનો પ્રભાવ...

ઉત્તર :– બિલકુલ વાત નહિ, પ્રભાવ-ફ્રભાવની વાત જ નથી. આહા..હા..! (એક વર્તમાન મુનિ) લખે છે, તેથી તમે આ વાંચો. ત્રણ પત્ર છે. વ્યાખ્યાન પછી. એમ (લખ્યું છે) કે આ બહેનના વચનામૃતની લોકોને બહુ માગણી છે. કારણ કે આનંદઋષી સ્થાનકવાસી ત્યાં છે એમ લાગે છે. એટલે લોકો બહુ આવે ને ? અને આ નગ્ન

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુનિ એટલે બહુ લોકો દર્શન કરવા આવે.

મુમુક્ષુ :- એ બધા પાછા ત્યાં જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવે છે, આવે છે. 'જાલના'માં છે. (લોકો મારી પાસે) આવે છે પણ મારામાં એ ગુણ નથી. એમ બિચારાએ લખ્યું છે. નગ્ન દેખેને, અને આ બધા વસ્ત્ર સહિતવાળા એક હતા. અને માગે છે, બહેનના વચનામૃતો અમને આપો. આહા..હા..! પણ હજી પાર્સલ આવ્યું નથી. ૪૦૦ મોકલ્યા છે ને ? છતાં બીજા ૨૦૦ મગાવ્યા છે. એમાં એમ લખ્યું છે. ભાઈએ વાંચ્યું હતું. ઘણું કરીને ૪૦૦ ઉપરાંત ૨૦૦ મગાવ્યા છે. આહા..હા..! કહો, 'જાલના'માં એક (મુનિ છે), વીસ વર્ષની દીક્ષા, દિગંબર. આહા..! ઇ એમ કહે કે, આહા..! આ વસ્તુ ! અમે મુનિ નથી. આહા..હા..! કેમ કે એ બધા કાર્યો જે છે શરીરના, ત્યાગના ને બહારના, એ તો બધા જડના કાર્ય છે. અને અંદરમાં શુભ-અશુભ વિભાવ (થાય), એ તો કૃત્રિમ એક સમયની વિકાર અવસ્થા (છે). આહા..હા..! ભગવાન જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ પ્રભુ ! જ્ઞાતા-દૃષ્ટાના વિકારી વિભાવ કાર્ય એ પ્રતિકૂળ છે, એ એનું કાર્ય નહિ. આહા..! સમજાય છે કાંઈ ?

**'ચેતનના કાર્યો ચેતન હોય.'** જડની સામે નિષેધ કરીને ચૈતન્ય ભગવાન, એનું કાર્ય તો જાણવું-દેખવું, એ એનું કાર્ય છે. ચેતનના કાર્ય ચેતન હોય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધા ચૈતન્યના કાર્ય છે. કારણ કે ચૈતન્યની જાતના કાર્ય છે. આહા..હા..! **'ચેતનના કાર્યો ચેતન હોય. વૈભાવિક કાર્યો પણ...'** જડના કાર્ય નહિ એથી બીજા કાર્યો, વૈભાવિક કાર્યો પણ (એમ કહ્યું). આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ પણ, એ ચૈતન્યના કાર્ય નહિ. લોકોને આ આકરું પડે છે. બાપુ ! વાત તો આ છે પ્રભુ ! આહા..હા..! જન્મ-મરણ રહિતનો પંથ તો આ છે. બાકી તો અનંત કાળથી કર્યા (કરે) છે. આહા..હા..! અશુભભાવ છોડીને બહુ અભ્યાસ થયો, એને છોડીને શુભભાવમાં આવે, પણ એ શુભ-અશુભભાવ વિકૃત વિભાવ, સ્વભાવથી વિરુદ્ધ ભાવ, એ જ્ઞાતા સ્વભાવના કાર્ય કેમ હોય ? આહા..હા..!

**'વૈભાવિક કાર્યો પણ,...'** પણ શબ્દ કેમ મુક્યો ? પેલા જડ કાર્યો તો તારા નથી, એ ઉપરાંત, **'વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારા નથી.'** એટલે શું ? પર્યાયમાં એનું પરિણમન છે માટે એના છે, પણ કરવા લાયક છે એવા પરમાર્થે એ કાર્ય તારા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નથી. આહા..હા..!

ધર્મી જીવને શુભાશુભભાવ આવે, એનું પરિણમન હોય, એ અપેક્ષાએ કર્તા કહેવાય. પણ વસ્તુ તરીકે એ દૃષ્ટિએ જોતા તે સ્વભાવના કાર્ય નથી. આહા..હા..! આવું છે. આ અમારે ભાઈનો છોકરો આવ્યો છે. જુવાન છે ખુશી ખુશી થઈ જાય છે. પ્રત્યાખ્યાનની વ્યાખ્યા (સાંભળી ત્યાં) આહા..! લ્યો ! કહો. ભાઈ ! તમારે દીકરો કહેતો હતો કે, આહા..! આવી પ્રત્યાખ્યાનની વ્યાખ્યા !

મુમુક્ષુ :– સાંભળવા મળી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મળી નથી. બાપુ ! પણ ભાઈ ! આહા..હા..! રાગને, વિભાવભાવને પૃથક જાણીને જ્ઞાનસ્વભાવને અનુસરીને ચારિત્રનું પરિણામ થવું... આહા..હા..! વીતરાગ ભાવને અનુસરીને વીતરાગી દશા થવી, તે પ્રત્યાખ્યાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..! આવી વાતું, બાપુ ! આકરું બહુ, ભાઈ ! અપૂર્વ વાતો છે, ભાઈ ! આ તો. આહા..!

એ **'વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારા નથી.'** એટલે વ્યવહારે પર્યાયમાં પરિણમન છે પણ પરમાર્થે એ કાર્ય આત્માના સ્વભાવના છે એ સ્વભાવના નથી. આહા..હા..! સમજાય છે ? આહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પર્યાયની સમીપમાં પડ્યો છે ને, એને અનુસારે કાર્ય કર. આહા..હા..! એ સિવાય જડના કાર્ય તારા નહિ અને વૈભાવિક કાર્ય પણ પરમાર્થે તારા નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ...'** જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ કે પરના કાર્ય મારા નહિ, પણ વૈભાવિક કાર્ય પરમાર્થે મારા નહિ, મારું તો ચૈતન્ય અનુસારી જે કાર્ય છે તે મારા કાર્ય છે. આહા..હા..! કેવી અપૂર્વ વાત છે ! પૂર્વે કદી કરી નથી. આહા..! **'જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે,...'** આહા..હા..! પર આત્મા છે એની વાત ન લીધી. આહા..હા..! જડ અને વિભાવ. ચૈતન્યની સામે જડ અને સ્વભાવની સામે વિભાવ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! 'જાલના'માં આ બધી માગણી થઈ ગઈ, કહે છે. હજી આવ્યા નથી, મળ્યા નથી, એમ લખ્યું છે. છતાં ૨૦૦ પુસ્તક મગાવે છે. ઘણું કરીને નવા મગાવે છે. વાંચજો. માણસ મધ્યસ્થ હોય અને પૂર્વનો આગ્રહ હોય એને છોડવાને માટે તૈયાર હોય, તો એને આ સમજવાનું એકદમ સરળ પડે. પણ પૂર્વનો આગ્રહ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



માનેલી વાત હોય અને આ વાંચવા જાય તો એને નહિ બેસે. આહા..!

ચરણાનુયોગમાં ભગવાને કીધું છે કે વ્રત પાળવા, વ્રત કરવા. પણ એ પાળવાનો અર્થ ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એક દાખલો આપ્યો છે ને ? કે જે કંદમૂળ આદિ દોષવાળી વસ્તુને ન ખાય પણ હરિતકાય પ્રત્યેકને ખાય, છતાં તેને એ ધર્મ ન માને. એમ મુનિ કે સમ્યગ્દષ્ટિ મુનિ સાવદ્યયોગનો ત્યાગ કરે. સાવદ્ય નામ પાપના યોગનો ત્યાગ કરે, અને પુણ્યના યોગનો ત્યાગ કેમ થાય ત્યાં ? કારણ એ તો સ્વરૂપમાં જ્યારે ઠરે ત્યારે પુણ્યના યોગનો ત્યાગ થાય. પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન ને ચારિત્રમાં શુભનો, સાવદ્યયોગનો ત્યાગ અને શુભયોગ આવે, એને પાળે એમ વ્યવહારથી કહેવાય, પણ એને મોક્ષમાર્ગ ન માને. એમ 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના સાતમા અધ્યાયમાં આવે છે. આહા..હા..! કંદમૂળ આદિ અનંત જે કાય છે તેને દોષવાળી ઘણી જાણીને છોડે, અને પ્રત્યેક સાધારણ વનસ્પતિ છે એને ખાવાનું ન છૂટે, પણ છતાં ખાવાનો ભાવ છે, એ ધર્મ નથી. એમ સાવદ્યયોગનો ત્યાગ છે, ત્યાં શુભયોગ હોય છે, પણ એ મોક્ષમાર્ગ નથી. આહા..હા..! આટલી શરતું. આહા..હા..!

'**જડ અને વિભાવ તે પર છે, તે હું નથી.**' આહા..હા..! કેમ કે નવ તત્ત્વ છે, એમાં અજીવ તત્ત્વ છે એ તો પર છે, અને જ્ઞાયક તો એ છે નહિ, અને પુણ્ય-પાપનું તત્ત્વ પણ જ્ઞાયકતત્ત્વ હોય તો જ્ઞાયક તો ભિન્ન તત્ત્વ છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! એટલે જ્ઞાયકતત્ત્વ જે છે, એનું એ પુણ્ય-પાપનું કાર્ય એનું નથી. આહા..હા..! આવું બેસવું અને આ વાત ! આહા..હા..! જે વિભાવ ને જડ તે પર છે. આહા..હા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવ વિભાવ પર છે. મારા સ્વભાવનું એ પરિણમન નથી. સ્વભાવથી વિરુદ્ધનું છે. આહા..! માટે તે કાર્ય મારું નથી. આહા..હા..! ૨૯૭ (બોલ પૂરો થયો).

**જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તો પણ પોતે ફરે નહિ; વિભાવના ગમે તેટલા ઉદય આવે તો પણ ચલિત થાય નહિ. બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે. પછી ક્રમે ચારિત્ર વધતું જાય. ૨૯૮.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'જ્ઞાની જીવ...'** એટલે જ્ઞાની શબ્દ કહેતા કોઈ કહે કે જ્ઞાની હોય એ ભલે એવો હોય પણ ધર્મીને તો આ બધું હોય. રાગનું કરવું ને... જ્ઞાની શબ્દ વાપરતા ધર્મી શબ્દ છે. જેને આત્મજ્ઞાન થયું છે, વિભાવભાવથી ભિન્ન, જડથી તો ભિન્ન (છે) એ તો સ્થૂળ વાત છે, પણ પર્યાયમાં થતાં વિભાવભાવથી પણ ભિન્ન–અધિક–જુદો–ભાસ્યો છે. આહા..હા..! એવા જીવને અહીંયા ધર્મી કહો કે જ્ઞાની કહો. એમ નહિ કે જ્ઞાની એટલે બહુ જ્ઞાન હોય એની આ વાત છે અને ધર્મીની બીજી વાત છે–એમ નથી. સમજાય છે ?

જ્ઞાની શબ્દ કેમ વાપર્યો છે ? કે એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે તેનું જ્ઞાન થયું માટે જ્ઞાની. એટલે ધર્મીનું જ્ઞાન થયું છે માટે ધર્મી. ધર્મી જે ચીજ છે, એનું જે જ્ઞાન અને ધર્મ દશા થઈ, તે ધર્મ. તે જીવનું કાર્ય છે. મોટી પાંચ-પાંચ, દસ-દસ હજારની સભા હોય અને એમાં આ વાત કહેવી પડે એને, ભાઈ ! આ તો સાંભળનારા થોડા હોય, વીરલા સાંભળે કોઈ. આહા..હા..! વીરલા જાણે તત્ત્વને, વીરલા જાણે કોઈ... આહા..હા..! વીરલા શ્રદ્ધા કરે ને વીરલા એ શ્રદ્ધા જોઈ, આહા..હા..! વીરલા સુણે કોઈ, એમ કહ્યું છે. એકદમ લુખ્ખી વાત અને વીતરાગ સ્વભાવથી ભરેલો ભાવ, અનાદિથી રાગના રસના રસીયાઓ છે, એને આત્માના રસની વાતું કઠણ પડે. વસ્તુ તો આ છે, ભાઈ ! અશુભભાવ છોડીને શુભભાવમાં આવ્યો, એનો પણ જેને રાગનો રસ છે, એ પણ મિથ્યાદષ્ટિ દુઃખને પંથે સંસારના પરિભ્રમણને પંથે છે, પ્રભુ ! આહા..હા..!

મુમુક્ષુ :– અજ્ઞાનીને તો અશુભ પછી શુભ જ આવે.

ઉત્તર :– એ શુભ આવે, શુભ આવે પણ એ, એ સંસાર છે, વિકાર છે. આહા..હા..! પણ સ્વભાવ જોયો નથી એટલે એને વિભાવ તે મારું કર્તવ્ય છે, તેમ માનીને ત્યાં રોકાય ગયો છે. ભગવાન આ જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય, એ તરફની ઝાંખી પણ કરતો નથી. અવ્યક્તપણે આ ચીજ કોઈ શું છે આ ? જેની પર્યાયને અંદરમાં જતાં મહાન... મહાન... મહાન... ગંભીર લાગે. આહા..! એ ચીજ શું છે ? શું ચીજ છે ? આહા..હા..! આ વાંચ્યું તો હશે, ભાઈ! આ વાંચ્યું છે ને આ ? 'નાઈરોબી'થી આવ્યા છે. બહુ પ્રેમવાળા છે, મોટા પૈસાવાળા છે. સાંઈઠ-સીત્તેર લાખ. ધૂળ, ધૂળ. આ કરોડપતિ રહ્યા, આ કરોડપતિ રહ્યા. પતિ જડના ? આહા..હા..! ભાઈ ! એ જડનો પતિ તું નહિ, પણ વિભાવનો પતિ તું નહિ, પ્રભુ ! આહા..હા..! એક બાજુ ધર્મીને શુભભાવનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પરિણમન આવે એથી એ કર્તા ને ભોક્તા છે એમ પણ કહેવાય. પણ સ્વભાવની દૃષ્ટિએ જોતા... આહા..હા..! કહે છે કે એ કાર્ય એનું નહિ એમ જાણવું. આવું ! બે ધારી તલવાર. આહા..હા..!

ભાઈ ! અનંત કાળ થયા, બાપુ ! તારા દુઃખડા એવા વેદ્યા, પ્રભુ ! એ દુઃખને જોઈને દેખનારને આસુંની ધારા ચાલી આવી. આહા..હા..! એ કહ્યું નહોતું ? (સંવત) ૧૯૭૨-૭૩ની સાલ હશે. 'રાણપર'થી 'નાગ્નેશ' જતા હતા. બે ગાઉ છે. રસ્તામાં એક ઊંટ પડ્યો ઊંટ, ઊંટ હતો. જુવાન ઊંટ વાડની પાસે પડેલો. થોડું ઘાસ, થોડું હશે. મને ખબર નહિ કે આવો ઊંટ અહીં કેમ પડ્યો ? કે એનો પગ ભાંગ્યો છે. પગ આમ હોય છે ને ? ઢસી ગયો. હવે એ ચાલી શકે નહિ, હવે શું થશે ? કે, અહીં ને અહીં સુકાયને મરી જશે. આહા..હા..! તે વખતે કીધું... આહા..હા..! આ જુઓને આ જગત, આહા..હા..! જુવાન ઊંટ, હોં ! નાની ઉંમરનું. આમ દેખાવ તો એવો હતો. પણ પગ લસરી ગયો. થઈ રહ્યું. એ ચાલી શકે નહિ, એટલે કામ કરી શકે નહિ તો એને રાખે કોણ ? કારણ કે જ્યાં બેઠો છે ત્યાંથી ચાલી શકે નહિ. આહા..હા..! ત્યારે કહે આ થોડું ઘાસ નાખ્યું હશે તે ખાશે બાકી સુકાઈને તો મરી જશે. પછી તો ઘાસ પણ નહિ નાખે. કોણ નાખે જંગલમાં ? પહેલું છે હજી તાજું છે એટલે થોડું પડ્યું છે. આહા..હા..! અને એ જંગલમાં એકલો, રાત્રીએ સર્પો, વીંછી ચારેકોર ફરતાં. આહા..હા..! થઈ રહ્યું, ન્યાં ને ન્યાં દેહ સુકાય ગયો. આહા..હા..! એના દુઃખનું શું કહેવું ? એથી તો અનંતગુણુ દુઃખ નરકના દસ હજાર વર્ષની સ્થિતિએ છે, પ્રભુ ! આહા..હા..! ભાઈ ! તેં તારા દુઃખડાને પણ જાણ્યા નથી, પ્રભુ ! આહા..હા..!

એ દુઃખથી મુક્ત થવું હોય અને આનંદનો, આનંદનો નાથ ભગવાન તેને પ્રાપ્ત કરવો હોય... આહા..હા..! તો એને સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય તેને અનુસરીને પરિણમન કરવું પડશે. આહા..હા..! જેટલું કાર્ય પરનું છે અને વિભાવનું પણ તારું કાર્ય નથી. આહા..હા..! આમ એક બાજુ કહે કે વિભાવનો કર્તા જીવ છે સમકિતી પણ. એ પરિણમનની અપેક્ષાએ છે. પરિણમે છે ને એ. પરિણમે તે કર્તા એટલી અપેક્ષાએ. પણ આત્માના સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો કાર્ય સ્વભાવનું છે એ નથી. આહા..હા..! કેની હોશું કરવી ? ભાઈ ! કોના હરખના સડકા લેવા ? નાથ ! તું ક્યાં છો ? આહા..હા..! એ ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ ! એને અનુસરીને કાર્ય થાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તે તારું કાર્ય છે, બાકી બધા થોથા છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ બધો સંસાર જ છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- રખડવાનો ધંધો. શુભભાવ પણ સંસાર. ત્યાં કહ્યું ને ? મોક્ષમાર્ગમાં. જગપંથ. આહા..હા..! મુનિને પણ. મિથ્યાદૃષ્ટિનો શુભભાવ તો પોતાનો માને તે તો મિથ્યાત્વનું મહાપાપનો સંસાર છે, અનંત સંસાર છે. આહા..હા..! જેને શુભભાવ મારો છે એવા અનંતા ગુણના સ્વભાવની સાથે જેણે વિભાવના મેલને એકત્વ માન્યું છે એ તો મિથ્યાત્વમાં અનંત સંસાર છે. આહા..હા..! એ મિથ્યાત્વના ગર્ભમાં નરક અને નિગોદના ભવ કરવાની તાકાત છે. આહા..હા..! એ મિથ્યાત્વમાં નરક અને નિગોદ પ્રસવશે. આહા..હા..!

તારે તારું કાર્ય કરવું હોય તો... આહા..હા..! ભગવાન ચૈતન્ય જ્ઞાયકનો રસકંદ પ્રભુ, એની સન્મુખ અનુસરીને કાર્ય થવું, એ તારું કાર્ય છે અને એ ધર્મ કાર્ય છે. આહા..હા..! હવે આ બધા ધંધા-પાણી કરવા અને કહે કે એ એનું કાર્ય નહિ. આહા..હા..! ભાઈ ! એ તારું છે નહિ. તારું તત્ત્વ છે એ પરના કાર્યમાં જાય ? અને જ્ઞાયક તત્ત્વ છે એ વિભાવના કાર્યમાં જાય ? આહા..હા..! એકલો સ્વભાવનો પિંડ પ્રભુ ! જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, સ્વચ્છરસ, પ્રભુરસ એવો પૂર્ણ આનંદનો નાથ ભગવાન ! એ રાગના રસમાં કેમ જાય ? આહા..હા..!

આવી વાત એટલે લુખી લાગે. શું થાય ? ભાઈ ! આહા..હા..! અરે..! ભાઈ તો કહેતા. 'દીપચંદજી'. અત્યારે અમે જોઈએ છીએ તો આગમને અનુસારે શ્રદ્ધા પણ જગતના પ્રાણીમાં, સંપ્રદાયમાં દેખાતી નથી. એમ કહે છે બસ્સો વર્ષ પહેલા. જો એને મોઢે આ વાત કરીએ તો એ સાંભળતા નથી. એકાંત છે તમારું (એમ કહે છે). માટે હવે હું લખી જાવું છું કે માર્ગ આ છે બાકી બીજો માર્ગ માને એ વસ્તુ નથી. અરે..! વાત તો સાચી છે. બસ્સો વર્ષ પહેલા. એના કરતાં અત્યારે હલકો કાળ.. આહા..હા..! આ તો પુણ્ય ભેગુ છે ને જરીક... આહા..! સાંભળે છે. અને એને કાંઈક એમ (પણ લાગે) કે વાત તો કાંઈક બીજી છે, એમ લોકોને થાય છે. જુઓને ! દિગંબર (મુનિ), વીસ વર્ષની દીક્ષા, શીઘ્ર કવિ. એવા ગાયન બનાવે આમ શીઘ્ર, હોં ! છતાં... આહા..હા..! આ વાત કોઈ જુદી છે, ભાઈ ! એણે નરમાશ કરવી પડશે. એને મોટું માન અમે સાધુ છીએ... આહા..હા..! એ અભિમાન મુકવું પડશે, પ્રભુ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! એ જડના અને વિભાવના કાર્ય પરના છે, મારા નથી. મારું તો ચૈતન્ય ભગવાનને અનુસરીને પરિણમન થાય એ મારું કાર્ય છે. આહા..હા..!

**'જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય...'** આહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એની જ્યાં દૃષ્ટિ થઈ અંદરમાં... આહા..! એ **'એટલો નિઃશંક હોય છે કે આખું બ્રહ્માંડ ફરે...'** આહા..હા..! દ્રવ્યનું ફરવું થાય ? તો દ્રવ્યની પ્રતીત અને અનુભવ થયો એનું ફરવું કેમ થાય ? ભલે આખું બ્રહ્માંડ ફરી જાય. આહા..! આખી દુનિયાનો પોકાર થાય કે નહિ આ ખોટું છે, આ ખોટું છે. આહા..હા..! **'આખું બ્રહ્માંડ ફરે તો પણ પોતે ફરે નહિ;...'** સત્‌નો જ્યાં અનુભવ થયો, પ્રતીત થઈ, જ્ઞાન થયું, એ ફરે શી રીતે ? જગત સામે ગમે તેટલી વાતો કરે. આહા..હા..!

**'વિભાવના ગમે તેટલા ઉદય આવે...'** આહા..હા..! ધર્મીને શુભ-અશુભભાવ પણ અંદર આવે છતાં એ મૂંઝાય નહિ. નિઃશંકપણે મારી ચીજ તો શુદ્ધ, પવિત્ર છે. આહા..હા..! 'શ્રીમદ્દે' કહ્યુંને ? 'શ્રીમદ્દે'. આહા..હા..! વેપાર-ધંધામાં હતા. એમ કહ્યું, છવ્વીસમાં વર્ષમાં છે. તેવી ઉપાધિ આવે છે કે ધડ ઉપર માથુ ન રહે. આહા..હા..! ભાઈ ! 'શ્રીમદ્ રાજચંદ્ર'. ઝવેરાતનો ધંધો કરતા ને ? એવી ઉપાધિ આવે કે ધડ ઉપર માથુ (ન રહે). માથુ ફરી જાય. આહા..હા..! રાગ આવે એવો કે આ છોડે છૂટકો છે એમ થાય પણ છૂટતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? અહીં છે ? પુસ્તક નથી ને ? છે.. છે. ૨૬મું વર્ષ છે. આવ્યું. જુઓ !

**'માગશર સુદ ૬ને અત્રે આવવાનું થયું હતું. ત્યારથી આ દિવસ પર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિ જોગ વેદવાનું બન્યું છે.'** જોયું ? આહા..હા..! **'અને જો ભગવત્‌કૃપા ન હોય...'** એટલે સ્વરૂપની. **'તો આ કાળને વિશે તેના ઉપાધિ જોગમાં માથુ ધડ ઉપર રહેવું કઠણ થાય, એવી ઉપાધિના જોગમાં...'** (રહેવું થાય છે). આહા..હા..! **'એમ થતાં થતાં ઘણી વાર જોયું છે અને આત્મ સ્વરૂપ જેણે જાણ્યું એવા પુરુષને અને આ સંસારને મળતી પણ આવે નહિ'** બેને મેળ નહિ ખાય ક્યાંય. આહા..હા..! **'એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચળ ઉપયોગે વર્તતા વર્તતા ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય...'** આહા..હા..! રાગના શુભભાવમાં આવીને મંદ થઈ જાય, દૃષ્ટિમાં થાય નહિ. આહા..હા..! એવી આ સંસારની રચના છે. આહા..હા..!

**'આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જોકે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**બોધના વિશેષ પરિણામ પ્રત્યે વિશેષ નિર્મળતા જોઈએ એના પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિ યોગ દેખાય.'** આખી લાંબી વાત છે. આહા..હા..! કારણ કે બૈરા, છોકરા, ધંધો, વેપાર અને એમાં જ્ઞાતાપણે રહેતા. આહા..હા..! ઘણું કઠણ, અપૂર્વ છે એમ કહે છે.

અહીં કહે છે **'વિભાવના ગમે તેટલા ઉદય આવે તો પણ ચલિત થાય નહિ.'** આકરો કોઈ વિષયની વાસનાનો પણ ભાવ આવે... આહા..હા..! છતાં સ્વરૂપથી ચલિત થાય નહિ. આહા..હા..! જે જ્ઞાતા તરીકે જાણ્યું છે તેને જ્ઞાતામાંથી ખસવું ન થાય એને. આહા..હા..! 'શ્રેણિક' રાજા લ્યો ! આહા..હા..! ક્ષાયિક સમકિતી. સમયે સમયે તીર્થંકર ગોત્ર બાંધે છે. જેલમાં નાખ્યો એના દીકરાએ. આહા..! એને જ્યારે ખબર પડે છે કે મારા પિતાએ તો મને નાની ઉંમરમાં મારી સેવા કરી હતી. મારી બાએ મને નાખી દીધો હતો. કુકડાએ ચાંચ ભરી, એણે ચુસ્યું હતું. આવી સંભાળ કરી હતી અરે..રે..! મેં શું કર્યું આ. આહા..હા..!

મુમુક્ષુ :– દીકરા બાપને જેલમાં પૂરી દે ?

ઉત્તર :– નાખ્યો ને. કેદમાં નાખ્યો ને. કારણ કે એની સ્થિતિમાં પોતાને રાજ કરવાનો પ્રસંગ બનતો નહોતો અને આ ક્યારે મરશે એનો મેળ નથી. આટલા આટલા વર્ષ થયા ને આ રાજ કરે છે ને હવે આપણે એના રાજકુમારો રાજ ક્યારે હાથમાં આવવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :– તો જેલમાં નાખી દે ?

ઉત્તર :– જેલમાં નાખ્યા. નાખ્યા તે કેવા ? તાળાં બંધ કરીને. આહા..હા..! જે તીર્થંકરનો જીવ. આહા..હા..! ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે, ત્યાંથી નીકળીને સીધા તીર્થંકર થવાના. આહા..હા..! આ ઠગારા છોકરાઓએ અંદર મારી નાખ્યો અને જ્યાં છોડવા આવે છે. બંધ કર્યું હતું. કાઢી નાખો. આને ભ્રમ થઈ ગયો, સમકિતી છે, પણ આ મારવા આવે છે એમ થઈ ગયું. આહા..હા..! એને દેહ છોડવાનો ભાવ આવ્યો, છતાં સ્વભાવમાંથી વિરુદ્ધ નથી એને. સ્વભાવની દૃષ્ટિમાં એને જરીએ દોષ નથી. આહા..હા..! એ તો રાજા હતા, હીરા હતા ઊંચા હીરા. હીરા સહિત. ચૂસ્યું. દેહ છૂટી ગયો. ઓલો આવે આમ જોવે ત્યાં અર..ર..! અરે..રે..! હું છોડવા આવ્યો ને આ થયું ! રોવે... રોવે... રોવે... રોવે... એની મા પાસે ગયો. માતા ! મેં બહુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભૂલ કરી. ભાઈ ! આહા..હા..! હવે એ જેલમાં મડદું પડ્યું. રાજા મોટો, જેને હજારો રાજા ચામર ઢાળતા. એ જેલમાં દેહ છૂટ્યો, ભાઈ ! આહા..હા..! જન્મ્યા કોઈ જાણ્યા નહિ અને મરતા કોઈ રોનાર નહિ. આહા..હા..!

'શ્રીકૃષ્ણ' જન્મ્યા, બહાર જાણ્યા નહિ. ગોકુળમાં લઈ ગયા, ગોવાળમાં. આહા..હા..! મરતા કૌસંબી વનમાં, આહા..હા..! 'તરસે તરફડે ત્રિકમો,' ત્રિકમો–ત્રણ ખંડનો ધણી. તૃષા લાગી. આહા..હા..! જેની આઠ આઠ હજાર દેવ સેવા કરતાં, એને કોઈ પાણીનો પાનાર ન રહ્યો. બળદેવ પાણી લેવા જાય છે. વાસણ ન મળે, કાંઈ ન મળે, વડના મોટા પાનમાં સળીઓ નાખીને વાસણ બનાવ્યું, પાણી જ્યાં લાવે ત્યાં અહીં દેહ છૂટી જાય છે. આહા..હા..! જરતકુમારનું બાણ વાગે છે, ભગવાને કહ્યું હતું કે, આ 'શ્રીકૃષ્ણ' જરતકુમારના બાણથી મરશે. એનો ભાઈ બાર બાર વર્ષથી વનમાં રહેતો હતો. પણ નેમિનાથના વચન ફરે નહિ. આહા..હા..! એ 'દ્વારકા' નગરી, સોનાના ગઢ અને રત્નના કાંગરા. રાણીઓ આમ આહા..! રાણીઓ જ્યાં આમ નાની ઉંમર જુવાન એ સળગે આમ અગ્નિમાં, જુએ. આહા..હા..! એ ભાવે જરી, વિભાવભાવ આવે, પણ સ્વરૂપથી ચલે નહિ. આહા..હા..! આ તે કઈ દશા !

એવા ઉદય આવે **'તો પણ ચલિત થાય નહિ.'** જ્ઞાનપણાનો જે અનુભવ અને દૃષ્ટિ છે તે ખસે નહિ. આહા..હા..! ગમે તેટલા વિભાવભાવ આવે. આહા..હા..! મારા સ્વરૂપથી તો વિરુદ્ધ છે. એથી એ વિરુદ્ધ ભાવ મારી ચીજ નહિ. એવું નિઃશંકપણું સમકિતીને જતું નથી. આહા..હા..! આવી વાતું. અને અજ્ઞાનીને દીકરો મરી જાય, તો રોવે નહિ. 'ચુડા'માં હતા, 'ચુડા'માં એ ભાઈને ન ખબર હોય. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૯ સાલની વાત છે. 'ચુડા'માં એક ભાઈ હતા. ડૉકટર હતા. માણસ આમ વૈરાગી. દૃષ્ટિ ખોટી સ્થાનકવાસી. જુવાન છોકરો મરી ગયો. અને હું ગયેલો એ પહેલાં એ વાત ત્યાં થઈ ગઈ હતી. એ કહે કે છોકરો મરી ગયો. માણસોને કહેડાવ્યું કોઈ પણ આવો એ રોશો નહિ. એના દેહની સ્થિતિ પૂરી થઈ છે. જુવાન છોકરો, હોં ! રોવું નહિ. એ થવા કાળે થાય, છતાં દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ ખબર નહિ. (સંવત) ૧૯૬૯ સાલની વાત છે. ૧૯૭૦માં દીક્ષા લીધી. એ પહેલાં હું ત્યાં આવ્યો. છે ને ઓલું હેઠે ? શું કહેવાય ? શાક માર્કેટ. અને ઉપર ઓરડો નથી બજારમાં ? ત્યાં હતા અને હું ત્યાં આવ્યો હતો. ૧૯૬૯ની વાત છે, ૧૯૭૦ પહેલાની વાત છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૬૫ વર્ષ પહેલાની વાત છે. આહા..હા..! આ ભાઈ એવા છે કે, જુવાન છોકરો મર્યો તો'ય રોયા નહિ. એથી કરીને શું એ ધર્મી છે ? આહા..હા..! અને આવી સ્થિતિમાં વિભાવ આવે ને રુદન પણ આવે, છતાં એના સમ્યગ્દર્શનને દોષ જરીએ નથી. આહા..હા..! એ ચારિત્ર દોષ છે. બીજા ગુણનો દોષ એ સમ્યગ્દર્શનને દોષ કરે તો કદી નિર્દોષ રહી શકે જ નહિ. આહા..હા..!

'શ્રીમદ્દ્' પણ કહ્યું છે એકવાર. હે કામ ! હે માન ! આવે છે ને ? તું ખસી જા, તું મારું સ્વરૂપ નથી, તું મને હેરાન ન કર. આહા..હા..! 'શ્રીમદ્દ્'માં પાછળના લખાણમાં એમ આવે છે, ભાઈ ! પાછળના લખાણમાં. એમાં આવ્યું છે. બધું ઘણું પહેલેથી વાંચેલું છે. આહા..હા..!

અહીં કહે છે **'વિભાવના ગમે તેટલા ઉદય આવે તો પણ ચલિત થાય નહિ. બહારના પ્રતિકૂળ સંયોગથી...'** દેહાદિની પરિણતિમાં રોગ-રોગ (થાય), સડેલ શરીર આદિ સંયોગો બધા પ્રતિકૂળ થાય. આહા..હા..! તો પણ **'જ્ઞાયકપરિણતિ ન ફરે;...'** આહા..હા..! જાણનારનું જ્ઞાન પરિણમન છે, એ ફરે નહિ. આહા..હા..! નિઃશંક છે, નિર્ભય છે. આહા..હા..! **'શ્રદ્ધામાં ફેર ન પડે.'** અંદર શુદ્ધ સ્વરૂપ ચૈતન્યની જાણીને પ્રતીત થઈ છે, એ ફરે નહિ. આહા..હા..! **'પછી ક્રમે ચારિત્ર વધતું જાય.'** અંદરમાં સ્થિરતાનો અંશ વધતા વધતા ચારિત્ર થઈ જાય. આહા..હા..! એ ૨૯૮ (બોલ પૂરો થયો).

**વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય, સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે. ૨૯૯.**

૨૯૯. **'વસ્તુ સ્વતઃસિદ્ધ છે.'** ભગવાન આત્મા સ્વતઃ અપને સે–પોતાથી છે, એનો કોઈ કર્તા નથી, કોઈથી થયેલો નથી, એ સ્વતઃસિદ્ધ સત્ છે પ્રભુ ! આહા..હા..! **'વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય,...'** શું કહે છે ? વસ્તુ સ્વતઃસિદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે, એનો અંતર સ્વભાવ અનુકૂળ હોય. આનંદ, શાંતિ, વીતરાગતા વગેરે એનો સ્વભાવ અનુકૂળ હોય. વસ્તુ છે એ સ્વતઃસિદ્ધ છે, એથી તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય. વિકાર અને દુઃખરૂપ એના સ્વભાવમાં ભાવ હોય નહિ. આહા..હા..!

**'વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય,...'** સ્વભાવથી વિરુદ્ધ જે વિભાવ એ એનો સ્વભાવ નથી, એમ કહે છે. આહા..હા..! **'સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવ...'** આહા..હા..! ભગવાન આત્મ પદાર્થ વસ્તુ, એનો દેખવું, જાણવું સ્વભાવ, તેને અનુકૂળ હોય. જાણવું-દેખવું એ સ્વભાવને અનુકૂળ છે. આહા..હા..! કેમ કે એનો સ્વભાવ છે તે સ્વભાવ તે એને અનુકૂળ હોય. દ્રવ્યનો સ્વભાવ છે તે દ્રવ્યને અનુકૂળ હોય. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ હવે. માર્ગ એવો (છે), બાપુ !

કહે છે ભાઈ ! એ વસ્તુ છે ને ? એ વસ્તુ છે એનો સ્વભાવ તો અનુકૂળ હોય, વિપરીત ન હોય. એનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ એ એનો અનુકૂળ સ્વભાવ છે. આહા..હા..! **'દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે.'** આહા..હા..! પર્યાયમાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વિકલ્પો, ચાહે તો વ્યવહાર રત્નત્રયનો રાગ (હોય), એ સ્વભાવથી પ્રતિકૂળ છે. જાણવું, દેખવું, આનંદ જેનો સ્વભાવ, એ વસ્તુને અનુકૂળ છે, અને પુણ્ય-પાપના ભાવ એ વસ્તુના સ્વભાવથી વસ્તુને પ્રતિકૂળ છે. આહા..હા..! શું કહ્યું ?

જે સ્વતઃસિદ્ધ પદાર્થ પ્રભુ ! એનું જે જાણવું, દેખવું, આનંદ એ એનો અનુકૂળ સ્વભાવ હોય અને એમાં પુણ્ય અને પાપના વિભાવ છે એ પ્રતિકૂળ છે, એ એના સ્વભાવમાં હોય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ ટૂંકા શબ્દો છે પણ વસ્તુ, વસ્તુ છે, સ્વતઃસિદ્ધ છે અને તેનો સ્વભાવ–સ્વભાવવાનનો સ્વભાવ, સ્વભાવવાનને અનુકૂળ હોય. આહા..હા..! જાણવું, દેખવું, આનંદ આદિ. અને તેમાં જે વિભાવ રાગ-દ્વેષ (થાય છે) એ પ્રતિકૂળ છે, એ વિભાવ પ્રતિકૂળ છે. માટે તેની સ્વભાવની જાત નહિ. એ દ્રવ્યના સ્વભાવની જાત એ નહિ. સ્વભાવ છે તે અનુકૂળ હોય, એના પ્રતિકૂળ છે એની જાત નહિ. આહા..હા..! એમ જાણીને વિકારથી હઠી અને સ્વભાવને અનુસરવું, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આસો સુદ ૬, શનિવાર તા. ૦૭-૧૦-૧૯૭૮.**
**વચનામૃત-૩૦૦ થી ૩૦૩, પ્રવચન-૧૧૨**

**પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો. તે અનંત કાળમાં જીવે 'આત્માનું કરવું છે' એવી ભાવના તો કરી પણ તત્ત્વરુચિ અને તત્ત્વમંથન કર્યું નહિ. પોસાણમાં તો એક આત્મા જ પોષાય તેવું જીવન કરી નાખવું જોઈએ. ૩૦૦.**

૩૦૦ બોલ આવ્યા. ૨૯૯ થઈ ગયા. **'પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો.'** આ ચોરાશી લાખ અવતારમાં, અનંત અનંત કાળથી પરિભ્રમણ કરતો આવે છે. અનંત અનંત ભવ કર્યા. આ પહેલા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... (ભવ કર્યા). **'પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો. તે અનંત કાળમાં જીવે 'આત્માનું કરવું છે' એવી ભાવના તો કરી...'** ભાવના એટલે વિકલ્પ. આહા..હા..! **'પણ તત્ત્વરુચિ અને તત્ત્વમંથન કર્યું નહિ.'** ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! આનંદ અને જ્ઞાનસ્વરૂપ તત્ત્વ, એની રુચિ અને એના તરફનું મંથન ન કર્યું. લોકોને આ આકરું પડે છે. એમ કે આ વ્રત પાળવા, દયા, દાન, ભક્તિ, સાધુપણાની ક્રિયાઓ, એ બધા સાધન છે એનાથી આત્મા ન પ્રાપ્ત થાય તો તો એકાંત છે, એમ કહે છે. આહા..હા..!

ભાઈ ! તેં વ્રત અને તપના શુભભાવ પણ અનંત વાર કર્યા છે. અનંત વારમાં અનંત વાર સ્વર્ગમાં ગયો. આહા..! અનંત કાળમાં મનુષ્યના ભવ જે કર્યા, એના અનંતા કર્યા. એથી અસંખ્યગુણા અનંતા તો નારકીના કર્યા છે, ભાઈ ! નીચે નરક ગતિ છે, સાત નારકી છે. તેના ભવ, મનુષ્યના અનંત કર્યા, અનંત કાળમાં. એથી પણ અસંખ્યગુણા અનંતા (ભવ) તો નરકમાં કર્યા. ભૂલી ગયો, ખબર ન મળે કાંઈ. આહા..હા..! ભૂલી ગયો એટલે નહોતું એમ કોણ કહે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



માતાના પેટથી જન્મ્યો, આજ ભવમાં છ મહિના અને બાર મહિનામાં શું હતું ? છે યાદ ? નથી યાદ માટે નહોતું એમ કોણ કહે ? આહા..હા..! અનંત અનંત કાળમાં એણે મનુષ્યના ભવ અનંત કર્યા એને યાદ નથી. યાદ નથી માટે નથી એમ કેમ કહે ? આહા..હા..! એથી અનંત અસંખ્યગુણા અનંત નરક યોની છે. આહા..હા..! જેના દસ હજાર વર્ષની નારકીની સ્થિતિ, ત્યાં અનંત વાર ગયો. પ્રભુ તો એમ કહે છે કે ત્યાંના એક ક્ષણના દુઃખની વાત કરોડ ભવ અને કરોડ જીભે ન કહેવાય, પ્રભુ ! એવા તેં અનંતકાળમાં નારકીના દુઃખ વેઠ્યા છે. તું ભૂલી ગયો. બહારની આ જરીક સામગ્રી ભાળીને, આહા..હા..!

અહીં તો બીજું કહેવું છે કે અનંતા મનુષ્ય અસંખ્યગુણા નરકના ભવ કર્યા એના કરતાં સ્વર્ગના અસંખ્યગુણા અનંતા કર્યા. કહો વળી સ્વર્ગમાં ગયો એ શુભભાવથી ગયો હશે કે અશુભથી ? સ્વર્ગમાં પણ નરકના ભવ કરતાં (અસંખ્યગુણા અનંત વાર ભવ કર્યા). એકવાર નરક અને અસંખ્ય વાર સ્વર્ગ, એક વાર નરક અને અસંખ્ય વાર સ્વર્ગ. એમ અનંત વાર નરક અને અસંખ્યગુણા અનંત વાર સ્વર્ગ. અનંત કાળ પરિભ્રમણ કરતો ગયો, પ્રભુ ! તને ખબર નથી. તો એ સ્વર્ગમાં ગયો એ ક્યાં (સુધી ગયો) ? નવમી ગ્રૈવેયક ગયો. તો એણે શુભભાવ કર્યા નથી ? શુભભાવ વિના ત્યાં જાય ? આહા..હા..! પંચ મહાવ્રતના શુભભાવ અનંત વાર કર્યા. આહા...! એનાથી ભવ મળ્યો. પરિભ્રમણ કરતાં અનંતા એના ભવ કર્યા, એ શુભભાવથી કર્યા, પ્રભુ ! એ શુભભાવ પણ કોઈ ધર્મ નથી. આહા..હા..! એ લોકોને અત્યારે આકરું પડે છે. પણ એવા શુભભાવ તો ભગવંત તેં અનંતવાર કર્યા છે ને, પ્રભુ !

મુમુક્ષુ :– સાંભળવાનું ...

ઉત્તર :– આકરું કામ ભારે. અહીંની વિરુદ્ધની વાતું જ્યાં બીજા કહે ત્યાં જય.. જય... જય.. બસ આ માર્ગ, આ માર્ગ એમ કહે. આહા..હા..! અરે..! ભગવાન ! શું થાય ? ભાઈ ! પરિભ્રમણ કરતાં કરતાં અનંતા ભવ સ્વર્ગના કર્યા, એથી અનંત ગુણા ભવ તિર્યંચ નિગોદ આદિના કર્યા. લસણ અને ડુંગળી, લીમડો અને પીપળાના ભવ અનંતગુણા કર્યા. આહા..હા..! ભાઈ ! તને ખબર નથી. આદિ વિનાનો કાળ, જ્યાં આદિ છે એટલા કાળથી એ રખડી રહ્યો છે, એને તત્ત્વની ખબર નથી.

અહીં કહે છે કે એવો સાધુ થયો એને ભાવ પણ થયો કે હું આત્માનું કરું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પણ એ વિકલ્પ કર્યો. પણ આત્મા અનંત આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ ધ્રુવ સ્વભાવ આત્માનો છે, એની સન્મુખતા, એની સન્મુખ થઈને તત્ત્વ મંથન, રુચિ ન કરી, પ્રભુ ! આહા..હા..! આ લોકોને એમ કે એ શુભભાવ કરતાં કરતાં ભક્તિ, વ્રત, તપ, પૂજા બધું કરે છે. એનાથી (કલ્યાણ) માને નહિ એ એકાંતી છે. 'સોનગઢી' એકાંતી છે એમ કહે. પ્રભુ ! તું કહે ભાઈ ! આહા..હા..! લોકોને એવે રસ્તે ચડાવી દીધા છે ને પૂજા કરો, ભક્તિ કરો અને દાન કરો ને આ કરો ને વ્રત પાળો, અપવાસ કરો, બાપુ ! એ બધી ક્રિયાઓ ભાઈ ! શુભરાગ છે. એ તને ખબર નથી. આહા..હા..! એ રાગથી સંસાર નહિ મટે. એ પોતે સંસાર છે તેનાથી કેમ મટશે ? પ્રભુ ! આહા..હા..! રાગ પોતે સંસાર છે, એનાથી સંસાર પરિભ્રમણ કેમ મટે ? આહા..હા..!

એ અહીં (કહે છે), તત્ત્વરુચિ. જ્ઞાયક આનંદસ્વરૂપ પ્રભુ, એની રુચિ અને એનું મંથન કદી કર્યું નહિ. કહો, ભાઈ ! સાચું હશે આ ? આ બધું કર્યું, આપણે તો કરોડો રૂપિયા ભેગા કર્યા ને. આ કર્યું, ધૂળ કરી અને આ કર્યું ને... આહા..હા..! એથી તો સાધુ અનંત વાર થયો, ભાઈ ! તને ખબર નથી. પ્રભુ તો એમ કહે છે કે, નવમી ગ્રૈવેયક–ઊંચામાં ઊંચી મિથ્યાદૃષ્ટિ જાય એવી એક ગતિ છે. સમકિતી જાય છે પણ મિથ્યાદૃષ્ટિ (જાય છે). એમાં અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા એવો શાસ્ત્ર લેખ છે. અનંત પુદ્ગલ પરાવર્તન એટલે ? એક પુદ્ગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતા ભવ થાય. એવા એવા અનંત ગુણા, અનંત ગુણા નવમી ગ્રૈવેયક (ગયો). ભાઈ ! એ શુભભાવ, એનાથી સ્વર્ગ મળ્યું, પણ તત્ત્વ દૃષ્ટિ નહિ. આત્મજ્ઞાન નહિ એટલે પરિભ્રમણ (થયું). 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો' હેઠે. આહા..હા..! જ્ઞાન સ્વભાવ ભગવાન પ્રજ્ઞા બ્રહ્મ આત્મા. એ પ્રજ્ઞા સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ તેના તત્ત્વની રુચિ કરી નહિ. એને એ આત્મા પોસાણમાં આવ્યો નહિ, પોસાણો નહિ. પુણ્યના પરિણામ એને પોસાણા. આહા..હા..!

**'તત્ત્વરુચિ અને તત્ત્વમંથન કર્યું નહિ. પોસાણમાં તો એક આત્મા જ પોષાય...'** આહા..હા..! વેપારીને માલ પોસાય એ ત્રણ રૂપિયે મણ મળતું હોય અને સાડા ત્રણે ખપતો હોય તો માલ પોસાય. પણ ત્રણ રૂપિયે મળતું હોય અને અઢીએ વેચાય એ પોસાણ કહેવાય ? આહા..હા..! એમ આ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ આત્મા, એનું પોષાણ એને ન થયું. આહા..હા..! જે પોસાણ કરવાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વસ્તુ છે તેનું પોષાણ ન થયું, રાગનું પોષાણ થયું. આહા..હા..! ક્રિયાના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ રાગ પોસાણમાં આવ્યો. આહા..હા..!

**'એક આત્મા જ પોષાય એવું જીવન કરી નાખવું જોઈએ.'** આહા..હા..! જીવનમાં પુણ્યના ભાવ, પાપના ભાવ આવે, હોય પણ એ પોષાય નહિ, એ ભલા ન લાગે. આવી વાતું હોય ! આહા..હા..! એક ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન (પોષાય). નવ તત્ત્વમાં એક આત્મા, એ પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન સચ્ચિદાનંદ પ્રભુ, જીવનમાં એક એનું જ પોસાણ કરવું જોઈએ. આહા..હા..! એ સિવાય પુણ્ય-પાપના ભાવ આવે, પણ ખટક લાગે, આ દુઃખ છે પણ મારાથી સહન થતું નથી. એટલે અંદરમાં આ ભાવ આવે. પણ પોસાણ તો આત્માનું એકનું હોવું જોઈએ. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે. નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય. 'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. 'જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે' એમ તેમાં આવી ગયું. ૩૦૧.**

૩૦૧ **'જીવ...'** ભગવાન આત્મા જ્ઞાનાનંદ અને રાગ, એની **'એકતામાં ગૂંચવાઈ ગયો છે.'** અંદર આંટી-ગાંઠ પડી ગઈ છે. સૂતરની ગાંઠ પડે ને ગાંઠ ? આહા..હા..! એનું ઉકેલવું ધીરજથી થઈ શકે. અહીંયા પહેલાં અમારે વાણિયામાં રિવાજ હતો. વાણિયામાં રિવાજ હતો. લગન કરે, તો એક સૂતરનો ફાળકો ગૂંચવાયેલો કરે. તમારે હશે કે નહિ એ ખબર નહિ. પણ અમારે છે. કરી ગૂંચવી ને પછી વરને આપે. દુલ્હો હોય એને. એમ કહે કે, આવું લગનના હોંશમાં આવ્યો છે તો આ ગૂંચવણ કાઢવાની એનામાં ધીરજ છે કે નહિ ? એવું હતું અત્યારે તો હવે બધું...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અત્યારે તો ચાર વાગે લગન અને સાડા ચારે જાન ઘરે વઈ જાય. પહેલા તો નવ નવ ટંક. સાત ટંક તો હતા જ. પણ એમાં કોઈ પાછો છેલ્લે કરે, શું કહેવાય ? હરખજમણ. તો નવ ટંક કરતાં. અમારે 'ઉમરાળા'ની બધી વાત છે અરે..! અમારે ત્યાં શ્રીમાળી બ્રાહ્મણ છે, શ્રીમાળી બ્રાહ્મણ. આહા..હા..! શ્રીમાળી બ્રાહ્મણ હોય ને એ લગનનો એક એક મહિનો રહે એવું હતું. એવી નિવૃત્તિ. એક દિ' આ માંડવાવાળો જમાડે, એક દિ' લગન કરવાવાળો જમાડે. એમ મહિનો રહે. અત્યારે તો ચાર વાગે લગન ને સાંજે થઈ રહ્યું, લ્યો ! જાવ. ફૂરસદ ક્યાં છે ? ભાઈ ! આહા..હા..!

અહીં કહે છે, પ્રભુ ! જીવ, રાગ અને જ્ઞાનની એકતામાં, પ્રભુ તો પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે, આત્મા તો જાણક સ્વભાવ પ્રભુ છે. એ જ્ઞાન સ્વરૂપી અને રાગ બેની એકતામાં ગૂંચવાઈ ગયો છે. આહા..! જૈન દિગંબર સાધુ અનંત વાર થયો. તો પણ તે જ્ઞાન અને રાગમાં ગૂંચવાઈ ગયો છે. આહા..હા..! એટલે ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞા બ્રહ્મ, એમાં એ રાગનો જે વિકલ્પ છે, એ એને એકપણે માનીને ગૂંચાઈ ગયો છે. એ બે એક નથી. આહા..હા..! બેની વચ્ચે સાંધ છે, તડ છે. અરે..! આ ક્યાં હવે એને બિચારાને, આ જગતની હોળી સળગીને પડ્યો છે. આહા..હા..! એને આ કે દિ' ફુરસદ છે કે આ શું છે આ ? આહા..હા..! અહીં તો ત્રિલોકનાથ સર્વજ્ઞે કહ્યું છે, એ બેનની વાણીમાં અનુભવમાંથી આવ્યું છે આ તો. સમજાણું કાંઈ ? એની મશ્કરીઓ કરે. અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ !

જીવ એટલે આત્મા, જીવ અને આત્મા જુદો નહિ, જીવ કહો કે આત્મા કહો. આત્મા રાગ અને જ્ઞાન એટલે આત્મા, જ્ઞાનસ્વરૂપ. એની એકતામાં ગૂંચવાઈ ગયો છે. આહા..હા..! એ અનાદિથી એની એકતામાં પડ્યો છે. આહા..હા..! **'નિજ અસ્તિત્વને પકડે...'** વસ્તુ છે ભગવાન સિદ્ધ, નિજ પોતાનું અસ્તિત્વ, મોજૂદગી, હયાતી એવો ભગવાન આત્મા, એવા **'અસ્તિત્વને જો પકડે તો તો ગૂંચવણ નીકળી જાય.'** આહા..હા..! આવી વાત છે. સાધારણ માણસને બિચારાને સાંભળવા પણ મળતું નથી. અરે..! રખડીને મરી ગયો છે અનંત કાળ. અને દેહ છૂટશે એટલે જાશે પાછો ક્યાંક રખડવા. અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા કાળે, આહા..હા..! ભાઈ !

કહે છે રાગ, વિભાવ અને સ્વભાવ, સ્વભાવ ચૈતન્ય કાયમી અને રાગ વિભાવ કૃત્રિમ ક્ષણિક. બેની એકતામાં ગૂંચવાઈ ગયો એ. આહા..હા..! એ રાગથી ભિન્ન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મારી ચીજ છે એમ પકડવાને નવરો ન થયો. કરવાનું આ છે, બાકી બધું ઠીક છે. આહા..હા..! **'નિજ અસ્તિત્વને પકડે...'** વિકાર રાગ છે એ તો ક્ષણિક વિકૃત દશા, દુઃખરૂપ (છે) અને નિજ અસ્તિત્વ છે એ તો આનંદરૂપ, જ્ઞાનરૂપ (છે). જ્ઞાન અને આનંદરૂપ નિજ પોતાનું હોવાપણું છે, એને જો પકડે તો રાગની એકતાની ગૂંચવણ ટૂટી જાય, આ વાત છે. તો એનો ભવનો અંત આવે, નહિતર ક્રિયાકાંડ કરીને મરી જાય. આહા..હા..! ક્લેશ કરો તો કરો પણ એમાં આત્મા હાથ નહિ આવે. નિર્જરા અધિકારમાં એમ આવે છે ને ? આહા..હા..! અરે..રે..! પ્રભુ ! એ વાતને અત્યારે એકાંત કરીને મશ્કરી કરે છે. પ્રભુ ! શું કરે ? ભાઈ ! આહા..હા..!

રાગ આવે. જ્ઞાનીને પણ રાગ તો આવે, પાપનો રાગ આવે, પણ તેમાં પ્રીતિ અને સુખબુદ્ધિ નથી. આહા..હા..! તેમાં સુખ નથી અને એમાં સુખ નથી માટે સુખબુદ્ધિ નથી. સુખ તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ ! એમાં સુખ આનંદ છે, એવી દૃષ્ટિ થવી એને રાગની એકતાની ગૂંચવણ ટૂટી જાય છે. પવન નીકળ્યો છે. વાવાઝોડું (છે). આહા..હા..! શું કરવું કહે છે એમાં ?

**'હું જ્ઞાયક છું...'** જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... ભગવાન, તે હું છું. એ પોતાની હયાતીનું સ્વરૂપ છે. સ્વયં પ્રભુ સત્ કાયમ રહેનાર જ્ઞાનાનંદ, જ્ઞાન અને આનંદ, તે હું છું. આહા..હા..! હવે આવી વાત ! ઓલું તો પૂજા કરો, ભક્તિ કરો, દાન કરો. પેલાએ આઠ લાખ ખર્ચ્યા, બાર લાખ (ખર્ચ્યા). આ એમના ભાઈએ અઢી લાખ આપ્યા. ભાઈએ ને બધા ભેગા થઈને, હોં ! લખ્યું છે ને ? ભાઈ અને બધા પરિવાર. પચાસ હજારનો પ્લોટ બનાવવો છે ને ? દસ દસ હજારનો એક પાંચ હજાર લેવા ને દસ હજારનો આપવો, ત્રણ મહિના વાપરવા. હવે એમાં કાંઈ ધર્મ છે ? એ અઢી લાખ આપ્યા એમાં કાંઈ ધર્મ છે ?

મુમુક્ષુ :- પૈસા આપે કોણ ને લે કોણ ?

ઉત્તર :- પૈસા જડ છે, એ હું આપુ છું, મારા છે, એ માન્યતા જ ભ્રમ છે, જડ ને આત્માના ? આહા..હા..! અને હું ખર્ચુ છું, આપુ છું. કોને ? બાપા ! કોણ આપે ? ભાઈ ! જડની દશા તું આપી શકે ? એમાં કદાચ રાગ મંદ કર્યો હોય તો શુભભાવ છે, પુણ્ય છે, બંધનનું કારણ છે, શુભભાવ એ સંસાર છે. આકરી વાતું. આહા..હા..! એવા તો અબજો રૂપિયાના દાન અનંત વાર કર્યા. એથી શું થયું ? એથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



શું ? આવ્યું ને ૧૪૩-૧૪૨ (ગાથા, સમયસાર). હું એક પૂર્ણાનંદનો નાથ અબદ્ધસ્પૃષ્ટ મુક્ત છું, એવો જે વિકલ્પ ઉઠે એથી શું ? એ રાગ છે. આહા..હા..! હું એક જ્ઞાયક છું, ચૈતન્ય છું, પરમ બ્રહ્મસ્વરૂપ છું, શુદ્ધ આનંદકંદ છું, અભેદ છું, એવો એક વિકલ્પ નામ રાગ વૃત્તિ ઉઠે, એ પણ બંધનું કારણ છે. આહા..હા..!

**''હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ.'** ચૈતન્ય સ્વભાવ વસ્તુ, એ જ્ઞાયક એકલો જ્ઞાન સ્વભાવ છે, એવું અંતરમાં ખ્યાલમાં આવવું જોઈએ. આહા..હા..! છે ? બહુ ટૂંકા શબ્દમાં ઘણું ભર્યું છે. **'જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે...'** જાણક સ્વભાવ, જ્ઞાયકભાવ એ સિવાયના જેટલા પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે, શરીર, વાણી, મન, કુટુંબ, કબીલા એ બધું પર છે. એ આત્માનું નથી અને આત્મામાં નથી. આહા..હા..! અહીં તો મારો દીકરો અને મારા છોકરાની વહુ, એ આમ લાવી. તેરમાંથી પાંચ લાખ લઈ આવી. દાગીના એટલો લાવી અને, ઓહો..હો..! આ શું છે ? પ્રભુ ! એ જડ છે, પર છે. શરીર પર છે, લક્ષ્મી જડ છે, એનો આત્મા તારાથી પર છે. આહા..હા..!

જ્ઞાયક સ્વરૂપ ચૈતન્યજ્યોત, જાણક સ્વભાવરૂપી ચંદ્ર, એ તે હું. બાકી બધા દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે, એ પણ રાગ અને પર છે. એ મારું નહિ, મારું નહિ. આવું ! આ વાંધા ઊઠે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, અપવાસ કરવા, આંબેલ કરવી, વર્ષીતપ કરવા, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, છ પરબી કંદમૂળ ન ખાવા, રાતે જમવું નહિ. ભાઈ ! એ તો બધી વાતું શુભ રાગની ક્રિયાની છે, ભાઈ ! એ કાંઈ આત્માની ચીજ નથી. આહા..હા..!

આત્મા **''જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે' એમ તેમાં આવી ગયું.'** આહા..હા..! એ વ્રત ને તપ ને ભક્તિનો જે ભાવ, એ હું જ્ઞાયક છું એનાથી આ બધું પર છે. આવું છે. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ત્યારે તેને ભવના અંત આવે, નહિતર ભવના અંત નહિ આવે, પ્રભુ ! આહા..હા..! ગાજે છે, નહિ ? એકદમ ઘણી ગરમી હતી. આહા..હા..! આ વરસાદ સાચો છે. આહા..હા..! ક્યાં ગયા ભાઈ ? ભાઈ આવ્યા છે ને ? નથી આવ્યા ?

મુમુક્ષુ :– બહાર ગયા 'ભાઈ'ની સાથે.

પૂજ્ય ગુરુજી :– એમ ઠીક. એ તો એમની છોકરીએ માગ્યું હતું કે, ભાઈ ! કે અમને 'અમૃતધારા' આપો અમારે સગા-વહાલામાં વહેંચવી છે. છોકરો એનો. એણે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



માગી હતી. આપી હતી ? આપી હતી. પંદર-વીસ હશે એ ખબર નથી. એમાંથી લઈ લે કીધું જા. એમ છોકરાને વહેંચે. આમ દુકાન-ધંધો છોડી દીધો છે, પાંચ લાખ રૂપિયા ભાઈઓએ આપ્યા. દુકાનનો ધંધો છોડી દીધો. પાંચ લાખ લઈને હવે બેસે, એમાં મહિને પાંચ હજાર રૂપિયા વ્યાજ આવે. એ પણ આવી રીતે કોઈ શાસ્ત્રમાં વહેંચવામાં, કોઈ છોકરાઓને દેવામાં કાંઈક. પાંચ હજાર મા-બાપને ભાડાના એક હજાર, એમ પાંચ હજાર ખર્ચી નાખે. એમ ભાઈ સાથે ગયા છે એમને ? સાથે હતા ખરા. ભાઈની સાથે આવ્યા હતા ખરા. નથી આવ્યો ? એ નહિ આવ્યો હોય. એનો છોકરો. આહા..હા..!

બેનનું 'અમૃતધારા' પુસ્તક છે ને ? એ એણે માગ્યું કે મારે સગા-વહાલામાં આપવું છે. લઈ જાવને ભાઈ, કીધું. હંમેશા એ પચ્ચીસ, ત્રીસ રૂપિયાનું, ચાલીસ રૂપિયાનું છોકરાને માટે વહેંચવા લાવે છે. દરરોજ આ ત્રણ-ચાર દિ'થી, કાલ, પરમ દિ', કાલ લાવ્યા હતા, આજે લાવ્યા. હજી રવિવાર છે. હવે કાલ તો આ છે કે નહિ. આહા..હા..! એ ૩૦૧.

ધર્મી એને કહીએ કે જેને એક જ્ઞાયકભાવ જ રુચે. એને પુણ્ય અને પાપના ભાવ પણ રુચે નહિ. આવે, હોય, (પણ) રુચે નહિ. હવે આ વસ્તુ આવી ! આવી સાંભળવા મળે નહિ એ માને ક્યારે ? શું થાય ? આહા..!

**જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી; તે સંસારથી ભયભીત છે. તે મોક્ષના માર્ગે ચાલે છે, સંસારને પીઠ દીધી છે. સ્વભાવમાં સુભટ છે, અંદરથી નિર્ભય છે, કોઈથી ડરતા નથી. કોઈ ઉપસર્ગનો ભય નથી. મારામાં કોઈનો પ્રવેશ નથી એમ નિર્ભય છે. વિભાવને તો કાળા નાગની જેમ છોડી દીધો છે. ૩૦૨.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી;...'**

મુમુક્ષુ :– સંસાર એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એ કહેવાય છે ને. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એ સિવાય જ્ઞાનીને રાગ, પુણ્ય, પાપ પરિણામ, તેના ફળ તરીકે આ સામગ્રી, એ કોઈ પણ એને જોઈતું નથી. આહા..હા..! સમકિતી જ્ઞાનીને, ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી (હોય), પણ અંદરમાં એ કોઈ જોતી નથી. મારી ચીજ નથી. આહા..હા..! છતાં પાછા છન્નું હજાર સ્ત્રી, બાપુ ! એ તો બાહ્ય હોય, રાગ છે, સંયોગ હોય. પણ એને રુચતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવી વાતું છે.

**'જ્ઞાનીને...'** એટલે ધર્મીને. ધર્મીને એટલે ? આત્મા જ્ઞાયક સ્વરૂપ છે તેના શ્રદ્ધા અને જ્ઞાનના પરિણમનવાળાને. આહા..હા..! **'કાંઈ જોઈતું નથી;...'** રાગના શુભ વિકલ્પથી માંડીને બધી ચીજ (કાંઈ જોઈતું નથી). આહા..હા..! છતાં છ ખંડનું રાજ સાધવા ચક્રવર્તી તીર્થંકર જાય. પણ એના અંદરમાં રુચિમાં એ જોતું નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– રુચિમાં રાગ છે ને ? રાગ છે. પણ એને રુચિમાં નથી. આહા..! એ તો અખંડ દ્રવ્યને સાધે છે, એમ લખ્યું ભાઈએ. 'નિહાલભાઈ'એ. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે. ભાઈ વાંચ્યું ? કે નથી વાંચ્યું ? કોણ જાણે. ભાઈ વાંચતા હતા. 'સોગાની ન્યાલભાઈ' છે ને ? આહા..હા..!

**'તે સંસારથી ભયભીત છે.'** ધર્મીને રાગ અને પરવસ્તુ જોઈતી નથી, એનાથી તો ભયભીત છે. આહા..હા..! પરિભ્રમણથી ભયભીત છે. અરે..રે..! ચાર ગતિના અવતાર, એનાથી ડરે છે. ધર્મી ચાર ગતિના અવતાર, એનાથી ડરે છે. મને ભવ ન હો.

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિને ભય હોય નહિ.

ઉત્તર :– ભય હોય નહિ પણ આ પરનો ભય હોય નહિ. અંદર નિર્ભય છે એ તો નિઃશંકપણે સ્વરૂપની અપેક્ષાની વાત છે. પણ એ તો આ 'યોગસાર'માં નથી આવ્યું ? ભવભયથી ડરી ચિત્ત. બે વાર આવ્યું છે. આ પરિભ્રમણ કરવાના ભાવથી ડરે છે. આહા..! દેહ છૂટીને કેવો અવતાર આવશે ? એ વંટોળીયો ઉડ્યો વંટોળીયો, વંટોળીયો કહે ને ? બબુલા. એમાં તણખલું ફરે એ ઉડીને ક્યાં જશે ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એમ જેને રાગની એકતાનો મિથ્યાત્વભાવ (ઉભો છે)... આહા..હા..! એ મિથ્યાત્વભાવમાં ઉડેલો, ગયેલો ક્યાં જઈને પડશે ? ભાઈ ! આહા..હા..! સમજાય છે કાંઈ ? અહીં તો વાત આવી છે. લોકો રાજી થાય અને રંજન થાય અને એવી આ વાત નથી અહીં. આહા..હા..! લોકો આમ ખુશી થાય. આમ થશે અને તમે આમ કરો તો તમને પૈસા મળશે. ભક્તામ્બર ગણો ખૂબ, તો પૈસા મળશે, તમને દીકરા ન હોય તો દીકરા મળશે. અને તમે વ્રત, તપને કરો તો તમને મોક્ષ મળશે. એમાં રાજી થાય. અરે..! શું કરે છે ? ભાઈ ! આહા..!

**'જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી; તે સંસારથી ભયભીત છે.'** રાગના ભાવથી પરિભ્રમણ થશે એનાથી ભયભીત છે. **'તે મોક્ષના માર્ગે ચાલે છે,...'** જ્ઞાનસ્વભાવ ભગવાન એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં ચાલે છે. ભલે થોડી અંશે રમણતા હોય. આહા..હા..! એ જ્ઞાનસ્વભાવ ભગવાન એની રુચિ અને સ્થિરતામાં એ ચાલે છે, એ મોક્ષમાર્ગ છે. **'સંસારને પીઠ દીધી છે.'** રાગના, પુણ્યના ભાવથી માંડી આખો સંસાર, એને પીઠ દીધી છે. આહા..! એનાથી જેની દૃષ્ટિ ફરી ગઈ છે. આહા..હા..! પીઠ દીધી છે. વાંહો દેને જેમ ? એમ. આહા..હા..! **'સંસારને પીઠ દીધી છે.'** તમારે હિન્દીમાં પીઠને શું કહે છે ? પીઠ હિન્દી ?

મુમુક્ષુ :- સંસારકો પીઠી દીખા દે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા એ. આત્માની સન્મુખ થઈ ગયો છે અને આનાથી વિમુખ થઈ ગયો છે. આહા..હા..! કહો, ભાઈ ! આ તમારે પંદર લાખનું મંદિર કરાવો એમાં પણ ધર્મ નથી, એમ કહે છે. ન્યાં વાંચન ચાલે છે 'નાઈરોબી', 'નાઈરોબી' રહે છે. 'આફ્રિકા'માં આ લોકોએ હમણાં જેઠ સુદ ૧૧નું ખાતમુર્હૂત કર્યું ને ? પંદર લાખનું મંદિર કરવું છે. દિગંબર મંદિર, પંદર લાખ, 'નાઈરોબી'. બે હજાર વર્ષમાં થયું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્યાં તો દેશમાં તો અનંત વાર થાય. ત્યાં દેશ છે ને એ ? અને આની કોરનો દેશ છે ને ? ઓલા .... આનીકોર, એમાં તો થાય, આ તો અત્યારે... આહા..હા..! ન્યાં પંદર લાખમાં જેઠ સુદ ૧૧. ભીમ અગિયારસે આ લોકોએ મુહૂર્ત કર્યું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :- ધર્મ થાય ને ?

ઉત્તર :- ધર્મની વાત (નહિ). એ માટે તો (આ વાત) થાય છે અહીંયા. એ ભાવ શુભ છે અને ભગવાનના દર્શન કરવા એ પણ શુભભાવ છે.

મુમુક્ષુ :- પણ કરવા ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવે ખરો. પણ એ રુચે નહિ, પોષાય નહિ. છતાં આવ્યા વિના રહે નહિ. આહા..! આવી વાતું ! સમકિતી જ્ઞાનીને પણ અંતરમાં ઠરી શકે નહિ એટલે શુભભાવ અશુભથી બચવા આવે. આવે પણ છતાં એ ધર્મ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? અશુભભાવ આવે એ પણ તો અધર્મ છે. આહા..હા..! શુભભાવ થોડો અધર્મ, આ વિષે અધર્મ. આહા..હા..!

**'સ્વભાવમાં સુભટ છે,...'** ધર્મી તો સ્વભાવ માટે પરાક્રમી છે. ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ ! એમાં અંદરમાં જવામાં દૃષ્ટિ છે એ પરાક્રમી છે. આહા..હા..! બહુ સાદી ભાષા અને અંતરની વસ્તુ છે. આમ છે, ભાઈ ! **'સ્વભાવમાં સુભટ છે, અંદરથી નિર્ભય છે,...'** છે ને ? (પહેલા) ભયભીત કીધો. પણ અંદરથી વસ્તુમાં તો નિર્ભય છે. આહા..હા..! નિઃશંક અને નિર્ભય છે. આહા..હા..! મારો પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન, એમાં નિઃશંક છે અને એથી તે નિર્ભય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું હવે. આ તો કઈ જાતનો આ ઉપદેશ છે ? આહા..! માર્ગનો આ માર્ગ ઉપદેશ છે, બાપા ! આહા..હા..!

કહે છે કે પ્રભુ ! ધર્મી એને કહીએ કે, જેને આત્મા આનંદકંદ જ્ઞાયક સ્વરૂપ રુચે છે, એને પુણ્ય અને પાપના ભાવ પણ રુચતા નથી. તો એના ફળ તરીકે આ ધૂળ મળી, લક્ષ્મી મળે, બે, પાંચ કરોડ, એ ધર્મીને રુચતી નથી. અને રુચે તેને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની કહીએ. આહા..હા..!

મુમુક્ષુ :- પણ રુચિને .. ક્યા નાખી દેવી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- નાખી કોણ દે ? રાખે કોણ ? એ તો એને કાળે આવે ને એને કાળે રહે અને એને કાળે જાય. એમાં આત્મા એને રાખે અને આત્મા એને મેળવે અને આત્મા એને વાપરે એ વાત હરામ છે. અજ્ઞાનીને આ વાત જ ક્યાં.... અનાદિ કાળથી મૂઢ જીવો એમ ને એમ સંસારના પરિભ્રમણમાં પડ્યા છે. રખડતા રામ. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અહીં તો કહે છે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપી નિત્યાનંદ પ્રભુ અવિનાશી પ્રભુ છે. એનું એને જ્ઞાનીને, ધર્મીને ભાન હોય છે. તેથી ધર્મી તેમાં સુભટ છે. એનું રક્ષણ, એની દૃષ્ટિ અને એમાં સ્થિર થવું તેમાં એ સુભટ છે. આહા..હા..! બહારનું રક્ષણ કરવું કે આ બાયડી, છોકરા, કુટુંબ ધૂળનું રક્ષણ એ ત્રણ કાળ, ત્રણ લોકમાં આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ ? આવી વાતું હવે ! આખો દિ' રળવું, કારખાના ચલવવા... એય...! ભાઈ ! આ કરોડપતિને કારખાના મોટા છે. આ પણ અમારે મોટા છે ને બધા. એને બધા જુદી જુદી જાતના ધંધા. ભાઈ ! આ તો દાખલા છે. પણ એ ધંધા આદિની ક્રિયાઓ સમકિતીને રુચતી નથી, કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :– ચક્રવર્તી છ ખંડનું રાજ ચલાવે છે.

ઉત્તર :– છ ખંડનું રાજ ચલાવતો નથી, જાણે છે કે એ મારું નથી. છતાં એમાં પડ્યો દેખાય, એ દુનિયા ન જોઈ શકે. આહા..હા..! જુવાન માતા ચાલીસ વર્ષની હોય અને વીસ વર્ષનો જુવાન બાળક હોય, એવું શરીરનું રોગાદિ હોય ને ખોળામાં બેસે... આહા..હા..! છતાં એ બાળક એમ માનતો નથી કે, આ હું કો'ક બાયડીના ખોળામાં બેઠો છું, મારી માતા છે. આહા..હા..! મારી જનેતા છે. વીસ વર્ષનો જુવાન... અમારે ભાઈને રાખતા ખોળામાં બેસાડતા ભાઈ. ત્યાં ભાઈના મકાનમાં આવતા ને. પછી મોટા થયા એ. પણ વાત એ જાણે કે આ તો મારા પિતા છે. હું એને ખોળે બેઠો છું. એને એમ નથી થાતું દુઃખ મને લાગે છે.

એમ ભગવાન આત્મા. આહા..હા..! ચૈતન્યને ખોળે બેઠો અંદરમાં, એને કોઈ ચીજ મારી છે એમ એ માનતો નથી. આહા..હા..! સમકિતી 'વાસુદેવ' બળદેવને તો મોટા સ્ફટિકના, સ્ફટિકના મહેલ હોય. સ્ફટિકના મહેલ. 'રામચંદ્રજી' આત્મજ્ઞાની ધર્માત્માને મહેલ (હોય). એ નહિ, એ મારા નહિ. આહા..હા..! મારું છે તે મારામાં છે. મારાથી જુદું તે મારું નહિ. આહા..હા..!

**'અંદરથી નિર્ભય છે, કોઈથી ડરતા નથી.'** પ્રતિકૂળના ગંજ આવે તો ધર્મી પોતાના સ્વભાવમાં શુદ્ધ ચૈતન્યની નિઃશંકતામાં પડ્યો છે, એને કોઈનો ડર નથી કે આટલી નિંદા થશે, આટલું આ થશે. એને ઘરે રહી. આહા..હા..! **'કોઈથી ડરતા નથી. કોઈ ઉપસર્ગનો ભય નથી.'** આવો કોઈ અકસ્માત, ઉપસર્ગ આવે, પ્રતિકૂળતા આવે, કોઈ ઝેર આપી દે, કોઈ સિંહ આવી જાય, વાઘ આવી જાય, કોઈ સર્પ આમ જંગલમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



બેઠા હોય અને સર્પ આવીને કરડે, એવો ભય નથી. આહા..હા..! **'કોઈથી ડરતા નથી, કોઈ ઉપસર્ગનો ભય નથી.'** આહા..હા..! **'મારામાં કોઈનો પ્રવેશ નથી...'** કેમ (ભય) નથી ? કે, મારામાં કોઈનો પ્રવેશ નથી. જેટલી ચીજ બહાર છે એ ગમે તે હો, શરીરની અવસ્થા પણ સડેલી થઈ જાય. આહા..! 'સનતકુમાર' ચક્રવર્તી દીક્ષિત થયા. કોઢ (થયો). આંગળા સડ્યા. મારામાં કાંઈ નથી. મારામાં એનું સડવું પ્રવેશ નથી, તેમ હું એનામાં પ્રવેશ નથી કરતો. આહા..હા..! **'મારામાં કોઈનો પ્રવેશ નથી–એમ નિર્ભય છે.'** આહા..હા..!

**'વિભાવને તો કાળા નાગની જેમ છોડી દીધો છે.'** આહા..હા..! પહેલા આવી ગયું છે. પાને સાતમે, સાતમે પાને. આહા..હા..! ધર્મી એને કહીએ, ભાઈ ! તને હજી ધર્મ શું છે... આહા..હા..! જ્ઞાનાનંદ પ્રભુ ! જેને અંતરમાં પરિણમન, રુચિ અને આશ્રય લીધો, એને જગતના કોઈ પદાર્થનો ભય નથી. અને એને વિભાવ જે આવે છે, આવે... આહા..હા..!

આજે તો એ જોયું, ભાઈ ! 'શ્રીમદ્'માં આવે છે ને ? 'શ્રીમદ્'માં આવે છે. હે કામ ! હે માન ! હે ઉતાવળ ! હવે બંધ થાવ. એમાં પાછળ આવે છે. આહા..! હે સંગ ઉદય ! આ સંગોનો ઉદય બન્યો સંબંધ, હે શિથિલતા ! આહા..હા..! હવે તમે બંધ થાવ. પાછળ હાથનોંધ છે ને ? એમાં આવે છે. જ્ઞાની છે, સમકિતી છે, હજારો, લાખોના ઝવેરાતના ધંધા છે પણ અંદરમાં રાગ દેખીને એમ થાય (છે), અરે..રે..! આ ! હે કામ ! હે માન ! હે ઉતાવળ ! હે સંગ-ઉદય ! હવે બંધ થા. આહા..હા..! છે એમાં. કાઢ્યું હતું હમણાં. જુઓ ! આપણા ભાઈએ મોટા પુસ્તકમાંથી જોવા કાઢ્યું હતું. આહા..હા..!

**'વિભાવને તો કાળા નાગની જેમ છોડી દીધો છે.'** આહા..! દૃષ્ટિમાંથી છોડ્યો છે, હોં ! અસ્થિરતા છે. આહા..હા..! પણ દૃષ્ટિમાંથી તો છોડી દીધો છે, એ વિભાવ હું નહિ. એ તો નુકસાનકર્તા છે. મારી શાંતિને, મારી આનંદધારાને, એ વિભાવ રાગ ચાહે તો શુભ હો (નુકસાનકર્તા છે). આહા..હા..! એ કાળા નાગની જેમ, કાળો નાગ દેખે ને જેમ ભય પામે, એમ રાગથી ભય પામે છે. આ નહિ, આ નહિ, આહા..હા..! છતાં છૂટતો ન જાણીને આવે છે, જોડાય છે. આહા..હા..! આવું સ્વરૂપ હોય છે. **'વિભાવને તો...'** ત્યારે આ લોકો કહે છે કે વિભાવ છે એ સ્વભાવનું સાધન છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અરે..! પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! આહા..! પરંપરા અમારો માર્ગ આ છે એને આ લોકોએ તોડી નાખ્યો, એમ કહે છે. આહા..હા..!

ભાઈ ! પરંપરા અનાદિનો માર્ગ તો રાગને એકત્વ કરીને માન્યું છે એ તારો પરંપરા માર્ગ છે. અને ધર્મનો પરંપરા માર્ગ તો રાગથી ભિન્ન પડીને સ્વભાવમાં આવવું એ પરંપરા માર્ગ છે. એ વિભાવથી ધર્મ ને આત્માને લાભ થાય... આહા..હા..! એ પરંપરા જૈન ધર્મ વીતરાગ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ દેવનો એ માર્ગ નથી. આહા..હા..!

**'વિભાવને તો...'** છે ને પહેલું ? સાતમાં પાને આવી ગયું. સાત છે, જુઓ ! પહેલી લીટી ૧૯ **'જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે.'** આહા..હા..! હવે અહીં આ તો લોકો એ કહે છે કે, શુભરાગ છે તે ધર્મનું કારણ છે. અરે..! પ્રભુ ! ભાઈ ! તને દૃષ્ટિની ખબર નથી. આહા..! તને તારી દયાની ખબર નથી, ભાઈ ! આહા..! (રાગ) હો, પણ એ ઝેર છે, એ શુભરાગ ભક્તિ, સ્મરણ આદિ પરમેશ્વરનું સ્મરણ એ બધો શુભરાગ છે, વૃત્તિનું ઉત્થાન છે, એ રાગ ઝેર છે, એ કાળો નાગ છે. આહા..હા..! છે ને ? આવી ગયું ને એ ? એમાં લખ્યું છે એમ આવ્યું. **'હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે,...'** આસક્તિ છે. **'રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો...'** રાગ છે છતાં **'અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.'** છે ને ? **'જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.'** છે ને ૧૯મું ? એ ૩૦૨ (બોલ પૂરો થયો).

---

**સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે. દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે. તે બહાર ઊભેલો દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે. ૩૦૩.**

---

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૩૦૩, **'સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે,...'** આહા..હા..! વસ્તુ ભગવાન અખંડાનંદ નિત્યાનંદ પ્રભુ ! એની પલટતી પર્યાયનો પણ જેને આશ્રય નથી. સમ્યગ્દૃષ્ટિ એટલે ધર્મી જીવની શરૂઆતવાળાને પણ, ધર્મની પહેલી સીઢીનું પહેલું પગથીયું. આહા..હા..! એવા સમ્યગ્દૃષ્ટિને પણ **'અખંડ તત્ત્વનો આશ્રય છે.'** પૂર્ણ વસ્તુ જે અખંડ છે, એનો આશ્રય છે. નિમિત્તનો નહિ, રાગનો નહિ, પર્યાયનો નહિ. આહા..હા..! આવું છે.

**'અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય...'** વસ્તુ જે છે દ્રવ્ય સ્વભાવ વસ્તુ, એની દૃષ્ટિ, એનો આશ્રય, અને જો આશ્રય છૂટી જાય... આહા..હા..! **'તો સાધકપણું જ ન રહે.'** ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ધ્રુવભાવ નિત્યાનંદ પ્રભુ, એનો આશ્રય છૂટી જાય તો પર્યાયનો આશ્રય થાય અને સાધકપણું છૂટી જાય. આહા..હા..! વસ્તુ અખંડ વસ્તુ છે, સામાન્ય ચૈતન્ય ધ્રુવ નિત્ય પ્રભુ, એનો આશ્રય જો છૂટી જાય તો પરનો આશ્રય થાય ત્યાં એ સાધકપણું રહેતું નથી. આહા..હા..! આવું ! છતાં એને ભક્તિ, વ્રત, તપના ભાવ આવે. સમજાણું કાંઈ ? પણ દૃષ્ટિ સ્વભાવના સાધક ઉપર પડી છે, એ એને નુકસાન નહિ કરે. આહા..હા..! સાધકપણું નહિ ટળી શકે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે. દૃષ્ટિ તો અંદર છે.'** લાખ કરોડ ગમે તે પ્રકારના વિકલ્પ આવો, છતાં દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. આહા..હા..! ધ્રુવ નિત્ય પ્રભુ એના ઉપર દૃષ્ટિ છે. ચારિત્રમાં અપૂર્ણતા છે, સ્થિરતામાં અધૂરાશ છે. આહા..હા..! જ્ઞાનીને રાગ આવે છે, અશુભરાગ પણ હોય છે. છૂટે નહિ તો શુભરાગ પણ આવી જાય છે. એમાંથી ખસતો ન હોય... આહા..હા..! અને એના ને એના વિકલ્પ રહ્યા કરતાં હોય તો એ છોડી શકતો નથી. આહા..હા..! **'દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે.'** ધર્મી જીવને–સાધક જીવને, અંતર વસ્તુ ભગવાન પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં ચારિત્રની અપૂર્ણતા છે. અંશે સ્થિર થયો એટલું ચારિત્ર છે. આહા..હા..!

**'તે બહાર ઊભેલો દેખાય...'** આહા..હા..! રાગ આવે અને એના વર્તનમાં પણ દેખાય, પણ દૃષ્ટિ તો સ્વમાં છે. આહા..હા..! આવી વાતું હવે. આ ક્યાં... સાંભળવી કઠણ પડે, મળે નહિ આ. આહા..હા..! એનો ઓલો અભ્યાસ છે ને બીજો ? અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



બીજાથી રાજી રાજી થયો છે આમ. વ્રત પાળો, ભક્તિ કરો, આનાથી તમારું કલ્યાણ થશે. એટલે આ વાત એવી લાગે. વસ્તુ તો આ છે, સત્ય તો આ છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'તે બહાર ઊભેલો દેખાય...'** રાગમાં અને રાગના આચરણમાં દેખાય. આહા..હા..! પણ દૃષ્ટિ તો સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાનનું પરિણમન જે દૃષ્ટિ થઈ છે, એ દૃષ્ટિથી ખસતો નથી. આહા..! આવી વાતું હવે. અજ્ઞાની રાગ ન કરે, વિષયનો, વાસનાનો, ભોગનો ત્યાગ હોય, છતાં એના રાગમાં એકત્વબુદ્ધિ છે, એની દૃષ્ટિ રાગ ઉપર છે. આહા..હા..! એ ભલે બ્રહ્મચર્ય શરીરથી પાળે, તો પણ એની દૃષ્ટિ રાગ ઉપર છે કે, હું આ પાળું છું અને આ હું કરું છું. સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી. આહા..હા..! સ્વભાવની દૃષ્ટિ હોવાથી બહાર રાગમાં ઊભો દેખાય, રાગમાં આવે. **'પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે.'** આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

**પ્રશ્ન :- સમ્યગ્દર્શન થયા પહેલા અનુમાનજ્ઞાનથી આત્મા જેવો છે તેવો જાણી શકાય ખરો ?**

**ઉત્તર :- પહેલા અનુમાનજ્ઞાનથી ઓઘે-ઓઘે જાણે, પણ સ્વાનુભવમાં જ યથાર્થ આત્મા જેવો છે તેવો જણાય છે.**

**પ્રશ્ન :- અનુમાનજ્ઞાનથી આત્મા જાણનારને પર્યાયમાં ભૂલ છે કે આત્મા જાણવામાં ભૂલ છે ?**

**ઉત્તર :- અનુમાનજ્ઞાન વાળાએ આત્મા યથાર્થ જાણ્યો જ નથી. આત્માને જાણવામાં ભૂલ છે. સ્વાનુભવ પ્રત્યક્ષથી જ આત્મા જેવો છે તેવો જાણવામાં આવે છે. અનુમાનથી તો શાસ્ત્ર ને સર્વજ્ઞ કહે છે તેવો આત્મા જાણે છે, પણ યથાર્થ તો સ્વાનુભવમાં જ જણાય છે. સ્વાનુભવથી જાણ્યા વિના આત્મા યથાર્થ જાણવામાં આવતો નથી.**

**'પરમાગમસાર' બોલ નં.૪૧૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આસો સુદ ૭, રવિવાર તા. ૦૮-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૦૪ થી ૩૦૬, પ્રવચન–૧૧૩**

**ભગવાનના પ્રતિમા જોતાં એમ થાય કે અહો ! ભગવાન કેવા ઠરી ગયા છે ! કેવા સમાઈ ગયા છે ! ચૈતન્યનું પ્રતિબિંબ છે ! તું આવો જ છો. જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો. ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે. ૩૦૪.**

'વચનામૃત' ૩૦૪. '**ભગવાનના પ્રતિમા જોતાં...**' સર્વજ્ઞ વીતરાગ સ્વભાવનું જેવું સ્વરૂપ છે એવું પરમાત્માને પ્રગટ થઈ ગયું. સર્વજ્ઞ વીતરાગ, એની મૂર્તિ દેખીને કહે છે. '**અહો ! ભગવાન કેવા ઠરી ગયા છે !**' અંતર આનંદમાં અને જ્ઞાનમાં ઠરી ગયા છે. પૂર્ણાનંદનો નાથ, પ્રભુ ! અંતરમાં પૂર્ણ રીતે ઠરી ગયા છે. '**કેવા સમાઈ ગયા છે !**' અંતરમાં સમાઈ ગયા, આનંદકંદમાં પ્રભુ ! શાંત દેખાય ને ? '**ચૈતન્યનું પ્રતિબિંબ છે !**' એ ચૈતન્યનું પ્રતિબિંબ ભગવાનની મૂર્તિ આમ ચૈતન્યબિંબ જાણે. આત્મ સ્વભાવ, જિનબિંબ એ જિનબિંબ છે, એ આત્મા જિનબિંબ છે. એવું એ જિનબિંબ જણાય છે, એમ કહે છે. આહા..હા..! જિન ચૈતન્યસ્વરૂપ 'જિન સો હી હૈ આત્મા અન્ય સો હી હૈ કર્મ' જિન સો હી આત્મા. એ જિનસ્વરૂપ જ ભગવાનની પ્રતિમા દેખાય છે. વીતરાગ શાંત ઠરી ગયેલા જાણે હોય. એ ચૈતન્ય પ્રતિમા છે.

'**તું આવો જ છો.**' કેમ બેસે ? અંદર આનંદનો નાથ પ્રભુ ! શુદ્ધ ચૈતન્યઘન જિનબિંબ આત્મા એવો જ છે આ. અરે..! આવી વાત ! આહા..હા..! છે ? '**તું આવો જ છો. જેવા ભગવાન પવિત્ર છે,...**' પૂર્ણ પરમાત્મ દશા પ્રાપ્ત પવિત્ર છે. છે ? '**તેવો જ તું પવિત્ર છો,...**' અંતર સ્વરૂપ, આત્માનું આનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પવિત્ર છે. એની વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં રાગાદિ દેખાય, પણ એ ચીજ વસ્તુમાં નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ જિનબિંબ એ **'નિષ્ક્રિય છો,...'** જેમ એ હલતું નથી એમ તું નિષ્ક્રિય રાગની ક્રિયા વિનાની ચીજ છો. આહા..હા..! આવી વાત કેમ બેસે ? રાગની જે ક્રિયા છે, ચાહે તો દયા, દાન, એ ક્રિયાથી રહિત ભગવાન તો નિષ્ક્રિય છે. ચિદ્ઘન આનંદકંદ. આહા..હા..! **'નિર્વિકલ્પ છો.'** જેમાં વિકલ્પનો ભેદ નથી. અખંડ આનંદનું દળ પ્રભુ ! **'નિર્વિકલ્પ છો.'**

**'ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે.'** ભગવાન ચૈતન્ય સ્વરૂપ અનંત ચૈતન્ય રત્નાકર પ્રભુ, એમાં અનંત ચૈતન્યના શક્તિના ગુણો ભર્યા છે. એવો જે ચૈતન્ય સ્વરૂપ એની પાસે પર્યાય અને રાગ તો કાંઈ ગણતરીમાં નથી, કહે છે. પાણી ભરે. આહા..! અરે..! કેમ બેસે ? મહાપ્રભુ ચૈતન્ય અંદર છે, ચૈતન્ય મહાપ્રભુ ! આહા..હા..! આગળ સિંહનો દાખલો આપશે.

મુમુક્ષુ :– વૈષ્ણવની બેઠકને મહાપ્રભુની બેઠક કહે.

ઉત્તર :– આ બેઠક છે. કોઈ કર્તા-બર્તા નથી. સ્વયંસિદ્ધ વસ્તુનો કર્તા કોણ હોય ? અને સ્વયંસિદ્ધ વસ્તુમાં અપૂર્ણતા કેમ હોય ? આહા..હા..! સ્વયંસિદ્ધ ચૈતન્ય ભગવાન પ્રભુ, એમાં અશુદ્ધતા કેમ હોય ? એ તો પૂર્ણાનંદ પ્રભુ અંદર (છે). એક સમયની વર્તમાન જે અવસ્થા, એની સમીપમાં પ્રભુ પૂર્ણાનંદ નિષ્ક્રિય પ્રભુ છે, નિર્વિકલ્પ પ્રભુ છે. પોતે, હોં ! એની પાસે તો કહે છે ગણતરી (શું) ! એની એક સમયની અવસ્થા ને દયા, દાન રાગાદિ તો પાણી ભરે, કાંઈ કિંમત જ નથી એની. આહા..હા..! આવી વાત છે.

અભ્યાસ નહિ ને અનાદિનો ? શરીર ઉપર નજર કે શરીર હું. આમ આગળ જતાં અંદર પુણ્ય-પાપના ભાવ થાય તે હું. એમાં પ્રભુ ચૈતન્ય સ્વરૂપ છે તેને ભૂલી ગયો. આહા..હા..! એ પર્યાય જે છે, ભલે નિર્મળ હો, જે મલિન પર્યાય અવસ્થા છે, એમાં પુણ્ય-પાપની વાત તો શું કરવી ? પણ નિર્મળ પર્યાય વર્તમાન અવસ્થા (છે) એ પણ વસ્તુમાં ઉપર તરે છે, વસ્તુમાં પેઠી નથી. આહા..હા..! આવી વાત છે, ભાઈ ! શરીર, વાણી, મન તો એના પ્રભુ આત્મામાં છે જ નહિ. એમ પુણ્ય-પાપ, શુભાશુભભાવ, રાગ એ પણ આત્મામાં છે નહિ. પણ આત્મામાં વર્તમાન પર્યાય છે તે પણ એમાં નથી. અરે..! એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર (છે), એ કેમ બેસે ? જરી અનુકૂળતા મળે ત્યાં રાજી રાજી થઈ જાય, પ્રતિકૂળતા જ્યાં હોય ત્યાં ખેદ ખેદાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



જાય, એને આ ભગવાન પૂર્ણાનંદ છે એ કેમ બેસે ? આહા..હા..!

નિર્વિકલ્પ, નિષ્ક્રિય અખંડ આત્મા સ્વરૂપ અંદર છે. પર્યાયનો સમયનો ભેદ ખંડ ખંડ એ પણ એના સ્વરૂપમાં નથી. આહા..હા..! જે પ્રભુ સકળ નિરાવરણ, અખંડ એક અવિનાશી અવિનશ્વર, પ્રત્યક્ષ પ્રતિભાસમય, વર્તમાન જ્ઞાનની દશામાં પ્રત્યક્ષપણે ભાસે એવી એ ચીજ છે. આહા..હા..! અવિનશ્વર, આહા..! શુદ્ધ સ્વભાવભાવલક્ષણ, શુદ્ધ પારિણામિકભાવલક્ષણ, સહજ સ્વભાવભાવલક્ષણ, તે પરમાત્મ દ્રવ્ય તે હું છું. હવે આ વાત એને કેમ બેસે ! ભાઈ ! અને એ જાતનો અભ્યાસ નહિ. અત્યારે તો કથન શૈલી ફરી ગઈ. ઉપદેશ પણ બીજી જાતનો બધો અવળો થઈ ગયો. આહા..!

એની જાતની અંદર કઈ ચીજ છે ? વસ્તુ છે ને ? તો આ શરીરથી તો ભિન્ન પણ એક સમયની એની પર્યાય ચાલે છે. હલચલ પરિણમન (થાય છે)... આહા..હા..! એ પણ ખરેખર સક્રિય છે, એનાથી ભિન્ન નિષ્ક્રિય છે. એનો સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ અખંડ એક સ્વરૂપે પ્રભુ અંદર છે. એની પાસે બીજી કોઈ ચીજની કિંમત નથી. એમ કહે છે, પાણી ભરે એટલે (ઇ). ચાર થયા. આહા..હા..!

ભાષા બહુ ટૂંકી છે, ભાવ ઘણા ગંભીર છે. આહા..હા..! ભાષા તો ભાષા છે. એમાં વાચ્ય જે વસ્તુ છે એ કાંઈ ભાષામાં આવતી નથી. ભાષા તો એ વાચ્યને સમજાવવામાં નિમિત્ત છે. આહા..હા..! પૂર્ણાનંદ પ્રભુ ! પૂર્ણઇદં. એ વસ્તુ પૂર્ણ છે પણ કેમ બેસે ? એક સમયની પર્યાયમાં, અવસ્થામાં અનાદિથી ઘૂંટાઈ રહ્યો છે. આહા..હા..! પણ એ એક સમયની દશાની પાસે અંદર, અંદરમાં પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા બિરાજે છે, એની એને ખબર નથી. એ ચીજની આગળ કોઈ ચીજની કિંમત નથી કહે છે. એ ૩૦૪ (બોલ પૂરો થયો).

**તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. ૩૦૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૩૦૫, **'તું તને જો;...'** તું જે જોનાર છો, તે જોવે છે પરને. આ શરીર છે ને આ રાગ છે ને આ છે. આ છે. એ જોનારને જોવાની ચીજમાં અનાદિથી પર ઉપર લક્ષ ગયું છે, એ જોનારને તું અંદર જો. આવી વાતું છે ! જોનાર જે ભગવાન અંદર આત્મા, આ છે, શરીર છે ને આ છે, ને આ છે, ને આ છે, એમ જે જ્ઞાનની દશામાં આ છે, આ છે, આ જણાય છે, પણ એ જાણનારની પર્યાયને અંદર જાણે, તો એ અંદર જણાય. આહા..હા..! આવી વાતું હવે. કોઈ પણ ચીજ જાણવામાં જ્ઞાન જો ન હોય તો એ જાણે કોને ? અને તે જાણનારની પર્યાય આને જાણે... આને જાણે... આને જાણે... એમ કહેવું, એ તો પર ઉપરનું લક્ષ વ્યવહાર છે. એ જાણનારને અંદર જો. ચૈતન્યબિંબ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ આત્મતત્ત્વ જેને કહીએ તે પૂર્ણાનંદ પ્રભુ... આહા..હા..! બિરાજે છે એને જો.

**'તું તને જો;...'** તું પરને જો છો, એ જોનારને તું જો. આહા..હા..! આવી વાતું છે. જે વર્તમાન જ્ઞાનની દશા પરને જોવે છે, એ જેને જોવે છે એ એના સ્વરૂપમાં નથી. તો એ જોનારના સ્વરૂપમાં શું છે ? આહા..હા..! જોનારની દશા, જોનાર જે ત્રિકાળી જ્ઞાયક છે તેને જો ને. અન્યમાં પણ એમ કહેવાય છે.

**નયનને આળસે રે મેં નિરખ્યા ન નયને હરિ,**
**મારી નયનને આળસે રે મેં નિરખ્યા ન નયને હરિ.**

હરી–ભગવાન આત્મા. જે રાગ ને દ્વેષ ને અજ્ઞાનને હણે અને વીતરાગતા પ્રગટ કરે તે આત્મા હરિ છે. આહા..હા..! એ નયણને આળસે, જોનારની દૃષ્ટિમાં આળસને લઈને પરને જોવા રોકાય ગયો પણ નયણે આ નિધાન છે એને ન જોયું. આહા..! શાસ્ત્ર વાંચીને પણ જાણ્યું, પણ એ શાસ્ત્ર જાણ્યા. પણ જાણનારો જાણ્યો નહિ. આવી વાતું છે, ભાઈ ! બહુ સૂક્ષ્મ છે. જેની ઉપર વર્તમાન દશા તરે છે, એ દશા વતી–દશા દ્વારા ત્રિકાળ જોનારને જોને. આહા..હા..! જ્ઞાયક સ્વરૂપ, સહજ ત્રિકાળી સ્વભાવ સ્વરૂપ, એને જો. આવી વાત છે. **'भूदत्थमस्सिदो'** એ શબ્દ છે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયક પ્રભુ એનો આશ્રય લે. આશ્રય લે કે એને તું જો. આહા..હા..!

**'જેવો તું છો.'** જેવો તું અંદરમાં છો, એવો જ તું નિર્મળાનંદ પ્રભુ અંદર છો. એની દશામાં બધો બગાડ થયો છે. આ પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષ ને વિકલ્પ પણ અંદર તો જેવો તું નિર્વિકલ્પ છો તેવો જ તું અત્યારે છો. આહા..હા..! આ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુદ્દાની રકમની વાત છે, ભાઈ ! **'તેવો જ તું પ્રગટ થઈશ. જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ.'** એ શું કહ્યું ? પૂર્ણાનંદ, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંત, પૂર્ણ વીતરાગ સ્વરૂપ, જેવો તું છો. તું એને જો. તો પર્યાયમાં જેવો છે તેવો તને પ્રગટ થશે. આવી વાત છે. લોકોને આ એકાંત લાગે છે, નિશ્ચય... નિશ્ચય... બાપુ ! માર્ગ તો આ છે, ભાઈ ! મહા ચૈતન્યપ્રભુ એને જો તો તને પ્રગટ જેવો છે તેવો પર્યાયમાં, દશામાં પ્રગટ થશે, તને જણાશે. આવી વાતું હવે ! આવું શું કરવું ? આ બધો આખો દિ' આ ધંધા-પાણીમાં રોકાય. નવરો થાય તો ભક્તિ ને પૂજા ને દયા ને વ્રતમાં રોકાય. પણ એ તો પર ચીજ છે.

એ રાગ કે શરીર કે ભગવાન પ્રતિમા એને જે જાણે છે ને આ.. આ.. આ... એ જાણનારની પર્યાય છે તે જાણનારને જાણે. એની પર્યાય આને જાણે છે, એ આને જાણે. આમ છે જરી. અપૂર્વ વાત છે, બાપુ ! એણે અનંત અનંત કાળના પરિભ્રમણમાં એક સમય પણ કર્યું નથી. અને જો આ કરે તો એને પરિભ્રમણ રહે નહિ. આહા..હા..!

**'તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ.'** આહા..! સ્વભાવ જેવો છે, તેને જોતાં, તેમાં આશ્રય કરીને લીન થતાં, જેવો તું છો તેવો જ તું દશામાં પ્રગટ થઈશ. આહા..હા..! સર્વજ્ઞસ્વભાવી ભગવાન પરમ સ્વરૂપ, એને જોતા... જોતા... જોતા... જોતા... જોતા..., ઠરતા... આહા..હા..! તારી દશામાં પણ તે જ રીતે સર્વજ્ઞપર્યાય પ્રગટ થશે. આહા..હા..! આવું છે. આ આત્મવિદ્યાની વાત છે, પ્રભુ !

મુમુક્ષુ :– કરવા જેવું આ એક જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ છે, ભાઈ !

જે અંદર ભગવાન પૂર્ણ વસ્તુ છે કે નહિ ? તત્ત્વ છે ને ? તત્ત્વ છે તે પૂર્ણમિદં– વસ્તુ પૂર્ણ છે. આહા..હા..! એ પૂર્ણ જે છે, તેની પર્યાય પરને જોવે છે, એ પર્યાય એને જોવે, તું તને જો. તારી પર્યાયમાં વસ્તુને જ્ઞેય બનાવીને એને જો. આહા..હા..! અરે...! આવી વાતું છે. આ કઈ જાતનો આવો ધર્મ ? બાપુ ! આત્મજ્ઞાનનો ધર્મ આ છે. બાકી બધા વાતું કરીને, હેરાન થઈ થઈને અનંતકાળથી મરી ગયા. ભાઈ ! આહા..!

જ્યાં પૂર્ણ નિર્વિકલ્પ વસ્તુ પડી છે. આહા..હા..! વસ્તુ જે આત્મા છે એ તો નિરાવરણ ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ નિર્દોષ છે, ત્રિકાળ પૂર્ણ છે, ત્રિકાળ પવિત્રતાનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ખજાનો છે, એમાં અપવિત્રતાનો અંશ કે અપૂર્ણતાનો અંશ એ અંદરમાં નથી. આહા..હા..! અપૂર્ણતાનો અંશ કે પૂર્ણતાનો અંશ એ અંદરમાં નથી. આહા..હા..! પણ એ ચીજને જોતા, અને જોતા જોતા ઠરતા, તે જે રીતે શક્તિ અને સ્વભાવનું સ્વરૂપ ભગવાન આત્માનું છે, એ રીતે જ તને પર્યાયમાં ભગવાન પ્રગટ થશે. શક્તિ છે તેની વ્યક્તતા થશે. આહા..હા..! આવી વાતું છે.

જેમ લીંડીપીપર ચોસઠ પહોરી તીખાશથી ભરેલી છે. ભલે કદે નાની, રંગે કાળી. તીખાશની કણી જ વર્તમાન દશામાં અલ્પ (હોવા) છતાં, પણ એની શક્તિ અને એનો સ્વભાવ જે છે, ચોસઠ પહોરી ઘૂંટે ત્યારે પ્રગટ થાય છે. ચોસઠ પહોરી એટલે પૂરણ. પૂરણ એટલે સોળ આના, ચોસઠ પૈસો. આહા..હા..! એ તીખાશ ઘૂંટતા પર્યાયમાં પૂર્ણ ચોસઠ પહોરી થાય છે, એ ક્યાંથી આવી ? એ ચોસઠ પહોરી એટલે પૂર્ણ સ્વરૂપ જ છે ઇ. ભગવાન ! જેમ એ ચોસઠ પહોરી તીખાશથી ભરેલું તત્ત્વ છે, એમ આ આત્મા ચોસઠ નામ પૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. આહા..હા..! પીપરનો દાખલો બેસે. આહા..હા..! ભાઈ તો કહેતા કે સમજાય એવું છે, સમજાય એવું છે, સમજવું છે. એમ કહેતાં, સમજવું છે. બરાબર સમજાવ્યું. આહા..હા..!

અરે..રે..! દુનિયાની ડહાપણની વાતું છોડ, પ્રભુ ! આહા..હા..! અને વર્તમાન પર્યાય જે આત્માની દશા છે, એ જેની છે તેને જોતો નથી અને જેની નથી તેને જોવા રોકાઈ ગયો છે. આહા..હા..! શું આ તે કહે છે ? સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પૂર્ણમિદં-સચ્ચિદાનંદ પ્રભુ વસ્તુએ પૂર્ણ અંદર બિરાજમાન (છે). આહા..હા..! કોણ ? તું. એ પૂર્ણ પૂર્ણ સ્વરૂપ છે, પ્રભુ ! વસ્તુ છે, એ વસ્તુ છે. વસ્તુ છે એ અપૂર્ણ ન હોય, વસ્તુ છે તે અશુદ્ધ ન હોય, વસ્તુ છે તેને આવરણ ન હોય, વસ્તુ છે તે અલ્પ જ્ઞાન દશાપણે ન હોય. આહા..હા..! એ વસ્તુ ભગવાન અંદર બિરાજે છે આત્મતત્ત્વ, એ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવું અંદર તત્ત્વ પ્રભુ તારું તત્ત્વ એ છે. આહા..હા..! પ્રભુ ! તું તને ભૂલી ગયો છો, ભાઈ ! આહા..હા..! આવી વાત છે, ભાઈ !

આ દેહ છે એ તો માટીનો છે. ધૂળ, જડનો ધૂળ. એ તો આત્મા છે નહિ અને આત્મામાં છે નહિ. આહા..હા..! તેમ કોઈ દયા, દાન અને કામ-ક્રોધના વિકલ્પો થાય એ તો વિકાર છે, પ્રભુ ! એ કાંઈ તારામાં નથી. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– એ વાત લોકોને ગમતી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શું થાય ? ભાઈ ! દયા, દાન, વ્રતાદિના ભાવ એ રાગ છે. એ કાંઈ આત્મા નથી. આહા..હા..! અહીં તો એ તો નથી પણ અલ્પજ્ઞ પર્યાયપણે પણ આત્મા નથી. આહા..હા..! જે અલ્પજ્ઞ પર્યાય ત્રિકાળને દેખે છે તે આત્મા નથી. એ તો વ્યવહાર અંશ, ખંડ ખંડ ભાગ છે. આહા..હા..! ત્રિકાળી વસ્તુનું સત્ત્વ, સત્ પૂર્ણ વસ્તુ ભગવાન પરમાત્મસ્વરૂપે બિરાજે છે, ભાઈ ! તને ખબર નથી. આહા..!

જેમ ચોસઠ પહોરી તીખાશથી ભરેલું લીંડીપીપરનું તત્ત્વ છે. આહા..હા..! કદ નાનું છતાં એ વસ્તુમાં ચોસઠ પહોર તીખાશ ભરી છે. એમ આત્મા શરીર પ્રમાણે તેનું કદ હોવા છતાં, તેના સ્વભાવમાં તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ આદિ પૂર્ણ વીતરાગ, પૂર્ણ સ્વભાવ ભરેલા છે. આહા..હા..! એને એકવાર જો પ્રભુ ! સિંહ થઈને. ગર્જના કર કે હું એક સમય ત્રિકાળને જાણનારો તે હું છું. ૩૦૯ બોલમાં સિંહનો દાખલો આવશે. આહા..હા..!

**'તું મોટો દેવાધિદેવ છો.'** આહા..હા..! દેવાધિદેવ, દેવનો દેવ, મોટા સ્વર્ગના દેવો, એનો પણ પ્રભુ દેવાધિદેવ એ તો. આહા..હા..! (સંવત) ૧૯૬૩ની સાલમાં, ૧૭ વર્ષની ઉંમરે દુકાન ઉપર એ પ્રથમ આવ્યું હતું. રામલીલા જોવા ગયેલા. રામલીલા છે ને ? 'સીતા', 'રામ' એને 'લક્ષ્મણ'ની મોટી રામલીલા. એ અમારી દુકાનની પાછળ હતી. આ તો ૧૯૬૩ની વાત છે સંવત્ ૧૯૬૩. ૭૧ વર્ષ પહેલાં. એ રામલીલામાં હતા એ વૈરાગ્યની વાતું કરતાં બિચારા. એટલી વૈરાગ્યની વાત હતી જાણે આબેહુબ રામ, લક્ષ્મણ અને સીતા. તે ગામના મંદિરનો બાવો હતો, એણે એની પૂજા કરી. અને એમાંથી ધૂન ચડી ગઈ કે મને અંદરમાં... 'શિવ રમણી રમનાર તું, તું હી દેવનો દેવ' આ શબ્દ આવ્યો પહેલો. એવી કડી તો છ હતી પણ આ કડી એટલી યાદ રહી ગઈ. 'તું શિવ રમણીય રમનાર' અનાકુળ આનંદની પરિણતિનો રમનાર, તું હી દેવનો દેવ. આહા..હા..! ત્યારે તો કાંઈ ખબર પણ નહોતી કે આમાં શું આવ્યું આ. આહા..! આ દેવાધિદેવ કીધું ને ? આહા..હા...! પ્રભુ ! તું શિવ નામ મોક્ષની આનંદની પરિણતિ રમનારો નાથ ! અને તું દેવાધિદેવ છો ને, પ્રભુ ! પર્યાયમાં આવો અને વસ્તુમાં આવો. શું કીધું સમજાણું ? આહા..હા..! એ અંદરથી આવ્યું હતું.

બે દુકાનેથી બધા ગયા હતા લગનમાં. (ભાગીદારની) બેનના લગન હતા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૧૯૬૩માં. હું અને મારો એક નોકર અમે બે હતા. આ છ કડી આવીને લખી લીધી. દુકાનમાં લીટાવાળી ચોપડી હતી ને ? કાગળ... કાગળ, (એમાં લખી લીધી). ઓલી ચોપડી ન્યાં ને ન્યાં પડી રહી. દીક્ષા લીધી ત્યારે સાથે કાંઈ લેવાય નહિ. પછી ભાઈને કહ્યું ભાઈ ! મારી ચોપડી અહીં ને અહીં રહી ગઈ છે. કે, હશે. પણ ત્યાં મોટું તળાવ છે, મોટું તળાવ. એ પાણી એટલું આવ્યું દુકાનમાં કે ગરી ગયું અને એ ચોપડી પલળી ગઈ. ભાઈએ એમ કહ્યું. ચોપડી પલળી ગઈ છે. મેં કીધું, મારું એમાં ગાયન રહી ગયું છે. સાથે લીધું નહોતું. પલળી ગઈ હતી. મારા ભાઈ હતા ને મોટા ભાઈ ? આહા..હા..! તળાવ મોટું છે. બહુ વરસાદ આવેલો અને દુકાનની ઊંચાઈ આટલી હેઠે એટલે પાણી આમ આવી ગયેલું અંદર. હું ત્યાં હતો ત્યારે પાણી આવતું પણ મકાનની હેઠે સુધી. એમાં આ લખાણ હતું.

તું પ્રભુ કોણ છો ? શિવ રમણી રમનાર. પછી પર્યાય પર્યાયની ત્યારે ક્યાં ખબર હતી ? તું તો પૂર્ણાનંદ કેવળજ્ઞાનની દશાનો રમનારો અને તારું સ્વરૂપ... આહા..હા..! તું દેવાધિદેવ છો, ભાઈ ! આહા..હા..! એવું છે જરી. સમજાણું કાંઈ ? એવું આવ્યું હતું. પછી બીજી અગિયાર કડી રહી ગઈ. ડબલવાળી છ કડી હતી તેમાંથી આટલી કડી યાદ રહી ગઈ. આહા..હા..!

આ કહે છે ને ઇ **'તું તો મોટો દેવાધિદેવ છો.'** પ્રભુ ! આહા..હા..! પણ સંપ્રદાયમાં તો એ વાત મળે નહિ. આ કરો ને આ કરો ને આ કરો. ક્રિયાકાંડમાં ઘૂંચાઈ ગયા. આહા..હા..! અંતરમાંથી જ્યારે આવ્યું કે, આહા..હા..! આ ચીજ તો કોઈ દેવાધિદેવ છે ! પૂર્ણાનંદનો નાથ આહા..હા..! એ તો શિવ રમણી રમનાર. આ સ્ત્રી નહિ. વિકારની પર્યાયમાં રમે એ આત્મા નહિ. આહા..હા..! આકરી વાત, ભાઈ !

**'દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે...'** આવું તારું સ્વરૂપ છે તેને પ્રગટ કરવા માટે, પર્યાયમાં પ્રગટ કરવા માટે, **'ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર.'** ઉગ્ર પુરુષાર્થ. આહા..હા..! જે પુરુષાર્થની તીવ્રતાથી આત્મા પકડાય એવો પુરુષાર્થ કર. જે તીવ્ર વીર્ય... આહા..હા..! અને જ્ઞાન સૂક્ષ્મ, તીવ્ર વીર્ય અને જ્ઞાન સૂક્ષ્મ, એનાથી જણાશે એમ કર. આહા..હા..! તેની પ્રગટતા માટે ભગવાન શક્તિ સ્વભાવરૂપે પરમાત્મસ્વરૂપ તત્ત્વ, ભગવાન તત્ત્વ છે એવું, પણ એને પ્રગટ કરવા માટે ઉગ્ર પુરુષાર્થ (કર).

પુરુષાર્થ નામનો પ્રભુ આત્મામાં એક ગુણ છે, એને પર્યાયમાં તીવ્ર પુરુષાર્થ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દ્વારા... આહા..! કે જે પુરુષાર્થ દ્રવ્યને પકડે. આહા..હા..! વસ્તુ જે ભગવાન શક્તિ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ (છે), એને જે પુરુષાર્થ પકડે તેને તીવ્ર પુરુષાર્થ કહેવામાં આવે છે. આહા..હા..! આ દયા, દાન ને વ્રતાદિના પુરુષાર્થ એ તો નપુંસક વીર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જેમ નપુંસકને પ્રજા ન હોય, એમ શુભભાવ નપુંસક છે. એમાં ધર્મ-પ્રજા ન હોય. આહા..હા..! એ તીવ્ર પુરુષાર્થ જેની સ્વરૂપની રચના કરે... આહા..હા..! વીર્ય ગુણ એવો લીધો છે ને ? ભગવાન આત્મામાં પુરુષાર્થ નામનો ગુણ છે. આ વીર્ય રેત છે આ પુત્ર, દીકરા થાય એ તો ધૂળ-માટી છે.

અંદર આત્મામાં એક વીર્ય નામનો, પુરુષાર્થ નામનો, શક્તિરૂપે, સ્વભાવરૂપે, અનંતરૂપે વીર્ય છે. એ વીર્યને પર્યાયમાં... આહા..હા..! ઉગ્ર પુરુષાર્થ દ્વારા સ્વરૂપની રચના કરે, તેવા વીર્ય દ્વારા અંતર સ્વરૂપને જો. આહા..હા..! અને તેના ઉપયોગમાં એટલે જ્ઞાન, દર્શનના જાણવાનો ઉપયોગ, તીવ્ર પુરુષાર્થ અને જ્ઞાન ઉપયોગ સૂક્ષ્મ, એક સાથે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! શાસ્ત્રને જાણવું-ફાણવું એ તો બધું બહાર રહી ગયું છે, એ કોઈ આત્મ ચીજ નથી, ભાઈ ! આહા..હા..!

પૂર્ણ આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, એને પકડવા માટે, એને જાણવા માટે તીવ્ર પુરુષાર્થ જોઈએ. આહા..હા..! અને એમાં જ્ઞાન અને દર્શન જે જાણવા-દેખવાનો ઉપયોગ છે તે સૂક્ષ્મ જોઈએ. કેમ કે વસ્તુ સૂક્ષ્મ છે. અરૂપી તો છે પણ સૂક્ષ્મ છે. અનંત અનંત ગુણની સંખ્યાનો પાર નથી, છતાં તે બધા ગુણોનું રૂપ સૂક્ષ્મ બહુ. આહા..હા..! વર્તમાન જ્ઞાનનો જાણવાનો જે ઉપયોગ, વેપાર છે, તેને સૂક્ષ્મ કર. એ સૂક્ષ્મને પકડવા લાયક ઉપયોગને કર, એમ કહે છે. આહા..હા..! હવે આવી વાતું એટલે માણસને એવું લાગે કે, 'સોનગઢે' તો વ્યવહારનો નાશ કરી નાખ્યો. અરે..! સાંભળને, પ્રભુ ! રાગાદિની ક્રિયા તો વ્યવહાર છે, પ્રભુ ! એ તારું સ્વરૂપ નથી, એ તારા સ્વરૂપમાં નથી અને તે રાગની ક્રિયાથી તને આત્માનો લાભ થાય એ છે નહિ. આહા..હા..!

તીવ્ર પુરુષાર્થ અને ઉપયોગ સૂક્ષ્મ. બે સાથે. વીર્ય સૂક્ષ્મ થયું પણ એને તીવ્ર કહ્યું. જે વીર્ય અંદરને પકડી શકે તે વીર્ય સૂક્ષ્મ છે, પણ એ વીર્યને તીવ્ર કહ્યું. અને જે જ્ઞાન ઉપયોગ છે તેને પકડે તેને સૂક્ષ્મ કહ્યું. જે સચ્ચિદાનંદ પ્રભુ ચૈતન્ય પ્રકાશનું નૂર આત્મા, ચૈતન્ય પ્રકાશના નૂરના તેજનું પૂર, એને પકડવા માટે, એને જાણવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



માટે, પ્રભુ ! તીવ્ર પુરુષાર્થ જોઈએ, ભાઈ ! આહા..હા..! જે સન્મુખ થાય તે વીર્ય તીવ્ર છે, જે વીર્ય અંતર સન્મુખ થાય એ તીવ્ર છે, અને જે જ્ઞાનનો પર્યાય અંદર સન્મુખ થાય તે સૂક્ષ્મ છે. આહા..હા..! હવે આવી વાત ન સારી લાગે. આ બહારના રસમાં પડ્યા. આહા..હા..! અને દયા, દાન, વ્રત આદિ પુણ્યના રસમાં પડ્યા, એ પણ વિકારના રસમાં પડ્યા એ આત્માના રસમાં નથી. આહા..હા..! આવી વાતું !

જે જ્ઞાનની વર્તમાન દશા પરને જાણવામાં રોકાણી છે તે સ્થૂળ છે. પણ જે દશા સૂક્ષ્મ થાય એટલે કે એ પૂર્ણ આનંદના નાથને પકડી શકે તે ઉપયોગને સૂક્ષ્મ કહે છે. એ સૂક્ષ્મ કર અને જણાય એમ સાથે વાત કરી. કેમ કરવો ? કેમ કરવો કે જે સ્થૂળ છે, પરને જાણવામાં જે જ્ઞાનમાં ઉપયોગ સ્થૂળ છે, એને સ્વસન્મુખ કરવા સૂક્ષ્મ કર. આહા..હા..! આવી વાતું છે. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો ? વસ્તુનું સ્વરૂપ જ આવું છે, બાપુ ! અનાદિ વસ્તુ સ્વરૂપની સ્થિતિ એવી છે, ભાઈ ! તને ખબર નથી. લોકો કંઈક ને કંઈક ધર્મને નામે વિકાર ને રાગ ને ધમાલ... ધમાલ... ધમાલ... આહા..હા..! એ ધમાલની ક્રિયાથી તો આત્માને બંધ થાય. આહા..હા..!

મુમુક્ષુ :– પરનું કાંઈ કરી શકાય નહિ એ માનવું બહુ કઠણ પડે.

ઉત્તર :– કરી શકાય નહિ તો એ પણ ના પાડે છે. પરનું કરી શકાય નહિ, તો પછી તમે આ ઉપદેશ અને મંદિરો કેમ બનાવ્યા ? અરે..! પ્રભુ ! તને ખબર નથી, ભાઈ ! કોણ બનાવે મંદિર અને કોણ બનાવે ભાષા ? આ ભાષા તો જડ છે. આહા..હા..! એ ભગવાન આત્માની નથી. ભગવાનમાંથી આવતી નથી. એ તો વચનવર્ગણા જડ છે. વચન વર્ગણા એટલે ? ભાષા થવાને લાયક પરમાણુમાં પિંડ પડ્યા છે, એમાંથી ભાષાની વર્ગણા આવે છે. પ્રભુ ચૈતન્ય સ્વરૂપમાં તો એ છે નહિ. આહા..હા..!

**'તીવ્ર પુરુષાર્થ કર અને સૂક્ષ્મ ઉપયોગ કર.'** તીવ્ર ઉગ્ર પુરુષાર્થ કર એનો અર્થ થયો ને ? અને સૂક્ષ્મ ઉપયોગ કર, આ સાધન. ૩૦૫ (બોલ પૂરો થયો). ૩૦૬. જાગતો જીવ આમાં આવે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત-અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય જ. ૩૦૬.**

**'રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય...'** આહા..હા..! તાણા-વાણા જેમ વસ્ત્રમાં વણાઈ જાય છે. આહા..હા..! આવી વાતું ! એમ ભગવાન પૂર્ણાનંદનો નાથ, વસ્તુ, એની રુચિનું પોષણ, એની રુચિનું પોષણ. એ જીવને પોષાય છે. **'અને તત્ત્વનું ઘૂંટણ...'** એ વસ્તુ છે જ્ઞાયક ચૈતન્ય, એનું ઘૂંટણ. પીપરને જેમ ચોસઠ પહોરી ઘૂંટે છે, એટલે ચોસઠ પહોરી પર્યાય બહાર આવે છે. એમ આ તત્ત્વનું ઘૂંટણ, પૂર્ણ સ્વરૂપનું ઘૂંટણ. ઘૂંટતા ઘૂંટતા તેની પર્યાયમાં પૂર્ણ સ્વરૂપ બહાર આવે છે. આહા..હા..! કોઈ દયા, દાન ને વ્રત, ભક્તિ કરતાં કરતાં આ બહાર આવે એમ નથી. એ તો વિકાર છે. આહા..હા..! આવી વાતું છે. માણસને આકરી પડે. પેલા (શ્વેતાંબરના સાધુ) આવ્યા છે, કહે છે. 'પાલીતાણા'. 'પાલીતાણા'માં શ્વેતાંબર સાધુ નહોતો ? 'અમેરીકા'માં ગયો છે ને ? વરસો પછી આવે છે અહીં. પોર પણ આવ્યો હતો, મેં તો સાંભળ્યું હતું. ફોટોગ્રાફર ભાઈ નહિ ? એનો છોકરો કહેતો હતો કે, બેનનું પુસ્તક મારા હાથમાં હતું. તો કહે, આ મને આપો. એવું સાંભળ્યું હતું. તો આ તો ભાઈ ના પાડે છે.

મુમુક્ષુ :– ફોટોગ્રાફરે કીધું કે ત્યાં મળી હતી.

ઉત્તર :– મળી હતી ? ત્યાં મળી હતી ? પણ આ ભાઈ હમણાં અહીં 'ભાવનગર' આવ્યા હતા. એના ભાઈના ઘરે ઉતાર્યા હશે. ચાલીસ માણસ. સાથે હોયને. એને આમણે કીધું હતું કે મેં વાંચ્યું નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાંચી નથી પણ મળી હતી કે નહિ એમ કેમ ન કીધું ? કે મળી છે પણ વાંચી નથી એમ કહેવું છે ને ? કારણ કે અમારા ભાઈએ નિર્ણય કર્યો હતો, પૂછ્યું હતું ને ? એ છોકરાઓ છે ને ? ભાઈ છે ને ? ફોટોગ્રાફી (કરે છે). જાડા નહોતા ? 'પાલીતાણા'. એના દીકરાને પૂછ્યું હતું કે, મેં એને આપ્યું હતું. અહીંયા ભાઈ મળ્યા તો મેં એને બતાવ્યું તો કે મેં વાંચ્યું નથી. ઇ એને બેસે નહિ. આ વસ્તુ, બાપા ! બહારની પ્રસિદ્ધિ અને હો..હા.. હો.. હા.. આ તો અંદરની પ્રસિદ્ધિ-આત્મખ્યાતિ કરવી હોય એની વાત છે. આહા..હા..!

રુચિનું પોષણ રુચવું, ગોઠવું, ગોઠવું જોઈએ. આહા..હા..! ગોઠે છે ને ? એમ ભગવાન અંદર ગોઠવો જોઈએ. ભાગીદાર બધા ભાઈઓ ભેગા થઈને ભાઈબંધો ગોઠ ખાય છે ને ? ગોઠ તે ગોઠ ગોઠે છે માટે. નાસ્તો કરવા ભેગા થાય. આહા..હા..! પ્રભુ તારી ગોઠ માટે ત્યાં અંદર જા. આહા..હા..! એની રુચિ કર, એની રુચિ. એને પોષાણમાં લાવ. આ જ મારે પોસાય છે બાકી કોઈ ચીજ પોસાતી નથી. આહા..હા..!

**'રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે...'** ભગવાન આનંદકંદ પ્રભુ ચૈતન્ય સ્વભાવનો દરિયો સાગર પરમાત્મા ! આહા..હા..! એની સાથે વણાઈ જાય. આહા..હા..! રુચિ અને ઘૂંટણ. રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ. આહા..હા..! તત્ત્વ જે છે તેની રુચિ, એનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એવું જે **'ઘૂંટણ એ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ.'** તો કાર્ય થાય જ. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કાર્ય થાય જ. આવી વાતું ! પેલા તો એમ કહે છે કે, પણ એનું સાધન (શું) ? એમ કહે છે. પણ આ સાધન નથી ? ભગવાન ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે, એની અંદર જાવું, અને તીવ્ર પુરુષાર્થ કરવો, સૂક્ષ્મ ઉપયોગ કરવો એ સાધન નથી ? આહા..હા..!

**'અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે...'** અનાદિનો અભ્યાસ. શુભ-અશુભ જે રાગ થાય એ વૃત્તિ ઉઠે છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ વૃત્તિ પાપની છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભગવાનનું નામ સ્મરણ એ પુણ્ય વૃત્તિ છે. બે વિભાવ વૃત્તિ છે. વૃત્તિનું ઉત્થાન થાય છે, પ્રભુમાં એ નથી. આહા..હા..! અનાદિના અભ્યાસથી એ વિભાવમાં પ્રેમ લાગ્યો છે, પ્રેમ લાગ્યો છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ત્યાં. તેથી ભગવાન સ્વરૂપનો પ્રેમ તને અનાદિથી છૂટી ગયો છે. આહા..હા..! **'તે છોડ.'** પ્રેમ લાગ્યો છે તેને છોડ. શુભ-અશુભ રાગ તેના પ્રેમમાં, વ્યભિચારમાં ગયો છો, એ છોડી દે. આહા..હા..!

**'જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી...'** પોષણમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં પોષાય છે, તેને બીજા કોઈ રાગાદિ પોષાતા નથી. આહા..હા..! રાગ આવે પણ એને દુઃખ લાગે છે, પોષાતું નથી, આ ઠીક નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ ! સમાજમાં આવી વાતું મુકવી ! પણ એ વાત જ પરમ સત્ય આ જ છે. આહા..હા..! સમાજ અંદર આત્મા છે કે નહિ ? આહા..હા..! પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ આનંદ અને પૂર્ણ સચ્ચિદાનંદ જ્ઞાન આદિ પૂર્ણ સ્વરૂપ છે કે નહિ અંદર ? આહા..હા..! એક આત્મા કહો કે બધા સમાજના કહો, બધા આત્મા તો એ જ અંદર પૂર્ણ પ્રભુ છે. આહા..હા..!

**'જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી...'** જેને જ્ઞાન ને આનંદસ્વરૂપ પ્રભુ રુચિમાં રુચે છે, રુચિમાં રુચે છે તેને બીજી કોઈ રુચિ રુચતી નથી. આહા..! અને (જેને) આત્મા પોષાય છે **'તેનાથી આત્મા ગુપ્ત-અપ્રાપ્ય રહેતો નથી.'** શું કહ્યું ઇ ? ભગવાન પૂર્ણ સ્વરૂપ આત્મા એ જેને પોષાય છે, રુચે છે, ગોઠે છે... આહા..હા..! તેને બીજું પોષાતું નથી. રાગાદિ આવે પણ તે રુચિમાં આવતું નથી. આહા..હા..! અત્યારે તો આવી વાત ઓછી થઈ ગઈ. અરે..રે..! દુનિયામાં બહારની વાતું બધી માંડી. ધર્મને નામે ભક્તિ ભગવાનની કરો અને પૂજા કરો અને આ મંદિર બનાવો અને જાત્રાઓ કરો, બાપુ ! એ બધી રાગની ક્રિયા છે, ભાઈ ! તને ખબર નથી. એ તો વૃત્તિનું ઉત્થાન છે. એ વૃત્તિ છે એ સ્વરૂપ નથી. આહા..હા..!

**'અને તેનાથી આત્મા ગુપ્ત-અપ્રાપ્ય રહેતો નથી.'** શું કહ્યું ? જેને ભગવાન પૂર્ણ આનંદ પોષાય છે, રુચિમાં પોષાણ છે... આહા..હા..! અને... આહા..હા..! બીજું પોષાતું નથી, ભગવાન પોષાય છે, બીજું પોષાતું નથી. તેને આત્મા ગુપ્ત અપ્રાપ્ય રહેતો નથી. એ આત્મા પ્રગટ થયા વિના રહે નહિ. આહા..હા..! ભારે વાતું છે આવી. આવો ધર્મ ! બહુ સૂક્ષ્મ ! ભાઈ ! વસ્તુ તો એવી છે, ભાઈ ! એણે બહારથી માની લીધું છે, એથી કરીને એને કાંઈ આત્મા પ્રાપ્ત થાય એમ છે નહિ. આહા..હા..!

પ્રભુની ભક્તિ કરીએ તો આત્માનું જ્ઞાન થાય, એ વાત તદ્દન ખોટી છે. રામ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામ... મરામ... એમ થઈ જાય અંદરથી. એ રામના વિકલ્પો છે એ વિકાર છે. વીતરાગ... વીતરાગ જિનેશ્વરદેવ એ પણ એક વિકલ્પ રાગ છે, બાપુ ! તને ખબર નથી. આહા..હા..! એ રાગ જેને પોષાતો નથી અને જેને ભગવાન આત્મા પોષાય છે એને આત્મા અપ્રાપ્ત ગુપ્ત રહેતો નથી. એને પર્યાયમાં પ્રગટ થયા વિના રહેતો નથી. આહા..હા..! આવું છે.

**‘જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ?’** છે ? અંદર જાગતો ચૈતન્ય સ્વરૂપ પ્રકાશની મૂર્તિ, ચૈતન્યના પ્રકાશની મૂર્તિ જાગતો જાગતો જીવ છે, ઊભો છે એટલે ધ્રુવ છે. ચૈતન્યજ્યોતિ જાગતો જીવ ધ્રુવ છે, એ ક્યાં જાય ? આહા..હા..! આ બધા શબ્દ ‘અધ્યાત્મ પિયૂષ’માં મૂક્યા છે. નહિ ? ઉપર પહેલું મૂક્યું છે. આપ્યું છે ને ? ભાઈ ! એમાં આપ્યું છે. આહા..હા..! જાગતો જ્ઞાયક–જાણક ચૈતન્યબિંબ પ્રભુ ! પ્રજ્ઞા બ્રહ્મ. આહા..! એ પ્રજ્ઞા–જ્ઞાનસ્વરૂપ જાગતી ચીજ છે. એ જાગતો જીવ ઊભો છે, ધ્રુવ છે. એ ક્યાં જાય ? એ પર્યાયમાં આવે ? રાગમાં આવે ? આહા..હા..! એવું જેને અંદરમાં ભાન થાય, એ **‘જરૂર પ્રાપ્ત થાય જ.’** ધ્રુવ જાગતો જીવ અંદર છે એવી જેને અંતર દૃષ્ટિ થાય એને જરૂર પ્રાપ્ત થાય જ. આહા..હા..! એના જન્મ-મરણ ટળી જાય જ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

⌘ ⌘ ⌘

**પ્રભુ ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના ભાવથી-બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થીને લાભ છે. આવડતના કારણે લોકો માન-સન્માન-સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન-સન્માનના પ્રસંગો નિઃસાર છે. કાંઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂર ભાગી આત્મસન્મુખ જ વળવા જેવું છે. ‘પરમાગમસાર’ બોલ નં.૪૨૨.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આસો સુદ ૮, સોમવાર તા. ૦૯-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૦૬ થી ૩૦૯, પ્રવચન–૧૧૪**

'વચનામૃત'. ૩૦૬નો છેલ્લો બોલ છે. ફરીને. ૩૦૬ બોલ. સૂક્ષ્મ છે, ભાઈ ! આ તો તત્ત્વની વાત (છે). ૩૦૬ બોલ છેલ્લો શબ્દ. **'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ?' 'જાગતો જીવ ઊભો છે...'** શું કહે છે ? ઝીણી વાત છે, પ્રભુ ! જેને સમ્યગ્દર્શન પામવું હોય, ધર્મની પહેલી સીઢી, તો કહે છે કે, પ્રભુ ! જે અંદર આત્મા છે એ જાગતો જીવ ઊભો છે ને. એ શરીર, વાણી, મનથી તો પર છે, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભાશુભ થાય, એનાથી પર છે. એની એક સમયની અવસ્થા છે, એથી જાગતો જીવ ધ્રુવ તો પર્યાયથી જુદો ઊભો છે ને. આહા..હા..! શું કહે (છે) ?

જ્ઞાયક તત્ત્વ, ચૈતન્ય તત્ત્વ, ચૈતન્ય પ્રકાશનું નૂરનું પૂર, ભગવાન જાગ્રત જ્યોત, ઊભો છે ને. ઊભો છે એટલે ધ્રુવ છે ને. ઊભોની અંદર એ છે. આહા..હા..! તું અંતર એક સમયની પર્યાયમાં પર્યાયથી જો કે આ જાગતો જીવ ઊભો છે. જોનાર છે એ જ્ઞાનની વર્તમાન પર્યાય છે. પણ પર્યાયની ખબર (ન હોય), દ્રવ્યની ખબર (ન હોય), બાપુ ! આકરી વાતું છે, બાપુ ! વીતરાગનો માર્ગ.. આહા..હા..! જે વર્તમાન જ્ઞાનની પર્યાય છે, એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે અને એ પર્યાય જાગતો જીવ અંદર છે એને જોવે છે. આહા..! આવી વાત છે.

મુમુક્ષુ :– ઊંઘી ગયેલો જીવ કેવો કહેવાય ?

ઉત્તર :– ઊંઘ્યો છે જ નહિ. એ ત્રિકાળ જાગતી જ્યોત ભગવાન ચૈતન્યપ્રકાશનું નૂર. અરે..! એને ક્યાં ખબર છે કે વસ્તુ અંદર શું છે. જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે, ભાઈ ! પ્રભુ ! તું આત્મા અંદર જાગતી જ્યોત ચૈતન્ય રસનો કંદ છે ને. આહા..હા..! જાગતો એટલે કે કોઈ દિ' ઊંઘતો નથી. એને કોઈ દિ' નિદ્રા નથી. આહા..હા..! એના સ્વભાવમાં કદી અશુદ્ધતા નથી, એના સ્વભાવમાં કદી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અપૂર્ણતા નથી, એના ત્રિકાળી જાગતી જ્યોતને કદી આવરણ નથી. આહા..હા..! આકરી વાત, ભાઈ ! વીતરાગ માર્ગને સમજવો એ બહુ અલૌકિક વાતું છે. આ ક્રિયાકાંડ કર્યા આ દયા પાળી વ્રત કરી ને ભક્તિ એ તો બધી શુભરાગની ક્રિયાઓ છે. એ કાંઈ ધર્મ નથી ને ધર્મનું કારણ પણ નથી.

મુમુક્ષુ :- એ કરતા કરતા થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કરતાં કરતાં, ઝેરને પીતા પીતા કસ્તુરીનો ઓડકાર આવે એવું છે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે તો એ રાગની ક્રિયા કરતાં કરતાં ધર્મ થાય. આહા..હા..! લોકોને ખબર નથી, બાપુ ! માર્ગની ખબર નથી. આહા..હા..! આ તો માટી-ધૂળ છે, એનાથી તો પ્રભુ જુદો છે પણ કર્મના આઠ રજકણો છે, એનાથી તો ભગવાન અંદર જુદો છે અને અંદર પુણ્ય અને પાપના વિકલ્પો થાય છે એ તો વિકૃત વિકારી વિભાવ દશા છે. એ કાંઈ આત્મામાં નથી અને આત્મા એમાં નથી. આહા..હા..! એને વિભાવને જાણનારી વર્તમાન જ્ઞાન અવસ્થા છે, એ જ્ઞાન અવસ્થામાં આખું દ્રવ્ય નથી. આખું તત્ત્વ જે આત્મતત્ત્વ છે એ એક અંશમાં તત્ત્વ નથી. આહા..હા..! આવી વાતું મોં માથા વિનાની વાતું લાગે લોકોને. શું થાય ? ભાઈ ! આહા..હા..!

કહે છે કે એક સમયની જે જ્ઞાનની પર્યાય છે ને અત્યારે પ્રગટ, એ પર્યાયમાં આખું દ્રવ્ય આવ્યું નથી, દ્રવ્ય જે વસ્તુ છે એ તો જાગતી જ્યોત ચૈતન્યમૂર્તિ ધ્રુવ ઊભો છે કાયમ. આવી વાત છે, ભાઈ ! શું થાય ? ભાષા તો ઘણી ટૂંકી છે પણ જાગ્રત જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ છે, ત્રિકાળ છે, ત્રિકાળ છે. એ જાગતી જ્યોત પ્રભુ ! ઊભો છે ને. એટલે ? ધ્રુવ છે ને. એટલે ? અવિનાશી તત્ત્વ છે ને એ. આહા..હા..! એ તત્ત્વ તો પરિણમતું પણ નથી. પરિણમે છે એ પર્યાય છે. આહા..હા..! હવે આવી વાતું આકરી પડે. શું થાય ? એ જાગતો જ્ઞાયક સ્વભાવ, જાણક સ્વભાવનો પિંડ પ્રભુ ઊભો છે ને આમ ધ્રુવ છે ને. પ્રભુ ! ત્યાં નજર કર. આહા..હા..! તને ભગવાન આત્મા હાથ આવશે. ત્યારે તો તને સમ્યગ્દર્શન થશે. આવી વાત છે.

**'જાગતો જીવ ઊભો છે ને...'** હિન્દીમાં હૈ લેવું. **'તે ક્યાં જાય ?'** આહા..હા..! ધ્રુવ સ્વરૂપ જાગ્રત જ્ઞાયક સ્વરૂપ એ ક્યાં જાય ? ક્યાં એ રાગમાં આવે ? ક્યાં શરીરમાં આવે ? ક્યાં એક સમયની એની પર્યાય, એમાં આવે ? આહા..હા..! જાગતો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



જીવ ધ્રુવ છે ને. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ સત્. સમજાણું કાંઈ ? આહા..હા...! આ છેલ્લા શબ્દની વાતું છે ને ? ભાઈના છોકરાએ માગ્યું હતું. એ વાત. આહા..! અહીં તો પરમાત્માની વાણી છે એ આ છે. આહા..હા..! છેલ્લો શબ્દ છે ને ? જાગતો જીવ, જ્ઞાયક જીવ, જાણનાર જીવ, જ્ઞાતા જીવ, દૃષ્ટા જીવ, આહા..હા..! એ ધ્રુવ છે ને. તે ક્યાં જાય ? ધ્રુવ ક્યાં જાય ? ધ્રુવ ક્યાં પલટન પર્યાયમાં આવે ? ધ્રુવ ક્યાં શરીરમાં આવે ? આહા..હા..! ધ્રુવ ક્યાં દયા, દાનના રાગમાં, વિકલ્પમાં આવે ? ધ્રુવ તો ઊભો છે, ધ્રુવ ત્રિકાળ છે. આહા..હા..!

**'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય જ.'** જો ત્યાં ધ્રુવ છે ત્યાં નજર કર તો તને પ્રાપ્ત થાય, પ્રભુ ! આહા..હા..! આકરું કામ. આવી વાતું છે. અગિયારમી ગાથામાં કહ્યું ને ? **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** એ આ શબ્દ છે. ભૂતાર્થ ત્રિકાળી ભગવાન જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ, ઉત્પાદ-વ્યયની પર્યાય છે એનાથી પણ ભિન્ન. દયા, દાનના, રાગના વિકલ્પથી તો ભિન્ન છે, પણ તે સમયની પર્યાય છે તેટલી પર્યાયમાં તે નથી, તેનાથી ભિન્ન વસ્તુ છે. આહા..! એ જાગતી જ્યોત ધ્રુવ છે, એ ક્યાં જાય ? શેમાં આવે ? શેમાં સમાય ? આહા..હા..! ક્યાં જાય ? ધ્રુવ છે ત્યાં નજર કર, જરૂર તને ધ્રુવની પ્રાપ્તિ થાશે, ભાઈ ! આહા..હા..! તારા સમ્યગ્દર્શનમાં ધ્રુવ ઉપર નજર કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહા..હા..!

મુમુક્ષુ :- ધ્રુવ તો અહીં તારામાં દેખાય.

ઉત્તર :- એ ધ્રુવ (નહિ), એ ધ્રુવને શું કહેવું છે ? એ ધ્રુવને લક્ષે તો આગબોટ ચાલે, આ ધ્રુવને લક્ષે તો સમ્યગ્દર્શન થાય. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? ભાઈ ! અત્યારે તો એવા ગોટા ઉઠ્યા છે ને.

મુમુક્ષુ :- કેવા ગોટા ઉઠ્યા છે ?

ઉત્તર :- આ રાગથી ધર્મ થાય ને દયા, દાનથી ધર્મ થાય ને વ્રત પાળો તો ધર્મ થાય ને અપવાસ કરો તો ધર્મ થાય. એ તો બધી રાગની ક્રિયા છે, પ્રભુ ! તને ખબર નથી. એ તો વૃત્તિનું ઉત્થાન છે. એમાં સ્વરૂપ ક્યાં છે ? આહા..હા..! બે કાગળ આવ્યા હતા. આ ફરીને વાંચશે, ભાઈ ! બહુ ખુશાલી બતાવે છે. ઓલું પાર્સલ મોકલ્યું છે ને અહીંથી ? ચારસોનું પહોંચી ગયું અને મફત મોકલ્યું એટલે તો બહુ ખુશી થયો. ઓહો..હો..! અને ત્યાં 'જાલના'માં સ્થાનકવાસીના સાધુનું ચોમાસુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. આનંદ ઋષી, સ્થાનકવાસીના આચાર્ય છે અને એને માણસો 'બેંગલોર', 'હૈદ્રાબાદ' ત્યાં અમે ગયા હતા ને ? માણસો બહુ આવતું. એ લોકો આવે છે બહુ. એટલે કે મારી પાસે દર્શન કરવા આવે છે. સ્થાનકવાસીના સાધુ પાસે જાય એટલે આ દિગંબર દેખાય ને ? આવે છે અને મારી પાસે આવીને... બિચારાએ એમ તો ઓલામાં લખ્યું હતું કે મારામાં કાંઈ ગુણ તો છે નહિ. પણ એ આવે છે એ બધા 'ચંપાબહેન'નું પુસ્તક માગે છે. બહાર પ્રસિદ્ધ થઈ ગયા. ન્યાં તેરાપંથી પણ છે ત્યાં. સ્થાનકવાસીના તેરાપંથી છે ને એ ? તુલસી. એનો પણ પંથ છે, દિગંબર છે, શ્વેતાંબર છે, સ્થાનકવાસી છે. એમ આણે જે આ બહેનના પુસ્તકોનો પ્રચાર કર્યો, એ માગણી કરે છે. શું છે આ ? અરે..! ભાઈ ! એ વસ્તુ છે એ તત્ત્વની વસ્તુ છે. આહા..હા..! સમ્યગ્દર્શન પ્રથમ કેમ પમાય એની રીત અને પદ્ધતિ શું ? એ છે આ. આહા..હા..!

ચારિત્ર તો પછી સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં રમણતા કરે તેને ચારિત્ર કહીએ. ચારિત્ર કોઈ આ દેહની ક્રિયા, નગ્ન અને પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ છે બધા, એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! ચરવું એ તો (અલૌકિક વાતું છે).

પહેલી જાગ્રત જ્યોત, ચૈતન્યના તેજથી ભરેલો ભગવાન ધ્રુવ છે ને. જરૂર પ્રાપ્ત થશે. પ્રભુ ! ત્યાં તું જા નજર કર, તને પ્રાપ્ત થશે. આહા..હા..! તારી નજરમાં રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ અને શરીર આદિ પર ઉપર તારી નજરું છે, એ પ્રભુ ! નજર ફેરવ. એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. પર્યાયનો, હોં ! એ સ્વ-પરપ્રકાશકમાં સ્વને પ્રકાશતો નથી અને એકલા પરને પ્રકાશે કે રાગ છે ને પુણ્ય છે ને શરીર છે ને બાયડી છે ને બધું છ દ્રવ્ય છે, એ તો પરપ્રકાશક થયું. એ જ્ઞાનની પર્યાય મિથ્યા થઈ. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય જેની છે ધ્રુવની, એને નજરમાં કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. હવે આવી વાતું છે. ત્યારે તો ચોથું ગુણસ્થાન હજી, હોં ! પાંચમું જે આ શ્રાવક-બાવક કહેવાય છે અત્યારના એ તો બધા સમજવા જેવા છે. આહા..હા..! બાપુ ! મારગડા જુદા, ભાઈ ! આહા..હા..!

નિત્યાનંદનો નાથ પ્રભુ ! અવિનાશી વસ્તુ પડી છે ને અંદર. આહા..હા..! ધ્રુવ છે ને ? નિત્ય છે ને ? અખંડ છે ને ? એકરૂપ છે ને ? સામાન્ય છે ને ? આ બધા એના વિશેષણો છે, પ્રભુ ! આહા..હા..! ઝીણી વાત, ભાઈ ! આ તો સમ્યગ્દર્શન પામવાની પદ્ધતિ કઈ, એ વાત છે. આમ માની બેસે કે, દેવ-ગુરુ-શાસ્ત્રને અમે માનીએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છીએ માટે સમ્યગ્દર્શન. એ બધી મિથ્યા વાત છે. એવું તો અનંતવાર કર્યું એ કાંઈ વસ્તુ નથી.

ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા જાગતી જ્યોત જાગ્રત સ્વભાવથી ભરેલો ભગવાન છે. એ જ્ઞાનના સ્વભાવથી ભરેલો દરિયો, સાગર છે. એ છે ને. છે ને. એને નજરમાં લે, તને જરૂર પ્રાપ્ત થશે. એ પર્યાયને ધ્રુવ છે તેની સન્મુખ કર. પર્યાય છે એ ધ્રુવથી અનાદિથી વિમુખ છે. વર્તમાન જ્ઞાનની પર્યાય છે અનાદિથી સ્વ સ્વરૂપથી વિમુખ છે. એ આ રાગને કર્યો ને દયા પાળી અને ભક્તિ કરી એના પરિણામને એ જાણે. આહા..હા..! આમાં કેટલું ભર્યું છે ! પણ તે જ્ઞાનની પર્યાય ધ્રુવ સ્વરૂપ છે, ઊભો છે, નિત્યાનંદ છે, એને જો નજર કરે તો પર્યાયમાં ધ્રુવપણાની પ્રાપ્તિ (થાય). ધ્રુવ પર્યાયમાં આવે નહિ, પણ પર્યાયમાં ધ્રુવનું જેટલું સામર્થ્ય છે એટલું તેના જ્ઞાનમાં, પ્રતીતિમાં આવી જાય. કઈ જાતનો આ તે ધર્મ ! ભાઈ ! જૈનધર્મ તો આ દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા ને કંદમૂળ ન ખાવા ને... એ..ઇ..! અરે..! ભગવાન ! બાપુ ! એ તો

મુમુક્ષુ :– ભગવાનના દર્શન કરવા, પૂજા કરવી...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ પૂજા કરવી, દેરાસરમાં દર્શન કરવા, ભાઈ ! એ બધી વાતું શુભભાવની છે, પ્રભુ !

મુમુક્ષુ :– વરઘોડા કાઢવા.

ઉત્તર :– એ વરઘોડા-બરઘોડા બધા રથયાત્રા. આહા..હા..! આ લોકોમાં તો દેરાવાસીમાં એ કે સિદ્ધચક્રની પૂજા કરો ને આ કરો ને દહન કરો. એ બધી ક્રિયાઓમાં રાગ છે, બાપા ! આહા..! એ રાગ એ ધર્મ નથી.

મુમુક્ષુ :– ... પરસન્મુખનો ભાવ...

ઉત્તર :– એ તો પરસન્મુખ ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ એટલાનો અર્થ થાય છે હજી તો આ, હોં ! ભાષા સાદી છે ને.

જાગતો જીવ ધ્રુવ છે. ઊભો એટલે ધ્રુવ. નિત્ય જાગતી જ્યોત પ્રભુ આત્મા નિત્ય વસ્તુ છે. તે ક્યાં જાય ? ધ્રુવ છે તે નિત્ય છે તે ક્યાં જાય ? આહા..હા..! નિત્ય વજ્રનું બિંબ જેમ હોય... આહા..હા..! એમ જ્ઞાનનું જાગ્રત સ્વરૂપનું બિંબ પ્રભુ છે. અરે..! પણ હજી કોઈ દિ' વિચાર પણ કર્યા ન હોય. આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'જરૂર પ્રાપ્ત થાય જ.'** છે ધ્રુવપણે તે ધ્રુવની પ્રાપ્તની પ્રાપ્તિ થાય જ. છે તેને દૃષ્ટિમાં લેતા... આહા..હા..! તેની જ્ઞાનની પર્યાયમાં છે તેને પર્યાયમાં જાણતા જરૂર પ્રાપ્ત થાય. આહા..હા..! અરે..! આવી વાત છે. આવો ધર્મ હશે ? ભાઈ ! આ તો વસ્તુ છે, બાપા ! શું કરે ? આહા..! ત્રણ લોકના નાથ, 'સીમંધર' ભગવાન પ્રભુ બિરાજે છે, ભરતક્ષેત્રમાં એના વિરહ પડ્યા. અને લોકોએ પોતાની કલ્પનાએ ધર્મના સ્વરૂપ આપ્યા. ભાઈ ! ત્રણ લોકના નાથ 'સીમંધર' પ્રભુ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. આહા..હા..! આ એનો એટલાનો અર્થ થયો. ૨૦ મિનિટ થઈ, હવે ૩૦૭, પછીનો ૩૦૭.

**તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે; તદનુસાર પરિણમતા મોહ ઊભો રહેતો નથી. ૩૦૭.**

**'તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે;...'** શું કહે છે ? ચૈતન્ય તત્ત્વ જે જ્ઞાયક સ્વરૂપ ભગવાન, એનો ઉપદેશ તલવારની ધાર જેવો છે. આહા..હા..! તત્ત્વનો ઉપદેશ જ્ઞાયક સ્વરૂપ ભગવાન એ પુણ્ય-પાપના તત્ત્વથી પણ ભિન્ન. અજીવ આ શરીર, વાણી, કર્મ, માટી એનાથી ભિન્ન. આહા..હા..! એવું જે તત્ત્વ જ્ઞાયક પ્રભુ ! એનો ઉપદેશ અસિધારા જેવો છે, જગતને સહન થવું કઠણ (પડે).

**'તદનુસાર પરિણમતા...'** પણ એ તદ્ અનુસાર (અર્થાત્) જે જ્ઞાયક સ્વરૂપ છે, એને અનુસારે થતાં. આહા..હા..! કર્મના નિમિત્ત અનુસારે થતાં અનાદિથી સંસાર થયો છે. અહીંયા ભગવાન જ્ઞાયક સ્વરૂપ છે તેનો ઉપદેશ કર્યો, હવે એને અનુસરી કરીને... આહા..હા..! **'પરિણમતા મોહ ઊભો રહેતો નથી.'** શું કહે છે ? આ જ્ઞાયક સ્વરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુ અવિનાશી, એ તત્ત્વ ઉત્પન્ન થયું નથી કે કોઈ ઈશ્વરથી ઉત્પન્ન થાય, એમ છે ? તેમ નાશ પામે એવું નથી. આહા..હા..! પર્યાય ઉત્પન્ન થાય અને નાશ થાય, વસ્તુ છે એ ઉત્પન્ન થાય અને નાશ થાય એમ નહિ. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ઓહો..!

**'તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે;...'** તલવારની ધાર જેવો સૂક્ષ્મ છે, કહે છે. **'તદનુસાર પરિણમતા...'** એ જ્ઞાયક ધ્રુવ જાગતી જ્યોતને અનુસરીને થતાં, **'મોહ ઊભો રહેતો નથી.'** આહા..હા..! ભગવાન ચૈતન્ય સ્વરૂપી પ્રભુ ! એને અનુસરીને પરિણમતા, મોહ નામ રાગની એકતા ને રાગ ત્યાં ઊભો રહેતો નથી, તૂટી જાય છે. આહા..હા..! આવું છે. છે ? અર્થાત્ ભૂતાર્થ જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળી એને અનુસરીને થતાં દશામાં દિશા સ્વ તરફ વળીને, તેને અનુસારે થતાં... આહા..હા..! મોહ જે પરને અનુસારે થાય છે એ રહેતો નથી. મિથ્યાત્વનો વ્યય થાય છે, જ્ઞાયકભાવના અનુસરીને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે, એમ કહે છે. આહા..હા..! કેમ કે પ્રભુએ ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્ કહ્યું છે. દરેક તત્ત્વ નવી અવસ્થાથી ઉત્પન્ન થાય, પૂર્વ અવસ્થાથી નાશ થાય, ધ્રુવપણે કાયમ રહે. દરેક પરમાણુ, આત્મા દરેક વસ્તુ.

કહે છે કે આ ભગવાન જ્ઞાયક સ્વરૂપ જે ધ્રુવ છે, તેની ઉત્પાદ-વ્યયની વર્તમાન જે પર્યાય છે એને અનુસરીને થતાં... આહા..હા..! એ જ્ઞાયક સ્વભાવને અનુસરીને સમ્યગ્દર્શન થતાં, મિથ્યા મોહનો નાશ થઈ જાય છે. આહા..હા..! આ મિથ્યાત્વના નાશનો આ ઉપાય છે. આવી વાત છે, ભાઈ ! આહા..! ૩૦૭ બોલ (પૂરો) થયો.

**દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે. 'દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે', 'પર્યાય દ્રવ્યને પહોંચે છે, દ્રવ્ય પર્યાયને પહોંચે છે'-આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતાં મોહ ક્યાં ઊભો રહે ? ૩૦૮.**

૩૦૮. **'દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે.'** શું કહે છે ? ભગવાને છ દ્રવ્ય જોયા. છ વસ્તુ છે ભગવાને જોઈ. એમાં દ્રવ્ય એટલે વસ્તુ એના ગુણ એટલે સ્વશક્તિ અને પર્યાય એટલે અવસ્થા. આહા..હા..! એની પણ ખબર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ન મળે. દ્રવ્ય-ગુણ અને પર્યાય શું ? જે જૈનના એકડાના મીંડાની વાતું છે આ તો હજી. દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે એની શક્તિ-સ્વભાવ, અને પર્યાય એટલે એની અવસ્થા. સમજાય છે ?

જેમ સોનાની સાંકળી-ચેન છે, એ આખી ચીજને દ્રવ્ય કહીએ અને એમાં પીળાશ, ચીકાશ, વજન જે સોનામાં છે, એને ગુણ કહીએ અને એની જે પર્યાય છે કડી, કડી આદિ થાય છે ને ? એ પર્યાય કહીએ. એમ દરેક દ્રવ્ય, ભગવાને છ દ્રવ્ય જોયા. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ કેવળજ્ઞાની પ્રભુએ છ દ્રવ્ય જોયા. અનંતા આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ. એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક આકાશ. એવા છ (દ્રવ્ય) ભગવાને જોયા. આહા..હા..! એ દરેક દ્રવ્ય, વસ્તુ તરીકે દ્રવ્ય છે. આ આંગળી કાંઈ એક ચીજ નથી. આ આંગળી ઘણા રજકણનો પિંડ સ્કંધ છે. એનો એક રજકણ છે એ પરમાણુ.

**'દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને...'** દરેક પદાર્થ પોતાની શક્તિના સત્ત્વના સ્વભાવમાં રહીને **'સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે,...'** આહા..હા..! દરેક પરમાણુ અને દરેક આત્મા ભગવાને કહ્યું કે જે વસ્તુ છે, તે દ્રવ્ય તરીકે છે, એ દ્રવ્ય તરીકે વસ્તુ પોતાના ગુણોમાં રહીને, આત્મા વસ્તુ છે એ જ્ઞાન, દર્શન, આનંદ ગુણોમાં રહીને, આહા..હા..! આવી વાતો છે. કોઈ દિ' સાંભળી ન હોય નવા માણસને એવું લાગે. બાપા ! માર્ગ એવો ઝીણો છે, ભાઈ ! અત્યારે તો વીંખી નાખ્યો. વીતરાગ ત્રિલોકના નાથ એણે જે વસ્તુ કીધી, લોકોને સાંભળવા મળે નહિ, તો અંદર પહોંચી ક્યાંથી શકે ? આહા..હા..! શું કહે છે ?

દરેક પદાર્થ, દ્રવ્ય એટલે વસ્તુ. **'પોતાના ગુણોમાં રહીને...'** જેમ પરમાણુ છે તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ગુણોમાં રહીને, આત્મા છે તે જ્ઞાન, દર્શન, આનંદ ગુણોમાં રહીને. **'સ્વતંત્રપણે...'** પરની અપેક્ષા રાખ્યા વિના **'સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે...'** સ્વયં પોતાની એટલે સ્વયં. સ્વયં **'પર્યાયે પરિણમે છે.'** આહા..હા..! ભગવાન આત્મા દ્રવ્ય-વસ્તુ-છે, એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણો છે. એ અનંત ગુણોમાં રહીને, વર્તમાનની અવસ્થા, પર્યાય, હાલત સ્વતંત્રપણે... આહા..હા..! પોતાની પર્યાયે (પરિણમે છે), પરની પર્યાયે પરિણમે નહિ. આહા..હા..! પોતાના ગુણોમાં રહીને, પોતાની પર્યાયે (પરિણમે છે). આહા..હા..! આવું છે. પોતાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એટલે હિન્દીમાં સ્વયં. સ્વયં ગુણમાં રહીને ભગવાન આત્મા પોતાના જ્ઞાન, દર્શનગુણમાં રહીને વર્તમાન દશાની પર્યાયને, પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. આહા..હા..! કહો, ભાઈ ! હવે સમજાય છે કે નહિ આ ? તમારે તો ન્યાં ક્લાસ જ ચાલે છે. 'નાઈરોબી' ન્યાં તો વાંચન કાયમ ચાલે છે. 'નાઈરોબી' 'આફ્રિકા'. અહીંનું વાંચન ત્યાં કાયમ ચાલે છે. પચ્ચીસ-ત્રીસ વર્ષથી મહાજન લોકો (વાંચે છે). બહુ ચાલે છે અને હમણાં જેઠ સુદ ૧૧ પંદર લાખનું મંદિર કરવાનું. પંદર લાખનું મંદિર કરવાનું વાસ્તુ નાખ્યું છે શું કહેવાય એ ? ખાતમુહૂર્ત. 'આફ્રિકા'. ત્યાં સાંઈઠ ઘર છે. શ્વેતાંબર હતા પણ બધા દિગંબર થઈ ગયા. અને બધા મોટી પાર્ટીઓ છે. આ મોટી પાર્ટી છે અહીં. છે. ભાઈ. સાંઈઠ-સીત્તેર લાખ રૂપિયા છે એની પાસે. એવા તો ઘણાય ન્યાં છે. એ હમણાં પંદર લાખનું જેઠ સુદ ૧૧ 'આફ્રિકા'માં 'નાઈરોબી' શું કહેવાય ? ખાતમુહૂર્ત કર્યું છે. મંદિર થતાં દોઢક વર્ષ લાગશે. આહા..હા..! ત્યાં તો આ વાંચન ચાલે છે. પ્લેનમાં ભગવાનની પ્રતિમા લઈ ગયા છે. આહા..હા..!

મુમુક્ષુ :- પ્લેનમાં પહેલા પ્રતિમા લઈ ગયા છે.

ઉત્તર :- હા, લઈ ગયા છે. ન્યાં ચાલે છે ને, અહીંના શાસ્ત્રનું વાંચન ચાલે છે.

અહીં કહે છે દરેક વસ્તુ, દરેક તત્ત્વ પોતાના ગુણોરૂપી સ્વભાવમાં રહીને, પોતાના શક્તિરૂપી ગુણોમાં રહીને તે દ્રવ્ય સ્વતંત્રપણે પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. આહા..હા..! એ પર્યાયને પ્રાપ્ત કરવા માટે નિમિત્ત ને પરની અપેક્ષા નથી, એમ કહે છે. સ્વતંત્રપણે પોતાની અવસ્થાને પ્રાપ્ત કરે છે.

આ જુઓ પરમાણુ આ, આ પરમાણુ છે માટી છે ને આ, આ કાંઈ એક ચીજ નથી. ટુકડા કરતાં કરતાં છેલ્લો પોઈન્ટ રહે તો એને પરમાણુ કહીએ. એક એક પરમાણુ એવા અનંત પરમાણુ છે. જુઓ ! આ વર્તમાન આ લોહી પર્યાયપણે ઉત્પન્ન છે. આમ આમ ચાલે છે તો પૂર્વની પર્યાયનો વ્યય થાય છે અને આ પર્યાય ઉત્પન્ન થાય અને દ્રવ્ય પરમાણુ ધ્રુવ છે. એ દ્રવ્ય પરમાણુ એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં કાયમ ગુણમાં રહીને, પોતાના ગુણમાં રહીને આ પર્યાયનું પલટવું સ્વતંત્રપણે કરે છે. આત્મા એને હલાવે માટે હલે છે એમ નથી. આ શું કીધું ?

પોતાના ગુણમાં રહીને એ પરમાણુ જે છે આ માટીનો એનો રજકણ જે છે એક એક, આ તો સ્કંધ છે મોટો પિંડ છે માટી, એનો એક એક રજકણ પોઈન્ટ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એટલે છેલ્લો ટુકડો, એ એક પોઈન્ટમાં અનંતા ગુણો છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં. એ અનંત ગુણમાં એ રજકણ પરમાણુ રહીને વર્તમાન અવસ્થાનું આમ ગતિ થવું કે આ પર્યાયપણે, લોહીપણે પરિણમવું એ સ્વતંત્રપણે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો સિદ્ધાંતોની વાતું છે, બાપા ! તત્ત્વની વાસ્તવિક વસ્તુ અત્યારે તો ગુમ થઈ ગઈ બધી. આહા..હા..! અને જિંદગી ચાલી જાય છે.

મુમુક્ષુ :- અત્યારે સજીવન થઈ છે.

ઉત્તર :- આ તો વીજળીને ઝબકારે આયુષ્ય ચાલ્યું જાય છે, ભાઈ ! સમય સમયની સ્થિતિ ચાલી જાય છે. એ ઝબકારો પૂરો ક્યારે થઈ જશે ? એ પહેલાં જો આત્માનું ન કર્યું (તો) રખડી મરશે ચાર ગતિમાં. આહા..હા..! આ સંયોગો મનુષ્યપણાની અવસ્થા મળી એ સંયોગ જ ચાલ્યો જાય છે. આહા..હા..! વીજળીના ઝબકારા જેવી અવસ્થા મળી છે, એ ઝબકારો બંધ થઈ જશે, બાપુ ! આહા..હા..! દેહની સ્થિતિ પૂરી થઈ જશે. આ તો માટી, જડ છે, તું છૂટો પડી જઈશ. તારું શું થશે ત્યાં તને ખબર નથી. આહા..હા..!

અહીં કહે છે '**દરેક દ્રવ્ય...**' એટલે વસ્તુ પોતાના ગુણોમાં રહીને, પોતાની શક્તિરૂપે '**ગુણોમાં રહીને સ્વતંત્રપણે...**' પરની અપેક્ષા રાખ્યા વિના '**પોતાની પર્યાયે...**' પોતાની દશાએ પરિણમે નામ થાય છે. આહા..હા..! '**પર્યાય દ્રવ્યને...**' જરીક સૂક્ષ્મ વાત છે હવે. આત્માની પર્યાય, જ્ઞાનની પર્યાય આદિ એ '**પર્યાય દ્રવ્યને પહોંચે છે,...**' દ્રવ્યને આશ્રયે છે. વર્તમાન પર્યાય દ્રવ્ય એટલે વસ્તુને પહોંચે છે. આવું જ્યાં અંદર વિચાર મંથન ચાલે... આહા..હા..! આત્માની જ્ઞાન પર્યાય વર્તમાન એ દ્રવ્યને પ્રાપ્ત થાય છે અને દ્રવ્ય પોતે વસ્તુ પર્યાયને પ્રાપ્ત થાય છે. આહા..હા..! આવું જ્યાં અંદર મંથન ચાલે (ત્યાં) મોહ ક્યાં ઊભો રહે ? આહા..હા..! શું કહ્યું ? કેવી રીતે ? કે પર્યાય નામ જ્ઞાનની દશા એ દ્રવ્યને પહોંચે છે, દ્રવ્યને લક્ષે થઈ છે અને દ્રવ્ય પર્યાયને પહોંચે છે. એ આત્મા પોતે જ્ઞાનની પર્યાયને પહોંચે છે, પ્રાપ્ત એને લઈને થાય છે. આહા..હા..! આ શરીર, વાણી, મન મુકી દ્યો એકકોર, એ તો પર જડ છે. અહીં તો પર્યાય દ્રવ્યની નિર્મળપણે પરિણમે છે. આહા..હા..! એ '**પર્યાય દ્રવ્યને પહોંચે છે અને દ્રવ્ય પર્યાયને પહોંચે છે...**' આવું જ્યાં અંદર મંથન ચાલે, આહા..હા..!

જાણવાની જે દશા છે ને ? આ અવસ્થા, એ પર્યાય છે. એ અવસ્થા એ પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દ્રવ્યને પહોંચે છે એટલે દ્રવ્યને લક્ષે થાય છે અથવા દ્રવ્યમાંથી થાય છે. આહા..હા..! અને એ દ્રવ્ય છે એ પર્યાયને પહોંચે છે. ઝીણું છે, પ્રભુ ! આહા..હા..! આ જ્યાં અંદરમાં મંથન ચાલે કે આ પર્યાય જે જ્ઞાનનો અંશ વર્તમાન પ્રગટ છે, એ દ્રવ્યને પહોંચે છે. દ્રવ્યમાંથી આવી છે અને દ્રવ્ય પોતે પર્યાયને પહોંચે છે. આહા..હા..! જે જ્ઞાનની પર્યાય વર્તમાન છે, જાણે છે ને ? આ શરીર છે, આ રાગ છે આદિ જાણે છે ને ? એ જાણવાની પર્યાય દ્રવ્યની છે માટે દ્રવ્યને પહોંચે છે, દ્રવ્યને આશ્રયે થઈ છે. આહા..હા..! અને એ દ્રવ્ય વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે છે. આવું જ્યાં અંદરમાં મંથન ચાલે ત્યાં મોહ કેમ રહે ? અરે..રે..! શું કહે છે ?

મુમુક્ષુ :– એવું મંથન તો પર સન્મુખતા છૂટે ત્યારે થાય ને ?

ઉત્તર :– પણ એ સન્મુખતાની જ વાત છે, સ્વ સન્મુખતાની આ વાત છે. ત્યાં દ્રવ્ય લીધું ને કે આ દ્રવ્ય પર્યાય છે, આ પર્યાય આને પહોંચે છે, ત્યાં પરની વાત તો રહી નહિ. જે આ પર્યાય છે એ દ્રવ્યને પહોંચે એ તો અહીં અંદર રહી ગયું અને આ દ્રવ્ય છે ને આ પર્યાય છે, એ તો અંદર ને અંદર વાત થઈ, પરની સાથે સંબંધ કાંઈ છે નહિ. આહા..હા..!

એ ચેન, ચેન હોય છે ને ? એની જે પર્યાય હોય છે ને ? કડી આદિ. એ પર્યાય છે તે ખરેખર એ દ્રવ્યની છે, એના દ્રવ્યની છે, કોઈની નથી અને એ ચેન દ્રવ્ય છે તે પર્યાયમાં પ્રાપ્ત થાય છે. એ કાંઈ બીજી પર્યાયથી, બીજાથી પર્યાય પ્રાપ્ત થાય છે એમ નથી. એ દ્રવ્ય પોતે પર્યાયને પ્રાપ્ત કરે છે, આવી વાતું છે, બાપા ! સમજાય એટલું સમજવું. પ્રભુ ! આ તો વીતરાગનો માર્ગ ગહન છે.

મુમુક્ષુ :– બધું સમજવું છે.

ઉત્તર :– બધું સમજે છૂટકો છે, બાપુ ! તે વિના જન્મ-મરણ તારા નહિ મટે. મરી ગયો અનંત કાળથી અવતાર કરી કરીને, ભાઈ ! અનંતા અવતાર કર્યા. કીડાના, કાગડાના, કુતરાના, નરકના, સ્વર્ગના, મનુષ્યના, નિગોદના જીવ પ્રભુ કહે છે, લસણ ને ડુંગળી, એની એક કટકીમાં અસંખ્ય તો શરીર, અનંત જીવ એક એક શરીરમાં, એક શ્વાસમાં અઢાર ભવ કરે. આહા..હા..! એવા એવા અનંત વાર અઢાર ભવ કર્યા, ભાઈ ! તને ખબર નથી, આહા..હા..! ખબર નથી એટલે નથી, એમ કેમ કહેવાય ? ભાઈ ! આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એવા અનંત ભવને ટાળવા. જેમાં ભવ ને ભવનો ભાવ નથી એવા દ્રવ્યનું લક્ષ કરીને દ્રવ્ય પરિણમે અને એ પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત થાય. આહા..હા..! સમજાણું કાંઈ ? એ જ્ઞાનની પર્યાય છે તે જ્ઞાનગુણ ને દ્રવ્ય તેનાથી થઈ છે અને એ પર્યાય એને પહોંચે છે એટલે કે એના લક્ષમાં જાય છે અને એ દ્રવ્ય છે એ પર્યાયને પહોંચે. આમ પર્યાય દ્રવ્યને પહોંચે, દ્રવ્ય પર્યાયને પહોંચે એમ પરથી પૃથકથી આ રીતે જ્યારે ધારા ચાલે. આહા..હા..! આવું છે, ભગવાન !

**'આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે...'** આહા..! આવી આવી સૂક્ષ્મતાને. પોતામાં દ્રવ્યની પર્યાય જે છે એ દ્રવ્યને પહોંચે ત્યાં એનું લક્ષ જાય અને એ દ્રવ્ય પર્યાયને પહોંચે એવું જ્યાં લક્ષ જાય. આહા..હા..! **'યથાર્થપણે ખ્યાલમાં લેતાં મોહ ક્યાં ઊભો રહે ?'** આહા..હા..! ઝીણી વાત તો છે પણ... મોહ નામ મિથ્યાત્વ ભાવ. રાગ મારો છે ને શરીર મારું છે ને રાગથી ધર્મ થાય, એવો જે મિથ્યાત્વ ભાવ. એની વર્તમાન પર્યાયને અંદરમાં દ્રવ્યને પહોંચે ને દ્રવ્ય પર્યાયને પહોંચે એવી સૂક્ષ્મતાના ભાવમાં આહા..હા..! **'સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતાં...'** મિથ્યાત્વ કેમ રહે ત્યાં ?

મુમુક્ષુ :- યથાર્થપણાનો અર્થ શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- યથાર્થપણે. પર્યાય છે એ દ્રવ્યને પહોંચે, દ્રવ્ય પર્યાયને પહોંચે યથાર્થપણે. એમ ને એમ ધારણામાં લઈ લે એમ નહિ. આહા..હા..! જ્ઞાનની પર્યાય દ્રવ્ય, ગુણ સ્વરૂપ ભગવાન આત્મા તેને પહોંચે છે એટલે એના લક્ષમાં જાય છે એના લક્ષે જાય છે, એના લક્ષે થાય છે. અને દ્રવ્ય છે એ જ્ઞાનની પર્યાયને પહોંચે છે. એ તો એમાં ને એમાં રહ્યું. એ વિચારધારા દ્રવ્ય અને પર્યાયના અભેદમાં રહી. આહા..હા..! સૂક્ષ્મ ઉપયોગ કરતાં... આ પર્યાય છે એ લક્ષમાં આવે ક્યારે ? સૂક્ષ્મ ઉપયોગ કરતાં. આહા..! આ પર્યાય છે એ દ્રવ્યને પહોંચે છે. પર્યાયને લક્ષમાં લીધી ત્યાં સૂક્ષ્મ ઉપયોગ થયો. સમજાણું કાંઈ ?

આવો માર્ગ. ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો માર્ગ તો અત્યારે અજબ-ગજબનો છે પણ લોકોને સાંભળવા મળે નહિ. એમ ને એમ જિંદગી ચાલી જાય છે, બાપા ! આહા..! મનુષ્યનો ભવ ઝબકારા જેવો મળ્યો એ હાલ્યો જાય છે, ભાઈ ! એ પૂરો થઈ જશે, પ્રભુ ! આહા..હા..! એમાં જો આ આત્માનું કાંઈ ન કર્યું એ ક્યે સમયે, ક્યારે કરશે ? પ્રભુ ! આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અહીંયા તો એમ કહ્યું કે પરદ્રવ્ય અને પર ગુણના વિચારો છોડી દઈ અને સ્વદ્રવ્યની પર્યાય જે અવસ્થા છે એ આ દ્રવ્યની છે એટલે દ્રવ્યને પહોંચે છે, એનો અર્થ ઇ અને એ પર્યાય છે તેને એ દ્રવ્ય વસ્તુ છે તે તેને પહોંચે છે, પ્રાપ્ત કરે છે. આહા..હા..! એવી જ્યાં સૂક્ષ્મ ધારા વહે,... આહા..હા..! ત્યાં મોહ–મિથ્યાત્વ કેમ રહી શકે ? આહા..હા..! ઝીણી વાતું છે, પ્રભુ ! આહા..!

આ શરીર, વાણી, મન તો આ બધા પર, જડ છે, માટી છે. આની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. આ તો પર ચીજ છે. એની પર્યાય પણ ખરેખર તો આ શરીરની પર્યાય છે એ પર્યાય એના પરમાણુથી થઈ છે અને એ દ્રવ્ય એ પર્યાયને પહોંચી વળે છે. આત્માએ રાગ કર્યો માટે આ હલ્યું, બિલકુલ હરામ છે. આહા..હા..! આવી વાતું છે. ધીરાના કામ છે, બાપા ! આહા..!

અંતર ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયક સ્વભાવનો પિંડ પ્રભુ, એની વર્તમાન જ્ઞાનદશા તે તેનાથી થઈ છે એટલે તેને પહોંચી વળે છે. કેટલો સૂક્ષ્મ ઉપયોગ, ભાઈ ! અને તે દ્રવ્ય જ્ઞાયક તે પર્યાયને પ્રાપ્ત કરે છે, એને પહોંચી વળે છે. આહા..હા..! આવું અંદરમાં જ્યાં પર્યાય ને દ્રવ્ય ને દ્રવ્ય ને પર્યાય આટલો વિચારમાં (રોકાય). આહા..હા..! વિકલ્પ વિનાનો વિચાર આ તો છે, હોં ! આહા..હા..! ઝીણી વાતું, પ્રભુનો માર્ગ બહુ (સૂક્ષ્મ છે). આહા..હા..!

**‘આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં...’** યથાર્થપણે ખ્યાલમાં લેતા. એમ ને એમ ધારણા કરી લીધી છે એમ નહિ, એમ કહે છે. ધારણામાં તો આ પર્યાય આને પહોંચે અને દ્રવ્ય આને પહોંચે એવી ધારણા તો અનંતવાર કરી છે પણ તે પર્યાયને પ્રાપ્ત થયો નથી. આહા..હા..! ધારણાનું જ્ઞાન એને ખ્યાલમાં તો આવ્યું છે કે આ દ્રવ્ય તે પર્યાયને પહોંચે, પર્યાય તે દ્રવ્યને પહોંચે, એ તો ધારણાના જ્ઞાનમાં આવ્યું છે, એના અનુભવમાં આવ્યું નથી. આહા..હા..! શું કહ્યું ઇ ?

શાસ્ત્ર ભણ્યો એમાં આ આવ્યું નથી ? આ વાત (નથી આવી) ? કે પર્યાય દ્રવ્યથી થાય ને દ્રવ્ય પર્યાયને પહોંચે. એ શાસ્ત્રમાં ભણતર કર્યું ત્યારે એણે યાદ કર્યું નથી ? એ નહિ. પણ અંદરમાં એ પર્યાય દ્રવ્યને પહોંચે ને દ્રવ્ય પર્યાયને પહોંચે એમ અંદરમાં યથાર્થપણે ખ્યાલમાં લેવું. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. આવી વાતું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એટલે શું કહ્યું ? કે વર્તમાન પર્યાય જે રાગ વિનાની છે એ પર્યાય... રાગ છે એ તો પરના નિમિત્તના લક્ષે થાય છે, પણ અહીં તો સ્વના લક્ષે થયેલી પર્યાય, એ જ્ઞાન પર્યાય... આહા..હા..! એ દ્રવ્યને લક્ષે (થઈ) છે, એને દ્રવ્યનો આશ્રય છે. અને દ્રવ્ય જે વસ્તુ છે એ એની પર્યાય પોતાની જે જ્ઞાન છે, શ્રદ્ધા છે એને પ્રાપ્ત થાય છે. આટલો જ્યાં સૂક્ષ્મ ઉપયોગ કામ કરે ત્યાં મોહ ટકી શકે નહિ. આહા..! આ કઈ જાતની ... એવું લાગે. નવા માણસને એવું લાગે. આ વીતરાગનો માર્ગ આવો હશે ? એના માર્ગમાં છ કાયની દયા પાળવી, આ પૂજા કરવી, મંદિર બનાવવા ને ભક્તિ કરવી ને વ્રત કરવા ને એવું તો અમે સાંભળ્યું છે, આ વળી ક્યાંથી કાઢ્યું નવું ? નવું નથી, પ્રભુ ! આહા..હા..! એ અંતરના માર્ગની રીત, ભાઈ ! જુદી જાતની છે. આહા..! ઘણી સાદી ભાષામાં... ૩૦૮ (બોલ પૂરો થયો).

**બકરાંના ટોળામાં રહેતું પરાક્રમી સિંહનું બચ્ચું પોતાને બકરીનું બચ્ચું માની લે પણ સિંહને જોતાં અને તેની ગર્જના સાંભળતાં 'હું તો આના જેવો સિંહ છું' એમ સમજી જાય અને સિંહપણે પરાક્રમ ફોરવે, તેમ પર અને વિભાવની વચ્ચે રહેલા આ જીવે પોતાને પર અને વિભાવની વચ્ચે રહેલા આ જીવે પોતાને પર અને વિભાવરૂપ માની લીધો છે પણ જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતાં તે જાગી ઊઠે છે-'હું તો જ્ઞાયક છું' એમ સમજી જાય છે અને જ્ઞાયકપણે પરિણમી જાય છે. ૩૦૯.**

૩૦૯. '**બકરાંના ટોળામાં રહેતું પરાક્રમી સિંહનું બચ્ચું...**' છે ? બકરાંના, ઘેટાના ટોળામાં પરાક્રમી સિંહનું બચ્ચું આવી ગયું ભેગું. '**પોતાને બકરીનું બચ્ચું માની લે પણ સિંહને જોતાં...**' એ બચ્ચું જ્યાં સિંહને જોવે, '**અને તેની ગર્જના સાંભળતાં...**' ગર્જના કરે સિંહ ત્યાં સાંભળતા એને (એમ થાય)... ઓહો..! છે ? '**હું તો આના**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જેવો સિંહ છું...'** આહા..હા..! **'બકરાંના ટોળામાં રહેતું પરાક્રમી સિંહનું બચ્ચું, પરાક્રમી સિંહનું બચ્ચું પોતાને બકરીનું બચ્ચું માની લે પણ સિંહને જોતાં...'** સિંહનું શરીર, સિંહની ગર્જના. ઓહો..! આ છે એવો હું સિંહ છું. આ ગર્જના કરે છે એ હું સાંભળી શકું છું, બકરાં નહિ સાંભળે. સિંહની ગર્જના બકરાં સાંભળતા રાડ નાખીને ભાગી જાય. આહા..! **'સિંહપણે પરાક્રમ ફોરવે,...' 'હું તો આના જેવો સિંહ છું એમ સમજી જાય અને સિંહપણે પરાક્રમ ફોરવે.'** સિંહ છું, હવે બકરાંના ટોળામાં રહી શકું નહિ. હું તો જંગલનો, વનનો સિંહ છું, વનનો રાજા. આહા..હા..! મને મારી ખબર નહોતી. આ સિંહ આવ્યો તો ખબર પડી કે ઓહો..! આ તો આની જાત ને મારું શરીર એક જાત છે, ગર્જના કરે છે પણ મને દુઃખ લાગતું નથી, હું ડરતો નથી. આહા..હા..! **'એમ સમજી જાય અને સિંહપણે પરાક્રમ ફોરવે તેમ,...'** એ દૃષ્ટાંત થયો.

**'પર અને વિભાવની વચ્ચે રહેલા...'** પર એટલે શરીર, વાણી, કર્મ અને વિભાવ એટલે પુણ્ય-પાપના ભાવ. એ બધા બકરાંના ટોળામાં છે એ. આહા..! પર અને વિભાવ બે. પર એટલે શરીર, કર્મ, વાણી, સ્ત્રી, કુટુંબ એ બધા પર અને વિભાવ–પુણ્ય ને પાપના ભાવ એ વિભાવ, વિકાર. એમાં વચ્ચે રહેલા આ જીવને, **'આ જીવે પોતાને પર અને વિભાવરૂપ માની લીધો છે...'** પોતાને પર અને વિભાવ, શરીર હું છું, બાયડી હું છું, કુટુંબ મારા છે, મારો દીકરો છે, મારી બાયડી છે, આ શરીર મારું છું અને રાગ મારો છે. અંદર રાગ થાય છે ને ? પુણ્ય-પાપનો ભાવ એ રાગની **'વચ્ચે રહેલા જીવે પોતાને પર અને વિભાવરૂપ માની લીધો છે...'** આહા..હા..! એ બકરાના ટોળામાં ઊભો છે એ. આહા..હા..! સૌની સાથે રાગ કરે. આ રાગ કરે છે, જુઓને ! આ રાગ કરે, ફલાણું કરે છે, હું પણ કરું છું. આહા..હા..!

**'એ પરને વિભાવરૂપ માની લીધો છે પણ જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતાં...'** ભગવાન ને ગુરુની વાણી સાંભળે કે તું તો ત્રણ લોકનો નાથ ભગવત્ સ્વરૂપ છો, પ્રભુ ! આહા..હા..! આ વિભાવમાં રહેલો છતાંય તું તો આનંદનો નાથ છો, એ વિભાવ તારું સ્વરૂપ નહિ. આહા..હા..! પુણ્ય-પાપ, દયા-દાન, વ્રતાદિના પરિણામ એ તારું સ્વરૂપ નહિ. આહા..હા..! ભારે આકરું. **'પર અને વિભાવરૂપ માની લીધો પણ જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર, મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી...'** એનો અર્થ ઇ છે કે ગુરુ ને વીતરાગ પરમાત્મા ને એનો સિદ્ધાંત એના મૂળ સ્વરૂપને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



બતાવે છે. આહા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- મૂળ સિદ્ધાંત એટલે શું ?

ઉત્તર :- મૂળ શાસ્ત્ર જે છે પરમાગમ, વીતરાગની વાણી નીકળી એ પણ આમ કહે છે કે ત્રિકાળી તારું ધ્રુવ તત્ત્વ ભિન્ન છે. ગુરુ પણ એમ કહે છે, દેવ સર્વજ્ઞની વાણીમાં એ આવ્યું છે. આહા..! ભિન્ન (છો), પ્રભુ ! એ વિભાવ ને પરથી તું ભિન્ન છો. વિભાવ ને પર તેં તારા માન્યા છે, એ વસ્તુ તારી નહિ. આહા..હા..!

**'જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી...'** એટલે ગુરુ આવ્યા, એની વાણી એટલે આગમ આવ્યા, એ વીતરાગની વાણી ગુરુ કહે. ઇ પહેલું આપણે આવી ગયું છે, 'સમયસાર'માં **'તે જાગી ઉઠે છે...'** એને સાંભળે છે. એને વાણીએ કહ્યું, પરમાત્માએ ત્રિલોકનાથ તીર્થંકર દેવની વાણી એને સંતોએ, ધર્માત્મા મુનિઓએ વાણીમાં કહ્યું પ્રભુ ! તું પૂર્ણ સ્વરૂપ (છો), તારું (સ્વરૂપ) ભિન્ન છે. વિભાવની સાથે એકત્વ તેં માન્યું છે એમ નથી. પર સાથે, પર મારા એમ માન્યું એમ નથી. આહા..હા..! અંદર ચૈતન્યજ્યોત મૂળ સ્વરૂપ એનું રાગ ને પરથી તદ્દન ભિન્ન છે. એવી ગર્જના વીતરાગની, વાણીની સાંભળી. સિંહ ગર્જના કરે ને આમ. આહા..હા..!

**'હું તો જ્ઞાયક છું...'** હું જાણનારું છું, જાગતી જ્યોત છું. **'એમ સમજી જાય છે અને જ્ઞાયકપણે પરિણમી જાય છે.'** જ્ઞાયક જાણનાર તે હું એમ અનુભવ કરતાં જ્ઞાયકપણે પરિણમી જાય છે, એનું નામ ધર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

---

**ભાઈ ! તું ચેતીને રહેજે, મને આવડત છે-એમ આવડતની હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહીં. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી પણ આત્માની અધિકતા કરી નહીં. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ. માથે ટોકનાર ગુરુ જોઈએ. 'પરમાગમસાર' બોલ નં.૪૨૧.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આસો સુદ ૯, મંગળવાર તા. ૧૦-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૧૦ થી ૩૧૧, પ્રવચન–૧૧૫**

**ચૈતન્યલોક અદ્ભુત છે. તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી. રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી. જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં આ નિજ ઋદ્ધિને તથા બધાને જાણે. તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે. અંદર રહીને બધું જાણી લે છે, બહાર ડોકિયું મારવા જવું પડતું નથી. ૩૧૦.**

'**ચૈતન્યલોક અદ્ભુત છે.**' શું કહે છે ? આ ચૈતન્યલોક અદ્ભુત છે. જેમાં અનંત આનંદ ને રમણીય શાંતિ આદિ ગુણો ભર્યા છે. આહા..! આકાશના પ્રદેશથી પણ અનંતગુણા ચૈતન્યલોકમાં એવી શક્તિઓ ગુણ ભર્યા છે. આહા..હા..! એને જો ને, એને અવલોકન કર ને. આહા..હા..! અનંત લોક છે, અનંત લોક છે. આકાશ, આકાશ લોક છે, આકાશમાં પણ અનંત ગુણ છે તે આકાશ લોક છે. પરમાણુ પણ જડ લોક છે. એક રજકણ, અનંત રજકણનો આ તો પિંડ દેખાય છે. પ્રભુ ! એનો એક પોઈન્ટ છે એ પણ અનંત ગુણનો અજીવ જડ લોક છે. લોક્યન્તે ઇતિ લોક. જેમાં અનંતા ગુણો જાણવામાં આવે છે. માટે તે જડ પરમાણુ પણ (જડનો લોક છે). આ ગજબ વાતું, બાપા ! એ સર્વજ્ઞ સિવાય ક્યાંય (છે નહિ). આહા..હા..!

ચૌદ બ્રહ્માંડ લોક છે એમાં તો અનંતા દ્રવ્યો છે તેથી એને લોક કહેવામાં આવ્યો. અને ખાલી ભાગને અલોક કહ્યો. ત્યાં લોકયન્તે... બીજા દ્રવ્યો નથી એક આકાશનું આખું દ્રવ્ય પણ નથી, એક ભાગ છે. આહા..હા..! એથી એને અલોક (કહ્યું). લોકયન્તે એ લોક ત્યાં ન આવ્યો. આહા..હા..! કેમ કે એમાં અલોકમાં પૂર્ણ દ્રવ્ય એકેય નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! આ લોકમાં પૂર્ણ લોક, એક એક દ્રવ્ય પૂર્ણ અનંત ગુણથી લોક ભરેલો (છે). એક એક પરમાણુ.. ભાઈ ! શું કહે છે આ ? આહા..હા..! એવા રજકણો તો આ દળના દળ ભર્યા છે ને. એક પરમાણુ અજીવ લોક છે. કેમ કે એમાં આકાશના પ્રદેશથી પણ અનંત ગુણા ગુણ છે, માટે અજીવ જડ લોક છે.

આકાશ પણ જેના પ્રદેશથી અનંત ગુણા ગુણ એમાં છે, એથી તે આકાશ લોક છે. આહા..હા..! ભગવાન ચૈતન્યલોક છે. આહા..હા..! જેમાં આકાશના પ્રદેશથી પણ અનંત... અનંત... અનંત... અનંત... રમણીય આનંદ ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા... આહા..હા..! એવા અનંત ગુણથી ભરેલો પ્રભુ ચૈતન્યલોક છે. આહા..હા..! **'ચૈતન્યલોક અદ્‌ભુત છે.'** એની વિશેષ વાત પછી કહેશે, બીજા લોક કરતાં આમાં વિશેષતા શું છે (એ કહેશે).

**'તેમાં ૠદ્ધિની ન્યૂનતા નથી.'** ભગવાન ચૈતન્યલોક તેની સંપદા ને ૠદ્ધિમાં કમી નથી. આહા..હા..! જેના અનંત અનંત ગુણો, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, અનંત ઈશ્વરતા, અનંત સુખ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત કાર્યશક્તિ, અનંત કર્તાશક્તિ એવી અનંત શક્તિઓની એમાં ન્યૂનતા નથી. આહા..હા..! જે શક્તિઓમાં આ છેલ્લી શક્તિ છે એવું છે નહિ અંદરમાં. આહા..હા..! અસંખ્ય પ્રદેશ છે તેથી ચૈતન્યલોક ક્ષેત્રથી મર્યાદિત છે, પણ એના સ્વભાવની શક્તિથી અદ્‌ભુત અચિંત્ય મર્યાદા રહિત શક્તિઓ અંદર છે. આહા..હા..!

**'તેમાં ૠદ્ધિની (ઊણપ, કમી), ન્યૂનતા નથી.'** આહા..હા..! ભગવાન ચૈતન્યલોક અંદર,.. આહા..હા..! જેની ૠદ્ધિની કમી નથી, આહા..હા..! એક એક ગુણ અનંત અનંત સંપદા ને શક્તિથી ભરેલો (છે). આહા..હા..! એક એક ગુણમાં અનંત અનંત ગુણનું રૂપ (છે). આહા..હા..! એવા અનંત ગુણની કમી નથી, કમી નથી, ઓછપ નથી. એ તો અપાર... અપાર... અપાર... અપાર... એ ગુણોની સંખ્યાને આમ ગણવા જતા અંદર અનંત... અનંત... અનંત... અનંત... ને અનંતનો છેલ્લો અંત, છેલ્લો અનંત પણ નથી તો વળી છેલ્લા અનંતનો છેલ્લો ભાગ (તો ક્યાંથી હોય ?). આહા..હા..! ગજબ વાત, બાપા ! એવો ચૈતન્યલોક, આહા..હા..! તેમાં ૠદ્ધિની ન્યૂનતા નથી. એક વાત.

**'રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી...'** આહા..હા..! જેમાં રમણીયતા છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ, અનંતી પ્રભુતા. આહા..હા..! અનંત જ્ઞાન, અનંત દર્શનની અંતર રમણીયતા છે. એને અંતર જોતા બહાર આવવું ત્યાં ગોઠતું નથી એવી ચીજ છે. આહા..હા..! છે ? ત્રીજો બોલ થયો.

**'ચૈતન્ય લોક અદ્ભુત છે, તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી.'** આહા..હા..! એની સંપદા, ગુણની સંપદા અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી સંપદા. આહા..હા..! તેમાં ક્યાંય કમી નથી, ઓછપ નથી, ઊણપ નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા ચૈતન્યલોક **'રમણીયતાથી ભરેલા...'** એ તો રમણીય ગુણો, રમણીય. જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી શક્તિઓથી, રમણીય શક્તિથી ભરેલો ચૈતન્યલોક છે. આહા..હા..! જડ લોક છે પણ ત્યાં રમણીયતાનો લોક નથી. પરમાણુ પણ જડ લોક છે, એ પણ અદ્ભુત છે. એની જડની શક્તિની અપેક્ષાએ. અને એના ગુણો પણ અનન્ય છે, ન્યૂનતા રહિત છે. આહા..હા..! પણ તેના ગુણમાં રમણીયતા નથી. ભગવાન આત્મા, આહા..હા..! અદ્ભુત છે, ઋદ્ધિની કમી નથી, આહા..હા..! અને રમણીયતાથી ભરેલો ભગવાન ચૈતન્યલોક છે. આ ત્રણ શબ્દોમાં તો ઘણુ કહ્યું, ભાઈ ! આહા..હા..!

**'બહાર આવવું ગમતું નથી.'** એવા ભગવાન આત્મામાં જ્યાં દૃષ્ટિ પડે છે અને એની રમણીયતા જ્યાં નિહાળે છે એમાં ધર્મીને ન્યાંથી બહાર નીકળવું ગોઠતું નથી. આહા..હા..! જેમ મોટો બાગ હોય લાખો ઝાડનો અને ફળ ફુલેલા (હોય), એની સુંગધમાં અંદર ગયો હોય (તો એને) નીકળવું ગોઠે નહિ. આહા..! એ તો લાખ ને કરોડ કે અબજ એટલા હોય છે. અહીં તો અનંતા... અનંતા... અનંતા... ગુણના ઝાડ ભર્યા છે. એ દરેક ગુણમાં અનંતી રમણતા છે. આહા..હા..! કેમ કે આનંદની રમણતા છે તો જ્ઞાનમાં પણ આનંદનું રૂપ છે ત્યાં એ રમણતા છે. આહા..હા..! અસ્તિત્વ નામના ગુણમાં પણ આનંદનું રૂપ છે. આહા..હા..! અરે..! આવો ભગવાન તેં સાંભળ્યો નથી, પ્રભુ ! આહા..હા..!

એક એક ગુણમાં અનંત અનંત આનંદની રૂપતા ભરી (છે). શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ..., અનંત શાંત... અનંત શાંત... એ એક એક ગુણ અનંત ગુણમાં શાંતિનું રૂપ છે. આહા..હા..! એવી રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી– પ્રભુ ચૈતન્યલોકમાંથી. આહા..હા..! પર્યાય જ્યાં ત્યાં જાય છે ત્યારે બહાર નીકળવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ગોઠે નહિ એવી એ ચીજ છે, કહે છે. આહા..હા..! આવી વાત છે. આ આત્મલોક, ચૈતન્યલોક, સહજાત્મસ્વરૂપલોક. આહા..હા..!

હવે એની તાકાતની વાત કરે છે, એક એક ગુણની (તાકાત). આહા..હા..! **'જ્ઞાનની એવી તાકાત છે...'** જ્ઞાન એનો સ્વભાવ છે, શક્તિ છે, ગુણ છે. પર્યાયની વાત તો શું કરવી પછી પણ અહીં તો ગુણની તાકાત એટલી છે, એક ગુણની **'કે જીવ એક જ સમયમાં...'** આહા..હા..! 'નિયમસાર'માં આવે છે ને ? ઉપયોગલક્ષણ ત્રિકાળ. એ ત્રિકાળ જ્ઞાન જે વસ્તુ છે... આહા..હા..! એ જ્ઞાનમાં એક સમયમાં,.. આહા..હા..! અનંતા જડ લોક, અરે..! એક આકાશ અનંત ગુણનો લોક, એક ધર્માસ્તિકાય અનંત ગુણનો એક ધર્માસ્તિકાય લોક, એક અધર્માસ્તિકાય અનંત ગુણનો લોક, એક કાળાણુ, એવા અસંખ્ય કાળાણુઓ, એક કાળાણુઓ. આહા..હા..! અનંત ગુણનો લોક એવા અસંખ્ય કાળાણુઓ. એક પરમાણુમાં અનંત ગુણનો લોક. એવા અનંત પરમાણુ લોક. એક આત્મામાં અનંત ગુણનો લોક, એવા અનંતા આત્મામાં અનંત ગુણનો લોક. આહા..હા..! એ એક જ સમયમાં,.. આહા..હા..! નાનામાં નાના કાળમાં એની તાકાત (આવી છે).

**'આ નિજ ઋદ્ધિને...'** નિજ ઋદ્ધિને. પોતાની ન્યૂનતા રહિત જે ઋદ્ધિ છે એને પણ જાણવાની તાકાત છે. આહા..હા..! **'તથા બધાને જાણે.'** એવી એની તાકાત છે. આહા..! બધા છે માટે જાણે એમ પણ નહિ. એની તાકાત જ સ્વ-પરપ્રકાશની આટલી છે. આહા..હા..! આવો પ્રભુ ચૈતન્યલોકથી ભરેલો ભગવાન (બિરાજે છે). આહા..હા..! તને મહાત્મ્ય બીજા કેમ આવે છે ? કહે છે. આહા..હા..! અનંત અનંત આનંદ ને અનંત અનંત શાંતિ (ભરેલા છે). આહા..હા..! નિરંજન સ્વરૂપ, જેમાં અંજન નામ મેલ નથી અને જેના નિર્મળાનંદ ભગવાન અનંત લોક શક્તિ ભરી છે એ માયલો એક ગુણ. આહા..હા..! જેની તાકાત... **'જીવ એક જ સમયમાં...'** એનું સ્વરૂપ જ જ્યાં જ્ઞાન સ્વરૂપ જ છે શક્તિ, એને લોકાલોકને સ્વ ઋદ્ધિ ને પરની અનંતી અનંતી ઋદ્ધિવાળું એક એક દ્રવ્ય, એવા અનંતા દ્રવ્યને પોતાની જ્ઞાનની એક સમયના અસ્તિત્વમાં અથવા શક્તિમાં, અસ્તિત્વમાં જાણવાની તાકાત છે. અનંતપણે થવાની તાકાત નથી, પરના અનંતપણે થવાની તાકાત નથી પણ પરને સ્વમાં રહીને અને અડ્યા વિના (જાણવાની તાકાત છે). આહા..હા..! અરે..! આવો પ્રભુ ! એ પામર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

થઈને ફરે. આહા..હા..!

**'આ નિજ ઋદ્ધિને...'** એટલે સ્વને **'તથા બધાને...'** અનંત અનંત પદાર્થો. આહા..હા..! એક એક રજકણ.. જુઓ ! અહીંયા આ સ્કંધના સ્કંધ ભર્યા છે બધા. એનો એક એક રજકણ અનંત ગુણની ઋદ્ધિથી જડ લોક છે. આહા..હા..! એ બધા જડ લોકને, ધર્માસ્તિ લોક, આકાશ લોક, કાળ લોક, આહા..! અધર્માસ્તિ લોક, પરમાણુ લોક અને બીજા બધા અનંત આત્મા, એક એક આત્મા અનંત લોક. આહા..હા..! એને કાળના નાના નાનામાં ભાવમાં બધાને જાણવાની તાકાતવાળું તત્ત્વ છે. અરે..! આવી વાત ક્યાં બેસે ? બાપા ! આહા..હા..!

**'બધાને જાણે. તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે;...'** આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, પોતાના ક્ષેત્રમાં રહ્યો થકો, પરના ક્ષેત્રને અડ્યા વિના... આહા..હા..! પરના દ્રવ્યને ને પરના ભાવને અડ્યા વિના પોતાના ક્ષેત્રમાં રહીને જાણે. આહા..હા..! આવો ભગવાન છે, ભાઈ ! તને એ કેમ પોસાતો નથી ? ભાઈ ! તને બીજું કેમ પોસાય છે ? કહે છે, એમ કહે છે. આવો આત્મા છે એનું પોસાણ તને થતું નથી, એની રુચિનું પોસાણ થતું નથી અને બીજી તને પોસાણ (થાય છે), પુણ્ય-પાપના ભાવ જે અલ્પ... સવારમાં કહ્યું હતું ને ? એ મોહ ભ્રમ કૂપ છે એ તો, એ કૂવાની હદવાળો છે વિકાર. આહા..હા..! ભગવાનનો સ્વભાવ છે તો બેહદ અનંત છે અને આમાં સીમા છે. બેનના વચનો આવે છે ને ? વિભાવમાં સીમા છે, મર્યાદા છે તેથી ત્યાંથી ફરી શકે છે અને ભગવાન અમર્યાદિત છે. તેની દૃષ્ટિમાં ગયો એ ન્યાંથી ફરી શકે નહિ હવે. અહીં તો એ વાત છે. આહા..હા..! આવો ઉપદેશ હવે, આહા..હા..!

બધાને જાણે, એક વાત. **'તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે;...'** પોતાના ભાવમાં, ક્ષેત્રમાં રહીને તે જાણે છે. અનંતા પરમાણુ લોક, અનંત આત્મલોક ધર્માસ્તિ આદિ બધા લોક. આહા..હા..! એને પોતાના ક્ષેત્રમાં રહીને જાણે છે. **'શ્રમ પડ્યા વગર,...'** જાણે છે, આટલું બધું જાણતા એને શ્રમ પડે એમ નથી, એમ કહે છે. એ તો એનો સ્વભાવ જ એવો છે. આહા..હા..! એટલે કે વિકલ્પ થાય તો આ જાણે એમ નથી. આહા..! એ નિર્વિકલ્પ દશાથી જ એ જાણે છે, શ્રમ પડ્યા વિના, એમ કહે છે. આહા..હા..! અરે..રે..! આવો આત્મા ક્યાં...? કહો, આ રામ છે, આત્મારામ. આહા..હા..! એને આ બહારની આબરૂ ને કીર્તિ જોવે છે, મારી નાખ્યો એને, આહા..હા..!

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દુનિયા મોટો કહે ને માને. શું છે ? બાપા ! તારી મોટપનો પાર નથી ને, પ્રભુ ! એ મોટપની ઋદ્ધિ જેને અંદરમાં રુચિ... આહા..હા..! એને પરની ઋદ્ધિ ને પરની સંપદાની એને ઇચ્છા હોય નહિ. આહા..હા..! વાત એવી છે જરી.

**'નિવાસ કરતો જાણે છે; શ્રમ પડ્યા વગર,...'** એટલે ? અનંત અનંત પદાર્થને ભગવાન આત્મા જ્ઞાનમાં જાણે તો વિકલ્પ હોય તો જાણે એમ નથી. સમજાય છે કાંઈ ? આહા..હા..! આવી વાત છે, ભાઈ ! અલૌકિક વાતું છે, બાપા ! એનો એક ગુણ અનંત ગુણની ઋદ્ધિ ન્યૂનતા નથી. પ્રભુ આત્મામાં અનંત ગુણની ઋદ્ધિની ન્યૂનતા નથી. એમાં એક ગુણ આવડો છે, એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્મામાં એક જ્ઞાન નામનો ગુણ–શક્તિ છે. એની પૂર્ણતા ભરેલી છે પ્રભુ આત્મામાં. એ લોકાલોકને જાણવામાં પરને અડીને જાણે કે પરમાં જઈને જાણે એવું નથી. તેમ વિકલ્પ થાય તો જાણે તો ખેદ છે એ તો. આ તો ખેદ વિના જાણે. આહા..હા..! એવો ભગવાન આત્મા (પોતે છે).

અરે..! એને ક્યાં કોણ આત્મા છે એની ખબરું ન મળે, હું કોણ કેવડો ક્યાં છું ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય, ધૂળમાંય ધર્મ નથી ક્યાંય. આહા..હા..! એ ભક્તિ કરે ને જાત્રાઓ કરે ને દયા પાળે ને વ્રત-તપ કરે બધી રાગની ક્રિયા, ન્યાં ક્યાંય આત્મા નથી. આહા..હા..! 'ઇડર'વાળા ગયા લાગે છે. પટેલ, હતા પટેલ. ગયા ?

મુમુક્ષુ :– સવારે વ્યાખ્યાન ઉતારીને ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એણે બેનનું વચનામૃત માંગ્યું હતું. મેં કીધું, બપોરે રહેશો તો આપશું. પટેલ હતા. 'ભીલોડા' ગામ છે ને ? ગુજરાત. પેલા ક્ષુલ્લક હતા, નહિ ? એ પટેલ છે. 'શ્રીમદ્' માં જનારા. ઇડર (જનારા). પણ જ્યારે અહીં આવ્યું ને ? મારો ખ્યાલ હતો. કે ભક્તિ છે તે રાગ છે. એ એણે લખી લીધું, ખ્યાલ છે. ત્યાં તો એમ કહેવાય ને કે ભક્તિ કરો... ભક્તિ કરો... ભક્તિ કરો... અરે..! પ્રભુ ! કોની ભક્તિ પણ ? ત્રણ લોકના નાથની ભક્તિ કરે તે પણ વિકલ્પ ને રાગ છે. એ કર્મ ભાવકનો ભાવ છે, એ ચૈતન્યનો ભાવ નહિ. ત્યારે એણે લખી લીધું. કારણ કે ન્યાં તો બધું એમ ચાલે ને ! ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો. મારો ખ્યાલ હતો. એણે સવારમાં માંગ્યું હતું. કીધું, હશે. અજાણ્યો માણસ કોઈ દિ' આવ્યો નહોતો, પહેલોવહેલો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આવ્યો હતો. ઇડર જાઉં છું, કહ્યું. આ વાત ત્યાં ગઈ છે. બેનના વચનામૃત મારે જોઈએ છે, એમ બોલ્યો હતો. તદ્દન અજાણ્યો માણસ, પહેલોવહેલો (આવેલો). કીધું, રહેશો (તો આપશું). રેકોર્ડિંગ લઈ ગયો એમ ને ? કેટલા પૈસા થયા ? એ ઘરની લઈ આવ્યો હશે. આહા..હા..! અત્યારનું પણ અલૌકિક છે. આવી વાત છે, પ્રભુ !

ત્રણ લોકનો નાથ આનંદથી ભરેલો પ્રભુ તને એ આકર્ષતો નથી અને આ બધી ચીજ તને આકર્ષે, શું થાય છે આ તને ? આહા..હા..! આવા અનંત લોક, અનંત ગુણથી ભરેલો ચૈતન્યલોક એ તને આકર્ષતો નથી અને આ જગતની ચીજો કાંઈક ઠીક દેખે ત્યાં આકર્ષાય જાય છે. શું થાય છે પ્રભુ આ તને ? આહા..હા..! **'તે બધાને જાણે, પોતાના ક્ષેત્રમાં રહીને નિવાસ કરતો જાણે છે; શ્રમ પડ્યા વગર, ખેદ થયા વગર વિશેષ જાણે છે. અંદર રહીને...'** ભગવાન આત્માનો જ્ઞાન સ્વભાવ પ્રભુનો, એ અંદર રહીને બધું જાણે છે, બહાર જઈને જાણે છે એમ છે નહિ. આહા..હા..! આવી વસ્તુ. આહા..હા..!

**'અંદર રહીને બધું જાણી લે છે,...'** આહા..હા..! અરે..! શ્રુતજ્ઞાનની પર્યાયમાં એવી તાકાત છે, ગુણની તાકાત તો છે જ... આહા..હા..! પણ સમયની, જ્ઞાનની, શ્રુતજ્ઞાનની પર્યાય એની એટલી તાકાત છે કે પોતે પોતામાં રહી અનંતા અનંતા પરમાણુના જડ લોક, અનંત ગુણથી ભરેલા જડ લોક, અનંત ગુણથી ભરેલા ચૈતન્યલોક બીજા એ બધાને પોતામાં રહીને જાણે છે, એવું એનું સ્વરૂપ છે. આહા..હા..! આ તો ધીરાના કામ છે, ભાઈ ! આ કાંઈ ધર્મ એવો નથી કે, આ કરી નાખ્યું આ બહારથી. દાન કર્યા ને ભક્તિ કરી ને જાત્રા કરી ને વ્રત પાળ્યા ને અપવાસ થઈ ગયા માટે ધર્મ થયો, ધૂળેય નથી ત્યાં. આહા..હા..! પ્રભુ ! અનંત લોકનો ધણી અંદર નાથ (બિરાજે છે).

મુમુક્ષુ :- લોકો એમ કહે છે કે વ્રત ....

ઉત્તર :- અરે..! કહે ભાઈ ! કહે. બિચારા શું કરે ? આ પુરુષાર્થ વિશેષ છે કે ઓલો પુરુષાર્થ વિશેષ છે ? વ્રતનો વિકલ્પ છે એ પુરુષાર્થ તો નપુસંક સાધારણ પુરુષાર્થ છે. આહા..હા..! ભગવાન આત્મા અનંત ગુણની રાશી ભરેલો એને આલોકવા જાય છે એ પુરુષાર્થ કેટલો છે ! પ્રભુ ! આહા..હા..! ભાઈ ! તને ખબર નથી, તારી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ચીજ તેં સાંભળી નથી. આહા..હા..! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા એ કહેતા હતા એ આ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'જાણી લે છે...'** પ્રભુ ! એક વસ્તુ, એક આત્મા છતાં અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંત ગુણા કરી નાખો એટલા તો એમાં ગુણ છે અને એમાં એક એક જ્ઞાનનો ગુણ આવી તાકાતવાળો તો એની શ્રદ્ધા, એનું જ્ઞાન, ઉપયોગ, દર્શન, એનું વીર્ય એ બધામાં તાકાત આટલી બધી છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! આવું લાગે આ તે શું કહે છે કહે છે ? આ તે ધર્મની (વાત હશે) ? બાપા ! તું કોણ કેવડો પ્રભુ છો, એની વ્યાખ્યા છે આ. તેં એક સમયની પર્યાય જેટલો માન્યો અને રાગ કરે એને રાગનો કરનાર (માન્યો). જીવ કોને કહીએ ? ત્રસ. હાલે-ચાલે એને ત્રસ કહીએ. જીવ કોને કહીએ ? કે સ્થિર રહે એને સ્થાવર કહીએ. અરે..! સાંભળને ભાઈ ! આહા..! ત્રસ કહ્યા છે ને ? શ્લોકમાં નથી આવ્યા ? શું કીધું ? અગ્નિકાય ને વાયુકાય ને ગતિ કરે છે ને. એમ આવે છે 'પંચાસ્તિકાય'માં. અગ્નિ ને વાયુ. આહા..! એ ગતિ કરે છે એ અપેક્ષાએ કહ્યું છે.

ભગવાન આત્મા અંદરમાં પ્રભુ બિરાજે છે આત્મા, એ તો અનંતા અનંતા એવા જીવના લોકને એક સમયમાં જાણવાની તાકાતવાળો એક ગુણ છે તો એવી ગુણની જે શ્રદ્ધા છે, એવા દ્રવ્યના ગુણની શ્રદ્ધા (થાય) એ શ્રદ્ધામાં કેટલી તાકાત આવી. એવા ગુણની સ્થિરતા છે એમાં કેટલી તાકાત આવી ! એવા અનંત ગુણમાંથી એક વીર્ય ગુણ છે એમાં કેટલી તાકાત આવી ! ભાઈ ! અનંત ગુણમાં એક આનંદ છે એ કેટલી તાકાતવાળો આનંદ છે ! અનંત ગુણમાં એક અસ્તિત્વ ગુણ છે એ અનંતી શક્તિનું આવું જે જ્ઞાન કે બધાનું અસ્તિત્વનું (જ્ઞાન કરે), એ અસ્તિત્વમાં કેટલી તાકાત આવી. આહા..હા..! ભાઈ ! આનું તો સ્પષ્ટિકરણ થાય છે. આહા..હા..! જુઓ ! આવા વચનામૃત કોને ન ગોઠે. આહા..હા..! આ કાંઈ સંપ્રદાયની ચીજ નથી, વસ્તુની ચીજ છે, વસ્તુ છે અંદર. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયું છે તે આ વાત છે. આહા..હા..! ૩૧૦. ઇ ને ?

**'જાણી લે છે, બહાર ડોકિયું મારવા જવું પડતું નથી.'** એટલે શું ? કે જ્ઞાન સ્વભાવ જે ભગવાન આત્માનો છે એ પોતામાં રહીને સ્વની ઋદ્ધિને ને પરને જાણે છે એ પરને જાણવા માટે પરમાં જવું પડતું નથી. આહા..હા..! એ વેદાંતનો એક પ્રશ્ન હતો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



(સંવત) ૧૯૮૪ની સાલમાં 'રાણપુર'. એક ક્ષત્રિય હતા ખત્રી સાંભળવા આવતા, સાંભળે ને આવે તો. મહારાજ ! તમે કહો છો કે પરમાણુને જાણે આત્મા તો પરમાણુમાં પ્રવેશ કર્યા વિના કેમ જાણે ? એવો પ્રશ્ન કર્યો એણે. ૧૯૮૪ની સાલ. (એક મુમુક્ષુના) ઘર જોડે ખત્રીનું હતું. સાંભળવા તો આવે બિચારો પણ આ વાત ક્યાં છે ક્યાંય ? એણે એમ કહ્યું કે, પરમાણુને જાણે તો પ્રવેશ કર્યા વિના કેમ જાણે ? એટલે પ્રવેશ કરે તો જાણે તો સર્વવ્યાપક થઈ ગયો, એમ (એને કહેવું હતું). બાપુ ! એમ નથી, ભાઈ ! કીધું. આ તો ૧૯૮૪ની વાત છે સંવત ૧૯૮૪. આહા..હા..!

ભગવાન પોતાના સ્વભાવમાં રહી અને પરને અડ્યા વિના... અરે..! પરની અસ્તિત્વતા છે માટે પરને જાણે છે એમ નહિ. એના સ્વ-પરપ્રકાશના સામર્થ્યથી પરને જાણે છે. એનું પરમાણુનું અસ્તિત્વ છે માટે અહીં જાણે છે એમ પણ નહિ. એ તો જ્ઞાનની શક્તિ અને પર્યાયની શક્તિ એટલી છે સ્વતઃસિદ્ધ છે, પરને લઈને સિદ્ધ નથી. આહા..હા..! એને પરમાં પ્રવેશ કર્યા વિના પરને જાણવાની સ્વ-પરપ્રકાશક પોતાના ક્ષેત્રમાં રહીને જાણવાની તાકાત છે. આહા..! આવી વાતું છે. આહા..! આ તે ધર્મ કઈ જાતનો હશે, આ તે વીતરાગનો માર્ગ આ હશે ? લોકો તો કહે કે, દયા પાળવી ને વ્રત કરવા ને ભક્તિ કરવી એ જૈન ધર્મ, બાપુ ! એ જૈન ધર્મ નહિ, એ તો રાગનો ધર્મ છે. આહા..હા..!

જૈન ધર્મ વીતરાગ સ્વભાવ અંદર ભર્યો છે, ચારિત્ર સ્વભાવ કહો કે વીતરાગ સ્વભાવ કહો કે અકષાય કહો એ પણ અપરિમિત શક્તિથી ભરેલો છે. ત્યારે જ્ઞાન પણ આટલું જાણવાની તાકાતવાળું એનું રૂપ પણ ચારિત્રમાં આવે છે અને ચારિત્રનું રૂપ જ્ઞાનમાં આવે છે. આહા..હા..! ગજબ વાત છે ! ભાઈ ! અરે..રે..! સાંભળવા મળે નહિ. કહો, સમજાય છે કે નહિ ? નાની ઉંમરનો છે પણ પ્રેમ છે. બાપા ! આ તો સમજવા જેવી વાત છે, ભાઈ ! આહા..હા..! હો સંસાર પણ વસ્તુ શું છે એની જ્ઞાન ને શ્રદ્ધા તો કરો પહેલી. આહા..હા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :– એની શ્રદ્ધા કરો....

ઉત્તર :– એ શ્રદ્ધા કરે (એટલે) એમ કે પછી સ્થિરતા ન થઈ શકે, એ કહેવું છે. અંદર સ્થિરતા ન થઈ શકે.. એક શબ્દમાં આગળ ક્યાંક આવે છે કે, ચારિત્રથી છૂટે નહિ, શ્રદ્ધાથી તો છોડ બધું છે. ક્યાંક છે. ઘણા બોલો આવે. ક્યાં આવ્યું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



શ્રદ્ધાથી તો છોડ. એ આવ્યું. ૩૪૯. છે ? પાનું છે ૧૧૬, ૧૧૬ ગુજરાતી. ૧૧૬ પાનું ગુજરાતી, ૩૪૯ હેઠે છે જુઓ ! **‘સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ !’** આહા..હા..! શ્રદ્ધામાંથી તો રાગાદિ પર છે એમ છોડ. મારું નહિ. છે ભાઈ ? આવ્યું ? ભાઈ ! આવ્યું ? ઇ એમ કહ્યું કેમ ? શ્રદ્ધા અપેક્ષાએ કહ્યું એનો હેતુ એ છે કે હજી રાગને છોડી ન શકે, એ સ્થિરતા ન થઈ શકે પણ શ્રદ્ધા અપેક્ષાએ તો છોડ કે રાગાદિ પર વસ્તુ મારી નથી. આહા..હા..! હું તો અનંત આનંદના જ્ઞાનનો ધણી છું. આહા..હા..! અનંત ગુણનો, ઋદ્ધિનો, સંપદાનો પ્રભુ છું, એ શ્રદ્ધા તો કર. આહા..હા..! એ સમકિતી તો લગન પણ કરે, રાગ છે તે પણ શ્રદ્ધામાં બધો ત્યાગ છે અંદર. અસ્થિરતાનો ત્યાગ નથી. આહા..હા..! ચક્રવર્તીનું રાજ છ ખંડનું કરે, તીર્થંકર પ્રભુ છ ખંડના રાજમાં ઊભો છે, શ્રદ્ધામાં બધો ત્યાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું છે, પ્રભુ !

મુમુક્ષુ :– ‘પ્રવચનસાર’માં ચારિત્ર અધિકારમાં આ વાત આવે છે.

ઉત્તર :– હા, છે ને. ત્યાગ શ્રદ્ધા-અપેક્ષાએ તો કર. લખાણમાં, લખાણમાં પહેલું આવે છે. ખુલાસો કર્યો છે, માગે છે ત્યારે, ભાઈ ! એમ કે આ વળી અંગીકાર કરવું ને આ શું આવે ? ભાઈ ! શ્રદ્ધા-અપેક્ષાએ તો બધો ત્યાગ છે. લખાણ કર્યું ને ભાઈએ ‘જયચંદ્ર પંડિતે’. છે ને ખબર છે. સમજાણું કાંઈ ? ‘પ્રવચનસાર’માં લખાણ છે આ બાજુ પાનામાં, ખબર છે.

ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન સ્વભાવ પ્રભુ અનંત ગુણનો લોક ભરેલો, એવા ચૈતન્ય લોકને અવલોક તો ખરો અને અવલોકનથી શ્રદ્ધામાં તો લે કે મારું સ્વરૂપ તો આ જ છે. એ રાગાદિએ મારા નહિ એમ શ્રદ્ધાથી તો છોડ. પછી સ્થિરતા વડે કરીને અસ્થિરતાને છોડ. સમજાય છે કાંઈ ? આહા..હા..! તીર્થંકર જેવા પણ ૮૩ લાખ પૂર્વ ‘ઋષભદેવ’ ભગવાન ગૃહસ્થાશ્રમમાં રહ્યા, લ્યો ! અસ્થિરતાને છોડી શક્યા નથી. સમ્યગ્દર્શનમાં શ્રદ્ધાથી બધું છૂટી ગયું છે. સમજાણું કાંઈ ? **‘એ સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ-આત્મા પ્રાપ્ત થશે.’** શ્રદ્ધાથી છોડ તો આત્મા પ્રાપ્ત થશે. આહા..હા..! આવી વાત છે. એ ખ્યાલમાં હતું, ક્યાંક નીકળ્યું વળી ન્યાં, ચિન્હ કર્યું છે ત્યાં, ચિન્હ. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મને તો એક વિચાર એવો આવ્યો, ૪૩૨ છે ને ? ૪ + ૩ + ૨ = ૯. વીતરાગ ભાવ છે આખો, અફર ભાવ છે, એવો વિકલ્પ આવ્યો હતો. કુદરતે જ્યાં સહજ થતું હોય એમાં કોણ કરે ? આહા..હા..! ૪૩૨ બોલ છે. ૪ + ૩ + ૨ = ૯. ૯ની સંખ્યા છે. ભાઈ ! બરાબર ભાઈ આવ્યા તાકડે. આવી વાતું છે બાપુ ! આહા..હા..!

અનંત અનંત લક્ષ્મીનો ભંડારનો ભરેલો પ્રભુ, એને લક્ષ્મીનો પ્રેમ કેમ ? કહે છે. આહા..હા..! ધૂળનો પ્રેમ કેમ ? કેમ કે લક્ષ્મીને જાણવું એ પોતાના સ્વભાવને લઈને જાણવાનો એનો સ્વભાવ (છે). જાણવાનો સ્વભાવ (ખરો) પણ મારા તરીકે માનવું એવો કોઈ સ્વભાવ નથી એનો. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાઈ ! આવી વાતું છે. શેની વાતું આ બધી ? બાપુ ! તારા ઘરમાં માલ પડ્યો છે આવો, હોં ! આહા..હા..! ભાઈ ! તને માલની ખબર નથી. આહા..હા..!

તારો આત્મા ચૈતન્યલોક અદ્ભુત (છે). આહા..હા..! અચિંત્ય ઋદ્ધિથી પૂર્ણ ભરેલો ન્યૂનતા રહિત,.. આહા..હા..! અને તેમાં પૂર્ણ એક એક ગુણની (શક્તિ). જ્ઞાનની શક્તિ પોતામાં રહીને, પોતાના સામર્થ્યથી, પોતાની પર્યાયમાં સ્વ-પરનું જાણવું કરે એવું તેનું સ્વરૂપ છે. આહા..હા..! એને સ્વ-પર જાણવામાં પરની અપેક્ષા નથી. આહા..હા..! એવો જેનો સ્વ-પર જાણવાના સ્વભાવનો નિરપેક્ષ સ્વભાવ-ભાવ છે, પ્રભુ ! આહા..હા..! આવું જેને બેસે એને સુખબુદ્ધિ ઉડી જાય, વિષયમાં સંસારમાં સુખબુદ્ધિ ઉડી જાય એની. રહે ભલે આસક્તિ, આસક્તિનો અસ્થિરતાનો ત્યાગ ન હોય પણ સુખબુદ્ધિ ઉડી જાય.

મુમુક્ષુ :– શ્રદ્ધામાં...

ઉત્તર :– શ્રદ્ધામાં આ સુખ છે એ વાત ઉડી જાય, સુખ તો ભગવાન આત્મામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? મોતી ભર્યા છે, ભાઈએ હમણાં ન કહ્યું ? (ભાઈએ) ગાયુ આમાં. ‘બહેનના વચનામૃત’માં મોતી ભર્યા છે. આહા..! લ્યો ! એક બોલ થયો. ૩૧૦. લગભગ ૪૨ મીનીટ થઈ. એવી ચીજ આવી ગઈ. આહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**વસ્તુ તો અનાદિ-અનંત છે. જે ફરતું નથી-બદલાતું નથી તેની ઉપર દૃષ્ટિ કરે, તેનું ધ્યાન કરે, તે પોતાની વિભૂતિનો અનુભવ કરે છે. બહારના અર્થાત્ વિભાવના આનંદ-સુખાભાસ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી. જે જાણે છે તેને અનુભવમાં આવે છે. તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. ૩૧૧.**

૩૧૧. **'વસ્તુ તો અનાદિ-અનંત છે.'** ભગવાન આત્મા વસ્તુ છે. કેમ કે જેમાં અનંત ગુણ વસ્યા છે, રહ્યા છે. અપાર... અપાર... અપાર... અપાર... અપાર.. અપાર... અપાર..., અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એ ગુણમાં જે ગુણ વસ્યા છે એમાં માટે પ્રભુઆત્માને વસ્તુ કહીએ અને એ વસ્તુ છે એ અનાદિઅનંત છે. એ વસ્તુ છે એની આદિ નથી, છે એનો અંત નથી, છે એને આદિ શું ને અંત શું ? આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા, જેમાં અનંત ગુણ વસેલા-રહેલા છે એ વસ્તુ અનાદિઅનંત છે. એ પર્યાય પલટે છે એ જુદી વસ્તુ. અત્યારે આ તો વસ્તુ તરીકે છે અનાદિઅનંત ધ્રુવ છે. આહા..!

**'જે ફરતું નથી...'** ધ્રુવ શું ફરે ? વસ્તુ ફરીને ક્યાં જાય આહા..હા..! કાલ આવ્યું હતું ને ? નિરંજન. ભાઈએ પૂછ્યું હતું કે, થોડું વધારે (સ્પષ્ટીકરણ) કરો. કાલ આવ્યું હતું. ભાઈ ! જાગતો જીવ ઊભો છે ઇ. ભાઈએ પૂછ્યું હતું. જાગતો જીવ પ્રભુ અંદર ઊભો છે ને. આહા..હા..! એ ક્યાં જાય ? અહીં એ કહે છે જે ફરતો નથી એટલે ધ્રુવ છે એ જાય ક્યાં ? પર્યાયમાં આવે ? આહા..હા..! જગતના ભાગ્યે બહાર આવી ગયું આ. હજી તો આગળ શું થાય છે એનું પરિણામ જુઓ. હળવે... હળવે... હળવે... આહા..હા..!

વસ્તુ છે તે તો અનાદિઅનંત છે, પ્રભુ ! છે એની આદિ શી ? અને છે એનો અંત શું ? છે તે છે, અનાદિથી. આહા..હા..! તે ફરતું નથી, ધ્રુવ છે એ ફરતું નથી,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ધ્રુવ તો સદશરૂપે કાયમ રહે છે. **'બદલાતું નથી,...'** ધ્રુવ તે બદલતો નથી.એની પર્યાય એક સમયે બદલાય એ જુદી વાત છે, વસ્તુ બદલતી નથી, વસ્તુ તો એમ ને એમ છે. આહા..હા..! ખરેખર તો પર્યાય બદલે છે એમાંય ધ્રુવ આવતો નથી, ધ્રુવ તો ધ્રુવરૂપે રહે છે. પર્યાયથી ધ્રુવ જુદો જ છે.

દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાયમાં દ્રવ્ય નથી. બે વસ્તુ છે ને ? આહા..હા..! એ ન્યાય–લોજીકના અર્થમાં પણ આવે છે. ધર્મી અને ધર્મ બે ભિન્ન તત્ત્વ છે. ધર્મી એવું દ્રવ્ય અને એના ધર્મ નામ ગુણો તે બીજી ચીજ છે. અપેક્ષા ન્યાય 'આપ્ત મિમાંસા'માં છે ને, બધું છે, ભાઈ ! હજી તો અહીં લોકોને પરનું કરી શકે એવી વાત સિદ્ધ કરવી છે. અરે..! પ્રભુ ! શું કરે છે તું ? ભાઈ ! જે છે સામી ચીજ તેને કરવી શી ? અને એની પર્યાય છે એ બદલતી દશા એને કરવું શું ? બીજો શું કરે એને ? આહા..! બીજા દ્રવ્યોનું ધ્રુવપણું છે એમાં શું કરે ? અને પલટતું કાર્ય છે તેમાં બીજો શું કરે ? આહા..! એને સ્વ-પરને જાણવાની તાકાતવાળો ભગવાન આત્મા છે. આહા..હા..! પરનું કાંઈ કરી શકે નહિ પણ પરને પરપણે જાણ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ. આ તો શું હશે આ તે ? નહિતર તો આ વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, સાધુને આહાર-પાણી આપો. સાધુ કોને કહેવા એની ખબરું ન મળે. આહા..હા..!

મુમુક્ષુ :– સંપ્રદાયના સાધુ એ સાધુ...

ઉત્તર :– સંપ્રદાયના... બાપુ ! એ બિચારા... શું થાય ? ભાઈ ! વિપરીત માન્યતામાં રહેશે એના ફળ બાપુ ! શું છે ? ભાઈ ! હિતોપદેશ, ભગવાનનો તો હિતનો ઉપદેશ છે. હિતપણું પ્રગટ્યું નથી અને હિતપણે માને. આહા..હા..! આનંદનો નાથ અંદર ઉછળ્યો નથી પર્યાયમાં. પ્રચુર આનંદનું વેદન આવે, પ્રચુર અતીન્દ્રિય આનંદનું વેદન આવે એનું નામ મુનિપણું છે. આહા..હા..! નગ્નપણું ને પંચ મહાવ્રતના પરિણામ એ કંઈ મુનિપણું નથી. આહા..હા..! આવી વાતું.

**'તેની ઉપર દૃષ્ટિ કરે,...'** કોની ઉપર ? કે જે અનાદિઅનંત ધ્રુવ વસ્તુ છે પ્રભુ, જે ફરતું નથી, બદલતું નથી એના ઉપર દૃષ્ટિ કરે, ધ્રુવ ઉપર દૃષ્ટિ કરે તો એને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! આવી વાત છે. હજી સમ્યગ્દર્શન એટલે પ્રથમ ધર્મની શરૂઆત. ચારિત્રને ને વ્રત-ફ્રત તો ક્યાં રહી ગયા, બાપા ! એ તો ક્યાંય. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'દૃષ્ટિ કરે, તેનું ધ્યાન કરે,...'** ધ્રુવનું ધ્યાન કરે, ધ્રુવને ધ્યેયમાં લઈને ધ્યાન કરે, ધ્રુવને ઉપાદેય માનીને ત્યાં ધ્યાન કરે, વર્તમાન ધ્યાનની પર્યાયમાં ધ્રુવને વિષય કરે. આહા..હા..! હવે આવી ભાષા ને આ વસ્તુ. લોકો લાખો માણસ હો હા હો હા જાણે આ ધર્મ કર્યા ને આ કર્યા.

બાપા ! એ જિંદગી ચાલી જાય છે, પ્રભુ ! વીજળીનો ઝબકારો જેમ આવ્યો એમ આ મનુષ્યનું આયુષ્ય વિજળીના જબકાર જેવું થોડું છે. પચ્ચીસ-પચાસ-સો વર્ષ એ ક્યાં એક ઝબકારા જેવું છે ને. આહા..હા..! એ ઝબકારો પૂરો થશે, પ્રભુ ! પણ તારી ચીજને જો તેં ન જાણી અને ન ઓળખી તો થઈ રહ્યું, ખલાસ છે. આહા..હા..! ખલાસ એટલે જન્મ-મરણમાં જશે હવે, રખડશે. આહા..હા..! ભવ, દેહ છૂટ્યો તો બીજે જઈને રખડશે ક્યાંક. કાગડા, કૂતરા નિગોદના ભવ કરી કરીને (રખડશે), પ્રભુ ! આહા..હા..!

**'તેનું ધ્યાન કરે, તે પોતાની વિભૂતિનો અનુભવ કરે છે.'** શું કહ્યું ઇ ? ધ્રુવ ચીજ જે છે નિત્ય પ્રભુ તેની દૃષ્ટિ કરે, તેનું ધ્યાન કરે, તે પોતાની વિભૂતિનો અનુભવ કરે. એ આત્મામાં અનંત આનંદ ને શાંતિ છે તેની દૃષ્ટિ ને તેનું ધ્યાન કરે તો એ વિભૂતિનો અનુભવ પર્યાયમાં આવે. અનંત આનંદનો અનુભવ આવે પર્યાયમાં. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ છે, બાકી બધી વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અંદર વિભૂતિનો અનુભવ થાય, એમ કીધું ને ? જેને સ્વીકાર્યું છે આ ચીજ આ આ, સ્વીકાર કર્યો છે તો એ શક્તિની પર્યાયમાં પ્રગટતા અંશ આવે. આહા..હા..! અનંત અનંત ગુણની ધ્રુવતા એનો જે દૃષ્ટિએ સ્વીકાર કર્યો અથવા તેનું ધ્યેય બનાવીને ધ્યાન કર્યું તેની પર્યાયમાં અનંત આનંદ આદિ પર્યાયનો તેને અનુભવ થાય, એ પર્યાય છે. ધ્રુવનું ધ્યાન કરતાં પર્યાય જે પ્રગટે, અનુભૂતિ એ અનુભવ, એનું નામ ધર્મ. ધર્મી એવો જે ભગવાન આત્મા અનંત ધર્મને ધરનારો, એનું ધ્યાન કરતાં પર્યાયમાં જે અનુભૂતિ થાય તે વિભૂતિનો ધર્મ છે, એ સ્વ વિભૂતિનું પ્રગટ છે. આહા..હા..!

**'બહારના અર્થાત્ વિભાવના આનંદ-સુખાભાસ સાથે,...'** આહા..! કલ્પના માને કે ઇન્દ્રિયોમાં સુખ છે ને ભોગમાં સુખ છે ને આબરૂમાં સુખ છે. આ પૈસા ધૂળ પાંચ, બે, પાંચ કરોડ મળે ને સુખી છીએ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– એના વિના શાક ક્યાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શાક એના વિના જ આવે છે. શાક આવે તો આવવાના પરમાણુ આવશે એની પાસે. ખાનારનું નામ, પરમાણુ પર (લખેલું છે), નથી આવતું ? ખાનારનું નામ દાણે દાણે છે એનો અર્થ શું ? જે ખાવાના રજકણો આવવાના તે આવવાના, આવવાના, એના પ્રયત્ને નહિ આવે. કહો. આહા..હા..!

**'બહારના અર્થાત્ વિભાવના આનંદ-સુખાભાસ સાથે બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી.'** આહા..! શું કહ્યું ઇ ? કે જે ધ્રુવ વસ્તુ ભગવાન આત્મા અનાદિઅનંત નિત્ય છે તેનું ધ્યાન કરતાં જે પર્યાયમાં આનંદની વિભૂતિ પ્રગટે એની દુનિયાની સાથે ક્યાંય મેળ નથી, દુનિયાની કોઈ ચીજ સાથે એનો મેળ નથી. આહા...! કે, આ અબજોપતિ છે માટે સુખી છે, રાજા મોટો કરોડની ઉપજવાળો (છે માટે સુખી છે), ધૂળેય નથી ત્યાં બધા દુઃખી છે પ્રાણી બિચારા, મોટા માગણ છે. કહ્યું હતું ને દરબાર આવ્યા ત્યારે કહ્યું હતું 'ભાવનગર' દરબાર. કરોડનો તાલુકો. દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. કીધું, માગણ છે. એક મહિને લાખ માગે (એ નાનો) માગણ, પાંચ લાખ એ મોટો માગણ છે, ભિખારી, ભિખારા છે રાંકા. આહા..હા..! અહીં તો જેને આત્મ-ઋદ્ધિ એનું ધ્યાન કરીને જે દશા પ્રગટી તે બાદશાહ છે, તે સુખી છે. એને જગતના સુખાભાસ સાથે મેળ નથી. આહા..હા..!

**'બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી. જે જાણે છે તેને અનુભવમાં આવે છે.'** જે ભગવાન અનંત ગુણનો ધ્રુવ, એને જે જ્ઞેય બનાવીને જાણે, આહા..હા..! તેને અનુભવમાં આવે. તેને એ વસ્તુ પર્યાયમાં આનંદનો અનુભવ આવે. આહા..હા..! દ્રવ્ય ને ગુણ તો ધ્રુવ છે, એનું ધ્યાન કરે તે પર્યાય અને ધ્યાન કરે ધ્યેયને બનાવીને તો એ પર્યાયમાં તેનો અનુભવ આનંદનો, શાંતિનો, સ્વચ્છતાનો, ઈશ્વરતાનો એ બધો પર્યાયમાં આનંદનો અનુભવ આવે. આહા..હા..! એ અનુભવ આવે એને ધર્મ કહેવાય. બાકી બધા થોથા છે. સમજાણું કાંઈ ?

**અનુભવ રત્નચિંતામણી, અનુભવ હે રસકુપ,**
**અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.**

આવી વાત છે. આહા..હા..! **'તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી.'** અનુભવને કોઈની ઉપમા (લાગુ પડતી નથી). કોની ઉપમા કહેવી ? આહા..હા..! જેને અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ગુણનો ધણી પ્રભુ ! ચૈતન્યલોક, એને જેણે જાણ્યો અંદર ધ્યેય બનાવીને, એ જે પર્યાયમાં આનંદ આવ્યો એને કોઈ ઉપમા લાગુ પડતી નથી. કે રાજાના સુખ કરતાં સુખ વધારે છે. પણ એની જાત જ નથી ત્યાં વધારાની ઉપમા કોને દેવી. આહા..! **'તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી.'** આહા..હા..! બે બોલો પણ અલૌકિક આવ્યા. આ નોમનો દિવસ છે, નવ છે ને ? આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✱ ✱ ✱

**આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરા પ્રસંગો આવી પડે. દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો રોગ થઈ ગયો હોય. ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરા પ્રસંગ આવી પડે તો પણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તો પણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિને પ્રગટ કરી શકાય છે. 'પરમાગમસાર' બોલ નં.૪૧૭.**

❀

**જાણનાર... જાણનાર... જાણનાર તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્‌પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પૂરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ-સત્‌ને બતાવે છે. 'પરમાગમસાર' બોલ નં.૪૧૮.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આસો સુદ ૧૦, બુધવાર તા. ૧૧-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૧૨ થી ૩૧૪, પ્રવચન–૧૧૬**

**અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ જુદું પડવાનું છે. ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે. જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો, તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે. ૩૧૨.**

'વચનામૃત' ૩૧૨. હિન્દી ચાલે છે, આજે હિન્દી (મુમુક્ષુઓ) આવ્યા છે.

**'અનાદિકાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે...'** શું કહે છે ? કે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ (છે), એમાં જે પુણ્ય-પાપના રાગાદિ ભાવ અને શરીરાદિ, બધું જાણે એક હોય એમ અનાદિકાળથી અજ્ઞાનીએ માન્યું છે. આહા..હા..! અંદર આત્મા ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકસ્વરૂપ, એને દયા-દાનના, પુણ્ય-પાપના ભાવ અને એ રાગ તે હું છું, શરીર તે હું છું. એમ પરની સાથે એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ અનાદિથી કરી રહ્યો છે. આહા..હા..!

**'તેમાંથી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું'...'** હું આત્મા તો જ્ઞાન જાણક સ્વભાવમાત્ર છું. રાગ પણ નહિ, શરીર નહિ, કર્મ નહિ. મારી ચીજમાં એ નથી અને એ ચીજમાં હું નથી. આહા..હા..! એવું ભેદજ્ઞાન કરવું, એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. આહા..હા..! **'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું...'** જાણક... જાણક.. જાણક... જાણનાર જ્ઞાતા-દૃષ્ટા એ હું ચીજ છું. બાકી રાગ ચાહે તો દયા, દાન, ભક્તિ આદિનો હોય, એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



રાગ પણ મારી ચીજમાં નથી. એનાથી મને લાભ થાય એમ નથી. એનાથી લાભ માને તો પોતાની વસ્તુ માની. આહા..હા..! અને શરીરની ક્રિયા હું કરી શકું છું (એમ માને) તો શરીરને પોતાનું માન્યું. શરીર તો પર જડ છે. આહા..હા..!

આજે તો સવારમાં આવ્યું હતું. મન, વચન અને કાયા. એ તો પર છે. આહા..હા..! શરીરની પર્યાય જડની, રાગની પર્યાય વિકારી. મારો આત્મા જ્ઞાનસ્વરૂપી હું છું. એમ રાગથી અને શરીરથી ભિન્ન કરવો, એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આમ છે, ભાઈ ! આહા..હા..! **'એમ જુદું પડવાનું છે.'** એ પ્રકારે જુદું પડવું. આહા..હા..! કેટલી ધીરજ જોઈએ, ભાઈ ! આહા..હા..! ત્યાં ઉતાવળ કામ ન આવે, ત્યાં રાગના વેગે ચડવું એ ત્યાં કામ ન આવે. આહા..હા..! આત્મા જ્ઞાનસ્વરૂપ જાણકસ્વભાવ એ મારી ચીજ છે અને રાગાદિ, શરીરાદિ બધી પરચીજ છે. એમ શરીરાદિથી અને શુભ-અશુભ રાગાદિથી ભિન્ન પોતાનું જ્ઞાનસ્વરૂપ છે એવો નિર્ણય કરીને અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્માનું જ્ઞાન છે ને ? મિથ્યાત્વ ટળતા, સ્વરૂપનું ભાન થતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ભેગા થાય છે. હું જ્ઞાનસ્વરૂપ છું એવી પ્રતીતિ, એ જ્ઞાનસ્વરૂપ છું તેનું જ્ઞાન અને જ્ઞાનમાં અંશે ઠરે છે એનું નામ સ્વરૂપાચરણ. 'કળશ ટીકા'માં કીધું છે, કે ભાઈ ! તમે મિથ્યાત્વ ટળે ત્યાં ત્રણે ભેગા થઈ ગયા એમ કેમ માનો છો ? 'કળશ ટીકા'માં એમ આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ. એ માર્ગ મિથ્યાત્વના નાશથી, રાગ અને શરીર હું છું. એવી બુદ્ધિના નાશથી એને ત્રણે પ્રગટે છે. છે ? આહા..હા..! ભલે પૂર્ણ ચારિત્ર ન હોય પણ ચારિત્ર ભેગું પ્રગટે છે. હું જ્ઞાનસ્વરૂપ પૂર્ણ જ્ઞાયક સ્વભાવ એ હું છું એવા જ્ઞાનમાં જ્ઞાયકને જ્ઞેય બનાવીને જાણવું તે જ્ઞાન, તેમાં પ્રતીતિ કરવી એ દર્શન. અને દર્શન ને જ્ઞાન અંદરમાં જરી ઠરે છે ને ? રાગમાં જેમ ઠરે છે, તો રાગથી ભિન્ન જ્ઞાયક સ્વભાવમાં જ્ઞાન પ્રતીતિ કરીને થોડું ઠરે છે, તો એમાં ત્રણે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે છે. ચોથા ગુણસ્થાને ત્રણે કહેવામાં આવ્યા છે. અપેક્ષાથી છે ને ? સ્વરૂપની અંશે સ્થિરતા છે ને ? આહા..હા..!

અહીંયા તો કહે છે કે સમ્યગ્દર્શન, ભેદજ્ઞાન કરવું હોય તો એણે શું કરવું ? આહા..હા..! કે હું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છું. અને રાગાદિ થાય છે, દયા, દાન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વ્રત, ભક્તિ આદિના પરિણામ, એ તો રાગ છે, એ કાંઈ મારી ચીજ નથી. આહા..હા..! અરે..! જગતને ક્યાં જાવું ? અનાદિ કાળથી રખડતો અજ્ઞાની, એને રાગ અને શરીર અને આત્મા ત્રણે એક છે એમ માન્યું છે. એ જ મિથ્યાત્વભાવ, ભ્રમભાવ, અજ્ઞાનભાવ સંસારના પરિભ્રમણનું બીજડું છે. આહા..હા..!

જેને ભગવાન આત્મા જ્ઞાન, જાણક... જાણક... જાણક... જાણક... સ્વભાવ ચૈતન્ય તે હું. એ રાગની ક્રિયા રાગાદિ છે એ હું નથી. હું નથી એ અપેક્ષાએ સમજાવવું છે. પણ હું જ્ઞાનસ્વરૂપ છું ત્યાં રાગ નથી એમ સાથે આવી જાય છે. આહા..હા..! આવો માર્ગ હવે. લોકોને બહારથી કાંઈક જાત્રા કરી, વ્રત પાળ્યા, અપવાસ કર્યા, ભગવાનની ભક્તિ (કરી), મંદિર (બંધાવ્યા એમાં) થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી. પુણ્યાનુબંધી પુણ્ય પણ એમાં નથી. આહા..હા..! આકરી વાત, ભાઈ !

ભગવાન અંદર ચૈતન્યરસથી ભરેલો, આનંદરસથી (પૂર્ણ ભરેલો છે). ચૈતન્યલોક, કાલે આવ્યું હતું ને ? અંદર ચૈતન્યલોક ભગવાન, જેમાં અનંતા ગુણો ભર્યા છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા. એવી અનંત અનંત ગુણની શક્તિ, ગુણરૂપ ભગવાન એ ચૈતન્યલોક છે. એ ચૈતન્યલોકને અંદરમાં રાગ અને રાગની ક્રિયા અને દેહની ક્રિયાથી ભિન્ન અવલોકવો, એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. બાકી બધા થોથા છે. એ ભક્તિ કરે, જાત્રા કરે, એ રાગ મારો છે અને એનાથી મને લાભ થશે. એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વમાં પરિભ્રમણ કરશે. આહા..હા..! એ આવ્યું ?

**'એમ જુદું પડવાનું છે.'** એકવાર દાખલો આપ્યો હતો ને ? 'શ્રીમદે' આપ્યો હતો. કોઈ ગોસળિયો હશે. એને કાંઈ ખબર ન રહી કે હું ગોસળિયો છું. પછી એને દોરો બાંધી દીધો. ઘણા માણસમાં અંદર પેઠો. 'કચ્છ'ની વાત છે. ઘણા માણસમાં પેઠો એટલે ભૂલી ગયો કે હું તે ગોસળિયો છું કે આ છું ? પણ એણે જ્યાં દોરો જોયો કે આ દોરો તો મને છે. હું તો ભિન્ન છું, જુદો છું. આ બધાની માણસની ભેગો હું છું નહિ. આહા..હા..! હું એ નથી. આહા..હા..! એ તો દૃષ્ટાંત થયું. 'શ્રીમદ્ રાજચંદ્ર' દાખલો આપતા.

આ દેહાદિ પરમાણુ આ તો માટી-ધૂળ છે. જડ છે જડ. એ તો હું નથી. પણ અંદરમાં પુણ્યના પાપના દયા-દાન, કામ-ક્રોધના ભાવ થાય એ પણ મારી ચીજ નથી. આહા..હા..! અહીં તો હજી બાયડી-છોકરા, કુટુંબ, પૈસા અને બંગલા એ મારા. ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– તો કોના છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એના છે, જડના–પરના છે. એના કે દિ' હતા ? બાયડી-છોકરા એ તો પરનો આત્મા અને પર શરીર, પર જડ છે. એ તારા ક્યાંથી થયા ? મૂરખ માને છે કે આ મારા છે. આહા..હા..! એમ પરને પોતાના માનવા એ તો મિથ્યાદૃષ્ટિ મૂંઢ જીવ છે. જગતનો મોટો મૂરખ છે.

મુમુક્ષુ :– તો નાનો મૂરખ કોણ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગને પોતાનો માને એ નાનો મૂરખ છે. આ તો પરને પોતાનો માને, જે ભિન્ન ચીજ છે, આને અને એને કાંઈ સંબંધ નથી. એ સ્ત્રીનો આત્મા અને સ્ત્રીનું શરીર, એને અને આત્માને કાંઈ સંબંધ છે ? એમાં આત્માનો અભાવ છે. આહા..હા..! એ પર સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ, અરે..! એના બંગલા, મકાન અને આબરૂ આદિ, પૈસા. પૈસા ધૂળ લ્યોને આ. પૈસા ધૂળ છે એ તો જડ છે. મૂંઢ કહે છે કે મારા પૈસા છે, મૂંઢ છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એ પૈસાથી તો ભિન્ન ચીજ છે. આહા..હા..! લક્ષ્મીપતિ કહે છે ને ? લક્ષ્મીનો પતિ, જડનો પતિ. આહા..હા..! ઉદ્યોગપતિ. આણે બહુ ઉદ્યોગ કરીને ધૂળનો ઉદ્યોગનો પતિ, જડના રોગનો ઉદ્યમનો પતિ. નરેન્દ્ર, નરપતિ. રાજા નરના મનુષ્યનો પતિ (એમ માનનાર) જડ છે. આહા..હા..! ભાઈ! આકરું કામ.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર નવ તત્ત્વમાં એમ ફરમાવે છે. શરીર, વાણી, કર્મ, આબરૂ એ તો અજીવ તત્ત્વ ભિન્ન છે. આ અંદરમાં શરીર અને કર્મ છે એ પણ અજીવ ભિન્ન છે. અને અંદરમાં દયા, દાન, કામ, ક્રોધ આદિ રાગના વિકલ્પ ઊઠે એ પુણ્ય અને પાપ તત્ત્વનો ભાવ, એ તો ભગવાન આત્માથી ભિન્ન છે. નવ તત્ત્વ છે કે નહિ ? તો નવ તત્ત્વમાં શરીર આદિ તો અજીવતત્ત્વ છે. પૈસા, ધૂળ. અને અંદર પાપના પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના. એ તો પાપતત્ત્વ છે. એ આત્મતત્ત્વ છે ? આહા..હા..!

મુમુક્ષુ :– આત્મતત્ત્વની પર્યાય તો છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની પર્યાય જ નથી. એની પર્યાય તો નિર્મળ હોય. વિકૃત પર્યાય એ તો આપણે આવી ગયું ને. ભાવકનો ભાવ છે. કર્મ જે ભાવક છે, એનાથી અંદર ભાવ્ય નામ વિકારી દશા ઉત્પન્ન થાય. સ્વભાવભાવ નહિ. પોતાનો સ્વભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



નથી. આકરી વાત છે, ભાઈ ! જગત અનાદિથી રખડી રહ્યું છે, પરિભ્રમણ કરી રહ્યો છે. આહા..હા..! એને કાંઈ ભાન નથી. મોટા અબજોપતિ, કરોડોપતિ, મૂંઢ જીવો... આહા..હા..! આ પરચીજ મારી છે અને હું રાજા છું, હું પૈસાનો શેઠિયો છું. એ મોટા મૂરખ, મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– આપ ભલે મૂરખ કહો પણ ગામમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુનિયા પાગલ છે તો વખાણે. પાગલ પાગલને વખાણે. આહા..હા..! શેઠ સાહેબ... શેઠ સાહેબ... કરે વળી. એ પાગલ શેઠ સાહેબ છે. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો, નાથ ! મનુષ્યનો આવો અવસર મળ્યો અને વીજળીના ઝબકારે એ મનુષ્યનો અવતાર ચાલ્યો જશે, ભાઈ ! એ તો થોડો કાળ રહેવાનો છે. એમાં આ ચૈતન્યમૂર્તિ હું છું. રાગ, દયા, દાનના વિકલ્પ છે તે પણ હું નથી. આહા..હા..! એવું ભેદજ્ઞાન કર તો પ્રભુ ! તારો ઉદ્ધાર થશે. નહિતર તો નરક અને નિગોદના પરિભ્રમણ કરીને મરી ગયો છે, બાપા ! આહા..હા..! એટલા દુઃખોમાં પરિભ્રમણ કર્યું કે જેના દુઃખો સાંભળતા, જોતા રૂદન આવે. ભાઈ ! તેં એવા દુઃખ સહન કર્યા છે, પ્રભુ ! ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નહોતું એમ કોણ કહે. આહા..હા..! અત્યારે પ્રભુ ! એકવાર અવસર મળ્યો છે હવે. આહા..હા..!

એ પુણ્ય અને પાપના ભાવ થાય. દયા, દાન, વ્રત આદિના વિકલ્પ રાગ થાય, એ પણ મારી ચીજ નથી, એ તો વિકૃતભાવ છે. એ પુણ્યતત્ત્વ છે, એ જીવતત્ત્વ નહિ. આહા..હા..! આ તો સાદિ ભાષામાં પકડાય એવું છે. અરે..રે..! એણે અનાદિ અનંતકાળમાં ક્યાંય દરકાર નથી. મૂંઢ થઈને અનંત વાર મનુષ્ય થયો. અનંત વાર નારકી થયો, અનંતવાર પશુ-ઢોર થયો, અનંતવાર સ્વર્ગમાં (દેવ) થયો. એકેન્દ્રિય લીમડાના જીવ... આહા..હા..! અનંતવાર એમાં ગયો છે, ભાઈ ! તને ખબર નથી. પરને પોતાના માની મિથ્યાત્વના કારણે ચાર ગતિમાં રખડે છે, ભટકે છે. આહા..હા..! એકવાર પ્રભુ ! એકવાર ભિન્ન તો જો. તારી ચીજ અંદર જ્ઞાનસ્વરૂપી, પ્રભુ ! આ રાગ અને શરીરની ક્રિયાથી ભિન્ન ચીજ અંદર વર્તે છે. આહા..હા..! આવ્યું ?

‘**ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે.**’ ભગવાન આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એ પુણ્ય અને પાપના ભાવ, ચાહે તો દયાનો ભાવ, ચાહે તો જાત્રાનો ભાવ, ચાહે તો શાસ્ત્ર શ્રવણનો ભાવ, ચાહે તો ભગવાન ત્રણ લોકના નાથની ભક્તિનો ભાવ (હો), એ બધો રાગ છે. અરે..રે..! કેમ બેસે ? એ રાગથી તારી ચીજ અંદર ભિન્ન છે. એમ ભગવાને ત્યાં જ્ઞાનનો દોરો બાંધ્યો. ચાર ગતિમાં અનાદિથી રખડતો (હતો), હવે ભગવાને જ્ઞાનનો દોરો બાંધ્યો કે બાપુ ! જ્ઞાન તે તું છો. આ રાગ અને તે તું છો નહિ. અરે..! એને કે દિ' નવરાશ ? પાપના ધંધા આડે નવરો ક્યાં છે ? આહા..હા..! અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવનો પોકાર છે, એ આ વાણી છે. આહા..હા..!

**'જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા...'** કલાઈ એટલે ? હાથ ને ? કાંડુ-કાડું. પોતાના કાંડામાં દોરો બાંધ્યો હતો. એટલે ૨૫-૫૦-૨૦૦-૨૦૦ માણસમાં ઘૂસી ગયો. ભૂલી જતો. હું તે અહીં છું કે હું તે આ ભેગો છું ? એણે દોરા સામું જોયું, ઓહ ! આ તો ગોસળિયો તો ભિન્ન છે. એમ **'પોતાને જુદો ઓળખી લીધો, તેમ 'જ્ઞાનદોરા તરફ યથાર્થ લક્ષ કરી...''** ભગવાને એમ કહ્યું, કે પ્રભુ ! તું તો જ્ઞાન જાણકસ્વરૂપ છો ને ? રાગને જાણે, શરીરને જાણે, પોતાને જાણે, એ જ્ઞાનશરીર, જ્ઞાનસ્વરૂપ તું છો. આહા..હા..! એવો જ્ઞાનદોરો બાંધી દીધો, તો બધામાં ભેળસેળ થવા છતાં હું તો જ્ઞાનસ્વરૂપ છું. અરે..! ક્યારે એને બેસે ? આહા..હા..! સાધુ નામ ધરાવે અને પંચ મહાવ્રતના રાગની ક્રિયા એ મારી છે એમ માને. એ મિથ્યાદૃષ્ટિ છે. આવી ઝીણી વાત છે, બાપુ !

અંદર ભગવાન ચૈતન્યલોક જ્ઞાનસ્વભાવ અને આનંદસ્વભાવથી ભરેલો આત્મા, એને રાગ અને પરથી ભિન્ન કરી અને આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે, એવો અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. આહા..હા..! આવી જવાબદારી. નવરો ક્યાં (છે). આખો દિ' પાપ. આ ધંધો કર્યો, આ ધંધો કર્યો અને એમાં બે-પાંચ-દસ લાખ મળ્યા. દસ લાખ મળે, વીસના પચ્ચીસ કરોડ. કરોડ-બે કરોડ હવે તો અત્યારે પૈસા બહુ વધી ગયા. કરોડ મળ્યા અને બે કરોડ મળ્યા. શું મળ્યું ? એ તો જડ માટી છે. માટી તને મળે ? ચૈતન્યમાં માટી આવી જાય છે ? આહા..હા..! અનાદિથી પરને મારા માની, મૂંઢ ચોરાશીના અવતારમાં પરિભ્રમણ કરે છે. એની એને ખબર પણ નથી કે આ હું શું કરું છું અને શું માનું છું ?

મુમુક્ષુ :- પૈસાવાળા તો પૈસા ન કમાય એને મૂંઢ કહે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :- અજ્ઞાની મૂંઢ તો જગત (છે). આહા..હા..! નારકીના જીવને એક પાઈ પણ નથી, અનાજનો કણ પણ નથી. આહા..હા..! છતાં અંદર સમકિતી અત્યારે 'શ્રેણિક' રાજા. શ્રેણિક રાજા તીર્થંકર થવાના. આહા..હા..! એ શ્રેણિક રાજા અત્યારે પહેલી નરકમાં છે. પણ એમાં હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છું. આહા..હા..! એ નારકીનો સંયોગ એ મારી ચીજ નથી, શરીર મારું નહિ, અંદર રાગ ઉત્પન્ન થાય એ પણ હું નથી. આહા..હા..! એ નરકમાં રહ્યા છતા એને આત્મજ્ઞાન છે. આહા..હા..! આહા..હા..!

ખરેખર તો ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ પ્રભુ (છે), એવું જેણે અંતરમાં રાગથી અને શરીરથી ભિન્ન જાણ્યો એ તો આત્મા આત્મામાં જ છે. કોઈ પણ ગતિમાં જાવ પણ એ આત્મા આત્મામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? માર્ગ બીજો, ભાઈ ! આહા..હા..! જગતને બિચારાને આ સાંભળવા મળતું નથી. બિચારા એટલે બધા ભિખારા, બિચારા રાંકા. એ કરોડપતિ અને અબજોપતિ ભિખારીઓ છે. પોતાની લક્ષ્મીની ખબર નથી. ધૂળની લક્ષ્મીના માગણો. એય..! દરબારને કહ્યું હતું ને અહીં ?

મુમુક્ષુ :- જેણે પૈસાનો રસ ચાખ્યો હોય એને ખબર પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પણ કહેતો હતો. અત્યારે ભાઈ નથી આવ્યા ? ઠીક નથી. ભાઈનો દીકરો. ભાઈ પાસે ૨૫-૩૦-૪૦ હજાર હતા. હવે આ છોકરા પાસે પાંચ કરોડ છે. 'મુંબઈ' છે ને ? પાંચ કરોડ. મોટો છોકરો 'સ્વીટ્ઝરલેન્ડ' છે. એની પાસે ચાર કરોડ છે. એકવાર વાત નીકળતા 'અમદાવાદ'માં વાત નીકળી હતી. ત્યારે તે એવું બોલી ગયો, બાપુજીએ ક્યાં પૈસાનો રસ ચાખ્યો છે ? એટલે આટલા પૈસા ક્યાં હતા ? પાંચ કરોડ. છે ને 'મુંબઈ' અત્યારે ? 'મુંબઈ'માં મોટા મકાન-હજીરા કરાવે. પૈસા ઘણા પૈદા કરે છે, લાખોની પેદાશ છે. ધૂળ. મૂંઢ છે. એના બાપ પાસે એમ બોલી ગયો હતો. અમે બેઠા હતા. બાપુજીએ પૈસાનો રસ ક્યાં ચાખ્યો છે ? એમ કે આટલા પૈસા ક્યાં હતા ? અમને આટલા પૈસા મળ્યા એટલે અમને પૈસાનો રસ ચડી ગયો છે. આહા..હા...! મૂંઢ. અહીં આવે છે. આહા..હા..! એવું બોલ્યો હતો. કારણ કે એના પિતાજી પાસે થોડાઘણા પૈસા હતા. ૩૦-૪૦ હજાર. કેટલા હશે. એના કરતા આની પાસે વધારે હતા. ભાઈ પાસે ૮૦ હજાર હતા.

આ તો ૬૦-૭૦ વર્ષ પહેલાની વાત છે. બધી (ખબર છે). અહીં તો ૮૯ વર્ષ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



થયા. ૬૫ વર્ષ તો દીક્ષા લીધા થયા છે. બધાને ઘણાને જોયા અને જાણ્યા છે. આહા..હા..! ઓલો કહે મારે ૮૦ હજારની મૂડી, ઓલો કહે મારે ૩૦-૪૦ હજારની મૂડી, ત્રીજો કહે મારે કરોડની મૂડી. ધૂળેય નથી મૂડી, સાંભળને. જડની ચીજ તારી ક્યાંથી આવી ગઈ ? પ્રભુ ! શું તેં કર્યું આ ? આ તારો સનેપાત છે.

અહીં પરમાત્મા જિનેશ્વરદેવની વાણીમાં એ આવ્યું. એ અહીં કહ્યું. **''જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી...'** આહા..હા..! આ જાણક... જાણક... જાણક... જાણક... એના તરફ જો. એ હું છું. રાગ અને શરીરાદિ હું નથી. આહા..હા..! એને વાસ્તવિક આત્માની પ્રતીતિ અને અનુભવ થયો. ભાઈ ! આ બધા વકીલો. ભાઈ મોટા વકીલ હતા.

મુમુક્ષુ :– ખોટા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખોટા. પાંચ કલાકના બસ્સો રૂપિયા લેતા. પાત્રીસ વર્ષ પહેલા, હોં ! કોર્ટમાં જાતા. પાંચ કલાકના બસ્સો. એ મૂર્ખાઈ ભરેલું જ્ઞાન હતું, કુજ્ઞાન હતું. એ પોતે કહે છે ને. એય..! ભાઈ ! આ મોટા વકીલ રહ્યા, 'પાલિતાણા'માં. આહા..હા..! ધૂળેય નથી, પ્રભુ ! તું કોણ છો ? શું છો ? આહા..હા..! તારી તને ખબર નથી, પ્રભુ ! તારી પ્રભુતા તો જ્ઞાન અને આનંદસ્વરૂપમાં તારી પ્રભુતા છે. રાગ અને પરની પ્રભુતા માને છે પ્રભુ ! એ તો મૂંઢ જીવ છે. આહા..હા..! દુનિયાના ડાહ્યા ગમે તે કહેવાતા હોય, ભગવાન તો એને મૂરખ કહે છે.

મુમુક્ષુ :– જીવમાં મૂંઢરૂપે પરિણમવાની તાકાત જ ક્યાં છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– મૂંઢરૂપે પરિણમે છે, અજ્ઞાનપણે એ પરિણમે છે. શરીર મારું (માને છે પણ) એ શરીર એનું થાતું નથી. પણ શરીર મારું એવા ભાવે એ પરિણમે છે. રાગ એનો થતો નથી પણ રાગ મારો એમ પરિણમે છે. આહા..હા..! આવી વાતું છે, પ્રભુ ! આકરી વાતું છે. દુનિયાથી જુદી જાત છે. ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. મહાવીર પરમાત્મા આદિ તો મોક્ષ પધાર્યા. આ તો મહાવિદેહમાં અરિહંતપદે બિરાજે છે. આહા..હા..! ત્યાં ભગવાન આ કહે છે. સમજાણું કાંઈ ?

**''હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું'...'** ચૈતન્ય દીવડો, ચૈતન્યસૂર્ય, જાણકની ઝળહળ જ્યોતિ પ્રભુ, એ હું છું. આહા..હા..! રાગાદિ વિકલ્પ અને શરીરાદિ જડ એ બધા પર છે. મારા નથી. આહા..હા..! **'એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે.'** આ પ્રકારે પોતાને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પરથી ભિન્ન ઓળખી લેવો. એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું. પગથિયું કહે છે ? એ પગથિયું છે, ભાઈ ! શું થાય ? આહા..હા..! વ્રત ખૂબ કર્યા, અપવાસ ખૂબ કર્યા, ભક્તિ કરી, પાંચ-પચ્ચીસ લાખ દાન કર્યા, મંદિર બનાવ્યા, માટે ધર્મ થયો, ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

મુમુક્ષુ :– હજી તો આપણે ઘણા મંદિર બનાવવાના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બનાવે તો બનાવે. કોણ બનાવે છે ? આ અમારા ભાઈ રહ્યા. 'નાઈરોબી'માં ૧૫ લાખનું બનાવવાના છે. મૂહુર્ત થઈ ગયું છે. એ બધા પૈસાવાળા છે. ત્યાં ૬૦ ઘર છે. ૬૦ શ્વેતાંબરના ઘર છે. બધા દિગંબર થઈ ગયા. અહીંનું વાંચન ૨૫-૩૦ વર્ષથી ચાલે છે. અઢી લાખનું મકાન તો છે. ૧૫ લાખનું આ જેઠ સુદ એકમે. ૧૫ લાખનું મંદિર કરવાનું ત્યાં ખાતમુહૂર્ત કર્યું. એમાં બે લાખ અને બે હજાર તો ભાઈએ આપ્યા. આ ભાઈનો ભાણેજ. એ બેઠા એના ભાણેજે બે લાખ બે હજાર આપ્યા. પણ અહીં તો ચોખ્ખી વાત કરી એ બધામાં ભાવ શુભ હોય તો પુણ્ય છે. એમાં ધર્મ છે, એમાં કાંઈ માલ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– માલ ન હોય તો પૈસા ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૈસા ક્યાં એના બાપના હતા ? એ તો જડ છે, અજીવ છે, ધૂળ છે. ભાઈ ! એ બધા ગૃહસ્થ માણસ છે. ૬૦-૭૦ લાખ રૂપિયા છે. એમના કાકા છે એની પાસે ૬૦-૭૦ લાખ છે. બાકી બીજા આઠ જણા કરોડપતિ છે. 'નાઈરોબી' 'આફ્રિકા'માં ૬૦ ઘર છે. અહીંનું વાંચન ચાલે છે. અહીંના ટેપ રેકોર્ડ ગયા છે. 'સમયસાર'નાં પાંચ હજાર ટેપ રેકોર્ડ અહીંથી ગયા છે. ભગવાનની પ્રતિમા પ્લેનમાં ત્યાં લઈ ગયા છે. પણ એ બધો શુભભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :– ધર્માનુરાગ તો છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધર્માનુરાગનો અર્થ જ રાગ. એ વિકાર છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ ! અનંત કાળમાં એણે કર્યું નથી. એને ભગવાન આત્માને રાગ અને પરની ક્રિયાથી ભિન્ન ઓળખી લે, પ્રભુ ! તો તારી ચીજનો અનુભવ થશે. તો તારું કલ્યાણ થશે. આહા..હા..! બાકી તો ધુડધાણી અને વા-પાણી છે. ૩૧૨ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**માર્ગ કાપવામાં સજ્જન સાથીદાર હોય તો માર્ગ સરળતાથી કપાય છે. પંચ પરમેષ્ઠી સર્વોત્કૃષ્ટ સાથીદાર છે. આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે. સાથીદાર સાથે હોય, પણ માર્ગ પર ચાલી ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે. ૩૧૩.**

૩૧૩. **'માર્ગ કાપવામાં સજ્જન સાથીદાર હોય તો માર્ગ સરળતાથી કપાય છે.'** સજ્જન પુરુષ કોઈ માર્ગમાં સાથે હોય.. એમ **'પંચ પરમેષ્ઠી...'** પંચ પરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. મહા ભગવંતસ્વરૂપ પાંચ. આહા..હા..! એ **'પંચ પરમેષ્ઠી સર્વોત્કૃષ્ટ સાથીદાર છે.'** નિમિત્ત. નિમિત્ત તરીકે. ચાલવાનું તો પોતાને છે. ભગવાન તરીકે ત્યાં પાંચ નિમિત્ત છે. આહા..હા..! એ ભગવાનનું લક્ષ કરીને ભગવાનની ભક્તિ કરવી એ પણ રાગ છે. આહા..હા..!

અહીંયા તો પંચ પરમેષ્ઠી. ત્રણ લોકના નાથ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભગવત્સ્વરૂપ અંદર છે. આનંદના અનુભવી. આહા..હા..! અરિહંત અને સિદ્ધ તો પૂર્ણ આનંદના અનુભવી, પણ આચાર્ય અને ઉપાધ્યાય, જૈનના સાધુ એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યું હોય, એને અહીંયા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહે છે. આહા..હા..! **'પંચ પરમેષ્ઠી...'** પોતાના સ્વરૂપના સાધનકાળમાં સાથે નિમિત્ત છે. આહા..હા..! છે ? આહા..હા..!

**'પંચ પરમેષ્ઠી સર્વોત્કૃષ્ટ સાથીદાર છે. આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે.'** ત્યાં 'બહેન'નો વિનય છે. **'સાથીદાર સાથે હોય,...'** સાથે ભલે હોય, **'પણ માર્ગ પર ચાલી ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે.'** પંચ પરમેષ્ઠી કે ગુરુ એના ધ્યેયમાં કંઈ ચલાવતા નથી. આહા..હા..! સારો સાથી હોય, પણ ચાલવાનું તો પોતાને છે ને ? કે એ ચાલે તે આને ચલાવી દે ?

મુમુક્ષુ :– .. ખંભા નાખે...

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂજ્ય ગુરુદેવશ્રી :- ખંભે નાખો તો પણ એ પોતે અંદર ચાલે છે. પોતાની ગતિ અંદર એવી છે માટે ચાલે છે. અરે..! ભાઈ ! બહુ કામ આકરા. અરે..રે..! અનંત કાળથી દુઃખી અજ્ઞાની, મૂંઢ. એની મૂંઢતા શું છે એ અહીં પ્રભુ બતાવે છે. આહા..હા..! ભાઈ ! તું મુંઝાઈ ગયો, પ્રભુ ! તારી ચીજ નહિ અને પરની ચીજ મારી એમાં તને મૂર્ચ્છા થઈ ગઈ, પ્રભુ ! આહા..હા...! એ મૂર્છાને ટાળવી હોય તો, પ્રભુ ! એક વાર પંચ પરમેષ્ઠીને સાથે લે અને અંદરમાં રાગથી તારી ચીજ ભિન્ન છે એમ અંદર માર્ગમાં ચાલ. આહા..હા..!

**'પણ માર્ગ પર ચાલી ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે.'** ધ્યેય શું ? વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ધ્યેય તો ત્રિકાળી ભગવાન આત્મા પોતાનો છે. ભગવાન ધ્યેય નથી. આહા..હા..! આવી વાતું હવે. ક્યાં બિચારા જગતના પ્રાણી મૂંઢ થઈને અનાદિથી ફરે છે. એને આ વાત કાને પડવી મુશ્કેલ પડે. આહા..હા..! અહીં પરમાત્મા નિજ સ્થિતિનું વર્ણન (કરતાં) કહે છે કે ધ્યેય ભગવાન આત્મા પૂર્ણ આનંદકંદ છે. દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ, પરમાત્મસ્વભાવ, ચૈતન્ય સ્વભાવ એ ધર્મીનું ધ્યેય છે. ધર્મી જીવનું એ ધ્યેય છે. ધર્મી જીવનું પર્યાય ધ્યેય નથી, ગુણભેદ ધ્યેય નથી. ધ્યેય ત્રિકાળી વસ્તુ છે. આહા..હા..! આવું શું હશે ? આવો ઉપદેશ કેવો આ ? ભાઈ ! આ તો અમે ઉપદેશ સાંભળતા કે દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા.

મુમુક્ષુ :- દયા પાળવાની...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોની કેવી દયા ? બાપુ ! તને ખબર (નથી). તારી દયાની અહીં તો વાત છે. પરની દયાનો ભાવ તો રાગ છે. એ રાગમાં તો આત્માની શાંતિ લુંટાય છે. તને ખબર નથી. આહા..હા..! બહુ ફેર પણ, આ તો ઊગમણો-આથમણો ફેર. આહા..હા..! ભાઈ ! તારી દયા તો એને કહીએ, કે હું તો આનંદ અને જ્ઞાન સ્વરૂપથી પૂર્ણાનંદ છું, એવા આત્માને ધ્યેય બનાવીને શ્રદ્ધા કરવી, એનું નામ સ્વની દયા છે. જેવો છે એવો દૃષ્ટિમાં લીધો, એનું નામ દયા છે. એય..! ભાઈ ! આ વકીલાતમાં કાંઈ આવું આવતું ન હોય, લ્યો. આહા..હા..!

મુમુક્ષુ :- વકીલાત ન કરવી તો શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ આત્માનું કરવું. વકીલાત કરે એ તો રાગ છે, એ તો ધૂળ છે. મોટા હજાર-હજારનો મહિનો મળે તો એ ધૂળ છે. એમાં છે શું ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પાપ બાંધે છે. હું વકીલાત કરું છું, મને આટલા પૈસા મળે છે, હું હોશિયાર છું. મૂંઢ છે. એય...! ભાઈ ! એમના બાપ પણ વકીલ હતા. ધૂળમાં પણ કાંઈ નહોતા. બધી ખબર છે ને. ‘બાબરા’માંથી પછી ‘પાલિતાણા’ આવ્યા. આહા..હા..! દસ-દસ હજાર રૂપિયાનું દનિયું લેનારા વકીલ છે એ પણ પર્યાયમાં મૂંઢ છે. આહા..હા..! વકીલાતમાં વાણી કરી એ વાણી મારી છે. મૂંઢ છે.

મુમુક્ષુ :– આટલા બધા લોકોને સમજાવ્યા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કોને સમજાવ્યા ? ધૂળમાં. સમજાવ્યું હતું ક્યાં ? રાગ કર્યો હતો. ભાઈ કહે આ બધાના કેસ મેં જીતાવ્યા. રાગ કર્યો હતો, રાગ. ધૂંડમાંય કાંઈ નહોતું કર્યું. આવી વાત છે. વકીલ મોટા એલએલબી થયેલા, ડોક્ટરો મોટા એમ.એ. થયેલા. કેવા ? ધૂળમાં પણ નથી. મૂંઢ છે. આત્મા શું ચીજ છે એની ખબર નથી અને પરના ડહાપણમાં ચાલ્યા ગયા, એ મૂંઢ જીવ છે. મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડવાના પાપ કરે છે. આહા..હા..! દુનિયા ડાહ્યો કહે. પાંચ લાખ પેદા કરે, દસ લાખ પેદા કરે. આહા..હા..! બહુ ભાગ્યવાન લાગે છે, કહે.

મુમુક્ષુ :– મુંબઈના શેઠિયા તો કરોડો-કરોડો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઘણા પેદા કરે છે. ઘણા કીધું ને. ઓલો તમારો શેઠિયો નહિ ? ભાઈનો. એમનો દીકરો જેમાં નોકર છે ને ભાઈનો ? ‘મુંબઈ’ આઠ હજારનો પગાર છે. છ હજારનો પણ એ મકાન એમ થઈને આઠ હજાર. મહીને આઠ હજાર એમના દીકરાનો પગાર છે અત્યારે. ‘મુંબઈ’ એનો શેઠ છે એને એક વર્ષની સાડા ત્રણ કરોડની પેદાશ છે. ‘જામનગર’ના શ્વેતાંબર જૈન ગૃહસ્થ છે. અહીં આવ્યા હતા. ત્યાં પણ મળ્યા હતા. સાડા ત્રણ કરોડની એક વર્ષની પેદાશ. એમાં એમનો દીકરો નોકર છે. આઠ હજારનો પગાર છે. હજી એને વધારે કરવું છે. સાડા ત્રણ કરોડની પેદાશ, હોં ! રાજા કરતા મોટી પેદાશ. મોટું કારખાનું.. આહા..હા..! માને કે અમે મોટા શેઠિયા.

મુમુક્ષુ :– કારખાના તો નવા વાપીમાં નાખ્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરવાના છે ને, સાંભળ્યું છે. સાડા ત્રણ કરોડની પેદાશ કરતા વધારે કરવું છે. આવા ને આવા. આહા..હા..! પાપના પોટલા બાંધવાના છે. અરે..રે..! આવી વાતું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :- ભવિષ્યમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભવિષ્યમાં નહિ અત્યારે બાંધે છે. એને ભાન ક્યાં છે ? એમ કહે છે, ભવિષ્યમાં એનું ફળ દેખાશે. અત્યારે જ દેખાય છે એને. રાગની ક્રિયામાં એકાકાર દુઃખી પ્રાણી છે. એની ખબર નથી. આહા..હા..! સનેપાતિયો હોય છે ને ? સનેપાત. એ દાંત કાઢે. સુખી છે ? સનેપાત. વાત, પિત્ત અને કફ ત્રણ વકરી જાય, વિશેષ થઈ જાય ત્યારે સનેપાત થાય. સન્નિ પાત. ત્રણનો મેળ. ત્રણનો મેળ થઈ ગયો. સનેપાત. દાંત કાઢે. જોડેવાળા કહે, અરે..રે..! અમે નજરે જોયું છે. બધું સાંભળ્યું. છોકરાને પથારી હતી. ૩૩ વર્ષનો જુવાન હતો. સનેપાત થયો હતો. અને દાંત કાઢે. આઠ-આઠ માણસોથી જાલ્યો રહે નહિ. લોકોને થયું અરે..રે..! હવે સવાર નહિ કાઢે. સવાર નહિ કાઢે, દેહ છૂટી જશે. દેહ છૂટી ગયો. 'લીંબડા' છે. 'લીંબડા' છે ને અહીંયા ? ત્યાં. આ ઘણા વર્ષ પહેલાની વાત છે. ૪૦-૫૦ વર્ષ પહેલાની વાત છે. આહા..હા..! એ સનેપાતિયા જેમ દાંત કાઢે છે એ સુખી છે ?

એમ આ અજ્ઞાનીઓ પાંચ, પચ્ચીસ, પચાસ લાખ ભેગા થાય, બાયડી-છોકરા સારા થાય, રાજી થાય છે એ સનેપાતિયા જેવા પાગલ છે. ભગવાન એમ કહે છે. આહા..હા..! જિનેશ્વરદેવ એની વાણીમાં આ આવ્યું છે. પરમાત્મા ત્રિલોકનાથ કેવળજ્ઞાની, એની દિવ્યધ્વનિમાં એ આવ્યું છે, એ આ વાત છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ ! દુનિયાથી જુદી જાત છે. આહા..હા..! હવે વિશેષ કહે છે.

**ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે. શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે. ૩૧૪.**

૩૧૪. ઝીણી વાત છે, બાપા ! પ્રભુ ! ત્રણ લોકના નાથની વાતું છે એ વાતું ઝીણી છે. જિનેશ્વરદેવ પરમેશ્વર, એની વાણી એ જ આ વાણી છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે.'** આહા..હા..! રાગ એ તો પરવશતા છે જ. શરીર મારું એ પણ પરવશપણું છે જ. પરવશ-દુઃખી. આહા..હા..! પણ આત્માની પર્યાયમાં ખંડખંડ જ્ઞાન છે, એ પણ પરવશપણું છે અને એ દુઃખી છે. આહા..હા..! શું કહ્યું ઇ ? કે આત્મા જે છે એ અખંડ જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. આહા..હા..! એની પર્યાયમાં, અવસ્થામાં ખંડખંડ જ્ઞાન ભાવેન્દ્રિય છે ને ? ભાવેન્દ્રિય ખંડખંડ જ્ઞાનને જણાવે છે. આપણે ૩૧ ગાથામાં આવી ગયું. આહા..હા..!

રાગ તો એક કોર રહ્યો, શરીર, વાણી અને પૈસા ધૂળ તો ક્યાંય રહ્યા, પણ ભગવાન આત્મા અખંડ જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, એમાં ભાવેન્દ્રિય વર્તમાન પર્યાયમાં એક એક ઇન્દ્રિય ભાવ એક એક વિષયને જાણે છે એ ખંડખંડ જ્ઞાનને જાણે છે. એ ખંડખંડ જ્ઞાન પણ પરવશતા અને દુઃખી છે. આહા..હા..! આવી વાત છે.

મુમુક્ષુ :- ગરીબ હોય એ દુઃખી, આ દુઃખી ક્યાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ભિખારામાં ભિખારો ગરીબ છે.

ખંડખંડ જ્ઞાનને પોતાનું માને છે એ મહા ગરીબ ભિખારી પ્રાણી છે. ભાઈ ! આવી વાતું છે. આ તો ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે, બાપા ! શું કહીએ ? બધાને, આખા જગતને જોયું છે. હિન્દુસ્તાન આખું જોયું. દસ-દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. અરે..રે..! બાપુ ! આ માર્ગ કોઈ જુદો, ભાઈ ! આહા..હા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું કે રાગ છે એ તો દુઃખ છે. શરીર મારું માને એ દુઃખ છે, એ પરવશપણું છે પણ પોતાનો જ્ઞાન સ્વરૂપ ભગવાન, એની પર્યાયમાં ખંડખંડ જ્ઞાન જે છે, ખંડખંડ જ્ઞાન એ ઇન્દ્રિયજ્ઞાન. આહા..હા..! એ ખંડખંડ જ્ઞાન છે એ પરવશપણું છે. આહા..હા..! સૂક્ષ્મ છે, ભાઈ ! કહો, આ તમારું વકીલાતનું જ્ઞાન જે પર્યાયનું ખંડખંડ જ્ઞાન છે એ દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો અનુભવે એને ખબર પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એને બધી ખબર નથી. આહા..હા..!

અહીં તો વસ્તુનું સ્વરૂપ ભગવાન આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે. એની જેને દૃષ્ટિ નથી અને વર્તમાન પર્યાયમાં ખંડખંડ ભાવેન્દ્રિયનું જ્ઞાન છે, એ ખંડખંડ જ્ઞાન હું છું, એ પરવશતા છે, દુઃખી પ્રાણી છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવા વિશેષણ. કહો, ભાઈ ! ખંડખંડ જ્ઞાન, એવી ભાષા લીધી છે, હોં ! આહા..હા..! જરી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સૂક્ષ્મ વિષય છે, પ્રભુ !

આ આત્મા જે અંદર છે, એ જ્ઞાયક સ્વભાવ અખંડસ્વરૂપ પ્રભુ છે. એમાં રાગ તો એનો નથી, કર્મ, શરીર તો એનું નથી, પણ પર્યાયમાં ખંડખંડ જ્ઞાન છે એ પણ એનું નથી. ભાવેન્દ્રિય એની નથી, એમ કહે છે. આ જડેન્દ્રિય તો પર માટી ધૂળ છે. પણ ભાવેન્દ્રિય જે છે, અને ભાવમન (એ પણ પર છે). આહા..હા..! આવી વાતું. આ તે શું હશે ? અરે..રે..! ક્યાં છે બિચારા ? વાત ક્યાંય મળે નહિ. અહીં તો પરમાત્મા એમ કહે છે કે અંદર ભાવેન્દ્રિય છે ને ? જે જ્ઞાનની પર્યાય એક એક વિષયને જાણે છે એવી જે જ્ઞાનની પર્યાય ખંડખંડ છે, એ પણ પરવશતા છે, એ પણ પરાધીનતા છે, એ પણ દુઃખી છે. આહા..હા..! લક્ષ્મીવાળો માનવો, પૈસાવાળા માનવા એ દુઃખી છે. રાગવાળો પોતાને માનવો એ દુઃખી છે.

મુમુક્ષુ :- પૈસા વગરના દુઃખી કે સુખી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૈસા વગરનો દુઃખી પૈસાને લઈને નથી. પૈસા વગરનો દુઃખી એ પૈસા લઈને દુઃખી છે એમ નથી. હું પૈસાવાળો નથી, હું નિર્ધન છું એવી દૃષ્ટિએ દુઃખી છે. હમણા એક જીવ અહીંયા આવ્યો હતો. એમણે નહિ સાંભળ્યું હોય. 'મનસુર'થી એક જીવ આવ્યો હતો. હું તીર્થંકર છું. સાંભળ્યું છે ? નથી સાંભળ્યું ? અહીં આવ્યો હતો. એક મહિનો 'પાલિતાણા' રહ્યો. પછી અહીં આવ્યો. હું તીર્થંકર છું, હું કેવળજ્ઞાની છું, ચાર ઘાતિકર્મનો નાશ થયો છે.

મુમુક્ષુ :- ભગવાન પાસે પૈસા નહોતા...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ ભગવાન પાસે પૈસા નહોતા તો મારી પાસે પૈસા નથી. હું ગરીબ છું. વ્યાખ્યાનમાં આવ્યો, વ્યાખ્યાન સાંભળ્યું. અરે..રે..!

મુમુક્ષુ :- પગે લાગ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા.

મુમુક્ષુ :- પાગલ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પાગલ નહિ પણ એક ભ્રમણા થઈ ગઈ. ગાંડો નહોતો. સાંભળે. પણ અભિમાન થઈ ગયું. જાણે કે આહા..! અંદરથી ભ્રમ થઈ ગયો. મેં ચાર ઘાતિકર્મનો નાશ કર્યો છે. હું બતાવું. મેં કીધું ભ્રમણા લાગી છે, ભાઈ ! પાખંડ છે. તો પણ સાંભળે. અહીં તમે મને નહિ માનો. પણ 'અગાસ' 'શ્રીમદ્'માં જઈશ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તો માનશે. આહા..હા..! 'શ્રીમદ્' માં કાંઈ એના માણસો એવા ગાંડા નથી. આહા..હા..! મનસુર છે ને ? નામ શું કીધું ? ચાંદમલજી એનું નામ. વ્યાખ્યાન સાંભળ્યું, અહીં અંદર આવ્યો. હું તીર્થંકર છું. અને અમારા જેવા ગરીબ માણસ પાસે પૈસા નથી. ભગવાન પાસે ક્યાં પૈસા હતા ? મારી પાસે પૈસા નથી. અહીં કંઈક વ્યવસ્થા કરી આપો. આ તે પાખંડ ! અરે...! કીધું, મિથ્યાત્વનું પાગલપણું છે. એ પણ સાંભળે. પાછો ઊભો થઈને પગે લાગે. એ જગતને ભ્રમણા છે. આહા..હા..!

હજી તો મિથ્યાદૃષ્ટિ તીવ્ર છે તો કહે હું તો તીર્થંકર છું. અરે..રે..! શું કરે ? અહીં આવીને પાછું. ત્યાં 'પાલિતાણા' રહ્યો હતો. પહેલા એનો કાગળ આવ્યો હતો. હું તીર્થંકર છું, ચાર ઘાતિકર્મનો નાશ કર્યો છે અને તીર્થંકરને જોઈએ એવી બધી સામગ્રી તૈયાર છે. આહા..હા..! અહીં આવ્યો ત્યારે જોયો. અરે..રે..! પ્રભુ ! મગજમાં અજ્ઞાનની મૂંઢતા ચડી ગયેલી. આમ ગાંડો નહિ, હોં! પાગલ નહિ. આહા..હા..!

અહીં તો કહે છે, પોતાની પર્યાયમાં ભાવ ઇન્દ્રિય છે ને ? આ તો જડ ઇન્દ્રિય છે, એ તો પર છે. એ તો પોતામાં નથી, પોતાની નથી. પણ ભાવેન્દ્રિય જે જ્ઞાનની પર્યાય એક એક વિષયને જાણે એવી જે ભાવેન્દ્રિય ખંડખંડ જ્ઞાનને જણાવે છે. એ ખંડખંડ જ્ઞાન પણ પરવશપણું છે. છે ? એ **'પરવશ તે દુઃખી છે;...'** એ દુઃખી છે. આહા..હા..! આવી વ્યાખ્યા ! એ ભાવથી ઇન્દ્રિયજ્ઞાન જે થાય છે, એ એક એક ઇન્દ્રિયનો વિષય એક એકને જાણે. શ્રુતનો ભાવેન્દ્રિય શબ્દને જાણે, ઘ્રાણેન્દ્રિયના ક્ષયોપશમભાવ એ ગંધને જાણે. એમ એક એક ઇન્દ્રિયનો વિષય એક એકને જાણે. એ જ્ઞાનનો ખંડ ખંડ (છે), એનાથી પણ ભગવાન જુદો છે. એ ઇન્દ્રિય છે એનાથી જુદો છે. ઇન્દ્રિયથી ભિન્ન તારી ચીજ છે. જુદો છે, પૂર્ણ છે. આહા..હા..! આવી વાતું હવે. બિચારા સાધારણ માણસને તો સાધુએ એવી રીતે બિચારાને ચડાવી દીધા. પોતાની બહારની નગ્ન ક્રિયા, એ સાધુ. લોકો માને એટલે ઓ..હો..હો..! તમે બહુ સાધુની ભક્તિ કરનારા. તમે શ્રદ્ધાળુ જીવો. અને એમ ને એમ રાખજો, એવા આશીર્વાદ આપે. અરે..! ભગવાન ! ભાઈ ! શું થાય ?

અહીં તો હજી જ્ઞાનની પર્યાયમાં ખંડ ખંડ જ્ઞાન જાણે એ પણ મારી ચીજ છે એમ માને, એ પરવશતાનો મિથ્યાત્વ ભાવ દુઃખી છે. એ દુઃખી છે. આહા..હા..! ઇન્દ્રિયો તો જડ પર (છે), આ શરીર, વાણી જડ પર, સ્ત્રી-કુટુંબ-પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર પર,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એ ચીજ તો પર રહી ગઈ. હવે અહીંયા તો રાગ એ પર, પણ પોતાની પર્યાયમાં ભાવેન્દ્રિય જે ખંડખંડ જ્ઞાન બતાવે છે, એ પણ પર છે. એ ખંડખંડ જ્ઞાનને વશ (દુઃખી છે). આ તમારા વકીલાતનું જ્ઞાન પણ ભાવેન્દ્રિયનું ખંડખંડ જ્ઞાન છે. એ પરવશતા છે, એ દુઃખી છે. આહા..હા..!

મુમુક્ષુ :- શાસ્ત્રનું જ્ઞાન પણ પરવશતા છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- શાસ્ત્રનું જ્ઞાન પરાલંબી જ્ઞાન એ પણ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નહિ. કારણ કે શાસ્ત્રજ્ઞાન તો અનંત વાર થયું, તો કાંઈ અબંધ પરિણામ તો થયા નહિ. આહા..હા..!

અહીં તો પરમાત્મા (કહે છે), અખંડ જ્ઞાયકભાવ જે વસ્તુ અખંડ અભેદ, એની દૃષ્ટિ કરવી એ સમ્યક્ છે. ખંડખંડ જ્ઞાન એ મારું છે એમ માનવું એ મિથ્યાત્વ છે. આહા..હા..! રાગને મારો માનવો એ તો મિથ્યાત્વ છે, શરીરની ક્રિયા (પોતાની) માનવી એ તો મિથ્યાત્વ છે જ પણ ખંડખંડ જ્ઞાન એ મારું છે (એમ માનવું એ પણ મિથ્યાત્વ છે). આહા..હા..! મારામાં ઘણી આવડત છે. અને એ આવડતના ડહાપણમાં ચડી ગયો. એ બધા (દુઃખી છે). આહા..હા..!

બહુ સરસ વાત છે. એ ૩૧ ગાથામાં આવી ગયું છે. દ્રવ્યેન્દ્રિય જડ, ભાવેન્દ્રિય પણ પર અને ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પર. એ બધા ઇન્દ્રિય. ઇન્દ્રિયથી જીતવું એટલે એનું લક્ષ છોડવું. ભાવેન્દ્રિયનું લક્ષ છોડવું, દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપરનું લક્ષ છે એ પણ છોડવું. આહા..હા..! અને એનાથી ભિન્ન ભગવાન પૂર્ણ શુદ્ધ દ્રવ્ય ભિન્ન છે, પરિપૂર્ણ છે, જુદો છે એવો દૃષ્ટિમાં અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એ પ્રાણી સુખી છે. સમજાણું કાંઈ ?

**'પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે.'** ભગવાન જ્ઞાયકસ્વરૂપ અખંડ, એનો આશ્રય કર્યો એ સુખી છે. ખંડખંડ જ્ઞાનનો આશ્રય કર્યો એ દુઃખી છે. આહા..હા..! **'શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ...'** શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ **'સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે.'** એની વ્યાખ્યા વિશેષ (આવશે)...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



## આસો સુદ ૧૧, ગુરૂવાર તા. ૧૨-૧૦-૧૯૭૮. વચનામૃત–૩૧૪–૩૧૫, પ્રવચન–૧૧૭

'વચનામૃત', ૩૧૪ (બોલ). થોડું એક લીટી બાકી છે પણ ફરીને લઈએ છીએ. આ આત્મા જે છે, આત્મા એ તો અખંડ શુદ્ધ ચૈતન્યઘન હૈ. ચૈતન્યઘન છે, શુદ્ધ ચૈતન્યઘન. એમાં જે કાંઈ આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ થાય એ તો રાગ છે, દુઃખ છે. પણ ભાવેન્દ્રિય જે છે એનાથી ખંડ ખંડ જ્ઞાન થાય એ પણ દુઃખ છે, આવી વાત છે ઝીણી. શુભરાગ થાય, વ્યવહાર રત્નત્રયનો શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, મહાવ્રતનો રાગ કે શાસ્ત્રના ભણવાનો વિકલ્પ, રાગ એ દુઃખરૂપ છે, એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી અને એ ધર્મ પણ નથી. આહા..હા..! એ સિવાય આત્મામાં ભાવઇન્દ્રિય જે, જ્ઞાનનો ઉઘાડ એક સમયની પર્યાયમાં પર વિષયને જાણતા ખંડ-ખંડ જ્ઞાન જણાય એ પણ... એ છે ને ?

**'ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે.'** આહા..હા..! અંદરમાં જે જ્ઞાનની પર્યાય વર્તમાન ભાવેન્દ્રિય દ્વારા જે જણાય છે એ ખંડ-ખંડ જ્ઞાન છે. એ પણ પરવશપણે છે, એ આત્માનું સ્વરૂપ નથી અને તે દુઃખરૂપ છે. **'પરવશ તે દુઃખી છે;...'** આહા..હા..! રાગનો ભાવ થાય વ્યવહાર રત્નત્રયનો એ તો દુઃખ છે, રાગ એ આકુળતા છે પણ અંદર જ્ઞાનની પર્યાયમાં અખંડપણે જે જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં પર્યાયમાં એક એક વિષયને જાણવાનો ભાવઇન્દ્રિય તેનાથી જાણવું, એ પણ ખંડ-ખંડ જ્ઞાન ને દુઃખરૂપ છે, એ અજ્ઞાન છે. આહા..હા..! રાગ, વ્યવહાર રત્નત્રયનો રાગ પણ અજ્ઞાન છે, અજ્ઞાન નામ જ્ઞાન એમાં નથી. આવી વાત છે, ભાઈ ! ઝીણી વાત બહુ. પણ અહીંયા ખંડ-ખંડ જ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન હો, આહા..હા..! ભાવઇન્દ્રિય દ્વારા સાંભળીને ભગવાનને સાંભળીને કે વાંચીને જ્ઞાન થયું એ જ્ઞાન પણ ખંડ-ખંડ જ્ઞાન છે. એ પરવશ છે **'તે દુઃખી છે;...'** આહા..હા..! આવી વાત છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'સ્વવશ તે સુખી છે.'** આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ એને આશ્રયે, એને આધીન થઈને જે જ્ઞાન આદિ થાય તે સમ્યક્ છે, તે સુખી છે. આ આવી વ્યાખ્યા હવે. દુનિયાને તો આકરી લાગે એવી વાત છે. **'સ્વવશ તે સુખી છે. શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના...'** ભગવાન જ્ઞાન ને આનંદ સ્વરૂપ શુદ્ધ અને શાશ્વત, શુદ્ધ અને શાશ્વત નિત્ય પ્રભુ ચૈતન્ય તત્ત્વ નિત્યાનંદ પ્રભુ આત્મા, ભગવાને સર્વજ્ઞે કહ્યો તે આ આત્મા. એ શુદ્ધ અને શાશ્વત, નિત્ય એવા ચૈતન્ય તત્ત્વનો આશ્રય, એનો આશ્રય લેતા સ્વવશતા થાય. આવી ભાષા. **'સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે.'** તેમાં ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. એ આનંદનો કંદ પ્રભુ આત્મા છે એના આશ્રયે સ્વવશપણું જે પ્રગટ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને આશ્રયે (થાય), તે શાશ્વત સુખનું કારણ છે. **'શાશ્વત સુખ પ્રગટ થાય છે.'** આવી વ્યાખ્યા.

આજે આવ્યું છે. (એક આર્જિકા) છે ને ? 'નિયમસાર'ની ચોથી ગાથા, 'વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે,' એનો અર્થ એણે એવો કર્યો છે, વિપરીત એટલે મિથ્યાત્વ એનો ત્યાગ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત. એવો અર્થ કર્યો છે. અરે..! પ્રભુ ! શું કરે ? 'નિયમસાર'ની ચોથી ગાથા. એવી વાત તો ઘણે ઠેકાણે, બે-ચાર ઠેકાણે આવે છે. વ્યવહાર આવશ્યકથી પ્રતિપક્ષ જેટલા વ્યવહાર વિકલ્પ ઉઠે છે, સામાયિક ને ચોવીસ (તીર્થંકરને) વંદન ને ભગવાનનું (નામ સ્મરણ) એ બધો વિકલ્પ રાગ (છે), એ તો બંધનું કારણ (છે). એનાથી પ્રતિપક્ષ આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એને અવલંબે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે નિશ્ચય આવશ્યક ને તે સુખરૂપ છે. આવું છે, ભાઈ ! આકરું કામ બહુ. આહા..! બે, ત્રણ, ચાર ઠેકાણે આવે છે. વિશેષ આવશ્યકથી વિરુદ્ધ ઓલામાં ટીકામાં આવે છે આગળ. આહા..હા..! પ્રતિક્રમણ આવે શરૂઆત, વ્યવહાર પ્રતિક્રમણથી વિરુદ્ધ જે નિશ્ચય છે. હવે એ તો... અરે..! પ્રભુ ! શું કરે ? માણસને પોતાની દૃષ્ટિએ સિદ્ધાંતને અર્થ કરવા. આહા..હા..! વ્યવહાર જે દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ બધો રાગ છે, રાગ છે તે દુઃખ છે. એને ધર્મ માનવો અને એનાથી ધર્મ થાય એમ માનવું એ મિથ્યાત્વ છે. ઝીણી વાત છે, ભાઈ ! આહા..!

અહીંયા એ કહે છે, સ્વ શુદ્ધ ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ, સહજાત્મ સ્વરૂપ જે ત્રિકાળી વસ્તુ, શુદ્ધ અને શાશ્વત, પવિત્ર અને કાયમી રહેનારું નિત્ય, એવું જે ચૈતન્ય તત્ત્વ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એના આશ્રયરૂપ. આહા..હા..! એનું જેણે અવલંબન લીધું તે સ્વવશ છે, તે સુખી છે. આવી વ્યાખ્યા હવે આકરી પડે જગતને, શું કરે ? અનંત કાળથી (રખડી રહ્યો છે).

'નિયમસાર'માં નથી આવતું ? ભાઈ ! કથનમાત્ર વ્યવહાર તો અનંતવાર કર્યો છે. આ હવે આવા અર્થ કરે, શું થાય ? આહા..! બાહ્યનો ભેખ અને કાંઈક વ્રત આદિના વિકલ્પ (કરે), એ પણ એ નવમી ગ્રૈવેયક ગયે એવા વિકલ્પ પણ ક્યાં છે ? આહા..હા..! એવા શુભરાગ એમાં ધર્મ માનવો... આહા..હા..! (એમાં તો) મિથ્યાત્વનું પોષણ છે, ભાઈ ! પરના આશ્રયે થતાં વિકલ્પો, રાગ એ પરાધીનતા, પરવશતા એ દુઃખરૂપ એને ધર્મ માનવો... આહા..હા..! એ તો મિથ્યા શ્રદ્ધાને પોષણ આપવાનું છે વધારે, ઝેરને પોષણ આપવાનું છે, બાપુ ! આકરું કામ છે.

અહીંયા તો શુદ્ધ શાશ્વત પ્રભુ નિત્યાનંદ આત્મા એને આશ્રયે ચૈતન્યતત્ત્વ જે છે. શુદ્ધ છે, નિત્ય છે, શું ? ચૈતન્ય તત્ત્વ, આહા..! એના **'આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે.'** જે અંતરમાં શાશ્વત સુખ છે એનો આશ્રય કરતાં પર્યાયમાં એ શાશ્વત સુખ તે પ્રગટ પર્યાયમાં થાય છે. આહા..હા..! અને આનું નામ ભગવાન ધર્મ કહે છે. આવી વાત છે, ભાઈ ! અત્યારે તો ઝઘડા ઉઠ્યા છે એવા. વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરો. એટલે રાગ કરો. વ્રત ને અપવાસ ને ત્યાગ ને ભગવાનના દર્શન ને પૂજા (કરો). એ તો બધો રાગ છે, પ્રભુ ! તને ખબર નથી. એ રાગ તો અનંત વાર કર્યો છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! તેમ ઇ ધર્મનું કારણ પણ નથી. ધર્મનું કારણ તો ત્રિકાળી શુદ્ધ શાશ્વત આત્મતત્ત્વ એ ધર્મનું કારણ (છે). આહા..હા..! આવી વાત બેસે કેમ ? એ અહીં કહ્યું. ટૂંકા શબ્દમાં. આહા..હા..! છે ને ? એ વાત ૩૧૫માં વિશેષ કહે છે.

**દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, તેનું અવલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી. ૩૧૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૩૧૫. **'દ્રવ્યદૃષ્ટિ...'** દ્રવ્ય એટલે વસ્તુ ભગવાન શુદ્ધ ચૈતન્ય તત્ત્વ નિત્ય, એની જે દૃષ્ટિ થવી. આહા..હા..! નિમિત્તની દૃષ્ટિ છોડી દઈ, રાગની ક્રિયાના પરિણામની દૃષ્ટિ છોડી દઈ, એક સમયની પર્યાયની દૃષ્ટિ છોડી દઈ. આહા..હા..! દ્રવ્ય જે ચૈતન્યમૂર્તિ શાશ્વત ધ્રુવ ભગવાન એની દૃષ્ટિ કરવી. આહા..હા..! એ **'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને...'** આહા..હા..! સમજાય છે કાંઈ ? શુદ્ધ ચૈતન્યતત્ત્વ ભગવાન આત્મા નિત્ય પ્રભુ (એની દૃષ્ટિ). આહા..! પ્રભુ શું કહે છે ? ભાઈ !

અહીં કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો. અનંત કાળમાં એક સેકન્ડ માત્ર પણ વસ્તુ શુદ્ધ દ્રવ્ય છે એની દૃષ્ટિ તેં કદી કરી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? બાકી તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન... એ શાસ્ત્રના જ્ઞાનને શાસ્ત્રએ શબ્દજ્ઞાન કહ્યું છે, ભાઈ ! અને નવ તત્ત્વની શ્રદ્ધા તેને નવ તત્ત્વ કહ્યા છે. એ આત્મતત્ત્વ નહિ. આહા..હા..! નવ તત્ત્વની શ્રદ્ધા, એ શ્રદ્ધાને નવ તત્ત્વ નિમિત્ત છે માટે એને નવ તત્ત્વ કહ્યું. આહા..હા..! અને પંચમહાવ્રતના પરિણામમાં પહેલો જે અહિંસાભાવ એને છ કાય તત્ત્વ કહ્યું. કેમ કે છ કાય ઉપર એનું વ્રતનું લક્ષ છે એટલે એ છ કાય છે, એ આત્મા નહિ. આહા..હા..! આવી વાતું આકરી પડે. અરે..! એણે કોઈ દિ' (આત્મજ્ઞાન કર્યું નથી). બહારથી માનીને બેઠા કાંઈક અમે વ્રત કરીએ છીએ ને ઉપવાસ કરીએ છીએ ને ભક્તિ કરીએ છીએ ને કલ્યાણ થઈ જશે. આહા..! એમ ને એમ અનંત કાળ પરિભ્રમણ કર્યું એણે.

એ અહીં કહે છે, **'દ્રવ્યદૃષ્ટિ...'** દ્રવ્ય નામ વસ્તુ. દ્રવ્ય એટલે પૈસા નહિ. ચૈતન્ય જે કાયમ રહેનારી વસ્તુ, બદલાય છે એ પરિણામ છે, બદલે એ, પણ એ ત્રિકાળી જે વસ્તુ એની જે દૃષ્ટિ તે **'શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે.'** એ સમ્યગ્દર્શનની દૃષ્ટિ–દ્રવ્યદૃષ્ટિ–તો શુદ્ધ અંતઃતત્ત્વનો જ આશ્રયે કરે છે, એને અવલંબે છે. અરે...! આવી વાતું. આવી વાતું છે, બાપુ ! આહા..હા..! અત્યારે તો ધર્મને વીખી નાખ્યો છે. રાગની ક્રિયાને ધર્મ માનવો. અહીં તો ખંડ-ખંડ જ્ઞાન છે તે અજ્ઞાન છે, રાગ છે તે અજ્ઞાન છે. અજ્ઞાન નામ એમાં જ્ઞાન નથી, ચૈતન્ય નથી. આહા..હા..!

અહીંયા તો શુદ્ધ દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ તે શુદ્ધ તત્ત્વને અવલંબે છે. આહા..હા..! ભગવાન જ્ઞાયકમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તે, હોં ! અજ્ઞાનીઓ આત્મા આત્મા કરે છે એ નહિ. જિનેશ્વરદેવે, સર્વજ્ઞ પ્રભુએ જે નિત્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આત્મા જોયો છે, પોતે તો અનુભવીને પરમાત્મા થયા, પણ સ્વરૂપ એનું જિનબિંબ છે, એવી જે વસ્તુ એની દૃષ્ટિ તે શુદ્ધ અંતર ચૈતન્યતત્ત્વને જ અવલંબે છે. આવી વાતું હવે. પ્રભુ ! શું કરે ? માર્ગ તો આ છે, ભાઈ ! આહા..! એણે કદી કર્યો નથી, અભ્યાસ નથી. આહા..હા..! જન્મ-મરણના અંત લાવવાનો ઉપાય તો આ છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્યતત્ત્વ ત્રિકાળી, દૃષ્ટિ એને અવલંબે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભાષા સમજાય એવી છે.

ઉત્તર :- ભાષા સમજાય એવી છે, ભાઈ ! શું થાય ? અહીં તો વસ્તુ છે ને વસ્તુ ? વસ્તુ આત્મા વસ્તુ છે ને ? અને વસ્તુ છે એમાં અનંત ગુણ વસેલા, રહેલા છે ને ? તે વસ્તુ છે ને ત્રિકાળી ? દ્રવ્ય જેમ ત્રિકાળી છે તેમ એના અનંત ગુણો જ્ઞાન, દર્શન, આનંદ એ ત્રિકાળી છે. આહા..હા..! એવું શુદ્ધ ચૈતન્ય અંતઃતત્ત્વ સમ્યગ્દૃષ્ટિ તેને અવલંબે છે. આમ છે, બાપુ ! શું થાય ?

મુમુક્ષુ :- ભૂતાર્થને અવલંબે છે....

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભૂતાર્થને અવલંબે કહો કે શુદ્ધ દૃષ્ટિને અવલંબે કહો. શુદ્ધ ચૈતન્યતત્ત્વ ભૂતાર્થ જે ત્રિકાળ એ તો નિત્ય કહ્યું ને ? આહા..હા..! જે જ્ઞાયક ચૈતન્ય પ્રભુ ઉત્પાદ-વ્યય ધ્રુવ યુક્તમ સત્ એવું વાણી છે, એમાં જે ઉત્પાદ-વ્યય થાય છે એ તો પર્યાય છે અને ધ્રુવ છે એ ત્રિકાળી ચીજ છે. નિત્ય શાશ્વત ધ્રુવ એ શુદ્ધ ચૈતન્યતત્ત્વ ધ્રુવ એને દ્રવ્યદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ અવલંબે છે. આહા..હા...! દૃષ્ટિનું લક્ષ અને ધ્યેય દ્રવ્ય ઉપર જાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ ? ભાઈ ! વીતરાગ માર્ગ પરમેશ્વરનો માર્ગ ઝીણો છે, ભાઈ ! શું થાય ? અત્યારે તો બહારમાં બધું મનાવી દીધું છે. પરમાત્માનો માર્ગ બીજો છે. એ કહે છે.

દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વ એવું દ્રવ્ય તેને (અવલંબે છે). દ્રવ્યદૃષ્ટિ કીધું ને ? દ્રવ્ય એટલે વસ્તુ. કેવી ? કે શુદ્ધ અંતઃ ચૈતન્યતત્ત્વ. એને દૃષ્ટિ અવલંબે છે. આહા..હા..! **'નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે,...'** આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ તો રાગ (છે), એ તો બહિઃતત્ત્વ વિકાર તત્ત્વ (છે) એક વાત. રાગી પર્યાય જે રાગ પર્યાય છે એ બહિઃતત્ત્વ (છે). પણ અહીંયા તો નિર્મળ પર્યાય શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય જે ધ્રુવ એને અવલંબે જે સમ્યગ્દર્શનની પર્યાય થઈ એ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, વસ્તુ અંતઃતત્ત્વ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– નિર્મળ તો છે ને.

ઉત્તર :– નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે. આહા..હા..! એમાં 'નિયમસાર'માં તો ત્યાં સુધી લીધું છે કે સંવર, નિર્જરા, કેવળજ્ઞાન એ પણ બધા વિનાશીક તત્ત્વ છે, પર્યાય છે ને ? એક સમયની પર્યાય છે, કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે, ભાઈ ! સંવર-નિર્જરા સાચા સંવર, હોં ! મોક્ષનો માર્ગ, જે ત્રિકાળી દ્રવ્યને અવલંબીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય થઈ, એ પર્યાય પણ એક અંશ છે, બદલતી છે માટે નાશવાન છે અને તેથી ત્રિકાળી અંતઃતત્ત્વના ધ્રુવની અપેક્ષાએ એ બહિઃતત્ત્વ છે.

અરે..રે..! શું થાય ? આવું ક્યાં મળે ? આવો ઉપદેશ આ તે વીતરાગનો ઉપદેશ હશે ? અમે તો કંદમૂળ ખાવા નહિ, દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, દેવ-દર્શન કરવા (એ જૈનધર્મ સમજ્યા હતા). અરે..! ભગવાન ! એ શું છે ? બાપુ ! એ તો રાગની ક્રિયા છે, ભાઈ ! તને ખબર નથી. એ તો બહિઃતત્ત્વ છે. આહા..હા..! એ રાગની ક્રિયા તો બહિઃતત્ત્વ છે, એનાથી ધર્મ માનવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. અહીંયા તો અંતઃતત્ત્વ જે કાયમી પ્રભુ વીતરાગ જિનેશ્વર વીતરાગે જોયો એ આત્મા. અજ્ઞાનીઓ આત્મા આત્મા ઘણા અન્યમતિઓ વેદાંતીઓ આદિ કરે છે એ નહિ. અહીં તો પરમેશ્વર જિનેશ્વર ત્રિલોકનાથ જેને આત્મા અનંત છે ધ્રુવ (એ આત્મા). આહા..હા..!

'પ્રભુ તુમ જાણગ રીતી સો જગ દેખતા હો લાલ' ભગવાનને વિનંતી કરે છે. ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં તીર્થંકરપણે બિરાજે છે, સમવસરણમાં અત્યારે, હોં ! મહાવિદેહ.

**પ્રભુ તુમ જાણગ રીતી સો જગ દેખતા હો લાલ**
**નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા હો લાલ**

હે નાથ ! હે સર્વજ્ઞ પરમાત્મા ! આપ ત્રણ કાળ, ત્રણ લોક જાણતા અને અમારા અંદર આત્માની નિજ સત્તા શુદ્ધ ને પરમ બ્રહ્માત્મા એને આત્મા જાણો છો. એને પ્રભુ આપ આત્મા જાણો છો. આહા..હા..! 'નિજ સત્તાએ શુદ્ધ' પોતાની સત્તા શુદ્ધ છે એમ ભગવાન આત્માને ભાળે છે, દરેક આત્માને. એમ એ ભગવાન ભાળે છે એમ તું જ્યારે જો અંદર... આહા..હા..! એ નિજ સત્તા પોતાનું હોવાપણું ભગવાન સ્વયં પોતાથી હોવાપણું, કાયમી ચીજ... આહા..હા..! એને દૃષ્ટિ અવલંબે. પણ જે દૃષ્ટિ થઈ,... આહા..હા..! અનિત્ય એ નિત્યનો નિર્ણય કરે. સમ્યગ્દર્શન આદિ પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અનિત્ય છે, સમયની (છે). એ નિત્યનો, પ્રભુ નિત્ય છે એનો નિર્ણય કરે. આ દ્રવ્યને આશ્રયે (પર્યાય) થાય છતાં એ પર્યાય અનિત્ય છે. એક સમય ટકે છે, બીજે સમયે નહિ. ભગવાન આત્મા ત્રિકાળી, ત્રિકાળ ધ્રુવ, ધ્રુવબિંબ પડ્યું છે. આહા..હા..! અરે..! આવી વાત ક્યાં (છે) ? ચોરાશીના અવતારમાં ભાઈ ! કરી કરીને મરી ગયો છે. ભાઈ ! ત્યાં 'નિયમસાર'માં તો કહ્યું, વ્યવહાર રત્નત્રય જેને કહીએ એ કથનમાત્ર છે, કહેવામાત્ર છે, એ કાંઈ વસ્તુ નથી. એવું અનંતવાર તેં કર્યું છે.

**મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌં.**

આહા..હા..! અનંત વાર મુનિપણા લીયા, દિગંબર મુનિ, પંચ મહાવ્રત, હજારો રાણી છોડીને. આહા..! 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો પણ આતમજ્ઞાન નહિ. આતમજ્ઞાન એટલે પર્યાયનું જ્ઞાન નહિ, રાગનું નહિ, નિમિત્તનું નહિ, ત્રિકાળનું (જ્ઞાન). આહા..હા..! એ 'આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયો.' એ પંચ મહાવ્રત ને અઠયાવીસ મૂળગુણ એ દુઃખ છે, આસ્રવ છે, દુઃખ છે. આહા..હા..! એ કેમ બેસે ? લોકોને લાગે, હોં ! એવું આકરું બિચારાને. એકાંત છે, એકાંત છે, એમ કહે. વસ્તુની ખબર નથી ને. ઇ કહે, હોં ! 'જામે જિતની બુદ્ધિ હૈ ઇતનો દિયો બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાઈ' જેને ખબર જ નથી ચીજની એ શું કહે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ આત્મા. સત્-શાશ્વત ચિદાનંદ ચિદ્, જ્ઞાન ને આનંદ એવું જે ચૈતન્યતત્ત્વ. આહા..હા..! એને દૃષ્ટિ અવલંબે છે. **'નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે,...'** આહા..હા..! એ સંવર, નિર્જરાની પર્યાય સમ્યગ્દર્શન થઈ પણ એ પર્યાય છે એ ત્રિકાળી અંતઃતત્ત્વની અપેક્ષાએ બહિઃતત્ત્વ છે. આહા..હા..! અરે..! આવું ? આવું તો મુશ્કેલ પડે લોકોને બિચારાને સાંભળ્યું નથી ને. મુશ્કેલ પડે શું થાય ? ભાઈ ! વીતરાગ ત્રણ લોકનો નાથ પરમાત્મા એમ ફરમાવે છે, ભાઈ ! આહા..હા..! તું રાંક નથી, તું એક રાગ તું નથી પણ એક સમયની પર્યાય જેટલો તું નથી. આહા..હા..!

એ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય,.. આહા..હા..! એ વીતરાગી પર્યાય (છે). વ્યવહાર રત્નત્રયનો પર્યાય એ તો રાગ છે પણ આ તો ભગવાન ચૈતન્ય દ્રવ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય, એને અવલંબીને થયેલો મોક્ષનો માર્ગ એ પર્યાય છે. એ અંતઃતત્ત્વ જે કાયમ રહેનારું (તત્ત્વ છે), એની અપેક્ષાએ એ મોક્ષનો માર્ગ જે સાચો નિશ્ચય પ્રગટ્યો એ પણ બહિઃતત્ત્વ છે. આવી વાતું છે.

'નિયમસાર'માં પહેલી ગાથામાં કહ્યું છે કે જેટલા તત્ત્વ છે, જીવ તત્ત્વ સિવાય, જીવની એક સમયની પર્યાય આસ્રવ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ બધી પર્યાયો છે એ નાશવાન છે. અવિનાશી તો ભગવાન ત્રિકાળી ધ્રુવ છે, તે અવિનાશી છે. આવી વાતું. એના બે ભાગ, આત્માના બે ભાગ છે. એક નિર્મળ પર્યાય અને એક ત્રિકાળી અંતઃતત્ત્વ. આ..હા..! એ અંતઃતત્ત્વ જે ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ, અનંત અનંત આનંદ ને અનંત અનંત જ્ઞાનનો દરિયો સાગર પ્રભુ અંદર (છે) એ અંતઃતત્ત્વ. કાયમ એ રહેનારની અપેક્ષાએ અંતઃતત્ત્વ અને તેની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર થયું, સાચું, હોં ! આ વ્રત-બ્રત લઈને થયા એ ચારિત્ર, ચારિત્ર છે જ નહિ. ચારિત્ર તો અંતર આનંદકંદમાં રમણતા, અતીન્દ્રિય આનંદસ્વરૂપ નિત્યપ્રભુ, તેમાં રમણતા (થાય) એ ચારિત્રની પર્યાય પણ બહિઃતત્ત્વ છે, અંતરની અપેક્ષાએ. પરની અપેક્ષાએ પોતાનું તત્ત્વ છે પણ ત્રિકાળની અપેક્ષાએ બહિઃતત્ત્વ છે. આહા..હા..! અરે..! આવું સ્વરૂપ અરે..! સાંભળવા મળે નહિ એ કે દિ' કરે ને કે દિ' (તરે) ? જિંદગી ચાલી જાય છે. આહા..હા..!

**'નિર્મળ પર્યાય પણ...'** પણ કેમ કહ્યું ? કે, રાગાદિ તો બહિઃતત્ત્વ છે જ. આ શરીર, વાણી, મન, દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો બહિઃતત્ત્વ છે જ. સમજાય છે કાંઈ ? અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ તો બહિઃતત્ત્વ છે, એ કાંઈ ચૈતન્યતત્ત્વ નથી. તેમ એ રાગને જાણનારી પર્યાય અને ત્રિકાળને જાણનારી પર્યાય, એ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, બહાર (છે). એ પર્યાય અંદરમાં પ્રવેશ કરતી નથી. એ પર્યાય પણ ધ્રુવ ઉપર, જેમ પાણીમાં તેલ હોય, તેલ એ ઉપર ઉપર રહે, અંદર ગરતું નથી, એમ ભગવાન નિત્યાનંદ પ્રભુ, એમાં નિર્મળ પર્યાય અંદરમાં પ્રવેશ કરતી નથી. માટે અંદર તત્ત્વની અપેક્ષો તે પર્યાયને બહિઃતત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :– 'પ્રવચનસાર'માં તો પર્યાયને અંતરલીન કીધી છે.

ઉત્તર :– અંતરલીનનો અર્થ–સ્વરૂપ દ્રવ્ય એકાગ્રતા. પણ ધ્રુવમાં ગરી ગઈ છે એમ નથી. આવી વાત છે, ભાઈ ! બહુ ઝીણું, બાપુ ! આહા..હા..! વીતરાગ માર્ગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પરમેશ્વરનો પંથ કોઈ અલૌકિક છે. ક્યાંય એ છે નહિ. આહા..હા..!

રાગ, દયા, દાન, વ્રત આદિનો રાગ તો બહિઃતત્ત્વ છે, વિકારી પુણ્ય-પાપ, શરીર, વાણી, મન, કર્મ અને દેવ-ગુરુ-શાસ્ત્ર ને સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો જીવની અપેક્ષાએ બહિઃતત્ત્વ છે પણ અહીંયા તો ત્રિકાળી જ્ઞાયકભાવને અવલંબે જે કંઈ નિર્મળ પર્યાય મોક્ષનો માર્ગ થયો એ પર્યાયની મુદત એક સમયની અને ભગવાનની ધ્રુવની મુદત ત્રિકાળી (છે). માટે તે બહિઃતત્ત્વ તેને કહેવામાં આવે છે. અરે..રે..! આવી વાતું છે. ધર્મ એટલે મોક્ષનો માર્ગ એ બહિઃતત્ત્વ અને ભગવાન અંદર વસ્તુ છે ત્રિકાળી એ અંતઃતત્ત્વ. આવું છે, ભાઈ ! શું થાય ? સાધારણ પ્રાણીને તો કોઈ રીતે ન બેસે, બહુ આકરું લાગે. અરે..! આ વ્રત કરવા, તપ કરવા, ભક્તિ, પૂજા, દાન એ તો રાગ છે, રાગ બહિઃતત્ત્વ છે.

મુમુક્ષુ :– આગમનો વ્યવહાર સહેલો લાગે.

ઉત્તર :– એ તો સહેલો. કીધું ને કે એ તો અનાદિથી અનંત વાર કર્યો છે, એ તો રાગની ક્રિયા છે, ભાઈ ! આ તો અધ્યાત્મનો વ્યવહાર. એટલે કે ચૈતન્ય ભગવાન જે ત્રિકાળી ભગવાન પ્રભુ જિનસ્વરૂપી છે.

**જિન સો હી હૈ આત્મા અન્ય સો હી હૈ કર્મ**
**યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ**

આકરું છે, બાપા ! શું થાય ? ‘જિન સો હી હૈ આત્મા’ વીતરાગી સ્વરૂપ, વીતરાગી સ્વરૂપ બિંબ તે ત્રિકાળ આત્મા. એને અવલંબે જે પર્યાય પ્રગટી, ભલે વીતરાગી પર્યાય પ્રગટી, પણ એ વીતરાગી પર્યાય એક સમયની મર્યાદાપૂર્વકની છે. ભગવાન અંદર વસ્તુ ધ્રુવ અંતઃતત્ત્વ ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. એ અપેક્ષાએ નિર્મળ પર્યાયને પણ અંતઃતત્ત્વથી, ધ્રુવતત્ત્વથી પર્યાયનું એક સમયનું પરિણમન ભિન્ન તત્ત્વ ગણવામાં આવ્યું છે. આહા..હા..! આવું વાત છે, ભાઈ ! શું થાય ? પાગલ જેવું લાગે એવું છે. આ શું કહે છે આ તે ? બાપુ ! શું કરીએ ? વીતરાગ ત્રણ લોકના નાથની તો આ કથની છે. ભગવાન પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..! ગજબ વાત છે ને !

આ શરીર, વાણી, મન, જડ એ તો બહિઃતત્ત્વ એટલે આત્માની પર્યાયમાં પણ નથી એ તો. શું કહ્યું એ ? પ્રભુ ! આ શરીર, વાણી, મન તો માટી, ધૂળ, જડ છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આ તો. એ તો આત્માની પર્યાયમાં પણ એ નથી. કર્મ અંદર જડ છે એ પણ આત્માની પર્યાયમાંય નથી. આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર છે એ આત્માની પર્યાયમાં પણ નથી. ભાઈ ! આવું કામ છે. પેલા રૂપિયા પુણ્યને લઈને ઝટ મળી ગયા. આ તો કઠણ વાત છે. આહા..!

પ્રભુ ! એક વાર સાંભળ તો (ખરો), નાથ ! તારા ઘરની વાત (છે). આહા..હા..! શું કહ્યું ? આહા..હા..! એક વાર સાંભળો, પ્રભુ ! અંદર જે તત્ત્વ છે એને ભગવાન આત્મા કહે છે. જે કાયમી અંતઃતત્ત્વ, જે ધ્રુવ (રહે છે) એને ભગવાન, ભગવાન આત્મા કહે છે. આહા..! ભગવાન ત્રણ લોકનો નાથ પરમેશ્વર વીતરાગદેવ, એ ત્રણ કાળનું રહેલું તત્ત્વ અંતઃ ધ્રુવ એ ભગવાનસ્વરૂપ છે એમ કહે છે. અને તેના તત્ત્વના અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ ત્રિકાળ તત્ત્વની અપેક્ષાએ પર્યાયને બહિઃતત્ત્વ કહે છે. ભાઈ ! આવી વાતું ઝીણી છે બહુ. આહા..!

શું કહ્યું ? પ્રભુ ! તારી પ્રભુતાથી ભરેલો ભગવાન અંદર (છે), એમાં પ્રભુ નામની શક્તિ છે, ભગવાન તો એમ કહે છે. ઈશ્વર નામની શક્તિ (છે). પેલો ઈશ્વર કર્તા એ નહિ, હોં ! પોતે ઈશ્વરસ્વરૂપ છે અંદર, આહા..હા..! એ તો એક ગુણ છે ને એક ગુણને લઈને બીજા ગુણમાં રૂપ છે તો બધા ગુણો ઈશ્વરસ્વરૂપ છે. આહા..હા..! વળી એ આવી ગયું. સર્વજ્ઞ પરમેશ્વરે એમ કહ્યું, એ 'કુંદકુંદાચાર્યે' મુનિ ભગવાનની વાત છે એ આડતીયા તરીકે જાહેર કરે છે. 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત સંવત ૪૯ (માં મહાવિદેહમાં ગયા હતા).

મુમુક્ષુ :– અહીં તો બહેનશ્રી જાહેર કરે છે.

ઉત્તર :– એ અત્યારે તો એની વાણી છે. ત્યાંથી આવેલા છે ને ? ઝીણી વાત છે. આહા..હા..! ભગવાન કહે કે સમ્યગ્દષ્ટિ કહે કે પંચમ ગુણસ્થાવાળો કહે કે છઠ્ઠા ગુણસ્થાનવાળો (કહે), બધું એક તત્ત્વ એક સરખું જ હોય. સ્થિરતામાં ફેર (છે), વસ્તુ તત્ત્વમાં ફેર હોય નહિ. આહા..હા..! શું કહ્યું ? ૩૧૫ આવ્યું ને ?

**'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ...'** આ વજન અહીં છે. ભગવાન આત્માની સમ્યક્ દૃષ્ટિ જે છે, એ સમ્યગ્દષ્ટિ દ્રવ્યદૃષ્ટિ દ્રવ્યને પકડે છે, દ્રવ્યને ત્રિકાળને અવલંબે. પર્યાય પર્યાયને અવલંબતી નથી. સમ્યગ્દર્શનની પર્યાય પર્યાયને અવલંબતી નથી. સમ્યગ્દર્શનની પર્યાય પર્યાય એનો વિષય નથી, સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળી ધ્રુવ એનો વિષય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છે. આહા..હા..! સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી સીડી, પહેલું પગથીયું... આહા..હા..! એ નિર્મળ આનંદ સહિતની પર્યાય. એ સમ્યગ્દર્શનની પર્યાય એને સમ્યગ્દર્શનનો પર્યાયનો વિષય નથી, દર્શનનો વિષય સમ્યગ્દર્શનનો પર્યાય વિષય નથી. પણ એ સમ્યગ્દર્શનનો વિષય–ધ્યેય–ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. આહા..હા..!

'અપ્પા સો પરમ અપ્પા' આત્મા એ પરમાત્મસ્વરૂપ જ અંદર છે. આહા..હા..! ભારે આકરું લાગે. અહીં બે બીડી પીવે તો માંડ પાયખાને જંગલ ઉતરે. આવા અપલક્ષણ એને, આવું કહેવું. હવે આ બેસે કેવી રીતે ? આહા..હા..! અને પાંચ, પચાસ હજાર, બે લાખ, પાંચ લાખ મળ્યા એટલે જાણે કે, ઓહો..હો..! રાજી રાજી (થઈ જાય), લાપસી કરો આજ. આવા અપલક્ષણ. હવે એને આત્મા આવો છે એ કેમ બેસે ? આહા..હા..!

ભાઈ ! તું તો છે એ છે, બાપા ! આનંદનો કંદ છો, સચ્ચિદાનંદ છો, પરમ અમૃતનો પિંડ છો. આહા..હા..! એ તત્ત્વને અવલંબનારી દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ એ દ્રવ્યને અવલંબે પ્રગટે છે. પણ પ્રગટેલી પર્યાય છે એ ત્રિકાળી ધ્રુવના આશ્રયે ભલે પ્રગટી પણ પ્રગટેલી પર્યાય તે ત્રિકાળી ધ્રુવથી ભિન્ન તત્ત્વ છે. માટે તે પર્યાયને બહિઃતત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈ ! આમાં તમારા પૈસા-ફેસાનું તો કાંઈ (કામ નથી). આહા..હા..! પૈસા બહુ આપે છે. એંસી હજાર આપ્યા હતા, નહિ ? હમણાં સૂત્રમાં ત્યાં. ત્રીસ હજાર અમે ત્યાં હતા ને આપ્યા હતા. પચ્ચીસ હજાર ઓણ આપ્યા હમણાં ન્યાં જાત્રા ગયા હતા ને ? 'પોન્નુર હિલ'. ત્યાં પચ્ચીસ હજાર આપ્યા. એમના તરફથી શાસ્ત્ર છે ને ? 'ભાવનગર' વીતરાગ સત્ સાહિત્ય (પ્રસારક ટ્રસ્ટ). એમનાથી તરફથી (છે). પૈસા બહુ આપે છે એમાં એંસી એંસી હજાર, ત્રીસ હજાર, ત્રીસ હજાર પણ એ બધી લક્ષ્મીનો ભાવ (રાગ છે). એ પૈસા કાંઈ આત્માના નથી. અને એ પૈસા આપ્યા એમાં શુભભાવ એવો હોય તો પુણ્ય છે, ધર્મ નહિ. કરોડ ને અબજ રૂપિયા આપે તો પણ ધૂળ (છે), ધર્મ નહિ. આહા..હા..! 'બેંગલોર' ભાઈ આવ્યા હતા કે નહિ ? 'બેંગલોર'. 'બેંગલોર' પંદર લાખનું મંદિર. 'બેંગલોર' મુમુક્ષુ તરફથી થયું છે ને ! બાર લાખનું તે દિ' હતું હમણાં પંદર લાખનું કર્યું. મંદિર જુઓ તો આમ...! પણ વાત એ કે એ તો જડની પર્યાય જડથી થઈ છે, કરનારનો ભાવ જો શુભ હોય તો પુણ્ય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાણીમાં ગયું છે કે દિ' ? પૈસા ક્યાં એના હતા ? એ તો જડના છે. પૈસા તો જડ છે, પુદ્‌ગલ છે, માટી છે, અજીવ છે. એ જીવના છે એ પૈસા ? અજીવ જીવના છે ? અહીં તો રાગ જીવનો નથી. અરે..! નિર્મળ પર્યાય પણ ત્રિકાળ તત્ત્વની નથી. આવી વાતું. ભગવાન ! આકરું છે, બાપા ! એ પચન પાચન કરવું બહુ મુશ્કેલ, બાપા ! અમે તો લાખો-કરોડો માણસને જોયા છે ને. આખા 'હિન્દુસ્તાન'માં દસ, દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. બધું જોયું છે. આ માર્ગ કોઈ જુદી જાત છે, બાપુ ! આહા..હા..!

અહીં તો કહે છે, લક્ષ્મી તો બહિઃતત્ત્વ છે, એનો તો આત્મા માલિક છે જ નહિ અને રાગ પણ થાય તેનો જ્ઞાનની અપેક્ષાએ પોતાની પર્યાય છે એટલે માલિક કહેવામાં આવે પણ દૃષ્ટિની અપેક્ષાએ તેનો એ માલિક નથી. આહા..હા..! એ સિવાય ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ, એને દૃષ્ટિનો વિષય બનાવી અને જે પર્યાય પ્રગટ થઈ, ધર્મ સમ્યગ્દર્શન ધર્મ, સમ્યગ્જ્ઞાન ધર્મ, એને અવલંબે જે સ્થિરતા ચારિત્ર થયું, એ દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ નિર્વિકલ્પના આનંદ સહિતની દશા થઈ, એ પર્યાય તત્ત્વ છે એ ત્રિકાળી જ્ઞાયક તત્ત્વની અપેક્ષાએ બહિઃતત્ત્વ છે. આહા..હા..! આ શરીર તો માટી છે, ધૂળ (છે). પૈસા, માટી ધૂળ, બાયડી-છોકરાના શરીર ધૂળ, એનો આત્મા પણ પર. એ તો આની અપેક્ષાએ તો બધા બહિઃતત્ત્વ છે, એનામાં આ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– લોકો તરફ એમ કહે તો બરાબર છે.

ઉત્તર :– ગાંડપણની અપેક્ષાએ માને એના, પાગલની અપેક્ષાએ. આહા..હા..! એના હોય તો જુદા પડે નહિ, જુદા પડે તે એના નહિ. આહા..હા..!

અહીં તો એક સમયની પર્યાય પણ અનિત્ય છે, નાશવાન છે. માટે ત્રિકાળીની અપેક્ષાએ એને બહિઃતત્ત્વ કહ્યું, પ્રભુ ! આહા..હા..! ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદની ખાણ આત્મા, ખજાનો છે. એવું જે દૃષ્ટિએ સ્વીકાર્યું, એની પર્યાયે સ્વીકાર્યું અને એમાં રમણતાનો અંશ આવ્યો, એ ત્રણે તત્ત્વની પર્યાય છે એ ચૈતન્યના ત્રિકાળી અપેક્ષાએ તેને બહિઃતત્ત્વ (કહ્યું). અંતઃતત્ત્વ ત્રિકાળી ધ્રુવ. પર્યાયને બહિઃતત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે. પાગલ કહે એવું છે. આ તે આવી વાતું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કેવી ? પ્રભુ ! સાંભળ, ભાઈ ! એ વીતરાગની માર્ગ બહુ કઠણ (છે), બાપા ! લોકોને સાંભળવા મળતો નથી. આહા..હા..!

આ પૈસા. આ પંદર લાખનું મંદિર હમણાં કરવાના છે. 'આફ્રિકા' આ બધા છે ને પૈસાવાળા ગૃહસ્થો. પંદર લાખ. જેઠ સુદ ૧૧ મુર્હૂત થયું છે. 'નાઈરોબી' 'આફ્રિકા' બે હજાર વર્ષમાં ત્યાં દિગંબર ધર્મ નહોતો. એક દોઢ વર્ષમાં તૈયાર થશે, માગણી કરશે ન્યાં આવવાની. હવે શું થાય (જોઈએ). શરીરને હવે ૮૯ વર્ષ થઈ ગયા. ભાઈ ! શરીરને ૮૯ વર્ષ (થયા). નેવુંમાં એક ઓછો. એ તો દેખાય રૂપાળુ સારું લાગે પણ છે બધું (એવું) અને ખોરાકમાં માલ ન મળે કાંઈ. ચાર ફુલકા પાતળા અને ઘી ચોપડેલું. ઘી નહિ, પકવાન પા ભાર નહિ. શરીર એવું પહેલેથી કોમળ છે ને હવે તો ૮૯ આ ૯૦ બેસશે, વૈશાખ સુદ ૨. આહા..હા..! એ પરદ્રવ્ય છે, બાપુ ! એને રહેવું, ન રહેવું એની ગતિ એનાથી થાય છે. આહા..હા..! એની ગતિ થવાની હશે તો થશે. આહા..હા..! એ આત્માનો વિકલ્પ આવે કે હું આમ જાઉં માટે થાય એમ નથી એમ કહે છે. એ તો જડની પર્યાય છે જે ક્ષણે, જે પર્યાયે ઉત્પન્ન થાય તેનો જન્મ કાળ છે, ઉત્પત્તિનો કાળ છે, એને લઈને એ ઉત્પન્ન થાય છે. આહા..હા..!

અહીંયા પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ ત્રિકાળી દ્રવ્યને અવલંબે થયું એ પણ તેની ઉત્પત્તિનો કાળ હતો. અરે..! આ કોણ (માને) ? શું કહે છે આ તે ? સમજાણું કાંઈ ? ધર્મ દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિર્વિકલ્પ આનંદની દશા, એ પણ તેની ઉત્પત્તિનો કાળ હતો માટે થઈ, દ્રવ્યનો આશ્રય કહેવામાં આવે, અવલંબન કહેવામાં આવે. આહા..હા..! પુરુષાર્થ છે એમાં, હોં ! આહા..હા..! ભગવાન ત્રિકાળ દ્રવ્ય સ્વરૂપ, એના તરફનો ઝુકાવ (થવો એમાં) કેટલો પુરુષાર્થ છે ! રાગની ક્રિયાના લક્ષમાંથી છૂટી પૂર્ણાનંદનો નાથ ખજાનો નિધાન ભર્યો છે, એના તરફનો ઝુકાવ (થવામાં) ઘણો પુરુષાર્થ છે, ભાઈ ! આહા..! એ પુરુષાર્થની પર્યાય પણ,... આહા..હા..! ભાઈ ! ઠીક આવ્યા આ બધા વખતે, પણ મોડા જરી પડી ગયા. આહા..હા..! છે ને ભાઈ ? કહ્યું હતું આવે છે. 'મુંબઈ'માં દુકાન ચાલે છે એની. બે, ત્રણ લાખની પેદાશ છે, લોઢાનો વેપાર છે. છોડી દીધી દુકાન, બંધ કરી દીધી. બે ભાઈઓને સોંપી દીધું. ૪૨ વર્ષની ઉંમર છે. દુકાન ચાલતી, બે-ત્રણ લાખની પેદાશ, ભાઈઓ વિરોધ કરવા માંડ્યા કે અમારી દુકાન તમારી દુકાન (છે). તમે છોડી (દ્યો છો) ? બાપા ! મને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ચોથો ભાગ (આપો), પણ હવે હું દુકાને નથી આવવાનો. પાંચ લાખ આપ્યા ભાઈઓએ. છૂટા (થઈ ગયા), કાંઈ કરતાં નથી. દુકાન, ધંધો-બંધો કાંઈ નહિ હવે. આ વાંચવું ને સાંભળવું ને શાસ્ત્ર (સ્વાધ્યાય કરવો). ૪૨ વર્ષની ઉંમર છે, એક દીકરી ને દીકરો છે. એના અભ્યાસ માટે આ નિવૃત્તિ છે. આહા..હા..! અરે..રે..! કોઈ દિ' કર્યું નથી, પ્રભુ ! આહા..હા..!

અહીં તો કહે છે, રાગથી નિવર્તે તે પર્યાય અને દ્રવ્યને અવલંબે થાય એ પર્યાય પણ બહિઃતત્ત્વ. અરે..રે..! આ તો કાંઈ વાત ! અને તે બહિઃતત્ત્વને આશ્રયે શુદ્ધિ વધે એમ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન થયું પણ પછી જે શુદ્ધિ ચારિત્રની વિશેષ શુદ્ધિ થવી એ પર્યાયને આશ્રયે નહિ થાય. અંતર જ્ઞાયકને સ્વભાવને આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ (થાય). ત્રિકાળી જ્ઞાયક ભાવને આશ્રયે શુદ્ધની ઉત્પત્તિ, ત્રિકાળી જ્ઞાયકની અપેક્ષાએ શુદ્ધિનું ટકવું, ત્રિકાળી જ્ઞાયકની અપેક્ષાએ શુદ્ધિનું વધવું (થાય). અરે..! લોકો ક્યાંનું ક્યાં કરીને બેઠા છે અત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ ? કાંઈ શું સમજાણું એટલે ? પદ્ધતિ શું કહેવાય છે એટલું. સમજાય જાય તો તો ન્યાલ થઈ જાય. આહા..હા..! અરે..! ભાઈ ! આવા અવસર મળ્યા. આ શબ્દો બે લીટીમાં ઘણું ભર્યું છે.

**'નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે,...'** પણ કેમ કહ્યું ? કે, બીજા તત્ત્વો તો બાહ્ય છે જ. શરીર, વાણી, મન, કર્મ એ તો બહિઃતત્ત્વ છે, એ તો તારી પર્યાયમાં પણ નથી, પણ તારી પર્યાયમાં જે નિર્મળ પર્યાય થઈ એ પણ બહિઃતત્ત્વ કહેવામાં આવે છે, ત્રિકાળીની અપેક્ષાએ. આહા..હા..! ઉપદેશની પરાકાષ્ટા છે. આહા..હા..! ભગવાનના વચનો છે આ. એ બહિઃતત્ત્વને આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ ન થાય, બહિઃતત્ત્વને આશ્રયે શુદ્ધતા ટકે નહિ. એ ત્રિકાળને આશ્રયે ટકે, ત્રિકાળને આશ્રયે વધે ને ત્રિકાળને આશ્રયે ઉત્પન્ન થાય. ભાઈ ! આવું ત્યાં ક્યાં છે 'કલકત્તા' ? બાપુ ! કરવાનું આ છે, ભાઈ ! આવો મનુષ્યદેહ મળ્યો, એમાં જૈન કુળમાં જન્મ અને આવી વાત સાંભળવા મળે, પ્રભુ ! આહા..હા..!

**'નિર્મળ પર્યાય પણ...'** પણનો અર્થ આ. શરીર, કર્મ તો આત્મામાં છે જ નહિ. આત્માની પર્યાયમાં એ કર્મ નથી, શરીર નથી, વાણી નથી, સ્ત્રી નથી, કુટુંબ નથી, દેવ, ગુરુ ને શાસ્ત્ર નથી. આત્માની પર્યાયમાં એ તત્ત્વો નથી. તેથી દેવ, ગુરુ ને શાસ્ત્ર પણ આત્માની પર્યાયના તત્ત્વની અપેક્ષાએ બહિઃતત્ત્વ છે. પણ અહીંયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સમ્યગ્દર્શનની પર્યાય સ્વદ્રવ્યને અવલંબે થઈ, એ પર્યાય પણ ત્રિકાળની અપેક્ષાએ અંતઃતત્ત્વ આ તો આને બહિઃતત્ત્વ કહેવામાં આવે છે. પરાકાષ્ટા છે પ્રભુ ! ભેદજ્ઞાનની. આહા..હા..! અહીં તો કાંઈક થોડું આવડે, કાંઈક રાગની મંદતા થાય તો એમ માની લ્યે કે હવે આપણે ધર્મી થઈ ગયા. ભાઈ ! જીવન ચાલ્યા જાય છે, પ્રભુ ! એવા તો અનંતવાર પંચ મહાવ્રત પાળ્યા, અઠયાવીસ મૂળગુણ લીધા, જાવજીવ બ્રહ્મચર્ય પાળ્યા. બાપુ ! એવા તો અનંતવાર કર્યા છે. એ તો બધી રાગની ક્રિયા છે, ભાઈ ! તને ખબર નથી. એ તો બહિઃતત્ત્વ મેલતત્ત્વ છે, બહિઃતત્ત્વ મેલતત્ત્વ છે. પણ અહીંયા ભગવાનના અવલંબે જે નિર્મળ પર્યાય થઈ એ બહિઃતત્ત્વ છે, એ નિર્મળ બહિઃતત્ત્વ છે, પેલું મલિન બહિઃતત્ત્વ છે. આહા..હા..! શું હશે આ ? ભાઈ !

આત્મામાં ઉત્પાદ-વ્યય ધ્રુવ યુક્તમ સત્. એ તો તત્ત્વાર્થ સૂત્રનું વચન છે. દસ લક્ષણી પર્વમાં ઘણું ચાલે પણ મૂળ તત્ત્વની ખબર ન મળે. એમાં આ વ્રત કરો ને આ દસ લક્ષણી પર્વમાં આ કરો ને આ અપવાસ કરો ને આટલા આમા કરો, બસ. એ તો બધી બહિઃતત્ત્વના રાગની વાતું છે, પ્રભુ ! તને ખબર નથી. આહા..હા..!

ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનાદિઅનંત જે શુદ્ધ તત્ત્વ છે એને અહીંયા અંતઃતત્ત્વ કહે છે, અંતઃતત્ત્વ. અને તેને અવલંબીને જે કંઈ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ આનંદની પર્યાય સહિત (પ્રગટે) એને પણ ત્રિકાળી આનંદના અંતઃતત્ત્વની અપેક્ષાએ બહિઃતત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, આહા..હા..! આ શું હશે આવું ? એની પર્યાય તે બહિઃતત્ત્વ. આહા..હા..!

અહીં તો એમ કહેવું છે કે જેમ શરીર, વાણી, મન, કર્મ, દેવ, ગુરુ, શાસ્ત્ર બહિઃતત્ત્વ છે તો એને આશ્રયે સમકિત નહિ થાય. અને રાગ તે બહિઃતત્ત્વ છે એને આશ્રયે સમકિત નહિ થાય પણ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય પ્રગટી એને આશ્રયે શુદ્ધિ નહિ થાય. આહા..હા..! શુદ્ધિની ઉત્પત્તિ ત્રિકાળને અવલંબે (થાય), શુદ્ધિનું ટકવું પણ ત્રિકાળને અવલંબે, શુદ્ધિનું વધવું પણ ત્રિકાળને અવલંબે (થાય). સમજાણું કાંઈ ? આહા..હા..!

**'તેનું અવલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી.'** સમ્યગ્દર્શન આદિની પર્યાય (થઈ) પણ દ્રવ્યદૃષ્ટિમાં એનું અવલંબન નથી, દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યનું અવલંબન છે. આહા..હા..! આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



તે માર્ગ વીતરાગનો હશે આવો ? દયા પાળવી, ઉપવાસ કરવા, તપસ્યા કરવી, લ્યો ! ‘એકવાર વંદે જો કોઈ’ સમ્મેદશિખરની જાત્રા કરે. અરે..! પ્રભુ ! મોટો સમ્મેદશિખર પ્રભુ તું છો અંદર. એની જાત્રા એની પર્યાયમાં પ્રગટ કર. એ પર્યાય પણ ત્રિકાળની અપેક્ષાએ પલટતું, મુદતવાળું અને બાહ્ય (તત્ત્વ છે). આહા..હા..! ૩૧૫ થયો ને ? લ્યો ! આજ તો એક તત્ત્વ ચાલ્યું આખું. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✻ ✻ ✻

ચૈતન્યમૂર્તિ મુક્તસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ, અનંતગુણનું અરૂપી સ્વરૂપ, તે અંદરમાં મુક્તસ્વરૂપ છે. એ મુક્ત સ્વરૂપનું અંદર ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તસ્વરૂપ પ્રગટ થાય છે. બાહ્યથી મુક્તસ્વરૂપ પ્રગટ થતું નથી પણ અંદર જે પૂર્ણાનંદ સ્વરૂપ છે તેને દૃષ્ટિમાં લઈ તેનું ધ્યાન કરીને અંદરમાં સ્થિર થઈ જવાથી પર્યાયમાં મુક્તપણું પ્રગટ થાય છે. ધ્યાન કરતા તો આવડે જ છે ને ! આર્ત્તધ્યાન આદિ તો કરે જ છે ને ? છોકરાના લગ્નનો આખો વરઘોડો નીકળી જાય છતાં વિચારમાં-ધ્યાનમાં-વિકલ્પમાં એવો મશગૂલ થઈ જાય કે ખબર ન પડે ! તેમ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુને ધ્યાનમાં લઈને ઠરી જા. ‘પરમાગમસાર’ બોલ નં.૪૨૭.

❀

આત્મામાં અનંતા ગુણો ભર્યો છે ને એક એક ગુણમાં અનંતા ગુણોનું રૂપ છે ને એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. તારો સ્વદેશ ભગવાન અનંત ગુણોની અદ્‌ભુત ૠદ્ધિથી ભરેલો છે. તેમાં એકવાર નજર કર તો તને સંતોષ થશે, આનંદ થશે. પુણ્ય-પાપના પરિણામમાં નજર કરતાં દુઃખ વેદાય છે.

‘પરમાગમસાર’ બોલ નં.૪૨૮.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**પોતાનો મહિમા જ પોતાને તારે. બહારના ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંદને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે. ૩૧૬.**

**આસો સુદ ૧૨, શુક્રવાર તા. ૧૩-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૧૬ થી ૩૧૮, પ્રવચન–૧૧૮**

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ (છે), તેની અંદરમાં મહિમા હોય તો આત્માના તરવાને ઉપાય હાથ આવે છે. છે ? '**પોતાનો મહિમા જ...**' અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આવે એ શુભરાગ છે. એની મહિમા આવે એ મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ ! પોતાનું નિજ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, સહજાત્મસ્વરૂપ જે જ્ઞાયકભાવ, એની મહિમા આવે તો સમ્યગ્દર્શન થાય છે, તો તરવાનો ઉપાય એને હાથ લાગે છે. આહા..હા..! આવી વાત છે.

'**બહારના ભક્તિ-મહિમાથી નહિ...**' ભગવાનની ભક્તિ હોય કે પડિમા ધારવી વિકલ્પ-રાગ હોય, એની મહિમાથી આત્માનો ધર્મ નથી થતો. આહા..હા..! આવી વાત છે, પ્રભુ! ઝીણી વાત બહુ. આહા..હા..! કેમ ? કે આત્મા જ્ઞાયકસ્વભાવથી ભરેલો (પદાર્થ), એ દયા, દાન, વ્રત, પડિમાના કે ભક્તિના વિકલ્પ, ખરેખર તો એનાથી મુક્ત ભિન્ન છે. સમજાણું કાંઈ ? ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ, શુદ્ધ જ્ઞાનઘન એનાથી પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રત આદિ વિકલ્પ છે, એ તો આત્માના સ્વભાવથી છૂટા પડ્યા છે, ભિન્ન પડ્યા છે. આવી વાત છે.

મુમુક્ષુ :– ભિન્ન કે વિરુદ્ધ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભિન્ન પડ્યા છે, જુદા પડ્યા છે. પોતાના સ્વભાવમાં નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! આવી વાત ઝીણી, ભાઈ !

આમ તો અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રત લીધા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા..! એ રાગની ક્રિયાની મહિમાને કારણે પોતાના સમ્યગ્દર્શન સ્વરૂપની મહિમા ન આવી. આહા..હા..! છે? **'ભક્તિ-મહિમાથી...'** ભગવાનની ભક્તિ, તીર્થંકર ત્રિલોકનાથની પ્રતિમા, મૂર્તિ કે સાક્ષાત્ ભગવાન, એની ભક્તિ પણ રાગ છે. આહા..હા..! એની **'મહિમાથી નહિ...'** એની મહિમાથી પોતાનું સમ્યગ્દર્શન-તરણ ઉપાય પ્રગટશે નહિ. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? જગત ક્યાંનું ક્યાંય પડ્યું છે અને વસ્તુ ક્યાંય પડી છે. આહા..હા..!

જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યદળ. શુદ્ધ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ! એની મહિમા ન આવતા, આ ભક્તિ આદિ બહાર પરમાત્માની ભક્તિ કે વ્રત કે અપવાસનો વિકલ્પ જે રાગ છે, એ મહિમાથી પોતાની મહિમા નથી આવતી. આહા..હા..! આવી વાત છે. લોકોને આકરું લાગે, શું કરે ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા, દિગંબર થયો, હજારો રાણીનો ત્યાગ કર્યો, દ્રવ્યલિંગ નગ્ન ધારણ કર્યું, અઠ્યાવીશ મૂળગુણ, મહાવ્રત આદિ પાળ્યા, પણ એ તો રાગ છે. પ્રભુ ! પ્રભુ ! બહુ ઝીણી વાત, ભાઈ ! એ રાગની ક્રિયા એનાથી જ્ઞાયકસ્વરૂપ ભગવાન ભિન્ન છે. છૂટા પડ્યા છે. એકત્વ નથી. એકત્વ માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્ઞાયકસ્વરૂપ ભગવાન પ્રભુ ! સચ્ચિદાનંદ સહજાત્મસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય, એની મહિમા, એની મોટપ, એ રાગથી ભિન્ન-અધિક-ભિન્ન થઈને પોતાની મહિમામાં જાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! એવી વાત છે. **'ભક્તિ-મહિમાથી નહિ...'** ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરની સાક્ષાત્ સમવસરણમાં ભક્તિ અનંતવાર કરી. સમવસરણમાં મણિરત્નના થાળ, કલ્પવૃક્ષના ફૂલ, હીરાનો થાળ, મણિરત્નના દીવા(થી પૂજા કરી). સમવસરણમાં મહાવિદેહક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો છે. અને ત્યાં સમવસરણમાં અનંતવાર ગયો છે અને અનંતવાર ત્યાં ભગવાનની ભક્તિથી આરતી પણ ઉતારી છે. પણ એ તો શુભરાગ છે. જ્યાં સુધી તેની મહિમા આવે છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી આકરી વાતું, ભાઈ !

અંતર ભગવાન શુભરાગના, વિકલ્પના છોતરાથી ભગવાન ભિન્ન અંદર છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અરે..! કેમ બેસે ? અંતર્મુખ દૃષ્ટિ કરતાં, બાહ્ય દૃષ્ટિ વિકલ્પ આદિ રાગની દૃષ્ટિ છોડીને... આહા..હા..! જે એમાં નથી, એની દૃષ્ટિ અને રુચિ છોડીને અંતરમાં જ્ઞાયક ત્રિકાળી આનંદનો નાથ, પ્રભુ સહજાત્મસ્વરૂપ, એમાં દૃષ્ટિ લગાવવાથી, એની મહિમા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! આવું છે. જગતથી ઘણું ઊંધુ, ભાઈ !

**'પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.'** આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યલોક આનંદ આદિ અનંત ગુણથી ભરેલો, પ્રભુ ! એ ચૈતન્યની પરિણતિ, એ ભક્તિ આદિ જે પરિણતિ છે એ તો રાગની પરિણતિ છે. આહા..હા..! આવું આકરું છે, ભાઈ ! કેમ કે બહિર્‌લક્ષી વૃત્તિ છે. ભક્તિ આદિ, વ્રત આદિ, તપ આદિ બધી બહિર્‌લક્ષી વૃત્તિ છે. ભલે શુભરાગ હોય, પણ એ બહિર્‌લક્ષી વૃત્તિ છે. આહા..હા..! એમાં ચૈતન્યની પરિણતિ નથી. આહા..હા..!

જ્ઞાયક ભગવાન ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! એની **'ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.'** આહા..હા..! આકરું કામ ભારે. વ્યવહાર ભક્તિ આદિનો ભાવ તો રાગ છે. એ તો એણે અનંતવાર કર્યા છે, પણ સમ્યગ્દર્શન થયું નથી. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' એ મહાવ્રત આદિ લીધું, પડિમા ધારણ કર્યા, એ બધો રાગ છે, દુઃખ છે. આહા..હા..! રાગથી ભિન્ન ભગવાન ચૈતન્યસ્વરૂપ, એનું જ્ઞાન કર્યું નહિ તો આનંદ આવ્યો નહિ,. દુઃખ થયું. આહા..હા..! આવું સ્વરૂપ છે. લોકોને આકરું લાગે, શું થાય ? આહા..! માર્ગ તો આ છે. ત્રણ લોકના નાથ, જિનેશ્વરદેવ, પરમાત્મા, એની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ ?

ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન, એની પરિણતિ. પરિણતિ નામ એની નિર્મળ દશા. ભક્તિ આદિ, વ્રત આદિનો ભાવ તો મલિન દશા છે. આહા..હા..! એ મલિન દશાની આત્માને મહિમા આવે છે, તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પોતાનું ચૈતન્ય, એ ભક્તિ આદિ, રાગાદિ, વિકલ્પાદિથી ભિન્ન પ્રભુ અંદર છે. કેમ કે ભક્તિ આદિ પરિણામ પુણ્યતત્ત્વ છે અને ભગવાન આત્મા તો પુણ્યતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. આહા..હા..! એનો અર્થ એ છે કે ચૈતન્યલોક ભગવાન એ રાગથી મુક્ત જ છે. કેમ કે પરચીજ છે ને ! આ વાત કેમ બેસે ? આહા..હા..! એ રાગનો વિકલ્પ જે છે, બહાર વ્રતના, પંચ મહાવ્રતના, પડિમાનો રાગ, એ તો બધો વિકારભાવ છે. એ બધું પોતાના સ્વરૂપથી ભિન્ન છે. એની પરિણતિ તો મિથ્યાત્વ, એને માનવાથી ધર્મ થાય એ તો મિથ્યાત્વની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પરિણતિ છે. પરિણતિ નામ મિથ્યાત્વની દશા છે. આહા..હા..!

**'ચૈતન્યની પરિણતિમાં...'** જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ થતાં, જે જ્ઞાયકની શુદ્ધ ચૈતન્યદશાની દશા હોય, એ ચૈતન્યની નિજ મહિમાથી તરાય છે. એનાથી તરણનો ઉપાય એ છે. બહુ આકરું લાગે. શું થાય ? આહા..હા..! અશુભભાવ પણ અનંતવાર કર્યા છે અને એવા વ્રત, તપ, ભક્તિ, અપવાસ, છ-છ મહિનાના અપવાસ, ભગવાનની આરતી, કરોડોના દાન ને કરોડો મંદિરો બનાવ્યા, એવા શુભભાવ અનંત વાર કર્યા છે, ભાઈ ! એ ચીજ કોઈ નવી નથી. આહા..હા..! એ રાગની જેને મહિમા આવે છે, એને નિર્વિકાર ચૈતન્ય ભગવાનની મહિમા નથી અને જેને ચૈતન્ય નિર્વિકારની મહિમા છે, એને રાગની મહિમા આવતી નથી કે મેં શુભભાવ આમ કર્યો... આમ કર્યો. એ મહિમા ધર્મીને આવતી નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે. આકરું પડે.

**'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.'** જેને ભગવાન જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, ધ્રુવ, એનો જેને મહિમા છે, એને ભગવાનનો સાચો મહિમા હોય છે. આહા..હા..! બાકી તો ભગવાન બહારના આવા છે, અતિશય છે, ભગવાન બોલતા નથી, દિવ્યધ્વનિ છે. એ તો પરવસ્તુ છે. અંતરમાં ભગવાન જ્ઞાયકસ્વરૂપ, એની મહિમાથી ચૈતન્યપરિણતિ થઈ, એને જ ભગવાનનો યથાર્થ મહિમા આવે છે. આવું છે, ભાઈ ! છે ?

**'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે.'** ભગવાન સર્વજ્ઞ વીતરાગ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ. એને સમજવાથી હું આવો છું. હું પણ અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, જ્ઞાયકસ્વરૂપ અખંડાનંદ નાથ (છું). એમ નિમિત્તને દેખીને પોતાના સ્વભાવની મહિમા આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! આ તો અધ્યાત્મ તત્ત્વની વાત છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિમાં માંડ માંડ જોડાય છે. કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે. ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે. સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી. જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે. ૩૧૭.**

હવે વિશેષ કહે છે. **'મુનિરાજ...'** સાચા ભાવલિંગી મુનિરાજ હોય છે. જેને મહાવ્રતના પરિણામ પણ દુઃખદાયક દેખાય, પોતાના આનંદ સ્વરૂપની પરિણતિમાં આનંદ દેખાય છે. આહા..હા..! એવા **'મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિમાં માંડ માંડ જોડાય છે.'** પોતાનું આનંદ સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા અને શાંતિ, એમાંથી પ્રતિક્રમણ, ગુરુની વંદના આદિ જે વિકલ્પ છે એ માંડ માંડ આવે છે, નબળાઈથી આવે છે. આહા..હા..! **'કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે.'** પૂર્ણ જ્ઞાન આનંદકંદની દશા પૂર્ણ નથી તો એવો વિકલ્પ વચ્ચે આવે છે, પણ ગમતું નથી. પ્રતિક્રમણ સામાયિકનો વિકલ્પ... આહા..હા..! વ્રતનો વિકલ્પ, એ ગમતો નથી. પોતાના આનંદ સ્વરૂપની પરિણતિ-દશામાંથી બહાર આવવું એ બોજારૂપ લાગે છે. આવી વાત છે, બાપુ !

મુમુક્ષુ :- બહાર આવવાનું કારણ શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- નબળાઈ. કીધું ને ? લાચારી. પર્યાયમાં નબળાઈથી.. ભગવાન સ્વરૂપ આનંદમાંથી.. દૃષ્ટિ આનંદમાં તો છે, પણ એમાં સ્થિર નથી થતા ત્યારે આવો સવાર-સાંજ પ્રતિક્રમણ આદિનો વિકલ્પ આવે છે. એ નબળાઈથી આવે છે. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ ! વાત સાંભળવી કઠણ પડે. આહા..હા..!

**'મુનિરાજને...'** સાચા મુનિ. સમ્યગ્દર્શન વિના જે દ્રવ્યલિંગ ધારણ કર્યું અને પંચ મહાવ્રતના પરિણામ કર્યા એ કાંઈ મુનિ નથી. મુનિ તો (એને કહીએ), જેને આત્માનું આનંદસ્વરૂપ એવું પ્રગટ થયું છે કે પર્યાયમાં આનંદની પ્રચુર સ્વસંવેદના, અતીન્દ્રિય આનંદની પ્રચુર વેદના, વેદન, એ જેને પર્યાયમાં આવે છે તેને મુનિરાજ કહે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



'સમયસાર'ની પાંચમી ગાથામાં છે ને ? મુનિ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અમારો નિજ વૈભવ શું છે ? હું નિજ વૈભવથી કહીશ. 'કુંદકુંદાચાર્ય' ભાવલિંગી સંત, સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં હતા. ભગવાન પાસે ગયા હતા. 'કુંદકુંદાચાર્ય' સીમંધર પરમાત્મા બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને 'સમયસાર' બનાવે છે, તો કહે છે, કે મારો નિજવૈભવ શું ? કે પ્રચુર અતીન્દ્રિય આનંદનો અનુભવ, એ મારો નિજવૈભવ છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! છોકરાને સમજાય નહિ મફતના બિચારા.. આ વાત મોટાને સમજવી કઠણ પડે. રમતે ચડી જાય કાં ભાગે, કા વાતું કરે માહોમાહે. શું થાય ? બાપા ! આ તો ત્રણ લોકના નાથની વીતરાગી વાત છે, પ્રભુ ! મુમુક્ષુ :– વીતરાગી વાત છે.

જેને શુભરાગની હોંશ અને મહિમા આવે છે, એને આત્માના આનંદની મહિમા નથી આવતી. આહા..હા..! અને જેને આત્મા આનંદસ્વરૂપ, એવી મહિમા આવીને પર્યાયમાં ધર્મીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, એને રાગ આવે છે એ દુઃખરૂપ લાગે છે. એ વ્રતનો વિકલ્પ, ભક્તિ આદિનો વિકલ્પ આવે છે પણ દુઃખરૂપ લાગે છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. કહો, ભાઈ ! આવી વાતું ઝીણી બહુ પડે. આ તો ભગવાન કહે છે. ભગવાન કહે છે એ બહેને કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..!

**'ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે...'** છટ્ઠે ગુણસ્થાને આનંદના વેદનવાળા સાચા મુનિ, એને ભૂમિકા પ્રમાણે પંચ મહાવ્રતનો વિકલ્પ, વ્યવહાર સમિતિ, ગુપ્તિનો શુભ વિકલ્પ આવે છે, પણ છે એ દુઃખરૂપ. આહા..હા..! આ કેમ બેસે ? અંતર અતીન્દ્રિય આનંદની વીણા વાગતી હોય, ભગવાન અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ભરેલો છે, એનો અનુભવ જ્યાં પર્યાયમાં થયો, ત્યાં અતીન્દ્રિય આનંદની વીણા વાગે છે. ત્યાં રાગ આવે છે એ દુઃખરૂપ લાગે છે. આહા..હા..! ભૂમિકા પ્રમાણે આવે છે. સમ્યગ્દષ્ટિ અનુભવી, પંચમ ગુણસ્થાનવાળા સત્ય આનંદનો અનુભવ હોય, તેને પણ બાર વ્રત આદિનો ભૂમિકા પ્રમાણે વિકલ્પ આવે છે. પણ એ દુઃખરૂપ છે. આહા..હા..! આ કેમ બેસે ? આખો ઉથલ-પાથલનો માર્ગ છે. આહા..હા..!

**'પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે....'** ભગવાન અતીન્દ્રિય આનંદનું ધર્મીને વેદન હોવાથી એ રાગાદિ વિકલ્પ આવે છે. **'સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે...'** પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અતીન્દ્રિય આનંદસ્વભાવથી વિરુદ્ધ (છે), એ રાગ વિરુદ્ધ છે. ઓહો..હો..! હું અપવાસ કરું, હું સામાયિક કરું, એ વિકલ્પ, રાગ આવે છે, એ સ્વભાવથી તો વિરુદ્ધ છે. છે ? **'ઉપાધિરૂપ લાગે છે.'** ધર્મી જીવને આ ઉપાધિરૂપ લાગે છે. આહા..હા..! આ તે કાંઈ ગજબ ! એને તો લોકો ધર્મ માને છે. એ વ્રત, તપ, અપવાસ, ભક્તિ કરો એ ધર્મ છે. અરે..રે..! પ્રભુ ! ઠગાઈ ગયો, તું ઠગાઈ ગયો, ભાઈ ! આહા..હા..! ધર્મીને એ શુભરાગ દુઃખરૂપ લાગે છે. ભૂમિકા પ્રમાણે આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય (આવે છે), પણ પરદ્રવ્યનો વિનયભાવ એ તો રાગ છે. આહા..હા..! ધર્મીની રાગમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. સમ્યગ્દષ્ટિ ધર્મી જેને કહીએ, એને શુભરાગ આવે છે, તો સુખબુદ્ધિ ઊડી ગઈ છે. દુઃખ લાગે છે. આહા..હા..! આવી વાત.

પરંતુ **'ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે...'** સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને (હોય) પણ શુભભાવ ભક્તિ આદિ, દાન આદિ, ભગવાનની પૂજા આદિનો ભાવ આવે છે, પણ એ ભાવ દુઃખરૂપ છે, ઉપાધિ છે. આહા..હા..! ઉપાધિ છે તો શું કામ કરે છે ? પણ નબળાઈને કારણે આવ્યા વગર રહેતા નથી. આહા..હા..! છે ? **'સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે...'** એ શુભભાવ. વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ, શાસ્ત્રવાંચનનો ભાવ... આહા..હા..! શાસ્ત્ર કહેવાનો, ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે, પણ છે ઉપાધિ. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ! જ્ઞાયકસ્વરૂપથી એ ભાવ વિરુદ્ધ છે. આ વાત આકરી પડે, ભાઈ !

જગત એમ જ કહે, કે વ્યવહાર કરો, કરતા કરતા થઈ જશે. આહા..હા..! લસણ ખાવ, ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. એમ રાગની ક્રિયા ભક્તિ, પૂજા, વ્રત, તપ કરો, એનાથી કલ્યાણ થશે. ધૂળમાં પણ કલ્યાણ નથી. સમજાણું નથી ? ધૂળમાં કલ્યાણ નથી અર્થાત્ એને પુણ્યાનુબંધીપુણ્ય પણ નથી. આહા..હા..! જેણે એ રાગમાં ધર્મ માન્યો એ મિથ્યાદૃષ્ટિને પાપાનુબંધી પુણ્ય હોય છે. આહા..હા..! આવી વાતું આકરી બહુ, ભાઈ ! અત્યારે સંપ્રદાયમાં બધા હીલોળે ચડ્યા છે. આ વ્રત કર્યા, તપ કર્યા, પૂજા કરી, ગજરથ કાઢ્યા... આહા..હા..! રથયાત્રા કાઢી. આ વ્રતના આટલા અપવાસ કર્યા, ત્રણ કર્યા, ચાર કર્યા, પાંચ (કર્યા).. ભાઈ ! એ બધી રાગની મંદતા હોય તો એ શુભ છે, ધર્મ નથી. ભગવાન ! તારી ચીજ તો અંદર વિકલ્પથી રહિત નિર્વિકલ્પ આનંદકંદ છે. એવી દૃષ્ટિ કરી એવી ભૂમિકા હોય તો પણ એ વિકલ્પ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આવે એ ઉપાધિરૂપ લાગે છે. અજ્ઞાનીને તો એ ઉપાધિ છે એની ખબર પણ નથી. એ તો બસ આ મારો ધર્મ છે (એમ માને છે). આહા..હા..! આવું છે. શું થાય ? પરમસત્ય તો આ છે, ભાઈ ! એને કેટલી ધીરજ જોઈએ. આહા..હા..!

**'સ્વભાવ નિષ્ક્રિય છે...'** શું કહે છે ? ચૈતન્ય ભગવાનનો સ્વભાવ તો રાગની ક્રિયાથી રહિત છે. ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ.. સ્વરૂપ. ખરેખર તો પર્યાયની પરિણતિથી પણ રહિત છે. આહા..હા..! એ રાગની ક્રિયાથી તો ભિન્ન છે, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટી, અપૂર્વ–અનંત કાળમાં નહિ થઈ એવી, એ પરિણતિની ક્રિયાથી તો વસ્તુ નિષ્ક્રિય ભિન્ન છે. એ કાલે આવી ગયું હતું. નિર્મળ પર્યાય પણ બહિર્તત્ત્વ છે. એ ૩૧૫મા બોલમાં આવ્યું હતું. કાલે આવ્યું હતું ને ? ભાઈ ! આહા..હા...! એ રાગ વ્રત, તપ, ભક્તિનો રાગ ભિન્ન છે, વિકાર છે, દુઃખ છે. એ તો સ્વરૂપમાં જ નથી. પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ વીતરાગી સ્વને આશ્રય પ્રગટેલી પર્યાય, એ સક્રિય પરિણતિ છે, નિષ્ક્રિય તત્ત્વમાં એ નથી. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ ?

ધર્મીની દૃષ્ટિ એ ધર્મ પ્રગટ્યો છે એના ઉપર નથી. ધર્મીની દૃષ્ટિ ત્રિકાળી જ્ઞાયક ઉપર છે. કાયમી ચીજ ટકતી નિત્યાનંદ પ્રભુ, સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ત્યાં છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિની પર્યાય ઉપર પણ નથી. આહા..હા..! અરે..! આવી વાતું છે, ભાઈ ! બહુ આકરું. આ તે કાંઈ ભગવાનનો ધર્મ હશે આ ? જિનવરદેવનો આવો હશે ? ભાઈ ! જિનવર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એ એમ ફરમાવે છે અને આ એમ છે. આહા..હા..! ઇન્દ્રોની વચ્ચે પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એકાવતારી ઇન્દ્રો આવે છે. શક્રેન્દ્રિય એક ભવતારી–(એક ભવમાં) મોક્ષ છે. સમકિતી છે, આત્મજ્ઞાની છે, એની વચ્ચે ભગવાન તો આ ઉપદેશ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાત છે. અરે..! આ તો નિશ્ચયાભાસ થઈ ગયું, એમ કહે. અરે..! સાંભળ, ભાઈ ! એ બધા કહે છે એ બધી વાત ખ્યાલમાં છે. આહા..હા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય ઈશ્વરતાથી ભરેલો, પ્રભુ ! એની દૃષ્ટિ થઈને અનુભવ થયો, એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત છે. એ સમ્યગ્દૃષ્ટિને કે મુનિરાજને સ્વભાવથી વિરુદ્ધ રાગાદિ આવે છે તો ઉપાધિ લાગે છે. **'સ્વભાવ નિષ્ક્રિય છે...'** સ્વ-ચૈતન્યપ્રભુનો સ્વભાવ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સ્વ-ભાવ નિત્યાનંદ ધ્રુવ, એમાં તો પરિણમન પણ નથી. રાગની ક્રિયા તો નથી, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ક્રિયા, પર્યાય પણ એમાં નથી. અરે..રે..! આવું તત્ત્વ ક્યાં (સાંભળવા મળે) ? આવી વસ્તુ છે. માણસને આકરું પડે. બહારમાં બિચારા આ જાત્રા કરું, ભક્તિ કરું, શેત્રુંજયની જાત્રા, ગિરનારની જાત્રા, સમ્મેદશિખરની જાત્રા (કરો). બધી જાત્રા એ તો શુભરાગ છે. આહા..હા..! અહીંના દર્શન કરે એ શુભરાગ છે. આવી વાતું બહુ (આકરી), ભાઈ ! સર્વજ્ઞ પરમેશ્વર જિનવર, એનો ધર્મ કોઈ અલૌકિક છે. એ બીજે ક્યાંય નથી. આહા..હા..! પણ એના સંપ્રદાયને સમજવો કઠણ પડે એવું છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા કહે છે એ વાત છે. સ્વભાવ-જ્ઞાતા, દૃષ્ટા, ત્રિકાળ સ્વભાવ, એ તો રાગની પરિણતિથી રહિત છે. **'તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી.'** શું કહે છે ? આહા..હા...! આનંદનો નાથ, પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સાગર, એમાં જેની દૃષ્ટિ અને સ્થિરતા થઈ, તેને બહાર આવવું ગમતું નથી. એ પ્રતિક્રમણ અને વ્રતાદિનો વિકલ્પ આવે છે, પણ ગમતું નથી.

મુમુક્ષુ :- વિકલ્પ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભૂમિકા પ્રમાણે એ વિકલ્પ આવે છે પણ ગમતું નથી. અત્યારે જો મારા સ્વરૂપમાં ઠરી જાઉં અને કેવળજ્ઞાન (થાતું હોય તો આ નથી જોઈતું). આહા..હા..! સાચા સંત તેને કહીએ... આહા..હા..! કે જેને સુખની દશા અંદર પ્રગટ થઈ છે. અતીન્દ્રિય આનંદનો જેને અનુભવ છે. તેને બાહ્ય વ્રતાદિ ભક્તિનો વિકલ્પ આવે છે. છે ?

**'બહાર આવવું ગમતું નથી.'** પણ નબળાઈને કારણે આવે છે. આહા..હા..! જેને અંદર અતીન્દ્રિય આનંદ મળ્યો, એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો... આ..હા..! ધર્મીને, સમકિતીને, મુનિને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. સાચા મુનિની વાત છે, હોં ! આ ક્રિયાકાંડી મુનિ છે એ મુનિ જ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! આકરી વાતું છે, ભાઈ ! એ શુભરાગ ભૂમિકા અનુસાર આવે છે (પણ) ગમતું નથી. આવે છે, ગમતું નથી. ગમતું નથી અને આવે છે. આહા..હા..! આવો ઉપદેશ કઈ જાતનો ? અમે તો ભાઈ આમ સાંભળીએ કે વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ભક્તિ કરો, રથયાત્રા કાઢો, ગજરથ કરો. અરે..! ભગવાન એ તો બધો રાગની ક્રિયાનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ઉપદેશ છે. એ રથયાત્રા બહારની જડની ક્રિયા છે, એ તો આત્મા કરી શકતો નથી. એમાં ભાવ આવે એ તો રાગ છે.

**'બહાર આવવું ગમતું નથી. જેને જે કામ ન ગમે...'** સમ્યગ્દૃષ્ટિ ધર્મીને તો પોતાનો આનંદ ગમે છે. એ આનંદ ગમે એ સિવાય રાગ ગમતો નથી. **'તે કાર્ય તેને બોજારૂપ લાગે છે.'** આહા..હા..! મારો પ્રભુ, અતીન્દ્રિય આનંદસ્વરૂપના સ્વાદિયા જે ધર્મી છે, એને રાગ આવે છે એ બોજો લાગે છે. બોજો-ભાર. નિર્જરા અધિકારમાં કહ્યું છે કે ક્લેશ છે. રાગ આવે છે એ ક્લેશ છે. ક્લેશ કરો તો કરો પણ આત્મજ્ઞાન વગર એ બધું નિરર્થક છે. આહા..હા..! છે ?

**'જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે.'** જ્ઞાન ને આનંદ ને અનાકુળ શાંતિ, એનું જેને ભાસ-અનુભવ વેદન થયું, તેને જે રાગભાવ આવે છે, ચાહે તો ભગવાનની ભક્તિ હો કે ચાહે કોઈ વ્રતના વિકલ્પ હોય, પણ એ વિકલ્પ બોજો-ભાર લાગે છે. આહા..હા..! ગમતું નથી. પણ ભૂમિકા અનુસાર નબળાઈને કારણે આવે છે, ગમતું નથી. આવી વાતું શું છે આ તે ! આ તે માર્ગ વીતરાગનો હશે ? વીતરાગનો માર્ગ (તો) કંદમૂળ ન ખાવા, બ્રહ્મચર્ય પાળવું, વ્રત કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, મંદિર બનાવવા એવી તો વાતું અમે સાંભળી છે. ભાઈ ! એ બધી વાતું રાગની ક્રિયાની છે. સમજાણું કાંઈ ? આ તો વીતરાગ પરમેશ્વરનો માર્ગ વીતરાગભાવે છે. એ રાગભાવે ધર્મ નથી. રાગભાવે ધર્મ માને એ જૈનધર્મ જ નથી, એ વીતરાગનો ધર્મ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ ૩૧૭ (બોલ પૂરો થયો). ટૂંકામાં ઘણું આવી ગયું. આહા..હા..!

ધર્મીને, આત્મજ્ઞાનીને વિષયવાસનાનો ભાવ આવે છે, ગમતો નથી. દુઃખ લાગે છે. પણ નબળાઈને લીધે આવે છે. આહા..હા..! કાળો નાગ જેમ દેખે, એમ અશુભભાવને કાળો નાગ સમાન દેખે છે અને શુભભાવ દુઃખરૂપ લાગે છે. આવી વાત કેમ બેસે ? બહારની પ્રવૃત્તિમાં જોડાઈને ધર્મ માન્યો. હજારો-લાખો માણસો. અરે...! ભાઈ ! વાતું બધી જુદી છે. આહા..હા..! એ ૩૧૭ (બોલ પૂરો થયો).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું—એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે. ૩૧૮.**

૩૧૮. **'જીવ પોતાની લગનીથી...'** ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ નિર્મળાનંદ પ્રભુ ! એની **'લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે.'** એ જ્ઞાયકસ્વરૂપની નિર્મળ દશાને પ્રાપ્ત કરે છે. રાગની લગની નહિ. દયા, દાન, વ્રતની રાગની લગની નહિ. આહા..હા..! **'જીવ પોતાની લગનીથી...'** નિજાનંદ સ્વરૂપ પ્રભુ ! એ **'પોતાની લગનીથી...'** આહા..હા..! **'જ્ઞાયકપરિણતિને...'** જાણક સ્વભાવની દશાને, ધર્મદશાને પ્રાપ્ત કરે છે. આહા..હા..! (એક) સાધુ છે ને ? 'જાલના'માં છે 'જાલના'માં દિગંબર સાધુ. વીસ વર્ષની દીક્ષા, શીઘ્ર કવિ (છે). આ પુસ્તક વાંચીને... પુસ્તક તો હમણા આવ્યું છે પણ પહેલા અહીંયાનું સાહિત્ય વાંચીને ઘણા ખુશી થયા. ઓહો..હો..! બસ્સો વર્ષમાં આવી વાત નથી. સ્વામીજી ! આ તમે ક્યાંથી કાઢ્યું ?

મુમુક્ષુ :- સાધુપણું રાખ્યું કે છોડી દીધું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- બહાર રાખ્યું છે. પણ પોતે કહે છે કે હું સાધુ નથી. બાપુ ! નગ્ન થયા એ કાંઈ સાધુ નથી. પોતે કહે છે. અહીં તો ઘણા દસ કાગળ આવી ગયા. હજી પરમ દિવસે બે કાગળ આવ્યા. ચારસો પુસ્તક મગાવ્યા હતા. અહીંથી મોકલ્યા. ત્રણસો બીજા મગાવ્યા. બધાને ભેટ આપવા માટે. આ ચીજ શું છે ? આહા..હા..! આ 'બહેન'નું પુસ્તક વચનામૃત. અને ત્યાં 'જાલના'માં સ્થાનકવાસીના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એક આચાર્ય છે. સ્થાનકવાસીના. જ્યારે તેને વંદન કરવા આવે, અમે 'હૈદ્રાબાદ' અને 'બેંગલોર' ગયા હતા. 'હૈદ્રાબાદ'માં ચારે સંઘવાળાએ અમારું સ્વાગત કર્યું હતું. સ્થાનકવાસીના તેરાપંથી, સ્થાનકવાસી, શ્વેતાંબર, દિગંબર. ચારેયે સ્વાગત કર્યું હતું. 'જાલના'માં આનંદઋષિને વંદન કરવા આવે, એ જ ત્યાં આવે છે. એ આવી પુસ્તક માગતા. વચનામૃત આપો. તો આપે છે. પણ વીસ મિનિટ તમારે વાંચવું એવી પ્રતિજ્ઞા લ્યો તો લઈ જાવ. 'જાલના'. ત્યાં સ્થાનકવાસી છે, શ્વેતાંબર છે, સ્થાનકવાસી ને તેરાપંથી છે ને તુલસી ? એ છે અને દિગંબર છે. ચારેય છે. આહા..હા..! પણ ત્યાં એટલી માંગ છે કે શ્વેતાંબર લોકો જે સ્થાનકવાસી આવે છે એ માગે છે કે લાવો આ શું છે ? વચનામૃત લાવો. તો અહીંથી સાતસો પુસ્તક ગયા. હજી ચારસો પડ્યા છે. ત્રણસો હજી પાર્સલમાં હશે. બાપુ ! માર્ગ કોઈ જુદી ચીજ છે. લોકોને સાંભળવામાં આવ્યું નથી. અને એમ ને એમ ગાડું હાક્યું. આ વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ભક્તિ કરો, પડિમા લઈ લ્યો. અરે..રે..! ભાઈ ! એ બધી રાગની ક્રિયા, એને તમે ધર્મનો માર્ગ માનો એ મિથ્યાત્વનું પોષણ છે. મિથ્યાત્વનું પોષણ છે. આહા..હા..!

એ અહીં કહે છે, જુઓ! **'જીવ પોતાની લગનીથી...'** રાગની લગની નહિ. પોતાનો ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ અંદર ભર્યો છે. ચૈતન્યલોક અનંત.. અનંત... અનંત.. આનંદ આદિ અનંત ગુણનો દરિયો ભર્યો છે. આહા..હા..! નિર્મળાનંદ, નિર્વિકલ્પ અભેદસ્વરૂપ એની **'લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે.'** એ જ્ઞાયકસ્વરૂપની દશા, ચૈતન્યના પૂર્ણ સ્વરૂપની લગનથી વીતરાગી પરિણતિ, જ્ઞાયકપરિણતિ, રાગરહિત પરિણતિ પ્રગટે છે. અરે..રે..! આ શું કહે છે ? ભાષા સાદિ છે પણ વસ્તુ તો જે છે એ છે. ભાઈ ! અત્યારે તો એટલો બધો વિરોધ છે કે જૈનધર્મ શું છે એની ગંધ પણ ક્યાંય નથી. આહા..હા..! સમ્મેદશિખરની જાત્રા કરો, ગિરનારની જાત્રા કરો. એ બધો રાગ છે. પરદ્રવ્યના લક્ષે થયેલો શુભરાગ છે. એ કોઈ ધર્મ નથી. અને રાગથી મને ધર્મ થશે એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જૈનદર્શનને સમજતા નથી. જૈનથી વિરુદ્ધ છે, અજૈન છે. આહા..હા..! આવી વાત છે, પ્રભુ !

**'હું જ્ઞાયક છું,...'** હું તો એકલો જાણન-દેખન જ્ઞાતાદૃષ્ટા હું છું. શરીર, વાણી હું નહિ, તેની ક્રિયા મારી નહિ, અશુભભાવ પણ મારો નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ, એ પણ મારો નથી. આહા..હા..! અને એક સમયની પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પણ હું નથી. હું તો જ્ઞાયક છું. સમ્યગ્દર્શનની પર્યાય એવો નિર્ણય કરે છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને પર્યાયમાં સમ્યગ્દર્શન એ એમ કહે છે, હું તો જ્ઞાયક છું. હું સમ્યગ્દષ્ટિ છું એમ પણ નહિ, હું તો જ્ઞાયક છું. આહા..હા..!

સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિકભાવ, પારિણામકભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. આહા..હા..! ભાષા યાદ રહે નહિ. કેટલું એને ગોખવું ? એમ નથી, ભાઈ ! એ વસ્તુ જે છે, પ્રભુ ! એ મુક્તસ્વરૂપ છે, અબદ્ધ છે. રાગના સંબંધમાં એ વસ્તુ નથી. દ્રવ્ય વસ્તુ જે ચૈતન્યદ્રવ્ય જેને કહીએ વસ્તુ, એ તો મુક્તસ્વરૂપ જ છે. અબદ્ધ કીધું છે અને 'સમયસાર'ના કળશમાં મુક્ત કીધું છે. ૧૪-૧૫મી ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ છે. ભગવાન આત્મા તો રાગના સંબંધ વિનાની ચીજ છે, અબદ્ધ છે અર્થાત્ મુક્તસ્વરૂપ જ અંદર વસ્તુ છે. આહા..હા..! એની જેને લગની લાગે છે... આહા..હા..! એને તો **'હું જ્ઞાયક છું.'** આહા..હા..! જાણનાર, દેખનાર એ હું છું, રાગાદિ નહિ, પુણ્યાદિ હું નહિ.

**'હું વિભાવભાવથી જુદો છું,...'** આહા..હા..! સમ્યગ્દષ્ટિને, ધર્મી જીવને માન્યતામાં એમ છે કે હું તો જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છું. એ વિભાવ નામ જે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે, એ વિભાવભાવ છે. આહા..હા..! એનાથી તો હું ભિન્ન છું. આહા..હા..! હવે એનાથી લાભ માનવો. એ ભિન્ન ક્યાં રહ્યો ? દૃષ્ટિ જ મિથ્યાત્વ થઈ ગઈ. આહા..હા..! અનંત કાળ, અનંત કાળ ગયો, ભાઈ ! ચોરાશીના અવતાર કરતા કરતા કરતા નવમી ગ્રૈવેયકના અનંત ભવ કર્યા. દિગંબર સાધુ થયો, હજારો રાણીનો ત્યાગ કરી બાળબ્રહ્મચારી થઈને. પણ પંચ મહાવ્રતના પરિણામ તે ધર્મ છે એમ માનીને ત્યાં અટકી ગયો. આહા..હા..!

અહીં તો કહે છે કે પંચ મહાવ્રતના વિકલ્પ વિભાવ છે. તો સમ્યગ્દષ્ટિ એ સમયે ભિન્ન છું એમ માને છે. એનાથી લાભ છે એમ તો માનતા નથી, પણ એનાથી હું ભિન્ન છું. આહા..હા..! આવી શરતું છે, પ્રભુ ! સમ્યગ્દષ્ટિ, હજી તો ચોથે ગુણસ્થાને હોં. આહા..હા..! પાંચમું ગુણસ્થાન એ તો વળી ઊંચું ક્યાં રહી ગયું. એ તો આઘી દશા છે. મુનિનું છઠ્ઠું ગુણસ્થાન તો કોઈ અલૌકિક દશા છે. પણ ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિ **'હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું,...'** આહા..હા..! ક્યારે ? અત્યારે. અંદર વિભાવ વિકલ્પ થાય છે પણ તેનાથી હું ભિન્ન છું. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી,...'** શું કહે છે ? કે રાગમાં અટકનાર તો હું નથી, પણ નિર્મળ પર્યાય છે એમાં પણ હું અટકનાર નથી. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ, પણ પર્યાયમાં અટકનાર હું નથી. આહા..હા..! પર્યાયબુદ્ધિ નહિ. આવે છે ને ? 'સ્વાર્થ કે સાચે પરમાર્થ કે સાચે... સાચે સાચે વેણ કહે, સાચે જિનમતિ હૈ, કાહું કે વિરોધ નાહિ, પર્યાયબુદ્ધિ નાહિ.' 'બનારસીદાસ'માં આવે છે. આહા..હા..!

નિર્મળ પર્યાયમાં પણ હું અટકનાર નથી. આ તો ભાઈ પણ ગાય છે ને ? 'ઘાટકોપર'થી. 'હું પર્યાયમાં પણ અટકવા નહિ દઉં, એ.. ચેતનરાજા, પર્યાયમાં પણ અટકવા નહિ દઉં.' આહા..હા..! એ ગાય છે ઓલામાં. શું કહેવાય એ ? 'ઘાટકોપર' મંડળી. આહા..હા..! નિમિત્તમાં તો નહિ અટકું, રાગમાં તો નહિ અટકું પણ પર્યાયમાં પણ હું નહિ અટકું. આહા..હા..! આવી વાતું બહુ ઝીણી પડે. શું થાય ? અપૂર્વ છે ને ? પૂર્વે કદી કર્યું નથી. મુનિપણું અનંત વાર લીધું. શ્રાવકના બાર વ્રત અનંત વાર લીધા, અગિયાર પડિમાઓ અનંત વાર લીધી. પણ સમ્યગ્દર્શન વિના એ બધા થોથા નીકળ્યા. સમજાય છે કાંઈ ? એમાં સંસારફળ નીકળ્યું. કેમ કે એ શુભભાવ છે એ સંસાર છ, એ જગપંથ છે. આહા..હા..! 'સમયસાર નાટક'માં મોક્ષ અધિકારમાં કહ્યું છે, શુભભાવ મુનિને આવે છે, પણ એ જગપંથ છે. આહા..હા..! એટલો સંસારપંથ છે. એનાથી રહિત જે આત્મા જ્ઞાયકનો અનુભવ અને દૃષ્ટિ સ્થિર થઈ, એ શિવપંથ છે. આહા..હા..! આવી વાતું. વાતે વાતે ફેર.

**'કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી,...'** કોઈ પણનો અર્થ શું થયો ? કે શુભભાવમાં તો નહિ પણ મારી શુદ્ધદશા થઈ એમાં અટકનાર હું નથી. હું તો જ્ઞાયક છું. આહા..હા..! ત્રિકાળી ભગવાન આનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુ ! એમાં હું જવાનું છું. હું પર્યાયમાં અટકનાર નથી.

**'હું અગાધ ગુણોથી ભરેલો છું,...'** હું તો અગાધ. દરિયો જેમ ગંભીર ભરાય. દરિયો તો મર્યાદિત છે. અહીં તો અગાધ ગુણી. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, અનંત શક્તિ, અગાધ-ગંભીર શક્તિ. અગાધ ગુણની કોઈ હદ નથી. આત્મામાં એટલા ગુણ છે કે જેની કોઈ મર્યાદા નથી. અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... અનંતને અનંતગુણા ગુણો, તો પણ એનો અંત નથી, એટલા અંદર આત્મામાં ગુણ છે.

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! છે શરીર પ્રમાણે ક્ષેત્ર ભલે ભિન્ન છે, પણ એમાં ગુણ જે છે, એ તો અનંતને અનંતને અનંતને અનંતગુણા ગણી નાખો, તો પણ એનો અંત નથી એટલા આત્મામાં ગુણ છે. અરે..રે..! છે ?

**'હું અગાધ ગુણોથી ભરેલો છું,...'** અપાર-અપાર ગુણની શક્તિનો અનંત સ્વભાવ. **'અગાધ ગુણોથી ભરેલો છું,...'** આહા..હા..! એમ સમ્યગ્દષ્ટિ પોતાને આવો માને છે. **'હું ધ્રુવ છું,...'** જુઓ ! પર્યાય નહિ. **'હું ધ્રુવ છું,...'** નિત્ય રહેનારો છે એ હું છું. એ માને છે પર્યાય, પણ માને છે કે હું તો ધ્રુવ છું. આહા..હા..! એ સમ્યગ્દર્શનની પર્યાય માને છે કે હું ધ્રુવ છું એમ માને છે. આહા..હા..! હું તો ત્રિકાળી કારણપરમાત્મા જ છું. અરે..! કારણપરમાત્મા એટલે ? જે ત્રિકાળી શક્તિઓનો ભંડાર ભગવાન તે કારણપરમાત્મા, તે ધ્રુવ હું છું. સમ્યગ્દષ્ટિ જીવ પોતાને પર્યાય પૂરતો નથી માનતા. હું તો ધ્રુવ છું. આહા..હા..!

૩૨૦ ગાથામાં આવી ગયું છે. 'જયસેનાચાર્ય'ની ટીકા. આહા..હા..! આ હમણા કહ્યું ને ઇ. હું તો ત્રિકાળ નિરાવરણ. વસ્તુને આવરણ કેવું ? અગાધ. આ અગાધ શબ્દ છે ને ? ત્યાં અગાધ છે. એમાં અગાધ શબ્દ છે. છે ? 'સમયસાર' 'જયસેનાચાર્ય'ની ૩૨૦ ગાથાની ટીકા. જે સકળ નિરાવરણ. હું તો પૂર્ણ નિરાવરણ ચીજ છું. અખંડ છું. એક.. આહા..હા..! એક પ્રત્યક્ષ પ્રતિભાસમય... આહા..હા..! અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ, નિજપરમાત્મદ્રવ્ય તે હું છું. આહા..હા..! પરંતુ ભાવતો નથી કે ખંડ જ્ઞાનરૂપ હું છું. પર્યાય જેટલો હું એમ સમકિતી ભાવના નથી કરતો. આહા..હા..! રાગની વાત ક્યાંય રહી. વિકલ્પ છે એ તો. અહીં તો નિર્મળ પર્યાયની પણ ભાવના નથી કરતા. હું અખંડ છું. આહા..હા..! આ સંસ્કૃત ટીકા છે. 'જયસેનાચાર્ય'ની 'સમયસાર'ની ૩૨૦ ગાથાની ટીકા છે. પણ લોકોને અભ્યાસ નહિ. આ બહારમાં નવરાશ ન મળે. આખો દિ' ૨૨-૨૩ કલાક જાણે રળવું, બાયડી-છોકરા સાચવવા ને એકલો પાપનો ધંધો. નિવૃત્તિ મળે ત્યાં કલાક સાંભળવા જાય તો આવું મળે એને. વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો એ મળે. મૂળ ચીજ તો સાંભળવા મળે નહિ બિચારાને. શું કરે ? આહા..હા..!

**'હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું,...'** શુદ્ધ પવિત્રનો પિંડ પ્રભુ હું તો છું. પર્યાય પણ નહિ. આહા..હા..! **'હું પરમપારિણામિકભાવ છું—'** લ્યો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આવ્યું. જોયું ? એમાં આવ્યું હતું ને ? પરમપારિણામિક સહજ સ્વભાવ ત્રિકાળ, જેમાં કર્મના નિમિત્તની અપેક્ષા નથી ને નિમિત્તના અભાવની અપેક્ષા નથી, એવો જે ત્રિકાળી પરમ સ્વભાવભાવ. પરમપારિણામિક સ્વભાવભાવ... આહા..હા..! એ હું છું.

**'એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા...'** સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા **'આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે.'** વસ્તુ શુદ્ધ છું, ધ્રુવ છું અનેક પ્રકાર છે. પણ શુદ્ધ જ્ઞાયકની પ્રતીત તો એક પ્રકારે જ છે. આહા..હા..! **'એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.'** છઠ્ઠી ગાથામાં કહ્યું ને. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो'** જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ. ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહ્યું. ૬ ગાથામાં જ્ઞાયક કહ્યો. એકલો જાણકસ્વભાવનો પિંડ પ્રભુ તે હું છું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ પોતાને એમ માને છે અને અનુભવે છે. આહા..હા..! એનું ધર્મ અને સમ્યગ્જ્ઞાન-દર્શન કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**જે નિર્મળભાવનો પિંડ છે એવા ચૈતન્યનો જેને મહિમા છે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને તેને દયા-દાન આદિના રાગની ને તેના ફળની મહિમા હોતી નથી. જેને દયા-દાન આદિના રાગની ને તેના અનુકૂળ ફળની મહિમા છે તેને સુખનો સમૂહ, આનંદનો કંદ એવા આત્માની મહિમા નથી આવતી. જેને વ્યવહારરત્નત્રયના શુભ રાગની, દેવ-શાસ્ત્ર-ગુરુની અંદરમાં મહિમા વર્તે છે તેને, નિમિત્તનો જેમાં અભાવ, રાગનો જેમાં અભાવ એવા સ્વભાવભાવનો મહિમા નથી, તેથી પર્યાયમાં તેને આનંદ આવતો નથી. જેને શુભભાવથી માંડીને બહારમાં કંઈ પણ અધિકતા, આશ્ચર્યતા ને મહિમા (આવે) છે, તેને સમ્યગ્દર્શન થતું નથી.**

**'પરમાગમસાર' બોલ નં.૪૨૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આસો સુદ ૧૩, શનિવાર તા. ૧૪-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૧૯ થી ૩૨૧, પ્રવચન–૧૧૯**

**વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે. ૩૧૯.**

૩૧૯. **'વિભાવથી જુદો પડીને...'** એટલે કે પરલક્ષવાળા થયેલા ભાવો શુભ-અશુભભાવ એનાથી **'જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર.'** કેમ કે ચૈતન્યતત્ત્વ એ વિભાવથી એકત્વ છે જ નહિ. વિભાવભાવ ચૈતન્ય જ્ઞાયક તત્ત્વથી જુદા છે. આહા..હા..! ઝીણી વાત છે. શુભભાવથી આ ગ્રહણ થાય ? શુભભાવ તો વિભાવ છે. અહીં આવ્યું. આહા..હા..! અરે..રે..!

મુમુક્ષુ :– પહેલામાં આવ્યું.

ઉત્તર :– પહેલામાં આવ્યું, હા. આહા..હા..! જેને વિકલ્પ જે છે શુભ... વાંધા ત્યાં છે ને. એ શુભ છે એ પરલક્ષી ભાવ છે. એનાથી જુદો જ્ઞાયક ચૈતન્યતત્ત્વ તેને ગ્રહણ કર. આહા..હા..! આ મૂળ વસ્તુ છે. **'એ જ કરવાનું છે.'** લ્યો ! આ કરવાનું છે, ભાઈ ! બાકી તો બધી વાતું છે. આહા..હા..! 'લાખ વાતની વાત' આવે છે ને 'છ ઢાળા'માં ?

**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;**
**તોરિ સકલ જગદંદ-ફંદ, નિજ આતમ ધ્યાઓ. ૯.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આહા..હા..! જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય રસકંદ, આહા..હા..! આગળ આવશે. રસાળ છે એ આવશે, પછીના (બોલમાં) આવશે. ચૈતન્ય ધરતી ગુણથી ભરેલી રસાળ છે. એટલે કે હિન્દીમાં એને ઉપજાવ શબ્દ વાપર્યો છે. રસાળનો અર્થ હિન્દીમાં ઉપજાવ શબ્દ વાપર્યો છે. બાકી ચૈતન્ય તત્ત્વ જે ધ્રુવ સ્વભાવ એને વિભાવથી ભિન્ન ગ્રહણ કર તો તને આનંદ થશે. આહા..હા..! એ આનંદની તો વાત અત્યારે છે નહિ, આનંદ અત્યારે હોય નહિ. શુદ્ધ ઉપયોગ હોય નહિ. આનંદ શુભ ઉપયોગ એ. આહા..હા..!

પ્રભુ ! શુભ ઉપયોગ તો દુઃખ છે, રાગ છે, આકુળતા છે, ભાઈ ! આહા..હા..! આ તો ધીરાના કામ છે. શાસ્ત્ર ભણીને પણ આવું કાઢે, આહા..હા..! શાસ્ત્રને પણ તાત્પર્ય તો વીતરાગતા કહેવી છે. વીતરાગતા કેમ ઉત્પન્ન હોય ? કે, ત્રિકાળી ચૈતન્યને ગ્રહણ કરે જે શુદ્ધઉપયોગ ત્યારે એને વીતરાગતા ઉત્પન્ન થાય. સમ્યગ્દર્શન છે એ વીતરાગ પર્યાય છે. વીતરાગ પર્યાય છે એ શુભ ઉપયોગથી પ્રગટ થાય ? આહા..હા..! આ તો એમ કે શુભ ઉપયોગ ઘણો ઊંચો છે. આ વ્રત પાળે છે ને આ ભક્તિ-પૂજા (કરે છે), શરીરે કેટલા ઉપસર્ગ ને પરિષહ સહન કરે છે.. આહા..હા..! ઓલો એમ કહેતો હતો, ઓલો આવ્યો હતો ને ? ક્ષુલ્લક. ભાઈ આવ્યા નથી, 'ચંદુભાઈ' નથી આવ્યા એના બાપને શ્વાસ, શ્વાસ ચડ્યો છે. આહા..હા..! નથી આવ્યા, કાલે સાંજે વિનંતી કરવા આવ્યા હતા, પણ શ્વાસ હતો. આ પુનમનો દિવસ છે ને ? જન્મ દિવસ છે. ૫૫ બેસે છે. પણ અત્યારે એને શ્વાસ ચડ્યો છે.

અહીં કહે છે, **'વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર.'** આહા..હા..! શરીર, કર્મ એ તો જુદા છે પણ પર્યાયમાં વિભાવ છે એ બતાવે છે. આહા..! એની પર્યાયમાં અસ્તિત્વમાં શુભરાગ, શુભ વિકલ્પ વિભાવ છે. પર, કર્મ, શરીર એ તો એની પર્યાયમાં પણ નથી. પણ એની પર્યાયમાં, વસ્તુમાં નથી, આત્મતત્ત્વમાં એ શુભભાવ રાગ વિભાવ નથી, પણ એની પર્યાયમાં છે એથી કહે છે કે પર્યાયદૃષ્ટિ છોડી, એનો અર્થ ઇ. જે શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ (આવે છે) એ શુભરાગ, એ વિભાવ (છે). આહા..હા..! એને છોડી એટલે કે પર્યાયબુદ્ધિ છોડી એનો અર્થ એ છે. પર્યાયદૃષ્ટિ, બુદ્ધિ કહો કે દૃષ્ટિ કહો, આહા..હા..! પરદૃષ્ટિની વાત અહીં છે નહિ. ફક્ત એની પર્યાય અવસ્થામાં, ભગવાન પ્રભુ, એની દશામાં જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ, શુભરાગ (થાય છે) એ વિભાવ છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ '**વિભાવથી જુદો પડી...**' એટલે કે તેનું લક્ષ છોડી દઈ. આહા..હા..! આવી વાત છે.

'**ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર.**' ચૈતન્યતત્ત્વ. એ તો અચૈતન્ય છે-વિભાવભાવ એ ચૈતન્ય સ્વરૂપ નથી. આહા..હા..! એ તો અજીવ સ્વરૂપ છે ખરેખર તો. માટે ચૈતન્યતત્ત્વ જે છે... આહા..હા..! એ ભગવાન ચૈતન્ય સ્વરૂપ, ચૈતન્ય બ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપને ગ્રહણ કર. આહા..હા..! '**એ જ કરવાનું છે.**' કરવાનું ધર્મીને હોય તો આ કરવાનું છે, બાકી બધી વાતું છે. મુદ્દાની વાત પહેલેથી લીધી છે.

જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય કે જે ભવના અંતનું કારણ છે, એ ભવના અંતનું કારણ એ સમ્યગ્દર્શન, વિભાવના ભાવને જુદો પાડીને ચૈતન્યને જાણીને ગ્રહણ પ્રતીતમાં કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જે રાગ એ પણ વિભાવ (છે). આહા..હા..! એ ભાવને પણ છોડી દઈ. આહા..હા.. આકરી વાતું ભારે બહુ. એક તો પાપથી પણ નિવૃત્તિ જ્યાં નથી, એને આવા શુભભાવથી ખસી જતાં અંતરમાં પ્રગટ થાય એની વાત એને બેસે નહિ. આહા..હા..! શુભભાવ એ જ એમ કે નિર્જરાનું કારણ છે, સંવરનું કારણ છે. આહા..હા..! અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! અરે..રે..! શું છે ? ભાઈ ! ભગવાન ચૈતન્ય એ શુદ્ધ પરમ બ્રહ્મ, શુદ્ધ પરમ બ્રહ્મ, એને પકડવો ને ગ્રહણ કરવો હોય એટલે કે તેને ગ્રહણ કરીને પ્રતીત કરવી હોય તો એણે વિભાવથી જુદો પાડવો પડશે.

મુમુક્ષુ :- સ્વસન્મુખમાં આવે તો જ...

ઉત્તર :- સ્વસન્મુખનો અર્થ કે ગ્રહણ કર એટલે ન્યાં જા. જે ચૈતન્ય વસ્તુ છે પરમ બ્રહ્મ આનંદ પ્રભુ, વિભાવને છોડી એટલે પર્યાયબુદ્ધિ છોડી, દ્રવ્યબુદ્ધિ કર. ભાષા તો સાદી પણ ભાવ તો ઝીણા બહુ, બાપા ! આહા..હા..! આમાં વાદવિવાદે ક્યાંય પાર પડે એવું નથી. ઇ ઓલો એમ કહે છે, એમ કે, આમાં આમ થાય છે ને શુભ ઉપયોગ છે માટે આમ થાય છે. આહા..હા..! શુભ ઉપયોગથી ત્યાં નિર્જરા થાય છે અને શુભ ઉપયોગથી ત્યાં સમકિત પામે છે. અનિવૃત્તિકરણ આદિ એ બધા શુભ ઉપયોગ છે. અરે..! ભાઈ ! એ તો એનો અભાવ કરીને શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ કરે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહા..! આવી વાતું છે પણ હવે...

'**એ જ કરવાનું છે.**' આહા..હા..! '**પર્યાય સામું જોઈને...**' જુઓ ! એ વિભાવ છે એ પર્યાયમાં છે માટે '**પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી.**' આહા..હા..!

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વર્તમાન પર્યાય છે એની સામું જોઈને કાંઈ પર્યાયમાં કરવાનું નથી. આહા..હા..! **'દ્રવ્યદૃષ્ટિ કરતાં...'** બહુ માલ આવી ગયો છે. પેલો બિચારો સાધુ, વીસ વર્ષની દીક્ષા. તીવ્ર શું કહેવાય ? આષુ કવિ. ઇ એમ કહે કે, અમે મુનિ નથી. આહા..હા..! આ કહે કે શુભભાવથી મુનિપણું સંયમ ને સમકિત હોય છે. અત્યારે શુદ્ધ ઉપયોગ હોય. શુદ્ધ ઉપયોગ છે સમ્યગ્દર્શન થતાં વિભાવથી જુદો પડતા શુદ્ધ ઉપયોગ થાય તે તેને પકડી શકે. શુભભાવથી ભિન્ન પડતા એનો અર્થ ઇ. વિભાવથી જુદો પડતા, શુભભાવથી જુદો પડતા, શુદ્ધ ઉપોયગથી જીવને ગ્રહણ કરી શકે. આહા..હા..! આવી વાતું છે.

લોકોને એ વાત હતી નહિ ને એટલે આકરી લાગે. બાપા ! માર્ગ તો આ છે, ભાઈ ! પ્રભુ ! તારા હિતનો માર્ગ આ છે, ભાઈ ! એ બધું અહિત થશે, ભાઈ ! તને દુઃખ થશે. આહા..! એ શુભભાવથી સંવર ને નિર્જરા માનવાથી પ્રભુ ! એ તો મિથ્યાત્વ ભાવ છે. મિથ્યાત્વ ભાવમાં પ્રભુ ! તું વર્તમાન દુઃખી છો, ભાઈ ! અને એના પરિણામ તરીકે અરે..! ભગવાન ત્રિલોકના નાથ આનંદસાગરને દુઃખ વેઠવા પડે, ભાઈ ! આહા..હા..! એ કોણ ઇચ્છે ? એ વિરુદ્ધ દૃષ્ટિવાળાને પણ બિચારાને દુઃખ થશે એમ કોણ ઇચ્છે ? આહા..હા..! ભાઈ ! તને વસ્તુની, આનંદની ખાણ પ્રભુ છે ભગવાન, એ શુભભાવથી ખસી પર્યાયબુદ્ધિમાં કાંઈ જોઈને કરવાનું નથી.

**'દ્રવ્યદૃષ્ટિ કરતાં...'** દ્રવ્ય નામ જ્ઞાયક સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, સામાન્ય સ્વભાવ, એકરૂપ સ્વભાવ, નિષ્ક્રિય સ્વભાવ, પરમ પારિણામિક નિત્યાનંદ પ્રભુ એકરૂપ સ્વભાવ. આહા..હા..! તેની **'દૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.'** આહા..હા..! પર્યાયદૃષ્ટિ કરીને કાંઈ કરવાનું નથી. એમાં તો શું કરે ? પર્યાય તો છે. હવે આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન નથી એ ક્યારે થાય ? કે પર્યાયબુદ્ધિ છોડી અને દ્રવ્ય જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ભગવંત, એને શુદ્ધઉપયોગ દ્વારા પકડે. આહા..હા..! શુભભાવથી તો જુદો પડવું છે ત્યારે હવે રહ્યો ભાવ કોણ ? શુદ્ધ. આહા..હા..! એ શુદ્ધભાવથી ચૈતન્યને ગ્રહણ કર. એ કરવાનું છે, પ્રભુ ! લાખ વાતની વાત, લાખ શાસ્ત્ર ભણે પણ કરવાનું તો આ છે. આહા..હા..! કહો, ભાઈ ! આવી વાત છે, ભાઈ ! આહા..!

પરમ સત્ય પ્રભુ આ તો ! આહા..હા..! ત્રણ લોકનો નાથ અંદર એક સમયની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



વિકૃત પર્યાયથી ભિન્ન છે. આહા..હા..! એને તો વિકૃત અવસ્થાના ભાવને લક્ષમાંથી છોડી દે. એટલે કે પર્યાયબુદ્ધિ છોડી દે. આહા..હા..! અને ચૈતન્ય જ્ઞાયક તત્ત્વ મહા પ્રભુ પરમાત્મ સ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ વસ્તુ છે. પરમાત્મ સ્વરૂપ એટલે પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ પરમ પારિણામિક પરમ સ્વરૂપ એ પરમાત્મ સ્વરૂપ. આહા..હા..! સ્વભાવ જ પરમાત્મા છે. એ શક્તિ કહો કે સ્વભાવ કહો કે સામર્થ્ય કહો. આહા..હા..! પરમાત્મ સ્વરૂપ જ સામર્થ્યમાં છે. આહા..હા..! એને તું પકડ. આહા..હા..! આવી વાત છે, પ્રભુ ! આકરી લાગે લોકોને, શું થાય ? આ વાત હતી નહિ ને લઈને બેઠા બહારથી. આ વ્રત ને સંયમ ને ક્રિયા ને માંડી. હવે એને સાધુપણું મનાવવું.

મુમુક્ષુ :- પોતાનો બચાવ કરવો...

ઉત્તર :- એને બેઠી નથી, એને બીજું બેઠું છે, શું કરે ? એને એ વાત બેઠી છે ને. આહા..હા..! કારણ કે આ વાત તો સાંભળી નથી, એના વિચારમાં આવી નથી, શાસ્ત્રમાં છે પણ એણે કાઢી નથી. આહા..હા..! **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** એમ શું કહ્યું ? પર્યાયો જેટલા ગુણસ્થાન આદિના છે એનાથી રહિત પ્રભુ (છે). આહા..! પર્યાયો છે એ તો ભેદ છે, એનાથી જ્ઞાયક, જાણક તત્ત્વ સ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ તે ભિન્ન છે તેને ગ્રહણ કર. આહા..હા..!

એના જ્ઞાનમાં આવો નિર્ણય તો કરે કે કરવાનું આ છે. તો આગળ આવશે. આહા..હા..! પ્રભુ કોઈને ખોટા પાડવા માટે (વાત) નથી, બાપુ ! આ તો માર્ગનું સ્વરૂપ આવું છે, ભાઈ ! આહા..હા..! ત્યારે એ લોકો કેટલાક એમ કહે છે, આ સાધુઓ છે એને માનતા નથી અને સાધુપણું ન હોય, આવું ન હોય એમ કરીને નિંદા કરે. અરે..! ભગવાન ! એ નિંદા નથી, પ્રભુ ! એ વસ્તુનું સ્વરૂપ આવું છે. ભાઈ ! તારા ભગવાન આત્માને દુઃખ થાય એ વાત નથી આ. આહા..હા..!

અહીંયા તો પરમાત્મ સ્વરૂપ ભગવાન એ શુદ્ધ ઉપયોગથી ગ્રહણ થઈ શકશે. આહા..હા..! કેમ કે એ શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી પવિત્ર પરમાત્મ સ્વરૂપ છે, એને પવિત્ર શુદ્ધ પરિણામથી જ ગ્રહણ-પકડી શકાશે. આહા..હા..! જ્ઞાયકભાવ તેને જ્ઞાનની પર્યાયથી એટલે પકડી શકે છે. રાગ શુભ છે એ કાંઈ જ્ઞાનની પર્યાય નથી. આહા..હા..! અરે..! ચોરાશીના અવતારમાં દુઃખી (છે). ઘાણીમાં પીલી નાખે, આહા..હા..! જીવતા ચામડા ઉતારે, ખાર છાંટે આવા દુઃખો સહન કર્યાં, ભાઈ ! તે મિથ્યાત્વભાવને લઈને.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એ ભાવને છોડવાની વાત છે, પ્રભુ ! એ ભાવ ન છોડે અને કહે કે અમે ધર્મી છીએ, બાપુ ! તને નુકસાન થાશે, ભાઈ ! આહા..હા..!

અહીંયા એ કહે છે **'દ્રવ્યદષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.'** આહા..હા..! **'કૂવો ખોદ તો પાણી આવશે જ,...'** કૂવો ખોદ તો પાણી જરૂર આવશે. **'લેવા જવું નહિ પડે.'** આહા..હા..! એમ **'ચૈતન્યપાતાળ ફૂટતાં...'** તે વિભાવની વિકૃત અવસ્થાને લક્ષમાંથી છોડી દઈને અને ભગવાન ચૈતન્ય સ્વરૂપને લક્ષમાં લે તો પાતાળ કૂવો જેમ ફુટે આહા..હા..! **'ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.'** આહા..હા..! કૂવો ખોદતા પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. એમ ચૈતન્યપાતાળ ફૂટતાં એટલે કે ચૈતન્યપાતાળને દષ્ટિમાં ગ્રહણ કરતાં એ ચૈતન્યપાતાળ ફૂટે છે એટલે શુદ્ધ પર્યાયનો પ્રવાહ–સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિનો પ્રવાહ તને આવશે, પ્રભુ ! ભાઈ ! તું શાંત રસથી ભરેલો, ઠરેલો શાંત ચારિત્ર સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, શાંત સ્વરૂપ એ તું છો. ચારિત્ર એટલે અકષાય ભાવ એટલે વીતરાગ ભાવ એટલે કે જિનભાવ. તારું જિન સ્વરૂપ જ તું (છો). આહા..હા..!

**ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન,**<br>**મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.**

અહીંયા કહે છે, પ્રભુ ! એક વાર તું સાંભળ. તારું સ્વરૂપ જિન સ્વરૂપ છે. રાગ સ્વરૂપ છે એ તો વિકૃત ભાવ છે, તારું સ્વરૂપ છે એ તો જિન સ્વરૂપ છે. જિન સ્વરૂપ એટલે અકષાય સ્વરૂપ છે, અકષાય સ્વરૂપ એટલે શાંત સ્વરૂપ છે. શાંત સ્વરૂપ એટલે ચારિત્ર સ્વરૂપ છે. ચારિત્ર સ્વરૂપ એટલે જિન સ્વરૂપ છે. આહા..હા..! આ તો ત્રિકાળની વાત છે, હોં ! એને ગ્રહણ કરવું. તેથી તેને ચૈતન્યમાં જેટલી શક્તિઓ છે એ બધી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમશે. ભાઈ ! એ પ્રવાહ ચૈતન્યનો ફાટશે, આવી આકરી વાતું.

ચૈતન્ય સ્વભાવ મહા આનંદ અને શાંત જિન સ્વરૂપી પ્રભુ, એને તું જો ગ્રહણ કર તો જિન સ્વરૂપમાં પાતાળમાં વીતરાગતા પડી છે, આનંદ પડ્યો છે. અંદરમાં દર્શન છે, શાંતિ છે, ચારિત્ર છે, સમ્યગ્જ્ઞાન બધું પડ્યું છે, પ્રભુ ! એને તું ગ્રહણ કરતાં પર્યાયમાં, પ્રવાહમાં દર્શન-જ્ઞાન ને ચારિત્રની પર્યાયનો પ્રવાહ આવશે, પ્રભુ ! એ નહિ આવે એમ ન હોય શકે. આહા..હા..! આવી વાતું છે, આવો માર્ગ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પર્યાયને ત્યાં લઈ જા એમ કહે છે. એટલે કે શુદ્ધઉપયોગને ત્યાં પકડીને એને પકડ. શુદ્ધ ઉપયોગ છે પર્યાય. આહા..હા..! પણ એ પર્યાયથી દ્રવ્યને પકડ. ત્યારે (કોઈ) કહે છે કે શુદ્ધ ઉપયોગ અત્યારે હોય નહિ. પ્રભુ... પ્રભુ... પ્રભુ... ભગવંત. આહા..હા..! શું થાય ? પ્રભુ ! આ શું કહેવું ? અરે..! ભગવાનના વિરહ પડ્યા, સંતો સાચા રહ્યા નહિ. આહા..હા..! તેમ કેવળજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન કે અવધિ ઉત્પન્ન થાય તેવી યોગ્યતા રહી નહિ. આહા..હા..! એક સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનની ઉત્પત્તિની યોગ્યતા રહી. હવે એમાં આ વાદ ને વિવાદ શરૂ થયા, પ્રભુ ! આહા..હા..!

અહીં શાંતિનો કૂવો છે પ્રભો અકષાય સ્વભાવનો સમુદ્ર. 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ,' શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ, એને પકડ. એ શુભભાવથી નહિ પકડાય, પ્રભુ ! કારણ કે એનાથી વિરુદ્ધ ભાવ છે. શુદ્ધભાવથી પકડાશે કેમ કે શુદ્ધ છે તે શુદ્ધ સ્વભાવથી પકડાશે. આહા..હા..!

અરે..! પણ આવું જ્યાં જ્ઞાનમાં નિર્ણયમાં ન કરે. આહા..હા..! અરે..! વીજળીનો ઝબકારો આવ્યો છે મનુષ્યનો દેહ એકદમ, થોડો થોડો કરતાં કરતાં ચાલ્યો જાય છે અને આવીને અંત આવી જશે, બાપા ! એક સમય એવો આવશે કે આ એમ આહ (થઈ જશે). શું થયું ? છૂટી ગયો દેહ, ક્યાં એની ચીજ હતી. આહા..હા..! એ ઝબકારા, વીજળીને ઝબકારે મોતી પરોવી લે, ભાઈ ! આહા..હા..! આવો મનુષ્ય દેહ અરે..! એવો ક્ષયોપશમ પણ બીજે ક્યાં છે. કીડી, મકોડા,...

ભાઈ ! તું ચૈતન્ય પાતાળ સિંધુ દરિયો છે ને ! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અનંતી શાંતિનો સાગર પ્રભુ ! એ શુદ્ધ ઉપયોગની શાંતિ દ્વારા તેને પકડ. આહા..હા..! એની જાતની ભાત પાડીને પકડ. રાગથી, વિભાવથી નહિ પકડાય, પ્રભુ ! આહા..હા..! સંયોગો તો આ છૂટી જશે. આહા..હા..! ઓલા બિચારા ભાઈ ગયા ને ? પહેલાં આવ્યા હતા એના ઘરમાં કોઈએ ચોરી કરી, મકાનમાંથી થોડી ઉપર રાતે ... કાંણા મોટા પાડીને અંદર ગરી ગયા. ચાર હજાર રૂપિયાનું લઈ ગયા. આ 'વઢવાણ'વાળા પહેલાં ગયા હતા પાછા આવ્યા હતા. મેં કીધું હવે ? કે, ન્યાં જાવું પડશે. આહા..! આવી ચીજ. માથે હશે નળીયા કે નળીયા એટલે શું ? નળીયાને શું કહે ? ... લાકડાનું હશે. કાંણા પાડી રાતે તોડી નાખી ને અંદર ગરીને (લઈ ગયા). મોટા કાંણા પાડ્યા ચાર હજાર રૂપિયાનું લઈ ગયા. આહા..હા..! અર..ર..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આવી ચીજો. જુઓને જગત ક્યાં છે. અરે..રે..! તારું શું થશે ? પ્રભુ ! આવી ચોરીઓ કરે. અરે..!

અહીં તો હવે ત્યાં જઈને આગળ વાત કે રાગ છે મારો એ પણ ચોરી કરી છે તેં, ભાઈ ! આહા..હા..! ચોર નથી આવ્યું ? 'મોક્ષમાર્ગ'ના અધિકારમાં. અપરાધી ચોર છો, ભાઈ ! આહા..હા..! એ શુભભાવ મારો, મારા, મને લાભદાયક છે. પ્રભુ ! તું ગુનેગાર છો, ભાઈ. આહા..હા..! તને તારો એમાં લાભ નહિ મળે. આહા..હા..! એ અપરાધ છે, આહા..હા..! તેને તો ત્યાં ઝેર કહ્યું છે, શુભ ઉપયોગને. આહા..હા..! ભાઈ ! એ શુભ ઉપયોગની ભાવના વિભાવનું લક્ષ છોડી દે, એ તારી ચીજ નથી, તારામાં નથી, તું એમાં નથી. આહા..હા..!

એવા શુભભાવના વિભાવથી ખસી જઈ ચૈતન્ય સ્વરૂપ અંદર શાંત... શાંત... શાંત... એવો શાંત સુધારસ પ્રભુ, શાંત સુધારસ સિંધુ. આહા..હા..! એમાં એકાગ્ર થા, એનો પકડનો અર્થ એમાં એકાગ્રતા (કર). આહા..હા..! **'તો જરૂર તને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.'** આહા..હા..! ચૈતન્યપાતાળને પકડતા, ફૂટતાં એ ફૂટતાં થયો. આહા..હા..! પર્યાયમાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ આદિ એનો પ્રવાહ એની મેળે ચાલુ થશે. આહા..હા..! શબ્દો તો જુઓ ! બહુ ટૂંકી ભાષા અને એકલા સિદ્ધાંતનું રહસ્ય છે. આહા..હા..! ૩૧૯ (બોલ પૂરો થયો).

**ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે. આ રસાળ ધરતીને જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી નીકળશે. ૩૨૦.**

૩૨૦, **'ચૈતન્યની ધરતી...'** જ્ઞાયક ચૈતન્ય તત્ત્વ જે સ્વરૂપ, એની ધરતી એટલે એનો સ્વભાવ, **'અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે.'** આહા..હા..! રાગ વિનાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ચૈતન્ય તત્ત્વ વસ્તુ એ અનંત ગુણથી ભરેલી રસાળ છે. હિન્દીમાં ઉપજાવ છે. એટલે કે એ વસ્તુ જ એવી છે કે આનંદના ઉપજાવ કરનારી છે, શાંતિને ઉપજાવ કરનારી એ ધરતી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગતા. એ વીતરાગતાની ઉપજાવનારી રસાળ ભૂમિ છે. આહા..હા..! આ આવી વાતું હવે. શું કરવું ? બહારમાં વ્રત કરો, અપવાસ કરો ને જાત્રા કરો ને, આહા..હા..! હંમેશા થોડુંક વાંચવું પા કલાક, દેવદર્શન કરવા એ છ પ્રકારની આવશ્યક છે ને. અરે..રે..! ભાઈ ! એ તો શુભભાવની વાતું છે. આહા..હા..!

ભગવાન તો શુભભાવથી ભિન્ન અનંત ગુણથી ભરેલી રસાળ ભૂમિ છે. જેમ ચણા, શેરડી પાકે ગન્ના, એ જમીન જુદી હોય છે. સમજાય છે ? આહા..હા..! અને કળથી પાકે કળથી છે ને ? શું કહે છે ? એ જુદી ચીજ છે, એ જમીન જુદી હોય છે. આ તો ભગવાન આત્માની રસાળ ભૂમિ, જેમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સમ્યગ્દર્શન. આહા..હા..! અતીન્દ્રિય શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા એમાં ભરેલી છે એ પ્રગટ થશે. તું જો તેનો આદર કર અને ગહન એકાગ્ર થા. આહા..હા..! તો એની પર્યાયમાં શુદ્ધતા વધશે. આવી વાતું હવે. આહા..હા..! આવો ઉપદેશ કરે એટલે આમાં કાંઈ હાથ આવે નહિ, કહે છે મારે શું કરવું ? પણ આ કરવાનું છે, બાપુ ! અનંત જીવો આમ કરીને મોક્ષ પધાર્યા છે. આહા..હા..!

એ ચૈતન્ય ધરતી, ચૈતન્ય ભૂમિ, ચૈતન્યતત્ત્વ, આત્મતત્ત્વ ત્રિકાળી એની ધરતી એટલે વસ્તુ અનંત ગુણરૂપી બીજની ભરેલી, અનંત ગુણના બીજડા પડ્યા છે ત્યાં અંદર. આહા..હા..! રસાળ છે. એ બધી શક્તિઓમાં શાંતિને ઉપજાવનારી શક્તિઓ ભરી છે. વીતરાગતાને ઉપજાવનારી બધી શક્તિઓ પડી છે. એવી એ રસાળ ભૂમિ છે. આહા..હા..!

આ નાળિયેરી હોય છે ને ? નાળિયેરી. એ નાળિયેરી જંગલમાં બહુ હોય. એક વોરા કહેતા હતા. ત્યાં 'જામનગર'માં વ્યાખ્યાનમાં આવતા કે, અમે એકવાર જઈ ચડ્યા. વહાણમાં હતા ને વહાણમાં દરિયામાં એક એવો નીકળ્યો ડુંગર. શું કહેવાય એ ? લોહચુંબક, લોહચુંબકનો ડુંગર હતો. એમાં વહાણ નીકળ્યું, ખેંચાય ગયું. ત્યાં અથડાણું. હવે ? બે દિવસ, બે દિવસ કાઢવા શી રીતે ? ત્યાં નાળિયેરી બહુ ભરેલી, નાળિયેરી. એમાં ... ગયા. હવે માથે નાળિયેરમાં પાણી ન મળે તો, તો કહે નીચે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ગંધારું પાણી હોય ને ? એ પાણીને નાખીએ ઉપર ચડીને ટોપરું થાય, ટોપરું અંદર હોય ને. આહા..હા..! એ ટોપરું ખાઈએ અને એમાં પાણી-બાણી હોય એ પીએ. એ ટોપરાનું પાણી. શું કરીએ ? ન્યાં અનાજ ન મળે ..

એમ આ ભગવાન રસાળ જમીન એવી છે કે એમાં જો એકાગ્રતા કર... આહા..હા..! તો આનંદ પાકશે. એમાં આનંદના ઝરણા ઝરશે, આ એવી રસાળ ભૂમિ છે. આહા..હા..! કેટલું એને સંકેલવું પડે. આહા..હા..! **'રસાળ ધરતીને...'** એ ઉપજાવ ધરતીને **'જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી...'** જોયું ? ઓલામાં પાણી નાખ્યું તો ઉપર નાળિયેરના ટોપરા થાય અને પાણી અંદર ભરે. ખૂબ પાણી નાખીએ. અને માણસો ઘણા હતા (બધાને) ખાવું-પીવું જોઈએ. એટલો માલ સાથે હતો નહિ. કેટલાક દિવસ રહેવું પડ્યું. એમ આ ચૈતન્ય ભૂમિ ધરતી એવી છે કે, એને જ્ઞાન ને ધ્યાનનું પાણી જો પા તો અંદરથી પાક શાંતિનો ને આનંદનો પાકશે. આહા..હા..! આવી ભાષા, આવો ઉપદેશ. વ્રત કરવા, ભગવાનના દર્શન કરવા, પૂજા કરવી તો સમજાય કે, હંમેશા આ કરવું, દર્શન કરવા. આહા..! બ્રહ્મચર્ય પાળવું. બાપુ ! એ બધી ક્રિયાઓ છે, ભાઈ ! એ તો વિકલ્પ છે, રાગ છે. એનાથી ભિન્ન તારી ચૈતન્ય ધરતી, ભૂમિ છે. એ વસ્તુમાંથી વિભાવ પાકે એવી ચીજ નથી, વિભાવ તો પર્યાયમાં પરને લક્ષે થાય છે, વિભાવ પાકે એ ચૈતન્યમૂર્તિ નથી. આહા..હા..! એ ચૈતન્ય ભરતી ધરતી રસાળ (છે). એમાંથી તો આનંદ ને જ્ઞાન પાકે એવી રસાળ ભૂમિ છે. આહા..હા..!

પર્યાયમાં જે વિભાવ થાય છે એ કાંઈ શક્તિ ને ગુણથી નથી થતો. એવી કોઈ શક્તિ નથી કે વિભાવ કરે. એ તો પર્યાયબુદ્ધિમાં પરને લક્ષે પુણ્ય-પાપના ભાવ થાય. એનો પાક કાંઈ દ્રવ્યમાંથી નથી આવ્યો એ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવો ઉપદેશ. અજાણ્યા માણસને તો લાગે આ શું કહે છે આ તે ? આ તે આવો ઉપદેશ ? ભાઈ ! માર્ગ તો આવો છે, પ્રભુ ! આહા..હા..!

મહાપ્રભુ ચૈતન્ય ભૂમિ એમાં જો, જ્ઞાન ધ્યાનનું પાણી પા, આહા..હા.. તેનું જ્ઞાન કર, તેમાં સ્થિરતા કર, તેમાં એકાગ્ર થા તો જરૂર **'તે ફાલી નીકળશે.'** આહા..હા..! ફાલ આવશે અંદર, મોલનો ફાલ આવશે, મોલ પાકે છે અંદર. નથી કહેતા ? મોલ ફાળ્યો-ફલ્યો છે. આમ આખું ખેતર હોય ને અને બાજરો, ઘઉં, ચણા પાક્યા હોય તો આમ, આહા..હા..! એમ ભગવાન આત્મા અનંત ગુણની રસાળ ભૂમિ, એમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



એને જ્ઞાનમાં એકાગ્રતા ને ધ્યાનમાં એકાગ્રતા થાય તો તેવી દશામાં રસાળ પાકશે ભાઈ ! શાંતિ પાકે, સમ્યગ્દર્શન પાકે. આહા..હા..!

**'ફાલી નીકળશે.'** છે ? જ્ઞાન, ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી (નીકળશે). રસાળ ભૂમિ રસમાં પાક આવી જશે, આનંદનો પાક આવશે એમાં. આહા..હા..! શુભરાગ, ઉપયોગ એ તો આકુળતા છે, પ્રભુ ! એ આકુળતા ઉત્પન્ન કરનારી કોઈ ભૂમિ, જમીન આત્મા નથી. આત્માના કોઈ ગુણ ને કોઈ શક્તિ એવી નથી કે વિભાવ ઉત્પન્ન કરે. આહા..હા..! એ તો પર્યાયદૃષ્ટિએ નિમિત્તને વશ થતો વિભાવ ઉત્પન્ન કરે છે અને આ સ્વભાવ જે ઉત્પન્ન કરવો એ તો એનો રસાળ જમીન એવી છે, એનો સ્વભાવ એવો છે. આહા..હા..! કે જેમાંથી શુદ્ધ ઉપયોગ, શાંતિ, વીતરાગતા, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી પર્યાયોનો ફાલ આવશે, તારી ધરતીમાંથી એ પર્યાયનો પાક આવશે. આહા..હા..! કહો, હવે આવી વાતું આ. આવો માર્ગ છે, ભાઈ ! અરે..! અનાદિથી દુઃખી છે. એણે તો સાધુપણુ અનંતવાર લીધું છે, શુભભાવ ગ્રહણ કરીને. આહા..હા..! એવો શુભભાવ તો અત્યારે છે પણ નહિ. હવે એ શુભભાવમાં ધર્મ માનવો ને સંયમ માનવું, ભાઈ ! પ્રભુ ! આહા..હા..! અજૈનપણાથી જૈનપણું પ્રગટ થાય, રાગ છે તે અજૈનપણું છે, એનાથી વીતરાગપણું જૈનપણું પ્રગટ થાય, બહુ વિરુદ્ધ છે. આહા..હા..! એ ૩૨૦ (બોલ પૂરો થયો).

**પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે. દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્યસામાન્યનો જ સ્વીકાર હોય છે. ૩૨૧.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



૩૨૧. **'પર્યાય પર દૃષ્ટિ રાખ્યે...'** શું કહે છે ? કે વસ્તુ જે છે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની દશા જે વર્તમાન અવસ્થા છે એ પર્યાય ઉત્પાદ-વ્યયવાળી છે, આ ધ્રુવ છે ભગવાન અંદર. એ **'પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય.'** આહા..હા..! પર્યાયમાં ક્યાં એ શક્તિ ને સ્વભાવ પડ્યો છે ? એક સમયની પર્યાયમાં એ ગુણ ને શક્તિ ને સત્ત્વ ક્યાં છે ? આહા..હા..! ઘણી સાદી ભાષા છે, સત્ય તો આ છે.

**'પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય,...'** કહો, શુભભાવ કર્યેથી તો ન થાય પણ પર્યાય ઉપર દૃષ્ટિ રાખ્યે ન થાય. વર્તમાન નિર્મળ જ્ઞાનની પર્યાય છે વિકાસ, એના ઉપર નજર રાખ્યે પણ ચૈતન્ય ન પ્રગટ થાય. આહા..હા..! શું કહ્યું એ ? કે શુભરાગથી તો ન થાય પણ જ્ઞાનમાં જાણપણાનો વિકાસ થયો, અગિયાર અંગ વગેરે કરોડો શ્લોકનું જ્ઞાન (થયું), એ પર્યાય ઉપર દૃષ્ટિ રાખ્યે... આહા..હા..! ચૈતન્ય પ્રગટ ન થાય, આહા..હા..! પર્યાયમાં શાસ્ત્રનું જ્ઞાન થયું, શબ્દજ્ઞાન તો એના ઉપર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય નહિ પ્રગટે. આહા..હા..! માને કે મને આટલું જાણપણું થયું ને અમે બીજાથી ડાહ્યા છીએ ને બીજાને સમજાવી શકીએ છીએ ને બીજાઓ અમને જ્ઞાની કહે એવી અમારી કહેણી છે ને... અરે..! પ્રભુ ! બધું મુકી દે ને. આહા..હા..!

અહીંયા તો એ કહે છે કે, તારી પર્યાયમાં રાગથી તો તને (ન થાય), રાગ ઉપર દૃષ્ટિ રાખ્યે તો ન થાય પણ પર્યાયમાં જ્ઞાન ખીલ્યું છે, શાસ્ત્રજ્ઞાન અને વ્યવહારની શ્રદ્ધા (થઈ), એ બધી પર્યાયમાં છે, એ પર્યાય ઉપર લક્ષે રાખ્યે ચૈતન્ય નહિ પ્રગટે. કારણ કે એ પર્યાયમાં શક્તિ અને ગુણનું સત્ત્વ નથી. જેમાં હોય એમાંથી પ્રગટે. એમાં ક્યાં ગુણ ને સત્ત્વ છે. આહા..હા..! આ તો મરી જાય એવી વાત છે. રાગને મારી નાખે અને પર્યાયમાં એટલી આવડત હોય એને પણ મારી નાખે. આહા..હા..! એ ઉપર દૃષ્ટિ ગયે પ્રભુ ! ચૈતન્ય નહિ પ્રગટે. આહા..હા..! શું કહે છે ?

મુમુક્ષુ :– લક્ષણમાં ગયા વગર લક્ષ કેમ દેખાય ?

ઉત્તર :– એ લક્ષ જ ક્યાં છે. લક્ષણ છે એ તો જ્ઞાન છે. જ્ઞાન ક્યું ? આ જાણેલું જ્ઞાન ઇ ? એ જ્ઞાન જ નથી. આહા..હા..! શાસ્ત્રજ્ઞાન છે એ શબ્દજ્ઞાન છે, એ આત્મજ્ઞાન નથી. ઝીણી વાત, ભાઈ ! આહા..હા..! એ જ્ઞાનની પર્યાયમાં વિકાસ છે તેનું લક્ષ છોડી દે, એ વિકાસ સમ્યગ્જ્ઞાન નથી. આહા..હા..! એમ કહે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય,...'** આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન કર્યું પર્યાયમાં, એ તો શબ્દનું જ્ઞાન છે, શબ્દોનું જડનું જ્ઞાન છે, એ ચૈતન્યનું જ્ઞાન નથી. આહા..હા..! આવી વાતો છે, પ્રભુ ! આકરી વાત, ભાઈ ! ભણેલાઓ પણ આવડતમાં ચડી જાય કે, અમે આવડતમાં છીએ માટે ભણેલા છીએ. બાપુ ! ધીરો થા, જરી ધીરો થા, ભાઈ ! એ ભણ્યાના જ્ઞાનની પર્યાય છે એ શબ્દની પર્યાય છે. એ આત્માની પર્યાય નથી, શબ્દજ્ઞાનની પર્યાય છે. આહા..હા..!

**'એ પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે.'** જેમાં જ્ઞાનનો ખજાનો પડ્યો છે, પ્રભુ ! અંદર વસ્તુમાં અનંત... અનંત... અનંત... અનંત... જ્ઞાયકભાવ જ પડ્યો છે. એના ઉપર દૃષ્ટિ દીધે ચૈતન્ય પ્રગટે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર પ્રગટે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ ! **'દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે,...'** જોયું ? આહા..હા..! વસ્તુ જે છે પ્રભુ આત્મતત્ત્વ, એમાં તો અનંતી શક્તિ ને અનંતુ સામર્થ્ય ભર્યું છે. અનંત ગુણોનું સામર્થ્ય ! અને એક એક ગુણમાં પણ અનંતુ સામર્થ્ય. આહા..હા..! એવી દ્રવ્યદૃષ્ટિ કરવાથી ચૈતન્ય પ્રગટે કેમ ? દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે. આહા..!

**'તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ.'** આહા..હા..! શાસ્ત્રના ભણતર થયા ને બહેકી જા કે મને આવડે છે આ. રહેવા દે, ભાઈ ! આહા..હા..! આને સમજાવતા આવડતું નથી ને મને કેવું સમજાવતા આવડે છે. ભાઈ ! એ બધી આવડત છે વિકારની, પરલક્ષી જ્ઞાનની આવડત છે. આહા..હા..! એ જડનું જ્ઞાન છે. ખરેખર તો એ જ્ઞેયમગ્ન છે, જ્ઞાનમગ્ન નથી. આહા..હા..! આવી વાતું ઝીણી બહુ પડે પણ શું થાય ? ભાઈ ! માર્ગ આવો છે, બાપા ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ પરલક્ષી જ્ઞાન છે એ પરજ્ઞેય છે. એ પરજ્ઞેયમાં નિમગ્ન છે એના જ્ઞાનમાં મગ્નપણું નહિ આવડે. જ્ઞાનસ્વરૂપ ભગવાન (છે). આહા..હા..! બીજા કરતાં જાણે અમને કહેતા આવડ્યું અને કેવું અમે કહીએ છીએ, એવું જેને આવડતનું અભિમાન છે એ જ્ઞેયમાં નિમગ્ન છે, જ્ઞાનમાં નહિ. આહા..હા..! આવી વાતું સાંભળવી કઠણ પડે. આ તો અપૂર્વ વાતું છે, બાપા ! આહા..હા..! કારણ કે એણે માન્યું છે એનાથી બીજું લાગે પણ વસ્તુ તો આ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**'તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ.'** આહા..હા..! એ જ્ઞાયકભાવ, દ્રવ્ય સ્વભાવ, શુદ્ધભાવ, પરમભાવ ત્યાં દૃષ્ટિ થંભાવ, દૃષ્ટિને ત્યાં રોક. આહા..હા..! **'નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.'** આહા..હા..! નિગોદથી માંડીને અરે..! સિદ્ધ સુધીની પરમ પર્યાય. આ જે જ્ઞાન પરલક્ષી છે એની તો છોડ વાત. આહા..હા..! પણ સિદ્ધ પર્યાય છે, નિગોદથી માંડીને સિદ્ધની પર્યાય. **'કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.'** આહા..હા..! શુદ્ધ દૃષ્ટિનો વિષય તો પ્રભુ ત્રિકાળ વસ્તુ તે છે. એનો વિષય પર્યાય નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી. આહા..હા..! દૃષ્ટિનું ધ્યેય ધ્રુવ ઉપર છે. એમાં અનંતી શક્તિ પડી છે તેમાં દૃષ્ટિ છે એની. પર્યાયમાં તો એક સમયની અવસ્થા એમાં અનંતુ ક્યાંથી આવ્યું ? અરે..! અનંતુ એટલે પર્યાય ભલે કેવળજ્ઞાન હો, સિદ્ધની હો પણ એક સમયની તાકાતવાળી ભલે અનંત અનંત બળવાળી છે, આહા..હા..! પણ એ તો પર્યાયનું જોર. વસ્તુ જે ભગવાન આત્મા દૃષ્ટિનો વિષય છે તે પર્યાય નથી. આહા..હા..! આવો બધો ફેરફાર કરવો આકરો પડે માણસને એટલે બિચારા સત્ય વાતને પછી ઉડાડે. એમાં એ લખ્યું છે. કેટલાકો એમ માને છે કે ઉપયોગ શુદ્ધ હોય એને સમકિત થાય. એમાં તો વળી એણે એમ લખ્યું શુદ્ધ ઉપયોગ પહેલો પછી સમકિત થાય એમ લખ્યું. અરે..! ભગવાન ! આહા..હા..!

**'દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ.'** નિગોદના જીવની પર્યાય લ્યો કે સિદ્ધની પર્યાય લ્યો, એ કોઈ દૃષ્ટિનો વિષય નથી. આહા..હા..! પર્યાય એ કોઈ દૃષ્ટિનો વિષય (નથી). દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી ભગવાન (છે). આહા..હા..! છે તો દૃષ્ટિ પર્યાય પણ એનો વિષય પોતે પર્યાય નથી, એનો વિષય ત્રિકાળ છે. આહા..હા..!

**'સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત...'** આહા..હા..! અરે..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયા, દ્રવ્યને અવલંબે, એવી જે સાધક દશા મોક્ષનો માર્ગ, શુદ્ધ ઉપયોગની પરિણતિ,.. આહા..હા..! વીતરાગ દશા (પ્રગટી)... આહા..! એ પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ, એ સાધક દશા, એ વસ્તુના સ્વરૂપમાં નથી, એ તો પર્યાયમાં છે. આહા..હા..! હવે આ વાત સમજવી અને એમાં પુરુષાર્થ વસ્તુ તરફ કરવો અંદર.

**'સાધકદશા પણ...'** સમ્યગ્દર્શન જે દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ થયું, દ્રવ્યના લક્ષે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



આશ્રયે સમ્યગ્દર્શન થયું, દ્રવ્યને આશ્રયે સમ્યગ્જ્ઞાન થયું, દ્રવ્યમાં લીનતા થવાથી ચારિત્ર થયું, એ **'પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત...'** એ શુદ્ધ દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિનો વિષય મૂળ સ્વભાવ એમાં એ વસ્તુ નથી. આહા..હા..! આવું છે. સમજાય છે કાંઈ ? પર નિમિત્ત, વિભાવ, શુભરાગ આદિ એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. પણ સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની જે પર્યાય ને શાંતિ ને આનંદ પ્રગટ્યો એ પણ કાંઈ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિની પર્યાય પ્રગટી એ દૃષ્ટિનો વિષય નથી. આહા..હા..! અરે..રે..! એણે અનંતકાળમાં કાંઈ કર્યું નહિ. જે કરવાનું કર્યું નહિ ને માથાકુટ કરીને મરી ગયો. ધર્મને બહાને પણ આ વ્રત કર્યા ને અપવાસ કર્યા ને જાત્રાઓ કરી ને આ કરીને રાગમાં મરી ગયો. એમાં ધર્મ થઈ ગયા. આહા..હા..! અહીં તો ધર્મ પ્રગટ્યો છે કહે છે અંદરમાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટી છે એ પણ દૃષ્ટિનો વિષય નથી. પર્યાય છે ને. ત્રિકાળ જ્ઞાયક ભાવ નિત્યાનંદ પ્રભુ સ્વભાવભાવ, ધ્રુવભાવ, ભૂતાર્થભાવ, જ્ઞાયકભાવ એ દૃષ્ટિનો વિષય છે. એમાં સાધકભાવ નથી, એ પર્યાય એમાં નથી. આહા..હા..!

**'દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે,...'** વસ્તુ ભગવાન ચૈતન્ય તત્ત્વ માલ જેમાં અનંત ગુણનો પડ્યો છે, એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન આદિ આગળ વધાય છે. સમ્યગ્દર્શન થયું પણ એને આશ્રયે આગળ વધાતું નથી, એમ કહે છે. ત્રિકાળને આશ્રયે આગળ વધાય છે. **'શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્યસામાન્યનો જ સ્વીકાર હોય છે.'** આહા..હા..! એકલો જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ તે શુદ્ધ અખંડ દ્રવ્ય સામાન્યનો સ્વીકાર સમ્યગ્દર્શનમાં હોય છે. વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❋ ❋ ❋

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**આસો સુદ ૧૪, રવિવાર તા. ૧૫-૧૦-૧૯૭૮.**
**વચનામૃત–૩૨૨–૩૨૩, પ્રવચન–૧૨૦**

**જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી. સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યના ભાવો છે, આ પર છે'. દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી. દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું, આટલી કચાશ તો છે'. જ્ઞાન બધોય વિવેક કરે છે. ૩૨૨.**

'વચનામૃત' ૩૨૨. ધર્મી કહો કે જ્ઞાની કહો, જેને ચૈતન્યસ્વરૂપ ભગવાન અનુભવમાં પ્રતીતિમાં, અનુભવ સહિત પ્રતીતિમાં આવ્યો છે એને અહીંયા જ્ઞાની અથવા ધર્મી કહે છે. **'જ્ઞાનીની દૃષ્ટિ...'** એટલે કે ધર્મીની દૃષ્ટિ **'અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી.'** આહા..હા..! સવારમાં આવ્યું હતું, નવ તત્ત્વ પણ ભેદરૂપ વ્યવહાર છે એથી ભગવાન ભિન્ન છે. એ નવ તત્ત્વની પર્યાયનો પણ દૃષ્ટિ ભેદ પાડતી નથી. આહા..હા..! દૃષ્ટિ પોતે નિર્વિકલ્પ છે ને ? એથી વસ્તુને નિર્વિકલ્પપણે જ માને છે, એનો ભેદ એને દેખાતો નથી. આહા..હા..! ઝીણું બહુ.

મુમુક્ષુ :– દૃષ્ટિ પણ જાણે છે ક્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દૃષ્ટિ શ્રદ્ધે છે પણ સાથે જ્ઞાન આવે છે કહેશે હમણાં, કહેશે આગળ. દૃષ્ટિ છે એ નિર્વિકલ્પ પર્યાય છે, દૃષ્ટિનો વિષય છે તે અભેદ ચૈતન્ય અખંડ અભેદ, અનંત ચૈતન્ય રત્નાકર ગુણથી ભરેલો પ્રભુ એકરૂપ વસ્તુ છે, એ દૃષ્ટિનો વિષય છે. આહા..હા..! પ્રથમ સમ્યગ્દર્શનનો વિષય તે (છે). કેમ કે પોતે જ્ઞાન સ્વરૂપ નથી એટલે ભેદ જાણે નહિ, ભેદ જાણે એ તો જ્ઞાન થઈ ગયું. આહા..હા..! દૃષ્ટિ છે એ અખંડ પરમાત્મ ચૈતન્યકંદ અભેદ એકરૂપ છે તેને દૃષ્ટિ સ્વીકારે છે. તે ચૈતન્યમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



ભેદ પાડતી નથી કે આ ગુણ છે ને આ દ્રવ્ય છે ને આ પર્યાય છે ને એવી દૃષ્ટિ તે ભેદ પાડતી નથી એટલે ભેદ તેના જાણવામાં આવતો નથી. આહા..હા..!

**'સાથેનું જ્ઞાન...'** આ આવ્યું, જુઓ ! દૃષ્ટિ છે એ તો ત્રિકાળી અભેદને સ્વીકારે છે, પણ સાથેનું જ્ઞાન થાય તે **'જ્ઞાન વિવેક કરે છે...'** એ વિવેક નામ બધી ચીજને ભિન્ન ભિન્ન છે તેમ તે જાણે છે. આહા..હા..! **'કે 'આ ચૈતન્યના ભાવો છે,...'** જ્ઞાન, આનંદ, શાંતિ એના ભાવો છે. પર્યાયમાં ગમે તેટલી હીનતા આવી પણ વસ્તુને એના ગુણમાં હીનતા કદી થઈ નથી. આહા..હા..! એથી જ્યાં સુધી સાધક છે એને હીણી દશા છે પણ એને જ્ઞાન જાણે છે કે મારી પર્યાયમાં હજી હીણી દશા છે. એ દ્રવ્યને પણ જાણે, પર્યાયને પણ જાણે. છે ? **'જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યના ભાવો છે, આ પર છે'.'** અંદર રાગાદિ આવે. સાધક છે તે જ્ઞાન એને જાણે છે કે, આ ચૈતન્યના સ્વભાવ અથવા એની શુદ્ધ પરિણતિ અને આ રાગાદિ પર છે એમ દૃષ્ટિની સાથે રહેલું જ્ઞાન જાણે છે. આહા..હા..! જ્ઞાન પર્યાયમાં અપૂર્ણતા છે અને અશુદ્ધતા પણ છે. આહા..હા..! એ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ ?

**'દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી.'** આહા..હા..! પૂર્ણાનંદ પ્રભુ અખંડ ચૈતન્ય રત્નનો સાગર એકરૂપ વસ્તુ, તેની દૃષ્ટિ ત્યાં હોય છે. એ દૃષ્ટિ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી નથી રહેતી કે આ ગુણી છે ને આ ગુણ છે ને આ પર્યાય છે. આહા..હા..! કેમ કે દૃષ્ટિ અભેદ છે, નિર્વિકલ્પ છે તેમાં ભેદને જાણવું એ દૃષ્ટિમાં હોતું નથી. આહા..હા..! આવી વાતું છે. છે દૃષ્ટિ પર્યાય પણ તે ત્રિકાળ અભેદને જાણે છે.

મુમુક્ષુ :– ક્યા ગુણની ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– શ્રદ્ધા ગુણની. આહા..! શ્રદ્ધા નામનો પરિપૂર્ણ ગુણ છે. ભગવાન આત્મામાં... જીવતરશક્તિ છે ને ૪૭ (શક્તિ) ? જીવતરશક્તિ પણ પૂર્ણ છે. એટલે કે જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તા એ પૂર્ણ છે. એમ ચિતિશક્તિ એટલે એનો પ્રકાર–જ્ઞાન ને દર્શન એવી ચૈતન્યશક્તિ એ પણ પૂર્ણ છે. એમ દૃશિશક્તિ પણ પૂર્ણ છે, સુખ પણ પૂર્ણ છે. આહા..હા..!

મુમુક્ષુ :– પર્યાયમાં કે દ્રવ્યમાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દ્રવ્યમાં. પર્યાયની વાત (નથી). પર્યાય માને છે એને પૂર્ણ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પર્યાય તો જાણે છે એ જ્ઞાનથી. દૃષ્ટિનો વિષય અભેદ છે. દૃષ્ટિ છે પર્યાય. આહા..હા..! આવી ચીજ તમારે વેદાંતમાં પર્યાયને માની નથી. નિશ્ચયાભાસી છે ઇ. પર્યાય છે ઇ દૃષ્ટિ તે પર્યાય છે. કોની ? ખરેખર તો ત્રિકાળી શ્રદ્ધા ગુણ છે એની. એ દૃષ્ટિ ત્રિકાળ અનંત ગુણને અભેદને સ્વીકારે છે, એકલા શ્રદ્ધા ગુણને સ્વીકારતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

ચૈતન્ય મહાપ્રભુ જેમાં, આહા..હા..! વીર્યશક્તિ પણ પૂર્ણ છે. પર્યાયમાં શુભાશુભ પરિણામ હો એ વીર્યશક્તિનું કાર્ય નથી. આહા..હા..! વીર્યશક્તિ તો પૂર્ણ છે, પુરુષાર્થ અનંત પુરુષાર્થ ભગવાનમાં પૂર્ણ છે. એ અનંતા પૂર્ણ ગુણનું એકરૂપ તેને દૃષ્ટિ સ્વીકારે છે. આહા..હા..!

આત્મામાં એ કર્તા નામનો ગુણ છે. આ છ કારકોનું લક્ષ આવ્યું. વીર્ય, પ્રભુત્વ. પ્રભુત્વ નામનો ગુણ છે એ પણ પૂર્ણ છે, ઈશ્વર નામનો ગુણ છે એ પૂર્ણ છે અને તે અનંતા ગુણમાં ઈશ્વરનું રૂપ છે એ પણ પૂર્ણ છે. આહા..હા..! એવો કર્તા નામનો ગુણ છે. કાર્યની પર્યાય થાય એવો તેવો એક કર્તા નામનો ગુણ છે. એ પર્યાયમાં ભલે કાર્યની અપૂર્ણતા હો પણ કાર્ય નામનો ગુણ છે એ તો પૂર્ણ છે. આહા..હા..! સાધક દશામાં સમ્યગ્દર્શન આદિ પર્યાય ઓછી છે. છતાં તે કાર્યશક્તિ જે છે એ પૂર્ણ છે. આહા..હા..! એ કર્તાશક્તિ એક આત્મામાં છે એ પણ પૂર્ણ શક્તિ છે. અસંખ્ય પ્રદેશમાં વ્યાપક અને પૂર્ણ (છે).

આત્મામાં સાધન શક્તિ છે. એ સાધનપણું પ્રગટ્યું હોય ભલે અલ્પ, છતાં સાધન શક્તિ છે એ તો પૂર્ણ છે. આહા..હા..! એમ કાર્ય. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન. જેમાંથી પ્રગટ થાય એવી એ શક્તિ છે એ પણ ન્યાં પૂર્ણ છે. પર્યાયમાં ભલે અપૂર્ણ હો પણ વસ્તુમાં છે એ તો પૂર્ણ છે. આહા..હા..!

સંપ્રદાનશક્તિ એક છે. પોતે પોતાનું દાન દે એવી એક શક્તિ છે. એ શક્તિ પણ પૂર્ણ છે. અધિકરણ નામની શક્તિ છે કે જે બધા ગુણોનો આધાર (છે). એ અધિકરણ ગુણ છે એ બધા ગુણમાં એક અધિકરણ નામનું રૂપ છે. આહા..હા..! અનંતધર્મત્વ (શક્તિ) છે ને ? આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો પણ એક ગુણ છે. પર્યાયમાં ઉત્પાદ-વ્યય ભલે થોડા હોય પણ એની શક્તિમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે એ તો પૂર્ણ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



મુમુક્ષુ :- ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ અને સત્ ગુણી બેમાં ફેર શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો તત્ નામ પોતે જ્ઞાન સ્વરૂપ છે એમ તત્. એ તો વિરોધ શક્તિ પછી તત્ આવે છે.

મુમુક્ષુ :- સત્ સત્ ?

ઉત્તર :- સત્ સત્ ? એ તો બીજો બોલ છે. એ તો સદશ, અસદશ એવું એકરૂપ પરિણામ એવી એક શક્તિ છે. ૪૭ માં આવે છે. આહા..હા..! આ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એટલું. પેલું તો અસ્તિત્વ સદશ્ય, અસદશ્ય એવા ગુણરૂપ પરિણમન થવું એવો ગુણ છે અંદર. ધીરાના કામ છે, ભાઈ ! આ કાંઈ (વાતે પૂરું થાય એવું નથી). એ ગુણ પૂર્ણ છે અંદર. પ્રભુત્વ એમ સર્વદર્શી, સર્વજ્ઞશક્તિ. શક્તિ એટલે કે એના સામર્થ્યનો સ્વભાવ, એ પૂર્ણ છે. વિભુત્વ શક્તિ અંદર એક પૂર્ણ છે, સર્વ ગુણમાં વ્યાપક એવી એક શક્તિ પણ પૂર્ણ છે. આહા..હા..! અને અનંતા ગુણમાં પણ વિભુત્વ શક્તિનું રૂપ છે એ પણ વ્યાપકપણે થાય એવો પણ એમાં પૂર્ણ ગુણ છે. આહા..હા..!

સ્વચ્છત્વ નામની શક્તિ પણ પૂર્ણ છે. સ્વચ્છતા અલ્પ પ્રગટી હો છતાં સ્વચ્છત્વ શક્તિ તો પૂર્ણ છે. આહા..! સ્વચ્છત્વ શક્તિ અસ્વચ્છપણે પરિણમી હો, પર્યાય, પણ સ્વચ્છત્વ શક્તિ છે, ગુણ છે એ પૂર્ણ છે. સ્વસંવેદન–પ્રકાશ નામનો ગુણ છે, વેદનમાં ભલે અલ્પ વેદન હો. અહીં તો દૃષ્ટિ ક્યાં છે ? પૂર્ણ ઉપર દૃષ્ટિ છે. દૃષ્ટિ પોતે ભલે ક્ષયોપશમની હો કે ઉપશમની હો કે ક્ષાયિકની હો પણ એ દૃષ્ટિનો વિષય જે છે એણે જે પકડ્યું છે એ ચીજ પૂર્ણ છે. આહા..હા..! આવી વાત.

મુમુક્ષુ :- પ્રમાણ દૃષ્ટિએ પૂર્ણ છે ?

ઉત્તર :- પ્રમાણ ? પ્રમાણ દૃષ્ટિ નથી. પ્રમેય–બીજામાં બીજાને પ્રમેય તરીકે થવું અને બીજાના પ્રમેયનું પ્રમાણ તરીકે થવું એ પણ શક્તિ પૂર્ણ છે. પ્રમેય. પરિણમ્યપરિણામકત્વ (શક્તિ) છે ને ? ભાઈ ! આહા..હા..! બીજા જ્ઞાનમાં પ્રમેય તરીકે થવું અને પોતાના જ્ઞાનમાં બધાને પ્રમેય તરીકે જાણવું. આહા..હા..! તે શક્તિ પણ પૂર્ણ છે. એવા અનંતા ગુણોનું પૂર્ણનું રૂપ તે દ્રવ્ય છે. આહા..હા..! હવે આવું (સમજવા) નવરો ક્યારે થાય ? અરે..! અંતર્મુહૂર્તમાં (શું) એક ક્ષણમાં. આહા..હા..! ગુલાંટ જ્યાં ખાય છે ત્યાં એક સમયમાં વિષયાંતર જ્ઞાન થઈ જાય છે. આહા..!

અકાર્યકારણ નામનો ગુણ છે એ પણ પૂર્ણ છે. રાગના કારણરૂપે ન થવું અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

રાગના કાર્યરૂપે પર્યાયમાં ન થવું. આહા..હા..! ઇ વ્યવહાર રાગ છે માટે અહીં નિશ્ચય પ્રગટે છે એવું ન થવું (એ શક્તિનું કાર્ય છે). આહા..હા..! ગજબ વાત છે, ભાઈ ! અહીંયા તો પ્રભુ એમ કહે છે, અરે..! પ્રભુ ! ભાઈ ! શુભજોગ જ અત્યારે છે. શુભજોગ એ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. અરે..રે..! પ્રભુ, પ્રભુ...! પ્રભુ ! આત્માને શું કર્યું ? ભાઈ ! એ શુભગુણ પર્યાય છે એ ચારિત્રગુણની વિપરીત પર્યાય છે, પણ તે વખતે પણ ચારિત્ર ગુણ છે એ તો અંદર પૂર્ણ છે. દૃષ્ટિ જ્ઞાનીની, આહા..હા..! પૂર્ણ ગુણસ્વરૂપ દ્રવ્ય એ ઉપર દૃષ્ટિ (છે). ગુણ ઉપર દૃષ્ટિ નથી. આહા..હા..! આવી વાત છે, બાપુ ! શું થાય ? અરે..! ભગવાનના વિરહ પડ્યા ને આ વાતું રહી ગઈ આવી. આહા..હા..! વસ્તુ તો રહી ગઈ છે એમ ને એમ. ભલે ભગવાન ન રહો, આ ભગવાન તો એવો ને એવો અહીં રહ્યો છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા એમ કરીને બોલાવ્યો છે ને ? ૭૨ ગાથામાં. આહા..હા..! એ તો વર્તમાન શું ત્રણે કાળે એવો ને એવો છે. આહા..હા..! એને ભગવાનનો વિરહ છે માટે ભગવાન ઓછો છે (એમ નથી). આહા..હા..! દૃષ્ટિમાં તો ભગવાનનો વિરહ છે જ નહિ. આહા..હા..! આવી વાતું આકરી પડે, ભાઈ ! શું થાય ? અત્યારે લોકો ક્રિયાકાંડે એવા ચડી ગયા એટલે આ વાતને એકાંત કરીને ઉડાવી દે છે. અરે..! પ્રભુ ! ભાઈ ! મૂળની વાતું છે, બાપુ ! આહા..હા..! અને તે જ્ઞાનાદિની પર્યાય ભલે જાણનારી છે એ અપૂર્ણ છે પણ એનો વિષય જે દૃષ્ટિનો (છે) એ તો પૂર્ણ છે. આહા..હા...! ચાહે તો ઉપશમ સમકિત હો ભલે ક્ષાયિક ન હોય, પણ એનો વિષય છે એ તો પૂર્ણ છે. ભલે અંતર્મુહૂર્ત રહે પછી ક્ષયોપશમ થઈ જાય, એ વખતે ક્ષયોપશમનું સ્વરૂપ છે એનો વિષય તો પૂર્ણ છે. આહા..હા..! એમાંથી ક્ષાયિક થાય છતાં એ ક્ષાયિક વખતે પણ જેવું ઉપશમપણે પૂર્ણ હતું, ક્ષયોપશમનું હતું એમ ક્ષાયિકમાં પણ વસ્તુ તો પૂર્ણ એવી ને એવી છે. આહા..હા..!

એવા અનંત ગુણો (છે). અસંકોચવિકાસ, અકાર્યકારણ આવે છે ને ? અસંકોચવિકાસ આવે છે. અકાર્યકારણ, ત્યાગઉપાદાનશૂન્યત્વ. ભગવાન આત્મામાં રાગનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ, પરનો ત્યાગ ને પરનું ગ્રહણ એનાથી રહિત પૂર્ણ સ્વરૂપ છે. આહા..હા..! પરનો સંયોગનો ત્યાગ કર્યો માટે ત્યાં આગળ પૂર્ણતામાં પૂર્ણ વિશેષ થયું અને પરનો જરીએ ત્યાગ નથી, તેથી ત્યાં ત્યાગઉપાદાનશક્તિમાં

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અપૂર્ણતા રહી એમ નથી. આહા..હા..! ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. વિરુદ્ધશક્તિ, અગુરુલઘુશક્તિ છે. વસ્તુમાં અગુરુલઘુશક્તિ છે. પર્યાયમાં ષટ્ગુણહાનીવૃદ્ધિ થાય એ બીજી વાત છે. આહા..હા..! ભગવાન આત્મા અનંતા પૂર્ણ ગુણમાં એક અગુરુલઘુ નામનો પૂર્ણ ગુણ છે. એમાં પણ ઘટતુંવધતું થયું નથી. આહા..હા..! અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાનની પર્યાય નિગોદમાં રહી પણ ત્યાગઉપાદાનશક્તિમાં કાંઈ ઘટતું-વધતું થયું નહિ, એ તો પૂર્ણ એમ ને એમ છે. આહા..હા..!

ઉદયનો ત્યાગ કર્યો ને ક્ષાયિક પર્યાય પ્રગટી પણ છતાં ઉદયનો ત્યાગ નહોતો ત્યારે પણ વસ્તુ તો પૂર્ણ જ છે. અને ઉદયનો ત્યાગ થયો ને ક્ષાયિક પર્યાય થઈ છતાં તે કાળે વસ્તુ તો પૂર્ણ જ છે. આહા..હા..! આવું છે. આકરું પડે, ભાઈ ! માર્ગ તો આ છે, ભાઈ ! દૃષ્ટિનો વિષય તે અનંત ગુણની પૂર્ણતાનું દ્રવ્ય છે. આવું છે. ભાઈ ! માનો ન માનો જગત સ્વતંત્ર છે. આહા..હા..! એવા અનંત ગુણો છે. વિરુદ્ધશક્તિ એ પણ પૂર્ણ છે. આહા..હા..! તત્પણે છે અને અતત્પણે-પરપણે નથી. એ એક એક શક્તિ વિરુદ્ધ છે. એ વિરુદ્ધના પછી બે પ્રકાર પાડ્યા-એક તત્ ને અતત્, એ પૂર્ણ છે, પ્રભુ ! આહા..હા..!

અરે..! કહે છે કે તને જે ભોગ ભોગવ્યા કે, રાગ કર્યો એને તું યાદ કરે છો એ કરતાં નાથને યાદ કરને ! પ્રભુ ! આવો ભૂલથી ભરેલો એને (યાદ કરવાને બદલે). આહા..હા..! અમે આમ સ્ત્રી સાથે રમ્યા ને અમે સ્ત્રીને આમ રાજી રાખી, એનાથી અમે આમ રાજી થયા, પ્રભુ ! એ વાતને યાદ કરે છો, એ તો મેલ છે. આહા..હા..!

મુમુક્ષુ :- દ્રવ્ય તો એવું ને એવું રહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એવું ને એવું રહે છે પણ એને યાદ કર ને. આહા..હા..! એનું સ્મરણ કરને, માળા એની ફેરવ. પૂર્ણાનંદનો નાથ, પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક, ધ્રુવ શુદ્ધ પરમ સ્વભાવભાવ અખંડ એકરૂપ અનંત ગુણનું પૂર્ણ રૂપ તે એકરૂપ, એને યાદ કરને. પ્રભુની માળા ગણે છો પણ આ પ્રભુની ગણને. પેલામાં તો વિકલ્પ છે. આહા..હા..! વિકલ્પથી તો નુકસાન છે, પ્રભુ !

આ અનંત શક્તિનો સાગર છે. આહા..હા...! એક શક્તિ પણ પૂર્ણ છે, અનેક શક્તિ પણ પૂર્ણ છે. આ તે શું કહે છે ? આહા..હા..! એક શક્તિ પણ પૂર્ણ અને અનેક શક્તિ પણ પૂર્ણ ? હા. એવો અનંત અનંત ચૈતન્યના રત્નાકરથી ભરેલો ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



પૂર્ણ છે તે દૃષ્ટિનો વિષય છે. આહા..હા..! આ દૃષ્ટિ કર્યા વિના જે કાંઈ કરવામાં આવે દયા, દાન ને વ્રત એ બધું નિરર્થક સંસાર ખાતે (છે). ધર્મને માટે નિરર્થક, રખડવા માટે સાર્થક. આહા..હા..!

ભાવ અભાવ, ભાવઅભાવ. ભાવશક્તિ પૂર્ણ છે કે જેમાંથી એક પર્યાય હોય જ તે. એ પૂર્ણ શક્તિ પૂર્ણ છે. અભાવશક્તિ પણ પૂર્ણ છે. કર્મનો અભાવ થયો માટે અભાવશક્તિ પ્રગટી એમ નથી. એનામાં પોતામાં અભાવશક્તિ પૂર્ણ છે. એ અભાવશક્તિરૂપે પરિણમી ત્યારે કર્મનો અભાવરૂપે અભાવરૂપે પરિણમ્યો એ પોતાથી પરિણમ્યો છે. એ કર્મનો અભાવ થયો માટે અભાવરૂપે પરિણમ્યો એમ નથી. આહા..હા..! એ અભાવશક્તિ પૂર્ણ છે. એ પરના અભાવને કારણે નહિ. અભાવશક્તિ છે, આહા..હ...!

એવી ભાવ-અભાવ, ભાવ-અભાવ (શક્તિ છે). વર્તમાન પર્યાય છે એ ભાવને કારણે એનો અભાવ થવો એવી પણ એક ભાવ-અભાવ નામની શક્તિ છે. આહા..હા..! તારે તે પર્યાયનો અભાવ કરવો પડે અને ભાવની પર્યાયનો વ્યય કરવો પડે એમ નથી. એ શક્તિ જ એવી છે. આહા..હા..! શું કહે છે આ ? ભાવ નામનો ગુણ પણ પરિપૂર્ણ છે. અભાવ નામનો ગુણ પણ પરિપૂર્ણ છે, ભાવ-અભાવ નામનો ગુણ પણ પરિપૂર્ણ છે. અભાવ-ભાવ નામનો પર્યાયમાં જે અભાવ હતો એને ઠેકાણે ભાવ થયો પર્યાયમાં, હોં ! પણ એવો અભાવ-ભાવનો ગુણ આત્મામાં છે. આહા..હા..! તારે અભાવ કરવો પડે ને ભાવનો વ્યય કરવો પડે એમ નથી, કહે છે. આહા..હા..! એઇ..! તેવી છ શક્તિ છે ને ? ભાવ-અભાવ, ભાવ-અભાવ, ભાવ-ભાવ, અભાવ-અભાવ, ભાવ ક્રિયા, કર્મ, કર્તૃત્વ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, સ્વસ્વામીસંબંધશક્તિ.

અંદર સ્વસ્વામીસંબંધ શક્તિ (છે). પોતાના દ્રવ્ય, ગુણ ને પર્યાય નિર્મળ એ સ્વ ને એનો એ સ્વામી એવો એક ગુણ છે. એવો એક અંદર ગુણ છે. આહા..હ..! શું કહ્યું એ ? શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ, શુદ્ધ પર્યાય એ સ્વ. એનો સ્વામી પણ એવો એક ગુણ છે. આહા..હા..! એકલો પર્યાયનો સ્વામી છે ને ગુણનો સ્વામી છે એમ નહિ. ત્રણેયનો સ્વામી છે એવો એક ગુણ છે અંદર. અરે...! આવી વાતું ભારે, ભાઈ ! આહા..! કેટલાકને તો પહેલી વાર કાને પડતી હશે. આ ભગવાનના ઘરમાં આમ છે બાપા ! આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



અહીં ઇ કહે છે કે આ ચૈતન્યના ભાવો છે (એમ) જ્ઞાન વિવેક કરે છે અને આ પર છે અથવા ગુણ છે, પરિપૂર્ણ આ દ્રવ્ય એકરૂપ છે અને પર્યાય છે શુદ્ધતાની અને આ છે અશુદ્ધતાની, એવો જ્ઞાન બરાબર વિવેક કરે છે. આહા..હા..! દૃષ્ટિમાં ભેદ નથી, એના વિષયમાં ભેદ નથી પણ દૃષ્ટિ સાથે થયેલું (જ્ઞાન વિવેક કરે છે). આહા..હા..! આટલું મને શુદ્ધ વેદન છે અને આટલું અશુદ્ધ વેદન છે એ જ્ઞાન વિવેક કરે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી.'** આહા..હા..! દૃષ્ટિ તો ત્રિકાળી અભેદ અખંડ સ્વરૂપ તેને જ એ સ્વીકારે છે. આ ગુણ છે ને ગુણી છે એવા ભેદ પાડવા દૃષ્ટિ ઊભી નથી રહેતી એટલે કે એના સ્વભાવમાં નથી. આહા..હા..! આવી વાતું છે. કહો, ભાઈ ! આવું છે ભાઈ આ. આહા..હા..! ત્યાં 'નાઈરોબી'માં આવું કાંઈ નથી. દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ગુણભેદ ને પર્યાયભેદ આદિનો ભેદ પાડતી નથી. આહા..હા..!

**'દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું,...'** આટલી તો નિર્મળ પર્યાય થઈને **'દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું, આટલી કચાશ તો છે'. જ્ઞાન બધોય વિવેક કરે છે.'** દૃષ્ટિને કાંઈ નથી. આહા..હા..! બીજી બધી આવડત હોય, ન હોય એની સાથે (સંબંધ નથી). આ વિવેક જ્ઞાન કરે છે. આહા..! એને જ્ઞાન કહીએ. કહો, આ ૩૨૨. ચૈતન્યામૃત. આહા..હા..! એવી કોઈ ચીજ આવી ગઈ છે ! ભલે અત્યારે લાખો... કેટલા લાખ બહાર પડ્યા છે ? ભાઈ ! વીસ લાખ. પણ આ કોઈ મૂળ વસ્તુને જણાવનારી આ ચીજ છે. અરે..! એક વાર મધ્યસ્થ માણસ હોય, બાપુ ! આગ્રહ છોડીને જો વિચારે, વાંચે તો એને ખબર પડે કે સત્ય તો આવું છે. આહા..હા..! શું થાય ? આ તો સમ્યગ્દર્શનના ભાન વિના વ્રત ને તપ ને અપવાસ કર્યા માંડ્યા ને ત્યાગી પડિમા ધારણ લીધા, સાધુ થયા એ બધું મિથ્યાત્વભાવ છે, ભાઈ ! આહા..હા..!

મુમુક્ષુ :- એ શુભભાવ તો છે ને !

ઉત્તર :- એ શુભભાવ છે એને ધર્મ માને છે એ મિથ્યાત્વ ભાવ છે. અમે ધર્મ કરીએ છીએ, વ્રત પાળીએ છીએ, અહિંસા વ્રત પાળીએ છીએ. તો અહિંસા વ્રત તો રાગ છે. સત્ય બોલીએ છીએ એ પણ રાગ છે. આહા..હા..! પંચ મહાવ્રત અમે પાળીએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



છીએ પંચ મહાવ્રત પણ રાગ ને આસ્રવ છે. આહા..હા..! આવી વાતું, પ્રભુ !

એ તો સવારમાં આવ્યું હતું ક્રમ અક્રમ એવા વ્યવહારીક ભાવોથી ભિન્ન છે પ્રભુ ! પણ નવ તત્ત્વના ભેદભાવથી, નવના પર્યાયો છે ને એ ? એનાથી પ્રભુ તો ભિન્ન છે. કેમ કે એ પર્યાયો એનામાં નથી. વસ્તુ છે એ તો ત્રિકાળી. આહા..હા...! સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાય પણ જેનાથી ભિન્ન છે અથવા એનાથી એ ભિન્ન છે. આહા..હા..! આવી વાત આકરી પડે. માણસને અભ્યાસ નહિ અને બીજો અભ્યાસ ચડી ગયો. બસ, આ ત્યાગ કરવા ને અપવાસ કરવા ને સંથારો કર્યો ને આ કર્યું ને તે કર્યું ને ધતીંગ ચલાવે બધું. મરતાં છેલ્લા લોંચ કરી લેવો, મુનિપણું આપી દ્યો. ક્યાં મુનિપણું, હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. ભગવાન ! આ તો લાભની વાત છે, બાપુ ! તારા અનાદરની વાત નથી, નાથ ! આહા..હા..! ભાઈ ! તને લાભ થતો નથી ત્યાં લાભ માને છો, ભાઈ ! આહા..હા..! એ પરિણામ ભાઈ ! દુઃખરૂપ છે. અને એ પરિણામના ફળ તરીકે અરે..રે..! ભવભ્રમણ (થશે). અર..ર..! આહા..હા..! કારણ કે શુભભાવ પોતે સંસાર છે, એના ફળ તરીકે પણ પરિભ્રમણરૂપી સંસાર છે, જગપંથ છે. આહા..હા..! દિગંબર વાણી તો જુઓ ! 'શ્રીમદ્' કહે છે ને દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય નામ શું કહેવા માગે છે તે સમજાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. ઢીલા, ઢીલા, ઢીલી વાતું વિપરીત કરતાં કરતાં, આહા..હા..! બહુ આકરી વાત.

મુમુક્ષુ :– શ્વેતાંબર ગૃહીત મિથ્યાદષ્ટિ છે એમ નથી કહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ નથી કહ્યું જરી પણ હવે શું કરે ? પાછળથી કહ્યું છે. પાછળથી એ શાસ્ત્રના નામ આપ્યા ત્યાંના એ શાસ્ત્રનું નામ નથી આપ્યું એટલે... પણ એ લોકો એ ન કરી શકે. એના આશ્રિતો એવું કાઢી ન શકે. પોતે તો કામ કરી ગયા, બાપુ ! હોં ! આહા..હા..! દેહ છૂટવાને કાળે એમ બોલે છે, ભાઈ 'મનસુખ' ! ઉંમર નાની ૩૩ વર્ષ, 'બાને દિલગીર થવા દઈશ નહિ. હું મારા સ્વરૂપમાં જાઉં છું.' આહા..હા..! અક્ષરે અક્ષર સત્ય છે, હોં ! આહા..હા..! હું મારા સ્વરૂપમાં જ્યાં તળ મેં જોયું છે ત્યાં હવે જાઉં છું. આહા..હા..! એ ભવ છેદ કરીને ચાલ્યા ગયા. આહા..! વસ્તુ આવી છે. ભલે ચારિત્ર નહોતું પણ સમ્યગ્દર્શન-જ્ઞાન ને સ્વરૂપ આચરણરૂપ ચારિત્ર હતું. આહા..હા..! લોકો બાહ્ય ત્યાગ કરીને બેસે, લુગડા ફેરવે ત્યારે ત્યાગી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



કહે. પણ અંદર મિથ્યાત્વનો ત્યાગ છે તે ત્યાગની કિંમત એને કાંઈ નથી.

મુમુક્ષુ :- એને ખબર જ નથી તો ક્યાંથી...

ઉત્તર :- ખબર નથી એને ખબર નથી એટલે શું થાય અરે..રે..! (વર્તમાન સાધુ જેવા) આમ કહે કે, અત્યારે તો શુભભાવ જ છે. શુદ્ધભાવ, શુદ્ધઉપયોગ તો શ્રેણીમાં હોય. અરે..રે..! પ્રભુ ! ભાઈ ! આ શું કરે છે ? ભાઈ ! આહા..! પરમાત્માનો વિરહ પડ્યો ને પ્રભુ તો બિરાજે છે અંદર પૂરા. આહા..હા..! ત્યાં તને જાવું ગોઠતું નથી ને આ શુભભાવમાં અટકીને સંયમ ને સમકિત માનવું છે. આહા..હા..!

**'દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું, આટલી કચાશ તો છે'. જ્ઞાન બધોય વિવેક કરે છે.'** આહા..હા..! જ્ઞાન તો પર્યાય પર્યાયનો, રાગના અંશાનો, ગુણભેદનો બધોય વ્યય કરે. એક સમયની પર્યાય જ્ઞાનમાં પણ એટલી તાકાત છે. આહા..હા..!

**જેણે શાંતિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાંતિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે. ૩૨૩.**

૩૨૩, **'જેણે શાંતિનો સ્વાદ ચાખ્યો છે...'** આહા..હા..! એ શુભભાવથી રહિત પ્રભુ ચૈતન્ય નિર્વિકલ્પ શાંતિનો સાગર છે. એવી શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એનો સમ્યગ્દર્શન થતાં સ્વાદ ચાખ્યો છે, કહે છે. આહા..હા..! એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. જેણે અંતર આનંદના શાંતિના સ્વાદને વેદ્યો છે, વેદનમાં આનંદ આવ્યો છે. આહા..હા..! શુભરાગ તો આસ્રવ છે, પ્રભુ ! એ તો દુઃખ છે. એ દુઃખ છે એ સંયમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને સમકિત ? એ દુઃખ છે એ નિર્જરાનું કારણ ? આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... 'ઉપશમ રસ વરસે રે પ્રભુ ! તારા નયનમાં' આહા..હા..! ભગવાનનું શરીર જાણે ઉપશમરસવાળું હોય, એની વાણીમાં ઉપશમના ઢાળા ઢળ્યા હોય આમ. આહા..હા..! એવો જે ભગવાન અંદર ઉપશમ સ્વરૂપ છે. શાંત... શાંત... શાંત... શાંત... એટલે કે અકષાય સ્વરૂપ, એટલે કે વીતરાગ સ્વરૂપ એટલે કે ચારિત્ર શાંતિસ્વરૂપ. આહા..હા..! એવી જે શાંતિનો જેણે સ્વાદ લીધો છે. આહા..હા..! એ સમ્યગ્દર્શનમાં એ સ્વાદ હોય. આહા..હા..! એ ગમે તેટલી ક્રિયા કરે બાર વ્રતની, પડીમાની ને ધારણા પંચ મહાવ્રત (પાળે) એમાં મિથ્યાત્વનો સ્વાદ છે. આહા..હા..! અરે..! વાતું શું કરવી ? આવો માર્ગ છે.

**'જેણે શાંતિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી.'** આહા..હા..! રાગ આવે તે તેને સુહાતો નથી. આહા..હા..! દયા, દાનના વ્રતનો વિકલ્પ આવે એ પણ શાંતિના સ્વાદીને એ રાગ સુહાતો નથી. આહા..હા..! છતાં આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! આવી વાતું છે. **'તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે.'** આહા..હા..! ભગવાન શાંતિનો સાગર નાથ એનો જેનો સ્વાદ આવ્યો છે એ રાગના વિભાવની અગ્નિથી ભાગે છે. આહા..હા..! અહીંથી ન્યાં જાવું, અહીંથી ન્યાં જાવું. એને શુભરાગમાં હોંશ દેખાય છે, એ હોંશ નથી. આહા..હા..! જેને શુભરાગની પણ અશાંતિ દેખાય છે એ ન્યાંથી શાંતિમાં આવે છે. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ જીવ એને કહીએ કે આખો પૂર્ણાનંદનો નાથ સત્ય છે તેની પ્રતીતિ, જ્ઞાન કરીને થઈ છે. તેને અનંતી શક્તિઓ જે ભંડારમાં પડી છે એનો અંશ તેના વેદનમાં આવી ગયો છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને ! અરે..! ભાઈ ! બાપુ ! સમ્યક્ કોને કહેવા, ભાઈ ! આહા..હા..! આ તો ભગવાનની વાણીને અમે માનીએ, આચાર્યોની વાણીને માનીએ એ સમકિત. અરે..! પ્રભુ ! આહા..હા..! એ તો વિકલ્પ છે. પરદ્રવ્યને માનવું એ તો વિકલ્પ છે, આકુળતા છે, દુઃખ છે. આહા..હા..! ધર્મી જીવને ભગવાન શાંતિનો સાગર, ડુંગર એમાં આરૂઢ થઈને જે સ્વાદ આવ્યો છે... આહા..હા..! એને શુભભાવ સુહાતો નથી. **'વિભાવથી દૂર ભાગે છે.'** આહા..હા..!

**'જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય...'** આહા..હા..! **'તેની વચ્ચે ઊભેલો માણસ...'** શું દૃષ્ટાંતનો સિદ્ધાંત ! આહા..હા..! **'અગ્નિથી દૂર**

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



**ભાગતો બરફ તરફ ઢળે છે,...'** આહા..હા..! એક કોર બરફનો ડુંગર, એક કોર અગ્નિ સળગતી હોય. બેમાં ઊભો હોય એ અગ્નિથી ભાગીને બરફ તરફ જાય છે. આહા..હા..! **'તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે,...'** આહા..હા..! સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એનો વ્યક્તપણે અંશે આનંદ ચાખ્યો છે એ આનંદના ઢગલા તરફ જાય છે. એને શુભરાગ આવે તે અગ્નિ જેવો છે. અર..ર..! છે ?

**'અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે,...'** આહા..હા..! **'તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે,...'** અનાકુળ આનંદનો નાથ પ્રભુ એનું જેનું સમ્યગ્દર્શન થયું છે, એને આનંદનો સ્વાદ આવ્યો. આહા..હા..! સર્વ ગુણાંશ તે સમકિત. આહા..હા..! દેવ, ગુરુ ધર્મને માનવા, નવ તત્ત્વના ભેદને માનવા એ સમકિત. એ વસ્તુ નથી. આવી વાતું આકરી પડે માણસને. આ તો વીતરાગના માર્ગની વાત છે, આ 'સોનગઢ'ના ઘરની છે ? આહા..હા..!

મુમુક્ષુ :- છપાણી તો છે આપણે ત્યાં.

ઉત્તર :- છપાણી છે એ તો બહેનના વચન છે. પણ છે તો વીતરાગની વાણી છે. આહા..હા..! છપાય એ તો ગમે ત્યાં છપાય. વાણી ગમે તે ભગવાની વાણી નીકળે, મસાણમાં હોયને નીકળે કે ઘરમાં નીકળે પણ વાણી તો ભગવાનની છે. આહા..હા..! શું કહ્યું ?

એક બાજુ બરફનો ઢગલો પર્વત છે ને એક બાજુ અગ્નિ છે, વચ્ચે ઊભો છે. તે અગ્નિથી ખસીને આ બાજુ ઢળવા માગે છે. એમ જેણે ચૈતન્ય આનંદનો નાથ પૂર્ણ શાંતિનો સાગર, એનો જેને થોડો પણ સ્વાદ સમકિતમાં આવ્યો છે, એને શુભભાવ આવે, (એ) અગ્નિ સમાન છે. આહા..હા..! ભાઈએ કહ્યું હતું ને ? 'ન્યાલભાઈ'. કે શુભભાવ એ ભઠ્ઠી છે. ત્યાં (એક મુમુક્ષુ) ભડક્યા. એ..ઇ..! તમારા ગામમાં એ બધો ફેરફાર થયો. 'કલકત્તા'માં નથી. ત્યાં નથી. દિલ્હીમાં છે એ સાચી વાત છે. અરે..! ભગવાન ! શું કર્યું પ્રભુ તેં ! ઇ એમ કહેવા માંડ્યા. અહીં પરિચય રહ્યો નહિ અને એ વાંચ્યું એમાંથી સ્વચ્છંદ થઈ ગયો, દૃષ્ટિ તો પછી વિપરીત જ પહેલેથી. આહા..હા..! એમ કે દુઃખને વેદે તે તીવ્ર કષાયવાળો છે, એમ કહ્યું. આહા..હા..! એણે ભઠ્ઠી કીધી એ તીવ્ર કષાયવાળો જીવ છે એમ કહ્યું. અર..ર..! પ્રભુ !

અહીં તો કહે છે કે ભગવાન આત્માના સ્વાદી જીવને રાગ આવે છે, હોય છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



દુઃખરૂપ લાગે છે, અગ્નિ જેવો લાગે છે ત્યાંથી ખસીને અહીં અંતર જવા માગે છે. શાંતિનો સાગર બરફ પડ્યો છે મોટો પ્રભુ. ધર્મી જીવ, જેને શાંતિનો અંશે પણ સ્વાદ આવ્યો એ શાંતિ તરફ ઢળવા જાય છે. અગ્નિ ને દુઃખરૂપ લાગીને ન્યાંથી ખસવા માગે છે, આવું છે. આહા..હા..!

ભૂમિકા અનુસાર રાગ તો આવે પણ એ રાગને અગ્નિ સમાન જાણે છે. આહા..હા..! એને દુઃખરૂપ લાગે છે. એથી ત્યાંથી ખસી, બે વચ્ચે ઊભો છે એમ કીધું ને ? એક કોર બરફનો ડુંગરો ને એકકોર અગ્નિ, બે વચ્ચે ઊભો છે. એમ સાધક જીવ. એક કોર જ્ઞાનાનંદના સ્વાદના ઢગલાને જોયો છે અને એકકોર રાગની અગ્નિ પણ ન્યાં હોય છે અંદર, બેમાં ઊભો છે વચમાં. આહા..હા..! આવે છે રાગ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એવા પરિણામ તો આવે પણ એ છે અગ્નિ સમાન કષાય (છે), પ્રભુ ! આહા..હા..! ત્યાંથી બેમાં વચ્ચે ઊભો છે ને ? ભેદ પાડ્યો છે ને. આહા..હા..! એ આ બાજુથી ખસીને શાંતિ તરફ ઢળવા માગે છે. ત્યાં અટકવા, રહેવા માગતો નથી. આહા..હા..! આવું છે સ્વરૂપ, ભાઈ ! એને ભઠ્ઠી કીધી તો ભડક્યા અને પાછુ અમારા ઉપર લખ્યું. કાગળ આવતા હતા. તમે શીખો એની પાસેથી, આ દુઃખ ભઠ્ઠી છે. અરે..! પ્રભુ ! શું કરે છે તું ? અહીં તો 'મોક્ષ અધિકાર'માં તો પહેલેથી કહીએ છીએ કે જે શુભભાવ આવે છે એ ઝેર સમાન છે. મુનિને પણ જે પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે, સાંજ-સવાર પ્રતિક્રમણનો વિકલ્પ ઉઠો એ ઝેર, રાગ છે, ઝેર છે. આહા..હા..! કેમ બેસે આ વાત ? ત્યાંથી તે ખસવા માગે છે.

**'તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે,...'** અતીન્દ્રિય સુખનો સ્વાદ. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એનું જ્યાં આગળ ભાન થઈને સમ્યગ્દર્શન થયું છે, એમાં એ અતીન્દ્રિય આનંદના સ્વાદનો નમૂનો આવ્યો છે. સમકિતી ચોથે ગુણસ્થાને. આહા..હા..! પાંચમે વિશેષ છે, છઠ્ઠે વિશેષ છે, સાતમે વિશેષ છે, આહા..હા..! **'જેને થોડી પણ શાંતિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની...'** એવો ધર્મી. આહા..હા..! **'જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે...'** રાગ તે દાહ છે. 'છ ઢાળા'માં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા' આહા..હા..! ધર્મીને પણ રાગ આવે છે તે આગ સમાન, દાહ સમાન. આહા..હા..! 'તાતે સમામૃત સેઈએ'. 'રાગ આગ દાહ દહે સદા' એ શુભભાવ રાગ પણ અગ્નિ દાહ દહે સદા. અર..ર..! હવે એને અહીંયા સંયમ ને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for Updates



સમકિત માનવું. અર..ર..ર...! બાપુ ! આહા..હા..! એ 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત...' સમતા અંદરમાં જાવું. આ વીતરાગસ્વરૂપ ભગવાન શાંત સ્વરૂપ તેમાં રાગથી ખસીને ત્યાં જાવું. આહા..હા..! બહારની અગ્નિ ને બરફ તો બેસ, પણ આ (કેમ બેસે ?) શાંતિનો સાગર ડુંગર ભગવાન, અકષાય સ્વભાવની શાંતિ ચારિત્ર સ્વરૂપ જિનબિંબ, વીતરાગ સ્વરૂપી શાંતિનું બિંબ પ્રભુ, એનો જેને એક સ્વાદ પણ સમ્યગ્દર્શનમાં ચોથે ગુણસ્થાને અંશ પણ આવ્યો છે, એને રાગ દાહ સમાન-અગ્નિ સમાન દેખાય છે. આહા..હા..! નબળાઈને લઈને આવે છે પણ ત્યાં સુહાતું નથી, ત્યાં રહેવું ગોઠતું નથી. આહા..હા..! અરે..! આવી વાતું ! અહીં તો થોડા કાંઈક વ્રત લીધા ને પચ્ચખાણ કર્યા ને... થઈ ગયો, થઈ ગયો ત્યાગી થઈ ગયો, અને બહારનો સંથારો કર્યો ને સમાધિમરણ થઈ ગયું. ધૂળેય નથી, સાંભળને ભાઈ ! આહા..હા..! આકરું કામ, બાપા ! આ તો હિતની વાતું છે, પ્રભુ ! અનાદરની વાતું નથી. આહા..હા..!

જેને વીતરાગીનો અંશનો સ્વાદ આવ્યો છે. આહા..હા..! સમ્યગ્દર્શન પર્યાય એ વીતરાગી પર્યાય છે, સ્વરૂપઆચરણ પર્યાય એ વીતરાગી પર્યાય છે, સ્વરૂપનું જ્ઞાન એ વીતરાગી જ્ઞાન છે. આહા..હા..! વીતરાગી જ્ઞાન, વીતરાગી દર્શન, વીતરાગી સ્વરૂપાચરણ, એમાં શાંતિનો સ્વાદ છે, શાંતિનું વેદન છે. એ શાંતિનો ડુંગર છે તેમાંથી આવે છે. આહા..હા..! તેથી રાગનો ભાવ આવે છે એમાંથી વચ્ચે ઊભો છે (તો) ખસવા માગે છે. આહા..હા..! એ કરું ને એમાંથી મને કંઈક લાભ થશે એમ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. આહા..હા..! આવું આકરું કામ. આ બધા પરીક્ષા લેવા જાવ છો ને. આહા..હા..!

લોકો તો એવું જ કહે, હોં ! આ લોકો તો નિશ્ચયાભાસી (છે). નિશ્ચયને માને ને વ્યવહારને માનતા નથી. પણ વ્યવહાર છે એ દુઃખરૂપ છે. જેટલી ક્રિયાકાંડનો વિકલ્પ છે પંચ મહાવ્રત આદિ, વ્રતાદિ એ બધો રાગ દુઃખરૂપ છે. પ્રભુ ! તને ખબર નથી. એ આનંદના નાથમાં એ વસ્તુ નથી. એ વિકૃત થઈને ઉભેલી દશા છે. આહા..હા..! એમાંથી **'રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.'** શીતળ... શીતળ..., શાંત... શાંત... શાંત... શાંત... આહા..હા..! અકષાય સ્વભાવ શાંત (છે) ત્યાં ધર્મી શાંતિના ડુંગર તરફ ઢળે છે. રાગના આગથી ખસી જવા માગે છે. આહા..હા..! એ પૂરું થયું. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com